સદ્.શ્રીવાસુદેવચરણદાસજીસ્વામી કૃત

હરિચરિત્ર ચિંતામણિ

(પદ્યાત્મક)

:: પ્રકાશક ::

શ્રીસ્વામિનારાયણ મંદિર

કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

INDEX

સદ્.શ્રીવાસુદેવચરણદાસજીસ્વામી રચિત

હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)

સદ્.શ્રીવાસુદેવચરણદાસજીસ્વામી રચિત

હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)

લેખક : પ.પૂ.સદ્.શ્રીવાસુદેવચરણદાસજીસ્વામી

પ્રેરક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

આર્થિક સહયોગ : પ.ભ.શેઠ શ્રીરસિકલાલ ચીમનલાલ પટેલ
ભક્તિ લાઈટ પરિવાર-ખંભાત (હાલ મુંબઈ - ઘાટકોપર)

પ્રકાશન તિથિ : સં.૨૦૬૯ શરદપૂર્ણિમા, આસો સુદ ૧૫; તા.૧૮/૧૦/૧૩

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૩૦૦૦

કિંમત : ૫૦/-

: પ્રાપ્તિસ્થાન :

- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧/૨
- **વડોદરા** : શ્રીસ્વા. મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી ....

ગામ : .... **તા. :** .... **જી. :** ....

ભગવાનનો અખંડસ્મૃતિરૂપ સંબંધ રાખવો તે જ સારમાં સાર છે. મુક્તરાજ સદ્.શ્રીવાસુદેવચરણદાસજીસ્વામીકૃત આ **'હરિચરિત્રચિંતામણિ'** ગ્રંથમાં પદે-પદે ભગવદ્મૂર્તિ તથા તત્સ્મૃતિનો મહિમા તથા સંતો-હરિભક્તોનો મહિમા તાણાવાણાની જેમ વણાયેલો છે. આ ગ્રંથનું વાંચન-શ્રવણ શ્રીહરિ અને સંતમાં પ્રીતિવર્ધક છે. તથા પ્રતીતિ અને પ્રસન્નતાનું પોષક છે. આ સદ્ગ્રંથ આપ તથા આપના પરિવારજનોને શ્રીહરિ તથા સંતો-ભક્તોની પ્રીતિ-પ્રતીતિ અને પ્રસન્નતાનું પાત્ર બનાવે એવી શુભેચ્છા સહ સપ્રેમ ભેટ.


આપનો સ્નેહી

....

તારીખ ....



ભગવાન
શ્રીસ્વામિનારાયણ



સદ્‌ગુરુ
શ્રીવાસુદેવચરણદાસજી
સ્વામી



સમર્પણ

જેઓ હંમેશાં શ્રીહરિની મૂર્તિમાં તથા મરજીમાં જીવ્યા હતા; જેઓ સ્વામિનારાયણ ભગવાન માટે પોતાનું અમાપ ઐશ્વર્ય વહાવવાના સુપાત્ર હતા;

જેમના દ્વારા શ્રીજીએ કરોડો જીવોનાં કલ્યાણ કર્યાં; જેઓ યોગીઓમાં યોગીરાજ હતા, જ્ઞાનીઓમાં મૂર્તિમાન જ્ઞાન હતા, જેઓને શ્રીહરિએ સંપ્રદાયના બંને દેશના મધ્યસ્થી બનાવીને બંને આચાર્યોનાં કાંડાં સોંપ્યાં હતાં અને સહુને તેમની આજ્ઞામાં રહેવાની આજ્ઞા કરી હતી, છતાં જેઓ સદા દાસના દાસ થઈને રહ્યા હતા;

વળી, જેમની કૃપાથી સદ્‌ગ્રંથો લખી શકે એવા સદ્. શ્રીવાસુદેવચરણદાસજીસ્વામી જેવા અનેક સંતો-ભક્તોનું નિર્માણ થયું છે અને આ ગ્રંથના લેખકે જેમની કૃપાનુભૂતિ પારાવાર અનુભવી છે અને તેથી જ આ ગ્રંથનો જન્મ થયો છે;

એવા અનાદિ મુક્તરાજ સદ્. શ્રીગોપાળાનંદસ્વામીના કરકમળમાં આ **'હરિચરિત્રચિંતામણિ'** ગ્રંથ અર્પણ કરી ધન્યતા અનુભવું છું...



લિ. સ્વામી [illegible]

[illegible] જય સ્વામિનારાયણ

પ્રસ્તાવના

કરોડો આત્માઓનાં કલ્યાણ કરવા અકારણ કરુણા કરી સર્વાવતારી શ્રીહરિ પૃથ્વી પર પધાર્યા. સાથે અનંત મુક્તોને લાવ્યા. આ મુક્તોને માધ્યમ બનાવી સ્વામિનારાયણ ભગવાને અનંત આત્માઓના આત્યંતિક કલ્યાણનાં દ્વાર ખોલ્યાં. તે પૈકીના એક મહા મુક્તાત્મા એટલે આ ગ્રંથના લેખક શ્રીહરિના હજૂરી પાર્ષદવર્ય ગુમાનજીભગત. શ્રીહરિ સ્વધામ પધાર્યા પછી પ્યારા પ્રભુજીનો વિયોગ સહન ન થયો. તેથી યોગસમ્રાટ સદ્.શ્રીગોપાળાનંદસ્વામીને વિનંતી કરીને કહ્યું, "હે સ્વામી ! મને સાધુ દીક્ષા અપાવો અને આપ જેવા સંતની ભેળો નિવાસ આપો." સ્વામીએ તેમને દીક્ષા અપાવી 'વાસુદેવચરણદાસજીસ્વામી' નામ આપ્યું. સદ્. શ્રીગોપાળાનંદસ્વામી તથા સદ્. શ્રીગુણાતીતાનંદસ્વામી જેવા વિરલવિભૂતિ સંતોના સેવનથી શ્રીહરિની સર્વોપરી ઉપાસના અને આજ્ઞામાં અતિશય દૃઢતા પામ્યા. સંતો-ભક્તોનો મહિમા, દિવ્યભાવ, દાસત્વ જેવા અનેક સદ્‌ગુણો આત્મસાત કર્યા. શ્રીહરિ તથા સંતનો મહિમા ગાતા પોતે આ ગ્રંથમાં કહે છે...

શ્રીપુરુષોત્તમ પરથી પર, જેથી પર નહિ કોઈ;
અક્ષરપતિ આનંદઘન, છપૈયે પ્રગટ્યા સોઈ...૦૧
સર્વે અવતારી શ્રીભગવંત, એના અવતાર જેવા મોટા સંત...૦૨

આ ગ્રંથની ઊડીને આંખે વળગે એવી તથા બીજે ક્યાંય જોવા ન મળતી એવી એક વિશેષતા એ છે કે, શ્રીજીમહારાજ, નંદસંતો, દાસપંક્તિના સંતો, પાર્ષદો અને શ્રીહરિના મળેલા હરિભક્તોની વિશેષતાઓ, સદ્‌ગુણો અને તેમને આપેલી શ્રીહરિએ મોજું તથા

પ્રસન્નતાના પ્રતિકરૂપે આપેલ ભેટોનું સહુથી વધુ વર્ણન આ ગ્રંથમાં સ્વામીશ્રીએ કરેલું છે.

બીજી વિશેષતા એ છે કે, લેખકે જૂનાગઢ ગુણાતીતાનંદસ્વામીનો સમાગમ કર્યો હતો તથા ગોપાળાનંદસ્વામીનો મહિમાપૂર્વક સમાગમ, સેવા કરી ખૂબ રાજીપો લીધો હતો અને શ્રીહરિનો સર્વોપરી મહિમા જાણ્યો હતો; તેથી આ ગ્રંથમાં મહારાજનો સર્વોપરી મહિમા તથા મૂર્તિનું વર્ણન કડીએ કડીએ કંડાર્યું છે.

વળી, આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક ઘટનાઓનો પણ ઉલ્લેખ છે અને ત્રીજી વિશેષતા એ દેખાય છે કે, સ્વામીએ જાણે નિજાનંદ માટે જ આ ગ્રંથ લખ્યો છે ! કેમ જે, વાંચતા-વિચારતા તેવું સ્પષ્ટ અનુભવાય છે.

હવે આ ગ્રંથની વિષયાનુક્રમણિકા પ્રમાણે અવલોકન કરીએ, તો વર્ષો સુધી સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાન સાથે વિચરનાર આ સંતે પ્રારંભના ચાર કિરણમાં મહિમાસભર શૈલીમાં શ્રીહરિની મૂર્તિના તિલ-ચિહ્નનું વર્ણન કર્યું છે. ૪ થી ૮ કિરણમાં મહારાજ કેવાં-કેવાં વસ્ત્ર પહેરતા તથા કેવી પાઘ બાંધતા, કેવો રેંટો ઓઢતા વગેરેનું વર્ણન આંખે દેખેલા અહેવાલની જેમ લખ્યું છે. ૯ થી ૧૨ કિરણમાં શ્રીહરિએ પહેરેલાં ઘરેણાં, ફૂલહાર, વિવિધ કંઠીઓ અને ઓઢેલાં વસ્ત્રોનું વર્ણન છે. ૧૩માં શ્રીહરિ જે જે ઘોડા ઉપર બેઠા તેની વિગત સહિત વાત લખી છે. ૧૪ થી ૧૮માં જન્માષ્ટમી આદિક સમૈયાઓ તથા ભોજનલીલાનું વર્ણન છે. ૧૯ થી ૨૨માં વડોદરા, સુરત, વડતાલ, અમદાવાદ વગેરે શહેરો તથા પ્રદેશોના ભક્તોએ કરેલી પૂજા અને તેમને આપેલા રાજીપાનું વર્ણન છે. ૨૩ થી ૨૭ કિરણમાં શ્રીહરિએ ગઢપુરમાં કરેલા ઉત્સવોનું વર્ણન છે. ૨૮-૨૯માં શ્રીજીમહારાજે જે જે સંતો-ભક્તોને રાજી થઈને પ્રસાદીભૂત વસ્તુ-પદાર્થ આપ્યાં હતાં તેનું અલૌકિક વર્ણન છે. ૩૦ થી ૩૫માં

લોયાની લીલા, સુંદરિયાણામાં વસંતપંચમી, ગઢપુરમાં ફૂલદોલ ઉત્સવ, ઘેલા સ્નાન તથા ઉન્મત્તગંગાનું માહાત્મ્ય લખ્યું છે. ૩૬ થી ૪૦ કિરણમાં શ્રીહરિએ જ્યાં જ્યાં રંગોત્સવ કર્યા વગેરે વર્ણન છે. ૪૧ થી ૫૦માં મૂર્તિવર્ણન, ગોમતી મહિમા, હિંડોળા દર્શન, આચાર્યપદ સ્થાપન વગેરે વર્ણન છે. ૫૧ થી ૫૩માં શ્રીહરિએ જ્યાં જ્યાં રામનવમીના ઉત્સવો કર્યા તેનું વર્ણન છે. ૫૪ થી ૫૭માં ભોજનલીલા તથા ભેટણલીલાનું વર્ણન છે. ૫૮-૫૯ કિરણમાં જન્માષ્ટમી ઉત્સવ તથા હિંડોળાનું વર્ણન છે.

૬૦ થી ૬૬ કિરણમાં સ્વામીએ શ્રીહરિએ જ્યાં જ્યાં નાના-મોટા સમૈયાઓ કર્યા તેનું વર્ણન કર્યું છે. ૬૭ થી ૮૧ સુધીના કિરણમાં શ્રીહરિએ જ્યાં જ્યાં અન્નકૂટ તથા દીપોત્સવ કર્યા તેનું વર્ણન છે. ૮૨ માં મુગટ દર્શનનું વર્ણન છે. ૮૩ થી ૯૦ સુધીમાં શ્રીહરિની વિવિધ લીલાઓ, ઐશ્વર્ય, સામર્થ્ય અને વિચરણ લખ્યું છે.

૯૧ થી ૯૪ કિરણમાં ટૂંકમાં ગુણનિર્દેશપૂર્વક નંદસંતોનાં નામો લખ્યાં છે. એ જ રીતે ૯૫ થી ૯૯ કિરણમાં દાસપંક્તિના સંતોનાં નામ લખ્યાં છે. તેવી રીતે ૧૦૦ મા કિરણમાં સંક્ષિપ્ત ગુણવર્ણનપૂર્વક બ્રહ્મચારીઓનાં નામ લખ્યાં છે. ૧૦૧-૧૦૨ કિરણમાં પાર્ષદોનાં નામ તથા ગુણો લખ્યાં છે.

અને અંતિમ કિરણોમાં સત્સંગ વિચરણ, ગઢપુર-વડતાલ લીલા અને મહિમાસભર મૂર્તિનું વર્ણન છે. એકેએક કિરણો કોઈને કોઈ વિશેષતાથી અને નૂતનતાથી ભરેલા છે. પોતાને અખંડ મૂર્તિ સાંભરે એવા આશયથી લખાયેલો આ ગ્રંથ આજે પણ મુમુક્ષુઓને મૂર્તિમાં ગરકાવ કરવામાં અતિ ઉપયોગી છે.

આ **'હરિચરિત્રચિંતામણિ'** નામનો ગ્રંથ વડતાલધામમાં રહીને લખ્યો છે. આ ગ્રંથમાં ૧૧૫ કિરણો છે. આ ગ્રંથ લખાઈ ગયા બાદ

તેની કોપી કરવામાં તેમના જ ગુરુબંધુ શ્યામચરણદાસજીસ્વામીએ મદદ કરી છે. તેનો ઉલ્લેખ પણ ગ્રંથકારે ઉપસંહારમાં કર્યો છે. વડતાલધામમાં લખાયેલો આ ગ્રંથ અનેકને અક્ષરધામ સુધી પહોંચાડવામાં અનુપમ સેતુ બની રહે એવો છે.

આ ગ્રંથની હસ્તપ્રત અમોને વડતાલ સાધુસમાજની લાઈબ્રેરીમાંથી સ્કેન કરવા માટે મળી હતી. આવો અનુપમ આ ગ્રંથ **શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ** તથા **કારેલીબાગ-વડોદરા** દ્વારા મૂળ સ્વરૂપે પ્રથમ વાર પ્રકાશિત થઈ રહ્યો છે. આ સાહિત્યસેવાથી સર્વાવતારી શ્રીહરિ, લેખક પૂ.શ્રીવાસુદેવચરણસ્વામી તથા સત્સંગપ્રેમી સર્વે નાનામોટા સંતોભક્તો અમારા ઉપર પ્રસન્ન થાય, એ જ અભ્યર્થના સહ...

- લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ(કુંડળધામ)ના
અતિ ભાવથી જય સ્વામિનારાયણ

ગ્રંથલેખક

સદ્.શ્રીવાસુદેવચરણદાસજીસ્વામીનું જીવન

✹ ગુમાનજીભાઈનો જન્મ તથા પરિચય :

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં કૌકા નામે ગામ છે. ત્યાં શ્રીહરિના સમયે વાઘેલા દરબારોનું રાજ્ય હતું. તે સમયે વાઘેલા પરિવારનાં વીસ ઘર હતાં. તેમાં ગામધણી અખેરાજજી હતા. તેમનાં ધર્મપત્નીનું નામ વીરાકુંવરબા હતું. તેમની કુખે આશરે સં. ૧૮૪૭ માં એક મુક્તાત્માનો જન્મ થયો હતો. આ બાળમુક્તનું નામ ગુમાનજી રાખ્યું હતું. તેની ઓળખ આપતા આધારાનંદસ્વામી હ.ચ.સા.૯/૯ માં કહે છે...

कौका के गुमानजी नामा, क्षत्री ग्रासवंत शुभ ठामा;
सत्संग भये हरि मिले जा दिनसे, हरि की सेव में रहे ता दिनसे.

કૌકા ગામમાં ગરાસદાર ક્ષત્રિય 'ગુમાનજીભાઈ' રહેતા હતા. તે શુભગુણોના ધામ હતા. જ્યારથી તેમને સત્સંગ થયો અને સ્વામિનારાયણ ભગવાનનું મિલન થયું તે દિવસથી તેઓ રાજપાટ, ગામ-ગરાસ તથા કુટુંબ-પરિવારનો ત્યાગ કરી શ્રીહરિની સેવામાં અખંડ રહ્યા હતા. શ્રીહરિના મુખ્ય ચૌદ પાર્ષદોમાં આ ગુમાનજીભાઈની ગણના કરવામાં આવે છે. વીશ વર્ષ સુધી શ્રીહરિની સાથે રહી સેવા કરી મહારાજની

મૂર્તિનો અલૌકિક આનંદ માણ્યો. અનેક વાર શ્રીજીમહારાજે તેમને પ્રસન્ન થઈ પ્રસાદીના હાર, તોરા તથા થાળની પ્રસાદી આપી. તકની સેવા કરી સમગ્ર સત્સંગસમાજના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું. મહારાજ ધામમાં ગયા પછી વાલમનો વિયોગ સહન ન થતા યોગીરાજ ગોપાળાનંદસ્વામીના ચરણ પકડી રડી પડ્યા અને કહ્યું, 'હે સ્વામી ! હવે આપ સદા મને આપની સેવામાં રાખો.' સ્વામી તેમની મુમુક્ષુતા અને ભક્તિભાવના જોઈ રાજી થયા. આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ પાસે દીક્ષા અપાવી અને સંત બનાવ્યા. તેમનું નામ **'સ્વામી વાસુદેવચરણદાસ'** રાખ્યું.

સંત ઘનશ્યામદાસ વિખ્યાતા, નાજો જોગિયા જે કહેવાતા;
વાસુદેવચરણદાસ જેહ, હતા પૂર્વે ગુમાનજી તેહ...૪૨

હરિવરના હજુરી પાર્ષદ નાજા જોગીયા મહારાજ ધામમાં ગયા પછી સ્વામી ઘનશ્યામદાસ નામે સાધુ થયા અને જૂનાગઢમાં સદ્. શ્રીગુણાતીતાનંદસ્વામી સાથે રહ્યા હતા.

હવે પાર્ષદવર્ય ગુમાનજીભગતને ક્યારે શ્રીહરિના દર્શન થયા ? અને કેવી રીતે સંત બન્યા ? તે વિશે આપણે જાણીએ...

✹ શ્રીહરિનું મિલન અને ગૃહત્યાગ :

સર્વાવતારી શ્રીહરિએ જેતલપુરમાં યજ્ઞ કર્યો ત્યારે કૌકાના વિપ્રો ત્યાં ગયા હતા. શ્રીહરિજી મહારાજનો પ્રતાપ જોઈ અમુક વિપ્રો સત્સંગી થયા. તેમણે ગામમાં શ્રીહરિના પ્રતાપની વાતો કરતા કહ્યું કે, 'અનંત જીવોનો ઉદ્ધાર કરવા આજ કળિયુગમાં ભગવાન પ્રગટ થયા છે. કળિયુગમાં સત્યુગ જેવો ધર્મ સ્થાપ્યો છે. અનેકને વિના સાધને સમાધિ કરાવે છે, અનંત ધામોનાં દર્શન કરાવે છે.'

આ વાત સાંભળી ક્ષત્રિય ગુમાનજીને હરિમિલનની તલપ જાગી. પછી નિત્ય વિપ્રોના મુખેથી ભગવદ્મહિમાની વાતો સાંભળવા લાગ્યા.

સં.૧૮૬૬માં શ્રીહરિએ વિશ્વ વિખ્યાત ડભાણમાં યજ્ઞ કર્યો ત્યારે ગુમાનજી વાઘેલા ગામના વિપ્રોની સાથે શ્રીજીમહારાજના દર્શને ડભાણ ગયા.

શ્રીહરિના પ્રથમ દર્શન થતાં જ મન મોહનવરમાં મળી ગયું. હૈયું હરિવરના હેતમાં ખેંચાયું, તેથી સર્પ કાચળી ઉતારે તેમ સંસારનો મોહ છોડી દીધો અને આજીવન સર્વાવતારી શ્રીહરિની સેવામાં રોકાઈ ગયા અને અંતરમાં અલૌકિક આનંદનો સૂર્યોદય થયો.

પ્રિયવર પ્રભુજીનાં પ્રથમ દર્શન થયાં ત્યારથી જ તેમને શ્રીહરિમાં નાની નાની બાબતોમાં પણ અતિ અલૌકિકતા દેખાતી. આ પ્રસંગ પછી તેમણે આશરે સાઈઠેક વર્ષ બાદ આ ગ્રંથ લખ્યો હતો, ત્યારે પણ આના ૧૦૫મા કિરણમાં ડભાણ યજ્ઞમાં કોણે મહારાજને કેટલા કીમતી અને કેવાં ઘરેણાં પહેરાવ્યાં તે આબેહૂબ કંડાર્યું છે. ડભાણ યજ્ઞમાં જીવુબા તથા રાજબાએ પ્રથમ પૂજા કરી હતી.

તેનાં કડાં કનકનાં ભારી, શોભે સુંદર તે સુખકારી;
હતાં ચોવીસોનાં ચિત્તચોર, પે'ર્યાં પ્રીતેશું ધર્મકિશોર...૦૬
અલૈયાખાચરનાં હેત આણી, પે'ર્યાં સાંકળાં સારંગપાણી;
હતાં અઢારસોનાં તે એહ, પે'ર્યાં પ્રભુ રાજી થઈ તેહ...૦૭
ખાચર માંચા વસ્તાની ઊતરી, પ્રસન્ન થયા પેરી શ્રીહરિ;
બારસોની હતી બહુ સારી, પે'રી ઘણે હેતે ગિરધારી...૦૮
દાદાખાચર અતિ ઉદાર, પે'ર્યા તોડા પ્રભુ કરી પ્યાર;
આઠસોના સોનું રૂડું ઝગે, શોભે સુંદર તે બેઉ પગે...૦૯
ભારે ભક્ત તે તો લાડુબાઈ, પે'ર્યો કંદોરો વાલે રાજી થાઈ;
સાતસોનો સોનું સરસ શોભે, જોઈ જોઈ ભક્ત મન લોભે...૧૦

તેમજ સોમલા ખાચર, સુરા ખાચર, મૂળુભા વગેરે ૪૦ ઉપરાંત ભક્તોએ શું શું વસ્તુ ? કેટલી કિંમતની અર્પણ કરી અને કેવી રીતે

શ્રીહરિનું પૂજન કર્યું ? તેની બધી જ વિગત નજર સમક્ષ દેખાઈ આવે તેવી આબેહૂબ કરી છે. એ તો તમે વાંચશો ત્યારે જ ખ્યાલ આવશે. અહીંયાં તો કેટલુંક લખવું ? આટલી બધી ઝીણવટવાળી પૂજનની વિગત અને વસ્તુની કિંમત વગેરેનું વર્ણનમાત્ર આ ગ્રંથના લેખકે કર્યું છે.

ડભાણ યજ્ઞ બાદ તેમના સંબંધીજનોએ શ્રીજીમહારાજને એકવાર પોતાને ગામ પધારવા પ્રાર્થના કરી અને વળી ઉમેર્યું કે, પાર્ષદ ગુમાનજી ભગતને પણ આપ સાથે લાવજો, એવી અમારી સહુની ભાવના છે. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'જરૂર તમારી ભાવના અમે પૂરી કરશું.' આ વાતને ત્રણ-ચાર વર્ષનાં વાણાં વાઈ ગયાં.

✹ શ્રીહરિ ગુમાનજીભક્ત સાથે કૌકા પધાર્યા :

એકવાર શ્રીહરિ અનેક સખાઓ તથા પરમહંસ મંડળને સાથે લઈ અનેક ગામોમાં રહેતા પોતાના ભક્તોના મનોરથ પૂર્ણ કરવા ગઢપુરથી ચાલ્યા. દર્શનદાનથી ઘણા ગામના અનેક લોકોને પાવન કર્યા. પછી વેજળકા થઈ જાંખડા ગયા. ત્યાંના ભક્તોને ખૂબ આનંદ આપ્યો. પછી ત્યાંથી ધોળી થઈને આંબારેલીઆ ગામ ગયા. ત્યાં કૌકા તથા ધોળકાના હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. બંને ગામના ભક્તોએ પ્રાર્થના કરતા કહ્યું, 'હે મહારાજ ! અમારે ગામ પધારો, સાવ નજીક જ ગામ છે, આપ ત્યાં પધારશો તો અમારા મનોરથ પૂરા થશે.'

ત્યારે મહારાજ કહે, 'કહો તો અમે ધોળકા આવીએ અને કહો તો કૌકા આવીએ, પરંતુ બંને ઠેકાણે સાથે કેમ આવી શકાય ?' બંને ગામના ભક્તોના હૃદયમાં ભાવ અને આગ્રહ ભરપૂર હતા તેથી કોઈએ કાંઈ નિર્ણય ન આપ્યો. પછી વચલો રસ્તો કાઢતા મહારાજ કહે, 'આજ નિર્ણય અમારી માણકી આપશે. અમે માણકીની ડોક પર લગામ છૂટી મૂકી દઈએ તે જ્યાં અમને લઈ જાય ત્યાં અમારે જવું. આવા સમયે અમારી માણકી ભક્તોની ભીંતરીભાવનાને વિશેષ જાણે છે તેથી તે

અમને મદદરૂપ થાય છે.' એમ કહી હરિવરે માણકીની લગામ છૂટી મૂકી, તેથી માણકી કૌકાના માર્ગે ચાલી એટલે મહારાજે ત્યાંના ભક્તોને કહ્યું, 'હવે તમે આગળ જાઓ અને બધી તૈયારી કરો.' અને ધોળકાના ભક્તોને કહ્યું, 'તમે દુઃખ ન લગાડતા. અમે કૌકા થઈને તમારે ત્યાં આવીશું.' આ વાતને વર્ણવતાં હ.લી.૭/૪૨માં કહ્યું છે...

છુટી મૂકી લગામ તે જ્યારે, ચાલી કૌકાને મારગે ત્યારે;
પ્રભુજી તેથી કૌકે પધાર્યા, હરિભક્તોના હરખ વધાર્યા...૧૦

કૌકાના ગામધણી અખેરાજજી તથા હરિભક્તોએ આગળ જઈ હૃદયેશ્વર હરિવરના સામૈયાની તૈયારી કરી. તે ગામના મહાન બુદ્ધિમાન હાજોભાઈ, જેઠીભાઈ, અલુભાઈ, બહાદુરજીભાઈ, ખોડાભાઈ, મૂળુભાઈ, ગગાભાઈ, અસમાલજીભાઈ, વનાભાઈ, હકાભાઈ, દીપસિંહજી, ડાયાભાઈ, દાજીભાઈ, અલૈયાજી, ઝીણાભાઈ, કાથડજી, ચાંદાભાઈ તથા બે હમીરભાઈ વગેરે ભક્તિવાન અને શૂરવીર સત્સંગી ભાઈઓ તથા વીરાકુંવરબા વગેરે બહેનો સામૈયામાં જોડાયાં. સહુ ભક્તોએ સ્વામિનારાયણ ભગવાનનું ભાવભીનું સ્વાગત કર્યું.

ગામ પશ્ચિમે લીંબડો સારો, કર્યો ત્યાં જઈ કૃષ્ણે ઉતારો;

ગામથી બહાર પશ્ચિમ તરફ લીંમડાના વૃક્ષ નીચે હરિવરે ઉતારો કર્યો. આજુબાજુ ખૂબ જ ઘાટાં વૃક્ષો હતાં, તેથી બીજા સહુએ પણ ત્યાં જ ઉતારો કર્યો. વૃક્ષોની ઘેરી ઘટાને ચીરીને વૈશાખનો તાપ અંદર આવતો નહીં, તેથી હવામાન અતિ શીતળ હતું. મહારાજ સાથે સંઘમાં અનેક ભક્તો જોડાયા હતા. વળી, પ્રભુ પધાર્યા જાણી આજુબાજુના ગામના પણ ઘણા ભક્તો દર્શને આવ્યા હતા.

બીજા પરગામના હરિજન, આવ્યા બહુ કરવા દરશન.
વીશ મણના ત્યાં લાડુ કરાવ્યા, કહ્યું વિપ્ર તે કરવા જે આવ્યા;

કૌકાના ભક્તોએ ગણતરી કરી વીશ મણના લાડુ તૈયાર કરાવ્યા હતા. એ પ્રમાણે બીજી બધી રસોઈઓ પણ તૈયાર કરી હતી. કૌકા ગામના તમામ ભક્તો શ્રીહરિની સેવા તત્પર થઈને કરવા લાગ્યા. વિપ્ર ભગાભાઈ જાની તથા વલ્લભભાઈ જાની રસોઈમાં મુખ્ય હતા. આ બંને ભાઈઓ ધર્મ-નિયમમાં શૂરા અને પૂરા હતા, તેથી તેણે સત્સંગના નિયમ પ્રમાણે પવિત્રપણે રસોઈ બનાવી. તેમની મદદમાં હરજીવનભાઈ, જીભાઈ પરોત, રાજારામભાઈ, મયારામ, આશારામ, બાપુજીભાઈ વગેરે નિર્મળ હૃદયના વિપ્રો હતા. આ વિપ્ર રસોઈ કરતા તે સહુને ગમતું. કેમ જે, અખંડ ભગવદ્‌સ્મૃતિ સાથે રસોઈ બનાવતા.

રસોઇ કરે તે સૌને ગમે, સંત ને હરિજન સહુ જમે;
વાલે બે દિન કીધો નિવાસ, હરિજનની પૂરી કરી આશ.

ભૂદેવોએ ખૂબ ભાવથી બે દિવસ રસોઈ કરી. જેતલપુર અને ડભાણના યજ્ઞમાં પણ તેઓ સેવા કરવા ગયા હતા. તેથી ત્યાં નજરે જોયેલી મહારાજની લીલા સંભારતા અને તેની સ્મૃતિ કરતા. જ્યારે રસોઈ તૈયાર થાય ત્યારે મૂળજી બ્રહ્મચારી મહારાજને બોલાવવા જતા. મહારાજ હસતા-હસતા ઊઠતા અને કહેતા, ‘ચાલો ભક્તિભાવથી ભરપૂર રસોઈ જમીએ !’ વિપ્રોની જેમ જ અહીં કૌકાના ક્ષત્રિય ભક્તોના હૃદયમાં ખૂબ જ ભક્તિભાવ હતો. કેમ જે, અહીંયાંથી સંવત્ ૧૮૬૬માં જ્યારે મહારાજે ડભાણ યજ્ઞ કર્યો ત્યારે ઘણા ભક્તો સેવામાં ગયા હતા. ત્યારે જેમ ગુમાનજીભાઈ શ્રીહરિને સમર્પણ થયા હતા એ જ રીતે આ સમયે ક્ષત્રિય નાથાજી તથા હમીરજી પણ કુટુંબ પરિવારનો ત્યાગ કરીને શ્રીહરિને સમર્પણ થયા હતા.

આવા સ્નેહમૂર્તિ અને સમર્પિત ભક્તોની ભક્તિ અને નિષ્ઠાને માણિગરની માણકી પણ જાણતી. તેમના પરિવારજનોને પ્રસન્ન કરવા પ્રભુજી અહીં પધાર્યા અને તેમના હૈયામાં પ્રેમસાગર ઘૂઘવાતો. તે જોઈને

શ્રીહરિ કહેતા, 'ચાલો ભક્તિભાવની રસોઈ જમવા જઈએ.'

આમ કહી મહારાજ, સંતો તથા સખાઓને સાથે લઈ જ્યાં બ્રહ્મદેવોએ રસોઈ બનાવી હતી ત્યાં ગયા. પ્રથમ પોતે જમ્યા પછી સહુ ભક્તોને પ્રેમથી પીરસીને જમાડ્યા. પોતાની સેવામાં ખડેપગે રહેતા ગુમાનજીભાઈ વગેરે પાર્ષદોને પણ પોતે જ પીરસીને જમાડ્યા. પછી પ્રભુજી ઉતારે પધાર્યા.

આ રીતે મહારાજ કૌકામાં બે દિવસ રહ્યા. અહીંના ભક્તોના સર્વે મનોરથ પૂરા કર્યા. જ્યારે સભા ભરાતી ત્યારે મહારાજ કહેતા, 'આ રીતે જે ભક્તો ભક્તિમાં રસબસ થાય છે તેમની દરેક ક્રિયા પ્રેમમય બને છે, ભગવાનમય બને છે; તેથી અંતર નિર્મળ થાય છે અને નિર્મળ હૈયામાં નારાયણ પ્રગટ થાય છે. જ્યારે પ્રગટ ભગવાન મળે ત્યારે તમામ સાધનનો અંત આવે છે. પરોક્ષભાવે અનંતકાળ સુધી ભક્તિ કરે ત્યારે પ્રગટ ભગવાનની ઓળખાણ થાય છે અને જ્યારે પ્રગટની ભક્તિ કરાય ત્યારે પળમાં બેડો પાર થાય છે.'

આ રીતે પાર્ષદવર્ય ગુમાનજીભાઈએ સંવત્ ૧૮૬૬માં શ્રીહરિએ ડભાણ યજ્ઞ કર્યો ત્યારે ગૃહત્યાગ કર્યો હતો. તેમની કુટુંબીજનોની ભાવના પૂરી કરવા સંવત્ ૧૮૭૦માં શ્રીહરિ કૌકા પધાર્યા, બે દિવસ રોકાયા અને પછી ત્યાંથી ધોળકા ગયા હતા.

શ્રીજીમહારાજે જે લીંબવૃક્ષ નીચે ઉતારો કર્યો હતો તે પ્રસાદીભૂત લીંબવૃક્ષ આજે પણ છે. તેમના પરિવારમાં આજે પણ સત્સંગ છે અને આ લીંબવૃક્ષ હાલ તેમની માલિકીમાં છે. અલૈયાજી જીવાજીના પરિવારના જેઠીભાઈ તથા ઘનશ્યામભાઈ વગેરે ભક્તો કહે છે, 'જ્યારથી ભગવાન ઊતર્યા અને જે પડખે ટેકો દઈને મહારાજ બેઠા હતા ત્યારથી તે પડખે કડવો લીંબડો પણ મીઠો થઈ ગયો હતો. હજી પણ તે લીંબડાને ક્યારેક તે પડખે મીઠાં પાન આવે છે.' જ્યાં હૃદયની શુદ્ધ ભક્તિ હોય, સમર્પણભાવ

હોય, નિઃશંક નિષ્ઠા હોય તેવા ભક્તોની પેઢીઓ સુધીનાં કલ્યાણ માટે પુરુષોત્તમનારાયણ આવા પરચા પૂરે છે. જેવો કૌકાનો લીંબડો મીઠો એવો જ ત્યાંના ગુમાનજીભાઈનો ભક્તિભાવ પણ મીઠો છે. આપણે થોડી તેની સ્મૃતિઓ માણીએ...

✵ ગુમાનજીના ગુણો તથા ભક્તિભાવના :

પ્રેમમૂર્તિ પ્રેમાનંદસ્વામી પુરુષોત્તનારાયણના પ્યારા પાર્ષદોના ગુણોનું વર્ણન કરતાં હ.કૃ.ના.ચ.૩૯માં કહે છે...

પુનિ પદાતિ ભગુજી ત્યાગી, રતન મિયાં રુ ભીમ બડભાગી;
પુનિ ગુમાનજી દેવા વીરા, અજૈયા આદિક રણધીરા.

શ્રીહરિ સાથે સદા રહેનારા ભાગ્યવાન ભગુજી, રતનજી, મિયાંજી, ગુમાનજી વગેરે પાર્ષદો કેવા હતા ? તો યુદ્ધમાં અજેય અને રણધીર હતા.

શૂરવીરતા, સામર્થી હોવા છતાંય પાછી ટાણે ધીરજ રાખવી તે ઘણું કઠણ છે. શ્રીહરિ વેદરસમાં કહે છે કે, 'અઢળક સંપત્તિ હોય છતાં સહુને નમતો રહે તેને ધન્યવાદ છે, શૂરવીર હોય છતાં ટાણે ધીરજ રાખે તેને ધન્યવાદ છે અને સમર્થ હોય છતાં બીજાને ક્ષમા આપે તેને ધન્યવાદ છે, આવા પુરુષોને દેવો પણ વંદન કરે છે.' ગુમાનજીભાઈ આવા ગુણે યુક્ત હતા.

વળી, વિશેષ ગુણગાન કરતાં આધારાનંદસ્વામી શ્રીહ.ચ.સા. ૨૨/૫૦માં કહે છે...

दोहा : क्षत्रि हरिजन कितने जो, सरस सरस हि रहेउ;
जमिदार रहेउ कितने, हरि हजुर रहे तेउ.
हकाभाई अरु रत्नजी, गुमानजी कर जेहु;
हमिरजी जोराभाई कर, नथुजी कर जो तेहु.

અર્થાત્ ક્ષત્રિયોમાંથી પણ ઘણાક સર્વોત્તમ હતા, જમીનદાર હતા,

ગરાસદાર હતા તેઓ પણ બધું જ ત્યાગ કરીને શ્રીહરિના હજૂરીપાર્ષદ બની કાયમ સાથે રહ્યા હતા. અને જેવી ભગવાનની મરજી હોય તેમ સેવા કરતા હતા. ગુમાનજીભાઈ ક્ષત્રિ અને ગરાસદાર હતા છતાં સરળ અને નિર્માની બની કાયમ મહારાજની નાની એવી સેવા પણ શ્રદ્ધાથી કરતા હતા. પ્રગટ પુરુષોત્તમની દાતણ લાવી આપવારૂપ નાની સેવા એમને પ્રાપ્ત થઈ હતી. તે વાત પોતે જ પોતાના આ ગ્રંથમાં કિરણ-૧૦૧માં આ રીતે લખી છે...

રતનજી ત્યાગ વૈરાગ્યે તેવા, કરી અહોનિશ હરિની સેવા;
ગુમાનજી ગુણે ઘણા સારા, લાવે દાતણ પ્રભુ રાખી પ્યારા...૦૪

તેમજ શ્રીહરિએ નાન ખાચર તથા નાજા જોગીયા સાથે પોતાના ઘોડાની સેવામાં પાર્ષદવર્ય ગુમાનજીભગતને પણ રાખ્યા હતા. તેથી કયા ભગતે ? ક્યારે ? અને કેવો ઘોડો-ઘોડી અર્પણ કર્યાં ? તેની વિગત પણ આ ગ્રંથના કિરણ-૧૦૩માં અદ્‌ભુત લખી છે. સુરા ખાચરે એક ભૂતડી, બીજી તાજણ અને કેશરિયો ઘોડો શ્રીહરિને અર્પણ કર્યો હતો.

ઉત્તમ નૃપ ભારે નિષ્કામ, જેને વ્હાલા ઘણા ઘનશ્યામ;
ધન ધામ ધરાદિક જેહ, સોંપ્યું શ્યામને કરી સનેહ...૦૭
મહારાજને અર્થે જે નાવે, તેવું પદારથ નહિ કા'વે;
એક આપેલ માણકી ઘોડી, રૂડી બાવળી માણકી જોડી...૦૮

વળી, બોટાદના સોમલા ખાચરે એક બોરી ઘોડી શ્રીહરિને અર્પણ કરી હતી. અલૈયા ખાચરે એક કેસર ઘોડી અને બે રોજા ઘોડા અર્પણ કર્યા હતા. રોજકાના કાકાભાઈએ શ્રીજીમહારાજને પ્રેમથી રોઝી ઘોડી અર્પણ કરી હતી. રોજકાના ગજા ગઢવીએ એક રૂપાળી ચ્યામલી ઘોડી આપી હતી. જસકાના દરબાર જીવાભાઈએ એક ફૂલમાળ ઘોડી આપી હતી. ઉનાના નાગર વિપ્ર જીવણભાઈએ એક છોગાળી ઘોડી શ્રીહરિને આપી

હતી. કારિયાણીના વસ્તા ખાચરે એક માણકી અને એક વાંગળી ઘોડી આપી હતી. ગઢપુરના હરજી ઠક્કરે હિરાળી ઘોડી આપી હતી. પંચાળા નરેશ ઝીણાભાઈ તથા ગગાભાઈએ એક બોદલી અને એક તાજણ ઘોડી શ્રીહરિને સમર્પણ કરી હતી. કરિયાણાના દેહા ખાચરે એક સિંહાળી ઘોડી આપી હતી. ગુડેલના જીભાઈએ બોદલી ઘોડી પ્રભુને પ્રેમથી આપી હતી. આ રીતે શ્રીહરિને ૨૧ ઘોડી-ઘોડા વગેરે ભેટ આવ્યા હતા. તેમાં ૩ માણકી ઘોડીનું વર્ણન છે. વળી, સહુથી છેલ્લે ૧૮૭૬-૭૭માં મીણાપુરના મોંઘીબાએ ૧ માણકી ઘોડી અર્પણ કરી હતી. તે થઈને ૪ માણકી ઘોડી થઈ. આ રીતે કયા ભક્તોએ કેવા કેવા પ્રકારની ઘોડીઓ આપી હતી તથા કયા ભક્તે કેટલા બળદ, કેટલી ગાયો, કેટલી ભેંસો વગેરે અર્પણ કર્યું તે બધાનું ગ્રંથકારે ઝીણવટભર્યું વર્ણન કર્યું છે. કેમ જે, તેઓ શ્રીહરિના હજૂરી પાર્ષદ હોવાથી આ વાતથી સંપૂર્ણ વાકેફ હતા. અને ખાસ ઘોડીની સેવામાં અતિ નિષ્ઠાવાન હતા, તેથી તેમના ગ્રંથમાંથી આ બાબતે જેટલું ઝીણું વર્ણન જોવા મળે છે એવું અન્ય ગ્રંથોમાં મળતું નથી. માટે આ સહુને જાણવા જેવું છે.

શ્રીજીમહારાજ ગુમાનજીભગતને ઘણી વાર મોટા ઉત્સવ-સમૈયામાં રાજદ્વારી માણસોના સ્વાગત-સન્માનમાં રાખતા. શ્રીહરિ ધામમાં ગયા પછી પણ સંપ્રદાયમાં મોટા સમૈયા થાય ત્યારે તેમને આ સેવા સોંપતા. અને તેઓ ગોપાળાનંદસ્વામી ભેગા સાધુ થયા ત્યારે પણ તેમની યોગ્યતા અને સદ્‌ગુણો જોઈને આ પ્રકારની સેવા તેમને સોંપતા હતા.

વાસુદેવચરણદાસ જેવા, ઘનશ્યામસ્વરૂપ તે એવા;
ગઢપુરના બારોટ નાંગ, સમજે રાજનિતિ તે સાંગ.
રાજા રાણાની સરભરા કરવા, એટલા તો ઠર્યા ગુણે ગરવા;

વળી, વિશેષ જણાવતાં કહે છે...

વાસુદેવચરણદાસ નામ, સોંપ્યું તેને કહ્યું તેહ કામ.
પરદેશી આવે જન કોય, ઓળખાણ જેને નવ હોય;
ક્યાંઈ ઉતારો નવ મળે કમે, તેની સંભાળ રાખજો તમે.

પરદેશીને પણ સમાવી લેવાની અને પારકાને પોતિકા કરી લેવાની કળા તથા ઉદાર ભાવના વાસુદેવચરણસ્વામીમાં હતી. આપણે પણ આવા સદ્‌ગુણો કેળવી સર્વાવતારી શ્રીહરિ તથા સંતો-ભક્તોના પ્રીતિ, પ્રતીતિ અને પ્રસન્નતાનું પાત્ર બનીએ.

વળી, જ્યારે ૧૮૭૧માં શ્રીહરિ ગઢપુરથી વડતાલ દીપોત્સવ કરવા આવ્યા ત્યારે પાર્ષદવર્ય ગુમાનજીભાઈને સાથે લીધા હતા. વળી ત્યાંથી શ્રીહરિ કુશળકુંવરબાઈના કલ્યાણ માટે ધર્મપુર ગયા ત્યારે પણ ગુમાનજીભાઈને સાથે લીધા હતા.

✵ શ્રીહરિની સેવાથી મળેલી પ્રસન્નતા :

સં.૧૮૭૨માં શ્રીહરિએ ગઢપુરમાં અન્નકૂટોત્સવ કર્યો તે સમયે પાર્ષદવર્ય ગુમાનજીએ શ્રીહરિની પ્રેમથી સેવા-પૂજા કરી હતી. જેનું વર્ણન કરતાં પોતે જ આ ગ્રંથના કિરણ ૨૩ તથા ૭૦માં કહે છે, જ્યારે દીપાવલીના દિવસે થાળ તૈયાર થયો ત્યારે હંસગતિ ચાલતા હરિવર અક્ષરઓરડીએથી જમવા માટે ઊભા થયા. પ્રથમ સ્નાન કરવાની મનમાં ઈચ્છા ધરી. અંગ ઉપરથી કીમતી વસ્ત્રો ઉતાર્યાં. ગુમાનજીભાઈએ સોનાનો બાજોઠ ઢાળી દીધો. સહજમાં સહુને આનંદના સાગરમાં ઝૂલતા કરતા બહુનામી શ્રીહરિ તેના ઉપર બેઠા.

અંગ થકી અંબર ઉતારી, સ્નાન કરવા ઈચ્છા મન ધારી;
કનક બાજોઠિયે બહુનામી, બેઠા શ્રીસહજાનંદસ્વામી.
રતનજી ને ગુમાનજી ભારી, હરિ સેવામાં અખંડ ખુમારી;
રૂપા તણી કુંડી એક સાર, લાવ્યા નિર ભરી તે વાર.

તન અત્તર તેલ ફુલેલ, કરે તન મર્દન અંબુવેલ;
મુખ મસ્તક હૃદય હાથ, સ્કંધ વાસો બે પડખાની સાથ.
જાનું જંઘા ઉદર અનુપ, મરદન કર્યું તે સુખરૂપ;
રેડે કળશે ભરી ભરી નીર, નાહ્યા સુંદરશ્યામ શરીર.
પે'ર્યું એક પીતાંબર સાર, એક ઓઢી લીધું તેણી વાર;
ચઢી ચાખડિયે ચિત્તચોર, નટનાગર ધર્મકિશોર.

પછી ભક્તોના મનડાને મોહતા અને ચિત્તડાને ચોરતા શ્રીહરિ ચાંખડીએ ચડી જમવા પધાર્યા. પ્રેમી ભક્તોનો પ્રેમ જમ્યા. સહુને રાજી કર્યા. પછી હરિભક્તોની ભાવના વધારવા પ્રેમભીના હૈયે પ્રભુ પીરસવા પધાર્યા. પ્રથમ પરમહંસોને પીરસ્યું. પછી ભગુજી, ગુમાનજી વગેરે પાર્ષદોને તથા સખાઓને જમાડીને તૃપ્ત કર્યા. ભાવુક હૃદયવાળા ભક્તરાજ ગુમાનજીની સેવાથી શ્રીહરિ અનેક વાર પ્રસન્ન થયા હતા. અને પ્રસન્નતાના પ્રતિકરૂપે મોજું પણ આપી હતી. જેનું વર્ણન તેમણે આ ગ્રંથના કિરણ ૨૯/૨૭-૨૮માં કર્યું છે.

રતનજીને તે રાજી થાઈ, હરિએ ચોફાળ દીધો ચાઈ;
ગુમાનજીને તે ઘનશ્યામ, દીધો ખેસ પ્રસાદી સુખધામ.
મિયાંજીને તે શ્રીમહારાજ, દીધો રૂમાલ તે મુનિરાજ;
ભીમભાઈને તે વળી ભારી, દીધી પ્રભુજી પાઘ ઉતારી.

✵ ઉત્સવોમાં અનોખી સેવા અને અલૌકિક દર્શન :

વળી, સં.૧૮૮૧માં શ્રીહરિએ ગઢપુરમાં દશેરા ઉત્સવ કર્યો. લક્ષ્મીવાડીએ સમીપૂજન કરવા ગયા ત્યારે પાર્ષદવર્ય ગુમાનજીને સાથે લીધા અને સહુ પાર્ષદો વતી તેમના દ્વારા સમીપૂજન કરાવ્યું હતું.

એકવાર મહારાજે ગઢપુરમાં મોટો રંગોત્સવ કર્યો. તે વખતે

એક બાજુ પરમહંસો અને બીજી બાજુ સખાઓ તથા હરિભક્તો રહ્યા. તે સમયે ભગુજી, રતનજી, ગુમાનજી વગેરે પાર્ષદો મહારાજની રક્ષા માટે તેમની સાથે ઢાલ લઈને ઊભા રહ્યા હતા. વળી, મહારાજે સં.૧૮૮૧માં ઘેલાધાધલના ઘરે વસંતપંચમીનો ઉત્સવ કર્યો ત્યારે પણ ભગુજી, ગુમાનજી વગેરે પાર્ષદો શ્રીહરિ સેવામાં ખડેપગે રહ્યા હતા. આ રંગોત્સવમાં તો અનંત અવતારો, મુક્તો અને તેત્રીસ કરોડ દેવતાઓ પણ શ્રીહરિ સાથે રંગે રમવા આવ્યા હતા અને પ્રસાદ જમવા આવ્યા હતા. તે તમામ લીલાના ગુમાનજીભગત સાક્ષી બન્યા હતા.

શ્રીજીમહારાજનાં ચરિત્રો ગ્રંથના ૧૭૬મા ચરિત્રમાં સદ્. શ્રીપરમચૈતન્યાનંદસ્વામીએ લખ્યું છે કે, જ્યારે પંગત થઈ ત્યારે મહારાજ પોતે પીરસવા પધાર્યા. **તે સમયે સહુને પરમહંસોમાં એક પરમહંસ ને એક મુક્ત એમ દેખવામાં આવ્યા અને ગૃહસ્થોમાં તથા પાર્ષદોમાં દેવતાઓ જોવામાં આવ્યા. અને વૈરાટાદિક ઈશ્વર તથા અવતારો એ ધરમકુળના ચોકામાં દેખવામાં આવ્યા.** આ પાર્ષદો સાથે જમવામાં દેવો પણ ગૌરવ અનુભવતા. એ પાર્ષદવર્યની કેટલી મોટપ હશે ! તે આપણે વિચારીએ.

✵ શિરસાટે પક્ષ અને કાળથી રક્ષા :

જ્યારે સં.૧૮૮૨ શ્રાવણ સુદ-૧૦, શનિવારના રોજ શ્રીજીમહારાજના શૂરવીર ભગુજી, રતનજી, મિયાંજી, ગુમાનજી વગેરે બાર પાર્ષદો અને ભડલીના ભાણ ખાચરે મોકલેલા ખબડ, મતારા વગેરે ૩૦૦ માણસો વચ્ચે યુદ્ધ થયું. ત્યારે શ્રીહરિના પ્રતાપે બાર માણસોએ તે ૩૦૦ માણસોને ભગાડ્યા હતા. પછી મહારાજે આ પાર્ષદોની કાળ થકી રક્ષા કરી હતી. જેમને શ્રીહરિ કાળના મુખમાંથી બચાવતા અને આવા ઉત્તમ યશના તથા સેવાના ભાગીદાર બનાવતા તે પાર્ષદોની સેવાભાવના, સમર્પણ અને નિયમ, નિશ્ચય તથા પક્ષની દૃઢતા કેટલી મજબૂત હશે ? તે આપણે શીખવા જેવું છે.

❋ ગુમાનજીએ શેષનારાયણને દૂધની તાંસળી આપી :

શ્રીહરિએ ગઢપુરમાં સૌ પ્રથમ પરમહંસોને લાકડાના પત્તરમાં જમવાની આજ્ઞા કરી. અને પરમહંસોને કરપાત્ર તથા ઉદરજોળીનું પ્રકરણ ચાલતું હતું તે બંધ કરાવ્યું. તેથી મોટીબાએ અતિ રાજી થઈ સૌ પરમહંસોને રસોઈ આપી. રસોઈ તૈયાર થતાં શ્રીહરિ જમ્યા. પછી પરમહંસોની પંક્તિ થઈ. જે વખત પરમહંસ જમવા બેઠા તે વખત વાદળની એક ઘટા ચડી. વીજળી થાવા લાગી અને વરસાદ વરસવા લાગ્યો. તેમાં એવું અદ્‌ભુત આશ્ચર્ય થયું જે, ચંદન ને પુષ્પની વૃષ્ટિ થઈ અને મંદ, સુગંધ ને શીતળ એવો વાયરો વાવા લાગ્યો. તે સમયે એક મોટો સર્પ આવ્યો. તેને શ્યામ મોટી ફણા, ધોળી મૂછો ને ફણામાં ઘણાં મોઢાં દેખાય. તે સર્પ જોઈ સર્વ પરમહંસના મંડળમાં ખળભળાટ થયો. ત્યારે મહારાજ તાળી વગાડી બોલ્યા જે, “કોઈ ચંચળ થશો નહિ. સર્વે આત્મારૂપ થાઓ. અને જેમ જમો છો તેમ જ જમો. એ તો શેષજી તમારાં દર્શન કરવા આવ્યા છે.”

પછી શેષજીએ મહારાજ તથા પરમહંસ ફરતા સાત પ્રદક્ષિણા ફરી. પછી મહારાજ સન્મુખ એક નજરે જમીનથી એક ગજ ઊંચું મુખ રાખી જોઈ રહ્યા. તે સમયે મહારાજે એક રૂપાની તાંસળીમાં દૂધ ને સાકર મંગાવી પંડે બે ઘૂંટડા લીધા. પછી તે પ્રસાદીભૂત દૂધની તાંસળી પાર્ષદવર્ય ગુમાનજી પાસે એ શેષનારાયણ આગળ મુકાવી. તે દૂધ સર્વે પી ગયા. પછી મહારાજે જળ પીને તાંસળીમાં જળ રેડ્યું. તે જળ પણ શેષજી પી ગયા. પછી એ શેષનારાયણ સહુ માણસો જુએ તેમ પરમહંસોના ખાટલા હેઠે જઈ અલોપ થઈ ગયા.

❋ અમદાવાદ રંગોત્સવમાં સેવા :

સં.૧૮૮૧માં શ્રીહરિએ અમદાવાદમાં રંગોત્સવ કર્યો ત્યારે ગુમાનજી શ્રીહરિની સાથે હતા. અમદાવાદના વજા શેઠ, વલ્લભરામ,

સજાભાઈ વગેરે ભક્તોએ ખૂબ ભાવથી શ્રીહરિની સેવા તથા પૂજન કર્યું હતું. આ ભક્તોએ તે સમયે મિયાંજી તથા ગુમાનજીના હાથે મહારાજનું પૂજન કરાવ્યું હતું.

મિયાંજી ગુમાનજીએ હાથ, પૂજ્યા સહજાનંદ સુખપાથ;
પુરુષોત્તમદાસનો તે પ્રીતે, ઓઢ્યો ખેસ વાલે રૂડી રીતે.

વળી, જ્યારે સં.૧૮૮૨માં ફરીવાર શ્રીહરિએ અમદાવાદમાં ફૂલદોલ ઉત્સવ કર્યો ત્યારે મહારાજ ભગુજી, ગુમાનજી વગેરે પાર્ષદો સાથે ખૂબ પ્રેમથી રંગે રમ્યા હતા. તે વાત તેમણે જ આ ગ્રંથના ૬૩ મા કિરણમાં નીચે મુજબ લખી છે.

પાળા ભગુજી રતનજીને ભાળી, રંગ્યા રંગે તે વનમાળી;
ગુમાનજી અને ભીમભાઈ, રંગ્યા રંગે વા'લે રાજી થાઈ...૩૦

વળી, સં.૧૮૮૩માં વડતાલમાં મહારાજે રંગોત્સવ કર્યો ત્યારે શ્રીહરિએ તેમને રંગ્યા. પછી તેમણે શ્રીહરિનું પ્રેમથી પૂજન કર્યું હતું. તે વાત પણ તેમણે આ ગ્રંથના કિરણ-૪૦/૧૦-૧૧માં લખી છે.

રતનજી ગુમાનજી આદિ પાળા, નાંખી રંગ ને કર્યા સુખાળા;
દાદા ખાચર આદિ હરિજન, પલળી રંગે ને થયા પાવન.
રમ્યા હનુમાનને દરવાજે, ગાય ગીત વાજાં ઘણાં વાજે;
રમ્યા મંડપમાં અલબેલ, ગુલાલ રંગ તણી રેલમછેલ.

રંગોત્સવ બાદ સહુ સંતો-પાર્ષદોની સાથે શ્રીહરિએ ગોમતીમાં સ્નાન કર્યું. સ્નાન કરી પાછા મંદિરે પધાર્યા. વિશાળ સભા ભરાણી. તે સમયે પરમહંસો પૂજન કરી રહ્યા ત્યારબાદ શ્રીહરિએ ગુમાનજીને પ્રેમથી બોલાવ્યા. પછી તેમણે પ્રેમથી મહારાજનું પૂજન કર્યું. આ રીતે અનેક વાર મહારાજે તેમને રાજીપો આપ્યો છે.

સં.૧૮૮૬માં ગઢપુરમાં શ્રીહરિએ છેલ્લો રામનવમીનો સમૈયો

કર્યો. આ ઉત્સવમાં પણ ગુમાનજી શ્રીહરિની સાથે હતા. અને મહારાજે અંતર્ધાન લીલા કરી ત્યારે પણ તેઓ ત્યાં હાજર હતા. આમ, અનંત વાર મહારાજનાં દર્શન કર્યાં છે. નખશીખ મૂર્તિ નેણા ભરીને નીરખી છે, અંતરમાં ઉતારી છે, જીવમાં જડી દીધી અને તેથી જ તેઓએ મહારાજ ધામમાં ગયા બાદ આશરે ૩૫-૪૦ વર્ષે આ ગ્રંથ લખ્યો; ત્યારે પણ મહારાજની મૂર્તિનાં આજે જ દર્શન કર્યાં હોય એવી આબેહૂબ કંડારી છે.

✹ ગુમાનજી બન્યા વાસુદેવચરણસ્વામી :

સત્સંગપ્રેમી અને શ્રીહરિ તથા સંતોને જ પોતાનું જીવન માનનારા પાર્ષદવર્ય ગુમાનજીભગત જીવનપ્રાણ શ્રીહરિ સ્વધામ સિધાવ્યા તેથી ખૂબ જ દિલગીર થયા. આટલાં વર્ષ સુધી શ્રીહરિના હજૂરી સેવક રહી સતત સાથે ને સાથે રહીને સેવા કરેલી તેથી હવે સાવ એકલવાયુ જીવન અનુભવાતું હતું. ક્યાંય ચેન પડતું ન હતું. દિવસ જાય તો રાત જાતી ન હતી અને રાત જાય તો દિવસ જતો ન હતો. અખંડ હૃદયમાં શ્રીહરિના ભણકારા વાગ્યા કરતા હતા. હૃદય રડતું બંધ થતું ન હતું. સર્વ ક્રિયામાં લટકાળો લાલ સાંભર્યા કરતા હતા. અને તેની વેદના તેમને જંપીને જીવવા દેતી ન હતી. આ આઘાત તેમના માટે અસહ્ય થઈ પડ્યો.

તેથી વડતાલમાં એકવાર ગોપાળાનંદસ્વામીના પગ પકડીને રડી પડ્યા. સ્વામીએ તેમને ખૂબ જ આશ્વાસન આપ્યું છતાં ધીરજ ધારી શક્યા નહીં. સ્વામીને વિનંતી કરતા કહે છે, ‘હે સ્વામી ! આટલાં વર્ષ રાત-દિવસ શ્રીજી સાથે રહીને એમની સેવામાં જ મેં હર પળો ગાળી છે. હવે વાલમ ને વાલમની સેવા વિના મારા દિવસ જાતા નથી. હું સેવાનો જીવ સેવા કર્યા વગર રહી શકતો નથી. આપ મને આપની સાથે રાખો. આપ ભગવદ્રૂપ છો. હું શ્રીહરિની સેવા કરતો અને ખૂબ

આનંદ રહેતો. મને ખાતરી છે આપની સાથે રહી આપની સેવા કરીશ તો હરિની સેવાના જેવો જ મને આનંદ થાશે. મારી વિરહની વેદના શમી જાશે. આપ મારા ઉપર દયા કરી આપની સાથે રાખી કાયમ આપની સેવા મળે એવી કૃપા કરો. આપ મને તમારા મંડળમાં તમારો શિષ્ય કરી આચાર્યશ્રી પાસે દીક્ષા અપાવી તમારી સેવામાં રાખો. આ કર્યા સિવાય મારા દિવસો જાશે નહીં.'

આવી તેમની દર્દ ભરેલી પ્રાર્થના સાંભળીને દયાળુ મૂર્તિ સ્વામીને દયા આવી. તેમનું દુઃખ ટાળવા સ્વામીએ પોતાને કોઈ સેવકની જરૂર ન હતી છતાં માત્ર દયા કરીને જ પોતા સાથે રાખ્યા. થોડો સમય વિતતા ગુમાનજીભગતની ઈચ્છા મુજબ સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ તેમને આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ પાસે દીક્ષા અપાવી સાધુ વાસુદેવચરણસ્વામી એવું નામ પાડ્યું. આ રીતે શ્રીહરિના હજૂરી સેવક પાર્ષદવર્ય શ્રીગુમાનજી ભગત ગોપાળાનંદસ્વામીના શિષ્ય સાધુ વાસુદેવચરણદાસજી બન્યા.

ગોપાળાનંદસ્વામી જેવા મહાન સંતની મન, કર્મ, વચને ખૂબ જ સેવા કરીને પુરુષોત્તમનારાયણને પ્રાણપ્યારી લાગે તેવી સાધુતા કેળવી. સ્વામી ધામમાં ગયા પછી સ્વામીની ઈચ્છાથી આ વાસુદેવચરણદાસજીસ્વામીએ ભાયાત્માનંદસ્વામીની પણ ખૂબ જ સેવા કરી હતી. જેમ મૂળજી બ્રહ્મચારી શ્રીહરિની સેવા કરતા એવી જ ભાવના સાથે વાસુદેવચરણદાસજીસ્વામીએ ભાયાત્માનંદસ્વામીની સેવા કરી અને તેમનો ખૂબ જ રાજીપો લીધો હતો. તેમની સાધુતાને પેટ ભરીને બિરદાવતા આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજ ઉન્મત્તગંગા માહાત્મ્યના અ.૧૬૦માં કહે છે, ભગવદાનંદસ્વામીના ઘાટથી દોઢ કિલોમીટર દૂર વાસુદેવચરણદાસ નામનો જગપ્રસિદ્ધ ઘાટ છે. જેમનું

જીવન અતિ શુદ્ધ હતું. એવા આ સુખકારી ઘાટમાં ‘શુદ્ધધીપ્રદ’ કહેતાં, શુદ્ધ બુદ્ધિને આપનારું પવિત્ર તીર્થ રહ્યું છે. અને તેના અધિષ્ઠાતા દેવ હંમેશાં પોતાના સેવકનું રક્ષણ કરનારા સદાચારપ્રિય શ્રીહરિ જ છે. વળી, ઉન્મત્તગંગા માહાત્મ્યમાં આચાર્યશ્રી સ્વામીના સદ્‌ગુણનું વર્ણન કરતાં લખે છે, સ્વામીમાં કોઈ પણ જાતનો દોષ ન હતો. સર્વે સદ્‌ગુણોનું ધામ હતા, સદ્ધર્મમાં નિષ્ઠાવાન અને શુદ્ધ હૃદયવાળા હતા.

સદ્.શ્રીવાસુદેવચરણદાસજીસ્વામી સમગ્ર સાધુસમાજના માન્ય સંત હતા. ધોલેરાના મહંત થયા પછી પણ તેમણે મોટા સંતો તથા આચાર્ય રઘુવીરજી મહારાજની આજ્ઞા, મરજીમાં રહીને તેઓને ખૂબ જ રાજી કર્યા હતા. શરણે આવેલા મુમુક્ષુ જીવોને ઉત્તમ ઉપદેશ આપી તેમનો ઉદ્ધાર કર્યો હતો. તેમના સદ્‌ગુણોને જોઈને રઘુવીરજી મહારાજ વિશાળ સભામાં ઘણી વાર પ્રસંશા કરતા કહેતા કે, ‘સદ્.વાસુદેવચરણદાસજીસ્વામી તો અમૂલ્ય રત્ન જેવા છે.

विरलाः पुरुषा लोके ईदृशा भूरिशो नहि।
उत्तमानीव रत्नानि स्वाकरेष्विह कुत्रचित्॥

અર્થાત્ જેમ અત્યંત કીમતી રત્નો-મણિઓ કોઈ સારી ખાણમાં જ પેદા થાય છે, બધે થતાં નથી, તેમ સ્વામી જેવા મહાન પુરુષો તો દુનિયામાં કોઈક વિરલા જ હોય છે, ઝાઝા નથી હોતા. શ્રીહરિ તથા સંતોને રાજી કરીને તેમણે પોતાનો મનુષ્યજન્મ સાર્થક કર્યો છે. તેમણે પોતાના કુળ સહિત તમામનો ઉદ્ધાર કર્યો છે. સાધુતાના શણગારરૂપ અને માયિક વિષયોની તૃષ્ણાએ રહિત એવા સદ્. શ્રીવાસુદેવચરણદાસજીસ્વામીએ શ્રીહરિની આજ્ઞાથી અનેક મુમુક્ષુઓનો ઉદ્ધાર કર્યો હતો. જ્યારે તેઓ શ્રીહરિને મળવા આવતા ત્યારે જેમ ચંદ્રોદય થતાં કમળ ખીલે તેમ મહારાજનું હૃદય પણ રોમાંચિત થઈ જતું

હતું. અર્થાત્ તેઓની ઉપર શ્રીહરિજી ખૂબ જ રાજી હતા.

❋ સ્વામીને ધોલેરાધામના મહંત બનાવ્યા..!

આવા સદ્ગુણોના સાગર સ્વામીને જોઈને જ જ્યારે અદ્ભુતાનંદસ્વામીની ઉંમર થઈ ત્યારે તત્કાલીન આચાર્યશ્રી તથા તમામ સદ્ગુરુ સંતોએ મળીને સ્વામીશ્રીને ધોલેરાધામના પ્રથમ કોઠારી અને પછી મહંત કર્યા હતા.

સં.૧૯૧૫ના વૈશાખ સુદમાં આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ મોટા સંતો સાથે બે દિવસ ડભાણ રહી ધોલેરા આવ્યા. તે સમયે વાગડથી ભાયાત્માનંદસ્વામીને ધોલેરા બોલાવ્યા.

આત્માનંદસ્વામી જેહ ભાઈ, તેને બોલાવિયા હરખાઈ ॥
પૂજાભાઈ ભાઈ શીવલાલ, ભોજાભાઈ આદિક તતકાલ ॥૩૧॥
વાસુદેવચરણદાસ સંત, તેને સ્થાપીયા ત્યાંના મહંત ॥
વર્ણિ પતિતપાવનાનંદ, સોંપ્યું દેવ સેવાનું સ્વછંદ ॥૩૨॥

અને તેમને કહ્યું કે, હવે તમો આજીવન આ મંદિરની સેવા કરજો. તેમાં મહારાજ તથા મોટા મુક્તોનો ખૂબ જ રાજીપો છે. પછી સ્વામી ખૂબ જ શ્રદ્ધાથી ધોલેરાધામની સેવા કરતા હતા. જ્યારે સં.૧૯૧૯, કારતક માસમાં આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ બિમાર થયા ત્યારે તેઓ ધોલેરા મંદિરનું કામ અન્ય સંતોને સોંપીને તેમની સેવામાં ગયા હતા. બે-ત્રણ માસ સુધી અવિરત આચાર્યશ્રીને શ્રીહરિનાં ચરિત્રો સંભળાવવાની સેવા કરી હતી. તે જ સમયે પોષ મહિનામાં ઉત્તરાયણના દિવસે રઘુવીરજી મહારાજે છેલ્લે સહુને તત્ત્વોપદેશ આપ્યો અને મહારાજની સર્વોપરીતા સમજાવી. ત્યારે પણ તેઓ ત્યાં હાજર હતાં.

પુજાભાઈ રઘાજી ધીમંત, વાસુદેવચરણદાસ સંત ॥
એહ આદિક આવિયા ધાઈ, બીજા ગામના બહુ બાઈ ભાઈ ॥૦૬॥

ત્યારબાદ અદ્‌ભુતાનંદસ્વામીને પોતાની પાસે બોલાવ્યા. અને ભગવદ્‌પ્રસાદજીનો હાથ તેમના હાથમાં સોંપતા આચાર્યશ્રીએ કહ્યું કે, ‘જેમ શ્રીહરિએ મારો હાથ ગોપાળાનંદસ્વામીને સોંપ્યો હતો તેમ આ ભગવદ્‌પ્રસાદનો હાથ હું આપના હાથમાં સોંપું છું. આપ તેનું ધ્યાન રાખજો. તમોએ ધોલેરાધામની ખૂબ જ સેવા કરી છે. તેનાથી મહારાજ તથા સૌ સંતો ખૂબ જ આપના ઉપર રાજી છે. આજથી તમો વડતાલના મહંત છો. હવે તમો વડતાલધામમાં રહી સેવા કરો. આટલી અદ્‌ભુતાનંદસ્વામીને વાત કરી ત્યારે વાસુદેવચરણદાસ ત્યાં હાજર હતા.

પછી આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ અક્ષરવાસી થયા. ત્યારબાદ ભગવદ્‌પ્રસાદજી મહારાજે સત્સંગનો કાર્યભાર સંભાળ્યો. તેમણે મોટા મંદિરોમાં પંચની નિમણુંક કરી. તેમાં ધોલેરાધામમાં ૧.વાસુદેવચરણદાસજીસ્વામી ૨. પાર્ષદ રઘાભગત ૩. પુંજાભાઈ ૪. ગાંફના દેવકૃષ્ણ વ્યાસ વગેરેની નિમણુક કરી.

આ પંચમાં સ્વામી એક સભ્ય હતા, છતાં તેઓ ધોલેરાધામની સેવા તન-મનને નીચોવીને કરતા હતા. અને જ્યારે જ્યારે ગુણાતીતાનંદસ્વામી સમૈયો કરવા વડતાલ જાય ત્યારે અવશ્ય ધોલેરા આવતા અને ત્યાં પાંચ, દશ દિવસ રોકાતા. વાસુદેવચરણસ્વામીને ખૂબ જ રાજી કરતા હતા.

❋ ઉદાસી અને શાંતિનો અનુભવ..!

સમયનાં વેણ વહેતાં રહ્યાં. એકવાર સં.૧૯૨૧ વડતાલમાં ચૈત્રી સમૈયો કરીને ગુણાતીતાનંદસ્વામી ધોલેરા પધાર્યા. તે સમયે ત્યાંના મહંત વાસુદેવચરણદાસજીસ્વામી સાથે કોઈક કારણોસર પુંજાભાઈને અણબનાવ જેવું થયું. તેથી વાસુદેવચરણસ્વામી ઉદાસ થયા હતા. ને એમ સંકલ્પ થયો કે મારે હવે અહીં રહેવું નથી. કેમ જે, અહીં રહું તો ભજન-સ્મરણનું સુખ નહિ આવે.

વ્યવહાર તે વ્યવહાર છે. પછી ભલે સત્સંગનો વ્યવહાર હોય કે સંસારનો. મોટા સંતોનું કહેવું છે કે, તે ક્યારેય સુધર્યો નથી. વ્યવહારને કારણે વહિવટમાં જે કોઈ હોય તેમને અનેકાનેક દુઃખો અણધાર્યા આવી પડતા હોય છે. એમાંથી લગભગ કોઈ બાકાત હોય એવું જણાતું નથી. વ્યવહાર સંભાળવો અને સત્તા ઉપર રહી ભજન કરવું અને સહુને રાજી રાખવા તે બંને કામ એકસાથે કરવું તે ઘણું કઠણ છે. કારણ કે, એ જ વ્યવહાર અને એ જ સત્તામાં ઘણાને ઘણો બધો રસ હોય છે. તેથી મતમતાંતરો થતા હોય છે, ગેરસમજણો ઊભી થાતી હોય છે અને ખેંચાતાણો પણ થાય છે. એનાથી અવગુણ, અભાવ, દ્રોહ વગેરે સુધી વાત પહોંચતી હોય છે. જે સંત કોઈનો અભાવ, અવગુણ ન લે તે કોઈનો દ્રોહ શું કરે ? તે તો થાકી છેવટે ઉદાસ થઈ જતા હોય છે. એ ન્યાયે વાસુદેવચરણસ્વામી ઉદાસ થઈ ગયા.

પછી એકાંતમાં ગુણાતીતાનંદસ્વામીને મળીને કહે, 'હે સ્વામી ! મારે હમણા અહીં રહેવું નથી. અહીં અંતરમાં અશાંતિ જેવું રહે છે. બધું જ મૂકીને ચાલ્યા જવાનું મન થાય છે. માટે થોડો સમય તમારી ભેગા રહેવા આવવું છે.'

ત્યારે સ્વામી કહે, 'હે વાસુદેવચરણસ્વામી ! તમે અમારી ભેગા આવો તો અહીંના સંત તથા હરિભક્તો કહે કે, સ્વામી અમારા મહંતને લઈ ગયા. માટે મનને સમજાવીને થોડા દિવસ અહીં રહો તો સારું.' ત્યારે વાસુદેવચરણસ્વામી કહે, 'હે સ્વામી ! મારાથી અત્યારે અહીં રહેવાય તેમ નથી.' પછી ગુણાતીતાનંદસ્વામી કહે, 'જો તમારે અમારી સાથે આવવું જ હોય તો પાછળથી આવજો.' એમ કહી સ્વામી ધોલેરાથી નીકળી ફરતા ફરતા બોટાદ આવ્યા.

પછી ધોલેરાના મહંત વાસુદેવચરણસ્વામી પણ પાછળથી ચાલ્યા તે

બોટાદમાં આવી સ્વામીને મળ્યા અને રડતાં હૃદયે દંડવત્ કરવા માંડ્યા.

ત્યારે સ્વામી કહે, 'મહંત આવ્યા કે..!' તેઓ કહે, 'સ્વામી, ફક્ત ખોખું આવ્યું છે.' તે સાંભળી ગુણાતીતાનંદસ્વામી કહે, 'ખોખું આવ્યું છે તો તેમાં જીવ આવશે.' તે સમામાં ઉત્થાપન વખતે ઠાકોરજી જાગ્યા. ત્યારે સાધુ વામનપ્રસાદદાસે શેરડી સુધારી, ઠાકોરજીને ધરાવી સ્વામીને આપી.

ત્યારે સ્વામીએ તે બધાં માંદળિયાં વાસુદેવચરણદાસજીને આપ્યાં ને કહ્યું કે, 'તમે જ જમી જજો. બીજા કોઈને આપશો નહી.' જેમ સ્વામીશ્રીએ કહ્યું તેમ તે બધી જ પ્રસાદી વાસુદેવચરણદાસજીસ્વામી થોડા દૂર જઈ જમી ગયા. પછી સ્વામી પાસે આવ્યા ને બોલ્યા કે, 'હે સ્વામી ! અર્ધી શાંતિ થઈ ગઈ.'

એટલે સ્વામી કહે, 'અર્ધી શાંતિ અહીં થઈ તો જૂનાગઢ જાશું ત્યાં સંપૂર્ણ શાંતિ થઈ જશે.' પછી સહુ સંતો સાથે ફરતા ફરતા જૂનાગઢ આવ્યા. ત્યાં તે સમયે જ્યાં માંદાની ઈસ્પિતાલ હતી ત્યાં નજીકમાં બે રાજચંપાના ઝાડ હતા. તેની નીચે સહુ સંતો સાથે સ્વામીએ ધ્યાન કર્યું. પછી વાસુદેવચરણસ્વામીને ઉદ્દેશીને ગુણાતીતાનંદસ્વામીએ મહારાજના સર્વોપરીપણાની વાતો કરવા માંડી જે, 'આપણને જે મહારાજ મળ્યા છે, તેને સર્વોપરી સદા દિવ્ય સાકાર મૂર્તિ અને અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન જાણવા. બીજા અવતારો તો કોઈ કાર્ય-કારણ નિમિત્તે થયા છે અને મહારાજનો અવતાર તો અનંત જીવોનો આત્યંતિક મોક્ષ કરવા માટે થયો છે. આજ સર્વાવતારી શ્રીહરિ અક્ષરધામમાંથી અનંત મુક્તો તથા પોતાનું સમગ્ર ઐશ્વર્ય લઈને આપણા માટે અહીં પધાર્યા છે.' તે વાત પ્રથમના એકોતેરમા વચનામૃતમાં કહી છે. માટે તેમ સમજવું ને બીજા આગળ પણ એમ જ વાત કરવી.

અનંત અવતાર થયા પરંતુ કોઈ અવતારોએ કારણ શરીરના ભાવને ટાળીને મોક્ષ કર્યો નથી ને જો કર્યા હોય તો ગોલોક અને વૈકુંઠ આદિ લોકમાં કજિયાં શા માટે થાય ? માટે જાણવું જે ત્યાં કારણ શરીર નહિ ટળ્યું હોય અને મહારાજ તો આપણા કારણ શરીરના ભાવ ટાળવા સારુ આ સંતો અને નિયમોને અક્ષરધામમાંથી લઈને જ પધાર્યા છે.

વળી, સારંગપુરના અગિયારમા વચનામૃતમાં કહ્યું છે કે, 'વૈરાગ્ય, બ્રહ્મચર્ય, આત્મનિષ્ઠા, સદ્ધર્મ ને અતિ દૃઢ શ્રદ્ધા એમાં કોઈ અંગની ન્યૂનતા હોય તો આત્યંતિક મોક્ષ જે ભગવાનનું અક્ષરધામ તેને ન પામે ને તે વિના ભગવાનના બીજા ધામને પામે વગેરે ઘણી વાતો કરી. માટે આપણે તો બ્રહ્મરૂપ થઈને અક્ષરધામમાં મહારાજની સેવામાં રહેવું છે; એવો પાકો નિશ્ચય કરવો. પોતાને અક્ષરરૂપ માનવા અને આ બધા સંતોને અક્ષરમુક્તો સમજવા તો જલ્દી તેવું થવાય. માટે મનન દ્વારા તેનો નિરંતર સંગ કરવો. અને સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી ઉપાસના સમજવી. કરોડો અવતારોના કારણ અને સહુના કર્તા, નિયંતા, પ્રેરક અને પ્રકાશક એક શ્રીજીમહારાજ છે. એમ ચોખ્ખી ઉપાસના રાખવી તેમાં ફેર પડવા દેવો નહીં. કેમ જે, ઉપાસનામાં ફેર હોય તો કલ્યાણમાં ફેર રહે છે.' એવી સ્વામીએ ઘણી વાતો કરી.

તે સાંભળી વાસુદેવચરણસ્વામી બોલ્યા કે, 'જો હું અહીં ન આવ્યો હોત તો ઉપાસનાની સમજણમાં ઘણી ખામી રહી જાત. આ તો મહારાજે આપણો જોગ મેળવ્યો. માટે હવે શાંતિ થઈ છે.' ત્યારે ગુણાતીતાનંદસ્વામી કહે, 'જ્યારે અમે વાગડ આવ્યા ત્યારે ભાયાત્માનંદસ્વામીને પણ અમે આ વાતો કહી હતી. અને આ વાતોથી તેમને મહારાજની સર્વોપરી ઉપાસના સમજાણી તેથી તેમને પણ પરમ શાંતિ થઈ હતી. તરત શ્રીહરિ તેમને ધામમાં તેડી ગયા હતા; માટે તમો પણ આમ જ સમજજો. એમાં મહારાજનો ખૂબ રાજીપો છે.'

❋ આ ફૂલમાં મહારાજનું દર્શન પણ આવી ગયું..!

વાસુદેવચરણસ્વામી ધોલેરાથી જ્યારે નીકળ્યા ત્યારે તેમની સાથે ભાલ દેશના અમુક હેતવાળા હરિભક્તો પણ આવ્યા હતા. તે ભક્તોએ એક દિવસ વાસુદેવચરણસ્વામીને કહ્યું, 'આપણે અહીં જૂનાગઢ આવ્યા છીએ, તો આ દેશની પંચતીર્થી કરી આવીએ.'

તે સાંભળી ગુણાતીતાનંદસ્વામી વાસુદેવચરણસ્વામીને કહે, 'તમે કોઈ વખત પંચતીર્થની જાત્રા કરી છે કે નહીં ?' તેઓ કહે, 'હા, સ્વામી ! હું તો જઈ આવ્યો છું.' તેથી ગુણાતીતાનંદસ્વામીએ કહે, 'તો હવે તમારા મંડળમાં જે હોંશિયાર સાધુ હોય તેમને હરિભક્તો સાથે મોકલો. તે સહુને પંચતીર્થીની યાત્રા કરાવી આવે અને તમે અહીં રહો.' એટલું કહી ગુણાતીતાનંદસ્વામીએ પોતાના હાથમાં ચંપાનું ફૂલ હતું તે પોતે સૂંઘીને વાસુદેવચરણસ્વામીને આપ્યું અને કહ્યું, 'આ ફૂલમાં પંચતીર્થ આવી ગયાં અને સર્વ તીર્થમાત્ર આવી ગયા.'

એમ કહી ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, કૃપાનંદસ્વામી વગેરે પરમહંસોનાં નામ લીધાં અને પછી કહ્યું, 'આ સર્વે પરમહંસોનાં દર્શનનું ફળ પણ આ ફૂલમાં આવી ગયું. અરે..! રઘુવીરજી મહારાજ અને સાક્ષાત્ શ્રીજીમહારાજનાં દર્શનનું ફળ પણ આ ફૂલમાં આવી ગયું. લ્યો, તમે સૂંઘો..!' એમ કહી તે ફૂલ વાસુદેવચરણસ્વામીને આપ્યું.

તે ફૂલ વાસુદેવચરણસ્વામીએ સૂંઘ્યું અને તરત જ તેમને અંતરમાં અનંતમુક્તો સાથે મહારાજનાં દર્શન થયાં. તેથી પરમ શાંતિનો અનુભવ થયો. પછી તેમના બધા શિષ્યો પંચતીર્થની યાત્રા કરવા ગયા અને પોતે જૂનાગઢમાં ગુણાતીતાનંદસ્વામીનો સમાગમ કરવા રહ્યા. અને ગુણાતીતાનંદસ્વામીની વાતો સાંભળી, ઉપદેશામૃતનું પાન કર્યું એટલે

તેમનું અંતર કલેવર ઘડાઈ ગયું. બ્રાહ્મસ્થિતિને પામ્યા અને અખંડ આનંદનો અનુભવ થવા લાગ્યો.

થોડા દિવસ બાદ હરિભક્તો પંચતીર્થની યાત્રા કરીને જૂનાગઢ આવ્યા. ત્યાર પછી વાસુદેવચરણસ્વામી સહુ સંતો-ભક્તો સાથે પાછા ધોલેરાધામ આવ્યા અને જેમ કરતા હતા તેમ જ મંદિરની બધી સેવા સંભાળી લીધી. પછી તો મહાઆનંદમાં મંદિરની શ્રીહરિની જ સેવા જાણી દાસભાવે રાજી થઈને ખૂબ જ સેવા કરી. બે-પાંચ વર્ષ ધોલેરા મંદિરની આ રીતે ખૂબ સેવા કરી સહુનો રાજીપો લઈ પછી સ્વામી ધોલેરાથી વડતાલ આવ્યા. અને ધોલેરાનું કામ સંવત્ ૧૯૨૪માં કોઠારી લક્ષ્મીદાસભાઈએ સંભાળ્યું.

આ લક્ષ્મીદાસભાઈ વઢવાણના દશા શ્રીમાળી વણિક હતા. શિયાણીના શેઠ ભીમજીભાઈ વોરાના પુત્ર લાલદાસના યોગે કરીને લક્ષ્મીદાસભાઈ સંસારનો ત્યાગ કરી સંવત્ ૧૯૧૭ની સાલમાં વડતાલ આવ્યા હતા. સુપાત્ર જાણી ભગવદ્પ્રસાદજી મહારાજ તથા સદ્ગુરુ સંતોએ તેમને ધોલેરાધામના કોઠારી તરીકે નિમ્યા હતા. પછી વાસુદેવચરણસ્વામી ધોલેરાથી સંવત્ ૧૯૨૫માં વડતાલધામમાં વાસ કરીને રહ્યા. તેઓ ભગવત્પ્રેમી, સંતપ્રેમી, સેવામૂર્તિ અને દાસત્વની મૂર્તિ સમાન સંત હતા.

શ્રીહરિ કે નંદસંતોના સમકાલીન લખાયેલા પ્રાયઃ સદ્ગ્રંથોમાં નંદસંતોની નામમાળા આવે છે, તે મુજબ સ્વામીએ પણ આ ગ્રંથના કિરણ ૯૧ થી ૯૪માં નંદસંતોના સદ્ગુણો અને વિશેષતાએ સહિત નંદમાળા લખી છે. પછી ૯૫ થી ૯૯ એમ પાંચ કિરણમાં નંદસંતો પછીના દાસપંક્તિના સંતોની વિશેષતા, કાર્યો અને સદ્ગુણોનું અનુપમ વર્ણન કરતી દાસસંત નામાવલી લખી છે. ૧૦૦માં બ્રહ્મચારી તથા ૧૦૧-૧૦૨ આ બે કિરણમાં પાર્ષદોની વિશેષતાએ સહિત તેમની

નામવાલી લખી છે. આ તેમનું દાસત્વ, ગુણગ્રાહીપણું અને મહિમાનું અંગ સૂચવે છે. દાસસંતોની નામમાળા અને પાર્ષદોની નામમાળા ઈતિહાસ સંશોધકો માટે અતિ ઉપયોગી બની રહે એવી અનુપમ છે. તેવોએ અંતિમ અવસ્થામાં આ ગ્રંથ લખ્યો છે.

✵ મદદનીશ લહિયા શ્યામચરણદાસજીસ્વામી :

પૂ.લેખકશ્રીને અંતે ઓછું દેખાતું હોવાથી તેમની મદદમાં તેમના જ ગુરુબંધુ સાધુ શ્યામચરણદાસજીસ્વામી લહિયા તરીકે રહ્યા છે. તેથી અંતિમ ઉપસંહારમાં સ્વામીએ તેમનો પણ ઉદારભાવે આભાર વ્યક્ત કર્યો છે.

જેમણે આ ગ્રંથ લખવામાં ખૂબ જ મદદ કરી છે એવા પૂજનીય શ્યામચરણદાસજીસ્વામીનો જન્મ આણંદ જીલ્લાના ‘ગાના’ ગામમાં થયો હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ દ્વારકાદાસ હતું. ગાના ગામમાં નંદસંતો દ્વારા પટેલ પરિવારના બે ભાઈઓ સત્સંગી હતા. તેમાં ભાઈજીભાઈના પુત્ર દ્વારકાદાસને સાધુ થવાની ઈચ્છા હતી. પરંતુ તેના પિતાજી સાધુ થવાની ના પાડતા હતા. પછી દ્વારકાદાસ અસાર સંસારમાંથી છૂટવા શ્રીહરિને પ્રતિદિન રડતે હૃદયે પ્રાર્થના કરવા લાગ્યા. એક દિવસ રાત્રિએ દ્વારકાદાસના પિતા ભાઈજીભાઈને યમદૂતોએ શિક્ષા કરી. અને કહ્યું કે, “તારા પુત્રને સાધુ થવું છે અને તું શા માટે ના પાડે છે ? આવતીકાલે સવારે તેને તું વડતાલ લઈ જજે અને તેને સાધુ થવા દેજે નહીંતર અમે તને વધારે શિક્ષા કરીશું. કેમ જે, સ્વામિનારાયણ ભગવાને અમને મોકલ્યા છે.” એમ કહી યમદૂતો અદૃશ્ય થયા.

પછી યમદૂતથી ડરીને બીજે દિવસે સવારે ભાઈજીભાઈ પોતાના પુત્ર દ્વારકાદાસને લઈને વડતાલ આવ્યા. યોગીરાજ સદ્. શ્રીગોપાળાનંદસ્વામીને મળીને કહ્યું કે, “હે સ્વામી ! મારા આ પુત્ર દ્વારકાદાસને સાધુદીક્ષા અપાવી તમારી સેવામાં રાખો.” એમ કહીને

સ્વામીને પોતાનો પુત્ર સોંપ્યો. અને ભાઈજીભાઈએ પોતાને જે યમદૂતો દ્વારા શ્રીહરિએ અનુભવ કરાવ્યો હતો તે વાત કહી. ગોપાળાનંદસ્વામીને ખૂબ પ્રાર્થના કરી. તેથી સ્વામી તેમના ઉપર રાજી થયા. આ રીતે પ્યારા પુત્રને સદ્ગુરુને સોંપી ભાઈજીભાઈ પોતાને ઘેર ગયા. થોડા સમય બાદ ગોપાળાનંદસ્વામીએ સુપાત્ર એવા દ્વારકાદાસને સાધુદીક્ષા અપાવી અને **'શ્યામચરણદાસસ્વામી'** નામ રાખ્યું. તે પણ મહિમાના અંગવાળા નિષ્કામ ભક્તિ અને અતિશય શ્રદ્ધાવાન સંત હતા. આ ગ્રંથના લેખક વાસુદેવચરણસ્વામીની અંતિમ અવસ્થામાં તેમણે ખૂબ જ સેવા કરેલી.

✹ સ્વામીશ્રીનો અક્ષરવાસ તથા ઉપસંહાર :

આ **'હરિચરિત્રચિંતામણિ'** ગ્રંથ વાંચતા વિચારતા તેનું લેખનકાળ લગભગ સં. ૧૯૨૮ થી ૩૦ નું હોય એવું લાગે છે. અને સ્વામીએ ગોમતીમાં સ્નાન કરતા જોયેલા અયોધ્યાપ્રસાદજી મહારાજની ત્રીજી પેઢીએ આવતા મથુરાપ્રસાદ, ગોવિંદપ્રસાદ, ગોકુળપ્રસાદ, હરિકૃષ્ણપ્રસાદ, બળદેવપ્રસાદ, ભગવાનપ્રસાદ, બાલમુકુંદ વગેરે ધર્મકુળના સભ્યોનાં નામ લખ્યાં છે. તે જોતા એવું લાગે છે કે, સ્વામી લગભગ ૧૯૩૮ થી ૧૯૪૦ સુધી તો પૃથ્વી પર હશે. તેઓની યાદશક્તિ કેટલી સતેજ હતી અને તે સંપ્રદાયમાં કેટલા સંતો-ભક્તોને ઓળખતા તેનો તો આ ગ્રંથ જ દસ્તાવેજી પુરાવારૂપ છે. કેમ જે, શ્રીહરિ ધામમાં ગયા બાદ આશરે ૪૦ ઉપરાંત વર્ષો ગયાં પછી સ્વામીશ્રીએ આ ગ્રંથ લખ્યો છે, છતાં સહુથી વધારે સંતો-ભક્તોની વિગત સહિતનાં નામ તેમણે લખ્યાં છે.

પરંતુ ઈશ્વરની ગતિ અકળ છે. સહુનાં નાડીપ્રાણ તેમના હાથમાં છે. શ્રીહરિ જ સહુના નચાવનહાર છે. મોટા સંતો દ્વારા એવું સાંભળવા મળે છે કે, સતેજ યાદશક્તિવાળા આ ગ્રંથના લેખક પૂ.વાસુદેવચરણદાસજીસ્વામીની યાદશક્તિ અંતિમ અવસ્થામાં સંપૂર્ણ

ચાલી ગઈ હતી, તેથી તેઓ કોઈને ઓળખી પણ શકતા નહીં. પરંતુ જે કોઈ આવે તે સહુને હાથ જોડતા, મૌન રહેતા. આ રીતે શૂન્યપણે કહેતાં, ઉપશમસ્થિતિમાં રહ્યા થકા તેઓ વડતાલધામથી જ અક્ષરવાસી થયા હતા.

સાધુ ગુણે સંપન્ન, સેવામૂર્તિ, દાસત્વમૂર્તિ અને મૂર્તિધારી આ મહાપુરુષ વડતાલધામમાંથી કયા વર્ષે ધામમાં ગયા ? એ સંશોધનનો વિષય છે. તેઓશ્રી ધામમાં સદા શ્રીહરિની સેવામાં પહોંચ્યા પરંતુ તેમનો આ સદ્‌ગ્રંથ અનંત આત્માઓ માટે અવનિ ઉપર સદા અમર રહેશે, પ્રગટ રહેશે. આ રૂપે વાસુદેવચરણસ્વામી પ્રગટ રહી સહુને સત્સંગનું પોષણ કરી કલ્યાણનું ભાથું બંધાવતા રહેશે. અનેક મુમુક્ષુઓને પ્રભુ પ્રસન્નતાની અને પ્રભુ પ્રાપ્તિની પ્રેરણાના પિયુષ પાતા રહેશે. એવા કરુણામૂર્તિ આ ગ્રંથના લેખક સદ્.શ્રીવાસુદેવચરણદાસજીસ્વામીના શ્રીચરણોમાં કોટીકોટી વંદન...

લિ. સાધુ બ્રહ્મપ્રકાશદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ના
ભાવથી જય સ્વામિનારાયણ

INDEX

અનુક્રમણિકા

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦
૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦
૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬	૫૭	૫૮	૫૯	૬૦
૬૧	૬૨	૬૩	૬૪	૬૫	૬૬	૬૭	૬૮	૬૯	૭૦
૭૧	૭૨	૭૩	૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦
૮૧	૮૨	૮૩	૮૪	૮૫	૮૬	૮૭	૮૮	૮૯	૯૦
૯૧	૯૨	૯૩	૯૪	૯૫	૯૬	૯૭	૯૮	૯૯	૧૦૦
૧૦૧	૧૦૨	૧૦૩	૧૦૪	૧૦૫	૧૦૬	૧૦૭	૧૦૮	૧૦૯	૧૧૦
૧૧૧	૧૧૨	૧૧૩	૧૧૪	૧૧૫					



અનુક્રમણિકા

કિરણ	વિષય	પેજ નં.
૧	મંગલાચરણ	૧
૨	મૂર્તિવર્ણન તથા ધ્યાન	૪
૩	મૂર્તિનાં ચિહ્નોનું વર્ણન	૬
૪	મૂર્તિના તિલનું વર્ણન	૯
૫	શ્રીહરિનાં વસ્ત્રનું વર્ણન	૧૧
૬	શ્રીહરિનાં અંગરખાંનું વર્ણન	૧૩
૭	શ્રીહરિને માથે બાંધવાનાં મોળિયાંનું વર્ણન	૧૫
૮	શ્રીહરિના રેંટાનું વર્ણન	૧૮
૯	શ્રીહરિનાં ઘરેણાંનું વર્ણન	૨૦
૧૦	શ્રીહરિએ ફૂલહાર પહેર્યા તેનું વર્ણન	૨૩
૧૧	શ્રીહરિએ વિવિધ કંઠીઓ પહેરી તેનું વર્ણન	૨૫
૧૨	શ્રીહરિએ ઓઢેલાં વસ્ત્રોનું વર્ણન	૨૮
૧૩	શ્રીહરિ જે જે ઘોડા પર બેઠા તેનાં નામ	૩૦
૧૪	સુરતનાં માનકુંવરબાઈએ ઘરેણાં પહેરાવ્યાં તથા શ્રીહરિએ જન્માષ્ટમીઓ કરી તેનું વર્ણન	૩૩
૧૫	શ્રીહરિએ ઉન્મત્તગંગામાં સ્નાનલીલા કરી	૩૬
૧૬	શ્રીહરિની ભોજનલીલા	૩૯
૧૭	શ્રીહરિએ જળઝીલણી એકાદશીનો ઉત્સવ કર્યો	૪૧
૧૮	શ્રીહરિએ ગઢપુરમાં વિજયાદશમીનો સમૈયો કર્યો	૪૪
૧૯	વડોદરાના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી	૪૬
૨૦	સુરત આદિ તથા કાનમદેશના હરિભક્તોએ પૂજા કરી	૫૦

૨૧	વડતાલના હરિભક્તોએ પૂજા કરી	૫૫
૨૨	અમદાવાદમાં હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી	૫૯
૨૩	શ્રીહરિએ ગઢપુરમાં ધનતેરસ તથા કાળીચૌદસનો સમૈયો કર્યો	૬૩
૨૪	સુવાસિનીબાઈ તથા વસુમતીબાઈએ શ્રીહરિને જમાડ્યા	૬૬
૨૫	શ્રીહરિએ ગઢપુરમાં દિવાળીનો સમૈયો કર્યો	૬૯
૨૬	ગઢપુરમાં અન્નકૂટ ઉત્સવ કર્યો	૭૨
૨૭	ગઢપુરમાં પ્રબોધિની તથા પૂનમનો સમૈયો કર્યો	૭૫
૨૮	પોતાના ભક્તોને રાજીપા સ્વરૂપે વસ્ત્ર-ઘરેણાં આપ્યાં	૭૮
૨૯	સાધુ, પાળા તથા હરિભક્તોને પ્રસાદ દીધો	૮૧
૩૦	લોયામાં વસંતપંચમી કરી, છપૈયાથી ભાઈ આવ્યા તથા ગઢપુરમાં સીતારામને ગાદી આપી	૮૬
૩૧	શ્રીહરિએ સુંદરીયાણામાં વસંતપંચમી કરી	૯૦
૩૨	ગઢપુરમાં ફૂલદોલોત્સવ કર્યો	૯૨
૩૩	શ્રીહરિ લીંબતરુથી નીચે ઊતર્યા તથા ઉન્મત્તગંગામાં નવ આરે નાહ્યા	૯૬
૩૪	ઉન્મત્તગંગાની તથા સંતો સહિત શ્રીજીસ્નાનની શોભા	૯૯
૩૫	ઉન્મત્તગંગાનું માહાત્મ્ય	૧૦૨
૩૬	જ્યાં જ્યાં ફૂલદોલ ઉત્સવ કર્યા તેનું વર્ણન	૧૦૪
૩૭	ગઢપુર આદિ ગામોના ફૂલદોલોત્સવનું વર્ણન	૧૦૮
૩૮	વડતાલ આદિ ગામોમાં રંગે રમ્યા તેનું વર્ણન	૧૧૨
૩૯	વડતાલમાં રંગે રમ્યા તથા જુનાગઢમાં દેવો પધરાવ્યા	૧૧૫
૪૦	શ્રીહરિ વડતાલમાં રંગે રમ્યા તથા ગોમતીમાં સ્નાન કર્યું	૧૧૯
૪૧	શ્રીહરિ ધોલેરા ગયા, રાજકોટમાં સાહેબને મળ્યા તથા રામશરણ અને નારાયણપ્રસાદને જનોઈ આપી	૧૨૨

૪૨	અમદાવાદ અને વડતાલનો મહિમા તથા મૂર્તિઓની શોભાનું વર્ણન	૧૨૫
૪૩	ગોમતીજીનો મહિમા કહ્યો	૧૨૮
૪૪	શ્રીહરિ જે જે ગામમાં હિંડોળે ઝૂલ્યા તેનું વર્ણન	૧૩૨
૪૫	શ્રીહરિએ બંને આચાર્યને ગાદીએ બેસાડ્યા	૧૩૫
૪૬	વડતાલમાં લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા અને વડતાલ દેશના ભક્તોએ પૂજા કરી	૧૩૮
૪૭	અમદાવાદ દેશના હરિભક્તોએ પૂજા કરી	૧૪૨
૪૮	શ્રીહરિએ જ્યાં જ્યાં પ્રબોધિની એકાદશી કરી તેનું વર્ણન	૧૪૫
૪૯	શ્રીહરિએ એકાદશી તથા રામનવમીના ઉત્સવ કર્યા તેનું વર્ણન	૧૪૮
૫૦	શ્રીહરિએ સીતારામને જનોઈ દીધી	૧૫૧
૫૧	શ્રીહરિ રામનવમીનો સમૈયો કરવા વડતાલ પધાર્યા.	૧૫૪
૫૨	શ્રીહરિ રામનવમીનો સમૈયો કરવા વડતાલ પધાર્યા.	૧૫૭
૫૩	શ્રીહરિએ ગઢપુરમાં છેલ્લો રામનવમીનો સમૈયો કર્યો.	૧૬૦
૫૪	શ્રીહરિએ ગઢપુર આદિ ગામોમાં સંતોને ખૂબ જમાડ્યા	૧૬૩
૫૫	શ્રીહરિએ સંતોને ખૂબ જમાડ્યા	૧૬૬
૫૬	શ્રીહરિ જે જે ગામમાં સંતો, બ્રહ્મચારી, અયોધ્યાવાસી, પાર્ષદોને ભેટ્યા તેનું વર્ણન	૧૬૯
૫૭	શ્રીહરિના મહિમાનું કીર્તન	૧૭૨
૫૮	શ્રીહરિએ વડતાલમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો	૧૭૪
૫૯	જન્માષ્ટમી ઉત્સવ તથા હિંડોળે ઝૂલતા મહારાજની શોભાનું વર્ણન	૧૭૯
૬૦	કાનમ, ભરૂચ તથા વાંકળના ભક્તોએ શ્રીહરિની પૂજા કરી	૧૮૪

૬૧	શ્રીહરિએ અમદાવાદમાં નરનારાયણ દેવ પધરાવ્યા	૧૮૮
૬૨	શ્રીહરિ અમદાવાદમાં ફૂલદોલનો ઉત્સવ કરી ગઢપુર પધાર્યા	૧૯૨
૬૩	શ્રીહરિએ અમદાવાદમાં ફૂલદોલનો ઉત્સવ કર્યો	૧૯૬
૬૪	શ્રીહરિ વડતાલમાં રામનવમીનો સમૈયો કરી ગઢપુર પધાર્યા	૨૦૦
૬૫	મોટા મોટા સાહેબોએ શ્રીહરિનું સન્માન કર્યુ	૨૦૪
૬૬	શ્રીહરિનાં વચનમાં રહેવાનો મહિમા તથા પ્રતાપ	૨૦૯
૬૭	શ્રીહરિએ દીપોત્સવ તથા અન્નકૂટ ઉત્સવ કર્યા તેનું વર્ણન	૨૧૩
૬૮	શ્રીહરિએ બુધેજમાં અન્નકૂટ ઉત્સવ કર્યો તથા દેશદેશના હરિભક્તોએ પૂજા કરી	૨૧૭
૬૯	શ્રીહરિએ સારંગપુરમાં હુતાસણી કરી તથા ઝીંઝાવદર, ગઢડા અને વડતાલમાં અન્નકુટ ઉત્સવ કર્યો	૨૨૨
૭૦	શ્રીહરિએ વડતાલમાં અન્નકૂટ ઉત્સવ કર્યો	૨૨૭
૭૧	શ્રીહરિ જેતલપુર અન્નકૂટ ઉત્સવ કરી વડતાલ થઈ ગઢપુર પધાર્યા	૨૩૧
૭૨	શ્રીહરિ આદરજમાં અન્નકૂટ ઉત્સવ કરી, સત્સંગ વિચરણ કરી ગઢપુર પધાર્યા	૨૩૫
૭૩	શ્રીહરિએ ગઢપુર, કારીયાણીમાં અન્નકૂટ ઉત્સવ કર્યો	૨૩૮
૭૪	શ્રીહરિએ ગઢપુરમાં અન્નકૂટ ઉત્સવ કર્યો તથા વડતાલ અને સુરત જઈ પાછા ગઢપુર પધાર્યા	૨૪૨
૭૫	શ્રીહરિએ વડતાલમાં અન્નકૂટ ઉત્સવ કર્યો	૨૪૭
૭૬	શ્રીહરિ વડતાલમાં દીપોત્સવ કરી ગઢપુર પધાર્યા	૨૫૧
૭૭	શ્રીહરિ કરમડમાં અન્નકૂટ ઉત્સવ કરી શ્રીનગર પધાર્યા	૨૫૫

૭૮	શ્રીહરિ ડભાણ, વડતાલ થઈ ગઢપુર પધાર્યા	૨૬૦
૭૯	શ્રીહરિ ગઢપુરથી અમદાવાદ થઈ અસલાલી પધાર્યા	૨૬૪
૮૦	શ્રીહરિ વડતાલમાં દિવાળીનો ઉત્સવ કરી ગઢપુર પધાર્યા	૨૬૯
૮૧	શ્રીહરિએ ગઢપુરમાં અન્નકૂટ ઉત્સવ કર્યો	૨૭૩
૮૨	શ્રીહરિએ વડતાલમાં મુગટ ધારણ કર્યો તથા બાર બારણાનાં હિંડોળે ઝૂલ્યા	૨૭૮
૮૩	ગઢપુરમાં સંતોએ જારની ખાણ ઉપર શ્રીહરિની પૂજા કરી	૨૮૩
૮૪	જે જે શ્રીહરિના સંબંધને પામ્યા તે સર્વેને ધન્ય છે	૨૮૮
૮૫	શ્રીહરિનું સત્સંગ વિચરણ	૨૯૩
૮૬	સારંગપુર, અમદાવાદ, ઉમરેઠાદિક ગામોમાં વિચરણ	૨૯૮
૮૭	શ્રીહરિનું સત્સંગ વિચરણ	૩૦૩
૮૮	શ્રીહરિની લીલા સંભારવાની રીત	૩૦૭
૮૯	શ્રીહરિનું ઐશ્વર્ય તથા સામર્થ્ય	૩૧૧
૯૦	શ્રીહરિની લીલા સંક્ષેપમાં કહી છે	૩૧૬
૯૧	ગુણે સહિત નંદસંતોની નામાવલિ	૩૧૯
૯૨	ગુણે સહિત નંદસંતોની નામાવલિ	૩૨૪
૯૩	નંદસંતોની નામાવલી	૩૨૮
૯૪	નંદસંતો, દાસસંતો, સંન્યાસી તથા બ્રહ્મચારીની નામાવલિ	૩૩૩
૯૫	ગુણો તથા વિશેષતાએ સહિત દાસસંતોની નામાવલિ	૩૩૮
૯૬	ગુણો તથા વિશેષતાએ સહિત દાસસંતોની નામાવલિ	૩૪૩
૯૭	ગુણો તથા વિશેષતાએ સહિત દાસસંતોની નામાવલિ	૩૪૮
૯૮	ગુણો તથા વિશેષતાએ સહિત દાસસંતોની નામાવલિ	૩૫૨
૯૯	ગુણો તથા વિશેષતાએ સહિત દાસસંતોની નામાવલિ	૩૫૭
૧૦૦	ગુણો તથા વિશેષતાએ સહિત બ્રહ્મચારીની નામાવલિ	૩૬૩
૧૦૧	ગુણો તથા વિશેષતાએ સહિત પાર્ષદોની નામાવલિ	૩૬૯

૧૦૨	ગુણો તથા વિશેષતાએ સહિત પાર્ષદોની નામાવલિ	૩૭૪
૧૦૩	સંતનાં લક્ષણ તથા મહારાજને ઘોડા, બળદ, ભેંશ, વાહન-વસ્તુ આદિક અર્પણ કર્યા તેનું વર્ણન	૩૭૯
૧૦૪	શ્રીહરિ જે જે ગામમાં હિંડોળે બેઠા તેનું વર્ણન	૩૮૬
૧૦૫	ડભાણ યજ્ઞમાં શ્રીહરિ માટે ઘરેણાં લાવ્યાં તે ભક્તોનાં નામ	૩૯૧
૧૦૬	અથ ધ્યાનમાળા લિખ્યતે	૩૯૮
૧૦૭	ગઢડા, નરસંડા તથા વડતાલની લીલા	૪૦૮
૧૦૮	કચ્છ, સોરઠ, જુનાગઢની લીલા તથા સદાવ્રતની વાત	૪૧૬
૧૦૯	મહારાજનું જન્માદિ વૃત્તાંત તથા સત્સંગ વિચરણ	૪૨૧
૧૧૦	શ્રીહરિની વિવિધ લીલાનું વર્ણન	૪૩૧
૧૧૧	શ્રીહરિ જ્યાં જ્યાં નાહ્યા-જમ્યા તેનું વર્ણન	૪૩૩
૧૧૨	ગઢપુર તથા વડતાલની લીલા તથા કાશીદાસની વાત	૪૪૧
૧૧૩	ગઢપુર તથા વડતાલની લીલા	૪૪૬
૧૧૪	ગઢપુરની લીલા	૪૫૩
૧૧૫	મૂર્તિવર્ણન	૪૫૯

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

॥ શ્રીસહજાનંદાય નમો નમઃ ॥

સદ્‌ગુરુ શ્રીવાસુદેવચરણદાસજીસ્વામીકૃત

હરિચરિત્રચિંતામણિ

॥ અથ હરિચરિત્રચિંતામણિ લિખ્યતે ॥

કિરણ : ૧

મંગલાચરણ

પૂર્વછાયો :

ભક્તિ ધર્મસુત શ્રીહરિ, સહજાનંદ સુખરૂપ;
વિનય સહિત વંદન કરું, પાવન પરમ અનુપ...૦૧

કલિ મધ્યે કરુણા કરી, મંગલરૂપ મહારાજ;
અનેક જીવ ઉદ્ધારવા, કરવા નિજજન કાજ...૦૨

શ્રીહરિનો પ્રતાપ અતિ, ગાતાં શેષ લજાય;
બીજા કવિ કોણ માત્રમાં, શ્રીહરિને લાગું પાય...૦૩

અલ્પ બુદ્ધિ અલ્પજ્ઞતા, કે'વા મોદ[1] હરિચરિત;
હરિચિંતામણિ બળ કરી, ઉચરત હું મેં ઉચિત...૦૪

આકાશ તોલે કોણ પાર, ગરુડ માખીને અપાર છે;
કવિ કહે વારમવાર, જેટલી બુદ્ધિ ઉચ્ચાર છે...૦૫

૧.હર્ષ; આનંદ

સહુથી પાર હરિ જેહ, મળ્યા તે પ્રતાપ કરી;
ચરિત્ર લિખત હું તેહનાં, વારમવાર ચિંતવન કરી...૦૬

શ્રીપુરુષોત્તમ પરથી પર, જેથી પર નહિ કોઈ;
અક્ષરપતિ આનંદઘન, છપૈયે પ્રગટ્યા સોઈ...૦૭

પછી વિચર્યા અવધપુરી, ચરિત્ર કરે અનેક;
પછી વિચર્યા વનમાં, વર્ણિ ધરી વેષ એક...૦૮

ધામ તીર્થ સહુ કરીને, કરવા જન ઉદ્ધાર;
ધર્મ સ્થાપન કરતાં, પધાર્યા લોજ મોઝાર...૦૯

પ્રથમ મળ્યા મુક્તમુનિને, નિજ ઐશ્વર્ય અનંત;
કરુણા કરી દેખાડિયું, જાણીને નિર્મળ સંત...૧૦

ઉદ્ધવનો અવતાર છે, રામાનંદ સ્વામી તેહ;
પીપલાણા શુભ ગામમાં, તેમને મળ્યા આવી એહ...૧૧

રામાનંદ સ્વામીએ જાણિયા, કારણ સર્વ અવતાર;
પછી બેસાર્યા ગાદીએ, જોઈ સામર્થ્ય અપાર...૧૨

સૂર્ય આગળ ચંદ્રમા, કહો કોણ લેખામાંહી;
રામાનંદ સ્વામી વિચારીને, બદ્રિવન ગયા તાંહી...૧૩

સોરઠ દેશમાં સામટી, કરી લીલા અપરંપાર;
પછી આવ્યા ગઢડે, જગજીવન જગઆધાર...૧૪

ધન્ય ધન્ય ગામ ગઢડું, જેની શોભા કહી નવ જાય;
શારદ નારદ શેષ શુકમુનિ, વેદ વ્યાસજી ગાય...૧૫

મંગલમૂર્તિ મહાપ્રભુ, શ્રીસહજાનંદ શ્યામ;
સુખસાગર સંતાપહર, રટું નિરંતર નામ...૧૬

શ્રીનીલકંઠ ઘનશ્યામજી, શ્રીસહજાનંદ મહારાજ;
શ્રીનારાયણ સુખનિધિ, આવ્યા કૃપા કરી આજ...૧૭

ચોપાઈ :

શ્રીસહજાનંદ દુઃખહારી, સુંદર મૂર્તિ મંગલકારી;
નખશિખા સુધી સંભારું, અંગ એક એક ઉર ધારું...૧૮

જુગલ ચરણકમળ સુખધામ, એ છે સર્વ તીરથનું ઠામ;
તળાં[1] સુંદર તે સુખકંદ, નીરખી થાય અતિ આનંદ...૧૯

ઊર્ધ્વરેખા બેઉ અતિ શોભે, જોઈ મુનિવરનું મન લોભે;
અંગૂઠા આંગળી વચ્ચે વળી, પાનીને બેય કોર નીકળી...૨૦

અંગૂઠા વળી રૂડી આંગળિયું, શોભે નખમણિ ચંદ્ર મંડળિયું;
અંગૂઠા આંગળિયું હેઠે કૈયે, રૂડાં ચક્ર તેને જોઈ રૈયે...૨૧

ફણા[2] જોતાં વાધે ઘણું વા'લ, તળાં શોભે સુંદર બે લાલ;
ઘૂંટિયું સુંદર બેઉ ગોળ, પાનિયું રૂડિયું રંગચોળ...૨૨

પીંડી ગૌર તે પલ્લવ[3] જેવી, નીરખી અંતર ધારી લેવી;
નળિયું[4] બેઉ જોઈ નિહાળી, ભવવેદના નાંખી ટાળી...૨૩

જાનું જુગલ જોઈ મન લોભે, સુંદર દર્પણ સરખા શોભે;
બેઉ સાથળ રૂડી રૂપાળી, રંભાસ્થંભ[5] સમ સુંવાળી...૨૪

કટિ[6] શોભે સુંદરશ્યામ, જોઈ લાજે કોટિક કામ;
કૂખ[7] જોઈ કરી બહુ પ્યાર, સુંદર શોભે જગઆધાર...૨૫

ઊંડી નાભી તે ગોળ ગંભીર, તેને સંભારે ભક્ત સુધીર;
નાભી કંજ[8] સરીખી કઇયે, તેને સંભારીને સુખ લઇયે...૨૬

પેટ નરમ પોયણ કેરું પાનું[9], માંય ત્રિવળી ધામ શોભાનું;
ઉદર અતિ અનુપમ જોયું, જોઈ દુઃખ દાળિદ્ર ખોયું...૨૭

૧.પગના તળિયા ૨.પગની આંગળીઓથી ઘૂંટી સુધીનો ભાગ ૩.વૃક્ષની નવી કૂંપળ કે નવા પાંદડાં ૪.ઘૂંટીથી ઢીંચણ સુધીના પગનો ઉપરનો હાડકાવાળો ભાગ ૫.કેળના સ્તંભ ૬.કમર ૭.પેટના બંને પડખાં ૮.કમળ ૯.પાંદડું

હરિ હસે રમોજ કરી હાલે, પેટ મૂઠી ભરીને ઝાલે;
ફેરવે નળ[1] ને સાધે જોગ, સર્વ જનના ટાળવા રોગ...૨૮

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'કવિએ મંગલાચરણ કર્યું' એ નામે પ્રથમ કિરણ ॥૦૧॥

કિરણ : ૨

મૂર્તિવર્ણન તથા ધ્યાન

પૂર્વછાયો :

શોભા સુંદર શ્યામની, નયણે નિહાળી મેં વળી;
જે જન તેને સંભારશે, તેના દુઃખ જાશે સર્વે ટળી...૦૧
એવી મૂર્તિ અનુપ છે, જેનો મહિમા અપરમપાર;
એવું જાણી આનંદ આણી, ગાયે તે વારમવાર...૦૨

ચોપાઈ :

સુંદર વક્ષઃસ્થળ સંભારું, એ છે પરમ સુખ દેનારું;
રૂડું હૃદે રૂપાળું શોભે, જોઈ ભક્તતણા મન લોભે...૦૩
સ્તન બેઉ અતિ અનુપ, સુંદર નીલમણિ સમ રૂપ;
છાતી જોઈ અતિ ઉપડતી, તે તો મુને નથી વીસરતી...૦૪
મળ્યા વા'લોજી વારમવાર, આપ્યું સુખ અતિ ઉદાર;
કોટ શોભે છે સુંદર ઘણી, તેમાં ઝળકે છે કૌસ્તુભમણી...૦૫
જોયા હસ્તકમળ ઉદાર, એ તો અભે[2] વરના દેનાર;
લાંબા જાનુ તે પરજંત[3], તેનું ધ્યાન કરે સહુ સંત...૦૬

૧.રેક્ટાઈ સ્નાયુ; નાભીની બંને બાજુના ઊભા ભાગ ૨.અભય; મોક્ષ ૩.સુધી

જમણા કરની આંગળી જોઈ, એક એક રાખી મન પ્રોઈ;
તસુ ટેરવાં નીરખી પ્રીતે, રૂડા કરભ[૧] જોયા રસ રીતે...૦૭
ડાબા કરની આંગળિયું દેખી, ધન્ય ધન્ય કમાઈ લેખી;
નખમણિ સમ રૂપાળા, ઉપડતા તીખા ને તેજાળા...૦૮
બે હથેળિયું બહુ લાલ, તેને જોઈ વાધે ઘણું વા'લ;
તેમાં રેખા તે શ્યામ રૂપાળી, નયણે નીરખી મેં જોઈ નિહાળી...૦૯
કાંડા કઠણ તે બલવંત, તેને સંભારે નિશદિન સંત;
પોંચા દાબ્યા કરી બહુ પ્રીતે, થઈ જગમાં અલૌકિક જીતે...૧૦
જોઈ કુંણિયું સુંદર શામ, શોભે લાંક[૨] રૂડા સુખધામ;
ખભા ખૂબ જોયા મેં ખાંતે, નીરખ્યા બેસીને તે એકાંતે...૧૧
રૂડું મુખ કમળ સમ ગોર, નીરખે સંત જેમ ચંદ ચકોર;
ચિબુક[૩] ચિંતવવા ચિત્ત ચા'ય, જેને મોટા મુનિવર ગાય...૧૨
અધરબિંબ પરવાળાં[૪] જેવા, તેને જોવા મોટું સુખ લેવા;
દંત શોભે દાડમની કળી, રેખા રૂડી ઝળકે તેમાં વળી...૧૩
ગૌર કપોળ[૫] કઈએ કેવા, નીરખી અંતર ધારવા જેવા;
નાસિકા તે નમણી નિહાળી, તિલ ફૂલ જેવી રૂપાળી...૧૪
નેત્ર કંકોળેલ[૬] અણિયાળાં, લાલ રેખાયે શોભે રૂપાળાં;
જોઈ લમણા[૭] તે બેઉ લાલ, તેને નીરખી થઈએ નિહાલ...૧૫
વાંકી ભ્રકુટી મરોડદાર, તે પર ભમર્યું બે ઉદાર;
લલાટ વચ્ચે તે વિશેખ[૮], તિલક આકારે શોભે બે રેખ...૧૬
આડી ત્રણ રેખા રૂપાળી, તે જોઈને વાસના ટાળી;
કરણ ગોળ બેઉ સુખકારી, તેને લેવા અંતરમાં ધારી...૧૭

૧.કાંડાથી છેલ્લી આંગળીના મૂળ સુધીનો હથેળીનો બહારનો ભાગ ૨.જ્યાંથી હાથ વળે તે કોણીની અંદરનો ખાડાવાળો ભાગ ૩.દાઢીથી હોઠ વચ્ચેનો ભાગ ૪.ચળકતા લાલ રંગના મણિ ૫.ગાલ ૬.સુંદર ૭.ગાલની ઉપરના કપાળના બંને પડખાં ૮.વિશેષ

તેમાં ઝળકે મકરાકૃત[1] મોતિ, જાણે કોટી રવિ શશી જ્યોતિ;
ગુચ્છ સોના રૂપાના કઈએ, ફૂલના પણ ધારી લઈએ...૧૮
ભાલ વિશાળ ચંદનખોર, શોભે ચાંદલિયો ચિત્તચોર;
ચોખા ચોટ્યા છે સુંદર ભાલે, શોભે ટિબકડી એક ગાલે...૧૯
ઝળકે મસ્તક તે મરમાળું, અતિ તેજે શોભે રૂપાળું;
સુંદર શિખા તે શ્યામ જોઈ, શ્યામ શ્વેત રાખી ચિત્ત પ્રોઈ...૨૦
શ્વેત શોભે રજત[2] સમાન, એવી શિખા જોવી નિદાન;
કક્ષ[3] તે બેઉ શોભે કેવી, નીરખી અંતર ધરી લેવી...૨૧
વાંસો લાંસો[4] તે સુંદર શોભે, જોઈ પડખાં બેઉ મન લોભે;
એવી નખશિખા મૂરતિ સંભારી, કરવું ધ્યાન અંતરમાં ધારી...૨૨

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'મૂર્તિવર્ણન તથા ધ્યાન કર્યું' એ નામે બીજો કિરણ ॥૦૨॥

કિરણ : ૩

મૂર્તિનાં ચિહ્નોનું વર્ણન

પૂર્વછાયો :

સુંદર ચિહ્ન સોયામણાં, તેને સંભારું કરી પ્યાર;
એક એક ધારી અંતરે, લખું તેને કરી વિચાર...૦૧
સુંદર સોળે ચિહ્ન ચરણમાં, તેને સંભારવાં દિન રાત;
જમણા ચરણમાં નવ છે, વળી ડાબા ચરણમાં સાત...૦૨
બીજા ચિહ્ન વળી અંગમાં, તે શોભે છે સુખધામ;
નખથી શિખા સુધી જોયાં, લઉં તેનાં હવે નામ...૦૩

૧.માછલી આકારના ૨.ચાંદી ૩.બગલ ૪.સુંવાળો; કોમળ

ચોપાઈ :

પ્રથમ જમણા ચરણનાં ચિહ્ન, તેને સંભારવાં ભિન્ન ભિન્ન;
સ્વસ્તિક તે સુંદર શોભે, જોઈ મુનિવરનાં મન લોભે...૦૪

અષ્ટકોણ અતિ સુખ આપે, ભવબંધન ભક્તનાં કાપે;
કમળ શોભા કહી નવ જાય, તેને સંભારતાં સુખ થાય...૦૫

અંકુશ ચિંતવી થાયે આનંદ, મુખ રટવા સહજાનંદ;
ધ્વજ ચિંતવો ધીરજ રાખી, લેવો ચરણકમળ રસ ચાખી...૦૬

વજ્ર ચિંતવિયે વારમવાર, ધારી અંતરે જગ આધાર;
જંબુ ફળ છે જોયા જેવું, નીરખી અંતર ઉતારી લેવું...૦૭

ઝાઝું હેત કરી જુઓ જવ, ઊર્ધ્વરેખા સોતાં ચિહ્ન નવ;
ડાબા ચરણનાં ચિહ્ન કઈયે, તેને સંભારીને સુખ લઈયે...૦૮

જોયું મીનનું ચિહ્ન સંભારી, રાખી મૂર્તિ અંતરમાં ધારી;
ત્રિકોણ ત્રણે ગુણને ટાળે, પાપ બહુ જન્મનાં બાળે...૦૯

ગોપદ ચિંતવિયે વળી ચિત્ત, પ્રભુ સંભારવા કરી પ્રીત;
વ્યોમ ચિંતવિયે વારંવાર, ધારી અંતરે હરિ ઉદાર...૧૦

અર્ધચંદ્ર અતિ અમળ[૧], ટાળે મનના સર્વે મળ[૨];
કળશ સંભારે કરી પ્રીતિ, તે તો સે'જે રહ્યો જગ જીતી...૧૧

ધનુષ્ય ધારવું દિન રાત, ડાબે ચરણે એ ચિહ્ન સાત;
ડાબા ચરણની ડાબી કોર, ચિહ્ન બે શોભે ચિત્તચોર...૧૨

ડાબે પગે લાંકથી[૩] ડાબી કોર, ચિહ્ન બે શોભે ચિત્તચોર;
જમણે ચરણે અંગૂઠે નખમાંઈ, ચિહ્ન રાતું રેખાનું ત્યાંઈ...૧૩

અંગૂઠા બે આંગળી આઠ એવી, જોઈ મનમાં ધારી લેવી;
તેની ઉપર તે સુજશ[૪], ચિહ્ન રૂડાં રોમનાં છે દશ...૧૪

૧.શુદ્ધ ૨.દોષ; રાગ ૩.પગના તળિયાંની વચ્ચેના ખાડાવાળા ભાગથી ૪.પ્રસિદ્ધ

પાસે આંગળિયું અંગૂઠા ઉપર, ચિહ્ન બે ચાખડીનાં સુંદર;
બે પગની ઘૂંટિયું સારી, તેને અંતરમાં લેવી ધારી...૧૫
તેની હેઠે તે બે બે ચિહ્ન, આસનના ઘસારાનાં નવીન;
ડાબા ગોઠણની ડાબી કોરે, ચિહ્ન એક સુંદર ચિત્ત ચોરે...૧૬
જમણી સાથળથી તે બારું, ચિહ્ન એક અનુપમ સારું;
કટિ શામનાં ચિહ્ન બે સારાં, તેને સંભારવાં ન્યારાં ન્યારાં...૧૭
શ્રીવત્સ ચિહ્ન રૂડું હૃદે ત્યાંઈ, તેને ભક્ત ચિંતવે ચિત્તમાંઈ;
સ્તનથી ઉપર બે છાપનાં ચિહ્ન, તે તો શોભે સુંદર નવીન...૧૮
અર્ધચંદ્ર આકારે ચિહ્ન એક, છાતી વચ્ચે તે શોભે વિશેક[૧];
પોંચાથી ઊંચાં આઠ તસુ[૨] કઈયે, બે છાપનાં ચિહ્ન ધારી લઈયે...૧૯
ખભાથી ત્રણ તસુ હેઠાં, ચિહ્ન બે છાપનાં તે મેં દીઠાં;
મુખમાં જમણી કોરની જે ડાઢ્ય, તેમાં ચિહ્ન જોવું રાખી ચાડ્ય...૨૦
નાસિકા ઉપર સુંદર શોભે, શીળીનાં ચિહ્ન જોઈ મન લોભે;
કાન વિંધ્યાનાં ચિહ્ન ધારી લેઉ, તે તો શોભે છે સુંદર બેઉ...૨૧
ભાલમાં જમણી કોર માંઈ, ચિહ્ન સુંદર શોભે ત્યાંઈ;
ધ્યાન કરવું મૂરતિ ધારી, ચોપન ચિહ્ન ચિંતવો સુખકારી...૨૨

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'મૂર્તિનાં ચિહ્નનું વર્ણન કર્યું' એ નામે ત્રીજો કિરણ ॥૦૩॥

૧.વિશેષપણે; વધારે ૨.આશરે ઈંચ

કિરણ : ૪

મૂર્તિનાં તિલનું વર્ણન

પૂર્વછાયો :

સુંદર મૂર્તિ શ્યામની, તેની શોભાનો નૈ પાર;
તિલ ત્રાજું[1] સંભારીને લખું, જોયા તેવા નિરધાર...૦૧
એક એક તિલ ઓપે ઘણું, તેની શોભા કહી નવ જાય;
નિત્ય નિત્ય મનમાં ધારીને, તેનું ધ્યાન કરે મુનિરાય...૦૨

ચોપાઈ :

જમણા પગને અંગૂઠે બાર્ય, તિલ એક ત્યાં શોભે ઉદાર;
અંગૂઠા પાસેની જે આંગળી, તિલ ડાબે પાસે શોભે વળી...૦૩
છેલ્લી આંગળિયે નખ પાસે, તિલ એક જોયો ઉજાસે[2];
જમણી નળી ઉપર પાંચ તસુ, તિલ એક તેમાં મન વસુ...૦૪
રૂડા તે ડાબી નળી ઉપર, તિલ બે શોભે મનહર;
નાભિ કમળને બે કોર, તિલ બે બહુ શોભે ચિત્તચોર...૦૫
નાભિથી બે તસુ ઊંચા શોભે, તિલ ત્રણ જોઈ મન લોભે;
બે નળ ઉપર એક એક, એક વચ્ચે શોભે વિશેક...૦૬
તેથી ઊંચો બે તસુ અભિરામ[3], તિલ એક જુઓ આઠુ જામ[4];
જમણી કુખમાં જુઓ તિલ મોટો, તેની પાસે શોભે તિલ છોટો...૦૭
જમણી ભુજા પાસે ઉદર, માંય ચાર તિલની ઊભી હાર;
જમણે ખભે છાપથી બારે, તિલ ચાર નાના ઊભી હારે...૦૮
ડાબી કુખથી ઊંચા ચાર, તિલ મોટા શોભે એક હાર;
તેથી બાર્ય નાના તિલ ચાર, તેની શોભે ઊભી એક હાર...૦૯

૧.ત્રાજવાનું ટપકું; છૂંદણું ૨.ઉમંગથી ૩.સુંદર ૪.ચોવિસે કલાક

છાતી વચ્ચે જમણી કોર, તિલ બે શોભે ચિત્તચોર;
ડાબા સ્તનથી ઊંચો બે તસુ, તિલ એક તેમાં મન વસુ...૧૦

કંબુ[૧] કંઠમાં એક તિલ મોટો, તેથી ઊંચે એક તિલ છોટો;
ચિબુક ઉપર તિલ અવલ[૨], તેને વિસારવો નહીં પલ...૧૧

ડાબી કુણીથી હેઠો બે તસુ, તિલ એક તેમાં મન વસુ;
અંગૂઠા પાસે જે આંગળી, તિલ નખને પાસે શોભે વળી...૧૨

એ આંગળી ને વચલી આંગળીમાંઈ, તિલ એક રૂડો શોભે ત્યાંઈ;
ડાબા હાથના પોંચા ઉપર, તિલ ગોળ બે શોભે સુંદર...૧૩

જમણા હાથના પોંચામાંઈ, તિલ બે શોભે સુખદાઈ;
ટચલી આંગળીને ઉપર, મોટો તિલ જોયો મનહર...૧૪

જમણા કપોળમાં તિલ ત્રાજું, તેથી ઊંચો એક તિલ કાજુ[૩];
જમણા કાનની બુટી ઉપર, તિલ નાનો શોભે સુંદર...૧૫

ડાબા કર્ણમાં શોભે બિંદુ, તિલ મોટો ઊગ્યો જાણે ઇંદુ[૪];
તાળવા[૫] ઉપર તિલ એક મોટો, શિખા આગળ તિલ જોયો છોટો...૧૬

શિખા પાછળ જમણી કોરે, તિલ ત્રણ વસ્યા મન મોરે;
ડાબા ખભા પાછળ મોટો તિલ, તેથી હેઠો તિલમાં કેશ નીલ...૧૭

તેથી હેઠો તિલ એક બીજો, તેની હેઠે તિલ એક ત્રીજો;
ડોકથી હેઠો તિલ નાનો, તેને રાખવો દિલમાં છાનો...૧૮

જમણી ખરપડી[૬] ઉપર તિલ તેવો, તેથી હેઠો તિલ જોયા જેવો;
જમણા વાંસામાં તિલ ચાર, તેને સંભારવા કરી પ્યાર...૧૯

તિલ ત્રેસઠને જે જોસે, ખોટ અનંત જન્મની ખોસે;
વાંચે સાંભળે ને જે ગાય, તે તો સુખે બ્રહ્મમોલમાં જાય...૨૦

૧.શંખ જેવા ૨.અનુપમ; ઉત્તમ ૩.સુંદર ૪.ચંદ્ર ૫.મસ્તક ઉપરનો ભાગ ૬.વાંસામાં હાથ હલાવવાથી ઊંચો આવતો ભાગ

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'મૂર્તિનાં ત્રેસઠ તિલ કહ્યા' એ નામે ચોથો કિરણ ||૦૪||

કિરણ : ૫

શ્રીહરિનાં વસ્ત્રનું વર્ણન

પૂર્વછાયો :

શ્રીસહજાનંદ સ્વામીએ, જે પે'ર્યાં વસ્ત્ર અનુપ;
તેને સંભારી સામટાં, લખું હવે તેને સુખરૂપ...૦૧
પે'ર્યાં વસ્ત્ર બહુ પ્રીતશું, દયાળે દયા કરી;
અનેક જન ઉદ્ધારવા, એવી લાડીલે લીલા કરી...૦૨

ચોપાઈ :

હીરકોરી ધોતિયાં તે જેહ, વા'લે પે'ર્યાં દયા કરી તેહ;
લાલ છેડાની જે પછેડી[૧], પે'રી બેઠા હતા હરિ મેડી...૦૩
કાળે છેડે પછેડી પહેરી, તેને હેત કરીને શ્રીહરિ;
ગામ લાઠી બગસરે વણાવે, હરિજન લાવી હરિને પે'રાવે...૦૪
ધોળકાનો ખેસ તે નવીન, વા'લે પેર્યો તેને બહુ દિન;
અમદાવાદના ખેસ જે ધોળા, તે તો પે'ર્યા વા'લે બહુ બો'ળા...૦૫
ગૂઢો રેંટો[૨] પેર્યો કરી પ્યાર, તેનું ધ્યાન કરે નરનાર;
પીળું પીતાંબર[૩] વળી પે'રી, કરતાં પૂજા દીઠા મેં લે'રી[૪]...૦૬
લાલ પીતાંબર પે'રી ફરતાં, હરિજનના મનને હરતાં;
પે'ર્યું ધોતિયું કરવતીકોરે[૫], તે તો મુનિના મનને ચોરે...૦૭

૧.ખેસ ૨.કસબી કિનારીવાળું કિંમતી કપડું; શેલું-મોળીડું ૩.ધોતિયું ૪.આનંદસાગર શ્રીહરિ ૫.ઊંધા ત્રિકોણ જેવી કોરવાળું

પે’ર્યું વસ્ત્ર રૂડું ચિત્તચોર, તેની પૂજા હું કરું નિશભોર[૧];
સુંદર શોભતાં વસ્ત્ર પે’રી, ફર્યા વર્ણી વેશે વન લે’રી...૦૮

કિનખાપનો[૨] સુરવાળ સારો, પે’રી શોભતાં ધર્મદુલારો;
કાળા કિનખાપનો ઊભો પે’રી, નાડી હીરની ફૂમતાં સોનેરી...૦૯

મશરૂ[૩] કટારિયો રંગ ચટકે, નાડી ગૂંથેલ ફૂમતાં લટકે;
લાલ મશરૂનો તે લલિત, જોઈ નાડી વાધે બહુ પ્રીત...૧૦

ધોળો બેવડીઓ સુરવાળ, રેશમ નાડી શોભે રસાળ;
ધોળો એકવડો સુરવાળ પે’રી, ચાલે લટકાં કરતાં લે’રી...૧૧

રૂનો ભરેલો સુરવાળ શોભે, જોઈ નાડી રૂડી મન લોભે;
પીળી સાઠીનો પણ પે’રી, ચઢ્યા ઘોડે લટકાળો લે’રી...૧૨

લાલ સાઠીનો પેર્યો પ્રીતે, તે તો જોયો મેં રૂડી રીતે;
મખમલનો સુરવાળ રક્ત, તેનું ધ્યાન કરે મોટા ભક્ત...૧૩

ધોળી ગૂડકી[૪] મહારાજે ધારી, નાડી રેશમી ફૂમતાં ભારી;
મશરૂની પણ તે પહેરેલી, તે તો નજરે મેં દીઠેલી...૧૪

ધોળો તંગિયો[૫] ગોઠણ ઉપર, નાડી હીરની માંગેલી મનોહર;
ઘેરવાળી ગુડકિયું ઘણી, તેની શોભા અલૌકિક બણી...૧૫

પે’ર્યાં વસ્ત્ર વા’લે રંગ ભરિયાં, તેને નીરખી મેં અંતર ધરિયાં;
પલળેલાં વસ્ત્ર પે’ર્યાંતાં જે વા’લે, ચૂંપે[૬] ચોમાસામાં હરિ ચાલે...૧૬

નાતાં નાથને જોયા નિહાળી, ભીને વસ્ત્રે મૂર્તિ મેં ભાળી;
નાહી ઊભા થાય હરિ જ્યારે, દેતો પે’રવા ખેસ હું ત્યારે...૧૭

એવાં વસ્ત્ર પે’ર્યાં અપાર, તેને સંભારવાં વારમવાર;
એવું ધ્યાન હરિનું જે ધરશે, તેનાં કુળ ઈકોતેર તરશે...૧૮

૧.સાંજ-સવાર ૨.જરીબુટ્ટાના વણાટવાળા રેશમી કાપડનો ૩.શુદ્ધ રેશમી કે સૂતર મિશ્રિત રેશમી કાપડ ૪.ચોરણી ૫.ગોઠણ સુધીનો સુરવાળ; બરમૂડો ૬.ઉત્સાહથી

તેનું ફળ છે અક્ષરધામ, તેને પામશે પુરુષ ને વામ;
એવી રીતે પૂજ્યા જેણે હરિ, તે તો ન આવે ભવમાં ફરી...૧૯

એવા સહજાનંદ સુખદાઈ, તે તો પ્રગટ થયા કળીમાંઈ;
તેને સંભારવા દિન રાત, તમે જાણો મનુષ્યની જાત...૨૦

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિનાં વસ્ત્રનું વર્ણન કર્યું' એ નામે પાંચમો કિરણ ||૦૫||

કિરણ : ૬

શ્રીહરિનાં અંગરખાંનું વર્ણન

પૂર્વછાયો :

શ્રીસહજાનંદસ્વામીએ, પે'ર્યાં અંગરખાં[૧] અપાર;
મેં દીઠાં જે નજરે, તે લખું કરી નિરધાર...૦૧

વળી જામા[૨] રૂડા જરીના, ડગલિયું દીઠી ઘણી;
કેડિયાં[૩] જામા રંગ ભર્યા, તેને રાખ્યા છે મેં ગણી...૦૨

ચોપાઈ :

કિનખાપની ડગલી પે'રી, શોભે લટકાં કરતાં લે'રી;
પીળી સાઠીની ડગલી સારી, તેને રાખી અંતરમાં ધારી...૦૩

લાલ સાઠીની ડગલી લાલ, તેને જોતાં વધે ઘણું વા'લ;
ગરમ પોશની ડગલી ગરમ, પે'રી પંચાળામાં એ મરમ...૦૪

૧.છાતી ઉપર કસથી બાંધવામાં આવતા ડગલાં ૨.ઘેરવાળો ઢીંચણ સુધી લટકતો કિંમતી કાપડનો અંગરખો ૩.કેડ સુધી લટકતું કસવાળું પહેરવાનું કપડું; કૂરતો

સ્વામિનારાયણ નામે જે ડગલી, તે તો શોભે સ્વામીજીને ભલી;
નરનારાયણ નામે અંકિત, તે તો પે'રી વા'લે કરી પ્રીત...૦૫
રૂડી ડગલી રૂની ભરેલ, તેને પે'રી ઊભા રંગરેલ;
ડગલી જે દરિયાઈ તણી, શોભે શ્રીઘનશ્યામને ઘણી...૦૬
લાલ સાઠીની ડગલી જોઈ, પીળી મગજીમાં રહ્યું મન મોઈ;
ડગલી સોનેરી ઘરેણે શોભે, વા'લે પે'રી તેણે મન લોભે...૦૭
ડગલી રૂપાને ઘરેણે ભરી, પે'રી વડતાલમાં ઊભા હરિ;
લીલી ડગલી બૂટાવાળી, તેને પે'રી બેઠા વનમાળી...૦૮
પેર્યો જામો તે જરકસી, મૂર્તિ મહારાજની મન વસી;
ધોળો જામો તે ઘણો ઝળકે, ભર્યો રંગ ગુલાલે ખળકે[૧]...૦૯
જામો રંગ્યો તે વળી રંગે, રમ્યા ગઢડામાં અતિ ઉમંગે;
જામો જોયો તે રંગ ભરિયો, તેણે શોભે ઘણું ડોલરિયો...૧૦
કસુંબાનાં છાંટણાંનો જામો, તેને પે'રી ઊભા વિસામો[૨];
જામો કેસર છાંટણે સરસ, વા'લો થયા રંગે રસબસ...૧૧
જામો ઝીણો તે વળી અતિ, તેણે શોભે સુંદર મૂરતિ;
ઝીણા બાસ્તાનો[૩] જામો જેહ, પેર્યો વા'લે પ્રીતે વળી તેહ...૧૨
જામો પતંગી[૪] રંગનો દીઠો, તેને પે'રી ઊભા માવ મીઠો;
જામો ગુલાબી રંગે ઘેરી, તેને વા'લો બેઠા વળી પે'રી...૧૩
ઝીણી છીંટ[૫] જે પચરંગી, વા'લો પે'રી બેઠા તેની અંગી[૬];
પે'ર્યાં અંગરખાં અનુપ, ઘણું શોભે છે રસિયાનું રૂપ...૧૪
દોરિયાનું[૭] પે'ર્યું અંગરખું, હરિની મૂર્તિ જોઈ ઘણું હરખું;
ચોખાનીનું[૮] અંગરખું પે'રી, તાળી પાડે ધૂન કરે લે'રી...૧૫

૧.શોભે ૨.ભક્તોનું વિરામ સ્થાન સુખધામ શ્રીહરિ ૩.સુતરાઉ સફેદ કાપડનો ૪.બદામી કે આસમાની ૫.ભાતીગર કે વેલ-બુટ્ટીવાળું કપડું ૬. ડગલી ૭. આ નામના કાપડનું ૮.એક પ્રકારના ભાતીગળ કાપડનું

અંગરખું મલમલનું જેહ, સ્વામી પે'રી શોભે ઘણું તેહ;
માદરપાટનું[૧] જે માણીગર, પે'રી આંબલે ઊભા નટવર...૧૬
બેવડું અંગરખું પે'રી, ચડે ઘોડે લટકાળો લે'રી;
બૂટાદાર અંગરખું એવું, પે'ર્યું શ્રીહરિ તે ધારી લેવું...૧૭
કેવડા કોરી[૨] કરી ચતુરાઈ, ન્યાલ દરજીએ પે'રાવ્યું જાઈ;
જગન્નાથીનું અંગરખું જાઈ, તેને પે'ર્યું વા'લે ઊભા થાઈ...૧૮
કેડિયું અંગરખું સુખકંદ, તેને પે'રી શોભે સહજાનંદ;
એ આદિ અંગરખાં સાર, તેનો ગણતાં ન આવે પાર...૧૯
એવી મૂર્તિ સંભારી જપે જાપ, તેનાં ટળી જાય સર્વે પાપ;
વળી વાધે પ્રભુમાં પ્રીત, થાય જગમાં અલૌકિક જીત...૨૦

ઇતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિનાં અંગરખાંનું વર્ણન કર્યું' એ નામે છઠ્ઠો કિરણ ॥૦૬॥

કિરણ : ૭

શ્રીહરિને માથે બાંધવાનાં મોળિયાંનું વર્ણન

પૂર્વછાયો :

શ્રીસહજાનંદસ્વામીએ, બાંધ્યાં મોળિડાં[૩] બહુ ભાતનાં;
તેને શ્રદ્ધા રાખી સંભારવાં, ધોળા રંગેલ જૂજવી[૪] જાતનાં...૦૧
મુગટ ફેંટા ટોપિયું, પીતાંબર અતિ ઉદાર;
જે જન તેને સંભારશે, તે પામી જાશે ભવપાર...૦૨

૧.ઘાટા વણાટવાળું સુતરાઉ કાપડનું ૨.કેવડાના ફૂલ જેવી કોરવાળું ૩.કસબી ફેંટો; માથે બાંધવાનાં વસ્ત્રો ૪.વિવિધ

ચોપાઈ :

રેંટો નવાનગરનો[1] ભારી, બાંધ્યો માથે તે સુખકારી;
તે તો જરિયાને શોભતો, શત અઢારનો[2] તે હતો...૦૩
સર્વે સોરઠી ભક્તે બનાવ્યો, ગામ ડભાણમાં તે ઓઢ્યો;
રેંટો કસુંબલ બુરાનપુરી, તેને માથે બાંધી ઊભા હરિ...૦૪
કાળો રેશમી રેંટો બાંધી લીધો, તે તો અયોધ્યાપ્રસાદજીને દીધો;
ભારે મોળિયું બાંધ્યું'તું નાથે, મેલ્યું રઘુવીરજીને માથે...૦૫
મેલ્યું મોળિયું સીતારામને માથે, હરિએ લઈ પોતાને હાથે;
લીલું પીતાંબર કોર રાતી, તેની શોભા નથી કે'વાતી...૦૬
માથે બાંધીને હરિ હસતાં, ફરે સાધુમાં લાડુ ફેરવતાં;
પીળું પીતાંબર બાંધી હરિ, ફેરવે લાડુ પંગતમાં ફરી...૦૭
માથે બાંધ્યું હીરકોરી ધોતિયું, તે જોઈને મન મારું મોયું;
જરિયાની બાંધી માથે પાઘ, મારે દર્શનનો આવ્યો લાગ...૦૮
ધોળી પાઘ શિરપેચ લળકે, બંધાવેલ સિયાજી[3] તે ઝળકે;
ધોતિયું જે તે વાંકાનેરી, તેને માથે બાંધી બેઠા હરિ...૦૯
બાંધી કાળા છેડાની ધોતલી, તે તો મિયાંજીને માથે મેલી;
માલવી[4] ધોતલી માથે બાંધી, ગાઈ બ્રહ્માનંદે સુખ સાંધી...૧૦
ગુજરાતી કસુંબલ પાઘ, બાંધી બેવડી કરી અનુરાગ;
લાલ બાંધ્યો હતો માથે પટકો, તેનું ધ્યાન કરું રાખી ખટકો...૧૧
કસુંબલ ફેંટો ઝીણે પોતે, દીધો સીતારામને સૌ જોતે;
બાંધ્યો મલમલનો માથે ફેંટો, છેડે ફૂલ સહિત મેં દીઠો...૧૨
ફેંટો જગન્નાથી માથે શોભે, જોઈ મુનિજનનાં મન લોભે;
માથે બાંધ્યો લાલ છેડે ખેસ, તેણે શોભે છે નટવર વેશ...૧૩

૧.જામનગરનો ૨.રૂપિયા ૧૮૦૦નો ૩.વડોદરાનરેશસયાજીરાવે ૪.માળવા-ઉજ્જૈનપ્રાંતની

શોભે ધોતિયું સોનેરી બૂટાનું, તેને જોઈ રહે દુઃખ શાનું;
લાલ છેડાનો જે રૂમાલ, તેને માથે બાંધી ચાલે લાલ...૧૪
માથે અસમાની રંગની પાઘ, હીરકોરી ધોતિયું જોયા લાગ;
વસંતપંચમીને દિ' વા'લે, બાંધ્યો પીળો ફેંટો ધર્મલાલે...૧૫
લાલ રૂમાલ માથે રૂપાળો, તેને ભાવ કરીને મેં ભાળ્યો;
કરવતી કોરનો રૂમાલ બાંધ્યો માથે, દીધો બદ્રિનાથને તે નાથે...૧૬
ધોળો રૂમાલ માથે ધરી, વા'લો આવે ફળિયામાં ફરી;
સુરતી પાઘ લીધી હાથે, મેલી સુરા ખાચરને માથે...૧૭
સુરતી માથે મેલી ટોપી, તે તો અતિ અનુપમ ઓપી;
ટોપી કચ્છની કઇયે કેવી, વા'લે માથે ધરી તે ધારી લેવી...૧૮
મોટી કોરનો રૂમાલ હું લાવ્યો, મારે હાથે મેં માથે બંધાવ્યો;
ધોળું શેલું લઈ હરિ હાથે, મેલ્યું સોમલા ખાચરને માથે...૧૯
માથે ફેંટો છોગું મેલ્યું ફરતું, તે તો પળ નથી વીસરતું;
એક આંટાની બાંધી બોકાની, તેને અંતરે રાખી મેં છાની...૨૦
માથે પાઘ ગુલાબી જોઈ, તેમાં મન રહ્યું મારું મોઈ;
માથે મુગટ ધર્યો પાંચ વાર, તે મેં જોયો વડતાલ મોજાર...૨૧
કલંગી પાઘમાં વાંકડી, તેને વિસારવી નૈ ઘડી;
ઘણાં વસ્ત્ર બાંધ્યા ઘનશ્યામ, તેનું લખી ન શકીએ નામ...૨૨

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિનાં મોળીયાંનું વર્ણન કર્યું' એ નામે સાતમો કિરણ ॥૦૭॥

કિરણ : ૮

શ્રીહરિના રેંટાનું વર્ણન

પૂર્વછાયો :

શ્રીસહજાનંદસ્વામીએ, બાંધ્યા રેંટા[1] કેડે બહુ કસી;
સાવ સોનેરી શોભતાં, તે અંતરમાં રહ્યા વસી...૦૧
બીજાં વસ્ત્ર બહુ ભાતનાં, બાંધ્યા શ્રીઘનશ્યામ;
તે સંભારી સામટાં, લખું હવે તેનાં નામ...૦૨

ચોપાઈ :

કેડે બાંધ્યો કસુંબલ રેંટો, જરિયાની ઝગે જાનું હેઠો;
ઝળકે છેડો ઘૂંટણ ઉપર, દીઠા ડોલરિયો રંગભર...૦૩
ભારે શેલું કેડે જરકસી, મૂર્તિ અંતરમાં આવી વસી;
ગોમતીજીને કાંઠે શ્યામ, મળ્યા સાધુને સુખધામ...૦૪
ભારે કાળું શેલું તળાદાર, કેડે બાંધિયું ધર્મકુમાર;
કરી ધૂન પાડે કર તાળી, ઊભા ઓટે શોભે વનમાળી...૦૫
રેશમી શેલું કરવતી કોર, કેડે બાંધ્યું તે ધર્મકિશોર;
જોયા પંગતમાં હરિ ફરતાં, મુનિજનના મનને હરતાં...૦૬
લાલ શેલું કેડે રહ્યા કસી, ઉપર કટાર સોનેરી અસી[2];
તેની શોભાનો નહીં પાર, ઊભા ઓટે તે જગઆધાર...૦૭
લીલું પીતાંબર બાંધ્યું તાણી, વા'લો બોલે અલૌકિક વાણી;
ઘેરે સાદે ગાયે વા'લો ગીત, બેઠા મેડે જોયા કરી પ્રીત...૦૮
કેડે રાતું પીતાંબર રજે[3], જેને મોટા મુનિવર ભજે;
એવા સમરથ સહજાનંદ, તેને નીરખી થાય આનંદ...૦૯
ખીલી[4] પછેડી કરી ખાંત, વા'લે લીધી થઈ રળિયાત;
ઓઢી મુક્તાનંદજીને દીધી, એવી લીલા અલૌકિક કીધી...૧૦

૧.કસબી કિનારાવાળા શેલા ૨.તલવાર ૩.શોભે ૪.ખીલીએ લટકાવેલી

કેડે બાંધ્યું શેલું ગુજરાતી, તેની શોભા કહી નથી જાતી;
આવ્યા ધર્મપુરથી વા'લો જ્યારે, કેડે બાંધ્યું રાજી થઈ ત્યારે...૧૧
ઝીણું જરી છેડે વળી શ્વેત, બાંધ્યું કેડે હરિ કરી હેત;
તે તો લાવ્યા નાના નારૂપંત, તેનું ધ્યાન કરે સૌ સંત...૧૨
કેડે બાંધ્યો વળી ધોળો ખેસ, સુંદર શોભે તે નટવર વેશ;
શ્વેત વસ્ત્ર સદા હરિ ધારે, એવી મૂર્તિ વસી મન મારે...૧૩
કેડે બાંધ્યો કસુંબલ પટકો, ગાતાં મુનિમાં કરી લટકો;
રમ્યા રાસ વા'લો બહુવાર, પૂરણ પુરુષોત્તમ જગ આધાર...૧૪
ડાબે ખભે કસુંબલ શેલું, તે તો નજરે મેં દીઠેલું;
તેને કેડે બાંધે હરિ તાણી, પીરસે લાડુ સંતને મહિમા જાણી...૧૫
છેડા વણેલો ખેસ રૂપવાન, તેને કેડે બાંધ્યો ભગવાન;
તેણે શોભે વા'લો રૂડી રીતે, તેની પૂજા કરું હું પ્રીતે...૧૬
હીરકોરી ધોતિયું શ્વેત, તેને જોઈ લીધું કરી હેત;
તેને કેડે બાંધી તે વાર, પછી ઘોડે થયા અસવાર...૧૭
કેડે બાંધી તે ધોતલી, સુંદર શોભે છે વળી મળી;
કેડે બાંધી હીરકોરી રૂમાલ, તેને જોઈ વાધે ઘણું વા'લ...૧૮
દીધો ધોળો રૂમાલ મેં આણી, વા'લે બાંધી કેડ તેણે તાણી;
એવાં વસ્ત્ર અનંત અપાર, વા'લે કેડે બાંધ્યાં આ વાર...૧૯
તેને સંભારીને ધ્યાન કરવું, પંચ વિષય સુખ વિસરવું;
બીજી તજે જે સર્વે આશ, તેનો થાય બ્રહ્મમોલ વાસ...૨૦

ઇતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિના રેંટાનું વર્ણન કર્યું' એ નામે આઠમો કિરણ ॥૦૮॥

કિરણ : ૯

શ્રીહરિનાં ઘરેણાંનું વર્ણન

પૂર્વછાયો :

દયા કરી ડભાણમાં, પે'ર્યાં ઘરેણાં ઘનશ્યામ;
જે જે લાવ્યા હરિજન, તેનાં લખું હું હવે નામ...૦૧
ઘોડાનાં ઘરેણાં સામટાં, શત સાઢી પંચવીસનાં[૧] હતાં;
સુરતના હરિભક્ત લાવ્યા, ચૌદ લોકમાં એ થયાં છતાં...૦૨
ઉત્તમ સૌથી એ ઘણાં, વળી ગઢડાના હરિભક્ત;
સેવા કરી શ્રીમહારાજની, તેને જાણે સર્વે જક્ત...૦૩
ધન્ય ધન્ય એ હરિજનને, જેનાં પુણ્યનો નહીં પાર;
ઘરેણું પે'ર્યું ઘનશ્યામજી, એનું હેત જોઈ આ વાર...૦૪

ચોપાઈ :

ધન્ય મોટીબાઈ રાજબાઈ, એનાં કડાં પે'ર્યાં પ્રભુ રાજી થઈ;
તે શત[૨] ચોવીસનાં[૨] હતાં, થયાં ચૌદ લોકમાં તે છતાં...૦૫
ધન્ય અલૈયા ભક્ત એનાં, પે'ર્યાં સાંકળાં[૩] વા'લે તેનાં;
શત અઢારનાં હતાં એહ, પે'ર્યાં હરિએ રાજી થઈ તેહ...૦૬
ધન્ય વસ્તા ખાચરની કમાઈ, પે'રી ઊતરી વા'લે રાજી થાઈ;
હતી શત બારની એ રીતે, પે'રી વા'લે રાજી થઈ પ્રીતે...૦૭
ધન્ય દાદાખાચર ઉદાર, વા'લે પે'ર્યા તોડા કરી પ્યાર;
શત આઠના સોનું તે ઝગે[૪], શોભે સુંદર તે બેઉ પગે...૦૮
ધન્ય લાડુબાઈ એ લાવી, પ્રભુને કટીમેખલા[૫] પે'રાવી;
તે તો શત સાતની હતી, વા'લાને વળી અતિ શોભતી...૦૯

૧.૨૫૫૦ રૂપિયાના ૨.૨૪૦૦ રૂપિયાના ૩.હાથે અને પગે પહેરવાનું ઘરેણું ૪.ઝળકે; ચમકે ૫.કંદોરો

દસ વેઢ કલંગી ને બાજું[૧], શોભે દસે આંગળીએ કાજુ;
હતું સો સોનું એક એક નંગ, લાવ્યા હરિજન કરી ઉમંગ...૧૦
જીવો ખાચર રૂડો જશવાળો, વેઢ પે'રાવ્યો વા'લાને રૂપાળો;
અમરબાઈ અમુલાબાઈ, વેઢ પે'રાવ્યા તે રાજી થાઈ...૧૧
ધન્ય ધન્ય સોમલો ખાચર, વેઢ પે'રાવ્યો વા'લાને મનોહર;
સુરા ભક્તે દરભાવતી[૨] જાઈ, વેઢ પે'રાવ્યો વા'લાને રાજી થાઈ...૧૨
ધન્ય મૂળુભાઈ મરમાળા, વેઢ પે'રાવી થયા સુખાળા;
ધન્ય નાજા ભક્તની રીત, વેઢ પે'રાવ્યો વા'લાને કરી પ્રીત...૧૩
ધન્ય ધન્ય ભક્ત તે કાળો, વેઢ પે'રાવ્યો વા'લાને રૂપાળો;
પાંચ વેઢ કલંગી તોરો બાજુ, લાવ્યા સર્વે હરિભક્ત કાજુ...૧૪
બહુ હેતે કરી હરિએ પે'ર્યાં, જોઈ સર્વનાં અંતર ઠેર્યાં;
છત્ર ચમર ને અબદાગરી[૩], લાવ્યા સુરતના હેતે કરી...૧૫
એવાં વસ્ત્ર ઘરેણાંને પે'રી, ફરે ઘોડે ચડી રંગ લે'રી;
એવી શોભા વર્ણવી ન જાય, તેનું ધ્યાન કરે મુનિરાય...૧૬
ચાંદીની ચાખડી મનોહર, તેને પે'રી ચાલે નટવર;
મોતી ચક તે માદળિયું[૪] કરાવ્યું, સુરતી જને હરિને પે'રાવ્યું...૧૭
હેમનાં ઘરેણાં એ ગણી, વા'લે પે'ર્યાં તે દેખાડ્યાં ભણી;
પે'ર્યાં ઘરેણાં અનંત અપાર, તેનો ગણતાં ન આવે પાર...૧૮
ગંગાજળીયે કૂપે વા'લો નાઈ, બેઠા હતા હરિ સુખદાઈ;
હેમ ઊતરી હૈયે ધારી, તેનું ધ્યાન કરે નરનારી...૧૯
બહુ મોટી બારસોની હતી, ઘણીવાર પે'રી સંતપતિ;
બહુ રાજી થઈને દીધી, રઘુવીરજી મહારાજે લીધી...૨૦

૧.ખભાથી નીચે બાહુ ઉપર પહેરવાનું આભૂષણ ૨.ડભાણ ૩.શોભામાં અભિવૃદ્ધિ કરતું એક ઉપકરણ ૪.ડોકે કે હાથે પહેરવાનું ગોળાકાર ઘરેણું

સીતારામની ઊતરી સારી, પે'રી પોતે તે દુઃખહારી;
વૃંદાવનની ઊતરી વા'લે પે'રી, અતિ શોભતાં લટકાળો લે'રી...૨૧
ગોપીનાથજીનાં કડાં બેઉ, વા'લે પે'રીને આપ્યા તેઉ;
હેમ સાંકળાં ને બાજુબંધ, વેઢ વીંટી અત્તર સુગંધ...૨૨
તોડા રૂપાના કેડે કંદોરો, ગુચ્છ સોના રૂપાના હેમ તોરો;
હેમ સાંકળી હુલર[૧] ને હાર, જોયા પે'રતાં મેં ધર્મકુમાર...૨૩
કાશીદાસે તે રૂડાં કરાવી, મોતી પે'રાવ્યાં પ્રભુને આવી;
શોભે સુંદર તે બેઉ કાને, જોઈ મૂર્તિ મનોહર વાને...૨૪
ધન્ય ધન્ય તે વેણીભાઈ, પે'ર્યાં કડાં વા'લે રાજી થાઈ;
ધન્ય સર્વે એ ભક્ત આવ્યા, સોનારૂપાને ફૂલે વધાવ્યા...૨૫
ઝળકે કુંડળ મકરાકૃત કાને, વા'લો શોભે છે ભીને વાને;
પે'રી વા'લે મોતીની માળા, તેણે શોભે છે અતિ રૂપાળા...૨૬
પરવાળાંની માળા પે'રી, આવી મૂર્તિ અંતરે ઠેરી;
બંસી સોનેરૂપે ઘૂઘરીવાળી, હસી કેડ્યમાં ખોસી વનમાળી...૨૭
તે તો લાવ્યા'તા દુર્લભરામ, જેને વા'લા બહુ સુંદરશ્યામ;
ધન્ય સર્વે એ ભક્ત ઉદાર, તેને નમું હું વારમવાર...૨૮

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિનાં ઘરેણાંનું વર્ણન કર્યું' એ નામે નવમો કિરણ ॥૦૯॥

૧.ડોકમાં કે કાનની બુટ્ટીએ પહેરવાનું આભૂષણ

કિરણ : ૧૦

શ્રીહરિએ ફૂલહાર પહેર્યા તેનું વર્ણન

પૂર્વછાયો :

શ્રીસહજાનંદસ્વામીએ, ફૂલહાર પે'ર્યા બહુ ભાતના;
ચંપા ચમેલી મોગરા, ગુલાબ આદિ જાત જાતના...૦૧
ગઢડે વડતાલ શ્રીનગરમાં, જેતલપુર ધોલેરે ધોળકે;
જીરણગઢ તાવી ભુજનગરે, તેને તે કોણ ગણી શકે...૦૨
લોયા બોટાદ સારંગપુરે, કારિયાણી ખંભાત તણા;
ભ્રગુક્ષેત્ર[૧] ને સુરજપુરમાં[૨], પે'ર્યા વડતાલમાં અતિ ઘણા...૦૩
વડનગર ને વિસનગરમાં, ઉમરેઠમાં પે'ર્યા હાર અતિ;
ડભાણમાં ફૂલહાર પે'રી, શોભે સુંદર સંતપતિ...૦૪

ચોપાઈ :

સુંદર શોભે છે ધર્મકુમાર, પે'રી ગુલાબના ઘણા હાર;
પે'ર્યા ગઢપુરમાં ઘનશ્યામ, હાર તોરા બાજુ સુખધામ...૦૫
વળી વૃતપુરીમાંહી વા'લે, પે'ર્યા ગુલાબ ફૂલ ધર્મલાલે;
ઊભા ગોમતીજીને કાંઠે માવ, બહુ ગુલાબ ફૂલે ગરકાવ...૦૬
માથે શેહરો[૩] તે પાની પર્યંત, હાર તોરા ગજરા બાજુ અતંત;
પાડે તાળી હરિ બેઉ હાથે, વરસે પુષ્પવૃષ્ટિ મુનિ માથે...૦૭
શ્રીનગરમાં સહજાનંદ, પે'ર્યા ગુલાબ હાર જગવંદ;
બાજુ ગજરા તોરા ગુચ્છ સાર, શોભે શ્રીહરિ સંતમાં અપાર...૦૮
મોગરાના હારતોરા પે'રી, ઘણું શોભે ગઢપુરમાં લે'રી;
બેઠા મંદિરમાં ઘનશ્યામ, જોઈ લાજે તે કોટિક કામ...૦૯

૧.ભરૂચ ૨.સુરતમાં ૩.વરરાજાના માથા પર પહેરાવવામાં આવતો ફૂલનો શણગાર

પે'ર્યા ચંપાના હાર બહુ હરિ, બેઠા જેતલપુર સભા કરી;
હાર ચંપાના સુગંધી ઘણી, બેઠા વ્રતપુરીમાં બણી ઠણી[૧]...૧૦
ચમેલીનાં ફૂલ ચિત્તચોર, પે'રી શોભે છે ધર્મકિશોર;
લાલ કરેણનો હાર બાજુ, તે તો શોભે છે વા'લાને કાજુ...૧૧
ધોળી કરેણના વળી ફૂલ, ગજરા ગુચ્છ ને તોરા અમૂલ;
તે તો પે'ર્યા વા'લે અપાર, પે'રી શોભે તે જગઆધાર...૧૨
ગુલદાવદીના હાર ઘણા, વા'લે પે'ર્યા તે ન રાખી મણા;
ગુલદાવદીના ધોળા પીળા, વા'લે પે'રી કરી બહુ લીલા...૧૩
ગુલદાવદીના ગુચ્છ શોભે, જોઈ મુનિવરનાં મન લોભે;
હજારી ફૂલના બહુ હાર, વા'લે પે'ર્યા તે વારંવાર...૧૪
હજારી પીળા કાંગરીવાળા, હરિએ હાર પે'ર્યા રૂપાળા;
હાર શણગારના હાર વળી, વા'લો છડિયે હાથે લે લળી[૨]...૧૫
બીજા શોભે ઘણા બેઉ હાથે, મેલે છોગલા તે વા'લો માથે;
બોરસડીના હાર પે'ર્યા બહુ, નીરખે મૂર્તિ સંત જન સહુ...૧૬
પીળિયા ગલના જે હાર, પે'રી ઊભા તે ધર્મકુમાર;
બોડિયા[૩] ગલના બહુનામી, પે'ર્યા હાર રાજી થઈ સ્વામી...૧૭
સેવતીની સુગંધી સુખદાઈ, પે'ર્યા હાર હરિએ રાજી થાઈ;
લાલ ધોળા ટગરિયા[૪] તણા, હાર પે'ર્યા વા'લે ઘણા ઘણા...૧૮
કડાં પીળાં ને વળી ધોળાં, હરિએ હાર પે'ર્યા બહુ બો'ળા[૫];
નરમાલીનાં ફૂલ નિહાળી, હાર પે'રી બેઠા વનમાળી...૧૯
પે'ર્યા હાર કમળફૂલ કેરા, શોભે ઘનશ્યામને ઘણેરા;
પોયણાંના હાર હરિ પે'રી, ચાલે લટકાં કરતાં રંગલે'રી...૨૦
તુલસીના હાર લીલા તાજા, પે'રી આંબલે ઊભા મહારાજા;

૧.શણગાર પહેરીને; રંગીલા થઈને ૨.નમીને ૩.ઓછા ખીલેલાં ૪.ટગર નામના છોડના ફૂલ ૫.ઝાઝા

કદમના ફૂલના હાર કઈયે, તેને સંભારીને સુખ લઈયે...૨૧
જાય જૂઈના હાર લીધા હસી, જોતાં મૂર્તિ અંતર ગઈ વસી;
ફૂલની છડી ફૂલની ટોપી, પે'રી અંગોઅંગ રહ્યા ઓપી...૨૨
ફૂલની પછેડી ઓઢી ફરતી, તે તો અમને નથી વિસરતી;
કેવડા ખોસ્યા પાઘમાં જાઈ, હરિએ હાથમાં લીધા સુખદાઈ...૨૩
ફૂલના નેપૂર ને ઝાંઝર, શોભે બેઉ પગે મનહર;
ફૂલનો કંદોરો કટિ કસ્યો, શોભે હરિને આવી અંતર વસ્યો...૨૪
આંબાનો મોર માથે શોભે, ઝાલ્યો હાથે તે જોઈ મન લોભે;
એ આદિ તે ફૂલ અપાર, પે'ર્યાં સ્વામીએ કરી બહુ પ્યાર...૨૫

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિના ફૂલહારનું વર્ણન કર્યું' એ નામે દશમો કિરણ ॥૧૦॥

કિરણ : ૧૧

શ્રીહરિએ વિવિધ કંઠીઓ પહેરી તેનું વર્ણન

પૂર્વછાયો :

ચંદન ચણોઠી રતાંજળી[૧], જવ તિલ તણા બહુ હાર;
સુંદર હરિને તે શોભતાં, તેને સંભારવા કરી પ્યાર...૦૧
તુલસી ચંદનની કંઠીઓ, તે કંઠમાં શોભે ઘણી;
જેવી દીઠી તેવી સંભારીને, રાખી છે હૈયે મેં ગણી...૦૨

ચોપાઈ :

પે'રી ચંદનના હરિ હાર, અતિ શોભે છે ધર્મકુમાર;
હાર ચનોખડીના[૨] લાલ, તેને જોઈ વાધે ઘણું વા'લ...૦૩

૧.લાલ ચંદન કે રાતી સુખડ ૨.ચણોઠીના

ધોળી ચનોખડીના ધોળા, તે તો પે'ર્યા પ્રભુજીએ બો'ળા;
તેણે શોભતા સુંદરશ્યામ, જોઈ લાજે તે કોટિક કામ...૦૪
પે'ર્યા રતાંજળીના હાર હરિ, તેને જોઈને આંખડી ઠરી;
સુંદર હારની શોભા જોઈ, રહે મુનિવરનાં મન મોઈ...૦૫
પે'ર્યા હાર સોપારીના સરસ, થયો પે'રાવતાં વળી પરશ;
ઘઉંના પોંકના હાર ઘણા, પે'ર્યા પ્રીતે ન રાખી મણા...૦૬
ચણાના હાર ચિંતવી ચિત્ત, પ્રભુને જોઈ વાધે બહુ પ્રીત;
તિલના હાર તેર તેર લરી[1], તેને પે'રી રાજી થયા હરિ...૦૭
જાર્યના પોંકના હાર ઝંગે[2], વા'લે પે'ર્યા તે અતિ ઉમંગે;
ચણાની દાળના હાર પીલા, વા'લે પે'રી કરી બહુ લીલા...૦૮
હાર તુલસી બીજના તાજા, તેને પે'રી શોભે મહારાજા;
જવના હાર પે'ર્યા જેવા, પે'રી ઊભા વા'લો દર્શન દેવા...૦૯
બહુ તુલસીની કંઠિયો કોટે, વા'લો પે'રીને બેઠા'તાં ઓટે;
દીધી સીતારામજીને પોતે, સંત હરિજન સર્વે જોતે...૧૦
સુખડની કંઠી બહુ સારી, દીધી બદ્રિનાથને ઉતારી;
બીજા ઘરેણાં બહુ તે નાથે, પે'રાવ્યાં બદ્રિનાથજીને હાથે...૧૧
જનોઈ રાખડી પવિત્રાં લઈ, દીધાં ગોપાળજીને રાજી થઈ;
પીળી ડગલી સુરજપુર ગામે, દીધી ગોપાળજીને સુખધામે...૧૨
બીજી ડગલી હતી એક લાલે, દીધી નંદરામજીને વા'લે;
ચારોળી જમતાં હતાં હરિ, દીધી ગોપાળજીને પોસ ભરી...૧૩
રામશરણ વૃંદાવનને વળી, દીધો મંત્ર વા'લે કાનમાં લળી;
નારાયણપ્રસાદને દીધો મંત્ર, ન રાખ્યો એથી વા'લે અંત્ર...૧૪

૧.સેર ૨.મોટા કે ઘણા

પે'ર્યા હાર તે ચારોળીતણા, વળી મોતીના શોભે ઘણાં;
પરવાળાના હાર પે'ર્યા હૈયે, તેને સંભારીને સુખ લઈયે...૧૫
દીધા અવધવાસીને રાજી થાવા, પછી બેઠા વા'લોજી નાવા;
ગંગાજળિયા કૂવાને તીરે, વા'લો નાહ્યા ત્યાં નિર્મળ નીરે...૧૬
હાર કપૂરના કુંડળ બાજુ, તોરા ગજરા ગુચ્છ બહુ કાજુ;
ટોપરાંના હારતોરા પે'રી, ચાલે લટકાં કરતાં લે'રી...૧૭
પે'ર્યા ખાંડનાં પતાસાંના હાર, લવિંગ ને મકાઈના સાર;
ઝીણા ફળ કોઠી બીલીતણા, તેના હાર પે'ર્યા વા'લે ઘણા...૧૮
અંતરવેલનાં કડાં કુંડળ, પે'ર્યા પીળા તે ઝળામળ;
મોરપીછાંની ઢાલ તલવાર, હસી લીધી હાથમાં તે વાર...૧૯
પચરંગી હીરના હારતોરા, બાજુબંધ ગુચ્છ ગજરા દોરા;
પે'રી શોભે છે બહુ સ્વામી, બેઠા આંબલે અંતરજામી...૨૦
બે હાથે રાખડી બાંધી બહુ, લાવ્યા હરિજન તે મળી સહુ;
તેણે શોભે સુંદરવર સારા, બેઠા હતાં ઓસરીમાં બારા...૨૧
બોલાવ્યા રઘુવીરજીને વા'લે, દીધી રાખડિયું ધર્મલાલે;
ફૂલ કપૂરનાં તે ઝાંઝર, બેઉ ચરણે શોભે મનહર...૨૨
છડી શોભે તે ફૂમતાંવાળી, જમણે હાથે ઝાલી વનમાળી;
એ આદિ અનેક શણગાર, ધાર્યા સુંદર ધર્મકુમાર...૨૩
દીધી જનોઈ વડતાલમાંઈ, સીતારામજીને સુખદાઈ;
નારાયણપ્રસાદ ને રામશરણ, દીધી ગઢડે જનોઈ દુ:ખહરણ...૨૪
એવા સુખના સાગર સહજાનંદ, તેને સંભારી પામું આનંદ;
એને રાત દિવસ જે ગાય, તેનું દુ:ખ દાળીદ્ર[૧] જાય...૨૫

૧.દરિદ્રતા; ગરીબાઈ

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ વિવિધ કંઠીઓ ધારણ કરી' એ નામે અગિયારમો કિરણ ॥૧૧॥

કિરણ : ૧૨

શ્રીહરિએ ઓઢેલાં વસ્ત્રોનું વર્ણન

પૂર્વછાયો :

શ્રી સહજાનંદસ્વામીએ, ઓઢ્યા શાલ-દુશાલા[1] જે વળી;
તેને સંભારી હું લખું, તમે સાંભળજો સંતજન મળી...૦૧
ઓઢ્યા ચોફાળ[2] ચકમા, વળી રજાયું[3] રૂડી ઘણી;
મેં દીઠી જે નજરે, તેનું ધ્યાન કરું હું ગણી ગણી...૦૨

ચોપાઈ :

ભારે શાલ ઓઢી અનુપ, જોયું રસિયાજીનું રૂપ;
શીત ઋતુમાં બહુ શોભે, જોઈ મુનિવરનાં મન લોભે...૦૩
તેનો પીળો હતો વળી વાન, ઓઢી ઓસરીએ ભગવાન;
લાલ ઓઢ્યો વળી દુશાલો, સુંદર શોભે છે ધર્મનો લાલો...૦૪
હરિએ ઓઢ્યો અતિ અમૂલ, તેને સંભારી થઈએ પ્રફૂલ;
વળી પીળી શાલ બહુ ભારી, વા'લે ઓઢી તે રાખી સંભારી...૦૫
નીલી શાલ ઓઢી નવરંગ, મુનિમન ચોટ્યું થઈ ભ્રંગ[4];
તેની શોભા તે કહી નવ જાય, સહજાનંદ મુખે સહુ ગાય...૦૬
મોટે સાહેબે રાજકોટ બોલાવી, સ્વામીને બે શાલ ઓઢાવી;
તે તો તરત દીધી તે વાર, મોટા સાધુ જોઈ ઉદાર...૦૭

૧.ઓઢવા માટેની એકવડી અને બેવડી કિંમતી શાલ. ૨.મોટી અને જાડી પછેડી; ચાર વડી કે બેવડી પછેડી ૩.રેશમી કવરવાળી ગોદડિયું ૪.ભમરો

શુકમુનિ નિત્યાનંદસ્વામી, દીધી તે રઘુવીરજીને કરભામી[૧];
કાકાભાઈની ઘોડી ઘરેણું ભારી, દીધું સીતારામને સુખકારી...૦૮
હતા ગામ લોયે ઘનશ્યામ, મળ્યા રામપ્રતાપ ઈચ્છારામ;
તેમને વસ્ત્ર-ઘરેણાં બહુ આપી, નાખ્યું દુઃખ તે સર્વે કાપી...૦૯
જમ્યા બેઉ ભાઈને ઘેર્ય, વા’લો કરીને બહુ મેર્ય;
મોટા ભાગ્યવાળા બેઉ ભાઈ, જેના સગા શ્યામ સુખદાઈ...૧૦
અવધવાસી તે સર્વે ઉદાર, પૂજ્યા હરિને કરી બહુ પ્યાર;
ગૂઢો રેંટો ઓઢ્યો ઘનશ્યામ, જોયા પુરુષોત્તમ સુખધામ...૧૧
વા’લે ઓઢ્યો બોરીનો ચોફાળ, બહુ શોભે છે દીનદયાળ;
હિંદુસ્તાની ચોફાળને ઓઢી, ચઢતાં દીઠા ઘનશ્યામજી ઘોડી...૧૨
ભારે ચોફાળ ન્યાલનો સીવેલો, ઓઢી બેઠા ઓટે અલબેલો;
ઝીણો બેવડો ચોફાળ બહુનામી, ઓઢી બેઠા ઓસરીએ સ્વામી...૧૩
ભારે ચોફાળ કસબવાળો, તેને ઓઢી ઊભા મરમાળો;
ઝીણી પછેડિયું જલેદાર, સદા ઓઢતાં ધર્મકુમાર...૧૪
ભારે કોરું વણેલા ખેસ, ઓઢી શોભે તે નટવર વેસ;
કસુંબી રેંટા તારવાળા, વા’લો ઓઢી શોભે રૂપાળા...૧૫
મલમલની[૨] પછેડી માવ, ઓઢી પોઢતાં નટવરનાવ;
વળી ઝીણી પછેડી ભારી, ઓઢી બેઠા જમવા સુખકારી...૧૬
પીતાંબર ઓઢી પૂજા કરતાં, હરિજનના મનને હરતાં;
લાલ ચકમો ઓઢ્યો લટકાળે, છેલછબીલે છોગાવાળે...૧૭
ધાબળી ઓઢી સુંદર સારી, એવી મૂર્તિ રાખી સંભારી;
બોરીની તે પછેડી ઓઢી, રહ્યા સહજાનંદ પ્રભુ પોઢી...૧૮

૧.હાથ જોડી ૨.બારીક અને મુલાયમ કાપડની

કાળો રેશમી રેંટો ઓઢી ઊભા, હરિ કરે મળવાના મનસુબા;
લાલ છેડા લાઠીની પછેડી, વા'લો ઓઢીને બેઠા ઊંચી મેડી...૧૯

કાળે છેડે બગસરાનો ખેસ, ઓઢી શોભે તે નટવર વેસ;
ધોળા ખેસ ઓઢ્યા વા'લે બહુ, તેનું ધ્યાન કરે મુનિ સહુ...૨૦

સુતર હીરનું યજ્ઞોપવિત, પે'ર્યું પ્રભુજીએ કરી પ્રીત;
પીળા હીરનું પટાદાર, ડાબે ખભે ધાર્યું ધર્મકુમાર...૨૧

પીળી રેશમી તે રજાઈ, વા'લે ઓઢી તે રાજી થાઈ;
ઓઢી રજાઈ તે લીલી છિંટ્ય, જોયા વા'લાને મારી મીટ્ય[૧]...૨૨

ધોળી રજાઈ તે બહુ ભાત, વા'લે ઓઢી થઈ રળિયાત;
મખમલની રજાઈ મન ભાવી, વા'લાને મેં હાથે ઓઢાવી...૨૩

લાલ છીંટની રજાઈ ઓઢી, તેનું ધ્યાન કરે મુનિ ક્રોડી[૨];
એ આદ્યે[૩] ઓઢ્યાં અનેક, તેનો ગણતાં ન આવે છેક[૪]...૨૪

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ ઓઢેલાં વસ્ત્રોનું વર્ણન કર્યું' એ નામે બારમો કિરણ ॥૧૨॥

કિરણ : ૧૩

શ્રીહરિ જે જે ઘોડા પર બેઠા તેનાં નામ

પૂર્વછાયો :

શ્રીસહજાનંદ સુખનિધિ, જે જે ઘોડે ચઢ્યા ઘનશ્યામ;
તેને સંભારી લખું હવે, લઈ લઈ તેનું વળી નામ...૦૧

સુંદર ઘોડે શ્યામ ચડિયા, તેના શું કરું વખાણ;
ગરુડથી તે અધિક ઘણા, તમે જાણો સંતજન સુજાણ...૦૨

૧.દષ્ટિથી ૨.કરોડો ૩.આદિક ૪.છેડો; પાર

ચોપાઈ :

રોઝે ઘોડે ચઢ્યા ઘનશ્યામ, જોયા નજરે મેં સુખધામ;
સુંદર વસ્ત્ર-ઘરેણાં શોભે, જોઈ મુનિવરનાં મન લોભે...૦૩
ચઢી માંકડે ઘોડે મહારાજ, કર્યાં અનેક જીવનાં કાજ;
ઘોડે કેસરિયે ચઢી ફરતાં, હરિજનનાં દુ:ખ હરતાં...૦૪
માણકી ઘોડીએ ચઢ્યા માવ, તેને જોઈ વાધે ઘણો ભાવ;
તેની શોભા તે કહી નવ જાય, જોઈ મુક્ત મોટા રાજી થાય...૦૫
બાવળી માણકીએ ચઢ્યા બહુ, તેની વાત સાંભળો હું કહું;
પે'રી જરકસિયો હરિ જામો, ચઢી સંઘમાં ફર્યા વિસામો...૦૬
કેસર ઘોડીએ ચઢ્યા કીરતાર[1], બહુ પે'રી ફૂલ શણગાર;
તે તો દીધી વા'લે ભાઈને, રામપ્રતાપ રાજી થયા લઈને...૦૭
નાની માણકીએ ચઢ્યા નાથ, સુંદર શોભતાં તે સુખપાથ[2];
એની ચાલ દોડ શોભા જોઈ, લાજે ગરુડ ન પોંચે કોઈ...૦૮
વળી બીજી ઘોડીએ નિદાન[3], તેની ઉપર ચઢ્યા ભગવાન;
વળી તેથી નાની એક બીજી, તેની ઉપર ચઢ્યા પોતે શ્રીજી...૦૯
નાનીબાવળીએચઢ્યાબહુનામી,ગયાગઢાળીગામેત્યારેસ્વામી;
નાની કેસરે ચઢ્યા કંઈ વાર, સ્વામી સહજાનંદ ઉદાર...૧૦
માંકડી તાજણ બળવાળી, થઈ રાજી ચઢે વનમાળી;
તેને પોંચી શકે નહીં કોઈ, એવી ઘોડી બળવાન સોઈ...૧૧
બેરી ઘોડીએ ચઢ્યા બહુવાર, જોયા જીવન જગઆધાર;
બોદલી ઘોડીએ ચઢ્યા ઘનશ્યામ, ગયા સુરત ત્યારે સુખધામ...૧૨
વીછણ ઘોડીએ ચઢ્યા વા'લો, લટકાળો શ્રીધર્મલાલો;
શોભે સુંદરવર મુનિરાય, જઈ ઉન્મત્તગંગામાં નાય...૧૩

૧.સર્વકર્તા; સર્જનહાર શ્રીહરિ ૨.સુખદાયક શ્રીજી ૩.નક્કી

ભોજાભાઈની ઘોડીએ ચઢી લાલ, આવ્યા ધર્મપુરથી વડતાલ;
દિન આઠ ત્યાં દર્શન દીધું, રમી રંગે સંતે સુખ લીધું...૧૪
હીરલ ઘોડીએ ચઢ્યા હરિ, કર્યાં દર્શન મેં દગ ભરી;
ઘેલા ધાંધલની જે તાજણ, તેણે ચઢ્યા તે અશરણશરણ...૧૫
લાધા ઠક્કરની જે ઘોડી સારી, ચઢ્યા તાજણે શ્રીગિરધારી;
રોઝી ઘોડી દીધી કાકાભાઈ, તેણે ચઢ્યા વા'લો રાજી થાઈ...૧૬
રોઝી ઘોડી જે કુંડલવાળી, તેની ઉપર ચઢ્યા વનમાળી;
ચઢી આવ્યા તે વડતાલ, સંતજનને કરવા બહુ ન્યાલ...૧૭
કાળુની ઘોડીએ ચઢ્યા શ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
રોઝી ઘોડી માંચા ભક્ત કેરી, તેણે ચઢ્યા લટકાળો લે'રી...૧૮
જીવા ખાચરની ઘોડી જેહ, ચઢ્યા વાંગળિયે વા'લો તેહ;
રઘુવીરજીની ઘોડી જેહ ભાળી, ચઢ્યા વાંગળિયે વનમાળી...૧૯
નાથા ખાચરની ઘોડી ભૂતડી, વા'લો વડતાલે આવ્યા ચઢી;
રોઝી ઘોડી દીધી જીવેભાઈ, ચઢ્યા રસિયો તે રાજી થઈ...૨૦
દાદા ખાચરની ઘોડી સોનેરી સાજ, ચઢ્યા માણકીએ મહારાજ;
સુંદર શોભે સહજાનંદ, નીરખી થાય અતિ આનંદ...૨૧
સુરા ભક્તની તાજણ ઘોડી સાથ, ચઢ્યા તે વડોદરે જાતાં નાથ;
ભાઈ રામપ્રતાપને ઘોડે જાઈ, વા'લો ચઢ્યા પંચાલા ગામમાંઈ...૨૨
નાજા ભક્તની માણકી ઘોડી જેહ, વા'લો ચઢ્યા રાજી થઈ તેહ;
મૂળુભાઈની ઘોડીએ વા'લો, ચઢ્યા લાડકીએ ધર્મલાલો...૨૩
નાગાજણની ઘોડી જે લાલ, તેણે ચઢ્યા વા'લો કરી વા'લ;
ચઢ્યા પંખાળલી ઘોડીએ પ્યારો, સુંદર શોભે છે ધર્મદુલારો...૨૪
લખી ઘોડી લાવ્યા જીભાઈ, તેણે ચઢ્યા વા'લો રાજી થાઈ;
એ આદિ ઘોડા જાતવંત, જોયા નજરે મેં ચઢ્યા ભગવંત...૨૫

ચાલે ઘોડાની ઘુમ્મર[1] ભારી, મધ્યે સહજાનંદ સુખકારી;
એવી અસવારી જોઈ કરી પ્રીતિ, તે તો સેજે ગયા જગ જીતી...૨૬

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ જે જે ઘોડા પર બેઠા તેનાં નામ કહ્યાં' એ નામે તેરમો કિરણ ॥૧૩॥

કિરણ : ૧૪

સુરતનાં માનકુંવરબાઇએ ઘરેણાં પહેરાવ્યાં તથા શ્રીહરિએ જન્માષ્ટમીઓ કરી તેનું વર્ણન

પૂર્વછાયો :

ધન્ય ધન્ય ગઢપુર ગામને, જ્યાં રહ્યા શ્રીસહજાનંદ;
અનેક લીલા કરી પોતે, ભક્તને આપ્યો આનંદ...૦૧
જન્માષ્ટમી જગપતિ, કરે ત્યાં વારંવાર;
આવે ઉત્સવ ઉપરે, સંત હરિજન નરનાર...૦૨
સુંદર વસ્ત્ર-ઘરેણાં પે'રી, શોભે શ્રીઘનશ્યામ;
આવી બેસે વેદિકા ઉપરે, સંતમંડળમાં સુખધામ...૦૩

ચોપાઈ :

ગામ સુરતના હરિજન, આવ્યા ગઢડે કરવાં દર્શન;
લાવ્યાં વસ્ત્ર-ઘરેણાં સમાજ[2], પ્રેમે પ્રભુને પૂજવા કાજ...૦૪
વણિક માનકુંવરબાઈ, ધન્ય ધન્ય તેની તે કમાઈ;
હેમ ઘરેણાં મુગટ જડાવ, પ્રભુ પે'ર્યાં જોઈ તેનો ભાવ...૦૫
હેમ તોડા વાંકડા બોર, શોભે ઘૂંઘરીઓ ચિત્તચોર;
જોઈ ચરણકમળની જોડ, પૂરા થયાં ભક્તતણા કોડ...૦૬

૧.સમૂહ; પંક્તિ ૨.સામગ્રી

ચંદન ચાખડી હેમ જડિત, તેને જોઈ વાધે બહુ પ્રીત;
સુંદર શોભે બે મોગરા ફૂલ, ચારે કોરે ઘૂઘરી અમૂલ...૦૭
પે'રી બેઉ ચરણમાં બેઠા, મારી નજરે મહારાજને દીઠા;
રૂડાં ફૂલની શોભા જોઈ, મુનિ ચરણમાં રહ્યા મોઈ...૦૮
પે'ર્યું પીતાંબર ઘનશ્યામ, તેને જોઈ લાજે કોટી કામ;
કોર્યું લાલ લલિત રૂપાળી, પાડી પાટલી ખોસી વનમાળી...૦૯
કંચન કંદોરો બાંધ્યો કરી મે'ર, શોભે ઘૂઘરિયું ચહુ ફેર[૧];
તેની શોભા તે કહી ન જાય, તેનું ધ્યાન કરે મુનિરાય...૧૦
હેમ કડાં તે બેઉ હાથ, પે'ર્યાં નટવર સુંદર નાથ;
માંય નંગ જડ્યા મણિસાર[૨], શોભે સુંદર ધર્મકુમાર...૧૧
હરિએ પે'ર્યાં સાંકળાં સોનેરી, મારી આંખડી જોઈને ઠેરી;
વેઢ પોંચી બે હાથે ચિત્તચોર, તેનાં લટકે છે સુંદર બોર...૧૨
હેમ બાજુ બાંધ્યા બેઉ હાથ, ઊભા અનેક ભુવનનો નાથ;
લટકે બોર સેર્ય બેઉ રાતી, તેને જોઈ ઠરે મારી છાતી...૧૩
હૈયે સાંકળી મોતીની માળા, સુંદર શોભે વા'લમજી રૂપાળા;
વળી માંદળિયું તે રૂપાળું, સુંદર રેશમે ગાંઠેલું મેં ભાળું...૧૪
કાને કુંડળ મકરાકાર, ઝળકે નંગ તેજ અંબાર[૩];
ગુચ્છ શોભે હેમના બે કાને, વા'લો સુંદર ભીનેવાને[૪]...૧૫
માથે કિરીટ મુગટ મણિ મોતી, શોભે કોટી રવિ શશી જ્યોતિ;
હેમ તોરો કલંગી લાલ, કર્યું તિલક કેસરનું ભાલ...૧૬
લાલ ચાંદલિયો નવરંગ, શોભે રસિયોજી અંગોઅંગ;
હેમ બંશી રતન જડિત, વા'લે અધર ધરી કરી પ્રીત...૧૭

૧.બધી બાજુ ૨.શ્રેષ્ઠ મણિઓ ૩.ભંડાર ૪.શ્યામ વર્ણે

પે'ર્યું ઉપવીત[૧] પટાદાર[૨], શોભે ભરત ભરેલું સાર;
હેમ છડી ફૂમતાંવાળી, જમણે હાથે ઝાલી વનમાળી...૧૮
પૂજ્યા પાવલિયા પુનિત, કેસર કુમકુમ વડે કરી પ્રીત;
હેમ થાળમાં ભર્યું ગુલાલ, મેલ્યાં ચરણ તેમાં કરી વા'લ...૧૯
કરી ધૂપ દીપ ને આરતી, એવી રીતે પૂજ્યા સંતપતિ;
લઈ પેંડા બરફી હાથ, બહુ પ્રીતે જમાડ્યા નાથ...૨૦
પાનબીડી દીધો મુખવાસ, ઊભા હાથ જોડી પછી પાસ;
દેવ મુનિ એકાંતિક દાસ, કરે દર્શન તે ચહુ પાસ...૨૧
એવી લીલા કરી ભગવાન, આપ્યું દાસને દર્શન દાન;
ઊભા ઓરડીમાં મુગટ ધરી, ધર્યો વા'લે એકવાર ફરી...૨૨
ધારી મુગટ એ મહારાજે, દીધો ઠાકોરજીને તે કાજે;
શોભે ઠાકોરને માથે બહુ, કરે દર્શન સંત જન સહુ...૨૩
પ્રથમ જન્માષ્ટમી લોજમાંઈ, મુક્તાનંદજી મહારાજે કરી ત્યાંઈ;
બીજી અષ્ટમી પીપલાણે પ્રમાણો, ત્રીજી કાલવાણીમાં તે જાણો...૨૪
ચોથી અષ્ટમી માંગરોળ શે'રે, પાંચમી અષ્ટમી ભૂજ નગરે;
છઠ્ઠી અષ્ટમી માણાવદ્રમાંઈ, કરી અષ્ટમી અગત્રાઈ જાઈ...૨૫
કરી અષ્ટમી કરિયાણે ગામ, કરી અષ્ટમી સરધાર સુખધામ;
કરી અષ્ટમી વડતાલમાં વા'લે, એક કરજીસણ કરી ધર્મલાલે...૨૬
એક અષ્ટમી સારંગપુર, જાણો બહુ કરી ગઢડે જરૂર;
ઘણું રહે હરિ ગઢડે ગામ, કરે અષ્ટમી સમૈયો એ ઠામ...૨૭
સંત હરિજન ભેળા સૌ થાય, વા'લો ઉન્મત્તગંગા નિત્ય નાય;
સંત પાળા અયોધ્યાવાસી, મળે હેતે એને અવિનાશી...૨૮

૧.જમણો હાથ બહાર રહે તેમ ડાબા ખભા પર પહેરેલ વસ્ત્ર ૨.ચટાપટાવાળું

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'સુરતનાં માનકુંવર બાઈએ ઘરેણાં પહેરાવ્યાં તથા શ્રીહરિએ જન્માષ્ટમીઓ કરી તેનું વર્ણન કર્યું' એ નામે ચૌદમો કિરણ ॥૧૪॥

કિરણ : ૧૫

શ્રીહરિએ ઉન્મત્તગંગામાં સ્નાનલીલા કરી

પૂર્વછાયો :

ઉન્મત્તગંગામાં આ સમે, હરિ નાહ્યા વારંવાર;
નાતાં દીઠા નાથને, તે પામી ગયા ભવપાર...૦૧
પુરુષોત્તમ સહજાનંદજી, આવ્યા અક્ષરપતિ તન ધરી;
સર્વે તીરથનું સદન એ છે, જેમાં નાહ્યા વા'લો ફરીફરી...૦૨

ચોપાઈ :

ઊઠ્યા સવારમાં સહજાનંદ, કરી ક્રિયા તે શ્રીજગવંદ;
ઊભા સુંદર સુરવાળ પે'રી, નાડી હીરની ફૂમતાં સોનેરી...૦૩
જામો જરી તણો બહુ શોભે, જોઈ રેંટો કેડે મન લોભે;
કસુંબી મોળિયું વળી માથે, બાંધ્યું મેલી છોગું પોતે હાથે...૦૪
કડાં સાંકળાં વેઢ બે બાજુ, ઊતરી મોતી કુંડળ કાજુ;
ગજરા ગુચ્છ ગળે પે'ર્યા હાર, બાજુ તોરા પાઘમાં અપાર...૦૫
નેણે નીરખી સુંદર મૂર્તિ, જેને વેદ કહે છે નેતિ નેતિ;
સુંદર ઘોડે ચઢ્યા ઘનશ્યામ, ચાલ્યા સંત મધ્યે સુખધામ...૦૬
વાજે વાજાં ગાયે કીર્તન, કરે હરિજન સર્વે ભજન;
વા'લે વસ્ત્ર ઉતાર્યાં જાઈ, પેઠા નાવા તે જળમાંઈ...૦૭
શોભે ખળખળિયામાં શ્યામ, પૂર્વ મુખે બેઠા સુખધામ;

આગળ નાવા ઊભા બેઉ ભાઈ, રામપ્રતાપ ઇચ્છારામ જાઈ...૦૮
અયોધ્યાપ્રસાદ ને રઘુવીર, નંદરામ ગોપાળજી ધીર;
વૃંદાવન સીતારામ સોઈ, બદ્રિનાથ રામશરણ દોઈ...૦૯
આદ્યે આનંદે અયોધ્યાવાસી, નાહ્યા સર્વે તે સુખરાશી;
મોટા સંત આગળ મહંત, મુક્તાનંદ ગોપાળાનંદ ગુણવંત...૧૦
બ્રહ્માનંદ નિત્યાનંદ સ્વામી, કરે દર્શન હેતે મુદ પામી;
મુકુંદ બ્રહ્મચારી ને જેરામ, કરે સેવા હરિની આઠુ જામ...૧૧
આદ્યે બ્રહ્મચારી અને સંત, પાળા હરિજન ભક્ત અનંત;
મળ્યા સંત હરિજન હિલોલ[1], ગાય કીર્તન કરે કિલ્લોલ...૧૨
દાદાખાચર મોટા ભક્તમાંઈ, પર્વતભાઈ જીણાભાઈ ત્યાંઈ;
એ આદ્યે મોટા ભક્ત બહુ, નાય હરિ આગે ઊભા સહુ...૧૩
પાડે તાળી સંતજન સાથ, નાતાં શોભે સંત મધ્યે નાથ;
વહે પાણી તે બહુ બળવંત, મારે ગડથોલાં તરે છે સંત...૧૪
તેને જોઈ વા'લો બહુ હસે, એવી મૂર્તિ અંતરમાં વસે;
વા'લો બે હાથે જળ હિલોળી, પલાળે પાણીએ સંત ટોળી...૧૫
ચઢી વિમાને દેવતા આવે, વા'લાને પુષ્પ મોતીડે વધાવે;
ધન્ય ધન્ય કહે હૈયે હરખે, નાથને નેણાં ભરીને નીરખે...૧૬
નાય વા'લો ત્યાં તો બહુવાર, કરે દરશન તે નરનાર;
એવા અનંત બ્રહ્માંડના સ્વામી, રમે ઉન્મત્ત ગંગામાં બહુનામી...૧૭
કરે લીલા વા'લો જળમાં નાય, એ તો દુર્લભ વાત કેવાય;
નાહી બહાર નીસરે નાથ, ઝાલ્યો હેતે મેં હરિનો હાથ...૧૮
દિલ લોઈ પે'રે કોરો ખેસ, શોભે નટવર સુંદર વેશ;
પે'રે સુરવાળ ડગલી હરિ, માથે બાંધે તે પાઘ સોનેરી...૧૯

૧.ઉત્સાહથી

કસે કેડ્યે રેંટો તે વાર, પછી ઘોડે થાય અસવાર;
હેતે લાવે હરજીભાઈ હાર, પે'રે વા'લો રૂડા શણગાર...૨૦
ધર્યું છત્ર વીંઝણો ઢોળું વાય, વા'લો બજારે ધીરા ધીરા જાય;
બેઠા પ્રદક્ષિણા પર જગવંદ, શોભે સંતમાં ઉડુમાં[૧] જેમ ચંદ...૨૧
હતો દિવસ તે ઘડી ચાર, ધર્યું છત્ર માથે તે વાર;
જન્માષ્ટમીનો દન જાણી, મળ્યા સંતને સારંગપાણી...૨૨
પ્રથમ મળ્યા તે બે ભાઈ, રામપ્રતાપ ઈચ્છારામ જાઈ;
મળ્યા અયોધ્યાપ્રસાદને નાથ, ભેટ્યા રઘુવીરને ભરી બાથ...૨૩
મળ્યા ગોપાળજીને ઘનશ્યામ, મળ્યા નંદરામજીને સુખધામ;
મળ્યા વૃંદાવનજીને વા'લો, મળ્યા સીતારામજીને ધર્મલાલો...૨૪
મળ્યા બદ્રિનાથજીને બહુ, મળ્યા રામશરણાદિ સહુ;
સર્વે આવ્યા જે અયોધ્યાવાસી, તેમને મળિયા તે અવિનાશી...૨૫
પછી મુક્તાનંદ આદિ મહંત, મળ્યા અનુક્રમે સર્વે સંત;
મળ્યા મુકુંદ આદિ બ્રહ્મચારી, મળતાં મૂર્તિ મેં અંતર ધારી...૨૬
ભગુજી રતનજી આદ્યે પાળા, મળી હરિને થયા સુખાળા;
દાદાખાચર સોમલો જેહ, મળ્યા મહારાજ કરી સનેહ...૨૭
મોટા મોટાને મળ્યા વા'લો ત્યાંઈ, બીજાને ચરણ દીધા છાતીમાંઈ;
એવી રીતે મળ્યા સુખસિંધુ, પછી ધૂન કરી દીનબંધુ...૨૮
પછી હિંડોળમાં બેઠા ઘનશ્યામ, ઝૂલ્યા હિંડોળે તે સુખધામ;
ગાયાં કીર્તન સંતે ત્યાં ફરી, ગાવા ભેળા ફર્યા માંય હરિ...૨૯
પછી પોઢી રહ્યા વળી નાથ, લઈ પંખો વા ઢોળ્યો મેં હાથ;
પોઢ્યા ઓરડીમાં પ્રાણઆધાર, ગઈ રાત ને થયું સવાર...૩૦

૧.તારલાઓમાં

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ ઉન્મત્ત ગંગામાં સ્નાનલીલા કરી' એ નામે પંદરમો કિરણ ॥૧૫॥

કિરણ : ૧૬

શ્રીહરિની ભોજનલીલા

પૂર્વછાયો :

ઊઠ્યા હરિ હળવા રહી, ગયા ક્રિયા કરવા નાથ;
સુંદર સરસ ધૂળ લાવી, ધોવરાવ્યા મેં હાથ...૦૧
પછી કાજુ કોમળ દાતણ કરી, નીર ઊને નાહ્યા હરિ;
પીળું પીતાંબર પે'રિયું, ચાલ્યા ચાખડિયે ચડી કરી...૦૨
ઓરડીમાં બેઠા અલબેલડો, રત્ન બાજોઠે વળી;
કંચન કેરા થાળ લાવ્યા, બેઉ ભાઈ ભેળા મળી...૦૩
ભોજન વ્યંજન[૧] બહુ ભાતનાં, આણ્યાં અનંત અપાર;
અથાણાં અતિ ઘણાં, બેઠા જમે જગઆધાર...૦૪

ચોપાઈ :

જમે સહજાનંદ સુખકંદ, તેને જોઈ થાય આનંદ;
જમે જલેબી જગઆધાર, ધીરે ધીરે કરી બહુ પ્યાર...૦૫
જમે મોતૈયા લાડુ મહારાજ, નીરખી નાથ સરે સર્વે કાજ;
જમે સાટા બે સુખકારી, શોભે મૂર્તિ મોહન તે સારી...૦૬
જમે બરફી બે બહુનામી, સુખસિંધુ સહજાનંદસ્વામી;
જમે પેંડા તે પ્રાણપતિ, નીરખી આનંદ થાય અતિ...૦૭

૧.શાક

જમે લાડુ સેવૈયા શ્યામ, શોભે સુંદર તે સુખધામ;
જમે શીરો સાકરનો સારો, ધીરા ધીરા તે ધર્મદુલારો...૦૮

પૂરી જમે થઈ પ્રસન્ન, સંત હરિજન કરે દર્શન;
જમે માલપૂડા મરમાળો, છેલ છબીલો છોગલાવાળો...૦૯

દૂધપાક પૂરી પોતે જમે, જમતાં જીવન મનમાં ગમે;
જમે કંસાર સાકર કેરો, જોઈ વાધે હરખ ઘણેરો...૧૦

જમે હરીસો તેહ જગનાથ, કરે દર્શન તે સર્વ સાથ;
ઘેબર જમતાં જોયા ઘનશ્યામ, તે તો પામ્યા પ્રભુનું ધામ...૧૧

જમે દહીંથરાં સુંદર દળ, પીયે વારેવારે વા'લો જળ;
સુંદર સેવ અને સુંવાળી, જમતાં જોયા તે વનમાળી...૧૨

જમ્યા બિરંજ ધર્મના બાળ, દીધા પ્રસાદીના વા'લે થાળ;
જમ્યા વેડમી તે વળી વા'લો, ધર્મ ધુરંધર ધર્મનો લાલો...૧૩

જમે રસ રોટલી મુનિરાય, કરી દર્શન તે સુખ થાય;
જમે રોટલી ને વળી ભાજી, દીધો પરસાદ તે થઈ રાજી...૧૪

જમ્યા બાજરાનો રોટલો, માંય ઘીએ ભરેલો ભલો;
જમ્યા ભજીયાં વડાં ફૂલવડી, ભાતદાળ ને વળી કઢી...૧૫

જોયા દહીંવડાં વા'લો જમતાં, સ્વામી સહજાનંદ મન ગમતાં;
જમે સાકર દૂધ ને ભાત, એવાં દર્શન કરે સર્વે સાથ...૧૬

જમે ભાત સાકર દઈ વળી, આપે પરસાદી વા'લોજી ગળી;
જમ્યા વૃંતાક[1] ને કારેલાં, ઘણાં ઘીમાં શાક વઘારેલાં...૧૭

જમ્યા સૂરણ અળવીનાં શાક, ઘણાં ઘીમાં પકાવ્યો પાક;
જમ્યા પાપડ ને પૂડલા, શાક તૂરિયાં ભીંડાનાં ભલાં...૧૮

૧.રીંગણા

અડદ મગ ચણાની દાળ, કોળાં ચીભડાંનાં રાયતાં રસાળ;
વૃંતાક વા'લોળ ને ચોળાફળી, ઘણાં ઘીમાં કર્યાં શાક તળી...૧૯
કેરી અને લીંબુનાં અથાણાં, ગરમર હળદર આદા તણાં;
ખારેક સૂરણ વાંસનાં વળી, રૂડી કાચરિયું ઘીમાં તળી...૨૦
શાક પાક અથાણાં અપાર, જમ્યા દયા કરી જગઆધાર;
કર્યું આચમન અંતરજામી, લીધો મુખવાસ સહજાનંદસ્વામી...૨૧
કાથો ચૂનો ને પાન સોપારી, જાયફળ લવિંગ એલચી સારી;
શોભે કેસર ચંદન કંકુ લાલ, ચોખા ચોટ્યા તે સુંદર ભાલ...૨૨
પે'ર્યા હાર તોરા સુંદર બાજુ, ગજરા ગુચ્છ ગુલાબી કાજુ;
કરી ધૂપ દીપ ને આરતી, ચાલ્યા પીરસવા સંતપતિ...૨૩
પીરસે સંતને શ્રીઘનશ્યામ, લાડુ જલેબી સાટા સુખધામ;
શીરો પૂરી અને કંસાર, બહુ બહુ કરી મનુવાર[1]...૨૪
ફર્યા પંગતમાંહિ પાંચવાર, જમ્યા સંત થયો જયજયકાર;
ધોઈ હાથ પગ રાજી થઈ, પોઢ્યા ઓરડીમાં વા'લોજી જઈ...૨૫

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ ભોજનલીલા કરી' એ નામે સોળમો કિરણ ॥૧૬॥

કિરણ : ૧૭

શ્રીહરિએ જળઝીલણી એકાદશીનો ઉત્સવ કર્યો

પૂર્વછાયો :

શ્રીસહજાનંદસ્વામીએ, કરી લીલા ગઢડે અપાર;
ઉત્તમના દરબારમાં, તેને સંભારવી વારંવાર...૦૧

૧.આગ્રહ

દીધાં દર્શન બહુ દાસને, ગઢપુર વા'લે વસી;
ઠાકોરને જળ જીલવાની, આવી અવલ એકાદશી...૦૨

ચોપાઈ :

બેઠા શ્વેત વસ્ત્ર વા'લો પે'રી, શિર શોભે તે પાઘ સોનેરી;
ફૂલ ગજરા બાજુબંધ હાર, પે'ર્યા સુંદર ધર્મકુમાર...૦૩
ગુચ્છ તોરા છોગાં મેલ્યાં માથે, ફૂલ દડો ઉછાળે હરિ હાથે;
પે'રી મોતીની ગળે માળા, બેઠા ઓસરિયે દીનદયાળા...૦૪
અવધવાસી સંત બ્રહ્મચારી, પાળા હરિજનની ભીડ ભારી;
ધર્યું છત્ર સોનેરી માથે, ચાલ્યા ઠાકોર ઝુલાવા સાથે...૦૫
ઝાંઝ મૃદંગ ને શરણાઈ, ભેરી ભૂંગળ વાજાં સુખદાઈ;
ગાય કીર્તન સંતજન ઘણાં, થાય ભડાકા બંધૂક તણા...૦૬
ચાલે ધીરા ધીરા ઘનશ્યામ, કરે દર્શન તે સર્વે ગામ;
વળી દર્શન કરવા તે ઘડી, આવ્યા વિબુદ્ધ[૧] વિમાન ચડી...૦૭
કરે પુષ્પ વૃષ્ટિ અમર[૧], વ્યોમે અતિ મેઘાડમર[૨];
શોભે સંત મધ્યે સહજાનંદ, ઉડુગણ મધ્યે જેમ ચંદ...૦૮
બહુ મનુષ્યે શેરી સઘન[૩], જુએ અમૃતદષ્ટિએ જીવન;
સુંદર વીંઝણો ઢોળું હું વાય, નીરખી નાથને આનંદ થાય...૦૯
આવ્યા ઉન્મત્ત ગંગા માંઈ, પીળીએ મઘરિયે ધરે સાંઈ[૪];
ઝૂલ્યા ઠાકોર ત્યાં બહુવાર, પોતે ઝુલાવે જગઆધાર...૧૦
અતિ નિરમળ ગંગાનું વારી, કરે લીલા તેમાં વા'લો ભારી;
મારે ડબકી તે દીનદયાળ, કરે દર્શન સર્વે મરાળ[૫]...૧૧
વા'લો જળમાં આવતાં જણાય, જેમ દર્પણમાં મુખ દેખાય;
પેલી શિખા તે ઉપર દીસે, કરવા દર્શન હરિજન હીસે...૧૨

૧.દેવો ૨.વાદળની ઘટા જેવી ૩.ખીચોખીચ; ભીડવાળી ૪.સર્વના સ્વામી શ્રીહરિ
૫.પરમહંસ; સંતો

પછી ઊભા રહે જળમાંઈ, ગવરાવે કીરતન ત્યાંઈ;
પાડે તાળી તે સર્વે સાથ, ભેળા તાળી પાડે પોતે નાથ...૧૩
થાય આનંદ ઉત્સવ અતિ, ઝીલે તે ગંગામાં સંતપતિ;
એવી શોભા તે વેદ વખાણે, જેણે દીઠી હોય તેહ જાણે...૧૪
બહુવાર નાય પોતે સ્વામી, ઉન્મત્તગંગામાં અંતરજામી;
નાહી બાર્ય નીસરે જ્યારે નાથ, ઝાલે ભીમભાઈ હરિનો હાથ...૧૫
નાહી નીસરે વા'લોજી બા'ર, પે'રે કોરો ખેસ તેહ વાર;
પેર્યો સરવે તે સુહાઘ[1], છોગું મેલી માથે બાંધી પાઘ...૧૬
લઈ ફૂલ તણા શણગાર, આવ્યા ઊકો હરજી તે વાર;
પે'ર્યા પ્રભુજી થઈ પ્રસન્ન, ચડી ઘોડે દિયે દર્શન...૧૭
સૂરજ મુખી છત્ર માથે છાજે, જરિયાની નિશાન વાજાં વાજે;
ચાલ્યા ભક્ત મધ્યે ભગવાન, મોટી બજારે તે સુખનિધાન...૧૮
ઘણાં ધોળ મંગળ ગવાય, સંત મધ્યે શોભે મુનિરાય;
આવ્યા દરબારમાં એમ વા'લો, બેઠા લિંબ છાંયે ધર્મલાલો...૧૯
થઈ સંતની સભા ત્યાં ભારી, ઊભા હરિજન અનેક નરનારી;
મધ્યે બેઠા તે શ્રીજગવંદ, શોભે તારામાંહી જેમ ચંદ...૨૦
બેઠા તકિયે અઢેલી[2] નાથ, ગાય કીર્તન મુનિજન સાથ;
વા ઢોળી[3] વા'લમજીને નીરખું, જોઈ છોગું હૈયે ઘણું હરખું...૨૧
કર્યું જાગરણ તે મુનિરાજ, પછી પોઢવા પધાર્યા મહારાજ;
સુંદર ઓરડીમાં સેજ બિછાવી, પોઢ્યા શ્રીઘનશ્યામ ત્યાં આવી...૨૨

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ જળઝીલણી એકાદશીનો ઉત્સવ કર્યો' એ નામે સત્તરમો કિરણ ॥૧૭॥

૧.શોભાયમાન પહેરવેશ ૨.ટેકો દઈને ૩.પવન નાખતો થકો

કિરણ : ૧૮

શ્રીહરિએ ગઢપુરમાં વિજયાદશમીનો સમૈયો કર્યો

પૂર્વછાયો :

વિજયાદશમીના સમૈયા, ગઢડે કર્યા બહુવાર;
શ્રીહરિએ શણગાર પે'રી, કરી લીલા અતિ અપાર...૦૧
ગંગાજળિયા કૂપ પાસે, દક્ષિણ પૂર્વ ચોક ફળી;
લીંબતરુની છાંય રૂડી, ત્યાં બેઠા વા'લો સંત મળી...૦૨

ચોપાઈ :

સુંદર ઢોલીડો ઢાળ્યો સારો, તે પર બેઠા તે ધર્મદુલારો;
શ્વેત પહેર્યો સુંદર ખેસ, શોભે મૂર્તિ મનોહર વેશ...૦૩
રામપ્રતાપ ઈચ્છારામ જાઈ, પાસે બેઠા આવી બેઉ ભાઈ;
અવધપ્રસાદ ને રઘુવીર, નંદરામ ગોપાળજી ધીર...૦૪
વૃંદાવન ને સીતારામ સોય, બદ્રિનાથ રામશરણ દોય;
નારાયણપ્રસાદ આદ્યે આવ્યા, શ્રીમહારાજને મન ભાવ્યા...૦૫
સુંદર આસન બિછાણાં લાવી, બેસાર્યા પોતે હેતે બોલાવી;
બેઠા પ્રભુને લાગીને પાય, નીરખે હરિને હરખ ન માય...૦૬
પે'રી વસ્ત્ર ઘરેણાં ઉજાસી, શોભે સભામાં અયોધ્યાવાસી;
મુક્તાનંદ ગોપાળાનંદસ્વામી, બેઠા હરિ કને કરભામી...૦૭
નિત્યાનંદ ને બ્રહ્માનંદ, નીરખી નાથ ને પામ્યા આનંદ;
શુકમુનિ ભાઈરામદાસ, સચ્ચિદાનંદ ને સંતદાસ...૦૮
આનંદસ્વામી ચૈતન્યાનંદ, મહાનુભાવાનંદ નિરબંધ;
કૃપાનંદ કૈવલ્યાનંદ, ગુણાતિતાનંદ ધ્યાન સ્વછંદ...૦૯
અક્ષરાનંદ ને અદ્ભુતાનંદ, કરે સ્વરૂપાનંદ આનંદ;
પરમાનંદ ને પ્રેમાનંદ, ગાય કીરતન કરે આનંદ...૧૦

એ આદ્યે સંતમાં નહિ મણા, લાગી પાય બેઠા ઘણાં ઘણાં;
મુકુંદ બ્રહ્મચારી ને જેરામ, વાસુદેવ નારાયણ નંદ નામ...૧૧
વૈકુંઠ ને માધવ બ્રહ્મચારી, આનંદાનંદ રાઘવાનંદ ભારી;
વામનાનંદ કાળો બ્રહ્મચારી, રામકૃષ્ણની રીત તે ભારી...૧૨
એ આદ્યે ઘણા બ્રહ્મચાર, બેઠા પાસે કરીને નમસ્કાર;
પાળા ભગુજી રતનજી જેહ, ગુમાનજી વીરો ભીમ તેહ...૧૩
વેરોભાઈ ને હમીરભાઈ, કમો કાળો અરજણ હરજીભાઈ;
મુખ્ય માંચા સોમલા નાજાભક્ત, લાખા મૈજી આદ્યે સૌ વિરક્ત...૧૪
સુરા ખાચર ને જીણાભાઈ, પૂજોશેઠ ને પૂજોભાઈ;
નારાયણજી ને દેવરામ, કાશીદાસ ભટ્ટ મયારામ...૧૫
કાકોભાઈ અને વેણીભાઈ, નાથજી દામોદર આદ્યે કંઈ;
જોઈ સભા ને થાય આનંદ, મધ્યે શોભે સ્વામી સહજાનંદ...૧૬
આવ્યા દાદાખાચર તે વાર, લાવ્યા વસ્ત્ર-ઘરેણાં ઉદાર;
કહે દશેરાનો દન છે આજ, પે’રો વસ્ત્ર-ઘરેણાં મહારાજ...૧૭
પછી પ્રભુ થયા પ્રસન્ન, દેવા સંત હરિજનને દર્શન;
સુંદર સુરવાળ ડગલી પે’રી, માથે બાંધી તે પાઘ સોનેરી...૧૮
કસી કેડ્ય રેંટો લઈ નાથે, હીરકોરી રૂમાલ લીધો હાથે;
પે’ર્યાં કડાં સાંકળાં કુંડળ, તોડા પોંચી બાજુ ઝળામળ...૧૯
મોતીમાળ સાંકળી કંદોરો, શોભે માથે સુંદર હેમ તોરો;
પે’ર્યાં ફૂલ ગુલાબી નવરંગ, વા’લો શોભી રહ્યા અંગોઅંગ...૨૦
કર્યો કુમકુમનો ચાંદલો, શોભે સુંદરવરને તે ભલો;
ચઢ્યા માણકી ઘોડીએ મહારાજ, ચાલ્યા દશેરા પૂજવા કાજ...૨૧
માથે છત્ર ચમર અબદાગરી, નેણાં ભરીને નીરખ્યા હરિ;
વાજે વાજાં ને મંગલ ગવાય, ભીડ ભક્તની બજારે ન માંય...૨૨

પોં'ચ્યા લક્ષ્મીવાડીમાં શ્રીહરિ, પૂજી સમડાની[1] પ્રદક્ષિણા કરી;
રામચંદ્ર ભટ્ટ મયારામ, દીધી દક્ષિણા તેમને ઘનશ્યામ...૨૩
તિયાં ઘોડી ફેરવી બહુવાર, દીધાં દર્શન પ્રાણઆધાર;
પછી વાડીમાં વા'લોજી આવી, બેઠા વેદી પર ઢોલીડો ઢળાવી...૨૪
લાવ્યા ફળ અતિ રસાળ, તેને જમિયા તે દીનદયાળ;
હાર તોરા હરજીભાઈ લાવ્યા, પૂજા કરીને પ્રીતે પે'રાવ્યા...૨૫
કર્યો'તો નિષ્કુળાનંદે ફુવારો, જોઈ રીઝ્યા તે ધર્મદુલારો;
બહુ બેઠા તિયાં બહુનામી, ગાયાં કીર્તન પ્રેમાનંદસ્વામી...૨૬
પછી ઘોડીએ થયા અસવાર, આવ્યા મંદિરમાં જગઆધાર;
મળ્યા સંતને તે સુખકારી, એવી મૂર્તિ અંતરમાં ધારી...૨૭

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ ગઢપુરમાં વિજયાદશમીનો સમૈયો કર્યો' એ નામે અઢારમો કિરણ ॥૧૮॥

કિરણ : ૧૯

વડોદરાના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી

પૂર્વછાયો :

વટપત્તનમાં વા'લમો, ગયા કરી બહુ મે'ર;
દેવા દર્શન દાસને, કરવા તે લીલા લે'ર...૦૧
સૈન્ય સકળ લઈ શ્યામળો, બેસી ગજ ઉપર ગુણવંત;
નૃપ હરિજન દેશદેશના, સંગે સકળ ગુરુ સંત...૦૨

૧.ખીજડાના વૃક્ષની

ચોપાઈ :

સિંહજીતે પોતાને રે ધામ, પધરાવ્યા તે પૂરણકામ;
નિજ ગાદીએ શ્રીભગવાન, પોતે બેસાર્યા કરી સનમાન...૦૩
પ્રભુ પૂજવા આતુર મન, ભરી થાળ ને આવ્યા રાજન;
પૂજ્યા સોળવિધિ ઉપચાર, ચંદનાદિક પુષ્પના હાર...૦૪
શિરપેચ ભારે ભૂપે એક, ભારે બંધાવ્યો કરી વિવેક;
શેલાં પાઘ તણો શિરપાવ[1], નૃપે કર્યો કરી અતિ ભાવ...૦૫
શાલ જોટો અતિશે શોભિત, ઓઢાડ્યો પ્રભુને કરી પ્રીત;
કિનખાપનું સુંદર થાન[2], જામદાની[3] બે શોભાયમાન...૦૬
મોતિયોની ભારે એક માળા, તેણે શોભે છે શ્યામ રૂપાળા;
ભારે ધરાવિયા શણગાર, ઉતારી આરતી તેહ વાર...૦૭
નાથભક્તે તે પૂજિયા હરિ, બહુ વિધિ સામગ્રિયો કરી;
સુરવાળ ડગલી ને પાઘ, શેલું સોનેરી તે જોયા લાગ...૦૮
બાપુભાઈએ પૂજ્યા બહુનામી, ઘણું અંતરે આનંદ પામી;
પીળી ડગલી ને સુરવાળ, શિરપાઘ ને સુંદર શાલ...૦૯
પ્રેમાનંદે તે પૂરણકામ, ભાવે પૂજિયા સુંદરશ્યામ;
સુરવાળ ડગલી અનુપ, કિનખાપતણાં સુખરૂપ...૧૦
શિરપાઘ ને સુંદર શેલું, ખભે ધરાવિયું અલબેલું;
ભારે ભક્ત બાપુ શિવરામ, પ્રેમે પૂજિયા પૂરણકામ...૧૧
શેલાં પાઘતણો શિરપાવ, ધરાવીને લીધો મોટો લાવ;
વળી પૂજિયા પ્રાણઆધાર, રામચંદ્રે કરી બહુ પ્યાર...૧૨
વસ્ત્ર ભૂષણ ને અલંકાર, એમ પૂજ્યા પ્રભુ બહુવાર;
કિનખાપતણો સુરવાળ, ડગલી સુંદર ને ભારે શાલ...૧૩

૧.ભેટરૂપે પોશાક ૨.લાંબું કાપડ ૩.કપડા ભરવાની ખાનાવાળી થેલી

હાર ગજરા તોરા ને પાઘ, ધરાવી પ્રભુને બડભાગ;
ગાડી બળદ સોતી આપી જન, પ્રભુ પૂજીને થયા પાવન...૧૪

ભક્ત વકીલ જગજીવન, જેનું પ્રભુમાં આતુર મન;
સુરવાળ શેલું અને પાઘ, જામો સુંદર તે જોયા લાગ...૧૫

આપ્યો રેશમી રૂમાલ હાથ, પ્રભુ પૂજીને થયા સનાથ;
ભક્ત ભગુજી ભારે સુથાર, તેણે પૂજિયા પ્રાણઆધાર...૧૬

મહારાજને બેસવા વેલ, કરી આગળ ભેટ ધરેલ;
રૂડી ચાખડીઓ કરી તૈયાર, આપી પ્રભુજીને કરી પ્યાર...૧૭

દાડમ નારંગી અને હાર, તોરા ગજરા ને બહુ અલંકાર;
નાના પ્રકારના શિરપાવ, અરપીને લીધો બહુ લાવ...૧૮

હરિલાલે પૂજ્યા પ્રભુ પ્રીતે, કેસર ચંદન લઈ રૂડી રીતે;
મલમલનો ફેંટો લઈ હાથે, બંધાવ્યો મહારાજને માથે...૧૯

એક હીરકોરી રૂડો રૂમાલ, અરપી પ્રભુને થયો નિહાલ;
તોરા બાજુ ગજરા ફૂલહાર, પે'રાવ્યા પ્રભુને બહુવાર...૨૦

કડિયો એક તે દામોદર, પ્રેમે પૂજ્યા તેણે નટવર;
હેમ ગલચવો[૧] લઈ રૂડી રીતે, પે'રાવ્યો પ્રભુને બહુ પ્રીતે...૨૧

નારાયણજીભાઈ ને દેવરામ, પ્રેમે પૂજિયા સુંદરશ્યામ;
શેલું સુંદર ને રૂડી પાગ, ધરાવી પ્રભુને બડભાગ...૨૨

ગિરધર ફોકે[૨] પૂજ્યા ઘનશ્યામ, ચંદન પુષ્પ લઈ સુખધામ;
અત્તર શિશિ અતિ અમળ, નારંગી ને રૂડા જામફળ...૨૩

કુબેરે પૂજ્યા પ્રાણઆધાર, ચંદન હાર લઈ બહુવાર;
લાવ્યા મુગટ રત્નેજડિત, દીધો વા'લાને કરી બહુ પ્રીત...૨૪

૧.કંઠમાં પહેરવાનું વજનદાર ઘરેણું ૨.ભરવાડ,રબારી

કર્યો હતો ઠાકોરજીને કાજ, જોઈ રાજી થયા મહારાજ;
ચાખડિયું પવિત્રાં પંખા સાજ, લાવ્યા ચંબુ[1] પાણી પીવા કાજ...૨૫
દ્વારકો ભક્ત દલના ઉદાર, પૂજ્યા પ્રભુને કરી બહુ પ્યાર;
વસ્ત્ર ઘરેણાં ને ફૂલહાર, કેસર ચંદન ષોડશ ઉપચાર...૨૬
લાલદાસે લીધો બહુ લાવ, પૂજ્યા પ્રભુ કરી અતિ ભાવ;
કાજુ કંચન માળા પે'રાવી, ઝારી[2] રૂપાની રૂડી બનાવી...૨૭
ઈશ્વર દવેએ તે આણીવાર, પૂજ્યા હરિ કરી બહુ પ્યાર;
શેલું પાઘ બંધાવી છે પ્રીતે, ઉતારી આરતી રૂડી રીતે...૨૮
પ્રભુદાસે પૂજા કરી પ્રીતે, દીધી રસોઈ તે રૂડી રીતે;
દીધું જગન્નાથીનું થાન[3], લઈ રાજી થયા ભગવાન...૨૯
હરજી લાકોટે પૂજ્યા હરિ, હેતે જમ્યા પ્રભુ દયા કરી;
સુંદર શેલું બંધાવી પાઘ, ભક્ત મોટા એ બડભાગ...૩૦
મનસુખે તે મનમાં વિચારી, પૂજ્યા પ્રીતે તે દુઃખહારી;
પે'રાવ્યા બાજુ તોરા ને હાર, ગાયાં કીરતન તે કરી પ્યાર...૩૧
સદાશિવે તે સુખના ધામ, પૂજ્યા પ્રીતે તે પૂરણકામ;
સુંદર સુરવાળ જામો ને પાઘ, ચંદન પુષ્પ હારે બડભાગ...૩૨
ચીમનરાવ ને શોભારામ, નારુપંત આદ્યે ગુણધામ;
દીધી રસોયું અપરંપાર, જમ્યા સાધુ ને જગઆધાર...૩૩
ધન્ય ધન્ય એ ભક્ત ઉદાર, તેને નમું હું વારંવાર;
એવા જનનું લે જે નામ, તે તો પામે પ્રભુનું ધામ...૩૪
અતિ હેતવાળા હરિજન, પ્રભુ વિના નહીં બીજે મન;
જોઈ નજરે લખ્યા કરી પ્યાર, વંદ્યા યોગ્ય તે વારંવાર...૩૫

૧.પાણી પીવાનો કુંજો ૨.નાળચાવાળી ટોયલી; નાની લોટી ૩.કિંમતી લાંબું કાપડ; તાકો

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'વડોદરાના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી' એ નામે ઓગણીસમો કિરણ ॥૧૯॥

કિરણ : ૨૦

સુરત આદિ તથા કાનમદેશના હરિભક્તોએ પૂજા કરી

પૂર્વછાયો :

જે હરિજને જગદીશને, પૂજ્યા કરી બહુ પ્યાર;
ભાગ્ય તેનાં શું ભણું, ન થાય તેનો નિરધાર...૦૧
સુદામો શબરી દ્રૌપદી, વિદુર ને બલીરાય;
કુબજાએ ચંદન દીધું, તેનો મહિમા સહુ ગાય...૦૨

ચોપાઈ :

સૂરજપુરના હરિજન સાર રે, એનાં પુણ્ય તણો નહીં પાર રે;
ગોવિંદભાઈ ઘણા ગુણવાન રે, પૂજ્યા ઘણે ભાવે ભગવાન રે...૦૩
મહાલક્ષ્મી ને ભિખારીદાસ રે, બહુ હેતે પૂજ્યા અવિનાશ રે;
વસ્ત્ર ઘરેણાં ને અલંકાર રે, પૂજા કરી તે વારંવાર રે...૦૪
દીધી હેતે રસોયું અપાર રે, જમ્યા સંત ને જગઆધાર રે;
ધર્મપુરે કુશળકુંવરબાઈ રે, પૂજ્યા પ્રીતે સ્વામી સુખદાઈ રે...૦૫
રાજા રાયસિંહ વાંસદે ગામ રે, પૂજ્યા હરિ તેણે સુખધામ રે;
ગોવિંદભાઈ જે બુરાનપુરી રે, તેણે હેતે કરી પૂજ્યા હરિ રે...૦૬
ભારે રેંટા સોનેરી લાવ્યા રે, પૂજા કરી પ્રભુને ધરાવ્યા રે;
લિંબડા છાંયે રેંટો લાવી રે, પ્રભુને પોતે પાઘ બંધાવી રે...૦૭
પૂજા કરી પે'રાવ્યા હાર રે, કર્યા રાજી તે ધર્મકુમાર રે;
નિમાડી જે ગોવિંદભાઈ રે, પૂજ્યા સહજાનંદ સુખદાઈ રે...૦૮

વસ્ત્ર ઘરેણાં બહુ કરાવ્યાં રે, લાવી પ્રભુજીને પહેરાવ્યાં રે;
ગ્વાલિયરનો જે કાશીરામ રે, પૂજ્યા પંચાળે સુખના ધામ રે...૦૯

રહે અયોધ્યાપુરીમાં વાસ રે, વાલબાઈ અને લાલદાસ રે;
તેણે પૂજ્યા પ્રભુ રૂડી રીતે રે, પેંડા બરફી લઈ જમાડ્યા પ્રીતે રે...૧૦

ભવાનીસંગ ને દિનાસંગ રે, ભગુ વણિક અતિ અનઘ[૧] રે;
તેણે સેવ્યા હરિ સુખકારી રે, કર્યું મિત્રપણું ભાવે ભારી રે...૧૧

છપૈયાના કાળુચંદ કઈયે રે, એના પુણ્યનો પાર ન લઈયે રે;
તેનો પરિવાર પરમ ઉદાર રે, સેવ્યા સહજાનંદ કરી પ્યાર રે...૧૨

તરગામના જે લક્ષ્મીરામ રે, તેણે પૂજ્યા તે શ્રીઘનશ્યામ રે;
ધન્ય સરવારનાં બાઈ ભાઈ રે, નયણે નીર્ખ્યા સ્વામી સુખદાઈ રે...૧૩

ધન્ય હરિનું જન્મસ્થાન રે, કર્યું મંદિર શોભાયમાન રે;
પધરાવ્યા ત્યાં શ્રીઘનશ્યામ રે, પાસે ભક્તિધર્મ સુખધામ રે...૧૪

લખનૌ શહેરના જે વેણીરામ રે, તેણે પૂજ્યા તે શ્રીઘનશ્યામ રે;
વસ્ત્ર ઘરેણાં ને પાઘ સોનેરી રે, ફૂલહાર ગજરા પોંચી પે'રી રે...૧૫

ઉદેપુરનો જે તુલસીદાસ રે, તેણે પૂજ્યા પ્રીતે અવિનાશ રે;
કરુણાશંકર ગામ ડભોઈ રે, પૂજ્યા પ્રભુ રૂડી પળ જોઈ રે...૧૬

કરાળીના અજુ વ્રજભાઈ રે, પ્રીતે પૂજ્યા પ્રભુ સુખદાઈ રે;
શિનોરના જોરો ગિરધર રે, તેણે પૂજ્યા સ્વામી સુખકર રે...૧૭

ભ્રગુક્ષેત્રમાં ડાયો હરિભાઈ રે, પૂજ્યા પ્રભુ તેણે સુખદાઈ રે;
કેલોદના જે વલીભાઈ રે, પૂજ્યા હરિ એણે રાજી થાઈ રે...૧૮

કરેણાના રાયજી નૃસિંહ વૈદ રે, તેણે પૂજ્યા પ્રભુ સુખચંદ રે;
દોરે જીજીભાઈ કાશીરામ રે, તેણે પૂજ્યા પ્રીતે ઘનશ્યામ રે...૧૯

વેલૈતના[૨] ગિરધર જેરામ રે, તેણે પૂજ્યા તે શ્રીઘનશ્યામ રે;

૧.નિષ્પાપ ૨.વિલાયત ગામના

બુવે ધ્રુવ ગુલાબ કાનદાસ રે, પ્રીતે પૂજ્યા તેણે અવિનાશ રે...૨૦

આમોદના ગણપત કૃષ્ણારામ રે, તેણે પૂજ્યા તે પૂરણકામ રે;
દીધો ખેસ ને રૂમાલ શ્વેત રે, લીધો હરિએ કરી બહુ હેત રે...૨૧

શાહ હરજીભાઈએ હેતે કરી રે, ધોળો ચંદેરી રેંટો સોનેરી રે;
બંધાવ્યો મહારાજને માથે રે, દશેરાને દિવસ પોતે હાથે રે...૨૨

વેમારડીના જીણેભક્તિ ભાઈ રે, તુલજારામ આદ્યે બીજા કંઈ રે;
ચંદન પુષ્પ લઈ રૂડી રીતે રે, પૂજા કરી પ્રભુની પ્રીતે રે...૨૩

કુરૈના દાદોભાઈ ખુશાલ રે, પૂજી પ્રભુ થયા બહુ ન્યાલ રે;
આવ્યા ધર્મપુરથી હરિ જ્યારે રે, રહ્યા રાત બામણગામે ત્યારે રે...૨૪

ભવાન પ્રાગદાસ બડભાગ રે, પૂજી પ્રભુજી બંધાવી પાઘ રે;
રઘુનાથ કેસર રણછોડ રે, વેરીદા[1] નરેરદાસ[2] જોડ રે...૨૫

કરી રસોઈ ને ઘણા થાળ રે, જમ્યા સંત ને દીનદયાળ રે;
પૂજા કરી બંધાવી પાઘ રે, અરપ્યું શેલું કરી અનુરાગ રે...૨૬

દલોભાઈ ને બેચરભાઈ રે, દીધો બળદ પ્રભુને રાજી થાઈ રે;
પૂજા કરી ઓઢાડ્યા ખેસ રે, થયા રાજી તે નટવર વેશ રે...૨૭

આવ્યા પાદરેથી પ્રભુ જ્યારે રે, જમાડ્યા ખોડે પંડ્યે ત્યાં ત્યારે રે;
કંડારીના કેશવ રામદાસ રે, તેણે પૂજ્યા પ્રીતે અવિનાશ રે...૨૮

દુર્લભદાસ ને મીઠાભાઈ રે, પૂજ્યા સહજાનંદ સુખદાઈ રે;
ડભાસાના જીણે હરિભાઈ રે, તેણે પૂજ્યા પ્રભુ રાજી થાઈ રે...૨૯

સરસવણીના નાગજી ગિરધર રે, પૂજ્યા સહજાનંદ સુખકર રે;
લાખે શેલડીએ લીધો લાવ રે, પૂજ્યા હરિ કરી બહુ ભાવ રે...૩૦

આવ્યા પાદરેથી પ્રભુ જ્યારે રે, રહ્યા રાત એક ત્યાં ત્યારે રે;
ગામ જીલોડના મંજીભાઈ રે, તેણે પૂજ્યા પ્રભુ રાજી થઈ રે...૩૧

૧.આ ગ્રંથમાં નામની પાછળ 'દા' આવે ત્યાં 'દાસ' સમજવું. ૨.નરહરિદાસ

દીધો બળદ તે બહુ સારો રે, કર્યા રાજી તે ધર્મદુલારો રે;
બીજો બળદ તે તેની હાર્ય રે, દીધો કાશીદાસે કરી પ્યાર રે...૩૨

વળી પૂજા કરી બહુવાર રે, જમ્યા સંત ને જગઆધાર રે;
માથે બંધાવી સુંદર પાઘ રે, અરપ્યું પીતાંબર બડભાગ રે...૩૩

લાવ્યા ગાડું ભરીને ગુલાલ રે, વા'લો રમ્યા હોળી કરી વા'લ રે;
ચમારાના મીઠો ભવાન રે, પૂજ્યા પ્રભુ તેણે સુખદાન રે...૩૪

આંકલાવના નારણજી જેહ રે, જીવીબાઈ ને અજુભાઈ તેહ રે;
તેણે પૂજ્યા પ્રભુ બહુ પ્રીતે રે, રસિયાજીને રૂડી રીતે રે...૩૫

દાવોલના જેઠો રૂગનાથ રે, ગુમાન આદિ માધભાઈ સાથ રે;
રહ્યા રાત ત્યાં સુંદરશ્યામ રે, પ્રીતે પૂજ્યા હરિ સુખધામ રે...૩૬

ભાદરણના ભગુ ખુશાલભાઈ રે, કાળીદાસ ને કસનબાઈ રે;
જમાડ્યા સંત સ્વામી બહુવાર રે, વસ્ત્ર ઓઢાડ્યા સર્વેને સાર રે...૩૭

વેરે વ્રધભાઈને વા'લા હરિ રે, અરપી બળદ ને પૂજા કરી રે;
દેદરડાના ગલો મૂળજી રે, પૂજા કરી લીધા પ્રભુ ભજી રે...૩૮

નાપે પ્રભુદાસ ડુંગર રે, પૂજ્યા સહજાનંદ સુખકર રે;
નાવલીના કસિયો હરિજન રે, એનું અતિ ઉદાર છે મન રે...૩૯

પૂજ્યા પ્રીતે શ્રીમહારાજ રે, કરી લીધું પોતાનું કાજ રે;
જમાડ્યા સંત વારંવાર રે, કર્યા રાજી તે જગઆધાર રે...૪૦

ગાનાના પ્રભુદા લાલદાસ રે, પૂજ્યા પ્રભુ થઈ હુલાસ રે;
આણંદના અજુ દુર્લભરામ રે, તેણે પૂજ્યા તે સુંદરશ્યામ રે...૪૧

ગણેશજી સાંકરદે ગામ રે, તેણે પૂજ્યા તે પૂરણકામ રે;
સાવલીના તે કસિયોભાઈ રે, કાશીદાસ અને જીતબાઈ રે...૪૨

તેણે પૂજ્યા સહજાનંદસ્વામી રે, દુઃખ દાલિદ્ર નાખ્યું વામી રે;
ઉમરેઠે મોટા નરભેરામ રે, પૂજ્યા પ્રીતે તે સુંદરશ્યામ રે...૪૩

અરપી ઓઢવા સુંદર શાલ રે, નીરખી નાથને થયા નિહાલ રે;
દીધું દેગડું[૧] નંદુભાઈ રે, નાહ્યા તેણે પ્રભુ રાજી થાઈ રે...૪૪
કરી પૂજા તે રૂડી રીત રે, થઈ જગમાં અલૌકિક જીત રે;
ગંગાદત્તે પૂજ્યા ઘનશ્યામ રે, કરી લીધું પોતાનું કામ રે...૪૫
સુંદર ફેંટો બંધાવ્યો માથે રે, આપ્યું ધોતિયું પે'રવા હાથે રે;
નંદલાલ લાવ્યા બોરી કાળી રે, વિરમગામી અતિ રૂપાળી રે...૪૬
ઓઢી પ્રભુએ પ્રીતે કરી રે, રાજી થયા અતિશે હરિ રે;
લક્ષ્મીરામ અને દયારામ રે, તેણે પૂજ્યા તે શ્રીઘનશ્યામ રે...૪૭
દીધા રેશમી બે રૂમાલ રે, કીધો કુમકુમ ચાંદલો ભાલ રે;
પે'ર્યા ગુલાબ હાર પોતે લઈ રે, જમ્યા સેતુર બહુ રાજી થઈ રે...૪૮
લીલાધર લાવ્યા ચણા રસાળ રે, દયા કરીને જમ્યા દયાળ રે;
એ આદિ ભક્ત અપાર રે, પૂજા કરી પે'રાવ્યા હાર રે...૪૯
કણજરીના રામોજી જેહ રે, જમાડ્યા સંત સ્વામીને તેહ રે;
જોળ ગામના જેરામદાસ રે, તેણે પૂજ્યા પ્રીતે અવિનાશ રે...૫૦
વાંછેલિયું[૨] ને ખાંધલી ગામ રે, મેઘવા આદિ અનેક નામ રે;
તેના ભક્ત અનંત અપાર રે, તેણે પૂજ્યા તે પ્રાણઆધાર રે...૫૧
એવા એકાંતિક હરિજન રે, તેને સંભારી થઈએ પાવન રે;
એને સંભારે જે કરી પ્રીતિ રે, તે તો જાય અક્ષરે જગ જીતી રે...૫૨

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'સુરત આદિ તથા કાનમ દેશના હરિભક્તોએ પૂજા કરી' એ નામે વીસમો કિરણ ॥૨૦॥

૧.પાણી ભરવાનું માટલા જેવું વાસણ ૨.વાંસખીલિયા

કિરણ : ૨૧

વડતાલના હરિભક્તોએ પૂજા કરી

પૂર્વછાયો :

ગોવિંદને ગમતું સદા, ગામ વડતાલ વિશેષ;
જળ છાયા ફૂલે કરી, ગુણવંત ગુર્જર દેશ...૦૧
વડતાલના હરિજનનો, પુણ્ય તણો નહીં પાર;
શ્રીસહજાનંદ સ્વામીને, કર્યા રાજી તે વારમવાર...૦૨

ચોપાઈ :

બાપુભાઈએ પૂજ્યા બહુનામી, રાજી થયા સહજાનંદસ્વામી;
જોબન જુસો વખ્તો ખોડો સુંદર, પૂજ્યા પ્રભુ પ્રીતે માગ્યો વર...૦૩
નારાયણગીરે પૂજ્યા પ્રભુ પ્રીતે, વાસણ સુથારે તે રૂડી રીતે;
રણછોડદાસ ને કાનદાસ, મૂળજી રાયજી દાજીદાસ...૦૪
બેચરભાઈ ને ભાઈજીભાઈ, પૂજ્યા સાતે ભાઈ સુખદાઈ;
કિશોર દાદાભાઈ જેસંગભાઈ, નરોત્તમને વાલો જોરોભાઈ...૦૫
લાલદાસ અને વસનદાસ, ભઈજી દયાળજી બેચરદાસ;
ભગવાનદાસ ને ઈશ્વરદાસ, એણે પ્રેમે પૂજ્યા અવિનાશ...૦૬
સવદાસ આદ્યે સર્વે પરિવાર, તેમણે પૂજ્યા પ્રભુ વારમવાર;
નાના મોટા જે બાઈ ભાઈ, ભજે પ્રભુ સર્વે રાજી થાઈ...૦૭
વનમાળી ડાહ્યો રૂગનાથ હરિરામ, ભોળાનાથાદિ પૂજ્યા શ્યામ;
બ્રાહ્મણ ક્ષત્રી વંશ ચારે વરણ, સર્વે પૂજ્યા તે અશરણશરણ...૦૮
નરસંડાના સર્વે હરિજન, પ્રભુ પૂજીને થયા પાવન;
મકન કાનદાસ ગલોભાઈ, નરોત્તમ કાળીદાસ વ્રજભાઈ...૦૯
લક્ષ્મી ઘોરી કાશી નરભેરામ, બાઈ ભાઈ આદ્યે સઘળું ગામ;
જેંડવાપરામાં કુબેરદાસ, તેણે પૂજ્યા પ્રીતે અવિનાશ...૧૦

બામરોલી તખે તેડી ઘેર, શેલું પાઘ બંધાવી રૂડી પેર;
રૂડા રૂપાના ગુચ્છ ધરાવ્યા, સોના રૂપાને ફૂલે વધાવ્યા...૧૧
ગયા હરિ **કેરિયાવી** ગામ, કસનબા ગલાભાઈને ધામ;
પૂજા કરી પહેરાવ્યા હાર, જમ્યા સાકર પ્રભુ કરી પ્યાર...૧૨
ગામ ઉત્તરસંડે જેનો વાસ, રાઈબાઈ ને નરેરદાસ;
રામદા બેચર જોરોભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ...૧૩
એ આદ્યે અનેક હરિજન, પ્રભુ પૂજીને થયા પાવન;
પિપલગના જે કુબેરદાસ, તેણે પૂજ્યા પ્રીતે અવિનાશ...૧૪
ગયા **નડીયાદે** શ્રીઘનશ્યામ, મોહનરામ ગંગારામને ધામ;
દીધી રસોઈ તેણે ઘણીવાર, જમ્યા સંત ને જગઆધાર...૧૫
પૂજ્યા સોળવિધિ ઉપચાર, ચંદનાદિક પુષ્પના હાર;
મહારાજને શેલું ને પાઘ, બંધાવ્યાં કરીને અનુરાગ...૧૬
લાવ્યા વસ્ત્ર ઠાકોરને કાજ, જોઈ રાજી થયા મહારાજ;
પરિયજમાં પધાર્યા શ્રીહરિ, જમાડી પ્રભુને પૂજા કરી...૧૭
દ્વિજ બેચર ને વનમાળી, બાઈ અવલે વાસના ટાળી;
ગલોજી જીભાઈ ઈશ્વરદાસ, જાદવ ઝવેરે પૂજ્યા અવિનાશ...૧૮
વસો ગામના દ્વિજ વા'લોભાઈ, પૂજ્યા પ્રભુ જાણી સુખદાઈ;
કરી રસોઈ જમાડ્યા સંત, અતિ હેતે જમ્યા ભગવંત...૧૯
બે બળદ ને વેલ રૂપાળી, બેઠા રાજી થઈ વનમાળી;
તુલસીભાઈએ તે તાણ કરી, પધરાવ્યા પોતે ઘેર હરિ...૨૦
કરી પૂજા તે ષોડશ ઉપચાર, ચંદન ચરચી પહેરાવ્યા હાર;
શેલું પાઘ બંધાવી ભારી, અતિ હેતે આરતી ઉતારી...૨૧
જેસંગભાઈ વા'લો આશારામ, ઈચ્છારામ દાદા મયારામ;
જતન અવલ આદિ બાઈ ભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ...૨૨

ચાંગાના ફૂલજી બોનજી જસબાઈ, પૂજ્યા પ્રીતે તેણે સુખદાઈ;
સંજાયાના ભક્ત વજેરામ, તેણે પૂજ્યા તે સુંદરશ્યામ...૨૩
ગયા **મહુડિયેપરે** માવ, ગયા **આખડોલે** જગઆધાર;
વલોટવાના જે થોભણદાસ, તેણે પ્રીતે પૂજ્યા અવિનાશ...૨૪
મહેળાવે અજુ પૂજો ખુશાલ, તેણે પ્રીતે પૂજ્યા ધર્મલાલ;
પીપળાવે તે પ્રભાશંકર, એણે પૂજ્યા પ્રીતે નટવર...૨૫
સોજીતરે લખો ગોકળભાઈ, છત્ર ભારે લાવ્યા રાજી થાઈ;
જોઈ રાજી થયા મહારાજ, દીધું ઠાકોરને ધરવા કાજ...૨૬
લાવ્યા વૃંતાક ગોકળભાઈ, લીધાં મહારાજે તે રાજી થાઈ;
ગાડે થઈને ગયા ઘનશ્યામ, કીધાં દર્શન પુરુષ ને વામ...૨૭
સીંજીવાડે રહ્યા બહુવાર, જગજીવન જગઆધાર;
રસિભાઈ બાપુજી બડભાગ, પૂજા કરી બંધાવી છે પાઘ...૨૮
કરી રસોઈ જમાડ્યા સંત, જમ્યા રાજી થઈ ભગવંત;
પ્રભુદાસ ને જગરૂપભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ...૨૯
કરી રસોઈ હરિએ હાથ, સંત જમાડીને જમ્યા નાથ;
સુંદર શેલું બંધાવી પાઘ, ચંદન હારે પૂજ્યા બડભાગ...૩૦
નારે ભઈજી કુબેર કાલીદાસ, પૂજ્યા પ્રીતે તેણે અવિનાશ;
બોચાસણે કાસીદા કાનદાસ, તેણે પ્રીતે પૂજ્યા અવિનાશ...૩૧
રૂગનાથ સાંદરણે ગામ, પ્રીતે પૂજ્યા તેણે ઘનશ્યામ;
બુધેજના જે હઠી હરિભાઈ, દીધી અસિ વા'લાને રાજી થાઈ...૩૨
ગોરાડ ગુડેલમાં બહુવાર, જમ્યા શ્રીઘનશ્યામ ઉદાર;
ગામ હરિયાણે સંતોકબાઈ, પૂજ્યા પ્રભુ પ્રીતે સુખદાઈ...૩૩
મોરજના જે ગોકળદાસ, અતિ પ્રીતે પૂજ્યા અવિનાશ;
ભક્ત જોઈતો ઊંટવાળે ગામ, તેણે પૂજ્યા સ્વામી સુખધામ...૩૪

ગલિયાણે ભક્ત કરણોભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ;
ડભાણના રાયજી રૂગનાથ, વિષ્ણુદાસે પૂજ્યા હરિ હાથ...૩૫
પ્રાગદાસ અને પૂજોભાઈ, તેણે પૂજ્યા પ્રભુ રાજી થાઈ;
બળદ દીધો બહુ બળવાન, જોડી વેલ્યે બેઠા સુખદાન[૧]...૩૬
અંબારામ મેમદાવાદ ગામ, દુલ્લભરામ ને દયારામ;
તેણે પૂજ્યા તે શ્રીઘનશ્યામ, તેડી પ્રભુ પોતાને ધામ...૩૭
રૂડો ફેંટો બંધાવ્યો માથે, પછેડી ઓઢાડી પોતે હાથે;
દીધાં ધોતિયાં પે'રવા કાજ, અતિ રાજી કર્યા મહારાજ...૩૮
વાંઠવાળીના જે હરિજન, પ્રભુ પૂજીને કર્યા પ્રસન્ન;
ડડુસરના જે ગલુભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ...૩૯
કઠલાલે ગયા કીરતાર, જમાડ્યા પ્રભુને કરી પ્યાર;
જાલમસિંહ ઘોડાસર ગામ, તેણે પૂજ્યા હરિ સુખધામ...૪૦
કુણે વસતા આદિ જન લઈએ, અરેરે[૨] અજુભા માવો કઈએ;
કાળા આદિ જન બાઈ ભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ...૪૧
ગામ વડથલના હરિજન, પ્રભુ પૂજીને થયા પાવન;
નાથજી ને વળી ઊમોભાઈ, રહે ગામ કણભે રાજી થાઈ...૪૨
તેણે પૂજ્યા પ્રભુ બહુ પ્રીતે, કેસર ચંદન લઈ રૂડી રીતે;
જમાડ્યા સ્વામી ને વળી સંત, અતિ રાજી થયા ભગવંત...૪૩
ગાયાં કીર્તન કરી બહુ પ્યાર, થયા રાજી તે જગઆધાર;
પલાણાના રાયજી કાલીદાસ, તેણે પૂજ્યા પ્રીતે અવિનાશ...૪૪
ગામ ઓટેલે વાસણદાસ, હરિભાઈએ પૂજ્યા અવિનાશ;
ગામ હિરજના[૩] જીવણદાસ, તેણે પૂજ્યા પ્રીતે અવિનાશ...૪૫
ગામ અણિંદરાના[૪] હરિજન, પૂજી પ્રભુને કર્યા પ્રસન્ન;

૧.સુખદાયી શ્રીહરિ ૨.અરેરા નામના ગામમાં ૩.હેરંજના ૪.અલિંદ્રા

વાસણદાસ ને અનોપરામ, હરિભાઈ ને જીવણદાસ નામ...૪૬
તેણે પૂજ્યા પ્રભુ બહુ પ્રીતે, ચંદન પુષ્પ લઈ રૂડી રીતે;
દેથલીના ખોડો મેતાપ, ભજી હરિ ટાળ્યું સર્વે પાપ...૪૭
પૂજ્યા હરિને તે કરી પ્રીત, થઈ જગમાં અલૌકિક જીત;
લિંબાસીના ભક્ત ગલોભાઈ, લાલદાસ કરધોરીભાઈ...૪૮
તેણે પૂજ્યા હરિને કરી ભાવ, લીધો જગમાં અલૌકિક લાવ;
આડેવે જેરામ રૂગનાથદાસ, તેણે પૂજ્યા પ્રીતે અવિનાશ...૪૯
રઘવાણજમાં તે રામદાસ, જમ્યા કેરિયું ત્યાં અવિનાશ;
ગામ ખેડામાં જમુનાબાઈ, ગિરધર સાકરલાલ બાપુભાઈ...૫૦
પ્રીતે પૂજ્યા તે પ્રાણઆધાર, ચંદન ચરચી પે'રાવ્યા હાર;
જમ્યા થાળ પ્રભુ રાજી થાઈ, પછી જમાડ્યા સંત સુખદાઈ...૫૧
પ્રેમજીએ પૂજ્યા પ્રભુ પ્રીતે, ચંદન પુષ્પ લઈ રૂડી રીતે;
આપ્યું સર્વસ્વ હરિને લાવી, રાજી થયા તે સંત જમાવી...૫૨
સર્વે પૂજ્યા તે સહજાનંદ, પૂરણ પુરુષોત્તમ જગવંદ;
એનો અક્ષરધામ નિવાસ, રેશે સેવામાં પ્રભુને પાસ...૫૩

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'વડતાલમાં હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી' એ નામે એકવીસમો કિરણ ॥૨૧॥

કિરણ : ૨૨

અમદાવાદમાં હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી

પૂર્વછાયો :

શ્રીનગરમાં શ્રીહરિએ, કર્યો સુંદર વિશ્રામ;
અનેક જીવ ઉદ્ધારવા, ત્યાં બાંધ્યું મોટું ધામ...૦૧

ભક્ત ભલા એ શહેરના, એનાં પુણ્યતણો નૈ પાર;
શ્રીસહજાનંદસ્વામીને, પૂજિયા તે વારમવાર...૦૨

ચોપાઈ :

કસળો ભક્ત ને ગંગાદાસ, તેણે પૂજિયા તે અવિનાશ;
સુરવાળ ડગલીનો શણગાર, ચંદન ચરચી પે'રાવ્યા હાર...૦૩
મૂળજી ને તે માણેકલાલ, ચંદન ચર્ચી ચાંદલો કર્યો ભાલ;
ડગલી કિનખાપની બૂટાદાર, પે'રાવ્યા પ્રભુને ઘણા હાર...૦૪
ચોક્સી હીરાચંદ રણછોડ, લાલદાસ હિંમતરામ જોડ;
તેણે પૂજ્યા તે સોળવિધિ, શ્રીસહજાનંદજી સુખનિધિ...૦૫
દીધી રસોયું ત્યાં બહુવાર, જમ્યા સંત ને જગઆધાર;
તેડી ઘેર પ્રભુજીને પ્રીતે, વસ્ત્ર ઘરેણાં પહેરાવ્યાં રૂડી રીતે...૦૬
હીરો લાવ્યો ગુલાબના હાર, પ્રીતે પે'ર્યા તે ધર્મકુમાર;
ગામ વેલાલનાં વખતબાઈ, દયાભાઈ ને જેસંગભાઈ...૦૭
તેણે જમાડ્યા જગઆધાર, પૂજા કરી પે'રાવ્યા હાર;
જમ્યા કેરિયું તે ઘણી ઘણી, રાજી થયા અક્ષરના ધણી...૦૮
ગામડીના બાપુજી આદ્યે સાર, જમ્યા સંત ને જગઆધાર;
ગામ અશ્લાલીના વેણીભાઈ, ગોપાળજી અને હરિભાઈ...૦૯
કસિયોભાઈ ને કાલીદાસ, તેણે પૂજ્યા પ્રીતે અવિનાશ;
જમ્યા સંત ને શ્રીઘનશ્યામ, કરી લીધું છે પોતાનું કામ...૧૦
સુંદર શેલું બંધાવી પાઘ, દીધા ખેસ તે પે'રવા લાગ;
કરી કેસર આડ્ય ચાંદલો, શોભે સુંદરવરને તે ભલો...૧૧
રૂડા ગજરા ને હાર પે'રાવ્યા, વા'લાજીને મોતીડે વધાવ્યા;
જેતલપુરમાં ગંગાબાઈ, ગંગાદાસ ને આશજીભાઈ...૧૨
તેણે પૂજ્યા પ્રભુ બહુ પ્રીતે, જમ્યા જીવન તે રૂડી રીતે;

રૂડા દીધા પ્રીતે મુખવાસ, પછી બેઠા તે પ્રભુને પાસ...૧૩
રેવાશંકર ધોળકે ગામ, પ્રેમે પૂજિયા શ્રીઘનશ્યામ;
જમાડ્યા પ્રભુને પ્રીતે કરી, પે'ર્યા હાર રાજી થયા હરિ...૧૪
વજે શેઠે પૂજ્યા વનમાળી, સુંદર શેલું ને પાઘ રૂપાળી;
ચંદન ચરચી પે'રાવ્યા હાર, લાગ્યા પગે કરી બહુ પ્યાર...૧૫
મોટો વલ્લભરામ હાજોભાઈ, ખોડો બા'દરજી કૌકામાંઈ;
મૂળુજી હકોભાઈ રાયભાણ, રાયમલ આદ્યે ભક્ત સુજાણ...૧૬
મિયાંજી ગુમાનજીએ હાથ, પૂજ્યા સહજાનંદ સુખપાથ;
નાજા ભક્તનો તરફાળ[1] નાથે, ગામ ગઢડે બાંધ્યો પોતે માથે...૧૭
જુણાજીનું તે જુગતે કરી, બાંધ્યું ધોતિયું માથે હરિ;
હરજી ગાંગજી જાનબાઈ, ઓઢ્યો ચોફાળ વા'લે રાજી થાઈ...૧૮
દીધુ દેગડું નાવાને કાજ, અતિ રાજી થયા મહારાજ;
પુરુષોત્તમદાસનો તે પ્રીતે, ઓઢ્યો ખેસ વા'લે રૂડી રીતે...૧૯
તળજો અજો ભક્ત એ સાર, કેળા જમાડી પે'રાવ્યા હાર;
જમ્યા એલકી[2] ઓઢ્યો તરફાળ, થયા રાજી તે દીનદયાળ...૨૦
નારાયણચરણદાસે નિરાંતે, પૂજ્યા પ્રભુ તે કરી ખાંતે;
ચંદન ચરચી પે'રાવ્યા હાર, કરી વિનતિ વારમવાર...૨૧
કૃષ્ણચરણદાસ કેરિયું લઈ, જમાડ્યા હરિને રાજી થઈ;
અઢાર કેરિયોની લૂંબ લાવી, દીધી પ્રભુજીને ઓટે આવી...૨૨
સુંદર સીતાફળ લઈ સાથે, દીધું હરિજીને પોતે હાથે;
જગન્નાથાનંદે તે જાઈ, જમાડી કેરિયું રાજી થાઈ...૨૩
રૂડા લીલા ચણા રસાળ, જમ્યા રાજી થઈ દીનદયાળ;
કરી પૂજા તે બહુવાર, પે'રાવ્યા વળી ફૂલના હાર...૨૪

૧.ત્રણ ફાળિયા ભેગા કરીને કરેલું વસ્ત્ર ૨.એલચી

રઘુવીરચરણદાસે જાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ;
કેરી સીતાફળ ને ફૂલહાર, પે'રાવ્યા પ્રભુને કરી પ્યાર...૨૫
માળા સુતરની સત્તર લાવી, જીષ્ણુદાસે હરિને પે'રાવી;
આધારાનંદે હાથે બનાવી, ચાખડી ચાર જોડ પે'રાવી...૨૬
પચરંગી પવિત્રાં જે સાર, પે'રાવ્યાં હરિને કોટે હાર;
જમાડી કેરિયું કરી ભાવ, લીધો મનુષ્યદેહનો લાવ...૨૭
નારાયણ બ્રહ્મચારી થયા ન્યાલ, દીધો હરિને હાથે રૂમાલ;
મોટા માધવ બ્રહ્મચારી, દીધો રૂમાલ વા'લાને વિચારી...૨૮
વૈકુંઠ બ્રહ્મચારીએ બહુવાર, જમાડ્યા તે જગઆધાર;
પુરુષાનંદે તે કરી પ્યાર, પૂજા કરી પે'રાવ્યા હાર...૨૯
શાંતાનંદ તે થઈ નિશંક, લીધા હાથે હરિના નખ;
નરોત્તમદાસે પૂજ્યા નાથ, રૂડી પછેડી ઓઢાડી હાથ...૩૦
પવિત્રાં રાખડી વળી રૂડી, પે'રાવી પ્રભુને કરી મૂડી[1];
એવા ભક્ત આ વાર અપાર, તેનો ગણતાં ન આવે પાર...૩૧
આ તો લખ્યા કોટીમેં કિંચિત, તે તો જણાવા સર્વેને રીત;
જે કોઈ દે હરિને ફળ ફૂલ, થાય પરલોકે અતિ અમૂલ...૩૨
એની બરોબર નવ થાયે, મોટા મોટા મુનિ એને ગાયે;
એ તો એકાંતિક અવલ, ન વીસરે પ્રભુ એને પલ...૩૩
એવા ભક્તને કાજ આ વાર, થયો પુરુષોત્તમ અવતાર;
તે તો સ્વામી સહજાનંદ હરિ, આવી કળિયુગમાં દેહ ધરી...૩૪

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'અમદાવાદમાં હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી' એ નામે બાવીસમો કિરણ ॥૨૨॥

૧.રાજીપાની કમાણી; પૂંજી

કિરણ : ૨૩

શ્રીહરિએ ગઢપુરમાં ધનતેરસ તથા કાળીચૌદસનો સમૈયો કર્યો

પૂર્વછાયો :

ધન્ય ધન્ય એ ધનતેરશને, કરી ગઢડે શ્રીઘનશ્યામ;
સર્વે હરિજન ત્યાં આવિયા, પુરુષ ને વળી વામ...૦૧
સંત સર્વે આવિયા, ધનતેરશને દીને વળી;
નીરખી શ્રીમહારાજને, લાગ્યા પાયે લળી લળી...૦૨

ચોપાઈ :

એમ બોલ્યા રાજી થઈ નાથ, ભલે આવ્યા સંત સર્વે સાથ;
આવે હરિજન તેને ભાળી, અતિ રાજી થાય વનમાળી...૦૩
દરબારનો અલૌકિક સાર, ચોક રમણીય રૂપ ઉદાર;
ચોક મધ્યે તરુ લિંબતણો, તેને બ્રહ્મભુવન સમ ગણો...૦૪
તેજોમય તરું તે જાણ, તેનું મોટાં કરે વખાણ;
એક અમૃત જળ અનુપ, ગંગાજળિયો મનોહર કૂપ...૦૫
ભારે સદન[1] કૂપને પાસ, તેમાં મહાપ્રભુજીનો નિવાસ;
ઓરડીનું અલૌકિક નામ, એ તો કેવળ અક્ષરધામ...૦૬
તેમાં સદા રહે મહારાજ, સંત જનને દર્શન કાજ;
ત્યાંથી ઊઠીને સુંદરશ્યામ, આવ્યા બા'રા તે પૂરણકામ...૦૭
ઓરડા તણી ઓસરી જોય, શોભે ઉગમણી અતિ સોય;
બિછાવેલ તે પર પલંગ, ગાદી તકિયા શોભિત સંગ...૦૮
તેની ઉપર આનંદકંદ, બેઠા શ્રીસ્વામી સહજાનંદ;
મંદ હાસ મનોહર મુખ, જોતાં જાય દોયલાં જે દુ:ખ...૦૯

૧.નિવાસસ્થાન

અતિ ઉજ્જવલ દંતની રાજી[૧], મોગરા કળિયો જાણે તાજી;
મુખમાંથી ઝરે અમરત, પ્રેમ ભરેલ નેણની સરત[૨]...૧૦
લટકાં કરનાં બહુ કરે, સહુ જનતણાં મન હરે;
છબી મહા મનોહર ભાળી, થાય થકિત[૩] જોઈ મૂર્તિ રૂપાળી...૧૧
ભારે સંત સભા કરી જિયાં, અગણિત હરિજન તિયાં;
બાઈ ભાઈ તણો નહીં પાર, સહુ બેઠાં સભાની મોઝાર...૧૨
વાજાં વાજે સુંદરતા વળી, થાય થકિત સર્વ સાંભળી;
લઈ પૂજા સામગ્રિયો ભારી, પ્રેમાતુર થયાં નરનારી...૧૩
લઈ થાળમાં સર્વ સમાજ, જાણે પૂજિયે પ્રભુને આજ;
ચંદનાદિક પુષ્પના હાર, અતિ શોભતાં જે અલંકાર...૧૪
લઈ લઈ ઊભા સામાટ[૪], જુવે ઉત્તમ નૃપની વાટ;
પેલા ઉત્તમ પૂજા જ્યારે કરે, તેની કેડે બીજા પ્રેમ ભરે...૧૫
એટલે નૃપ એભલ સુત અતિ, જેને પ્રભુ વિશે બહુ રતિ[૫];
પોતે પોતાતણો પરિવાર, આવ્યા લઈ એણે સમે સાર...૧૬
એક સોનાનો થાળ ભરીને, લાવ્યા સર્વ સામગ્રી ધરીને;
પૂજ્યા સોળ વિધિ ઉપચાર[૬], ચંદનાદિક પુષ્પના હાર...૧૭
ભાતી-ભાતીતણા[૭] અલંકાર, મોતી જોતી[૮] મુક્તાફલ હાર;
લઈ સામગ્રી સહુ આવ્યા, રાજા થાળ ગ્રહી કર લાવ્યા...૧૮
જેને આનંદ અંગ ન માંય, કોટી દિવાળી સમ કે'વાય;
મૃગમદ[૯] કેસરના ભરી, લીધા કરમાં કટોરા ધરી...૧૯
પે'લાં ચંદન ચરચ્યાં અંગે, ભારે ઉત્સાહ ઉર ઉમંગે;
ગુચ્છ ગજરા તોરા ને હાર, પુષ્પ ધરાવિયાં તે વાર...૨૦

૧. પંક્તિ; હાર ૨.નજર; દૃષ્ટિ ૩.આશ્ચર્યચકિત ૪.સામાન ૫.પ્રીતિ; પ્રેમ ૬.સોળ પ્રકારની સામગ્રીથી ૭.અલગ અલગ પ્રકારના ૮.ચળકતા ૯.કસ્તૂરી

શિરપાવ સોનાનાં સરલ[1], વેઢ પોંચીમાં નંગ ભરલ;
બાજુબંધ તે અમુલી બોર, લટકે કરની બેઉ કોર...૨૧
સોના દોરો મોતિડાંની માળ, ભારે ધરાવી ઉર વિશાળ;
પૂજી પ્રભુ પછી પૂજ્યા સંત, જેને આનંદ અંગ અતંત...૨૨
વિધિ સર્વ પ્રકારની ધરી, એવી રીતે મહાપૂજા કરી;
સુખસાગર સર્વ પ્રકાર, પ્રેમે પૂજિયા પ્રાણઆધાર...૨૩
કરી ધૂપ દીપ ને આરતી, વાજે વાજાં ત્યાં વળી અતિ;
થયો શબ્દ તે જય જયકાર, હાથ જોડી બોલે નરનાર...૨૪
થયો થાળ હરિજીને કાજ, ઊઠ્યા જમવા તે મહારાજ;
આવ્યા ઓરડિયે વનમાળી, ચાલે હંસ ગતિ રૂપાળી...૨૫
અંગ થકી અંબર ઉતારી, સ્નાન કરવા ઈચ્છા મન ધારી;
કનક બાજોઠિયે બહુનામી, બેઠા શ્રીસહજાનંદસ્વામી...૨૬
રતનજી ને ગુમાનજી ભારી, હરિ સેવામાં અખંડ ખુમારી;
રૂપા તણી કુંડી એક સાર, લાવ્યા નીર ભરી તે વાર...૨૭
તન અત્તર તેલ ફૂલેલ, કરે તન મર્દન[2] અંબુવેલ;
મુખ મસ્તક હૃદય હાથ, સ્કંધ[3] વાંસો બે પડખાંની સાથ...૨૮
જાનું જંઘા ઉદર અનુપ, મરદન કર્યું તે સુખરૂપ;
રેડે કળશે કરી કરી નીર, નાહ્યા સુંદરશ્યામ શરીર...૨૯
પે'ર્યું એક પીતાંબર સાર, એક ઓઢી લીધું તેણી વાર;
ચઢી ચાખડિયે ચિત્તચોર, નટનાગર ધર્મકિશોર...૩૦
આવ્યા જમવા કરી બહુ મે'ર, રામપ્રતાપ ઈચ્છારામ ઘેર;
મોટાં ભાગ્યવાળા બે ભાઈ, સંતજનને સદા સુખદાઈ...૩૧

૧.હાથમાં પહેરવાના કડાં ૨.શરીર ચોળવું ૩.ખભો

બેઠા બાજોઠિયે બલવંત, જેનો મહિમા છે અપાર અનંત;
વિધ વિધ તણાં પકવાન, ભરી થાળમાં શોભાયમાન...૩૨
ભાતિ ભાતિનાં ભોજન ભરી, થાળ લાવી મૂક્યો સજ્જ કરી;
શાકે પૂરી[1] કટોરા તેહ વાર, મૂક્યા થાળ પાસે હારોહાર[2]...૩૩
જેને કે છે જે છપ્પન ભોગ, તેનો ભારે કર્યો સંજોગ;
અથાણાં ને પાપડ ધર્યા આગે, જાણે જમે જીવન અનુરાગે...૩૪
ભારે ભક્ત પ્રભુના કે'વાય, ઢોળે પંખા શીતળ તન થાય;
એક મેલ્યો ચોખાળી[3] ચંબુ, ભરી અમૃત સરસ અંબુ[4]...૩૫
અલબેલો કરી આચમન, બેઠા જમવા શ્રીભગવન;
અવધપ્રસાદ ને રઘુવીર, જમાડે હેતે હરિને સુધીર...૩૬

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ ગઢપુરમાં ધનતેરસ અને કાળીચૌદસનો સમૈયો કર્યો' એ નામે ત્રેવીશમો કિરણ ॥૨૩॥

કિરણ : ૨૪

સુવાસિનીબાઈ તથા વસુમતીબાઈએ શ્રીહરિને જમાડ્યા

પૂર્વછાયો :

ભક્ત સર્વે દેશ દેશના, દયાળનાં દર્શન કરે;
જમે જીવન બહુ જુગતે, તેને જોઈ જોઈને નેણાં ઠરે...૦૧
દેવ મુનિ આવ્યાં દર્શને, બ્રહ્મા ભવ સુર રાય;
ભાઈ પ્રભુને પાસ બેસી, થાળ હરિનો ગાય...૦૨

ચોપાઈ :

ડાહ્યા બેઉ હરિનાં ભોજાઈ, સુવાસિની વસુમતીબાઈ;

૧. શાકથી ભરેલા ૨.સાથે જ ૩.માંજેલો-ધોયેલો ૪.પાણી

રૂડી સુંદર રસોઈ કરી, જમાડે પ્રભુને ભાવ ભરી...૦૩
રૂડાં શાક પાક લઈ સાર, દેતાં જાય કરે મનુવાર;
હરિ ધીરા ધીરા જમો તમે, કરીએ દર્શન રાજી થઈ અમે...૦૪
ગ્રાસ[૧] ભરી ભરી મુખમાંય, જમે જીવન જુગતે ત્યાંય;
જમે પ્રભુ તે ચતુરાઈ જોઈ, રહ્યા સંત હરિજન મોઈ...૦૫
વારે વારે કરે જળપાન, વખાણી વખાણીને ભગવાન;
લઈ લઈ ભોજનનાં નામ, સ્વાદુ સરસ કહે તેને શ્યામ...૦૬
ચળું કરીને ત્રપત થયા, પછી ઉતારામાં પ્રભુજી ગયા;
વસ્ત્ર પે'રી બેઠા વનમાળી, હતો મેલેલ પલંગ ઢાળી...૦૭
પછી સોમલો ખાચર પાસ, આપ્યો મહાપ્રભુને મુખવાસ;
મુખવાસ કરીને મોરારિ, ભારે અંબર અંગે ધારી...૦૮
તરુ ચોક વચ્ચે લિંબતણું, અલૌકિક શોભે સોયામણું;
મુનિ પંગતો ચોકમાં ભાળી, આવ્યા પીરસવા વનમાળી...૦૯
પ્રભુ પીરસે પંગતમાંય, છબી બની અલૌકિક ત્યાંય;
સુંદર શોભિત મૂર્તિ જોઈ, રહે મુનિવરનાં મન મોઈ...૧૦
સુંદર કેસર ને ચંદન, અંગોઅંગ કરેલ લેપન;
મહા કુંદન[૨] સમ છે દેહ, મનહર મહાપ્રભુજી તેહ...૧૧
હૈયે માંય નહિ ઘણા હાર, લટકે પાઘમાં તોરા ઉદાર;
ગુચ્છ ગજરા ને ભુજબંધ, આભૂષણ ફૂલનાં સુગંધ...૧૨
ફોર્યું[૩] મારે ફૂલની ત્યાંય, હરિ ફરે તે પંગતમાંય;
લટકાં કરતાં હાથનાં નાથ, લઈ લાડુ ને ફરે સુખપાથ...૧૩
મર્મ કરી બોલે અવિનાશ, કરે મંદ મંદ મુખહાસ;
સુખ આપે સંત પ્રતિપાળ, દયા કરીને દીનદયાળ...૧૪

૧.કોળિયા ૨.સોનું ૩.ફોરમ; સુગંધ

કરગ્રહી મોદક મહારાજ, આપે આનંદમાં મુનિરાજ;
પીરસે હરિજી પત્તરમાંય, ત્રણ ત્રણ ગ્રહી કર ત્યાંય...૧૫

પીરસ્યાં પકવાન કરીને પ્યાર, ફરી પંગતમાં પંચવાર;
પાળાની પંગતમાં બહુવાર, પીરસે લાડુ ધરમકુમાર...૧૬

પ્રભુ પીરસી રહી ધોવા હાથ, આવ્યા નિજ ઉતારે નાથ;
વા'લો આવ્યો ઓરડીમાંય, રૂડી સુખ સજ્યા પર ત્યાંય...૧૭

તે ઓરડીને આસપાસ, તરુ સુંદર શોભે ત્યાં આવાસ;
જાંબુ લીંબુ આંબલી અનુપ, સઘન છાયા સુંદર સુખરૂપ...૧૮

ઝૂકી મંદિરને ચારેકોર, તેમાં પંખી કરે છે જિંગોર[1];
એક કોર અયોધ્યાવાસી, રહે ત્રણ પાસે જન સુખરાશી...૧૯

એવી ઓરડી સુંદર સાર, તેમાં પોઢ્યા તે ધર્મકુમાર;
પાસે રહે પાળા બ્રહ્મચારી, કરે સેવા હરિની ત્યાં સારી...૨૦

કરે પગચંપી પ્રભુતણી, બીજી સેવા વળી ઘણી ઘણી;
લઈ વીંઝણો ઢોળે વાય, નિત્ય આનંદમાં દિન જાય...૨૧

કાળી ચૌદશે આવ્યા કીરતાર, બેઠા લિંબતરુ તળે બા'ર;
ઓટા ઉપર ઢોલિયો છાજે, તેની ઉપર વા'લો બિરાજે...૨૨

આવી બેઠા સંત હરિજન, શ્રીજીનાં કરવા દરશન;
પે'ર્યાં વસ્ત્ર ભૂષણ સુખકંદ, શોભે સુંદર સહજાનંદ...૨૩

ફૂલહાર તોરા બે બાજુ, ગુચ્છ ગજરા જોઈ મન રાજ્યું[2];
કેસર આડ કંકુનો ચાંદલો, શોભે સુંદરવરને તે ભલો...૨૪

હરિજીએ જમાડ્યા હનુમંત, રૂડાં વડાં વડે તે અત્યંત;
પછી ધૂન આરતી કરી, પધાર્યા પોઢવા પોતે હરિ...૨૫

૧.કિલ્લોલ ૨.પ્રસન્ન થયું

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'સુવાસિનીબાઈ તથા વસુમતિબાઈએ શ્રીહરિને જમાડ્યા' એ નામે ચોવીશમો કિરણ ॥૨૪॥

કિરણ : ૨૫

શ્રીહરિએ ગઢપુરમાં દિવાળીનો સમૈયો કર્યો

પૂર્વછાયો :

શ્રીસહજાનંદ સ્વામીની, મંગલમૂર્તિ માની મન;
મુખ જોયું મહારાજનું, તે દિવાળીનો દન...૦૧
સંત હરિજન જોઈ રહ્યા, સામા બેઠા સહજાનંદ;
મુખકમળ મહારાજનું, જેમ ચકોર ચિંતવે ચંદ...૦૨

ચોપાઈ :

ત્રણ કોરે હવેલી મનહર, એક કોરે ઠાકોરનું મંદિર;
ચોક મધ્યે લિંબતરુ સુખરૂપ, તેની પાછળ ઓટો અનુપ...૦૩
તેની ઉપર ઢોલીડો ઢાળ્યો, ગાદલું ને ઓછાડ રૂપાળો;
સુંદર તકિયો તે સુખકંદ, ચારે કોર રૂડા સેજબંધ[૧]...૦૪
ઊઠ્યા સવારમાં તે નાથ, નાહી ધોઈ જમ્યા સુખપાથ;
પેર્યો કિનખાપનો સુરવાળ, ડગલી સોનેરી સુંદર ચાળ...૦૫
માથે બાંધ્યો રૂપાળો રેંટો, કેડે કસ્યો તે સુંદર ફેંટો;
કર્યો કુમકુમનો ચાંદલો, શોભે સુંદરવરને ભલો...૦૬
કડાં સાંકળાં પોંચી ને બાજુ, હેમ ઊતરી કુંડળ કાજુ;
વેઢ વીંટી મોતિડાની માળા, પગે તોડા શોભે રૂપાળા...૦૭

૧.ફૂમકા; લટકણિયા

પે'રી મોજડી સુંદર ચાલ, હાથમાં રૂડો રેશમી રૂમાલ;
આવે ચાલ્યા તે સુંદરશ્યામ, આવ્યા દરબારમાં સુખધામ...૦૮
બેઠા ઢોલિયે શ્રીમહારાજ, આવ્યા સંતજન દર્શન કાજ;
થઈ સભા તે બહુ ભારી, કરે દર્શન તે નરનારી...૦૯
ભાઈરામપ્રતાપ ઈચ્છારામ, અવધપ્રસાદ ને રઘુવીરજી નામ;
નંદરામ ને ગોપાળજી કઈયે, ઠાકોરરામ વૃંદાવન લઈયે...૧૦
સીતારામ ને બદ્રિનાથ, નારાયણપ્રસાદ રામશરણ સાથ;
એ આદ્યે સર્વ અવધવાસી, બેઠા પ્રભુ પાસે સુખરાશી...૧૧
મુક્તાનંદસ્વામી મોટા સંત, આવ્યા ગોપાળાનંદ મહંત;
બ્રહ્માનંદ નિત્યાનંદસ્વામી, બેઠા હરિ આગળ કરભામી...૧૨
રામદાસ અને સંતદાસ, બેઠા સ્વરૂપાનંદ તે પાસ;
શુકમુનિ સચ્ચિદાનંદ, આનંદસ્વામી ને પરમાનંદ...૧૩
સ્વયંપ્રકાશાનંદસ્વામી, ગુણાતીતાનંદ ગુણધામી;
ચૈતન્યાનંદ મહાનુભાવાનંદ, અક્ષરાનંદ અદ્ભુતાનંદ...૧૪
નિષ્કુળાનંદ વ્યાપકાનંદ, સિદ્ધાનંદ સુખાનંદ સ્વચ્છંદ;
એ આદ્યે સર્વે જે સંત, આવી બેઠા મોટા મહંત...૧૫
મુકુંદ બ્રહ્મચારી ને જેરામ, વાસુદેવ નારાયણ નામ;
વૈકુંઠ માધવ બ્રહ્મચારી, ગોપાળ આનંદાનંદ ભારી...૧૬
વામન આદ્યે બ્રહ્મચારી ત્યાંય, આવી બેઠા સભાની માંય;
પાળા ભગુજી રતનજી પાસ, ગુમાનજી મિયાંજી મહાદાસ...૧૭
ભીમભાઈ કમો લાખો ભક્ત, એ આદ્યે પાળા સર્વે વિરક્ત;
માંચા ભક્ત ને પર્વતભાઈ, પૂજ્યા પ્રભુ તે સુખદાઈ...૧૮
દાદાખાચર સોમલો ખાચર, આવી પ્રેમે પૂજ્યા નટવર;
સૂરો ખાચર વસતો ખાચર, પ્રીતે પૂજ્યા પ્રભુ મન ભર...૧૯

મોકો ખાચર ને મૂળુભાઈ, તેણે પૂજ્યા પ્રભુ રાજી થાઈ;
પાતળભાઈ ભટ્ટ મયારામ, સુખે પૂજ્યા તે સુંદરશ્યામ...૨૦
ગોરધનભાઈ જીણોભાઈ જેહ, ગગોભાઈ ભગો મૂળો તેહ;
શેઠ ભગો વનો ગણેશ, આંબો વજો પૂજે હંમેશ...૨૧
હીરજી સુંદરજી ગંગારામ, નારાયણજી ને દેવરામ નામ;
પૂજ્યા પ્રીતે તે શ્રીમહારાજ, કરી લીધું પોતાનું કાજ...૨૨
હીરોભાઈ ને જીવરાજભાઈ, પૂજ્યા પ્રભુ જાણી સુખદાઈ;
કાકોભાઈ ને જીવોભાઈ, મસરૂ ગોળ ગજો માનોભાઈ...૨૩
નાનોભાઈ ને વા'લજી નામ, લાલદાસ કુબેર નથુરામ;
કાશીદાસ ને વેણીભાઈ, આશજી ગંગાદાસે પૂજ્યા જાઈ...૨૪
ગલોભાઈ અવિચલભાઈ, લલ્લુ લાલદા દાજી આવ્યા ત્યાંઈ;
ખોડોભાઈ તેજોભાઈ જેહ, આવ્યા પ્રભુ પાસે વળી તેહ...૨૫
ચારે દેશના આવ્યા વળી, ભક્ત અપાર તે ભેળા મળી;
તેમણે પૂજા કરી બહુવાર, થયા રાજી તે જગઆધાર...૨૬
બહુ વસ્ત્ર ઘરેણાં ને હાર, કંકુ કેસર ઘણાં શણગાર;
પૂજ્યા અયોધ્યાવાસી ને સંત, અતિ હેતે કરીને અતંત...૨૭
કરી ધૂપ દીપ ને આરતી, રાજી કર્યા અક્ષરના પતિ;
સાંજે સંત મળી સમાજ, રચી દીપમાળા મુનિરાજ...૨૮
બળે દીવા હજારે હજારું, થયો પ્રકાશ ગયું અંધારું;
બેઠા અલબેલો ત્યાં આવી, મનોહર મૂર્તિ મન ભાવી...૨૯
રચી માંડવિયો બે કોર, થયો ઉજેહ[૧] ઝળામળ[૨] જોર;
સામા બેઠા તે ધર્મનો લાલો, અતિ આનંદીવર વા'લો...૩૦

૧.ઉજાસ-પ્રકાશ ૨.ઝળહળ ઝળહળ

શોભે વસ્ત્ર ઘરેણાં અતિ, જન મન હરણ મૂરતિ;
હસી હસી જુવે જન સામું, પૂરે જનના મનની હામું...૩૧

પરમ આનંદમાં દન ગયો, અતિ ભારે ઉત્સવ મોટો થયો;
પછી પોઢવા પધાર્યા હરિ, એવી લીલા અલૌકિક કરી...૩૨

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ ગઢડે દિવાળીનો સમૈયો કર્યો' એ નામે પચ્ચીસમો કિરણ ॥૨૫॥

કિરણ : ૨૬

ગઢપુરમાં અન્નકૂટ ઉત્સવ કર્યો

પૂર્વછાયો :

વળી બીજે દી બપોર ટાણે, પૂર્યો અન્નકૂટ અન્ને;
ઠાકોરજીને આગળે, લેહ્ય[૧] ચોષ્ય[૨] ભક્ષ્ય[૩] ભોજને[૪]...૦૧

કે'તાં પાર ન આવે પાકનો, શાકભાજીની સીમા નહીં;
અથાણાં અપાર ધરિયાં, કઢી વડી વડાં દહીં...૦૨

ચોપાઈ :

જમી રહ્યા ઠાકોરજી જ્યારે, ઉતારી આરતી તે વારે;
દક્ષિણ ઓરડાની ઓસરી અનુપ, ઢાળ્યો બાજઠિયો સુખરૂપ...૦૩

આવી બેઠા તે ઉપર વા'લો, રૂડી રીતે જમવા ધર્મલાલો;
ધર્યા કંચન[૫] થાળ કટોરા, ચંબુ પાણી પીધાના અબખોરા...૦૪

સંત હરિજન આવ્યા સમાજ, પ્રભુ જમે તે દર્શન કાજ;
સામું જોઈ રહ્યા સર્વે જન, માંડ્યું જમવા તે જીવન...૦૫

૧.ચાટીને ખાવા યોગ્ય - શિખંડ વગેરે. ૨.ચૂસીને ખાવા યોગ્ય - દૂધ, શેરડી વગેરે. ૩.ચાવીને ખાવા યોગ્ય - સફરજન, કાકડી વગેરે ૪.રાંધીને ખાવા યોગ્ય - રોટલી, દાળ, ભાત, મિષ્ટાન્ન વગેરે ૫.સોનાના

જમે જલેબી જગતનાથ, કરે દર્શન તે સર્વે સાથ;
વળી મોતૈયા લાડુ મહારાજ, જમે રાજી થઈ મુનિરાજ...૦૬
લાડુ સેવૈયા લઈ શ્યામ, જમે પુરુષોત્તમ પૂર્ણકામ;
વળી બરફી લઈ બહુનામી, જમે શ્રીસહજાનંદસ્વામી...૦૭
રૂડા સાટા લઈ સુખધામ, જમે સુંદર શ્રીઘનશ્યામ;
દૂધ પેંડા લઈ દયાળ, જમે જનતણા પ્રતિપાળ...૦૮
હલવો હરીસો લઈ હરિ, જમે વા'લોજી વખાણ કરી;
જમે પાપડ અને પૂડલા, કરે દર્શન ભક્તજન ભલા...૦૯
જમે પૂરી અને દૂધપાક, રૂડાં અથાણાં ને વળી શાક;
સુંદર શીરો સાકરનો સારો, જમે જુગતે તે પ્રીતમ પ્યારો...૧૦
જમે બિરંજ તે બહુ બોળી, રૂડી રોટલિયો જમે મોળી;
જમે જીવન પૂરી ને કંસાર, ભક્ત સામું જુવે વારંવાર...૧૧
જમે રસ રોટલી રાજી થાઈ, જમાડે પ્રીતે તે બે ભાઈ;
જમે સેવો તે સુંદરશ્યામ, કરે દર્શન પુરુષ ને વામ...૧૨
જમે દળ તે દયા કરી, ભાવે કોળિયા સુંદર ભરી;
જમે ગોળના લાડુ ઘનશ્યામ, એનું ઉત્તમશ્લોક[1] છે નામ...૧૩
× × × × ×, × × × × ×;
જમે સૂતરફેણી સુખસિંધુ, દીનદયાળ દાસના બંધુ...૧૪
જમે ઘેબર તે ગુણવંત, કરે દર્શન તે સર્વ સંત;
જમે કેળાં ને ખાંડ રોટલી, રાયણ રોટલી જમે ભલી...૧૫
જમે માલપૂડા મન ગમતાં, જોયા વેડમી[2] વા'લોજી જમતાં;
જમે સુખડી સહજાનંદ, જમે પતાસાં તે જગવંદ...૧૬
જમે ગુલાબપાક ગિરધારી, જમે જાદરિયું દુઃખહારી;
જમે ખાજાં ને ટોપરાપાક, ગુંદરપાક સૂરણનાં શાક...૧૭

૧.સર્વોત્તમ કીર્તિમાન્ ૨.પૂરણપોળી

જમે ભજિયાં વડાં ફૂલવડી, કળી ગાંઠિયા સાબુડી[1] કઢી;
એ આદ્યે અનેક ભોજન, જમે જુક્તે કરી જીવન...૧૮
જમે ભાત દાળ ભગવંત, ગાય શેષ શારદા ને સંત;
જમે ભાત દૂધ સાકર, શોભે સુંદર તે નટવર...૧૯
જમે ભાત સાકર ને દહીં, નીરખે સંત હરિજન કઈ;
જમે શાક તે સૂરણ તણું, રૂડાં વૃંતાકનાં ઘી ઘણું...૨૦
સુંદર વા'લોળ વૃંતાક વળી, તૂરિયાં ભીંડા ને ચોળાફળી;
કોળાં કારેલાં કંકોડા કૈયે, જમે જીવન તે જોઈ રૈયે...૨૧
પરવળ ફણસ ને ગેસુડાં, નૈયાં[2] કેળાનાં રાયતાં રૂડાં;
ચિકેણ્ય ચિભડાં ડોડા દૂધિયાં, ખારેક ખજૂર ને વળી નૈયાં...૨૨
જમે રાયતાં વખાણી વખાણી, દાળ તુવેર અડદની લિયો જાણી;
મૂળા મોગરિયો મનહર, જમે જુગતે તે નટવર...૨૩
ટાંકો તાંદળિયો મેથીની ભાજી, જમે જીવન તે થઈ રાજી;
એ આદ્યે શાકભાજી અપાર, જમ્યા જુગતે તે પ્રાણઆધાર...૨૪
જમી ચળું કર્યું ઘનશ્યામ, લીધો મુખવાસ તે સુખધામ;
ચંદન પુષ્પ વડે પૂજા કરી, ઉતારી આરતી ભાવ ભરી...૨૫
પછી મુનિને પીરસ્યું મહારાજ, જમ્યા રાજી થઈ સંતસમાજ;
ફર્યા પંગતમાં પંચવાર, જમ્યા સંત થયો જેજેકાર...૨૬
પછી પોઢ્યા જઈ ઓરડીમાંઈ, આવ્યા સાંજુકા[3] દરબારમાંઈ;
મળ્યા અવધવાસીને અવિનાશી, મળ્યા સંતને તે સુખરાશી...૨૭
દીધાં વા'લેજી બહુ દર્શન, થયા સંતજન સહુ પ્રસન્ન;
કરી લીલા જે જગઆધાર, ગાઈ શેષ ન પામે પાર...૨૮

૧.ઘઉંના લોટની એક મિષ્ટ વાનગી કે રાબ ૨. કોઠીંબડાં; નાની સાઇઝના કૂણા ચીભડા; કટિયા ચીભડા ૩.સાંજ આસપાસ

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ ગઢપુરમાં અન્નકૂટ ઉત્સવ કર્યો ' એ નામે છવીસમો કિરણ ॥૨૬॥

કિરણ : ૨૭

ગઢપુરમાં પ્રબોધિની તથા પૂનમનો સમૈયો કર્યો

પૂર્વછાયો :

પછી આવ્યો પ્રબોધની, ઉત્સવ મોટો વળી એહ;
શ્રીધર્મદેવનો જન્મ જાણી, કરાવ્યો ઉત્સાહે તેહ...૦૧
પૂનમે પ્રગટ્યાં ભક્તિમાતા, તે પણ ઉત્સવ આવિયો;
સંતજનને સુખ દેવા, મોહનને મન ભાવિયો...૦૨

ચોપાઈ :

પોઢી જાગે જીવનજી જ્યારે, જોઈ જન મગન તે ત્યારે;
દિયે દર્શન દીનદયાળ, નિજ ભક્તતણા પ્રતિપાળ...૦૩
પછી દેહક્રિયા[૧] કરી આવે, હાથ મૃતિકાયે મટિયાવે[૨];
ચોળી એક એક આંગળિયું, ધોઈ શુદ્ધ કરે સઘળિયું...૦૪
કરે દાતણ શ્રીઘનશ્યામ, મુખ ધોઈ લૂવે સુખધામ;
પછી આસન સુંદર સાર, તે પર બેસે તે ધર્મકુમાર...૦૫
જોયા વતું કરાવતાં વળી, નખ લેતાં[૩] દશે આંગળી;
અંગે અત્તર તે ચોળેલ, તેલ સુગંધી રૂડે ફૂલેલ[૪]...૦૬
વળી નવરાવ્યા ઊને નીરે, લોતાં લાંસે[૫] વસ્ત્ર શરીરે;
પછી પે'રે તે કોરું પટ, ચઢી ચાખડિયે આવે ચટ...૦૭

૧.શૌચક્રિયા-જાજરું ૨.માટીથી ધૂએ ૩.કાપતાં ૪.ફૂલની સુગંધીવાળું ૫.સુંવાળા

ઓઢી ઉપરણી અલબેલ, આવે જમવા છોગાળો છેલ;
બેસે બાજોઠિયે મહારાજ, જમે જુગતે તે મુનિરાજ...૦૮
ચળું કરી લિયે મુખવાસ, પછી પૂજા કરે નિજ દાસ;
પે'રી વસ્ત્ર ઘરેણાંને શ્યામ, બેસે ઓસરિયે સુખધામ...૦૯
સુરવાળ કિનખાપનો સુખકારી, નાડી હીરની ફૂમતાં ભારી;
ડગલી જરી તણી બહુ શોભે, જોઈ મુનિવરનાં મન લોભે...૧૦
માથે મોળિયું સુંદર ભારી, કશી કેડ્ય રેંટે સુખકારી;
કડાં સાંકળાં તે બાજુબંધ, વેઢ પોંચી કુંડળ સુખકંધ...૧૧
ગળે મોતીની માળા બિરાજે, બેઉ હાથે રાખડિયું છાજે;
કર્યું તિલક કેસરનું ભાલ, વચ્ચે ચાંદલિયો શોભે લાલ...૧૨
ઊભો નાગાજણ આગે ગાય, તેને જોઈ હરિ રાજી થાય;
સભા સંત હરિજનની થાય, ઊકો ભક્ત પાણી લઈ પાય...૧૩
કાને શોભે કરેણના ફૂલ, હાર ગજરા ને તોરા અમૂલ;
ગુલદાવદી ગુલાબ હાર, ચંપા હજારી મોગરા ઉદાર...૧૪
બેસે ઉગમણી ઓસરીએ હરિ, આથમણી ઓસરીએ સભા કરી;
બેસે દક્ષિણાદે ઓરડે ત્યાંય, બેસે મંદિરની પ્રદક્ષિણા માંય...૧૫
શોભે ચારેકોર સભા સારી, લેવી મૂર્તિ અંતરમાં ધારી;
મધ્યે લિંબતરુ શોભે સાર, ત્યાં બેસે તે ધર્મકુમાર...૧૬
ધર્મ જ્ઞાન વૈરાગ્ય સમેત[૧], એવી ભક્તિ કરવી કરી હેત;
એવી વાતુ કરે ભગવંત, તેને સાંભળે હરિજન સંત...૧૭
કરે ધૂન્ય ગાય કીરતન, થાય રાત દિવસ ભજન;
વાજે દુકડ સરોદા સતાર, ભેર ભૂંગલ શરણાઈ સાર...૧૮
ઢોલ પડઘમ ત્રાંસાં ત્રંબાળું, તાલ મૃદંગ વેણા રસાળું;

૧.સહિત

ગાય કીરતન ઊભા થઈ સંત, ભેળા ફરે પોતે ભગવંત...૧૯
પાડે તાળી તે શ્રીઘનશ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
જાય નારાયણ હ્રદે નાવા નાથ, વેલ્ય હાંકે પ્રભુ પોતે હાથ...૨૦
બેઉ બેસે માંઈ મુદ[1] પામી, દાદા ખાચર મુક્તાનંદસ્વામી;
જાય લક્ષ્મીવાડીએ જગવંદ, સુખદાઈ તે સહજાનંદ...૨૧
જાય રાધાવાવ્યે વનમાળી, આવે સીમ સર્વે સંભાળી;
જાય ઓરિયે[2] આનંદ પામી, સુખસાગર સહજાનંદસ્વામી...૨૨
ગયા ગઢાળી શ્રીઘનશ્યામ, આંબા શેઠને ત્યાં સુખધામ;
જાય માંડવધાર મહારાજ, ભક્તજનનાં કરવાં કાજ...૨૩
કરે લીલા તે જગઆધાર, કે'તાં શેષ ન પામે પાર;
એમ કરતાં આવી દેવદિવાળી, ભારે સમૈયો કર્યો વનમાળી...૨૪
કર્યા દીવા તે ચારેકોર, વચ્ચે બેઠા તે ધર્મકિશોર;
શોભે સંત મધ્યે સહજાનંદ, જેમ તારામાં શોભે છે ચંદ...૨૫
ભક્તિમાતાના જન્મની તિથિ, સરસ પૂનમ એ સર્વેથી;
આવ્યા ભક્ત અનંત અપાર, પ્રેમે પૂજવા ધર્મકુમાર...૨૬
કરે દર્શન નાથના સહુ, અતિ આનંદ ઉરમાં બહુ;
સર્વે પૂજ્યા તે અંતરજામી, ઉતારી આરતી કર ભામી...૨૭
પછી વસ્ત્ર ઘરેણાં લઈ, પૂજ્યા અવધવાસી રાજી થઈ;
પૂજ્યા સંત કરી બહુ પ્રીત, ચંદન પુષ્પ વડે રૂડી રીત...૨૮

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'ગઢપુરમાં પ્રબોધિની તથા પૂનમનો સમૈયો કર્યો ' એ નામે સત્તાવીસમો કિરણ ॥૨૭॥

૧.આનંદ ૨.નદીકાંઠે રહેલ કૂવો

કિરણ : ૨૮

પોતાના ભક્તોને રાજીપા સ્વરૂપે વસ્ત્ર-ઘરેણાં આપ્યાં

પૂર્વછાયો :

જે ભક્તને ભગવાને દીધું, હાથે કરિ હરિરાય;
તેનો મહિમા બહુ જક્તમાં, વળી મોટા મુનિવર ગાય...૦૧
ભરતજીને દીધી ચાખડી, હનુમાનને દીધા હાર તેલ;
નરસી મે'તાને હાર દીધો, તે શાસ્ત્રમાં સાંભળેલ...૦૨

ચોપાઈ :

ભાઈ રામપ્રતાપને ભારી, દીધાં વસ્ત્ર વા'લે ઉતારી;
ભારે ધોતી અંગરખાં ને શાલ, પાઘ પછેડી રજાઈ રૂમાલ...૦૩
ભાઈ ઈચ્છારામજીને નાથે, દીધાં વસ્ત્ર પોતાને હાથે;
ભારે ધોતી ડગલી ને પાઘ, રેંટા ફેંટા રૂમાલ જોયા લાગ...૦૪
દીધાં અયોધ્યાપ્રસાદજીને આપે, વસ્ત્ર ઘરેણાં તે અમાપે;
વળી પૂજા કરવા પ્રીત કરી, દીધી ચાખડી સુંદર હરિ...૦૫
રઘુવીરજીને વળી નાથે, દીધી ચાખડી પૂજવા હાથે;
દીધાં વસ્ત્ર ઘરેણાં અપાર, ચરણારવિંદ રાખડી હાર...૦૬
દીધી ગોપાળજીને ઘનશ્યામ, પૂજવા પાદુકા પૂરણકામ;
બીજા ફૂલહાર ફળ ઘણાં, તેની ન રાખી આ વારે મણા...૦૭
ઠાકોરરામે લખ્યો પત્ર હાથે, તે લઈને વાંચ્યો જગનાથે;
નંદરામને દીધી ડગલી પાઘ, વા'લે કરીને અતિ અનુરાગ[1]...૦૮
વૃંદાવનને વસ્ત્ર દીધાં નાથે, પે'રી પોતે ઊતરી દીધી હાથે;
સીતારામને તે સુખકારી, દીધાં વસ્ત્ર ઘરેણાં ભારી...૦૯
કંઠી રાખડી રજાઈ હાર, દીધા પ્રસાદ વારમવાર;

૧.પ્રેમ

બદ્રિનાથજીને બહુવાર, દીધાં ઘરેણાં વસ્ત્ર અપાર...૧૦
પેંડા પતાસાં પ્રસાદી હાર, કેળાં જમાડ્યાં કરીને પ્યાર;
રામશરણને રાજી થઈ, દીધો પ્રસાદ તે હાથે લઈ...૧૧
નારાયણપ્રસાદને નાથે, દીધાં વસ્ત્ર ઘરેણાં હાથે;
કૃષ્ણપ્રસાદના જન્મ અક્ષર, વાંચી રાજી થયા વિશ્વંભર...૧૨
દીધા શુકમુનિને મહારાજ, જન્મોતરી કરવાને કાજ;
સર્વે પરિવારને રાજી થાઈ, આપ્યાં વસ્ત્ર ઘરેણાં હાથે જાઈ...૧૩
મુક્તાનંદસ્વામીને મહારાજ, દીધી પાદુકા પૂજવા કાજ;
ડગલી ટોપી રજાઈ ને હાર, આપ્યા સુખ તે અનંત અપાર...૧૪
ગોપાળાનંદજીને ઘનશ્યામ, દીધો ચોફાળ ચાખડી સુખધામ;
હાર ગજરા તોરા દીધા હાથ, અતિ રાજી થઈને નાથ...૧૫
નિત્યાનંદજીને વળી નાથે, દીધાં વસ્ત્ર પ્રસાદી હાથે;
દીધી પાદુકા પૂજવા કાજ, રાજી થઈ પોતે મહારાજ...૧૬
બ્રહ્માનંદજીને તે ભારી, દીધી માથેથી પાઘ ઉતારી;
પોયણાં ગુલાબના ઘણા હાર, બીજી પ્રસાદીનો નહિ પાર...૧૭
ગુણાતીતાનંદજીને વા'લે, દીધી પાઘ પ્રસાદી ધર્મલાલે;
અક્ષરાનંદજીને આ વાર, દીધો ચોફાળ તે કરી પ્યાર...૧૮
વળી પછેડી ને પાઘ સારી, ઘણે હેતે દીધી ગિરધારી;
વિરક્તાનંદજીને સુખકારી, દીધી માથેથી પાઘ ઉતારી...૧૯
દેવાનંદજીને ડગલી દયાળે, દીધી હાથે જન પ્રતિપાળે;
ભગવદાનંદને ભાવ કરી, દીધી પાદુકા પૂજવા હરિ...૨૦
શ્રીધરાનંદને શ્રીમહારાજ, ખેસ રૂમાલ આપ્યો પૂજા સાજ;
આધારાનંદજીને આ વાર, દીધી પાઘ પછેડી કરી પ્યાર...૨૧

આનંદાનંદસ્વામીને નાથ, દીધી પ્રસાદી પોતાને હાથ;
ચરણારવિંદ ચાખડી ચંદન, દીધું જાણી પોતાના જન...૨૨
આત્માનંદસ્વામીને અતિ, બહુ રાજી થયા સંતપતિ;
દીધી ગોદડી ને વળી હાર, સુંદર પ્રસાદી પ્રાણઆધાર...૨૩
શુકસ્વામીને તે મહારાજ, દીધી પાદુકા પૂજવા કાજ;
ચોફાળ રૂમાલ રૂડો ખેસ, રામનામી પછેડી ઉજેસ[૧]...૨૪
હીરકોરી ધોતિયું તે સાર, બહુ પ્રસાદ દીધો કરી પ્યાર;
વળી ચૈતન્યાનંદને સ્વામી, દીધી ચાખડી અંતરજામી...૨૫
સચ્ચિદાનંદસ્વામીને શ્યામ, દીધી પૂજા તે પૂરણકામ;
ભજનાનંદસ્વામીને ભાળી, દીધી પાદુકા પૂજવા વનમાળી...૨૬
નિર્ગુણાનંદજીને તે નાથે, ચરણારવિંદ ચાખડી દીધી હાથે;
મા'નુભાવાનંદને મુનિરાજ, દીધી પાદુકા પૂજવા કાજ...૨૭
સુરજાનંદે અમોઘાનંદે ધારી, ગામોગામ કર્યાં મંદિર ભારી;
તેને રીઝ્યા તે જગઆધાર, દીધો પ્રસાદ પૂજા ઘણા હાર...૨૮
સ્વયંપ્રકાશાનંદને સ્વામી, દીધી પ્રસાદી અંતરજામી;
એહ આદ્યે સંત સહુને, દીધા હાર તોરા બહુને...૨૯
દીધી પૂજા ને ચરણારવિંદ, સર્વે સંતને થાવા આનંદ;
આ તો લખ્યું છે સંક્ષેપે સાર, સર્વે ગણતાં ન આવે પાર...૩૦

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ પોતાના આશ્રિતોને પ્રસાદીનાં વસ્ત્ર તથા ઘરેણાં આપ્યાં' એ નામે અઠ્ઠાવીસમો કિરણ ॥૨૮॥

૧.ઉજળી

કિરણ : ૨૯

સાધુ, પાળા તથા હરિભક્તોને પ્રસાદ દીધો

પૂર્વછાયો :

ઉદ્ધવજીને હરિ આપિયો, ઉરથી પ્રસાદીનો હાર;
વસ્ત્ર વાહન આપીને, મોકલ્યા ગોકુળ મોઝાર...૦૧
બહુ હાર વસ્ત્ર આ સમે, પ્રસાદ દીધો સર્વે જનને;
સાક્ષાત તે શ્રીહરિ જાણી, કરે તે પ્રગટ ભજનને...૦૨

ચોપાઈ :

નિષ્કુળાનંદજીને તે નાથે, દીધા હાર પ્રસાદી હાથે;
કૃપાનંદસ્વામીને કંઈ વાર, દીધી પ્રસાદીને ઘણા હાર...૦૩
કૈવલ્યાનંદને કીરતાર, આપ્યો પ્રસાદ તે કરી પ્યાર;
અખંડાનંદસ્વામીને આપે, દીધા હાર હરિએ અમાપે...૦૪
અદ્‌ભુતાનંદજીને અતિ, દીધો પ્રસાદ તે સંતપતિ;
તદ્રુપાનંદજીને હરિ ત્યાંઈ, દીધા હાર તે વડતાલમાંઈ...૦૫
પ્રેમાનંદજીને બહુ પ્રીતે, દીધો પ્રસાદ તે રૂડી રીતે;
જોગાનંદજીસ્વામીને જાઈ, દીધા હાર પોતે રાજી થાઈ...૦૬
સર્વજ્ઞાનાનંદજીને સારા, દીધા હાર પ્રીતમજીએ પ્યારા;
સર્વનિવાસાનંદજીને નાથે, દીધા હાર ને પ્રસાદ હાથે...૦૭
સુપર્ણાનંદને સુખકારી, દીધા હાર તોરા ઉતારી;
ઉપેજ્ઞાનંદસ્વામીને અતિ, દીધા હાર તોરા સંતપતિ...૦૮
શુન્યાતીતાનંદને સુખકારી, દીધો હરિએ હાર ઉતારી;
ભૂમાનંદને તે ભલી પેર, દીધા હાર તોરા કરી મે'ર...૦૯
નિર્મત્સરાનંદસ્વામીને નાથે, દીધા હાર પોતાને હાથે;
હરિયાનંદસ્વામીને હરિએ, દીધા હાર તોરા ઓસરીએ...૧૦

રસભાનંદને રૂડી રીતે, દીધાં વસ્ત્ર પ્રસાદીનાં પ્રીતે;
મંજુકેશાનંદને મહારાજ, દીધી પાદુકા પૂજવા કાજ...૧૧
વિજ્ઞાનાનંદજીને વળી, દીધા હાર પ્રસાદી ગળી;
નીલકંઠાનંદજીને નાથે, દીધા હાર તોરા બાજુ હાથે...૧૨
પૂજા કરાવી કરી બહુ પ્યાર, મળ્યા વા'લોજી વારમવાર;
ભક્તિપ્રિયાનંદને કરી પ્યાર, દીધા હરિએ તે બહુ હાર...૧૩
વિજયાત્માનંદને કરી વા'લ, દીધા ગજરા હાર ધર્મલાલ;
પરમજ્ઞાનાનંદને પ્રીતે, દીધો પ્રસાદ તે રૂડી રીતે...૧૪
સનાતનાનંદને સુખકારી, દીધા ચંદન ચણોઠી હાર ભારી;
ચતુરવ્યુહાનંદને ચાખડી, હાર તોરા દીધી રાખડી...૧૫
સુખાનંદજીને સુખકારી, દીધા હાર ઝાઝા ઉતારી;
બાલમુકુંદાનંદને બહુવાર, દીધા હાર પ્રસાદી અપાર...૧૬
ઘનશ્યામાનંદને ઘણા ઘણા, દીધા હાર ન રાખી મણા;
અનિરુદ્ધાનંદને આ વાર, દીધા હાર બાજુ કરી પ્યાર...૧૭
જયાનંદને તે જગનાથે, દીધા હાર તોરા હરિ હાથે;
દયાનંદને તે દુઃખહારી, દીધી પાદુકા પૂજવા પ્યારી...૧૮
મુનેશ્વરાનંદને મહારાજ, દીધી પાદુકા પૂજવા કાજ;
અશોકાનંદજીને તો અતિ, દીધા હાર ગજરા સંતપતિ...૧૯
જુગતાનંદજીને જગનાથે, દીધાં વસ્ત્ર પ્રસાદી હાર હાથે;
ભગવદાનંદ સેવાનંદને સ્વામી, દીધો પ્રસાદ ન રાખી ખામી...૨૦
પ્રજ્ઞાનંદને થઈ પ્રસન્ન, આપી પ્રસાદી દીધાં દર્શન;
દીધો સંતને પ્રસાદ આ વાર, તેનો ગણતાં ન આવે પાર...૨૧
મુકુંદ બ્રહ્મચારીને મહારાજ, દીધા પેંડા બરફી મુનિરાજ;
થઈ મોટા એકાંતિક દાસ, રહ્યા સેવામાં પ્રભુને પાસ...૨૨

જેરામને તે વળી જગનાથે, દીધા હાર પોતાને હાથે;
વાસુદેવને તે વળી વળી, દીધા હાર પ્રસાદી ગળી...૨૩
અખંડાનંદજીને કરી પ્યાર, દીધાં વસ્ત્ર પ્રસાદીના હાર;
પાઘ પછેડીને પીતાંબર, પેંડા બરફી કેળાં સાકર...૨૪
માધવ બ્રહ્મચારીને મહારાજે, દીધા હાર તોરા મુનિરાજે;
નારાયણાનંદનું નામ લઈ, દીધા હાર ઘણા રાજી થઈ...૨૫
વૈકુંઠ બ્રહ્મચારીને વા’લે, દીધો ફેંટો રૂમાલ ધર્મલાલે;
આંબલિયાના સુફળ જેહ, ચાંદી જડેલી ચાખડી તેહ...૨૬
આપી પૂજવાને પ્રીત કરી, અતિ પ્રસન્ન થઈને હરિ;
પાળા ભગુજીને કડાં પ્રસાદી, દીધી રાજી થઈ રાયજાદી[1]...૨૭
રતનજીને તે રાજી થાઈ, હરિએ ચોફાળ દીધો ચાઈ;
ગુમાનજીને તે ઘનશ્યામ, દીધો ખેસ પ્રસાદી સુખધામ...૨૮
મિયાંજીને તે શ્રીમહારાજ, દીધો રૂમાલ તે મુનિરાજ;
ભીમભાઈને તે વળી ભારી, દીધી પ્રભુજી પાઘ ઉતારી...૨૯
અરજણને કરી અનુરાગ, દીધી પછેડી પ્રસાદી પાઘ;
નાજા ભક્તને તે કર્યા ન્યાલ, દીધી પછેડી ચોફાળ ધર્મલાલ...૩૦
વિરાભક્તને તે વળી વળી, દીધા હાર પ્રસાદી ગળી;
કમા ભક્તને તે કંઈ વાર, દીધાં વસ્ત્ર પ્રસાદી હાર...૩૧
નાવા બેસતાં ફાટ્યો ખેસ જેહ, દીધો પાળાને પ્રસાદ તેહ;
જાલમ ભક્તને તો જગનાથે, દીધો પ્રસાદ પોતાને હાથે...૩૨
પ્રભુદાસને કરી પ્યાર, દીધી રાખડી પ્રસાદી હાર;
નાથુજીને તે તો જગનાથે, દીધી પાઘ પછેડી હાથે...૩૩

૧.અતિ ઉત્તમ

ભગુજીને તે શ્રીભગવાન, દીધો ખેસ પ્રસાદીમાન;
કાળા ભક્તને તે સુખકારી, દીધા હાર પ્રસાદી ભારી...૩૪
દીધા હરજીને હાર હરિ, દીધી પ્રસાદી તે થાળ ભરી;
હમીરભાઈને તે નિજ હાથે, દીધી પ્રસાદી પૂરણનાથે...૩૫
નથુ બેચર વાલો હરિભાઈ, જમ્યા પ્રસાદી રાજી થાઈ;
રૂડો રાયજી જોરા ઊકા આદિ, પામ્યા પ્રસાદી તે રાયજાદી...૩૬
કરીમભાઈને કંઈ વાર, દીધી પ્રસાદી પ્રાણઆધાર;
હસનભાઈને તે દીધી હરિ, પાદુકા પાઘ પ્રસાદી કરી...૩૭
પામ્યા પાળા પ્રસાદ આ વાર, તેનો ગણતાં ન આવે પાર;
મોટાં ભાગ્યવાળા સર્વે પાળા, પૂજી પ્રભુને થયા સુખાળા...૩૮
સવચંદને તે સુખકારી, દીધા હાર પ્રસાદીના ભારી;
હરિલાલને તે હરિવર, દીધા હાર પ્રસાદી સુંદર...૩૯
દલા દેસાઈને તે દયા કરી, દીધા હાર પ્રસાદીના હરિ;
કુબેરભક્તને તે કીરતાર, દીધી પ્રસાદી ને ઘણા હાર...૪૦
પટેલ પુરુષોત્તમ કંડારી વાસ, પામ્યા પ્રસાદી હાર ત્રિકમદાસ;
મુમધાના[૧] જે અજુભાઈ, હરિએ હાર દીધા રાજી થઈ...૪૧
જુસા જોબનને બહુવાર, હરિએ હાર દીધા કરી પ્યાર;
વખતા આદ્યે જે વડતાલના જન, તેને પ્રભુ થયા પ્રસન્ન...૪૨
ગામ વડતાલના પાટીદાર, હરિએ દીધા તેમને બહુ હાર;
કર્યા પ્રભુજીને તો પ્રસન્ન, કર્યાં નાનાં મોટાંએ દર્શન...૪૩
એનાં પુણ્યતણો નહીં પ્યાર, પામ્યા પ્રસાદી ને ઘણા હાર;
કરે સંત ઠાકોરનાં દર્શન, જેને ઈચ્છે મોટા મુનિજન...૪૪
પ્રેમજી ગોકલદાસને નાથે, દીધાં મોળિયાં પોતાને હાથે;

૧.મહુધા ગામના

દ્વિજ વાલજીને તે વા'લે, દીધી ધોતલી ધર્મને લાલે...૪૫
સિયા ભક્તને તે સુખકારી, દીધો શિરપાવ વસ્ત્ર ઉતારી;
સુરવાળ જામો શેલું પાઘ, હરિએ દીધાં કરી અનુરાગ...૪૬
ભગા મીરને તે ભલી પેર, દીધી પાઘ શેલું કરી મે'ર;
કુબેર ચોપદારને[૧] કરી પ્યાર, દીધાં શેલું પાઘ પોંચી હાર...૪૭
નાગાજણને કર્યો બહુ ન્યાલ, દીધો સુરવાળ શેલું પાઘ લાલ;
વળી ઘોડો ડગલી ઘણા હાર, પામ્યો પ્રસાદ તે વારમવાર...૪૮
અરદેશરજીને હરિ હાથે, પાઘ પ્રસાદ દીધો સુખપાથે;
સુરત શહેરમાં ગયા સુખકારી, ભક્ત ભારે જાણી નરનારી...૪૯
જાલમસીંગને તે જગનાથે, દીધા હાર હરિ બહુ હાથે;
જેમલ મેરને તે ભક્ત જાણી, દીધા હાર વા'લે દયા આણી...૫૦
એક વાજાંવાળાને નાથે, દીધી ઊતરી હરિએ હાથે;
એક શરણાઈવાળાને સુખકારી, દીધો બાજુબંધ તે ભારી...૫૧
નર્મદા ઊતરીને તે નાથે, દીધો રેંટો ખેવટને હાથે;
મહી ઊતરીને મહારાજે, આપ્યું શેલું ખેવટને ઝા'જે[૨]...૫૨
જોષી દયારામને કરી પ્યાર, દીધી જનોઈ જગઆધાર;
રૂગનાથશાસ્ત્રીને રૂડી રીતે, દીધા પૈસાને હાર હરિ પ્રીતે...૫૩
સુંદર સોનેરી તે શિરપાવ, દીધો અલૈયાને કરી ભાવ;
કાશીદાસને તે કીરતાર, દીધાં વેઢ ઘોડી પાઘ હાર...૫૪
આપ્યા સિયાજીને સુખકંદે, મળીને હાર સહજાનંદે;
દીધું ભૂલાને તે ભગવાન, ધોતિયું રૂડું પ્રસાદીમાન...૫૫
ઊકા જીવાને દીધા વા'લે ખેસ, દાદાભાઈને શેલું પાઘ ઉજેસ;
પુરુષોત્તમે શેલું પાઘ લીધી, રતના જેઠાને રેંટો પાઘ દીધી...૫૬

૧.છડી બોલનારને ૨.વહાણમાં

દીધા ભાણાભાઈને તે ભારી, હાર તોરા બાજુ સુખકારી;
કાયાભાઈને કરી અનુરાગ, દીધી ભારે પ્રસાદીની પાઘ...૫૭
ભટ્ટ દીનાનાથને દયા કરી, આપ્યાં વસ્ત્ર ઘરેણાં ભાવ ભરી;
શિવરામ ભટ્ટને સુખકારી, આપ્યા હાર પ્રસાદી ભારી...૫૮
નાનાભાઈને કર્યા તે ન્યાલ, દીધા હાર તોરા ધર્મલાલ;
કર્યા જગન દીધાં બહુ દાન, શ્રીસહજાનંદજી ભગવાન...૫૯
પુરાણી પ્રાગજીને દયા કરી, આપ્યાં વસ્ત્ર ઘરેણાં હાર હરિ;
પુરુષોત્તમ ભટ્ટને પ્રીતે, દીધાં વસ્ત્ર હાર રૂડી રીતે...૬૦
તેનો ગણતાં ન આવે પાર, એવા હરિ અતિ ઉદાર;
પામ્યા પ્રસાદ જે હરિજન, નીરખી નાથને થયા પાવન...૬૧
મળ્યા સ્વામી સહજાનંદને જેહ, હાર પ્રસાદી પામ્યા તેહ;
ભજે પ્રભુને પૂજે કરી પ્રીતિ, તે તો સે'જે જાય જગ જીતી...૬૨

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'સાધુ, પાળા તથા હરિભક્તોને પ્રસાદી આપી' એ નામે ઓગણત્રીસમો કિરણ ॥૨૯॥

કિરણ : ૩૦

લોયામાં વસંતપંચમી કરી, છપૈયાથી ભાઈ આવ્યા તથા ગઢપુરમાં સીતારામને ગાદી આપી

પૂર્વછાયો :

આજ અનુપમ દિવસ જેહી, વસંતપંચમી આઈ;
પ્રેમ મગન ખેલે પ્રભુ સંગ, બહુ વિધિ રંગ બનાઈ...૦૧
ચૂવા ચંદન અબીર અરગજા, કેસર ગાગર ઘોળી;
રંગ સાજ સુંદર લઈ, ભરી ગુલાલની ઝોળી...૦૨

ભૂષણ રંગ સોરંગી[1] પે’રે, પ્રેમે લિયે પિચકારી;
શ્વેત વસ્ત્ર શ્યામ ધરીકે, ખેલનકું ભયે ત્યારી...૦૩

ચોપાઈ :

કર લઈ કંચનની થાળી, કનક કુંભ ભરો અજવાળી;
મંગલ સાજ લઈ આંબા મોર, પ્રેમે પૂજવા ધર્મકિશોર...૦૪
રંગ રમવા મંડપમાંઈ, ભાત ભાત બનાયે ત્યાંઈ;
કુંભ ઉપર શ્રીફળ સાર, ધરે દૂર્વા[2] ઉંબી[3] કરી પ્યાર...૦૫
આંબા પત્ર આંબા મોર ભારી, શોભે કળશ ઉપર સુખકારી;
કંકુના ચાંદલા ચહુકોર, બાંધી નાડાછડી ચિત્તચોર...૦૬
આણ્યું અબીર ગુલાલ અતિ, જોઈ રાજી થયા સંતપતિ;
અષ્ટદળ કમળ શોભે ભારી, તેને ઉપર કળશ સુખકારી...૦૭
વસંતી વસ્ત્ર ઉર પર ધારી, શોભે મંડપમાં ગિરધારી;
પ્રથમ કળશ પૂજ્યો પોતે જાઈ, વધાવ્યો વસંત સુખદાઈ...૦૮
પે’લી લોયાની કહું છું વાત, મળ્યા શ્રીહરિને બેઉ ભ્રાત;
રમ્યા વસંતપંચમીએ વા’લો, ધર્મધુરંધર ધર્મનો લાલો...૦૯
લાવ્યા રંગ ગુલાલ ત્યાં ભારી, રમવા ત્યાર થયા સુખકારી;
લીધો રંગ પોતાને હાથે, રેડ્યો રામપ્રતાપને માથે...૧૦
ઈચ્છારામજી ઊભા હતા પાસ, લઈ રંગ રેડ્યો અવિનાશ;
બેઉ ભાઈ ઉપર રાજી થાઈ, રેડ્યો રંગ અતિ સુખદાઈ...૧૧
નાખ્યો ઘણો અબીર ગુલાલ, બેઉ ભાઈ થયા રંગે લાલ;
નાખ્યો ભાઈએ તે રંગ ભારી, સહજાનંદ ઉપર સુખકારી...૧૨
નાખ્યો અબીર ગુલાલ અતિ, રંગે રંગ્યા રે સંતપતિ;
રમ્યા ભાઈ અને ભગવન, રાજી થયા સંત હરિજન...૧૩

૧.ચિત્ર-વિચિત્ર રંગના. ૨.ધ્રો ૩.જવ

પછી ત્રણે ભાઈ ભેળા ભળી, રંગ્યા હરિજન સંત મંડળી;
નાખ્યો રંગ ને ગુલાલ ભારી, જેને ઈચ્છે બ્રહ્મા ત્રિપુરારી...૧૪
જેને ઈચ્છે શારદા ને શેષ, તોય પ્રસાદ પામે ન લેશ;
તે પ્રસાદ પામ્યા સંત સહુ, બીજાને તો એ દુર્લભ બહુ...૧૫
રમ્યા સંત સ્વામી બહુવાર, પછી ઘોડે થયા અસવાર;
ગયા ભાદર નદીએ નાથ, ભાઈ સંત સખા લઈ સાથ...૧૬
આપ્યાં રંગ ભર્યાં વસ્ત્ર ઉતારી, સુરા ખાચરને સુખકારી;
નાહ્યા સંત સ્વામી બેઉ ભ્રાત, હવે કહું ગઢડાની વાત...૧૭
સિંહાસન મંડપ મધ્ય ભારી, તેની ઉપર બેઠા સુખકારી;
પે'ર્યાં શ્વેત વસ્ત્ર સુંદર, શોભે મૂરતિ અતિ મનોહર...૧૮
માથે ભારે સોનેરી પાઘ, ખભે રેંટો રૂડો જોયા લાગ;
આંબામોર શ્રીફળ લઈ હાથ, વધાવ્યા પુરુષોત્તમ નાથ...૧૯
કર્યો કુમકુમનો તે ચાંદલો, શોભે સુંદરવરને ભલો;
નાખ્યો અબીર ગુલાલ અતિ, પ્રેમે પૂજ્યા મેં તો સંતપતિ...૨૦
પછી સીતારામજીને લઈ, બેસાર્યા તે ખોળામાં રાજી થઈ;
મેલી માથેથી ઉતારી પાઘ, ધર્યું શેલું ખભે જોયા લાગ...૨૧
તેને જોઈને હરિજન સંત, સર્વે રાજી થયા અત્યંત;
મુક્તાનંદસ્વામીને કહે નાથ, લાગો પગે જોડીને હાથ...૨૨
પછી મુક્તાનંદસ્વામી આવી, લાગ્યા પગે તે શીશ નમાવી;
પછી સર્વે સંત હરિજન, લાગ્યા પગે થઈ પ્રસન્ન...૨૩
વાજે વાજાં ને ગીત ગવાય, અતિ આનંદ ઉત્સવ થાય;
લાવ્યા શેરડી શ્રીફળ સાકર, ખારેક ખજૂર ધાણી ગોળભર...૨૪
વાજે વાજાં તે મંગલકારી, ગાય ગીત ત્યાં તો નરનારી;

પછી રંગ લઈ હરિ હાથે, નાખ્યો ગોપાળજીને માથે...૨૫
વળી નંદરામજીને નાથ, રંગ્યા રંગે તે તો સુખપાથ;
પછી સીતારામજીને સ્વામી, રંગ્યા રંગે તે તો બહુનામી...૨૬
બદ્રિનાથજીને બહુ બહુ, રંગ્યા રંગે તે તો જાણે સહુ;
મંછારામને તે મહારાજ, રંગે રાતા કર્યા મુનિરાજ...૨૭
સુફળમામાને તે સારી રીતે, નાખ્યો રંગ વા'લે બહુ પ્રીતે;
પછી ઉપર નાખ્યો ગુલાલ, ભરી ભરી ઝોળી ધર્મલાલ...૨૮
પછી ગોપાળજી લઈ રંગ, રંગ્યા મહારાજને અંગોઅંગ;
પછી નાખ્યો તે અબીર ગુલાલ, વા'લો રંગે થયા બહુ લાલ...૨૯
પછી સંત પાળા હરિજન, રંગે રંગ્યા વા'લે થઈ પ્રસન્ન;
વહેંચ્યો પ્રસાદ સાકર ઘણી, રાજી થયા અક્ષરના ધણી...૩૦
પ્રથમ વસંત કરી લોજમાંઈ, વળી બીજી મેઘપુર ત્યાંઈ;
ત્રીજી માણાવદરમાં કરી, ચોથી નાગડકે કરી હરિ...૩૧
પાંચમી ધમડકે પરમાણો, છઠ્ઠી તે વળી ભાદરે જાણો;
પંચમી સમૈયો ધર્મપુરમાંઈ, એક ઉત્સવ સુંદરિયાણે ત્યાંઈ...૩૨
બીજા વસંત ગઢપુર ગામ, કર્યા ઉત્સવ તે સુખધામ;
વસંત વધાવ્યો કરીને વા'લ, ઉડાડ્યો રંગ અતિ ગુલાલ...૩૩

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળ સેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'લોયામાં વસંતપંચમી કરી, ભાઈ આવ્યા તથા સીતારામને ગાદી આપી' એ નામે ત્રીસમો કિરણ ॥૩૦॥

કિરણ : ૩૧

શ્રીહરિએ સુંદરીયાણામાં વસંતપંચમી કરી

પૂર્વછાયો :

સુંદરિયાણે શ્રીહરિ, કરી તે વસંતપંચમી;
ભલા ભક્ત ભાલના ભાળી, મોહનના મનમાં ગમી...૦૧
અવધવાસી સંત સર્વે, શ્યામળો લઈ આવિયા;
હરિજને સામૈયું લાવી, વા'લમને વધાવિયા...૦૨

ચોપાઈ :

શેઠ વનો પૂજો હરિદાસ, જેઠો હીરો ભક્ત થઈ હુલાસ[1];
ગાતે વાતે તેડી લાવ્યા ઘેર્ય, કરી સેવા સારી બહુ પેર્ય...૦૩
સુંદર ભોજન વિંજન[2] કરી, અતિ હેતે જમાડિયા હરિ;
પછી મોતિયા લાડુ તે લઈ, હરિએ સંત જમાડિયા જઈ...૦૪
વા'લે બહુ કરી મનુવાર, ફર્યા પંગતમાં પંચવાર;
પછી અવધવાસીએ વળી, કરી રસોઈ સુંદર ગળી...૦૫
પછી ઉતારે તેડીને નાથ, જમાડ્યા પે'લા તે સુખપાથ;
પછી જમ્યા તે અવધવાસી, રૂડી રીતે તે પ્રીત પ્રકાશી...૦૬
પૂજા વનાને પ્રસાદ દીધો, જેઠે હીરે ભગે લાવ લીધો;
બહુ બહુ દિયે દર્શન, અતિ મહારાજ છે પરસન...૦૭
બહુ પ્રશ્ન ને ઉત્તર થાયે, સંત રમે રાસ ગીત ગાયે;
પછી આવી વસંતપંચમી, સુખદાયક સહુને ગમી...૦૮
લાવ્યા રંગ સોરંગ ગુલાલ, લઈ ત્રાંસળી ઊઠિયા લાલ;
ગામથી દક્ષિણાદિ તે પાસ, ઓટા ઉપર ઊભા અવિનાશ...૦૯
નાંખે રંગ પોતાને તે હાથ, અતિ આપે રંગાણા છે નાથ;

૧.આનંદિત ૨.શાક

પછી ભાઈ ઈચ્છારામને માથે, નાખ્યો રંગ પોતાને હાથે...૧૦
અયોધ્યાપ્રસાદજીને તે અતિ, રંગે રંગ્યા હાથે સંતપતિ;
રઘુવીરજીને રાજી થઈ, નાખ્યો રંગ રૂડો પોતે લઈ...૧૧
સીતારામજીને સુખદાઈ, નાખ્યો રંગ પોતે રાજી થઈ;
બદ્રિનાથજીને બહુ વા'લે, નાખ્યો રંગ ધરમને લાલે...૧૨
કનૈરામને તે કીરતાર, રેડ્યો રંગ તે વારમવાર;
શિવદીનમામાને સુખકારી, નાખ્યો રંગ તે વળી ભારી...૧૩
રઘુ મામાને તે નાખ્યો રંગ, પોતે અતિ કરી ઉછરંગ[1];
પછી ઉપર નાખ્યો ગુલાલ, વા'લે કરીને બહુ વહાલ...૧૪
રંગે રંગ્યા સંત હરિજન, વા'લો થયા અતિ પરસન;
નાખ્યો ગુલાલ તે બહુવાર, કરે દર્શન તે નરનાર...૧૫
સુંદર સુરવાળ તે અતિ શોભે, જોઈ નાડી રૂડી મન લોભે;
ઝીણો જામો રંગે ભરેલ, રેંટો કેડે કસ્યો તે રંગરેલ...૧૬
માથે મોળિયું તે મરમાળું[2], રંગે ભરેલું શોભે રૂપાળું;
શોભે કડાં મોતીની માળા, દીસે છે વા'લમજી રૂપાળા...૧૭
રંગે રમીને ઉતારે આવ્યા, શેઠ પૂજા વનાને બોલાવ્યા;
જેઠો હીરો ઊભા હતા પાસ, તેને રીઝ્યા તે શ્રીઅવિનાશ...૧૮
રંગે ભરેલાં વસ્ત્ર ઉતારી, આપ્યાં એમને તે સુખકારી;
પછી નાહ્યા તે પ્રાણઆધાર, જમ્યા પ્રીતમજી કરી પ્યાર...૧૯
પછી જમાડ્યા સંત ને સ્વામી, રહ્યા પંચ દન અંતરજામી;
પછી ત્યાર થયા મહારાજ, આવ્યા ચારે જણા પૂજવા કાજ...૨૦
સુંદર સુરવાળ ડગલી પાઘ, વા'લે પહેર્યાં કરી અનુરાગ;
કેડે બંધાવ્યો રેંટો ભારી, કેસર આડ્ય ચાંદલો સુખકારી...૨૧

૧.ઉત્સાહે ૨.સુંદર; મનોહર

પછી કરી પે'રામણી પ્રીતે, અયોધ્યાવાસીને રૂડી રીતે;
આપ્યાં ઘરેણાં વસ્ત્ર તે ઘણાં, કરી સેવા ન રાખી મણા...૨૨

પછી માણકી ઘોડીએ ચઢી, ચાલ્યા વા'લમજી તે ઘડી;
એમ ઉત્સવ કરી દયાળ, આવ્યા મહારાજ તે **ભેંસજાળ**...૨૩

કાયાભાઈને ઘેર રહ્યા રાત, આવ્યા **નાગડકે** પરભાત;
જમી જીવન રહ્યા બે જામ[1], પછી આવ્યા તે **લોયે** ગામ...૨૪

યે વસંત રમ્યા વા'લો જ્યારે, રંગે પલળ્યા'તાં વસ્ત્ર ત્યારે;
તે સુરા ખાચરને તે શ્યામ, આપ્યા ઉતારી તે સુખધામ...૨૫

ત્યાંથી **બોટાદ** આવ્યા બહુનામી, જમ્યા શિવા ભગાને ત્યાં સ્વામી;
પીરસી સંત પાળાને જમાડ્યા, અતિ આનંદ જનને પમાડ્યા...૨૬

પાછળ હતા ઈચ્છારામભાઈ, આવ્યા મોડેથા[2] સુખદાઈ;
સર્વે પરિવાર સોતા પધાર્યા, હરિજનને તે મોદ વધાર્યા...૨૭

કરી સેવા તે રૂડી રીતે, જમ્યા સરવે રસોઈ કરી પ્રીતે;
પછી **ગઢપુરે** આવ્યા ગોવિંદ, આપી સહુ જનને આનંદ...૨૮

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ સુંદરિયાણામાં વસંતપંચમી કરી' એ નામે એકત્રીસમો કિરણ ॥૩૧॥

કિરણ : ૩૨

ગઢપુરમાં ફૂલદોલોત્સવ કર્યો

પૂર્વછાયો :

સંઘ સર્વે તેડાવિયા, ગઢપુરમાં ઘનશ્યામ;
સંત સર્વે આવિયા, જપતાં તે શ્રીહરિ નામ...૦૧

૧.એક યામ = ૩ કલાક ૨.થોડીવાર પછી

હરિજન ચારે દેશના, આવ્યા તે અપરંપાર;
દર્શન કરી દયાળનાં, તે પામિયા સુખસાર...૦૨

ફૂલડોલ ઉત્સવ આવિયો, એણે સમે આનંદ રૂપ;
હોળી રમવા હેતશું, સંત હરિજન સાથ અનુપ...૦૩

ગાડાં મંગાવ્યાં ગુલાલનાં, ઘોળી ભર્યાં કેસર ઠામ;
ભરી દીધા બહુ ભાતના, રમવા તે રંગ અભિરામ...૦૪

કોઠી કઢાયા ગોળિયો, જેમ કૂપ ભરેલાં નીર;
રમવા બહુ રંગ ભર્યા, જેમ શોભિત સાગર તીર...૦૫

આનંદ ઉત્સવ થાય છે, ગાય છે ગુણિયલ ગીત;
મંગલ ગાવે માનુની[૧], જેને પ્રભુમાં બહુ પ્રીત...૦૬

વા'લે વસંતી[૨] પેરિયા, તન વાઘા તે વિગતે કરી;
કેસરિયો શિર પાઘ શોભે, નવીન રંગ રંગે ભરી...૦૭

કટિપટ[૩] તટ[૪] કેસરી, કેસરી ઉપરણી[૫] ઉદાર;
સુરવાળ ને જામો સુંદર, તેની શોભાનો નૈ પાર...૦૮

હેમકડાં બેઉ હાથમાં, ઉર મોતીડાંની માલ;
શોભે નાડી હીરની, લટકંતા લાવે તાલ...૦૯

બાયે બાજુબંધ બાંધિયા, કટિમેખળા કટિ પર;
પે'રી પોંચી હેમની, વેઢ ધર્યાં કનકના કર...૧૦

કનકની કરમાં ગ્રહી, પિચકારી પૂરણકામ;
આનંદ મૂરતિ એ સમે, બની છબી અકળ અભિરામ...૧૧

જોતાંમાં મનને હરે, જેનો મહા મનોહર વેશ;
શ્રીસહજાનંદ સુખનિધિ, ટાળે સરવે કલેશ...૧૨

૧.સ્ત્રીઓ ૨.કેસરી કલરના ૩.ધોતી ૪.કોર; કિનારી; છેડો ૫.ખેસ

વદનકમળ સોહામણું, અરૂણ[૧] કમળદળ નેણ;
પિચકારી લઈ હાથમાં, બોલે મનોહર વેણ...૧૩

કસી કમર હરિકૃષ્ણજી, વાળી પલવટ[૨] પટતણી;
ઉદરમાં ત્રિવળી શોભે, ઉર ઊતરી શોભા ઘણી...૧૪

કેસર તિલક બનાવિયાં, અંગે રંગ ભરપૂર;
એ સમે સહુ શોભતાં, હરિ પાર્ષદ હરિને હજૂર...૧૫

હરિજન પાળે કર ગ્રહી, પિચકારી સુંદર સાર;
અંગ અનુપમ ઓપતાં, જેને હૈયે હરખ અપાર...૧૬

વાજાં વાજે બહુ વિધિ, વળી પડે નગારે ઘાવ;
તોકર ત્રાંસાં તડતડે[૩], વાજે આણી બહુ ભાવ...૧૭

ત્રંબાલું ત્રય ત્રય બજે, અંતર અધિક આનંદ;
ડફ બજે ઘન ગરજ સમ, લાવે તાલ મુરછંદ...૧૮

અરધો અરધ કરાવિયા, રંગ ગુલાલના બે ભાગ;
મેલ્યા કરી બે મહા પ્રભુ, જેમ આવે રમતાં લાગ...૧૯

એક કોર સાધુ સરવે, મુનિ મિલ્ય[૪] કરી ઊભા સહુ;
એક મિલ્ય અલબેલની, રહ્યા સંગે તે સખા બહુ...૨૦

હોરી હોરી મુખે બોલતાં, માંય મહામુનિનો રાય;
ઈચ્છા કરી રમવા તણી, તેની શોભા અલૌકિક થાય...૨૧

બેઉ શકટનો[૫] અંતરાય[૬] કીધો, ભારે કઢાયો[૭] ધરી બે પાસ;
તેમાં રંગ ભરાવિયા, તે દેખીને થાય હુલાસ...૨૨

રસિયે રંગ ઉડાડિયો, ગ્રહી કર ઝોરી જગદીશ;
મારે ભરી પિચકારિયું, મુનિમંડળને મુનિ-ઈશ...૨૩

૧.લાલ ૨.કેડે વસ્ત્ર બાંધવાની ક્રિયા ૩.અવાજ કરે; વાગે ૪.મેળ; એકતા; ગોઠવણ
૫.બળદગાડાનો ૬.વચ્ચેનો અવકાશ ૭.મોટી કડાઈ

બન્યો પરસ્પર તાલ અદ્‌ભુત, ઊડે અબીલ ગુલાલ;
ધૂમ મચાવી રંગની, વાધે જોતાં પ્રભુ સંગ વા'લ...૨૪
ખેલમાં બહુ ચતુર છે, રમવાને રસિયો રંગ;
સંભો[૧] મારે સામટો, સામ સામો આણી ઉમંગ...૨૫
મુનિ મારે મહારાજ ઉપર, પિચકારિયું સહુ સામટી;
નિવારે ધરી ઢાલને, નિજ સેવક હરિના તે લટી...૨૬
જેમ અષાડો મેઘ વરસે, તેમ ઊડે રંગ જેહ;
પુર સબ રંગ રંગ થયું, રંગ રાજભુવન સર્વ તેહ...૨૭
ઊડી ગયો આકાશમાં, તેણે અરૂણ[૨] અવરાય[૩];
દશે દિશ રંગ રંગ થઈ, જેમ સંધ્યા ફૂલી સુખદાય...૨૮
રેલ્ય ચાલી રંગની, જેમ નદીએ આવે પૂર;
વે'તો પ્રવાહ જઈ મળ્યો, ઉન્મત્તગંગામાં જરૂર...૨૯
બન્યો રંગનો પંક[૪] પૂરણ, ચોક રમણીય માંય;
વન સદન રંગે પદારથ, થયાં સહુ તરુ ત્યાંય...૩૦
એવે સમે એકો[૫] કરી, ત્યાં ઘેર્યા ઘનશ્યામ;
હરિ ઉપર ઢોળિયાં, ભરી ભરી રંગનાં ઠામ...૩૧
ચારેકોરથી પિચકારિયું, મારવા માંડી સંત;
બડી ઝડી પડી પ્રભુ પર, પછી થયા આકળા અત્યંત...૩૨
અક્ષર લીંબની ઉપરે, હરિ ચડી ગયા મેલી હડી[૬];
હેઠા રહ્યા મુનિ મારે સર્વ, પિચકારી વરસે ઝડી[૭]...૩૩
નિત્યાનંદમુનિ આનંદાનંદ, તરુ પર ચડી ગયા;
હરિ સનમુખ જોઈને, પછી હાર જીત કે'વા રહ્યા...૩૪
કર થકી કંચન કડાં, ગ્રહી શ્યામ કર કાઢી લિયા;
પછી બોલ્યા શ્રીહરિ, તમે જીત્યા ને અમે હારિયા...૩૫

૧.હલ્લો; ધક્કો ૨.સૂર્ય ૩.ઢંકાય ૪.કાદવ ૫.એકતા ૬.દોટ ૭.ધોધમાર વર્ષા

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ ગઢપુરમાં ફૂલદોલોત્સવ કર્યો' એ નામે બત્રીસમો કિરણ ॥૩૨॥

કિરણ : ૩૩

શ્રીહરિ લીંબતરુથી નીચે ઊતર્યા તથા ઉન્મત્તગંગામાં નવ આરે નાહ્યા

પૂર્વછાયો :

તરુ તળે આવી કહે, વળી રામદાસજીભાઈ;
સંતને વઢવા રહ્યા, આવી શું કરો અવળાઈ...૦૧
કોમળ જેનાં ચરણ છે, અરવિંદથી બહુ સરસ;
તરુ કાષ્ટ કઠોર જેને, કરતાં હશે સપરસ[૧]...૦૨
વાર્યા સર્વે સંતને, પછી જોડીને બેઉ હાથ;
હરિ હેઠા ઊતરો, કરુણા કરી મુનિનાથ...૦૩
પ્રસન્ન વદને કરી હરિ, પછી મુનિ પ્રત્યે બોલિયા;
તમે થાવો જમાન[૨] ભાઈ, તો સરવે રમીએ રહ્યા...૦૪
ઊતર્યા આનંદ ભર, તરુ થકી તતકાળ;
રંગ રંગ સબ અંગમાં, કરમાં પિચકારી લઈ લાલ...૦૫
હિંડોળે બેઠા શ્રીહરિ, માણિગર મુનિરાયે;
કહે એમ સંતોને શ્યામળો, હમ હારે તુમ જીતાયે...૦૬
જે જે કહો તે આપીએ, મુનિ ઇચ્છા મને જે હોય;
ભલી પેર્યે ફગવા[૩] દીજીએ, ગોઠ[૩] કહો તુમ સોય...૦૭

૧.સ્પર્શ ૨.જામીન; સાક્ષી ૩.હોળી-ધૂળેટી નિમિત્તે અપાતી ભેટ

જોડી કર મુનિ બોલિયા, સુણો સકળ મુનિનાથ;
મળવા ઈચ્છે મહાપ્રભુ, તમને આ સહુ સાથ...૦૮
શ્યામ મળ્યા સહુ સંતને, અયોધ્યાવાસીને કરી પ્યાર;
બ્રહ્મચારી પાળાને કરુણા કરી, અતિ આપ્યાં સુખ આવાર...૦૯
શોભે સર્વ સમોહમાં, રંગ રંગ સર્વે જન;
હોરી રમતાં હરિ જોઈને, થયા બ્રહ્મા ભવ પ્રસન્ન...૧૦
માણકી પર મહાપ્રભુ, એણે સમે થયા અસવાર;
નાવા ગંગાના નીરમાં, સર્વે થયા ત્યાં ત્યાર...૧૧
સુંદર શબ્દ સોયામણા, તિયાં વાજે વાજાં છત્રીશ;
ચડી અસવારી શ્યામની, ત્રય લોક લોકાધીશ...૧૨
આગળ ઉત્સવ થાય છે, ગાય છે પદ હોરી તણાં;
નાવા ચાલ્યા નાથજી, રંગ રંગ સહુ શોભે ઘણાં...૧૩
ચાલી અસવારી શ્યામની, બજારમાં થઈ જેહ;
ઊડે રંગ અતિ ઘણા, અદ્‌ભુત શોભા થઈ તેહ...૧૪
મહી[૧] પર માયા[૨] નહીં, નરનારીનો નહીં પાર;
જુવે અટારિયે ભુવન બારી, બેઉ કોરે બજાર...૧૫
વા'લાનું વદન સોયામણું, જેનાં કમળ સરખાં નેણ;
મહા મનોહર મૂરતિ, શોભે શ્યામળો સુખદેણ...૧૬
ઉદર ત્રિવળી અનુપ નાભી, કટિ પટ તટ સાર;
ઉર વિશાળમાં માળા મોતન[૩], સુમન[૪] શોભિત હાર...૧૭
અલૌકિક શોભા બની, એવા અકળ શ્યામ શરીર;
મહા મનોહર આવિયા, ઉન્મત્તગંગાને તીર...૧૮

૧.પૃથ્વી ૨.સમાયા ૩.મોતીની ૪.પુષ્પના

ઉન્મત્તગંગાને તટે, વિધ વિધ તણાં તરુ જેહ;
વૃંદાવન મન મોહે, પામે જોઈ તરુ તેહ...૧૯
તટ ઉપર બેય કોરા, લિંબ પીપળ ઝૂકિયા;
સમડા ને પીપર વળી, અમરતરુ[૧] એવા રિયા...૨૦
તે તરુમાં રહે પક્ષી, જાણે હરિગુણ ગાય;
કરે શબ્દ કિલોલ નિશદિન, તે દેવ તુલ્ય કહેવાય...૨૧
નાતાં નીરખે નાથને, તિયાં પ્રેમે ભરે લોચન;
ખગાકાર[૨] થાય હરિમાં, તેણે થયેલ પાવન...૨૨
વાટ જુવે વા'લમ તણી, બેઠા જપે હરિ જાપ;
જોવા લીલા લાલ તણી, અતિ આતુર મન નિષ્પાપ...૨૩
ગંગા જળ ઉજ્વલ વહે, ભારે કરે શબ્દ ગંભીર;
વહે ભારે વેગમાંહી, વળી તે ઉગમણાં નીર...૨૪
ખળખળ જળબળ વેગ ભારી, ખળખળિયે ખૂબ થાય;
કરે શબ્દ સોહામણો, જેમાં શ્રીપુરુષોત્તમ નાય...૨૫
નદી તરંગ આનંદકારી, તેની શોભાનો નૈ પાર;
આરા અનુપમ શોભતાં, ત્યાં નાય ધર્મકુમાર...૨૬
મોટા હૃદગંગા વિશે, જેમાં નાહ્યા બહુ ઘનશ્યામ;
નારાયણહૃદ ખીજડાવાળો, ખળખળિયો પીળિયો નામ...૨૭
ગઢાળીને મારગે આરો, ત્યાં નાહ્યા મુનિરાજ;
ડેરી પીપળા આરે નાહ્યા, મુનિ નાહ્યાને આરે મહારાજ...૨૮
તેથી ઉગમણે આરે નાહ્યા, ઓરિયે નાહ્યા અપાર;
એ નવે આરે નાહ્યા શ્રીહરિ, તેને હું સંભારું વારમવાર...૨૯

૧.દેવોની સંકલ્પપૂર્તિ કરનાર ઝાડ; કલ્પવૃક્ષ ૨.એકતાર; તલ્લીન

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ લીંબતરુથી નીચે ઊતર્યા તથા ઉન્મત્તગંગામાં નવ આરે નાહ્યા' એ નામે તેત્રીસમો કિરણ ॥૩૩॥

કિરણ : ૩૪

ઉન્મત્તગંગાની તથા સંતો સહિત શ્રીજીસ્નાનની શોભા

પૂર્વછાયો :

કામદુઘા[૧] સુરભી[૧]ના સરખી, ધેનુ[૨] વત્સ[૩] સહિત;
પાન કરવા જળતણું, હરિદર્શને આવે નિત્ય...૦૧
ઉન્મત્તગંગાની કહી, શોભા વરણન લેશ;
વિરજા[૪] થકી વિશેષ છે, ગાય મહિમા સર્વ સુરેશ[૫]...૦૨
સુરસરી[૬] શોભી રહી, બ્રહ્મરૂપણી વળી નામ;
કોઈ સ્નાન કરે એને વિશે, તે પોં'ચે અક્ષરધામ...૦૩

ચોપાઈ :

આવ્યા સુંદરશ્યામ શરીર રે, ઉનમત્તગંગાને તીર રે;
ભેળા સંત હજારો હજાર રે, હરિભક્ત તણો નહીં પાર રે...૦૪
જળ લીલા પ્રભુજીની ભારી રે, જોવા આવ્યા અનંત નરનારી રે;
મુનિ સંગે કરતાં ખેલ રે, આવ્યા ખળખળિયે અલબેલ રે...૦૫
ખળખળિયો મહાસુખ ધામ રે, જેનું હરિરમણ છે નામ રે;
તીર્થેશ્વર બીજું છે નામ રે, ખળખળિયાનું અભિરામ રે...૦૬
નાહ્યા વા'લોજી પીળીએ ધરે રે, જે નાય તેનાં દુઃખ હરે રે;
રંગ ભર્યા એ જળમાં નાય રે, શ્રીસહજાનંદ સુખદાય રે...૦૭

૧.સંકલ્પપૂર્તિ કરનાર આ નામની દેવોની ગાય ૨.ગાય ૩.વાછડું ૪.ગોલોકમાં રહેલી આ નામની નદી ૫.દેવોના અધિપતિ ૬.ગંગાનદી

હરિજન ને મુક્તે સહિત રે, નાવા પેઠા જળમાં કરી પ્રીત રે;
ખળખળિયાની માંય આવી રે, બેઠા પ્રીતમ પગ ભરાવી રે...૦૮

ઊઠે લોઢ તે ચારેકોર રે, કરે જળ અતિશે જોર રે;
મસ્તક ખભા ઉપર થઈ રે, રૂડાં જળ જાય છે વઈ રે...૦૯

પરસાદીના જળમાં સહુ રે, નાય સંત હરિજન બહુ રે;
ક્યારે તરીને મુનિરાય રે, હરિભક્ત મુનિ ભેળા થાય રે...૧૦

સખા સંગ કરે બહુ ખેલ રે, અતિ ઉમંગે અલબેલ રે;
સામા સામી છાંટે બહુ નીર રે, શોભે સુંદરશ્યામ શરીર રે...૧૧

આસપાસ સખા કેરા સાથ રે, રહ્યા વચમાં ઊભા મુનિનાથ રે;
કરે જળમાં એમ કલોલ રે, કરે હાથ હિલોળા હિલોલ રે...૧૨

ચાલે ઊભે ખળખળિયે નાથ રે, ઝાલે નિજ સખાના હાથ રે;
નિજ સખા મુનિ થઈ ટોળે રે, મહાપ્રભુજીને સહુ ચોળે રે...૧૩

પોશ[૧] ભરીને શ્યામ શરીર રે, છાંટે સંતજન ઉપર નીર રે;
દ્રગ[૨] શ્રવણ દબાવીને હરિ રે, મારે ડબકી પ્રભુ ખાંત કરી રે...૧૪

રહે પાણીમાં પ્રાણઆધાર રે, કોઈ સમે જીવન ઝાઝી વાર રે;
ખોળે સખા સહુ આસપાસ રે, તોય જડે નહિ અવિનાશ રે...૧૫

જળ થકી પછી દર્શન રે, દિયે હસતાં હસતાં ભગવન રે;
સહુ મધ્યે ઊભા વનમાળી રે, પાડે સર્વ સંઘાથે તાળી રે...૧૬

બોલે પ્રેમનાં પદ તે વાર રે, ગાય ભેળા તે ધર્મકુમાર રે;
રામપ્રતાપ ને ઇચ્છારામ રે, તેને સામા રાખે સુખધામ રે...૧૭

અવધપ્રસાદ ને રઘુવીર રે, સામસામા ઊભા બેઉ વીર રે;
ગોપાળજી ને નંદરામ રે, બોલે કીરતન રીઝે સુખધામ રે...૧૮

ઠાકોરરામ ને વૃંદાવન રે, તેને બોલાવે શ્રીભગવન રે;

૧.ખોબો ૨.આંખ

સીતારામ ને બદરીનાથ રે, ઝાલે હરિ હેતે એનો હાથ રે...૧૯
નારાયણપ્રસાદ ને રામશરણ રે, તેને બોલાવે દુઃખહરણ રે;
કરે હરિ સાથે એ ખેલ રે, શોભે હેમ ઘરેણે ભરેલ રે...૨૦
સંત સહિત સુંદરશ્યામ રે, ઊભી નદીએ ચાલે સુખધામ રે;
બેસે જળમાં તે આસન વાળી રે, એમ લીલા કરે વનમાળી રે...૨૧
ખળખળિયામાં વારંવાર રે, કરે ખેલ તે જગઆધાર રે;
નિજ સખાના સ્કંધ ઉપર રે, ક્યારે મેલે પોતે બેઉ કર રે...૨૨
લીલા અનંત પ્રકારની કા'વે રે, કરી શ્રીહરિ સહુને હસાવે રે;
લીલા જોવા મહાસુખકારી રે, ઊભાં કાંઠે પ્રેમી નરનારી રે...૨૩
સુર સકળ વિમાને ચડી રે, આવ્યા આનંદમાં એહ ઘડી રે;
નીરખે નાથને તે હેત આણી રે, બોલે જય જય સુંદર વાણી રે...૨૪
તિયાં માનુની મંગલ ગાય રે, હરિની લીલા જોઈ સુખી થાય રે;
વિધવિધનાં વાજીંત્ર વાજે રે, તેના જળમાં પ્રછંદા[1] ગાજે રે...૨૫
કરે પુષ્પની વૃષ્ટિ અમર રે, હરિ ઉપર આનંદભર રે;
રાજા તણી જે રાણિયું જોતી રે, લાવી ભરી ભરી થાળ મોતી રે...૨૬
તેણે કરીને પ્રીતે વધાવે રે, હરિ મુખ જોઈ સુખ પાવે રે;
બીજી ત્રિયા લઈ અક્ષત ફૂલ રે, વધાવે પ્રભુજીને અમૂલ રે...૨૭
એવી શોભા તે કહી ન જાય રે, જેને મોટા મુનિવર ગાય રે;
શુક શારદ નારદ શેષ રે, પ્રભુ સંભારી નાય હંમેશ રે...૨૮

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'ઉન્મત્તગંગાની તથા સંતો સહિત શ્રીજીસ્નાનની શોભાનું વર્ણન કર્યું' એ નામે ચોત્રીસમો કિરણ ॥૩૪॥

૧.પડછંદા; પડઘા

કિરણ : ૩૫

ઉન્મત્તગંગાનું માહાત્મ્ય

પૂર્વછાયો :

ઉન્મત્તગંગા જેવું આ સમે, બીજું તીર્થ ન મળે કોઈ;
નાહ્યા શ્રીસહજાનંદજી, તે લીલાને અમે જોઈ...૦૧

ચોપાઈ :

ઉનમત્તગંગાનાં નીર રે, ઊછળે કરે શબ્દ ગંભીર રે;
સર્વ અવતારના અવતારી રે, નાહ્યા મારાં વખાણતાં વારી રે...૦૨

તેના કેફમાં ઉનમત્તપણું રે, આવી ગયું અંતરમાં ઘણું રે;
તેણે સમે સહુ નરનારી રે, નાય ગંગાનો મહિમા ધારી રે...૦૩

મહાપ્રભુજીનાં અંગ તણાં રે, ધોવાયાં છે ચંદન સોયામણાં રે;
પીળા કેસર ચરચેલ અંગ રે, સહુ ધોવાયા જળને તરંગ રે...૦૪

હરિભક્ત સાધુના તિલક રે, કેશરાદિના ઊર્ધ્વ કરેલ રે;
જ્યારે નાહ્યા તે શ્યામ શરીર રે, થયાં પીળા ગંગાજીનાં નીર રે...૦૫

હોળી રમ્યાનાં કેશર બહુ રે, માંય ધોવાયા અમર સહુ રે;
તેણે પીળા વહે જળમાંય રે, શુદ્ધ કુંદન વર્ણ ત્યાંય રે...૦૬

તિલક મધ્યના ચંદ્રક જેહ રે, હરિભક્ત મુનિના તેહ રે;
આડ્યો કીધેલ ભાલમાં ભારી રે, એવા પ્રેમીજન નરનારી રે...૦૭

સહુ તણા તે કુમકુમ સાર રે, ધોવાયા જળમાં તે વાર રે;
થયાં જળ તેણે સમે રક્ત રે, જ્યારે નાહ્યા હરિ હરિભક્ત રે...૦૮

માંહી ધોવાઈ કસ્તુરી જેહ રે, કાળો તેણે થાય રંગ તેહ રે;
સંત ધોતિયાં ધૂવે છે તેણે રે, ભગવો રંગ થાય છે એણે રે...૦૯

જેનો શ્વેત છે વર્ણ સદાય રે, મુક્ત શ્વેત કીર્તિવાળા નાય રે;

ઠામોઠામ નિલમણિ વર્તે રે, તેણે નિલવરણ[1] જન સરતે[2] રે...૧૦
ચિત્ર વિચિત્ર ભાતિના રંગ રે, ધરે અહોનિશ ઉન્મત્તગંગ રે;
પ્રભુ સહિત સહુ જન નાય રે, જેનો મહિમા કહ્યો નવ જાય રે...૧૧
નાય ઉન્મત્ત ગંગામાં આવી રે, હર કોઈ પ્રાણી હિત લાવી રે;
અનેક જન્મનાં દુક્તિ[3] તાપ રે, ટળી જાય ને થાય નિષ્પાપ રે...૧૨
મોટા પાપના ઓઘ[4]ના ઓઘ રે, મેરુ સરખા મોટા મોટા રોગ રે;
ના'તાવેત[5] તરત ટળી જાય રે, બ્રહ્મમહોલમાં નિવાસ થાય રે...૧૩
હરિચરણમાં કરશે નિવાસ રે, છૂટે જમપાશ ને ગર્ભવાસ રે;
નામ દરશ પરશ કરે કોઈ રે, તેનાં પાપ નાંખે સહુ ધોઈ રે...૧૪
મીન મગર સર્પ જીવજંત રે, રહે ગંગાના જળમાં અનંત રે;
પોયરાદિક જળના જીવ રે, થાય મરી મરી સહુ શિવ રે...૧૫
અજ ઈન્દ્ર સૂરજ શશી દેવ રે, થાય મરી મરી તતખેવ રે;
પશુ પંખી ધેનાદિક જેહ રે, પીયે જળ ગંગાતણાં તેહ રે...૧૬
દેહ તજી તજી સહુ જાય રે, મહાદેવ સરીખા થાય રે;
ભક્તિ કરી પ્રગટ પ્રભુતણી રે, હરિભક્ત થઈ શિરોમણિ રે...૧૭
જપી પ્રગટ પ્રભુતણું નામ રે, સહુ પામે તે અક્ષરધામ રે;
જે જન ઉન્મત્તગંગામાં નાય રે, કુળ કોટિ તેના તરી જાય રે...૧૮
દિયે કોટિ કોટિ કન્યાદાન રે, આપે સુવર્ણ મેરુ સમાન રે;
આપે દ્વિજોને ધેનુ કોટિ રે, ભૂમિદાન સકળ કરે મોટી રે...૧૯
કોટી અશ્વમેઘ જજ્ઞ ફળ થાય રે, એકવાર એ ગંગામાં નાય રે;
જેનો અપાર છે મહિમાય રે, કે'તાં શારદ શેષ મૂંઝાય રે...૨૦
એવી ઉન્મત્તગંગામાં શ્યામ રે, વારમવાર નાહ્યા સુખધામ રે;
તૃણ ગુચ્છ વૃક્ષ વેલી જેહ રે, ગંગા કાંઠે રહ્યા સહુ તેહ રે...૨૧

૧.કાળા રંગની ૨.જુએ; દેખે ૩.પાપ ૪.સમૂહ ૫.સ્નાન કરતાની સાથે જ

પોતપોતાના દેહને ત્યાગી રે, પામે ધામને એ બડભાગી રે;
પુણ્યવાળા જે પ્રાણી કે'વાય રે, તે આવી ગંગાજીમાં નાય રે...૨૨
પછી પૂરણબ્રહ્મ મોરારિ રે, જળલીલા કરી સુખકારી રે;
બાર નીસર્યા કરીને સ્નાન રે, પુરુષોત્તમ શ્રીભગવાન રે...૨૩
આવી બારા ઊભા રહ્યા હરિ રે, છીપર્ય[1] ઊંચી એક ટેકરી રે;
પે'ર્યાં વસ્ત્ર અનુપમ અંગ રે, ભારે ભૂષણ જડિયેલ નંગ રે...૨૪
હરિજને સહુ તેણી વાર રે, ચંદન ચરચીને પે'રાવ્યા હાર રે;
પૂજા કરી રહ્યા સહુ જન રે, પછી ઘોડે ચડ્યા ભગવન રે...૨૫
વાજતે ગાજતે ગુણવંત રે, હરિભક્ત સાથે સહુ સંત રે;
મધ્ય પુરની થઈને બજાર રે, આવ્યા ઉત્તમને દરબાર રે...૨૬
પોતા તણા ઉતારામાં શ્યામ રે, પોઢ્યા આવીને પૂરણકામ રે;
પોતેપોતાના ઉતારામાંય રે, ગયા સંત હરિજન ત્યાંય રે...૨૭
પછી પોઢીને જાગ્યા નાથ રે, જમ્યા સહજાનંદ સુખપાથ રે;
પછી જમાડ્યા મુનિજન રે, કરી લીલા ભારે ભગવન રે...૨૮

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'ઉન્મત્તગંગાનું માહાત્મ્ય કહ્યું' એ નામે પાંત્રીસમો કિરણ ॥૩૫॥

કિરણ : ૩૬

જ્યાં જ્યાં ફૂલદોલ ઉત્સવ કર્યા તેનું વર્ણન

પૂર્વછાયો :

શ્રીસહજાનંદસ્વામીએ, કર્યા સમૈયા ફૂલડોલ વળી;
તેને અનુક્રમે હું કહું, તમે સાંભળજો સંતજન મળી...૦૧

[1] ૧.પથ્થરની પહોળી શિલા

પ્રથમ હરિ હોળી રમ્યા, મુક્તાનંદસ્વામી સાથ;
લોજ ગામમાં કરી લીલા, શ્રીપુરુષોત્તમ નાથ...૦૨

ચોપાઈ :

ગયા ગામ માણાવદરમાંઈ, ભટ્ટ મયારામને ત્યાંઈ;
રામાનંદસ્વામી સાથે હરિ, રમ્યા હુતાસણી રંગ ભરી...૦૩
ગામ પીપલાણે કરી મે'ર, રહ્યા નરસિંહ મે'તાને ઘેર;
રમ્યા રંગભર તે હરિ હોળી, સખા સંત સાથે રંગ ઘોળી...૦૪
નાહ્યા ઓજત નદીમાં નાથ, સંત સખા લઈ સુખપાથ;
થઈ સરીતા[1] તીરથ સાર, નાહ્યા સહજાનંદ બહુવાર...૦૫
કર્યો સમૈયો શ્રીનગરમાંય, ફૂલડોલ તણો વા'લે ત્યાંય;
રમ્યા રંગે શ્રીમહારાજ, હેતે હીરાચંદ નથુને કાજ...૦૬
નાહ્યા કાંકરીએ સર સ્વામી, સંત સખા સોતા બહુનામી;
કર્યો સમૈયો ત્યાં અતિ ભારી, શ્રીસહજાનંદ સુખકારી...૦૭
કર્યો સમૈયો જેતલપુર ગામ, રમ્યા રંગે હોળી સુખધામ;
જમ્યા ગંગાબાઈને ઘેર, કરી આશજી ઉપર મે'ર...૦૮
નાહ્યા સરોવરમાં બહુવાર, કરી લીલા ત્યાં અપરંપાર;
બિરાજ્યા મો'લમાં મહારાજ, જમાડ્યા સંત ત્યાં મુનિરાજ...૦૯
કર્યો ફૂલડોલ તે કારિયાણી, માંચા ભક્ત એકાંતિક જાણી;
રમ્યા રંગે કરી લીલાલહેર, વા'લે વસ્તા ખાચરને ઘેર...૧૦
દીધાં રંગ ભર્યાં વસ્ત્ર ઉતારી, વસ્તા ખાચરને સુખકારી;
નાહ્યા સરોવરમાં સહજાનંદ, સંત સખા સોતા જગવંદ...૧૧
જમી હિંડોળે બેઠા તે હરિ, લિંબતરુ તળે સભા કરી;
દીધાં દર્શન ત્યાં બહુવાર, સંતજનને જગઆધાર...૧૨

૧.નદી

ફૂલડોલ જેતલપુરમાંઈ, તેડ્યા સંત હરિજન ત્યાંઈ;
રમ્યા રંગે શ્રીઘનશ્યામ, મુનિજન સાથે સુખધામ...૧૩

નાહ્યા સરોવરમાં શ્રીહરિ, સંત સાથે લીલા બહુ કરી;
પોતે જમી જમાડ્યા સંત, લઈ લાડુ હાથે ભગવંત...૧૪

ભુજ નગરે હુતાસણી ત્રણ, રમ્યા રંગે તે અશરણ શરણ;
હીરજી ગંગારામને ઘેર, રહ્યા હરિ કરી બહુ મે'ર...૧૫

મીણબાઈ કાળો મકવાણો, રહે કરિયાણે ગામ તે જાણો;
રમ્યા હોળી હરિ સંત સાથ, મળ્યા સંતદાસને ત્યાં નાથ...૧૬

નાહ્યા કાળુભાર નદી હરિ, સંત સાથે લીલા વા'લે કરી;
પછી આવીને જમ્યા હરિ, સંત સખા જમાડ્યા ભાવ ભરી...૧૭

જીવો ખાચર સારંગપુર ગામ, વાઘો અમરો સુંદર બેઉ નામ;
રમ્યા હુતાસણી ત્યાં હરિ, વા'લે લીલા અલૌકિક કરી...૧૮

કર્યો સમૈયો તે બહુ ભારી, કરવા દર્શન આવ્યાં નરનારી;
રમ્યા રંગે ત્યાં ઘણી વાર, સંત સખા સાથે કરી પ્યાર...૧૯

આપ્યાં વસ્ત્ર રંગ ભર્યાં વા'લે, જીવા ખાચરને ધર્મલાલે;
પછી નાહ્યા ફલગુ નદીમાંઈ, કરી લીલા અલૌકિક ત્યાંઈ...૨૦

પછી ઘોડે ચડી ઘનશ્યામ, આવ્યા ગામમાં શોભા ધામ;
જમ્યા જુગતે કરી ભગવંત, ફેરવી લાડુ જમાડ્યા સંત...૨૧

બીજી હુતાસણી વળી ત્યાંઈ, કરી ગામ સારંગપુરમાંઈ;
રૂડા રાઠોડ જીવો ખાચર, વાઘો અમરો બેઉ સુંદર...૨૨

અતિ હેતવાળા ભક્ત જાણી, કર્યો સમૈયો સારંગપાણિ;
પે'ર્યાં વસ્ત્ર વસંતી વા'લે, ધાર્યાં ઘરેણાં ધર્મને લાલે...૨૩

રમવા હોળી હરિ થયા ત્યાર, લાવ્યા રંગ ગુલાલ અપાર;
નાંખે રંગ વા'લો લઈ હાથે, સંત સખા હરિજન માથે...૨૪

નાખે ગુલાલ શ્રીઘનશ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
પછી રાજી થઈને નાથ, મળ્યા સખાને ભરી બાથ...૨૫

પછી પ્રસાદી વસ્ત્ર કરી વા'લ, આપ્યાં વાઘા ખાચરને ધર્મલાલ;
નાહ્યા ધોળા નદીમાં બહુવાર, સંત હરિજન સોતા કરી પ્યાર...૨૬

બાંધ્યો કુંડ મોટો તે ઠાર, નાહી જીવ થાશે ભવપાર;
પછી વાજતે ગાજતે નાથ, આવ્યા ઘોડે ચડી સખા સાથ...૨૭

પોતે જમી જમાડ્યા સંત, અતિ રાજી થઈ ભગવંત;
બાંધ્યો લીંબડે હિંડોળો સાર, બહુ ઝૂલ્યા તે ધર્મકુમાર...૨૮

દીધાં દર્શન તે દયા આણી, સંતજન એકાંતિક જાણી;
કરી લીલા ત્યાં બહુવાર, પુરુષોત્તમ પ્રાણઆધાર...૨૯

આવ્યા ગઢપુર શ્રીઘનશ્યામ, ખાચર દાદા એભલને ધામ;
રમ્યા હોળી તે કરી પ્યાર, જીવા ખાચરને દરબાર...૩૦

પછી દાદાખાચરને દરબાર, રમ્યા રંગે વા'લો બહુવાર;
નાખ્યો રંગ ગુલાલ તે ભારી, સ્વામી સહજાનંદ સુખકારી...૩૧

મળ્યા સંત સખાને ભગવાન, એવા ભક્તવત્સલ અમાન[૧];
પ્રસાદીનાં વસ્ત્ર રંગવાળાં, આપ્યાં દાદાખાચરને રૂપાળાં...૩૨

નાહ્યા ઉનમત્તગંગા જાઈ, સ્વામિનારાયણ તે સુખદાઈ;
આવ્યા ઘોડે ચડી ભગવંત, પોતે જમીને જમાડ્યા સંત...૩૩

રમ્યા હોળી વડતાલમાં વા'લો, ધર્મધુરંધર ધર્મનો લાલો;
જોબનને મેડે જગનાથ, રંગ ગુલાલ લઈ સુખપાથ...૩૪

ઉત્તર મુખે ઊભા મનોહર, નાખ્યો રંગ સંતજન પર;
તે પર અબીર ગુલાલ અતિ, કરી વડતાલ દેશ વદિતિ[૨]...૩૫

૧.નિર્માની ૨.જાણીતો; પ્રસિદ્ધ

ચાલ્યો રંગ પાણી ગામ પાર, પડ્યું આવી સરોવર મોઝાર;
મળ્યા સંતને તે શ્રીહરિ, રંગે ભરિયા બહુ હેતે કરી...૩૬
આપી જોબનને રંગ ભરી પાઘ, વા'લે કરી બહુ અનુરાગ;
નાહ્યા સુંદરને કૂવે શ્યામ, પુરુષોત્તમ પૂરણકામ...૩૭
પોતે જમી જમાડ્યા સંત, આવી બેઠા હિંડોળે ભગવંત;
હાર પે'રાવી પૂજ્યા મુનિવૃંદે, ઉતારી આરતી બ્રહ્માનંદે...૩૮

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ જ્યાં જ્યાં ફૂલદોલ ઉત્સવ કર્યા તેનું વર્ણન કર્યું' એ નામે છત્રીસમો કિરણ ॥૩૬॥

કિરણ : ૩૭

ગઢપુર આદિ ગામોના ફૂલદોલોત્સવનું વર્ણન

પૂર્વછાયો :

વળી સમૈયો સુંદર કર્યો, દુરગનગરની માંય;
સંત હરિજન આવિયા, નાથ નીરખવાને ત્યાંય...૦૧

ચોપાઈ :

રમ્યા ગઢપુરમાં હરિ હોળી, સખા સંત સાથે લઈ ટોળી;
નાખ્યો રંગ અબીર ગુલાલ, ચડ્યા લીંબતરુ ધર્મલાલ...૦૨
કરી સ્તુતિ ભાઈ રામદાસ, ત્યારે ઊતર્યા શ્રીઅવિનાશ;
પછી રમ્યા રંગે અલબેલ, કર્યો સંત સાથે ખૂબ ખેલ...૦૩
મળ્યા મુનિ અને મરમાળો, છેલ છબીલો છોગાવાળો;
રંગ ભર્યા મુનિને મળ્યા, રંગરસિયો અઢળક ઢળ્યા...૦૪
આવ્યા વડતાલમાં વનમાળી, રમ્યા આંબલે પલવટ વાળી;

ભર્યા હોજ તહાં બહુ ભારી, રમ્યા સખા સંગે સુખકારી...૦૫
રમ્યા રંગે અતિ જગવંદ, સ્વામી સહજાનંદ સુખકંદ;
મળ્યા સંતને તે સુખપાથ, હેતે હૈયામાં ઘાલીને નાથ...૦૬
નાહ્યા મૂળજીને કૂવે માવ, જોયા થાળામાં કરીને ભાવ;
તે દિ' કર્યો છે ઉત્સવ વા'લે, કરાવ્યો છે જોબન વડતાલે...૦૭
વળી વડતાલમાં અલબેલ, રમે ઓટા ઉપર રંગરેલ;
ભર્યા હોજ બેઉ ભરપૂર, રમે સંત સ્વામી થઈ શૂર...૦૮
હરિને હાથે હેમ પિચકારી, સંતે પાંચસો પિચકારી ધારી;
રસબસ થયા વા'લો રંગે, સંત શ્યામ રમ્યા ઉછરંગે...૦૯
મુનિને મળ્યા તે સુખકારી, એવી મૂર્તિ મેં અંતર ધારી;
કુબેરદાસને તે કીરતાર, આપ્યા તે સમે પરસાદી હાર...૧૦
પછી ઘોડે થયા અસવાર, નાહ્યા રામદા'ને કૂવે કરી પ્યાર;
લક્ષ્મીનારાયણને મંદિરે, જમ્યા વેદી ઉપર ધીરે ધીરે...૧૧
પછી જમાડ્યો સંતનો સાથ, લઈ લાડુ પોતે હરિ હાથ;
એમ ઉત્સવ કર્યો અવિનાશે, કરાવ્યો બાપુ રણછોડદાસે...૧૨
કહું ગઢપુરની વળી ગાથ, બોટાદને ઝાંપે બિરાજે નાથ;
બેઠા મેડા ઉપર મહારાજ, રમ્યા હોળી ત્યાં મુનિરાજ...૧૩
નાખ્યો રંગ ગુલાલ ભગવન, રંગ્યા સંત સખા હરિજન;
વા'લો રંગમાં થયા ગરકાવ, મળ્યા સંતને તે કરી ભાવ...૧૪
રંગ ભર્યાં વસ્ત્ર આપ્યાં શ્યામ, દાદાખાચરને સુખધામ;
નાહ્યા ઉન્મત્તગંગામાં નાથ, લઈ સંત સખાને સાથ...૧૫
પછી ઘોડે થઈ અસવાર, આવ્યા ઉત્તમને દરબાર;
જમ્યા પકવાન સુંદરશ્યામ, પેંડા બરફી લાડુ સુખધામ...૧૬

પછી મોતૈયા જલેબી લાલ, જમાડે સંતને કરી વા'લ;
એવી રીતે માસ પરજંત[૧], વા'લે જમાડ્યા સખા ને સંત...૧૭

રમ્યા હોળી બોટાદ બહુનામી, સુખસિંધુ સહજાનંદસ્વામી;
સોમલો ખાચર ને હમીર, ભગો સવો માતરો સુધીર...૧૮

એ આદિ બીજા ભક્ત બહુ, કરી સેવા સ્વામીની તે સહુ;
એની વાત વખાણી શી કહું, લાવ્યા રંગ ગુલાલ તે બહુ...૧૯

ભરી ત્રાંસળિયે નાંખે રંગ, વા'લો કરીને અતિ ઉમંગ;
ઉપર નાંખે તે તો ગુલાલ, સખા સંતજન થયા લાલ...૨૦

કડાં સાકળાં મોતીની માળા, તેણે વા'લો લાગે છે રૂપાળા;
જામો સુરવાળ સોનેરી પાઘ, મૂર્તિ રંગ ભરી જોવા લાગ...૨૧

ચઢ્યા રોઝે ઘોડે ઘનશ્યામ, ફર્યા ફૂલેકે તે સુખધામ;
એવા રંગે ભરેલા છે નાથ, મળ્યા મુનિને તે સુખપાથ[૨]...૨૨

પછી વસ્ત્ર દીધાં કરી વા'લ, સોમલા ખાચરને ધર્મલાલ;
નાહ્યા ઊને પાણીએ તે શ્યામ, જમ્યા પકવાન તે સુખધામ...૨૩

પછી મોતૈયા લાડુ લઈ, જમાડ્યા સંતને રાજી થઈ;
જોઈ નજરે મેં લીલા એવી, સુણી અંતરમાં ધારી લેવી...૨૪

મછિયાવે ગયા કરી મહેર, બાપુ ફૈબાને તે વા'લો ઘેર;
રમ્યા રંગે હરિ ત્યાં હોળી, રંગ્યા સંત હરિજન ટોળી...૨૫

નાખ્યો રંગ ગુલાલ બહુવાર, રંગ્યા સંત હરિજન કરી પ્યાર;
મળ્યા સંતને તે સુખધામ, પુરુષોત્તમ પૂરણકામ...૨૬

આપ્યાં વસ્ત્ર બાપુને રંગ ભર્યાં, દુઃખ અનંત જન્મનાં હર્યાં;
પછી નાહ્યા સરોવરમાંઈ, સંતજન સોતા વા'લો ત્યાંઈ...૨૭

બ્રહ્મચારી લાવ્યા ભરી થાળ, જમ્યા પકવાન દીનદયાળ;

૧.પર્યંત; સુધી ૨.સુખસાગર શ્રીહરિ

પીરસી લાડુ જમાડ્યા સંત, કરી લીલા વા'લે અત્યંત...૨૮
રમ્યા ગઢપુરમાં ઘનશ્યામ, રંગ્યા સંત સખા સુખધામ;
કરી લીલા તે જગઆધાર, ગાઈ શેષ ન પામે પાર...૨૯
કરી બીજી હુતાસણી ત્યાંઈ, રમ્યા રંગે તે ગઢપુરમાંઈ;
નાખ્યો રંગ ગુલાલ અતિ, રમ્યા હોળી રંગે સંતપતિ...૩૦
ગયા પંચાળે કરીને મે'ર, ઝીણાભાઈ ગગાભાઈને ઘેર;
રામપ્રતાપ ઇચ્છારામભાઈ, શોભે સહજાનંદ સુખદાઈ...૩૧
સખા સંત લઈ પોતા સાથ, આવ્યા ફૂલડોલ કરવા નાથ;
રમ્યા હોળી નાખ્યો રંગ હાથે, રામપ્રતાપ ઇચ્છારામ માથે...૩૨
રમ્યા રંગે રાજી થઈ બહુ, રંગ્યા સંત સખા વળી સહુ;
મળ્યા સંતને કરીને હેત, સુખસાગર કરુણાનિકેત...૩૩
આપ્યાં વસ્ત્ર રંગ ભર્યાં શ્યામ, જીણાભાઈને તે સુખધામ;
નાહ્યા સાબળી નદીમાં શ્યામ, બેઉ ભાઈ સોતા સુખધામ...૩૪
સંત સખા હરિજન બહુ, નાહ્યા પ્રસાદી જળમાં સહુ;
આપી ઘોડી જીણેભાઈ શણગારી, તેણે ચડ્યા શ્યામ સુખકારી...૩૫
પોપટ ચાંચમાં ઘાલીને જાય, એવી મોજડી પે'રી મુનિરાય;
ચાંદી પેગડામાં ચરણકમળ, શોભે મોજડી લાલ ઝળામળ...૩૬
ગાતાં વાતાં ગામમાં આવ્યા, પોતે પીરસીને સંત જમાડ્યા;
કરી રસોઈ ઇચ્છારામભાઈ, જમ્યા ત્રણે ભાઈ સુખદાઈ...૩૭

ઇતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'ગઢપુર આદિ ગામોના ફૂલદોલોત્સવનું વર્ણન કર્યું' એ નામે સાડત્રીસમો કિરણ ॥૩૭॥

કિરણ : ૩૮

વડતાલ આદિ ગામોમાં રંગે રમ્યા તેનું વર્ણન

પૂર્વછાયો :

પે'લા પધરાવ્યા નરનારાયણ, પછી પધરાવ્યા લક્ષ્મીપતિ;
ત્યાર પછીની વાત કહું, સાંભળજો સર્વે શુભમતિ...૦૧
નંદરામ અને ગોપાળજી, ગયા દ્વારિકા બેઉ ભાઈ મળી;
સર્વે તીરથ સોતા લાવ્યા, રણછોડજી વડતાલ વળી...૦૨
વડતાલનો સમૈયો આવ્યો, કર્યો મોટો અતિ ઉદાર;
ગોમતીજી ગળાવીને, દીધી છાપો કરી બહુ પ્યાર...૦૩

ચોપાઈ :

કરી માધવદાસે મોટી વાવ્ય, તેમાં પાણીની ભારે આવ્ય;
નીસર્યું પાતાળિયું પાણી ભારી, નિર્મળ અમૃતસમ સુખકારી...૦૪
કર્યો જીગનાશાનંદે કૂપ, તેમાં નીસર્યું પાણી અનુપ;
પીધું પાણી તે શ્રીમહારાજ, કરવા અનેક જીવનાં કાજ...૦૫
ગોમતીને કાંઠે સુખધામ, વેદી ઉપર બિરાજે શ્યામ;
રમ્યા હોળી ત્યાં રંગભર વા'લો, શ્રીપુરુષોત્તમ ધર્મનો લાલો...૦૬
નાખ્યો રંગ હરિ ઊભા થાઈ, હતા અયોધ્યાવાસી ચાર ભાઈ;
નંદરામ ને ગોપાળજી જેહ, સીતારામ બદ્રીનાથજી તેહ...૦૭
વા'લે નાખ્યો રંગ ને ગુલાલ, કર્યા ચારે ભાઈને નિહાલ;
રંગ્યા સંત સખા હરિજન, પ્રભુ થયા અતિ પ્રસન્ન...૦૮
કર્યો હતો માધવદાસે ઓટો, આંબા તળે તે સુંદર મોટો;
તેની ઉપર ઊભા વનમાળી, મળવા સાધુને પલવટ વાળી...૦૯
ભારે ભારે વસ્ત્ર રંગ ભર, શોભે મૂર્તિ તે મનોહર;
મળ્યા ચારે ભાઈને વેલા, પાસે બોલાવીને સર્વ પે'લા...૧૦

મળ્યા સંતને તે સુખકારી, સર્વ પાળા અને બ્રહ્મચારી;
મળતાં વાર લાગી ઘડી ચાર, પછી નાવાને થયા તૈયાર...૧૧
વા'લો નાહ્યા તે ઘણી વાર, ગોમતીજીમાં ધર્મકુમાર;
નાહ્યા સાધુ પાળા બ્રહ્મચાર, નાહ્યા હરિજન તે અપાર...૧૨
પછી ઘોડે થઈ અસવાર, મંદિરમાં આવ્યા ધર્મકુમાર;
આવી બેઠા તે શ્રીઘનશ્યામ, પાટ ઉપર તે સુખધામ...૧૩
પછી ગોપાળજી કે' મહારાજ, ચાલો જમવાને મુનિરાજ;
જમ્યા અયોધ્યાવાસીને ઘેર, વા'લો કરીને બહુ મહેર...૧૪
સુવાસિની ને વસુમતિબાઈ, કરે રસોઈ રૂડી રાજી થાઈ;
જમે જીવન તે તો વખાણી, રૂડો ભાવ ભોજાઈનો જાણી...૧૫
પછી જમાડે સંત ને પાળા, લઈ લાડુ હાથમાં રૂપાળા;
રહ્યા ઘણા દિવસ ઘનશ્યામ, પછી ગયા તે ગઢડે ગામ...૧૬
રમ્યા અમદાવાદ હરિ હોળી, નાખ્યો રંગ ગુલાલ ભરી ઝોળી;
હતા સીતારામ બદ્રીનાથ, રમ્યા રંગે તે હરિને સાથ...૧૭
રમ્યા સંત સખાને સંગ, વા'લો કરી અતિ ઉછરંગ;
મળ્યા સંતને તે રંગ ભર, નરનારાયણના મંદિર પર...૧૮
સીતારામ બદ્રીનાથ બે ભાઈ, તેને મળ્યા વા'લો રાજી થાઈ;
નારાયણઘાટે નાહ્યા નાથ, સંત સખા લઈ હરિ સાથ...૧૯
સીતારામ અને બદ્રીનાથ, નાહ્યા બે ભાઈ શ્રીહરિ સાથ;
આવ્યા નાહીને મંદિરમાંઈ, બેઠા વેદી ઉપર વા'લો ત્યાંઈ...૨૦
પછી સીતારામ કે' મહારાજ, થયો થાળ ચાલો જમવા કાજ;
જમ્યા વા'લોજી એમને ઘેર, મહારાજે કરી મોટી મે'ર...૨૧
ત્યાંથી ચાલિયા લાડીલો લાલ, આવ્યા વાલમજી વડતાલ;
દશમી દને મૂરત જોઈ, દીધી સીતારામને જનોઈ...૨૨

વળી બીજી હુતાશણી કરી, શ્રીનગરમાં આવીને હરિ;
ઇચ્છારામભાઈ ઉપર નાથે, નાખ્યો રંગ ગુલાલ પોતે હાથે...૨૩
અયોધ્યાપ્રસાદજીને નાથ, નાખ્યો રંગ સુંદર સુખપાથ;
રઘુવીરજીને પાસે જાઈ, નાખ્યો રંગ વા'લે રાજી થાઈ...૨૪
સીતારામજીને સુખકારી, નાખ્યો રંગ ગુલાલ તે ભારી;
બદ્રીનાથજીને બહુનામી, નાખ્યો રંગ સહજાનંદસ્વામી...૨૫
રંગ્યા સંત પાળા હરિજન, કરી લીલા ભારે ભગવન;
મળ્યા અવધવાસીને મહારાજ, મંડપ ઉપર તે મુનિરાજ...૨૬
મળ્યા સંત પાળાને સ્વામી, સુખસાગર અંતરજામી;
મળ્યા બ્રહ્મચારીને ભગવાન, જેનું ધરે મુનિજન ધ્યાન...૨૭
પછી ઘોડે ચડી ઘનશ્યામ, ગયા સાભર નદીએ સુખધામ;
આપ્યાં વસ્ત્ર પ્રસાદીનાં વા'લે, ઇચ્છારામજીને ધર્મલાલે...૨૮
પછી નારાયણઘાટે નાહ્યા નાથ, અવધવાસી સંત લઈ સાથ;
પછી આવ્યા મંદિરમાં શ્યામ, બેઠા વેદી ઉપર સુખધામ...૨૯
ભાઈ ઇચ્છારામજીને ઘેર, વા'લો જમ્યા કરીને મહેર;
હતી ઘેબરની રસોઈ ગળી, પીરસી જમાડી સંતમંડળી...૩૦
આવ્યા કારિયાણી ભગવન, નીરખી જન થયા મગન;
બોલ્યા વસ્તા રાઘવ ત્યાંઈ, પ્રભુ કરોને ઉત્સવ આંઈ...૩૧
એમ કહીને રાખ્યા મહારાજ, હુતાશણીના ઉત્સવ કાજ;
લાવ્યા ગુલાલ રંગ તે ઘણા, રમ્યા નાથ ન રાખી મણા...૩૨
રંગ્યા અયોધ્યાવાસી સંત જન, પોતે રંગે રંગાણા ભગવન;
પછી મળ્યા સર્વેને શ્યામ, પુરુષોત્તમ પૂરણકામ...૩૩
આપ્યાં વસ્ત્ર રંગ ભર્યાં વા'લે, વસ્તા ખાચરને ધર્મલાલે;
નાહ્યા મંદિરમાં કૂવે નાથ, ઊને પાણીએ શ્રીજી સુખપાથ...૩૪

ચોળીને મેં નવાર્યા ત્યાંઈ, રાખી મૂર્તિ અંતરમાંઈ;
હીરકોરી લાવ્યો હું ખેસ, પે'રી ઊભા તે નટવર વેશ...૩૫

સુવાસિની વસુમતિબાઈ, કરી રસોઈ રૂડી રાજી થાઈ;
જમ્યા વા'લોજી એમને ઘેર, પછી સંત જમાડ્યા રૂડી પેર...૩૬

પીરસ્યા લાડુ સાટા લઈ હાથ, પુરુષોત્તમ પૂરણનાથ;
કરી લીલા તે વારમવાર, તેનો ગણતાં ન આવે પાર...૩૭

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'વડતાલ આદિ ગામોમાં રંગે રમ્યા તેનું વર્ણન કર્યું' એ નામે આડત્રીસમો કિરણ ॥૩૮॥

કિરણ : ૩૯

વડતાલમાં રંગે રમ્યા તથા જુનાગઢમાં દેવો પધરાવ્યા

પૂર્વછાયો :

પછી પ્રભુ ત્યાંથી ચાલિયા, ઘોડે ચડીને ઘનશ્યામ;
શોભે સખાના સાથમાં, શ્રીસહજાનંદ સુખધામ...૦૧

ચોપાઈ :

આવ્યા વા'લમો વડતાલમાંઈ, દન પોર[૧] નો'તો ચડ્યો ત્યાંઈ;
આવ્યા ગોમતીજી મહારાજ, બેઠા વેદી ઉપર મુનિરાજ...૦૨

રમ્યા રંગે ત્યાં રાજી થાઈ, પાસે હતા રામપ્રતાપભાઈ;
નાખ્યો ભાઈ ઉપર રંગ ગુલાલ, વા'લે કરી અતિશે વહાલ...૦૩

અયોધ્યાપ્રસાદજી ઉપર, નાખ્યો નાથે રંગ સુંદર;
રઘુવીરજી ઉપર રાજી થાઈ, નાખ્યો રંગ વા'લે પાસે જાઈ...૦૪

૧.પહોર = ૩ કલાક

સીતારામજી ઉપર સુખકારી, નાખ્યો રંગ ભરી પિચકારી;
બદ્રીનાથજી ઉપર બહુ, નાખ્યો રંગ ગુલાલ જાણો સહુ...૦૫
મુક્તાનંદ આદિ જે સંત, રંગ્યા રંગે તે શ્રીભગવંત;
મુકુંદાનંદે થાળ ભરીને, દીધો ગુલાલ લાવી હરિને...૦૬
ભગુજી રતનજી આદિ જે પાળા, રંગ્યા રંગે તે લાગે રૂપાળા;
બ્રહ્મચારી રંગ્યા વા'લે ઘણા, નાખ્યો ગુલાલ ન રાખી મણા...૦૭
દાદાખાચર આદિ હરિજન, તેને રંગે રંગ્યા ભગવન;
નાખ્યો રંગ ગુલાલ તે ભારી, શોભે રંગમાં શ્યામ સુખકારી...૦૮
મળ્યા ભાઈ ભત્રીજાને નાથ, શ્રીસહજાનંદ સુખપાથ;
મળ્યા સર્વે સંતને તે સ્વામી, સચ્ચિદાનંદ અંતરજામી...૦૯
મળ્યા બ્રહ્મચારીને મુનિભૂપ, શોભે મૂર્તિ અતિ અનુપ;
મળ્યા પાળાને પ્રાણઆધાર, જેનો છંદ[૧] ન પામે પાર...૧૦
આપ્યાં રંગ ભર્યાં વસ્ત્ર ઉતારી, રઘુવીરજીને સુખકારી;
નાહ્યા ગોમતીજીમાં તે નાથ, સંત સખા લઈ પોતે સાથ...૧૧
નાહ્યા હરિજન અનંત અપાર, ઊભા વચમાં તે જગઆધાર;
નાહ્યા રામપ્રતાપ પાસે જાઈ, શોભે સુંદર તે બેઉ ભાઈ...૧૨
અવધપ્રસાદ ને રઘુવીર, પાસે નાહ્યા તે બેઉ સુધીર;
સીતારામજી ને બદ્રીનાથ, નાહ્યા પાસે પ્રભુજીને સાથ...૧૩
ગાય સંત પાડે કર તાળી, મધ્યે શોભે મોહન વનમાળી;
નાય સંતમાં સહજાનંદ, શોભે ઉડુગણમાં[૨] જેમ ચંદ...૧૪
આવ્યા ઇંદ્ર બ્રહ્મા ત્રિપુરારી, મુક્ત સર્વે ધામના તનુધારી;
નાહ્યા સર્વે હરિને સાથ, નીરખી નાથને થયા સનાથ...૧૫
કરી લીલા અતિ મુનિરાય, શુક શારદ નારદ ગાય;

૧.વેદ ૨.તારાના સમૂહમાં

એવા પુરુષોત્તમ સુખધામ, નાહ્યા ગોમતીજીમાં ઘનશ્યામ...૧૬
પછી ઘોડે થયા અસવાર, આવ્યા મંદિરમાં પ્રાણઆધાર;
જમ્યા રઘુવીરજીને ઘેર, વા'લો કરી અતિશે મહેર...૧૭
પછી ધોલેરે થઈ ગોવિંદ, ગયા ગઢડે સહજાનંદ;
રહી વાંકિયે સુલતાનપુર, જમ્યા ગાલોલે જઈ જરૂર...૧૮
ગયા જિરણગઢ ઘનશ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
રાધારમણ પે'રાવા કાજ, આવ્યા મુનિ સોતા મહારાજ...૧૯
સાથે લીધા વળી ત્રણે ભાઈ, શોભે સુંદર તે સુખદાઈ;
અવધપ્રસાદ ને રઘુવીર, ત્રીજા સીતારામ જે સુધીર...૨૦
રાધારમણ પધરાવ્યા પોતે, જન ત્રપત ન થાય જોતે;
પધરાવ્યા ત્રિકમ રણછોડ, શિવ સતી સોતા[1] રૂડી જોડ...૨૧
કરી જજ્ઞ બેઠા મંડપમાંય, થઈ સભા રૂડી વળી ત્યાંય;
વાવ્ય મંદિર વચ્ચે સુખધામ, કરી સભા બિરાજ્યા શ્યામ...૨૨
રૂડી આસોપાલવની છાંય, વા'લો બેઠા સભા કરી ત્યાંય;
ફેરવી લાડુ જમાડ્યા સંત, જમ્યા રૂડી રીતે ભગવંત...૨૩
કર્યો શિવરાત્રીનો સમૈયો, તે તો સુંદર સારો થયો;
રહ્યા પાંચ દિવસ ત્યાં હરિ, વા'લે લીલા અલૌકિક કરી...૨૪
જમનાવડ જેતપુર થાઈ, ગોમટે કોટડે રહ્યા જાઈ;
ગામ વાંકિયે જઈને રહ્યા, મોકા ખાચર પર કરી દયા...૨૫
પછી આવ્યા તે **ગઢપુર** ગામ, શ્રીસહજાનંદ સુખધામ;
ત્યાં તો આવ્યો છે ફૂલડોલ, રમવા સંત સાથે ઝકોલ[1]...૨૬
રમ્યા રંગે ત્યાં હરિ હોળી, નાંખે ગુલાલ ભરી ભરી ઝોળી;
આવ્યા રામપ્રતાપજીભાઈ, નાખ્યો રંગ મહારાજ પર જાઈ...૨૭

૧.સહિત ૨.આનંદ-ઉત્સાહથી

ભાઈ ઉપર રંગ નાખ્યો વા'લે, લટકાળે તે ધર્મને લાલે;
પછી નાખ્યો ગુલાલ તે ભારી, ભાઈ ઉપર સુંદર સુખકારી...૨૮

નાખ્યો અવધપ્રસાદ પર રંગ, વા'લે કરી અતિ ઉછરંગ;
નાખ્યો રંગ રઘુવીરજીને માથે, વા'લે હેતે કરીને હાથે...૨૯

સીતારામજીને સુખસિંધુ, નાખ્યો રંગ તે દીનબંધુ;
બદ્રીનાથજીને બહુ પ્રીતે, નાખ્યો રંગ વા'લે રૂડી રીતે...૩૦

મુક્તાનંદ આદિ જે સંત, રંગ્યા રંગે તે ભગવંત;
મુકુંદાનંદ આદિ બ્રહ્મચારી, રંગ્યા રંગે તે સુખકારી...૩૧

પાળા ભગુજી રતનજી જેહ, એ આદ્યે બીજા પણ તેહ;
નાખ્યો રંગ ગુલાલ બહુ, થયા રંગમાં રસબસ સહુ...૩૨

દાદાખાચર આદિ હરિજન, રંગ્યા રંગે થઈ પ્રસન્ન;
નાખ્યો રંગ ગુલાલ ભારી, રંગે ભર્યા શોભે સુખકારી...૩૩

નાહ્યા ગંગાજળિયે કૂપે નાથ, નવરાવ્યા તે મેં મારે હાથ;
ચોળું અંગ તે મરદન કરી, નાહ્યા ઝાઝે નીરે તે હરિ...૩૪

જમ્યા અવધપ્રસાદજીને ઘેર, વા'લો કરીને બહુ મહેર;
પછી જમાડ્યા સંતને શ્યામ, પીરસી લાડુ હાથે સુખધામ...૩૫

ફર્યા પંગતમાં પંચ વાર, જમ્યા સંત થયો જેજેકાર;
પછી પોઢ્યા ઓરડીમાં બહુનામી, સુખસાગર સહજાનંદસ્વામી...૩૬

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'વડતાલમાં રંગે રમ્યા તથા જુનાગઢમાં દેવો પધરાવ્યા' એ નામે ઓગણચાલીસમો કિરણ ॥૩૯॥

કિરણ : ૪૦

શ્રીહરિ વડતાલમાં રંગે રમ્યા તથા ગોમતીમાં સ્નાન કર્યું

પૂર્વછાયો :

વા'લમ વડતાલ આવીને, રમે મંદિરમાં હોળી હરિ;
ઉગમણે બંગલે ઊભા રહી, નાખ્યો રંગ ત્રાંસળે ભરી...૦૧
શી કહું શોભા શ્યામની, મુખ વર્ણવી નવ જાય;
વાજે વાજાં વિધવિધનાં, અતિ આનંદ ઉત્સવ થાય...૦૨

ચોપાઈ :

પોતે રંગ ગુલાલ લઈ હાથે, નાંખે સંત સખાને માથે;
પાસે ઊભા રામપ્રતાપભાઈ, નાખ્યો રંગ વા'લે રાજી થાઈ...૦૩
વળી અબીર ગુલાલ તે સરસ, થાય રંગે ભાઈ રસબસ;
અવધપ્રસાદને તે અપાર, નાખ્યો રંગ વા'લે તે વાર...૦૪
રઘુવીરજીને ધીરા રઈ, નાખ્યો રંગ વા'લે પાસે જઈ;
મુક્તાનંદસ્વામીને તે શ્યામ, નાખ્યો રંગ ગુલાલ સુખધામ...૦૫
ગોપાળાનંદસ્વામીને સાર, નાખ્યો રંગ ગુલાલ અપાર;
નિત્યાનંદસ્વામીને કર્યા ન્યાલ, નાખ્યો રંગ ગુલાલ કરી વા'લ...૦૬
બ્રહ્માનંદસ્વામીને ભલી પેર, નાખ્યો રંગ ગુલાલ કરી મે'ર;
શુકમુનિને તે શ્રીહરિ, નાખ્યો રંગ ગુલાલ પોસ ભરી...૦૭
આનંદસ્વામીને તે અપાર, નાખ્યો રંગ ગુલાલ તે વાર;
એ આદ્યે બીજા સંત ઘણા, નાખ્યો રંગ ન રાખી મણા...૦૮
મુકુંદાનંદ અને જેરામ, વાસુદેવ નારાયણ નામ;
એ આદ્યે બીજા જે બ્રહ્મચારી, રંગ્યા રંગ ગુલાલ તે ભારી...૦૯
રતનજી ગુમાનજી આદિ પાળા, નાંખી રંગને કર્યા સુખાળા;
દાદાખાચર આદિ હરિજન, પલળી રંગે ને થયા પાવન...૧૦

રમ્યા હનુમાનને દરવાજે, ગાય ગીત વાજાં ઘણાં વાજે;
રમ્યા મંડપમાં અલબેલ, ગુલાલ રંગ તણી રેલમછેલ...૧૧
રમ્યા રંગે તે તો બહુવાર, રાજી થઈને પ્રાણઆધાર;
રંગ રંગ પદારથ સહુ, શોભે રંગ ગુલાલમાં બહુ...૧૨
રંગે શ્રીસહજાનંદ શોભે, જોઈ મુનિજનનાં મન લોભે;
મળ્યા મંદિર આગે મુનિરાજ, કરી લીલા સંભારવા કાજ...૧૩
મોટાભાઈને મળ્યા ભગવાન, જેનું ધરે મહામુનિ ધ્યાન;
મળ્યા પુત્ર બેઉને કરી પ્યાર, પુરુષોત્તમ જગઆધાર...૧૪
મળ્યા સંતને તે વળી સ્વામી, મળ્યા વર્ણીને વા'લો બહુનામી;
મળ્યા પાળાને પ્રાણજીવન, પ્રભુ થઈને અતિ પ્રસન્ન...૧૫
રઘુવીર ને અવધપ્રસાદ, પાસે બોલાવ્યા દઈને સાદ;
દીધાં રંગ ભર્યાં વસ્ત્ર વા'લે, ધર્મધુરંધર ધર્મને લાલે...૧૬
ચડી માણકીએ મહારાજ, આવ્યા ગોમતીજી નાવા કાજ;
કર્યો જળમાં તે નાવા પ્રવેશ, શોભે મૂર્તિ નટવરવેશ...૧૭
આવ્યા નાવા તે અવધવાસી, બોલાવ્યા પાસે પ્રીત પ્રકાશી[1];
સંત હરિજનનો નહિ પાર, મધ્યે ઊભા તે જગઆધાર...૧૮
ઈચ્છે ઈંદ્ર શિવ ને વળી અજ[2], તોય ના પામે પ્રસાદ રજ[3];
તે હરિ રાજી થઈને હાથે, નાંખે જળ સંત હરિજન માથે...૧૯
શોભે ઉડુગણમાં જેમ ચંદ, નાચ સંત મધ્યે સહજાનંદ;
ગાય કીર્તન પાડી સંત તાળી, વચમાં ગાય ઊભા વનમાળી...૨૦
ચડી દેવ વિમાને ત્યાં આવ્યા, વા'લાને ચંદન પુષ્પે વધાવ્યા;
કાંઠે ઊભા અનંત નરનાર, નીરખે નેણે તે ધર્મકુમાર...૨૧

૧.જણાવી ૨.બ્રહ્મા ૩.થોડો અમથો

એવી લીલા કરી બહુ લાલ, નીરખી સંતજન થિયા નિહાલ;
વા'લો નાહીને નીસર્યા બા'ર, થિયા માણકીએ અસવાર...૨૨
શોભે વસ્ત્ર ઘરેણાં અનુપ, હરિનું જોયા સરીખું રૂપ;
ચાંદી પેગડામાં ચરણ બે શોભે, જોઈ મોજડિયો મન લોભે...૨૩
પે'ર્યા હારતોરા ગુચ્છ બાજુ, કેસર આડ્ય ચાંદલિયો કાજુ;
માથે મોળિયું તે મનોહર, છોગું સોનેરી ને કડાં કર...૨૪
માળા મોતીની કુંડળ કાને, વા'લો શોભે તે ભીને વાને;
સુંદર મૂર્તિ શોભા ધામ, જોઈ લાજે તે કોટિક કામ...૨૫
ચાલે ધીરા ધીરા મહારાજ, ગાય કીર્તન મોટા મુનિરાજ;
વાજે વાજાં અતિ વિશુધ, આવ્યા વિમાને ચડી વિબુધ...૨૬
કરે પુષ્પવૃષ્ટિ તે અપાર, વરસે ચંદન રૂડાં તે વાર;
વા'લો આવ્યા તે મંદિરમાંય, બેઠા સભા કરી રૂડી ત્યાંય...૨૭
આવ્યા બ્રહ્મચારી તેડવા કાજ, ઊઠ્યા જમવા તે મહારાજ;
ધોઈ ચરણકમળને નાથ, બેઠા બાજોઠિયે સુખપાથ...૨૮
કંચન થાળમાં ભોજન સાર, ભરી મૂક્યાં પૂરીને તૈયાર;
જળ ચંબુ ભરી મૂક્યો પાસ, જોઈ રાજી થયા અવિનાશ...૨૯
વિરજ્યાબાઈ ને સુનંદાબાઈ, કરી રસોઈ રૂડી રાજી થાઈ;
જમ્યા જીવન એમને ઘેર, પ્રભુ થઈ પ્રસન્ન કરી મે'ર...૩૦
એના પુણ્યતણો નહિ પાર, જમાડ્યા હરિને વારમવાર;
એવી સેવા પામ્યું નથી કોઈ, ત્રિલોકમાં તપાસ્યું તે જોઈ...૩૧
પછી લઈ રૂડા મુખવાસ, આવ્યા પોઢવા તે અવિનાશ;
પોઢ્યા આથમણે બંગલે નાથ, પગચંપી કરી મેં મારે હાથ...૩૨
લઈ પંખો ઢોળું વળી વાય, અતિ આનંદ અંગ ન માય;
એમ સેવ્યા તે શ્રીઘનશ્યામ, પુરુષોત્તમ પૂરણકામ...૩૩

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ વડતાલમાં રંગે રમી ગોમતીમાં સ્નાન કર્યું' એ નામે ચાલીસમો કિરણ ॥૪૦॥

કિરણ : ૪૧

શ્રીહરિ ધોલેરા ગયા, રાજકોટમાં સાહેબને મળ્યા તથા રામશરણ અને નારાયણપ્રસાદને જનોઇ આપી

પૂર્વછાયો :

ધન્ય ધન્ય ધોલેરા પુરને, પ્રભુ પધાર્યા પ્રીતશું;
અવધવાસી સંત લઈને, રસિયોજી રૂડી રીતશું...૦૧
ધન્ય ધન્ય પૂજાભાઈને, પૂજ્યા શ્રીસહજાનંદ;
સર્વસ્વ અરપી શ્રીહરિને, પામ્યા અતિ આનંદ...૦૨

ચોપાઈ :

બેઠા બંગલામાં હરિ આવી, વા'લમજી ઢોલીડો ઢળાવી;
થઈ સભા ત્યાં સુંદર સારી, નીરખે સંત હરિજન નરનારી...૦૩
ગાયાં કીર્તન ત્યાં બહુવાર, પછી નાહ્યા તે પ્રાણઆધાર;
જમ્યા જીવન ત્યાં રાજી થઈ, પીરસ્યો શીરો સંતને સુખદાઈ...૦૪
જિયાં પોઢ્યા'તા ધર્મદુલારો, તિયાં ઓટો કર્યો છે એક સારો;
કરી વેદી તે નિષ્કુળાનંદે, કરવા દર્શન તે આનંદે...૦૫
જિયાં બેઠા ઢોલીડે જીવન, તિયાં પધરાવ્યા મદનમોહન;
પાસે પોતાની મૂર્તિ બેસારી, નીર્ખી પાવન થાય નરનારી...૦૬
ત્યાંથી ગયા ગઢડે શ્રીહરિ, પધાર્યા **વાંકિયે** દયા કરી;
રાત **ઉમરાલી** ગામે રહ્યા, સવારે સ્વામી **રાજકોટ** ગયા...૦૭
મોટા સાહેબે તેડાવ્યા મહારાજ, પ્રીતે દર્શન કરવા કાજ;

કરી પે'રામણી બહુ પ્રીતે, પૂજ્યા વા'લાને તે રૂડી રીતે...૦૮
પછી રાજકોટ થકી નાથ, આવ્યા **ગઢડે** સ્વામી સુખપાથ;
પછી આવી હુતાશની પાસ, કરવા દર્શન આવ્યા છે દાસ...૦૯
આવ્યા છપૈયેથી ગઢડે ગામ, વૃંદાવન અને સીતારામ;
નારાયણપ્રસાદ ને રામશરણ, નીરખ્યા નેણે તે દુઃખહરણ...૧૦
અમે હતા એમને તે સાથ, મળિયા દયા કરીને નાથ;
પછી ફૂલડોલને રૂડે દન, બેઠા સભામાં આવી જીવન...૧૧
થઈ સભા બહુ ત્યાં સારી, અવધવાસી સંત નરનારી;
શોભે સભામાં સહજાનંદ, જેમ તારામાં પૂનમચંદ...૧૨
થઈ ભીડ્ય ભક્તની ભારી, દરબાર મધ્યે સુખકારી;
બેઠા ઓસરીએ અલબેલ, દે દર્શન કરે બહુ ખેલ...૧૩
બ્રહ્માનંદ પ્રેમાનંદ ગાય, વાજે વાજાં ને ઉત્સવ થાય;
પછી હરિજને હેતે કરી, વસ્ત્ર ઘરેણાં લઈ પૂજ્યા હરિ...૧૪
પૂજા કરી પે'રાવ્યા હાર, ઉતારી આરતી કરી પ્યાર;
રામપ્રતાપભાઈને રૂડી રીતે, કરી પૂજા તે બહુ પ્રીતે...૧૫
પછી પૂજ્યા તે અવધપ્રસાદ, પૂજ્યા રઘુવીરજીને દઈ સાદ;
પૂજ્યા વૃંદાવન સીતારામ, પૂજ્યા રામશરણ ગુણધામ...૧૬
પૂજ્યા નારાયણપ્રસાદજી પ્રીતે, સર્વે હરિજને રૂડી રીતે;
પૂજ્યા સંત અને બ્રહ્મચારી, હરિજને તે હેત વધારી...૧૭
કસુંબી[૧] વસ્ત્ર અતિ રૂપાળાં, હેમ કડાં સાંકળી ને માળા;
કટિ મેખલા અને કુંડળ, વેઢ પોંચી બાજુ ઝળામળ...૧૮
એવાં અનંત ઘરેણાં બનાવી, દીધાં અયોધ્યાવાસીને લાવી;
ચંદન ચરચી પે'રાવ્યા હાર, લાગ્યા પગે કરી બહુ પ્યાર...૧૯

૧.કેસરી

એવી પૂજા કરી સર્વે જન, પ્રભુ પૂજીને થયા પાવન;
કરી લીલા તે જગઆધાર, ગાઈ શેષ ન પામે પાર...૨૦

પછી મૂરત સારું તે જોઈ, દીધી બાળકને તે જનોઈ;
રામશરણ તે મોટાભાઈ, નાના નારાયણપ્રસાદ સુખદાઈ...૨૧

દીધી જનોઈ તે હરિએ હાથ, પામી ઉપવિત થયા સનાથ;
કરી જજ્ઞને જમાડ્યા સંત, બ્રહ્મચારી ને દ્વિજ અનંત...૨૨

નાહ્યા ગંગાજળિયે કૂપ ત્યાંય, બેઠા લીંબતરુની છાંય;
લાડુ જલેબીને દૂધપાક, ભજીયાં વડાં અથાણાં રૂડાં શાક...૨૩

ભાત સાકર ને દૂધ દઈ, ભર્યાં ઝાઝાં વાનાં થાળ મઈ;
પાસે બેસીને સુવાસિની બાઈ, જમાડે પ્રભુને રાજી થાઈ...૨૪

જમ્યા જુગતે[૧] કરીને નાથ, શ્રીસહજાનંદજી સુખપાથ;
જમ્યા ત્રપત[૨] થઈને અમે, હવે જાઓ જમો સર્વે તમે...૨૫

પછી ચળું કરી ઘનશ્યામ, લીધો મુખવાસ તે સુખધામ;
દીધો પ્રસાદ તે વા'લે પ્રીતે, જમ્યા સાધુ પાળા રૂડી રીતે...૨૬

પછી પોઢ્યા તે પ્રાણઆધાર, લીંબતરુ તળે ઝાઝી વાર;
લઈ વિંઝણો ઢોળું હું વાય, નીરખી નાથને હરખ ન માય...૨૭

આવ્યા દરબારમાં મહારાજ, બેઠા ઓસરીએ ગરીબનિવાજ;
સુંદર ઢોલીડે શ્રીઘનશ્યામ, પતિતપાવન પૂરણકામ...૨૮

અવધવાસી સંત હરિજન, શોભે સભા અતિ પાવન;
કરે વા'લમજી બહુ વાત, સર્વે સાંભળે થઈ રળિયાત...૨૯

પછી બુરાનપુરી જન, આવ્યા પૂજવા પ્રભુને પાવન;
કરી પૂજા ને બંધાવી પાઘ, શેલું કસુંબી જોયા લાગ...૩૦

કર્યો કુમકુમનો ચાંદલો, શોભે સુંદરવરને ભલો;
કરી એકત્રીશમી હુતાશણી, જોઈ લીલા તે દેખાડી ભણી[૩]...૩૧

૧.ખૂબીથી; યુક્તિપૂર્વક ૨.તૃપ્ત ૩.કહી

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ ધોલેરા ગયા, રાજકોટમાં સાહેબને મળ્યા તથા રામશરણ અને નારાયણપ્રસાદને જનોઈ દીધી' એ નામે એકતાલીશમો કિરણ ॥૪૧॥

કિરણ : ૪૨

અમદાવાદ અને વડતાલનો મહિમા તથા મૂર્તિઓની શોભાનું વર્ણન

પૂર્વછાયો :

ધન્ય ધન્ય એ શ્રીનગરને, ધન્ય શ્રીઘનશ્યામ ઉદાર;
નરનારાયણ પધરાવી પોતે, કર્યો અનેક જીવનો ઉદ્ધાર...૦૧

સુંદર મૂર્તિ સોયામણી, જે નીરખે નેણાં ભરી;
પાપ ટળે બહુ જન્મનાં, પાછો નાવે તે ભવમાં[૧] ફરી...૦૨

ચોપાઈ :

નરનારાયણ સુખરાશી, પધરાવીને કરી ચોરાશી;
પાસે રાધાકૃષ્ણની મૂરતિ, તે તો શોભે છે સુંદર અતિ...૦૩
ભક્તિ ધર્મ પાસે ઘનશ્યામ, કરે દર્શન પામે તે ધામ;
શોભે સજ્યામાં મૂરતિ સારી, ચરણારવિંદ ચાખડી પ્યારી...૦૪

ગણપતિ ને હનુમંત દેવ, નીરખે તેને તે કરે અભેવ[૨];
હવે કહું વડતાલની વાત, સાંભળો સંત થઈ રળિયાત...૦૫

ધન્ય ધન્ય એ વડતાલ ગામ, કર્યું શ્રીહરિએ નિજ ધામ;
બહુ ગમે પોતાને મન, પ્રભુ રહે થઈ પ્રસન્ન...૦૬

ધન્ય ધન્ય એ મંદિર જાગ્ય, કરે દર્શન તેનાં મોટાં ભાગ્ય;
વા'લો ફર્યા કરી બહુ પ્રીત, થઈ હરિચરણે તે અંકિત...૦૭

૧.સંસારમાં; જન્મમરણમાં ૨.નિર્ભય; ચિંતા રહિત

ધન્ય લક્ષ્મીનારાયણ જોડ, કરે દર્શન પૂરે તેના કોડ;
ધન્ય રણછોડજીની મૂરતિ, નીરખે તેને ન રહે પાપ રતિ...૦૮

ધન્ય ધન્ય એ ભક્તિ ધર્મ, કરે સેવા તેને ન રહે ભ્રમ;
ધન્ય હરિકૃષ્ણ અવતાર, સેવી પામે સર્વે ભવપાર...૦૯

ધન્ય ધન્ય રાધાકૃષ્ણરાય, કરે દર્શન તેનાં દુઃખ જાય;
ધન્ય ધન્ય સહજાનંદ શ્યામ, કરે દર્શન તે પામે ધામ...૧૦

ચરણારવિંદ ચાખડી સજ્યામાળા, પગ પ્રસાદીનાં વસ્ત્ર રૂપાળાં;
છત્ર ચામર મુગટ છડી સાર, તકિયો સેજબંધ તોરા ને હાર...૧૧

ધન્ય સજ્યામાં મૂર્તિ સારી, કરે દર્શન તે નરનારી;
પૂજી થાય તે પૂરણકામ, કરી દર્શન પામે અક્ષરધામ...૧૨

શોભે હરિના દસ અવતાર, મચ્છ કચ્છ સૂકર શેષ સાર;
સુંદર મૂર્તિ સૂરજદેવ, કરે દર્શન તે થાય અભેવ...૧૩

જોવે નરસિંહની મૂરતિ, તેને પાપ ન રે' એક રતિ;
જુવે મંડપમાં મનોહર, છબી મહારાજની તે સુંદર...૧૪

શોભે ભીડભંજન હનુમાન, કરે દર્શન વાળે તેનાં વાન[૧];
કરે ગણપતિનાં જે દર્શન, તેને થાય પ્રભુ પ્રસન્ન...૧૫

શંકર આદિ એ દેવ ઉદાર, તેને નમું હું વારંવાર;
પધરાવ્યા શ્રીસહજાનંદ, નીરખી જીવને થાવા આનંદ...૧૬

ધન્ય ધન્ય મુનિ ધર્મશાળા, વા'લે ફેરવ્યા લાડુ રૂપાળા;
ફર્યા વા'લોજી તે વારંવાર, એ પૃથ્વીનાં પુણ્યનો નહિ પાર...૧૭

ધન્ય પ્રદક્ષિણા પર શ્યામ, કરી સભા બેઠા સુખધામ;
ધન્ય મંડપમાં શ્રીમહારાજ, ફર્યા ફળીમાં રાજાધિરાજ...૧૮

ધન્ય પ્રદક્ષિણા પાસે કૂપ, નાહ્યા ઝાઝી વાર મુનિભૂપ;

૧.તાપ; સંકટ

ધન્ય બ્રહ્મચારીની ઓસરી, જમ્યા ઝાઝી વાર ત્યાં હરિ...૧૯
ધન્ય આંબલો ઓટો વિશાળ, બેઠા સભામાં જન પ્રતિપાળ;
રે'તો હિંડોળો આંબલે સદાય, બેસતાં બહુ ત્યાં મુનિરાય...૨૦
તેથી ઉગમણી આંબલી અનૂપ, બાંધ્યો હિંડોળો ત્યાં સુખરૂપ;
ઝૂલ્યા જન્માષ્ટમીએ ત્યાં નાથ, ઉતારી આરતી આનંદસ્વામી હાથ...૨૧
બાંધ્યો હિંડોળો આંબે મુનિ હાથે, ધર્યો મુગટ હરિએ ત્યાં માથે;
આરતી મુક્તાનંદસ્વામી ઉતારી, કર્યાં દર્શન તે નરનારી...૨૨
તળાવ તટે આંબો સુંદર એક, બાંધ્યો હિંડોળો કરી વિવેક;
તેની ઉપર બેઠા બહુનામી, આરતી ઉતારી બ્રહ્માનંદસ્વામી...૨૩
ધન્ય ધન્ય એ કૂપ તળાવ, વા'લો નાહ્યા કરી બહુ ભાવ;
ધન્ય ધન્ય ફળિયાં શેરી ગામ, ફર્યા હરિ ત્યાં ઠામોઠામ...૨૪
ધન્ય ધન્ય વાડી ધન્ય કૂપ, ત્યાં નાહી જમ્યા મુનિ ભૂપ;
ધન્ય ગોમતીજી ધન્ય વાડી, પ્રભુ સભા કરી બેસે દા'ડી...૨૫
ધન્ય વેદી સુંદર સુખરૂપ, તેની ઉપર ઢોલિડે અનુપ;
બેસે શ્રીસહજાનંદસ્વામી, સરવેશ્વર અંતરજામી...૨૬
ધન્ય રાયણ કોઠી કદમ ત્યાંય, વા'લો બેઠા દીઠા એની છાંય;
ધન્ય સમડા આંબા જાંબુ સાર, બેઠા છાંયે તે ધર્મકુમાર...૨૭
ધન્ય ફૂલ ફળ વેલી વન, પ્રભુ સ્પર્શીને થયા પાવન;
ધન્ય ઘર આંગણાં પરસાળ[૧], મેડી હવેલી ચોક વિશાલ...૨૮
પ્રભુ બેઠા ફર્યા વારંવાર, તેનો ગણતાં ના આવે પાર;
ધન્ય બાઈ ભાઈ હરિજન, સ્વામી વિના નહિ બીજે મન...૨૯
નિત્ય સ્વામીને પૂજે જમાવે, તેનો મહિમા શારદ શેષ ગાવે;
જેનાં દર્શન કારણ દેહ, દમે મોટા મુનિ તજી ગેહ...૩૦

૧.ઓસરી

જેનો હુકમ પાછો નવ ફરે, તે તો જેમ ધારે તેમ કરે;
માટે બહુ જીવ તારવા કાજ, આવી વસ્યા વડતાલે મહારાજ...૩૧
જેણે કરી મંદિરની સેવા, પૂજ્યા પ્રભુ સંત મુક્ત જેવા;
કરી ભક્તિ અતિ ભલે ભાવે, તેને તુલ્ય કહો કોણ આવે...૩૨
તેનું ફળ છે અક્ષરધામ, પામી થાશે તે પૂરણકામ;
એવી વાત વા'લે કરી વળી, તે મેં શ્રવણે શ્રીમુખથી સાંભળી...૩૩
સ્વામી સમૈયા કર્યા વારંવાર, સંત હરિજન હજારું હજાર;
એની રજ માથે જે ધરશે, તેના કુળ ઈકોતર તરશે...૩૪

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'અમદાવાદ તથા વડતાલનો મહિમા તથા મૂર્તિઓની શોભાનું વર્ણન કર્યું' એ નામે બેતાલીશમો કિરણ ॥૪૨॥

કિરણ : ૪૩

ગોમતીજીનો મહિમા કહ્યો

પૂર્વછાયો :

અક્ષરથી પુરુષોત્તમ આવ્યા, શ્રીસહજાનંદ શ્યામ;
અડસઠ તીર્થ સ્થાપી પોતે, કર્યો વડતાલમાં વિશ્રામ...૦૧
સર્વે તીરથ હરિ આજ્ઞાયે, આવી વસ્યા છે ત્યાંય;
જ્યાં હરિ ને હરિના જન રહે, તેનું આશ્ચર્ય ન મળે કાંય...૦૨

ચોપાઈ :

ગોમતીજીમાં જે જન નાય, તેને સર્વે તીરથ ફળ થાય;
તેની વાત સાંભળજો સહુ, દીઠી સાંભળી તેવી હું કહું...૦૩

નાહ્યા શ્રીપુરુષોત્તમ નાથ, શ્રીસહજાનંદ સુખપાથ;
સર્વે અવતારી શ્રીભગવંત, એના અવતાર જેવા મોટા સંત...૦૪

તે નાહ્યા ગોમતીજીમાં સહુ, માટે એનું માહાત્મ્ય છે બહુ;
સંકર્ષણ પ્રદ્યુમન અનિરુધ, એવા મોટા આચારજ સુધ...૦૫

નાહ્યા રામપ્રતાપ ઈચ્છારામ, ભાઈ મહારાજના ગુણધામ;
નાહ્યા અવધપ્રસાદ રઘુવીર, પુત્ર મહારાજના ગુણ ગંભીર...૦૬

નાહ્યા ગોપાળજી ને નંદરામ, વૃંદાવન ને ઠાકોરરામ;
બદ્રીનાથજી ને સીતારામ, રામશરણજી એવું છે નામ...૦૭

નારાયણપ્રસાદ કૃષ્ણપ્રસાદ, નાહ્યા ઘણું ભગવતપ્રસાદ;
કેશવપ્રસાદ ને પ્રભુપ્રસાદ, નાહ્યા વળી નારાયણપ્રસાદ...૦૮

હરિસહાય વિહારીલાલ, રામસુખ ને મોહનલાલ;
નારાયણદત્ત મથુરાપ્રસાદ, બાલમુકુંદ ને ગોવિંદપ્રસાદ...૦૯

ગોકળપ્રસાદ ઘણા ગુણવાળા, ભગવાનપ્રસાદ રૂડા રૂપાળા;
બલદેવપ્રસાદનું રૂડું રૂપ, હરિકૃષ્ણપ્રસાદ તે અનુપ...૧૦

એ આદ્યે અવધવાસી સહુ, નાહ્યા તે તો ગોમતીજીમાં બહુ;
નાહ્યા એમાં મુક્તાનંદસ્વામી, મોટા ગોપાળાનંદ ગુણધામી...૧૧

નાહ્યા બ્રહ્માનંદ તે મહંત, નિત્યાનંદ મોટા બહુ સંત;
નાહ્યા શુકમુનિ આનંદાનંદ, ચૈતન્યાનંદ સચ્ચિદાનંદ...૧૨

નાહ્યા અક્ષરાનંદ અદ્‌ભુતાનંદ, આત્માનંદ ને સ્વયં પ્રકાશાનંદ;
મહાનુભાવાનંદ ગુણાતીતાનંદ, પ્રેમાનંદ ને નિષ્કુળાનંદ...૧૩

પરમાનંદ ને સ્વરૂપાનંદ, નાહ્યા વ્યાપકાનંદ સ્વછંદ;
તદરૂપાનંદ સર્વજ્ઞાનાનંદ, સર્વનિવાસાનંદ સુપર્ણાનંદ...૧૪

નાહ્યા પવિત્રાનંદ પ્રજ્ઞાનંદ, પુરુષાનંદ ને બાલમુકુંદ;
નિરંજનાનંદ નિરાલંબાનંદ, નૃસિંહાનંદ નિર્ગુણાનંદ...૧૫

કૃષ્ણાનંદ ક્રિપાનંદ સંત, અખંડાનંદ મોટા મહંત;
એ આદ્યે અનેક પ્રભુ ઉપાસી, જાણો અક્ષરધામના વાસી...૧૬

મહાનૈષ્ઠિક મુકુંદાનંદ, બ્રહ્મચારી જેરામ સ્વછંદ;
વાસુદેવ નારાયણ નામ, માધવ વૈકુંઠ દયાના ધામ...૧૭

આનંદ અને અચંતાનંદ, મહા મોટા જે અખંડાનંદ;
એ આદ્યે અનેક બ્રહ્મચાર, નાહ્યા ગોમતીજીમાં વારંવાર...૧૮

ઘનશ્યામદાસ ને રામદાસ, નારણદાસ બે માધવદાસ;
બલરામદાસ બાલમુકુંદદાસ, કૃષ્ણદાસ ને જીષ્ણુદાસ...૧૯

પ્રભુદાસ ને મહાપુરુષદાસ, હરિદાસ ને નીલકંઠદાસ;
એ આદ્યે અનેક દાસ સંત, નાહ્યા ગોમતીજીમાં બુદ્ધિવંત...૨૦

નાહ્યા પાર્ષદ હરિના પાળા, અતિ નિર્મળ મોટા વ્રતવાળા;
ભગુજી રતનજી ગુમાનજી, મિયાંજી મૂળુજી ડુંગરજી...૨૧

ભીમભાઈ કમો વીરો હરજી, હમીરભાઈ લાખો ભક્ત લાધોજી;
કસળો જાદવ કાયો કાનોજી, અરજણ કાળો ભગો સવોજી...૨૨

હકોભાઈ ઉત્તમ પ્રભુદાસ, માનજી કરીમ પ્રભુ પાસ;
રૂડો રાયજી ઊકો બેચર, નથુ નાન વાલો મૂળો ગિરધર...૨૩

અજો આંબો વાલો મલાર, નાહ્યા ભક્ત મોટા ઉદાર;
એ આદ્યે અનેક પાળા પરમાણો[1], નાહ્યા ગોમતીજીમાં તે જાણો...૨૪

દાદાખાચર સોમલો ખાચર, સુરો ખાચર વસ્તા ખાચર;
કાશીદાસ ભટ્ટ મયારામ, વેણીભાઈ ને જીણાભાઈ નામ...૨૫

જોબન બાપુજી પૂંજોભાઈ, પૂંજો શેઠ પૂંજો કાકોભાઈ;
એ આદ્યે ભક્ત અપાર, નાહ્યા ગોમતીજીમાં આ વાર...૨૬

ગોમતીજીમાં જે સ્નાન કરે, તેનાં કુળ એકોતેર તરે;
ગોમતીજીમાં જે કરે શ્રાદ્ધ, તરે પૂર્વજ થાય નિર્બાધ[2]...૨૭

૧.ગણો; જાણો ૨.વ્યાધિ-ઉપાધિ રહિત

ગોમતીજીનું જળ કરે પાન, જાય દેવલોક બેસી વિમાન;
ગોમતીજીનું લે જે નામ, તેને મળે સુખ સરંજામ[૧]...૨૮
ગોમતીજીને જે ગાળે ગળાવે, તેને તેડવા વિમાન આવે;
ગોમતીજીને ખોદે કરી પ્રીત, તેની થાય પરલોકમાં જીત...૨૯
ગોમતીજીમાં જે પ્રીતે નાય, તેનાં પાપ સર્વે બળી જાય;
ગોમતીજીનું પાણી પીએ રજ, તે તો થાય મરીને અજ...૩૦
ગોમતીજીમાં નાય નરનાર, તેને થાય પ્રભુ પદ પ્યાર;
ગોમતીજીના આરા બંધાવે, તેને જમ તેડવા ન આવે...૩૧
ગોમતીજીને કાંઠે તજે પ્રાણ, તેને થાય સ્વર્ગમાં રહેઠાણ;
દેહ તજ્યા ટાણે કોઈ પ્રાણી, પીએ ચરણામૃત શુદ્ધ આણી...૩૨
તેને ટળી જાય જમ ત્રાસ, થાય જન્માંતરે હરિનો દાસ;
હર કોઈ પ્રાણી હિત લાવી, નાય ગોમતીજીમાં તે આવી...૩૩
અનંત જન્મોના દુષ્કિત તાપ, ટળી જાય ને થાય નિષ્પાપ;
મોટાં પાપના ઓઘના ઓઘ, મેરુ સરખા મોટા મોટા રોગ...૩૪
નાતાંવેત તરત ટળી જાય, ગોલોકે તે તો નિવાસી થાય;
હરિચરણમાં કરે નિવાસ, છૂટે જમપાસ ને ગર્ભવાસ...૩૫
મીન મગર પોરા[૨] ને સર્પ, થાય દેવ ન રહે કેનો દર્પ[૩];
ગોમતીજીને કાંઠે જે રુખ[૪], મરી થાય મનુષ્ય ન રહે દુઃખ...૩૬
ખગ[૫] મૃગ[૬] ધેનુ પિયે જળ, ટળે પાપ થાય નિરમળ;
એવો ગોમતીજીનો મહિમાય, નાહ્યા પૂરણ પુરુષોત્તમરાય...૩૭
તેને શીખે સાંભળે જે ગાશે, તે તો સુખે બ્રહ્મમોલ જાશે;
કરશે હરિચરણમાં વાસ, થાશે પ્રગટ પ્રભુનો તે દાસ...૩૮

૧.સામગ્રી ૨.ઝીણા જીવડાં ૩.ગર્વ ૪.વૃક્ષ ૫.પક્ષી ૬.પ્રાણી

ઇતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'ગોમતીજીનો મહિમા કહ્યો' એ નામે તેતાલીસમું કિરણ ॥૪૩॥

કિરણ : ૪૪

શ્રીહરિ જે જે ગામમાં હિંડોળે ઝૂલ્યા તેનું વર્ણન

પૂર્વછાયો :

વડતાલ પાસે જે ગામ છે, તેનાં પુણ્યતણો નહિ પાર;
જ્યારે હરિ આવે વ્રતપુરીએ, ત્યારે ત્યાં જાય વારંવાર...૦૧

જોળ પ્રભુ પધારિયા, રામદાસ ગોપાળજીને ઘેર;
દલો ભલો એ આદ્યે ભક્ત, તેની ઉપર કરી મે'ર...૦૨

ચોપાઈ :

લીંબડે બાંધ્યો હિંડોળો અનુપ, તેની ઉપર બેઠા સુખરૂપ;
હરિજને હેતે પૂજા કરી, નેણાં ભરીને નીરખ્યા હરિ...૦૩

હરિએ જમીને સંત જમાડ્યા, સર્વે જનને મોદ પમાડ્યા;
દીધાં દર્શન ત્યાં બહુવાર, પછી ઘોડે થયા અસવાર...૦૪

પ્રભુ પધાર્યા **કણજરી** ગામ, મૂળજી ઈશ્વરદાસને ધામ;
રણછોડ રામોજી ખોજીદાસ, પૂજ્યા અતિ હેતે અવિનાશ...૦૫

પોતે નાહીને જમ્યા નાથ, પછી જમાડ્યો મુનિનો સાથ;
લઈ લાડુ ફર્યા બહુવાર, પછી ઘોડે થયા અસવાર...૦૬

ગયા નરસંડે શ્રીઘનશ્યામ, લાલદાસ કુબેરને ધામ;
કાશીદાસ અને વાલોભઈ, એ આદ્યે બીજા ભક્ત કંઈ...૦૭

બાંધ્યો હતો હિંડોળો પીપર, વા'લો બેઠા કરી ત્યાં મહેર;
કરી પૂજા તે સૌ હરિજન, પ્રભુ પૂજીને થયા પાવન...૦૮

પછી નાહીને જમ્યા શ્રીહરિ, રૂડાં ભોજન તે ભાવ ભરી;
પછી પોતે જમાડિયા સંત, ફેરવી શીરો હાથે ભગવંત...૦૯
ફર્યા પંગતમાં પંચવાર, જમ્યા સંત થયો જેજેકાર;
ગયા **જીંડવેપરે** ઘનશ્યામ, રણછોડ કુબેરદાસને ધામ...૧૦
બાંધ્યો લીંબડે હિંડોળો સારો, ત્યાં જઈ બેઠા તે ધર્મદુલારો;
પૂજ્યા હરિજને કરી પ્યાર, ચંદન ચરચી પે'રાવ્યા હાર...૧૧
પછી નાહી જમ્યા પ્રભુ પ્રીતે, શાકપાક ભોજન રૂડી રીતે;
પછી પીરસી જમાડ્યા સંત, લઈ લાડુ હાથે ભગવંત...૧૨
ગયા **બામણોલી** બહુનામી, સુખસાગર સહજાનંદસ્વામી;
રૂડી રાયણ ત્યાં તો અનુપ, બાંધ્યો હિંડોળો તે સુખરૂપ...૧૩
તેની ઉપર બેઠા પ્રીતે હરિ, આસજી ને તખે પૂજા કરી;
રૂડું ચંદન ચરચ્યું તે વાર, પછી પે'રાવ્યા ફૂલના હાર...૧૪
પછી ઓઢાડ્યું કસુંબલ શેલું, ખંભે શોભે સુંદર અલબેલું;
પોતે નાહી જમ્યા ભગવંત, ફેરવી લાડુ જમાડ્યા સંત...૧૫
ગયા **આખડોલે** કરી મે'ર, પટેલ ગોવિંદજીને તે ઘેર;
પછી નાહીને જમ્યા છે નાથ, સંત જમાડ્યા લઈ લાડુ હાથ...૧૬
પૂજા કરી બંધાવી પાઘ, લાગ્યા પગે કરી અનુરાગ;
ગયા મહારાજ **ચાંગે** ગામ, જશુબા ફૂલજી નથુને ધામ...૧૭
રામનાથ ઈશ્વર ગોવિંદરામ, પૂજ્યા પ્રીતે તે શ્રીઘનશ્યામ;
રૂડાં પ્રેમી ભક્ત નરનાર, વા'લો જમ્યા રહ્યા બહુવાર...૧૮
વા'લો ગયા **સંજાયે** ગામ, વજેરામ ગરીબદાસને ધામ;
લીંબતરુ બે હિંડોળો સારો, ત્યાં જઈ બેઠા તે ધર્મદુલારો...૧૯
હરિજને પૂજ્યા કરી પ્યાર, ચંદન ચરચી પે'રાવ્યા હાર;
પછી નાહી જમ્યા ઘનશ્યામ, પુરુષોત્તમ પૂરણકામ...૨૦

પછી જમાડ્યા સંતને સ્વામી, લઈ લાડુ ફેરવ્યા બહુનામી;
એવી રીતે જમાડ્યા બહુવાર, સંત પાળાને જગઆધાર...૨૧

ગયા **વલોટવે** ઘનશ્યામ, રઘુનાથ રણછોડને ધામ;
બાપુભાઈ અને જીજીભાઈ, એ આદ્યે બીજા ભક્ત કંઈ...૨૨

બાંધ્યો વડે હિંડોળો પ્રીતે, બેઠા વા'લો જઈ ત્યાં રૂડી રીતે;
પછી નાહીને જમ્યા નાથ, સંત જમાડ્યા લઈ લાડુ હાથ...૨૩

પ્રભુ પૂજ્યા કરી બહુ પ્યાર, ચંદન ચરચી પે'રાવ્યા હાર;
મહુડિયેપરે કરી પ્યાર, બાંધ્યો લીંબડે હિંડોળો બહુવાર...૨૪

બહુ બેઠા તે જગવંદ, સ્વામી સહજાનંદ સુખકંદ;
જમ્યા કેરીયું તે કીરતાર, દીધી સંતને તે બહુવાર...૨૫

જાતાં આવતાં **મહેળાવ**માંઈ, ગયા વા'લોજી બહુવાર ત્યાંઈ;
ખુશાલ વેણીભાઈ આદ્યે ઘણા, ભક્ત બીજા તેમાં નહિ મણા...૨૬

પૂજ્યા પ્રભુને કરી પ્યાર, ચંદન ચરચી પે'રાવ્યા હાર;
કરી સેવા તે ઘણી ઘણી, થયા રાજી અક્ષરના ધણી...૨૭

દીધી રસોઈ તે બહુવાર, જમ્યા સંત ને જગઆધાર;
ગયા **વલાસણ** ગામ વા'લો, ધર્મ ધુરંધર ધર્મનો લાલો...૨૮

બાંધ્યો હિંડોળો આંબલીએ સાર, તે પર બેઠા તે ધર્મકુમાર;
પછી નાહીને જમ્યા શ્રીહરિ, જમાડ્યા સંત ત્યાં ભાવ ભરી...૨૯

રઘુરાયજી ત્રિકમ આદિ તેણે, પ્રભુ પૂજ્યા રૂડી રીતે એણે;
બાકરોલે બેચર પૂજોભાઈ, પ્રભુ પૂજ્યા એણે રાજી થાઈ...૩૦

સાખ કેરિયું જમાડી ઝાઝી, થયા સ્વામિનારાયણ રાજી;
દિનકર લક્ષ્મીરામ મયારામ, અજુભાઈ આદ્યે રહે આણંદ ગામ...૩૧

તેણે પૂજ્યા પ્રભુને કરી પ્યાર, ચંદન ચરચી પે'રાવ્યા હાર;
દીધી રસોઈ કર્યા બહુ થાળ, જમ્યા સંત ને દીનદયાળ...૩૨

ગયા ડભાણ શ્રીઘનશ્યામ, રાયજી રૂઘનાથને ધામ;
બાંધ્યો હિંડોળો વડે બહુ સારો, તે પર બેઠા તે ધર્મદુલારો...૩૩
પછી નાહી જમ્યા ભગવંત, પીરસી લાડુ જમાડ્યા સંત;
પછી પૂજ્યા પ્રભુજીને પ્રીતે, સર્વે હરિજને રૂડી રીતે...૩૪
સુરત દેવાણ જેતલપુર ગામ, મછિયાવ અને ગઢડે ધામ;
વડથલ મેમદાવાદે વા'લો, બેઠા હિંડોળે શ્રીધર્મલાલો...૩૫
ગયા ગોવિંદ **બોચાસણ** ગામ, લાલબાઈ કાશીદાસને ધામ;
બાંધ્યો વડે હિંડોળો સાર, તે પર બેઠા તે ધર્મકુમાર...૩૬
સર્વે હરિજને પૂજ્યા કરી પ્યાર, ચંદન ચરચી પે'રાવ્યા હાર;
પછી નાહી જમ્યા ભગવંત, ફેરવી લાડુ જમાડ્યા સંત...૩૭
એ આદ્યે અનેક હરિજન, પ્રભુને પૂજી કર્યા પ્રસન્ન;
મેં તો લખ્યું સંક્ષેપે લગાર, દીઠું નજરે તે કે'તાં નાવે પાર...૩૮

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ જ્યાં જ્યાં હિંડોળે ઝૂલ્યા તેનું વર્ણન કર્યું' એ નામે ચુંમાળીસમું કિરણ ॥૪૪॥

કિરણ : ૪૫

શ્રીહરિએ બંને આચાર્યને ગાદીએ બેસાડ્યા

પૂર્વછાયો :

ગઢપુરથી હરિ આવિયા, **વડતાલે** શ્રીમહારાજ;
દર્શન દેવા બહુ જનને, કરવા અનેક મહી કાજ...૦૧
મંદિર કર્યા દેશ દેશમાં, શિખરબદ્ધ અતિ સાર;
શ્રીકૃષ્ણની મૂર્તિયું મહી, પધરાવિયું તેહી વાર...૦૨

કળશ ચઢાવ્યા કલ્યાણના[૧], નિશાન ચઢાવ્યા નિમરૂપ[૨];
ગ્રંથ કર્યા જનહિતના, ધર્મરૂપ અતિ અનુપ...૦૩
નિજ ગાદી વિના સૂનું સર્વે, જીવ વિના જેમ દેહ;
સંત હરિજન સર્વ પ્રત્યે, બોલ્યા શ્રીહરિ તેહ...૦૪

ચોપાઈ :

ગાદી અમારી યોગ્ય જે હોય, તમે બોલો તે સર્વે સોય;
ત્યાગી ગૃહીના ધર્મ રખાવે, નારી ધનમાં કે'દિ ન બંધાવે...૦૫
એવા જુઓ તમે ત્યાગી માંહી, એહ જુગ લગે રહે ત્યાંહી;
ગાદીએ બેસે જે અમારી, ધન નારી જોગ થાય ભારી...૦૬
તેમાં બાધ ન લાગે કે'દિ, આવો ધર્મ રહે ઠીક તે'દિ;
ધર્મ ન રહે જેહ વાર, કલ્યાણ બંધ થાય અઘ દ્વાર...૦૭
ધર્મ કલ્યાણ રહે અખંડ, જિયા લગી રહે આ બ્રહ્માંડ;
એવી વાત કહો સર્વ જોઈ, કે'દિ બાધ ન લાગે કોઈ...૦૮
ત્યાગી માત્રનો ધર્મ ન એહ, તે વિના કહો હોય જેહ;
મોટા સંત બોલ્યા વિચારી, ધર્મવંશી વિના નથી બારી...૦૯
જે અર્થે હરિ ઈહાં આવ્યા, બહુ પ્રગટ મોક્ષ દેખાવ્યા;
તે કુળને પોંચે અંત્યે લાજ, બીજા ત્યાગી કરે અકાજ...૧૦
લાજ ખોયા પછી નહિ ઉપાય, તમને કહ્યું અમે મુનિરાય;
હરિજનને જણાણી વાત, ત્યાગીમાં થાય અતિ ઉત્પાત...૧૧
ધર્મવંશી તે ઘરમાં રહી, ધર્મ મારગ ચલાવે સહી;
ત્યાગી ગૃહીના બે રહે ધર્મ, એમાં કે'દિ ન હોય અધર્મ...૧૨
પછી હરિને ગમી એ વાત, બોલાવ્યા હરિએ પાસે બે ભ્રાત;
સંત હરિજન સર્વે જેહ, તમ પાસે માગે છે એહ...૧૩

૧.સર્વોત્તમ કલ્યાણકારી કાર્યો કર્યા ૨.નિયમ-ધર્મરૂપી ધજા ફરકાવી

એક એક જે પુત્ર તમારા, દત્તપુત્ર કરીએ અમારા;
તમ ભેળો રાખીને સંબંધ, સતસંગનો રખાવે પ્રબંધ...૧૪
અમારી ગાદી દૈયે તેને, આચાર્ય સ્થાપીએ વળી એને;
ત્યારે ભાઈએ કહ્યું બહુ સારું, રૂડું થાય તે કરો અમારું...૧૫
મોટા ભાઈ કે' ત્રણ સુત મારા, તમને ગમે હરિ જે સારા;
તેને દત્તપુત્ર તમે કરો, એમાં શંકા ન મનમાં ધરો...૧૬
ઈચ્છારામજી કે પાંચમાં જેહી, મારા સુત તમારા તેહી;
દત્તપુત્ર કરો તમે તેને, અમે પૂજશું ભાવે એને...૧૭
અયોધ્યાપ્રસાદ ને રઘુવીર, બે જોયા હરિએ સુધીર;
લક્ષ્મીનારાયણના મંદિર માંહી, બેને બે પાટે બેસાર્યા ત્યાંહી...૧૮
ગાદી તકિયા રૂડા બિછાવી, હરિએ હાથે બેસાર્યા આવી;
વસ્ત્ર ભૂષણ સોનેરી પે'રાવ્યાં, ચંદન અંગે રૂડાં ચરચાવ્યાં...૧૯
કીધા ચાંદલા કુમકુમ તણા, પે'રાવ્યા ફૂલના હાર ઘણા;
તોરા ફૂલના લઈ હરિ હાથે, ખોસ્યા બેઉ જણાને માથે...૨૦
આરતી ઉતારી ધર્મલાલે, એવી રીતે ગાદી દીધી વા'લે;
સંત હરિજનને કહ્યું સ્વામી, રે'જો એમની આજ્ઞામાં કરભામી...૨૧
હવે પૂજોને સર્વે તમે, જોઈએ અમારી નજરે અમે;
પછી સંતજને પૂજા કરી, જોઈ રાજી થયા બહુ હરિ...૨૨
પછી દેશ વિભાગ કરી દીધા, તેના લેખ પત્ર નક્કી કીધા;
અમદાવાદનું મંદિર જેહ, નરનારાયણનું છે તેહ...૨૩
તેના દેશના હરિજન સંત, વળી વરણી પાળા પરજંત;
આચાર્યની આજ્ઞા તે તો પાળે, ધર્મ પોત પોતાના સંભાળે...૨૪
અયોધ્યાપ્રસાદજી છે જેહી, અમદાવાદની ગાદીના તેહી;
વડતાલની ગાદીના કઈયે, રઘુવીરજી આચાર્ય લઈયે...૨૫

તેના દેશના સંત હરિજન, સર્વે વર્ણી પાળા પાવન;
આચાર્યની આજ્ઞામાં વરતે, પોત પોતાના ધર્મ રાખે સરતે[૧]...૨૬
દેવદિવાળી એકાદશી દને, દત્તપુત્ર સ્થાપ્યા એ બેઉને;
સંત હરિજન રાજી બહુ થયા, સર્વે પૂજા લઈ પૂજવા રહ્યા...૨૭
ત્યાગીએ પૂજ્યા ત્યાગીની રીતે, ગ્રહીએ પૂજ્યા પૂજા લઈ પ્રીતે;
વાજે વાજીંત્ર વાજાં અપાર, જન બોલે તે જય જયકાર...૨૮
ભગવાનના પુત્ર એ જાણો, સર્વે પર આચાર્ય પ્રમાણો;
એની બરોબર બીજા ન કે'વાય, એમ બોલ્યા તે મુનિના રાય...૨૯
ધર્મ જન્મ જાણી રાજી થાઈ, બેસાર્યા ગાદીએ બેઉ ભાઈ;
પેલે પો'રે તે મૂરત વિચારી, કર્યું કામ તે મંગલકારી...૩૦
પ્રભુ પ્રસાદી ભરી ભરી થાળ, વેં'ચી સાકર બહુ રસાળ;
પછી સવારે પારણાને દન, જમાડ્યા સાધુ દ્વિજ જન...૩૧

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ બંને આચાર્યને ગાદીએ બેસાડ્યા' એ નામે પિસ્તાળીશમો કિરણ ॥૪૫॥

કિરણ : ૪૬

વડતાલમાં લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા અને વડતાલ દેશના ભક્તોએ પૂજા કરી

પૂર્વછાયો :

લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા, શ્રીસહજાનંદ સુજાણ;
એકાદશી પ્રબોધની દને, કરવા જીવનાં કલ્યાણ...૦૧

૧.સાવધાનીથી

તે દિનથી બે સમૈયા બાંધ્યા, પ્રબોધની રામનૌમી વળી;
સંત હરિજનને હરિ કહ્યું, વણ તેડ્યે આવજો વડતાલ મળી...૦૨

ચોપાઈ :

તિયાં વરત્યો તે જય જયકાર, ધન્ય ધન્ય બોલે નરનાર;
પછી જમાડિયા વિપ્ર જન, આપ્યા મનવાંછિત ભોજન...૦૩
દીધી દક્ષિણા વસ્ત્ર રૂપૈયા, તેણે વિપ્ર રાજી બહુ થયા;
પછી પ્રદક્ષિણા ઉપર પાટે, વા'લો બેઠા દર્શન દેવા માટે...૦૪
સુંદર શ્વેત વસ્ત્ર અતિ શોભે, જોઈ મુનિવરનાં મન લોભે;
થઈ સભા ત્યાં બહુ ભારી, સંતજન અનંત નરનારી...૦૫
બેઠા બ્રહ્માનંદસ્વામી પાસ, પૂજા કરવા આવ્યા સર્વે દાસ;
આવ્યા વડોદરાના હરિજન, પ્રભુ પૂજવા થઈ પ્રસન્ન...૦૬
શાલ દુશાલ અને અંગરખી, હાથે પે'રાવ્યા હરિને હરખી;
હાર પે'રાવી ઉતારી આરતી, પછી કર જોડી કરી વિનતિ...૦૭
ગણેશજી રતનજી જોરોભાઈ, છબો રણછોડ ને હરિભાઈ;
દુલા આદ્યે સાંકરદાના જન, પ્રભુ પૂજીને થયા પાવન...૦૮
પછી સુરતના સરવે આવ્યા, પ્રભુ પૂજવા પૂજા લાવ્યા;
વસ્ત્ર ભૂષણ ફૂલના હાર, પે'રાવ્યા પ્રભુને કરી પ્યાર...૦૯
ભક્ત વડતાલના બડભાગ, ખેત્ર વાડી ભોમ રૂડી જાગ;
અરપ્યાં પ્રભુને કરી પ્રીત, થઈ ચૌદ લોકમાં તે જીત...૧૦
બંધાવ્યા શેલું પાઘ તે વાર, ચંદન ચરચી પે'રાવ્યા હાર;
બુરાનપુરી હરિજન આવ્યા, પ્રભુ પૂજવા પૂજા લાવ્યા...૧૧
સુરવાળ ડગલી પે'રાવ્યાં પ્રીતે, માથે રેંટો બંધાવ્યો રૂડી રીતે;
કેડે બંધાવ્યો રેંટો લાલ, પછી ઓઢાડી સુંદર શાલ...૧૨

કરી ચાંદલો પે'રાવ્યા હાર, લાગ્યા પગે કરી બહુ પ્યાર;
ધર્મપુર વાંસદાના હરિજન, પ્રભુને પૂજી કર્યા પ્રસન્ન...૧૩

ભરૂચમાં હરિભાઈ ડાયોભાઈ, તેમણે પૂજ્યા પ્રભુ રાજી થાઈ;
આમોદમાં રૂડા હરિજન, પૂજી હરિને થયા પાવન...૧૪

બૂવાના દરુ ગુલાબ કાનદાસ, પ્રભુ પૂજ્યા કરી હુલાસ;
મૂમઈના જે નરભેરામ, પ્રીતે પૂજ્યા તે શ્રીઘનશ્યામ...૧૫

શુદ્ધ રૂપાનો થાળ અમળ, લોટા અબખોરા પીવાને જળ;
પ્રભુ જોઈ થયા પ્રસન્ન, ધન્ય એકાંતિક એવા જન...૧૬

ખંભાતના પ્રાણવલ્લભભાઈ, હરિભાઈ સદાશિવ આદ્યે કઈ;
તેણે પૂજ્યા પ્રભુ કરી પ્યાર, પાઘ બંધાવી પે'રાવ્યા હાર...૧૭

ડભોઈના જે તે હરિજન, પ્રભુ પૂજીને થયા પાવન;
કરાલીના કાજુ હરિજન, પ્રભુ પૂજીને થયા પાવન...૧૮

સિણોરમાં જોરો ગિરધર, પૂજ્યા સહજાનંદ સુખકર;
જંબુસરના ભક્ત જસવાળા, પૂજ્યા શ્રીમહારાજ રૂપાળા...૧૯

માલેગામમાં તે લક્ષ્મણભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ;
ગાંડાપુરમાં તો સીતારામ, પૂજ્યા સહજાનંદ સુખધામ...૨૦

કાનમ વાકળના હરિજન, પૂજ્યા શ્રીહરિ થઈ પ્રસન્ન;
ઉમરેઠના ભક્ત અતિ સારા, પૂજ્યા સહજાનંદ પ્રાણપ્યારા...૨૧

અવંતિનગરીના હરિજન, પ્રભુ પૂજીને થયા પાવન;
ઉદેપુરના તુલસીદાસ, બહુ હેતે પૂજ્યા અવિનાશ...૨૨

નડીયાદના ભક્ત થયા ન્યાલ, પૂજ્યા પ્રીતે તેણે ધર્મલાલ;
ખેડાના ભક્ત તે ખરાભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ...૨૩

પેટલાદને ભક્તે કરી પ્યાર, પૂજ્યા પ્રીતે તે જગઆધાર;
ધોલેરાના ભક્ત ધર્મવાળા, પૂજી પ્રભુને થયા સુખાળા...૨૪

ભાવનગરે રૂપો રાજોભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ;
મહુવાના ભક્ત મોટા ભારી, પૂજ્યા સહજાનંદ સુખકારી...૨૫
ઉનાના શેઠ ગણેશ સારા, પૂજ્યા સહજાનંદ પ્રાણ પ્યારા;
દીવનાં ભક્ત દલના ઉદાર, પૂજ્યા પ્રભુને કરી પ્યાર...૨૬
માંગરોળમાં આણંદજી ગોરધન, પૂજી પ્રભુને થયા પ્રસન્ન;
જૂનાગઢમાં તે ઝીણોભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ...૨૭
ધોરાજીના ભક્ત ધન્ય ધન્ય, પૂજ્યા સહજાનંદ ભગવન;
નગરના ભક્ત થયા ન્યાલ, પૂજ્યા પ્રીતે કરી ધર્મલાલ...૨૮
જેતપુરના ભક્ત જસવાળા, ભાણો મૂળું આદ્યે ઘણા વા'લા;
તેમણે પૂજ્યા સુખધામ, બેઠા ગાદીએ જ્યારે ઘનશ્યામ...૨૯
ગુડેલના ભક્તે ઘણી પ્રીતે, પૂજ્યા સહજાનંદ રૂડી રીતે;
રાજકોટને ભક્તે વાર ઝાઝી, પૂજ્યા શ્રીહરિને થઈ રાજી...૩૦
બોટાદના ભક્તે બહુ પ્રીતે, પૂજ્યા સહજાનંદ રૂડી રીતે;
ગઢપુરની શી કહું ગાથ, પૂજ્યા સહજાનંદ સુખપાથ...૩૧
સોરઠ કાઠિયાવાડ ને ભાલ, પૂજ્યા બહુ પ્રીતે ધર્મલાલ;
ભારે ભક્ત ચરોતરતણા, પૂજ્યા પ્રભુ ન રાખી મણા...૩૨

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ વડતાલમાં લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા અને વડતાલ દેશના ભક્તોએ પૂજા કરી' એ નામે છેતાલીસમો કિરણ ॥૪૬॥

કિરણ : ૪૭

અમદાવાદ દેશના હરિભક્તોએ પૂજા કરી

પૂર્વછાયો :

અમદાવાદના ભક્ત આવ્યા, પૂજવા શ્રીઘનશ્યામ;
વસ્ત્ર ભૂષણ લઈ પ્રીતે, અરપ્યાં તે સુખધામ...૦૧
સુરવાળ ડગલી પાઘ સુંદર, ઘણા ગુલાબના હાર;
ગજરા તોરા ગુચ્છ કાજુ, બાજુ બાંધ્યા કરી પ્યાર...૦૨

ચોપાઈ :

જેતલપુરના હરિજન આવ્યા, પૂજા સાજ તે સુંદર લાવ્યા;
બંધાવી પ્રભુને પ્રીતે પાઘ, શેલું સોનેરી તે જોયા લાગ...૦૩
ચંદન ચરચી પે'રાવ્યા હાર, ઉતારી આરતી કરી પ્યાર;
ધોળકાના રૂડા હરિજન, પૂજ્યા પ્રીતે તેણે ભગવન...૦૪
હાર પે'રાવી ઓઢાડી શાલ, નીરખી હરિને થયા નિહાલ;
ભક્ત મૂળીના તે બહુ ભારી, પૂજ્યા સહજાનંદ સુખકારી...૦૫
ભૂજ નગરના દેવરામ, તેણે પૂજ્યા તે સુંદરશ્યામ;
પે'રાવી કિનખાપની ડગલી, શોભે સુંદરવરને ભલી...૦૬
શહેર માંડવીના ભક્ત સારા, પૂજ્યા સહજાનંદ પ્રાણપ્યારા;
વાંકાનેર પુરના કરી વા'લ, આવ્યા પૂજવા તે ધર્મલાલ...૦૭
શાલ દુશાલા બંધાવી પાઘ, લાગ્યા પગે કરી અનુરાગ;
ગોપાળજી ને નરભેરામ, દલા આદ્યે લીંબડીએ વિશરામ...૦૮
તેણે પૂજ્યા તે પ્રીતે નાથ, શ્રીસહજાનંદ સુખપાથ;
અંજાર તેરાના સહુ હરિજન, પ્રભુ પૂજીને થયા પાવન...૦૯
રાયધણજી ધમડકે ગામ, પૂજ્યા સહજાનંદ સુખધામ;
માળિયા મોરબીના ભક્ત ભારી, પૂજ્યા સહજાનંદ સુખકારી...૧૦

રણછોડ શિવો દવે પાવન, એ હળવદના રૂડા જન;
પૂજ્યા પ્રભુને કરી પ્રીતે, વસ્ત્ર ભૂષણ લઈ રૂડી રીતે...૧૧
વઢવાણમાં લાધો ઠાકર, પૂજ્યા સહજાનંદ સુખકર;
શિયાણીમાં ભટ્ટ શિવરામ, પૂજ્યા તેણે શ્રીહરિ સુખધામ...૧૨
વાંટુ લખતરના હરિજન, પૂજી હરિને કર્યા પ્રસન્ન;
પૂજાજી આદ્યે મેથાણ ગામ, પૂજ્યા સહજાનંદ સુખધામ...૧૩
ધ્રાંગધરે સોની હરિભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ;
માણસાના ભક્ત પૃથુભાઈ, તેણે પૂજ્યા શ્રીહરિ સુખદાઈ...૧૪
પેથાપુરમાં જેઠો ભક્ત જાણો, પૂજ્યા શ્રીહરિ તે પરમાણો;
સાયલાના જે માણેકચંદ, તેણે પૂજ્યા શ્રીસહજાનંદ...૧૫
ચૂડા ગામના જે પીતાંબર, તેણે પૂજ્યા પ્રભુ નટવર;
પ્રાંતિજને ભક્તે કરી પ્રીત, પૂજ્યા શ્રીહરિને રૂડી રીત...૧૬
કડીના ભક્ત કાજુ જાણો, પૂજ્યા શ્રીહરિ તે પરમાણો;
કપડવંજના ભુધરભાઈ, તેણે પૂજ્યા હરિ સુખદાઈ...૧૭
વાડાશિધલ્યના[૧] હરિજન, પૂજી થયા પ્રભુને પાવન;
લુણાવાડાના ભક્ત લલિત, પૂજ્યા શ્રીહરિને કરી પ્રીત...૧૮
કરજીસણના જે નાનોભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ;
વડનગરના જે હરિજન, પ્રભુ પૂજીને થયા પાવન...૧૯
વિસનગરને ભક્તે નાથ, પૂજ્યા સહજાનંદ સુખપાથ;
ઈડરના ભક્ત અતિ સારા, પૂજ્યા શ્રીહરિ તે પ્રાણ પ્યારા...૨૦
સિદ્ધપુરના ભક્તે સુખકારી, પૂજ્યા પ્રીતે ભવભયહારી;
રાધનપુરને જને રાજી થાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ...૨૧
ટોડલા ગામના જે ખુશાલ, તેણે પૂજ્યા તે ધર્મલાલ;
ખાણ ગામના લાડુ આત્મારામ, તેણે પૂજ્યા તે શ્રીઘનશ્યામ...૨૨

૧.બાલાસિનોરના

કૃષ્ણજી હરગોવિંદ બે ભાઈ, રહે દેહરા ગામમાં ત્યાંઈ;
તેણે પૂજ્યા ષોડશ ઉપચાર, ચંદન ચરચી પે'રાવ્યા હાર...૨૩

સાણંદ ગામના ભક્ત સુંદર, પૂજ્યા સહજાનંદ સુખકર;
અસ્લાલીના વેણી હરિભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ...૨૪

રૂડાં વસ્ત્ર ઘરેણાં ને હાર, પૂજ્યા પ્રીતે હરિ વારંવાર;
એ આદ્યે ઘણા ભક્ત ભારી, પૂજ્યા વડતાલમાં દુઃખહારી...૨૫

કચ્છ ઝાલાવાડી ભક્ત સહુ, આવ્યા દર્શન કરવા બહુ;
વાગડ હાલારના હરિજન, આવ્યા હરિનાં કરવા દર્શન...૨૬

પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ જેહ, આવ્યા સર્વે હરિજન તેહ;
પૂજ્યા સર્વે હરિજને પ્રીતે, વસ્ત્ર ભૂષણ લઈ રૂડી રીતે...૨૭

ફળ દળ ધરે પ્રભુ આગે, હાથ જોડીને પગે લાગે;
ચંદન ચરચી પે'રાવે હાર, ચોડે ચોખા તે કરી પ્યાર...૨૮

કરે ધૂપ દીપ ને આરતી, નેણાં ભરી નીરખે મૂરતિ;
થયું સંધ્યા ટાણું વળી જ્યારે, કરી મશાલુ બહુ તે વારે...૨૯

વાળંદ વિઠ્ઠલ જેઠો પુરુષોત્તમ, રૂડો ખોડો કાળો જેરમ;
ગોવિંદ બેચર ઉમેદ સહુ, ઊભા દીવીઓવાળા બહુ...૩૦

દીવા દીવીઓનો નહિ પાર, શોભે સુંદર ધર્મકુમાર;
કડાં સાંકળાં ને બાજુબંધ, વેઢ પોંચી કુંડળ સુખકંદ...૩૧

પે'ર્યા તોડા મોતીડાની માળા, શોભે હરિવર બહુ રૂપાળા;
કટિ મેખલા કંચન કેરી, હાલે ઘૂઘરિયું તે ચોફેરી...૩૨

ફૂલહાર ને તોરા અપાર, ગજરા ગુચ્છ બાજુબંધ સાર;
ઊભા ધન્ય કરવા વનમાળી, પાડે બેય હાથે હરિ તાળી...૩૩

શોભે સંતજનમાં સહજાનંદ, તારા મધ્યે શોભે જેમ ચંદ;
કવિ કહી કહી કેટલું વખાણે, જેણે દીઠું હોય તે જાણે...૩૪

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'અમદાવાદ દેશના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી' એ નામે સુડતાલીસમો કિરણ ॥૪૭॥

કિરણ : ૪૮

શ્રીહરિએ જ્યાં જ્યાં પ્રબોધિની એકાદશી કરી તેનું વર્ણન

પૂર્વછાયો :

પછી હરિ દ્વાદશી દને, જમ્યા તે સુંદરશ્યામ;
પછી પંગતમાં પીરસવાને, આવ્યા તે સુખધામ...૦૧
લાડુ મોતૈયા જલેબી લઈ, પીરસે સંતને કરી પ્યાર;
મૂર્તિ મનોહર માવની, શોભે કોટે ફૂલના હાર...૦૨

ચોપાઈ :

ફર્યા પંગતમાં પંચવાર, જમ્યા સંત થયો જેજેકાર;
પછી આવ્યો પૂનમનો દન, ભક્તિમાતાનો જન્મ પાવન...૦૩
તેદિ' કર્યો ઉત્સવ અતિ ભારી, સ્વામી સહજાનંદ સુખકારી;
પછી પાંચ દિવસ પોતે રિયા, ત્યાંથી વસોએ વા'લો આવિયા...૦૪
વસે વસોમાંઈ જન ઘણાં, સર્વે પ્યાસી પ્રભુ દર્શન તણાં;
તેને ઘરો ઘર જઈ નાથ, દઈ દર્શન કર્યા સનાથ...૦૫
પોતે જમીને જમાડ્યા સંત, પીરસી લાડુ હાથે ભગવંત;
પછી મળ્યા સંતને તે શ્યામ, પોતે પધાર્યા ગઢપુરધામ...૦૬
હવે બીજી પ્રબોધિનીએ નાથ, કર્યો સમૈયો તે સુખપાથ;
આવ્યા વાલમજી વડતાલ, નીરખી જન થિયાં નિહાલ...૦૭
આવ્યું વ્રત તે એકાદશી, પૂરી દીપમાળા તેહ નીશી;
તિયાં બપોરિયા અજવાળે, નાથ સભા ઊભા થઈ ભાળે...૦૮

આજ મળ્યાં મનુષ્ય અપાર, બહુ પુરુષ ને બહુ નાર;
સારા સમૈયા સુંદર થિયા, એમ કહીને હરિ હસિયા...૦૯

પછી દ્વાદશી પારણાં કરી, સંતને લાડુ પીરસ્યા હરિ;
એમ લીલા કરે ભગવાન, દિયે દનભર દર્શન દાન...૧૦

પછી આવી પૂનમ સુખકારી, આવ્યાં દર્શને બહુ નરનારી;
બોલ્યા પ્રભુ થઈ પ્રસન્ન, તમે સાંભળો સહુ હરિજન...૧૧

આજ ભક્તિનો જન્મ છે ભારી, માટે કરવી પૂનમ નીમ ધારી;
પછી સાંજે પૂરી દીપમાળ, બેઠા આસન ઊંચે દયાળ...૧૨

કરે દર્શન સર્વે સાથ, નેણાં ભરીને નીરખે નાથ;
પછી પોતે કરી છે ત્યારી, ચાલ્યા સુરત પર સુખકારી...૧૩

અલબેલોજી અંતરજામી, ગયા **બોચાસણે** બહુનામી;
હવે ત્રીજી પ્રબોધની કાજ, આવ્યા ગઢડેથી મુનિરાજ...૧૪

સર્વે સંતને કહ્યું વચન, તમે આવજો ઉત્સવ દન;
પછી આવ્યો ઉત્સવનો દન, સરવે તેડાવ્યા સંતજન...૧૫

થાય માસુખ[૧] મોદક સારા, જમે જન પ્રભુ પીરસનારા;
પડી સાંજ પૂરી દીપમાળ, બેઠા ઊંચે આસને દયાળ...૧૬

આવ્યા બુરાનપુરના જન, કરવા હરિનાં હેતે દર્શન;
લાવ્યા કસુંબી રેંટો સાથે, તે બંધાવ્યો મહારાજને માથે...૧૭

બહુ બપોરિયા[૨] તિયાં બળે, જાણે અક્ષરધામ ઝળમળે;
બેઠા માંચ[૩] ઉપર વનમાળી, અતિ શોભે છે સભા રૂપાળી...૧૮

વસે વડોદરે એક જન, જગજીવન અતિ પાવન;
તેણે પે'રાવ્યો તે પોશાગ, સુરવાળ ડગલી ને પાઘ...૧૯

૧.મુલાયમ ૨. આતશબાજીની એક બનાવટ-ખૂબ પ્રકાશ આપતો દીવો ૩.મંચ; ઊંચું સ્ટેજ

અલબેલોજી અઢળ ઢળ્યા, સર્વે સંતને શ્રીહરિ મળ્યા;
આપ્યું સુખ નાથે હુલાસી, કાર્તિક સુદિ કૈયે એકાદશી...૨૦
હવે ચોથી પ્રબોધની વા'લે, કરી વડતાલે શ્રીધર્મલાલે;
લક્ષ્મીનારાયણને નિત્ય નિત્ય, દિયે પ્રદક્ષિણા કરીને પ્રીત્ય...૨૧
એક સો આઠ પ્રદક્ષિણા ફરે, પાંચ દંડવત પણ કરે;
એમ કરતાં વિત્યા માસ દોયે, આવ્યો દીપ ઉત્સવ દન સોયે...૨૨
પૂરી દીપમાળા શોભે ઘણું, જાણે આવી અક્ષરબણું;
જોઈ જન થયાં છે થકિત, નીરખે મહારાજને કરી પ્રીત...૨૩
પ્રબોધિની ઉત્સવ કરી, પછી **વડોદરે** ગયા હરિ;
કરી કરમડ અન્નકોટ નાથ, આવ્યા **શ્રીનગર** સુખપાથ...૨૪
ત્યાંથી આવ્યા **વડતાલ** ગામ, પ્રબોધિની કરવા સુખધામ;
કર્યો ઉત્સવ તે બહુ ભારી, આવ્યાં દર્શને નરનારી...૨૫
પોતે રહ્યા તિયાં બે માસ, ઝોળી મગાવી સાધુને પાસ;
હવે છઠ્ઠી પ્રબોધની કહું, તમે સાંભળજ્યો વળી સહુ...૨૬
આવ્યા **અમદાવાદ**માં હરિ, શંકર ઓરડીમાં પેઠો ગરી;
પછી આવ્યા **જેતલપુર** ગામ, ત્યાંથી **વડતાલે** પધાર્યા શ્યામ...૨૭
મેડા ઉપર બેઠા મહારાજ, વા'લો દર્શન દેવા કાજ;
ઢાળ્યો તિયાં ઢોલીડો અનુપ, રૂડો ઓછાડ તે સુખરૂપ...૨૮
તકિયે સુંદર ફૂમતાં સાર, તે પર બેઠા તે ધર્મકુમાર;
રૂડો સુરવાળ સોનેરી શોભે, નાડી ફૂમતાં જોઈ મન લોભે...૨૯
પે'રી ડગલી કિનખાપ તણી, તેની શોભા અલૌકિક બણી;
માથે મોળિયું સોનેરી શોભે, જોઈ મુનિવરનાં મન લોભે...૩૦
કેડે રેંટો કસુંબલ ભારી, તેને જોઈ મોહ્યા નરનારી;
કેસર તિલક કર્યું ભાલ, શોભે ચાંદલિયો માંય લાલ...૩૧

હાર હજારી પે'ર્યા છે વા'લે, લટકાળે શ્રીધર્મને લાલે;
ગજરા બાજુ ગુચ્છ પ્રફૂલ[1], ઝૂક્યા પાઘમાં તોરા અમૂલ...૩૨
શોભા મુખ વર્ણવી ન જાય, કે'તાં શારદ શેષ લજાય;
પછી સાંજે પૂરી દીપમાળ, બેઠા ઊંચે આસને દયાળ...૩૩
મધ્યે બેઠા તે સહજાનંદ, શોભે તારા મધ્યે જેમ ચંદ;
પછી મળ્યા મુનિને નાથ, હેતે હરિ ઝાલી બેઉ હાથ...૩૪

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ જ્યાં જ્યાં પ્રબોધિની એકાદશી કરી તેનું વર્ણન કર્યું' એ નામે અડતાલીસમો કિરણ ॥૪૮॥

કિરણ : ૪૯

શ્રીહરિએ એકાદશી તથા રામનવમીના ઉત્સવ કર્યા તેનું વર્ણન

પૂર્વછાયો :

સાતમી પ્રબોધની કરવા, વા'લમ વડતાલ આવિયા;
અવધવાસી સંત સર્વે, ભૂધર ભેળા લાવિયા...૦૧
સામૈયું લઈને સામા આવ્યા, વડતાલના હરિજન;
નીરખી શ્રીમહારાજને, થયા સર્વે પાવન...૦૨

ચોપાઈ :

શોભે ઘોડા ઉપર ઘનશ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
હરિજન લાવે ફૂલના હાર, પે'રે લઈ હાથે ધર્મકુમાર...૦૩
વાજે વાજાં તે મંગલકારી, ગાય ગીત રૂડાં નરનારી;
ચાલે ધીરા ધીરા સહજાનંદ, આવ્યા મંદિરમાં સુખકંદ...૦૪
કર્યાં ઠાકોરના દરશન, પ્રભુ થયા અતિ પ્રસન્ન;

૧.ખીલેલ; સુંદર

પછી નાહ્યા તે રૂડી પેર, જમ્યા રઘુવીરજીને ઘેર...૦૫
પછી પીરસી લાડુ ભગવંત, વા'લે જમાડ્યા પાળા ને સંત;
આથમણે બંગલે પોઢ્યા નાથ, રૂડી સજ્યા ઉપર સુખપાથ...૦૬
આવી પ્રબોધિની એકાદશી, રહ્યા વ્રત સરવે હુલસી;
ગયા ગોમતીજીએ પ્રાણનાથ, નાહ્યા સંત સખા લઈ સાથ...૦૭
બેઠા વેદી ઉપર વા'લો આવી, તિયાં સુંદર ઢોલીડો ઢળાવી;
થઈ સભા અનંત નરનારી, બેઠા ઉત્તર મુખે સુખકારી...૦૮
પીળો સુરવાળ સુંદર શોભે, જોઈ ડગલી રૂડી મન લોભે;
જરકસી કસુંબી પાઘ, ખભે શેલું જરકસી જોયા લાગ...૦૯
ચંપાના હાર માથે છાજે, ધોળા હાર હૈયે બિરાજે;
ગુલાબના ગજરા બાજુબંધ, સુંદર તોરા ઝૂકે સુખકંદ...૧૦
કેસર તિલક ચાંદલો ભાલ, કંકુ તણો શોભે રૂડો લાલ;
સંત ગાય વજાડે તાળી, ઝીલે ઘેરે સાદે વનમાળી...૧૧
દીધાં દર્શન ત્યાં બહુવાર, પછી ઘોડે થયા અસવાર;
આવ્યા ગાજતે વાજતે હરિ, બેઠા મંદિરમાં સભા કરી...૧૨
પછી સાંજે પૂરી દીપમાળ, બેઠા રૂપચોકીમાં[૧] દયાળ;
મુખચંદ્ર તે શોભાધામ, નીરખે સંતપુરુષ નર વામ...૧૩
મળ્યા અવધવાસીને વા'લો, મળ્યા મુનિને ધર્મનો લાલો;
ઝાંઝ મૃદંગ લઈ હરિજન, ગાય મંડળિયો કીરતન...૧૪
તેની મધ્યે બેઠા મહારાજ, સુંદર પાટે સાંભળવાને કાજ;
સાંભળ્યાં કીર્તન ત્યાં બહુવાર, થયા રાજી તે ધર્મકુમાર...૧૫
મળ્યા સર્વે ગવૈયાને શ્યામ, પછી પોઢ્યા તે સુખધામ;
પછી સવારમાં ઊઠી નાથ, કરી ક્રિયા નાહ્યા સુખપાથ...૧૬

૧.મંદિરના પ્રવેશદ્વાર આગળના ભાગમાં

જમ્યા અયોધ્યાપ્રસાદજીને ઘેર, વા'લો કરીને બહુ મહેર;
પછી હરિજને કરી પ્યાર, ચંદન ચરચી પે'રાવ્યા હાર...૧૭

કસુંબલ બંધાવી છે પાઘ, શેલું કસુંબલ જોયા લાગ;
તેની કેડ્ય બાંધી મહારાજ, આવ્યા સંતને પીરસવા કાજ...૧૮

મોતૈયા જલેબી લઈ હાથ, ફેરવે ધર્મશાળામાં નાથ;
ફર્યા પંગતમાં પંચવાર, જમ્યા સંત થયો જયકાર...૧૯

લિયો લાડુ જમો કરી પ્યાર, એમ કહી કરે મનુવાર;
રહ્યા થોડા ઘણા તિયા દન, પછી ગયા ગઢડે જીવન...૨૦

આ છેલ્લી પ્રબોધની કરી, ચાલ્યા ગાડામાં બેસીને હરિ;
ભેળા બેઠા નિત્યાનંદસ્વામી, રહ્યા પીપળાવે બહુનામી...૨૧

હવે કહું રામનવમીના સમૈયા, પ્રથમથી વળી જે જે થયા;
તમે સાંભળજ્યો સર્વે મળી, પછી આવી રામનૌમી વળી...૨૨

રહ્યા વ્રત નરનારી જન, જાણી હરિ જનમનો દન;
કરી જાગરણ ગાયાં કીર્તન, થયા પ્રભુજી બહુ પ્રસન્ન...૨૩

નાહી જમ્યા પોતે ભગવંત, પછી જમાડ્યા સરવે સંત;
સાંજે આપી આજ્ઞા અવિનાશ, ગાઓ ગરબીમાં જન રાસ...૨૪

ગાળે ગોમતી સતસંગી સહુ, દેખી રાજી થાય વા'લો બહુ;
જ્યારે ઉતારે આવે મહારાજ, ઉપડાવે ઈંટ્યું મંદિર કાજ...૨૫

એક દન રાજી થઈ નાથ, મળ્યા મુનિને ભરી બાથ;
વળી જમાડે જનને આપે, પીરસે રાજી થઈ અમાપે...૨૬

એમ લીલા કરી બહુ દન, જોઈ જન થિયા છે મગન;
કર્યો ઉત્સવ એક માસનો, પૂરિયો મનોરથ દાસનો...૨૭

કરી લીલા બહુ બહુ શ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
પછી ઘોડે અસવાર થઈ, ચાલ્યા સંતજન સાથે લઈ...૨૮

આવ્યા ગાના કરી હરિ મે'ર, નાનાભાઈ પ્રભુદાસને ઘેર;
કરી પધરામણી બહુ પ્રીતે, પૂજ્યા વા'લમને રૂડી રીતે...૨૯
કરી ચાંદલો પે'રાવ્યા હાર, લાગ્યા પગે કરી બહુ પ્યાર;
ત્યાંથી ગયા દાવોલે વળી, કરી સેવા હરિજને મળી...૩૦
રઘનાથ ગુમાન માધભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ;
કરી ચાંદલો પે'રાવ્યા હાર, લાગ્યા પગે કરી બહુ પ્યાર...૩૧

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ જ્યાં જ્યાં એકાદશી તથા રામનવમીના ઉત્સવ કર્યા' એ નામે ઓગણપચાસમો કિરણ ॥૪૯॥

કિરણ : ૫૦

શ્રીહરિએ સીતારામને જનોઇ દીધી

પૂર્વછાયો :

અમદાવાદમાં ઉત્સવ કરી, વા'લો આવ્યા **વડતાલ** ગામ;
રામનૌમીનો સમૈયો કરવા, સંત સહિત સુખધામ...૦૧
અવધવાસી સર્વ ભેળા, શોભે શ્રીહરિને સાથ;
દર્શન દેવાં દાસને, આવ્યા દયા કરીને નાથ...૦૨

ચોપાઈ :

કરી દર્શન ઠાકોરનાં હરિ, પછી બેઠા વા'લો સભા કરી;
લાવે હરિજન ફૂલના હાર, પ્રીતે પે'રે તે ધર્મકુમાર...૦૩
દીધાં દર્શન ત્યાં બહુવાર, પછી નાહ્યા તે પ્રાણઆધાર;
વા'લો કરીને બહુ મહેર, જમ્યા રઘુવીરજીને ઘેર...૦૪
પછી જમાડ્યા પાળા ને સંત, પીરસી લાડુ હાથે ભગવંત;
પછી પોઢ્યા તે શ્રીઘનશ્યામ, ઉગમણે બંગલે સુખધામ...૦૫

મંદિર પાછળ પાટ ઢળાવી, વા'લો બેસે ત્યાં નિત્યે આવી;
આવ્યો રામનવમીનો દન, પ્રભુ થયા અતિ પ્રસન્ન...૦૬
રહ્યા વ્રત સંત નરનારી, પૂજ્યા પ્રીતે શ્રીહરિ સુખકારી;
મંદિર આગળ તે મનહર, ચોક્યો[૧] માંડવો તે સુંદર...૦૭
પાસે ગણપતિ અતિ અભેવ, હનુમંત રૂડા મહાદેવ;
મીઠો લીંબતરુ તે રૂપાળો, શોભે મંડપ અતિ શોભાળો...૦૮
રૂડી હવેલી બંગલા સાર, તેની શોભાનો નહિ પાર;
નીલા વાંસ કદળી[૨] સ્થંભ છાજે, આમ્ર[૩] અશોક[૪] તોરણ બિરાજે...૦૯
મધ્યે ચોરી[૫] બાંધી રૂપાળી, પાસે પાટે બેઠા વનમાળી;
કરે વેદ વિપ્ર ઉચ્ચાર, ગાય માનુની મંગલ સાર...૧૦
વાજે ઢોલ નગારાં સ્વર સુધ, ચઢી વિમાને આવ્યા વિબુધ;
કરે પુષ્પવૃષ્ટિ તે અપાર, નીરખે સભા મધ્યે ધર્મકુમાર...૧૧
સુરવાળ ડગલી સોનેરી પાઘ, કડાં સાંકળાં કુંડળ જોયા લાગ;
વેઢ વીંટી પોંચી બાજુબંધ, શોભે રૂડા શ્રીસહજાનંદ...૧૨
ગળે મોતીની માળા બિરાજે, જોઈ કોટી કામ છબી લાજે;
શોભે કેસર તિલક ભાલ, મધ્યે ચાંદલો સુંદર લાલ...૧૩
લીધું ઉપવિત સુંદર હાથે, પે'રાવ્યું સીતારામને નાથે;
દીધાં સોનેરી ઘરેણાં સાર, થયો શબ્દ તે જય જયકાર...૧૪
પછી વિપ્ર જમાડ્યા પ્રીતે, દીધી દક્ષિણા તે રૂડી રીતે;
પછી સીતારામજીને ઘેર, નાહી જમ્યા કરી હરિ મે'ર...૧૫
સંત પાળા જમાડ્યા હાથ, ફેરવી લાડુ પોતે જગનાથ;
તે'દિ હતો દશમીનો દન, એવી લીલા કરી ભગવન...૧૬
કરી પૂનમ ચાલ્યા નાથ, સર્વે અવધવાસી લઈ સાથ;

૧.બાંધ્યો ૨.કેળના ૩.આંબાના ૪.આસોપાલવ ૫.વેદિકા; ઓટલો

કર્યું સુંદર એટલું કાજ, આવ્યા **ગઢડે** શ્રીમહારાજ...૧૭
હવે ત્રીજી કરવા રામનૌમી, આવ્યા અમદાવાદ થઈ સ્વામી;
સર્વે અવધવાસી લઈ સાથ, આવ્યા **વડતાલે** વળી નાથ...૧૮
હતો ઉત્સવ આડો પક્ષ એક, રાખ્યા સંત દયા કરી નેક;
નિત્ય દિયે દર્શન દાન, બહુ ભાવે કરી ભગવાન...૧૯
થાય ઉત્તર ને પ્રશ્ન અતિ, સુખ આપે સુખમય મૂર્તિ;
કહે જેને મળ્યા ભગવન, તેને કોય ન વ્યાપે વિઘન...૨૦
જેમ વેજુ[૧] વસુધાનું[૨] કરે, તેની ચોંટ્ય[૩] પાછી નવ ફરે;
તેમ પ્રભુને મળતાં જન, રે'વું સદાય નિશંક મન...૨૧
એવી વાતુ કરે બહુ બહુ, સુણી મગન થાયે જન સહુ;
પછી આવ્યો ઉત્સવનો દન, આવ્યાં દર્શને બહુ જન...૨૨
રૂડી રામનવમી એકાદશી, કર્યા ઉત્સવ ભારે હુલસી;
કર્યા વિપ્રે વેદ ઉચ્ચાર, હોમ્યાં કુંડે હવિષ્યાન્ન[૪] સાર...૨૩
વેદ વિધિએ ઉત્સવ કરી, આપ્યા દાન પછી હરખ ભરી;
ઘોડી પલાણ[૫] ઢાલ ને અસી, આપી પાડી સહિત મહિષી[૬]...૨૪
ધેનુ સવત્સી[૭] ઓઢાડી ઝૂલ, આપ્યાં વસ્ત્ર કસુંબી અમૂલ;
સોના દોરો ને ઘણાં રૂપૈયા, લઈ બ્રાહ્મણ રાજી બહુ થયા...૨૫
જાય ગોમતીજી ઘનશ્યામ, આવે મંદિરમાં સુખધામ;
પે'રે વસ્ત્ર ઘરેણાં ફૂલહાર, તેનો કે'તાં ન આવે પાર...૨૬
રામપ્રતાપ ને ઈચ્છારામ, બેઉને ઘરે જમે ઘનશ્યામ;
અયોધ્યાવાસી જે નરનાર, તેનાં પુણ્યતણો નહિ પાર...૨૭
એમ ઉત્સવ આનંદે કરી, પછી **ગઢડે** પધાર્યા હરિ;
લાવ્યા બ્રહ્માનંદસ્વામીને સાથ, રૂડાં કીર્તન કરવા નાથ...૨૮

૧.લક્ષ્ય-નિશાન ૨.પૃથ્વીનું ૩.ઘા; મહેનત ૪.યજ્ઞકુંડમાં હોમવાનું અન્ન-બિરંજ વગેરે
૫.ઘોડાની પીઠ ઉપર નાખવાનો સામાન ૬.ભેંશ ૭.વાછડી સહિત

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ સીતારામ ભાઈને જનોઈ દીધી' એ નામે પચાસમો કિરણ ।।૫૦।।

કિરણ : ૫૧

શ્રીહરિ રામનવમીનો સમૈયો કરવા વડતાલ પધાર્યા.

પૂર્વછાયો :

ચોથો સમૈયો રામનૌમીનો, કહું તે તમે સાંભળો;
વા'લમજી વડતાલ આવ્યા, દર્શન દેવા શ્યામળો...૦૧
અયોધ્યાવાસી સંત લઈ, આવે શ્રીસહજાનંદ;
સંત હરિજનને સુખ દેવા, કરવા તે અતિ આનંદ...૦૨

ચોપાઈ :

ચઢી માણકીએ મહારાજ, રૂડો શોભે સખાનો સમાજ;
વીંટ્યા અસવારે બહુનામી, ચાલ્યા આવે સહજાનંદસ્વામી...૦૩
કિનખાપનો સુરવાળ પે'રી, સુંદર ડગલી શોભે સોનેરી;
બાંધ્યો માથે સોનેરી પાઘ, સુંદર છોગું રૂડું જોયા લાગ...૦૪
કેડ્યે બાંધી સોનેરી શાલ, હાથમાં રૂડો રેશમી રૂમાલ;
ભાલે કુમકુમનો ચાંદલો, શોભે સુંદરવરને ભલો...૦૫
વા'લે પે'ર્યા છે ફૂલના હાર, પાઘે તોરા અતિ ઉદાર;
એક કોરે અવધપ્રસાદજી, બીજી કોરે છે રઘુવીરજી...૦૬
મધ્યે શ્રીસહજાનંદસ્વામી, રૂડા શોભે તે અંતરજામી;
આવ્યા સામૈયું લઈને જન, પ્રભુનાં કરવા દરશન...૦૭
ડાયો વનમાળી ને હીરો જાણો, એ આદ્યે ઘણા વિપ્ર પ્રમાણો;

રણછોડ ને ત્રિકમભાઈ, શ્યામળ ને વળી દલોભાઈ...૦૮
નારણ ગોપાળ ને દ્વારકાદાસ, ધોરી ભઈબાયે પૂજ્યા અવિનાશ;
મથુરભાઈ અને રામદાસ, જીવોભાઈ ભીખો ને વેરીદાસ...૦૯
ગોપાળ મીઠો અને દેસાઈ, ધર્મદા કાનદા બે ભાઈ;
બેચર નરોત્તમ રણછોડ, વૃધભાઈ અજુ બે જોડ...૧૦
ડુંગર રામદાસ જેઠોભાઈ, ગોવિંદ દાજી ને હરિભાઈ;
વાસણજી ને થોભણદાસ, વસ્તા જોરો ને ઈશ્વરદાસ...૧૧
જીભાઈ પ્રભુદા ધોરીભાઈ, જીજીભાઈ રણછોડભાઈ;
ગોપાળજી જોરો અજુભાઈ, અંટોલદાસ અને અજીભાઈ...૧૧
એ આદ્યે ઘણા પાટીદાર, આવ્યા સરવે સામા તે વાર;
રૂડા ભક્ત બાવો માનગર, વણિક રાયજી ને ગિરધર...૧૨
જગમાલ અમરસિંઘ આધાર, ઉજમભાઈજી ભવાન સાર;
એ આદ્યે ઘણા ક્ષત્રિયજન, આવ્યા સામા કરવા દર્શન...૧૩
વાસણ અંબૈદા આદ્યે સુતાર, આવ્યા દર્શન કરવા અપાર;
વાજે વાજાં નગારાં નિશાન, ઘણે હેતે નીરખ્યા ભગવાન...૧૪
બાઈ ભાઈ ઘણા હરિજન, નીરખી પ્રભુને થયા પાવન;
લઈ ફૂલના હાર અપાર, પે'રાવે હરિને કરી પ્યાર...૧૫
વા'લો હેતે કરી જોવે સામું, પૂરે સર્વેના હૈયાની હામું[૧];
ગાય કીર્તન કરે કિલોલ, સંત હરિજન હજારું હિલોલ...૧૬
ચાલે ધીરા ધીરા ઘનશ્યામ, જેનું ઉત્તમ શ્લોક છે નામ;
આવ્યા મંદિરમાં મહારાજ, ગયા દર્શન કરવા કાજ...૧૭
નીરખી લક્ષ્મીનારાયણ હરિ, પછી બેઠા તે સભા કરી;
દીધાં દર્શન ત્યાં બહુવાર, પછી નાહ્યા તે ધર્મકુમાર...૧૮

૧.હોંશ; ભાવના

જમ્યા રઘુવીરજીને ઘેર, ભોજન વ્યંજન તે રૂડી પેર;
પછી જમાડ્યા સંત ને પાળા, ફેરવી લાડુ વા'લે રૂપાળા...૧૯
પછી પોઢ્યા તે પ્રાણઆધાર, આથમણે બંગલે કરી પ્યાર;
હરિના જન્મનો જે દન, રૂડી રામનવમી પાવન...૨૦
વા'લો બેઠા સભામાં આવી, પૂજે હરિને હાર પે'રાવી;
રહ્યા વ્રત ઉપવાસ કરી, નેણા ભરીને નીરખ્યા હરિ...૨૧
પછી સવારે પારણાં કરી, મળ્યા સંત અવધવાસીને હરિ;
કરી લીલા રહ્યા બહુ દન, પછી ગઢપુરે આવ્યા જીવન...૨૨
હવે કહું પાંચમી રામનવમી, આવ્યા વડતાલ અંતરજામી;
પછી નાથ કહે આણીવાર, કરીએ મંડપનો પરથાર[૧]...૨૩
ત્યારે સર્વે કહે સારું બહુ, અમે રાજી છૈયે સંત સહુ;
પછી લાવે ઈંટું સહુ સાથ, ભેળા ઈંટ લઈ ચાલે નાથ...૨૪
જાય ગોમતીજી મહારાજ, બેસે ઓટે દર્શન દેવા કાજ;
થાય સંતજન સભા ભારી, ગળાવે ગોમતીજી સુખકારી...૨૫
ચાલે ધૂડ્ય લઈ સર્વે સંત, બાંધી રૂમાલે લે ભગવંત;
એક દિન એવાં દર્શન દીધા, ચૂનાનાં તગારાં નવ લીધાં...૨૬
થાય ઓટો એમ અહોનિશ, દે દરશન હરિ હંમેશ;
મળે સાંજે સહુને દયાળુ, દેખી અંગ કામે કચરાળું...૨૭
એમ પૂરો કર્યો પરથાર, પૂરી પૂરણી કર્યો ભંડાર;
પછી હરિના જન્મનો દન, આવી રામનવમી પાવન...૨૮
કર્યો ઉત્સવ તે બહુ ભારી, રહ્યા વ્રત સર્વે નરનારી;
કરી પારણાં જમાડ્યા સંત, થયા બહુ રાજી ભગવંત...૨૯
મળ્યા અવધવાસીને હરિ, મળ્યા સંત પાળાને દયા કરી;
પછી **ગઢડા** આવ્યા નાથ, લઈ અયોધ્યાવાસીને સાથ...૩૦

૧.પ્લીન્થ સુધીનું ચણતર

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ રામનવમીનો સમૈયો કરવા વડતાલ પધાર્યા' એ નામે એકાવનમો કિરણ ॥૫૧॥

કિરણ : ૫૨

શ્રીહરિ રામનવમીનો સમૈયો કરવા વડતાલ પધાર્યા.

પૂર્વછાયો :

વા'લમ **વડતાલ** આવિયા, રામનવમી કરવા નાથ;
દેવા દર્શન દાસને, શ્રીસહજાનંદ સુખપાથ...૦૧
અવધવાસી સંત હરિજન, મનુષ્યનો નૈ પાર;
શોભે ભેળા શ્રીહરિ, ગાય મંગળ નર ને નાર...૦૨
ગામના મનુષ્ય સંઘ સર્વે, સામૈયું લઈ આવિયા;
નાથ નીરખી હૈયે હરખી, વા'લમને વધાવિયા...૦૩

ચોપાઈ :

આવ્યા વાજતે ગાજતે હરિ, બેઠા મંદિરમાં સભા કરી;
હરિજન લાવે ફૂલહાર, પે'રે પ્રીતે તે ધર્મકુમાર...૦૪
દીધાં દર્શન તે ઘણી વાર, પછી નાહ્યા તે જગઆધાર;
જમ્યા અવધવાસીને ઘેર હરિ, ભોજન વ્યંજન રૂડાં ભાવ ભરી...૦૫
પછી પોઢ્યા પ્રભુ જઈ પ્રીતે, આથમણે બંગલે રૂડી રીતે;
આવ્યો રામનવમીનો દન, પ્રભુનો જન્મ અતિ પાવન...૦૬
ઊઠ્યા સવારમાં સુખકંદ, ગયા ગોમતીજી સહજાનંદ;
નાહ્યા નીર મધ્યે ઘનશ્યામ, સંત સખા સોતે સુખધામ...૦૭
શોભે ભાઈ ભતરીજા પાસ, રૂડી રીતે નાહ્યા અવિનાશ;
પે'ર્યાં કોરાં વસ્ત્ર મહારાજ, કરવા અનેક જીવનાં કાજ...૦૮

બેઠા વેદી ઉપર ઘનશ્યામ, સુંદર ઢોલિયે તે સુખધામ;
રૂડું ગાદલું તકિયો અનુપ, બેઠા પૂર્વ મુખે મુનિ ભૂપ...૦૯
થઈ સભા ત્યાં બહુ ભારી, સંત હરિજન અનંત નરનારી;
સુંદર આસન પાસે ઉદાર, તે પર બેઠા ભાઈ કરી પ્યાર...૧૦
રઘુવીરજી અવધપ્રસાદ, બેસાર્યા હરિએ કરી યાદ;
એ આદ્યે બીજા સર્વે ભાઈ, બેઠા પાસે આવી રાજી થાઈ...૧૧
નાના મોટા સરવે કુમાર, બેઠા પ્રભુ પાસે કરી પ્યાર;
લઈ પૂજા હરિજન આવ્યા, પ્રભુને પૂજી સુખિયા થાવા...૧૨
થયા ઊભા ભક્ત પ્રતિપાળ[૧]**, પહેર્યો સોનેરી સુરવાળ;**
ડગલી સુંદર કિનખાપ તણી, પે'રી શોભે અક્ષરના ધણી...૧૩
પાઘ કસુંબી છોગું સોનેરી, ભારે તાર આંટો ચહું ફેરી;
કમરે કસુંબી રેંટો કસી, મૂર્તિ મનોહર મનમાં વસી...૧૪
નાખ્યું ખભે જરકશી શેલું, સુંદર શોભે રંગે અલબેલું;
હાથમાં રૂડો રેશમી રૂમાલ, હસવે દે મુખ પર ધર્મલાલ...૧૫
હરિ ગુલાબી હારે ગરકાવ, પે'રાવે હરિજન કરી ભાવ;
ગજરા ગુચ્છ ગુલાબી શોભે, તોરા બાજુ જોઈ મન લોભે...૧૬
કડાં સાંકળાં કુંડળ કાને, વા'લો શોભે તે ભીનલે વાને;
વેઢ વીંટી પોંચી બાજુબંધ, તોડા કંદોરો તે સુખકંદ...૧૭
માથે ફૂલનાં છોગલાં રાજે, જોઈ કોટી કામ છબી લાજે;
હૈયે સાંકળી હુલર હાર, પે'રી બેઠા તે ધર્મકુમાર...૧૮
ભાલે કુમકુમનો તે ચાંદલો, શોભે સુંદરવરને ભલો;
ઝૂક્યાં આમ્રવૃક્ષ ચહુકોર, બેઠા બાગમાં ધર્મકિશોર...૧૯

૧.રક્ષણ-પોષણ કરનાર

ગાય કીર્તન મુનિ પાડે તાળી, ગાય તાળી દઈ વનમાળી;
એવી લીલા કરી બહુવાર, પછી ઘોડે થયા અસવાર...૨૦
આવ્યા ગાજતે વાજતે હરિ, ચઢ્યા મંદિર ઉપર ચુપ[1] કરી;
નીરખ્યા લક્ષ્મીનારાયણ દેવ, ભક્તિ ધર્મ હરિ અભેવ...૨૧
નીરખ્યા રાધાકૃષ્ણ ભગવાન, પાસે પોતાની મૂર્તિ અમાન;
કરી આરતી ધૂન અપાર, વા'લે દંડવત કર્યા તે વાર...૨૨
કર્યો ઉત્સવ તે રાજી થઈ, પછી દશ ઘડી નીશી ગઈ;
થયો જન્મ હરિનો તે વાર, જન બોલે તે જય જયકાર...૨૩
પછી પોઢ્યા પ્રભુ સુખકારી, યોગનિદ્રા તે કરી સંભારી;
પછી જાગ્યા સવારમાં નાથ, કરી ક્રિયા નાહ્યા સુખપાથ...૨૪
જમ્યા રઘુવીરજીને ઘેર, વા'લો કરીને બહુ મહેર;
પછી જમાડ્યા પાળા ને સંત, ફેરવી લાડુ પોતે ભગવંત...૨૫
મળ્યા અયોધ્યાવાસીને નાથ, પછી મુનિને મળ્યા સુખપાથ;
કરી લીલા તે જગઆધાર, ગાઈ શેષ નવ પામે પાર...૨૬
લખે શારદ શેષ ગણેશ, નારદ વ્યાસ મોટા મુનેશ;
કવિ કોવિદ[2] શુકમુનિ સોઈ, લખે લીલા નજરે જોઈ...૨૭
તોય લખ્યામાં આવે લેશ, એમ કહે છે મોટા મુનેશ;
પૃથવી જેવો તે કાગદ[3] ધરે, સાત સમુદ્રની શાઈ કરે...૨૮
ગણેશ સરખા અનંત લખે ગાય, તોય હરિલીલા ન લખાય;
એવી લીલા અપરંપાર, તેનો કોણ કરે નિરધાર...૨૯
લખ્યું કિંચિત્ નજરે જોઈ, તેનો સંશે કરશો મા કોઈ;
પછી **ગઢડે** આવ્યા છે નાથ, અવધવાસી સંત લઈ સાથ...૩૦

૧.ઝડપ; ઉતાવળ ૨.વિદ્વાન ૩.કાગળ

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ રામનવમીનો સમૈયો કરવા વડતાલ પધાર્યા' એ નામે બાવનમો કિરણ ॥૫૨॥

કિરણ : ૫૩

શ્રીહરિએ ગઢપુરમાં છેલ્લો રામનવમીનો સમૈયો કર્યો.

પૂર્વછાયો :

છેલ્લો સમૈયો રામનવમીનો, ગઢડે કર્યો ગોવિંદ;
આથમણી ઓસરીએ બેઠા, સુખકારી સહજાનંદ...૦૧

શ્વેત વસ્ત્ર સોહામણાં, પે'ર્યાં તે સુંદરશ્યામ;
સેજે બિરાજે શ્યામળો, પ્રીતમ પૂરણકામ...૦૨

પૃથવીકો કાગદ કરે, લેખણ સર્વે બનકી બનાય;
સપ્ત સાયરકી[1] શાહી કરે, તોય હરિગુણ સર્વ ન લખાય...૦૩

ચોપાઈ :

શોભે આસન ત્યાં સુખદાઈ, બેઠા તે પર આવીને ભાઈ;
અવધપ્રસાદ ને રઘુવીર, બેઠા પ્રભુ પાસે સુધીર...૦૪
વૃંદાવન ને સીતારામ, બેઠા પ્રભુ પાસે કરી પ્રણામ;
બેઠા રામશરણ આવી પાસ, જોઈ રાજી થયા અવિનાશ...૦૫
બેઠા નારાયણપ્રસાદ જાઈ, વા'લે બોલાવ્યા રાજી થાઈ;
એ આદ્યે સરવે કુમાર, બેઠા પ્રભુ પાસે કરી પ્યાર...૦૬
ગોપાળાનંદ મુક્તાનંદસ્વામી, બેઠા પ્રભુ પાસે કરભામી;
બ્રહ્માનંદ નિત્યાનંદસ્વામી, બેઠા પાસે આવી શીશ નામી...૦૭
શુકમુનિ આનંદાનંદ, એ આદ્યે ઘણા મુનિવૃંદ;

૧.સાગરની

બ્રહ્મચારી મુકુંદ જેરામ, વાસુદેવ નારાયણ નામ...૦૮
એ આદ્યે ઘણા બ્રહ્મચાર, બેઠા પ્રભુ પાસે કરી પ્યાર;
નારાયણદાસ ને માધવદાસ, રામદાસ ને ઘનશ્યામદાસ...૦૯
એ આદ્યે બીજા ઘણા દાસ, કરી પ્રણામ બેઠા પ્રભુ પાસ;
ભગુજી રતનજી વેરોભાઈ, ગુમાનજી જોરોજી ભીમભાઈ...૧૦
એ આદ્યે ઘણા ભક્ત પાળા, નીરખે પ્રભુને થઈ સુખાળા;
દાદાખાચર સોમલો ખાચર, એ આદ્યે ઘણા હરિજન નર...૧૧
દક્ષિણાદે ઓરડે ઓસરીમાંઈ, બેઠી બાયુંની સભા ત્યાંઈ;
સુવાસીની વસુમતિબાઈ, વિરજ્યાબાઈ સુનંદા ત્યાંઈ...૧૨
સુજ્ઞા મેના કૌસીલાબાઈ, ઈંદીરા રાસી કમળાબાઈ;
ઇન્દ્રવાસી ને લક્ષ્મીબાઈ, શિવકુંવરી કાંતીમતીબાઈ...૧૩
એ આદ્યે સર્વે અવધવાસી બાઈ, નીરખે હરિને તે રાજી થાઈ;
મોટીબા ને વળી લાડુબાઈ, નીરખે પ્રભુને તે રાજી થાઈ...૧૪
અમરબા અમૂલા સોમાબાઈ, સોનબાઈ સોમાદેવીબાઈ;
જશુબાઈ ને કુંવરબાઈ[1], પાંચુ અદિબા ને રામબાઈ...૧૫
રાજબાઈ આદ્યે બાઈયું અપાર, નીર્ખે શ્રીહરિને કરી પ્યાર;
બાઈ ભાઈની ભીડ ત્યાં ભારી, શોભે દરબારમાં સુખકારી...૧૬
હેતે કરે હરિનાં દર્શન, કરે વાત વા'લો થઈ પ્રસન્ન;
સાંભળો સર્વે હરિજન સુજાણ, રહેજ્યો શિક્ષાપત્રી પ્રમાણ...૧૭
સાંભળો ત્યાગી થઈ સાવધાન, રે'જો ગુરુની આજ્ઞામાં અમાન;
વર્તજો ધર્મામૃતની રીતે, પાળજ્યો નિષ્કામ શુદ્ધિ પ્રીતે...૧૮
એવી વાત કરી વા'લે બહુ, સાંભળી રાજી થયા જન સહુ;
હરિના જન્મનો જાણીને દન, પૂજે પ્રીતે પ્રભુને હરિજન...૧૯

૧.દાદા ખાચરના પ્રથમ પત્ની કુમુદાબા

માથે બંધાવી કસુંબી પાઘ, સુંદર શેલું ખભે જોયા લાગ;
ચંદન ચરચી પે'રાવ્યા હાર, લાગ્યા પગે કરી બહુ પ્યાર...૨૦
વસ્ત્ર ભૂષણ લઈ રૂડી રીતે, સર્વે હરિજને પૂજ્યા પ્રીતે;
કરી ધૂપ દીપ આરતી, કર જોડીને કરી વિનતિ...૨૧
અયોધ્યાવાસીને પૂજ્યા પ્રીતે, વસ્ત્ર ઘરેણાં લઈ રૂડી રીતે;
ચંદન ચરચી પે'રાવ્યા હાર, લાગ્યા પગે કરી બહુ પ્યાર...૨૨
પછી પૂજ્યા તે સર્વે સંત, વસ્ત્ર હાર પે'રાવી અતંત[1];
ગયા મંદિર ઉપર મહારાજ, ગોપીનાથનાં દર્શન કાજ...૨૩
થયો જન્મ સુખપ્રદ ત્યારે, દશ ઘડી રાત્રી ગઈ જ્યારે;
કર્યો ઉત્સવ ત્યાં બહુ ભારી, બેઠા મંડપમાં સુખકારી...૨૪
રામનવમીનો ઉત્સવ કરી, પછી પોઢવા પધાર્યા હરિ;
પોઢ્યા ઓરડીમાં બહુનામી, સુખસાગર સહજાનંદ સ્વામી...૨૫
પછી સવારમાં ઊઠીને શ્યામ, કરી ક્રિયા તે સુખધામ;
પછી જમ્યા પ્રભુ વળી થાળ, બેસી ઓરડીમાં દીનદયાળ...૨૬
જમ્યા દાળ ને રૂડો ભાથ, ધીરા રહીને પોતે નાથ;
હતા મુકુંદ બ્રહ્મચારી પાસ, બીજા હતા **વાસુદેવદાસ**...૨૭
દીધી પરસાદી થઈ પ્રસન્ન, કર્યાં રૂડી રીતે દર્શન;
પછી પૂજ્યા મેં પ્રીતે કરી, થયા રાજી તે શ્રીહરિ...૨૮
કરી ચાંદલો પે'રાવ્યા હાર, લાગ્યો પગે કરી બહુ પ્યાર;
પછી મોટા સંત પચાસ, જમ્યા ગંગાજળિયા કૂવા પાસ...૨૯
પછી સર્વેને દર્શન દીધા, આપી શીખ ને વદ્યા[2] કીધા;
ગયા સર્વે હરિજન ઘેર, કરી દર્શન તે રૂડી પેર...૩૦
હતું પોતાનું ઉદાસી મન, જમે થોડું થોડું પોતે અન્ન;
રહે ઓરડીમાં ઘણું નાથ, કરે દર્શન ત્યાં સંત સાથ...૩૧

૧.અત્યંત ૨.વિદાય

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ ગઢપુરમાં છેલ્લો રામનવમીનો સમૈયો કર્યો' એ નામે ત્રેપનમો કિરણ ॥૫૩॥

કિરણ : ૫૪

શ્રીહરિએ ગઢપુર આદિ ગામોમાં સંતોને ખૂબ જમાડ્યા

પૂર્વછાયો :

ગઢપુરમાં ઘનશ્યામજી, ફેરવી લાડુ જમાડ્યા સંત;
સાટા જલેબી સુખડી, માલપુડા મોતૈયા લઈ ભગવંત...૦૧
રસ રોટલી સાકર ખાંડ, બિરંજ તે બહુવાર;
શીરો ઘી કંસાર રોટલી, દહીં દૂધનો નૈ પાર...૦૨

ચોપાઈ :

ગઢડામાં પીરસ્યું ઘણી વાર, તેનો ગણતાં ન આવે પાર;
ગોપીનાથજીના મંદિરમાંઈ, વા'લે જમાડ્યા સંતને ત્યાંઈ...૦૩
વા'લે વડતાલમાં બહુવાર, જમાડ્યા સંતને કરી પ્યાર;
લાડુ જલેબી સેવો કંસાર, શીરો પૂરી મોતૈયા વારવાર...૦૪
ફેરવ્યા લાડુ બાપુજીને ઘેર, હરિએ સંત જમાડ્યા રૂડી પેર;
જોબનને ઘેર હરિ જાઈ, જમાડ્યા સંત ત્યાં સુખદાઈ...૦૫
નારણગીરિને ઘેર તે નાથ, ફેરવી લાડુ જમાડ્યા સંત હાથ;
મીઠા કાનદાદિ સર્વેને ઘેર, વા'લે જમાડ્યા સંત કરી મે'ર...૦૬
લક્ષ્મીનારાયણના મંદિરમાંઈ, જમાડ્યા સંત બહુવાર ત્યાંઈ;
સ્વામી શ્રીનગરમાં કરી પ્યાર, જમાડ્યા સંતને બહુવાર...૦૭
નરનારાયણના મંદિરમાંઈ, પીરસ્યા લાડુ ઘેબર વા'લે ત્યાંઈ;
જેતલપુરમાં તે જગનાથ, ફેરવી લાડુ જમાડ્યા સંત હાથ...૦૮

રેવતી રમણના મંદિરમાંઈ, જમાડ્યા સંત તે વા'લે ત્યાંઈ;
રાધાકૃષ્ણ જે ધોળકામાંઈ, વા'લે જમાડ્યા સંતને ત્યાંઈ...૦૯
ધોલેરાના તે મંદિરમાંઈ, મદનમોહન બિરાજે ત્યાંઈ;
સંત જમાડ્યા શ્રીઘનશ્યામ, ફેરવી લાડુ શીરો સુખધામ...૧૦
જીરણગઢ તે રાધાકૃષ્ણ, ફેરવ્યા લાડુ પ્રભુ થઈ પ્રસન્ન;
જમાડ્યા સંતને રાજી થાઈ, શ્રીસહજાનંદ સુખદાઈ...૧૧
ભુજનગરના નારાયણ રાજે, જમાડ્યા સંત ત્યાં મહારાજે;
રાધાકૃષ્ણ હરિકૃષ્ણ ખંભાત, થઈ રાજી ગયા જગતાત...૧૨
મૂળીમાંય તે શ્રીકૃષ્ણદેવ, બિરાજે ત્યાં અખંડ અભેવ;
રેવતી રમણ ભરૂચમાંઈ, નર્મદા તટે બિરાજે ત્યાંઈ...૧૩
સુરતના તે મંદિરમાંઈ, નારાયણમુનિની મૂર્તિ ત્યાંઈ;
જમાડ્યા સંત ત્યાં સહજાનંદે, ફેરવી દૂધપાક લાડુ આનંદે...૧૪
બુરાનપુરે લક્ષ્મીનારાયણ, શોભે રૂડા ત્યાં અશરણ શરણ;
વડતાલના મંદિરમાંઈ, બિરાજે લક્ષ્મીનારાયણ ત્યાંઈ...૧૫
પંચાળે પીરસી જમાડ્યા સંત, હાથે મોતૈયા લઈ ભગવંત;
લોજમાં પોતે પીરસ્યા ચણા, જમાડ્યા સંત ન રાખી મણા...૧૬
ફેરવ્યા લાડુ તે માંગરોળ ગામ, જમાડ્યા સંતને સુખધામ;
દહીં દૂધ તે ભાડેરમાંઈ, જમાડ્યું પાતળભાઈને ત્યાંઈ...૧૭
રામાનંદજી જેતપુરમાંઈ, હરિને ગાદીએ બેસાર્યા ત્યાંઈ;
ફેરવી લાડુ જમાડ્યા સંત, પીરસી લાડુ પોતે ભગવંત...૧૮
માંડવધારમાં તે મુનિરાજે, ફેરવ્યા લાડુ સંતને કાજે;
આંબો ભક્ત ગઢાળી ગામમાંઈ, વા'લે સંતને જમાડ્યા ત્યાંઈ...૧૯
શીરો લાડુ લઈ બોટાદ ગામે, જમાડ્યા સંતને સુખધામે;
સારંગપુરમાં હાથે લાડુ લઈ, હરિએ જમાડ્યા તે રાજી થઈ...૨૦

કારિયાણી જમાડ્યા સંત, સાટા લાડુ ફેરવી ભગવંત;
કુંડળગામે તે રાઈબાઈ, પ્રભુ પ્રીતે જમ્યા સાકર દહીં...૨૧
ખરડ ગામે સંતને સુખકારી, પીરસ્યું ખીચડીમાં ઘી ભારી;
અગત્રાઈમાં તે અલબેલ, ઘી સખાને જમાડ્યું રેલમછેલ...૨૨
શિયાણીમાં ખીચડી કરી સારી, સંતને ઘી પીરસ્યું સુખકારી;
પીપરડીમાં વા'લે કરી પ્રીત, સંતને ઘી પીરસ્યું રૂડી રીત...૨૩
લોયા ગામમાં પોતે શાક કરી, પીરસ્યું સંતને ડંકો લઈ હરિ;
ગાફમાં દહીં દૂધ લઈ હાથ, પીરસ્યું સખાને તે સુખપાથ...૨૪
સુંદરિયાણે સંતને સુખકારી, પીરસ્યા મોતૈયા લાડુ ભારી;
અણિયાળી ગામે અલબેલે, પીરસ્યા લાડુ સંતને તે છેલ્લે...૨૫
તાવીમાં સંત સખાને નાથે, આપ્યા સુખડીના લાડુ હાથે;
દેવળીયે ગામે સુંદરશ્યામે, પીરસ્યા લાડુ સંતને સુખધામે...૨૬
રૂડા ભક્ત તે જાલમસંઘ, બહુ પ્રભુમાં પ્રીતિ અભંગ[૧];
કમિયાળે હઠી ખીમરાજ, હરિ સેવી કરી લીધું કાજ...૨૭
ફેરવી લાડુ શીરો સુખકંદ, જમાડ્યા સંતને સહજાનંદ;
ભગો મૂળો પીઠવડી ગામ, રૂડો માવો સુંદર બેઉ નામ...૨૮
ગયા પ્રીતે ત્યાં ભગવંત, ફેરવી લાડુ જમાડ્યા સખા સંત;
રહ્યા નાગડકે વળી નાથ, લાડુ ફેરવી જમાડ્યા સંત હાથ...૨૯
કાનજી ગયા કંથારિયે ગામ, સંત જમાડ્યા ત્યાં સુખધામ;
ગલિયાણે ગયા ભગવંત, રોટલી શાકે જમાડ્યા સંત...૩૦
જાખડામાં જીવનજી આવ્યા, પીરસી શીરો ને સંત જમાવ્યા;
પીપળાવે ગયા પ્રભુ પ્રીતે, સંત જમાડ્યા ત્યાં રૂડી રીતે...૩૧
પ્રભાશંકર દાજીને ઘેર, ફેરવ્યા લાડુ વા'લે કરી મે'ર;
હરિ ગયા સંજાયા ગામ, સંત જમાડ્યા ત્યાં સુખધામ...૩૨

૧.અતૂટ

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ ગઢપુર આદિ ગામોમાં સંતોને ખૂબ જમાડ્યા' એ નામે ચોપ્પનમો કિરણ ॥૫૪॥

કિરણ : ૫૫

શ્રીહરિએ સંતોને ખૂબ જમાડ્યા

પૂર્વછાયો :

શ્રીસહજાનંદસ્વામીએ, ફેરવી લાડુ જમાડ્યા સંત;
કિંચિત્ તેમાં મેં કહ્યું, ગામ સર્વે ગણ્યે નાવે અંત...૦૧
ઘણા દેશમાં હરિ ફર્યા, સંત સખા લઈ સાથ;
અનેક જીવ ઉદ્ધારવા, બહુ દયા કરીને નાથ...૦૨

ચોપાઈ :

ઝમરાળે ગયા જગનાથ, સંત જમાડ્યા પીરસી હાથ;
હરિ ગયા રોહિશાળા ગામ, જમાડ્યા સંતને સુખધામ...૦૩
ગયા કણજરીએ કીરતાર, જમાડ્યા સંત ત્યાં બે વાર;
ફેરવ્યા લાડુ વા'લે ત્યાં જાઈ, શ્રીસહજાનંદ સુખદાઈ...૦૪
ગયા નરસંડે વળી નાથ, સંત જમાડ્યા લઈ લાડુ હાથ;
જોળે ગયા તે જીવનપ્રાણ, સંત જમાડ્યા ત્યાં સુજાણ...૦૫
ગયા બામણોલી બહુનામી, સંતને જમાડ્યા ત્યાં શ્રીસ્વામી;
જીંડવાપરામાં ઘનશ્યામ, જમાડ્યા સંતને સુખધામ...૦૬
ગામ વલોટવે જઈ વા'લે, જમાડ્યા સંતને ધર્મલાલે;
ગયા ઉમરેઠ અલબેલો, લઈ સંત સાથે વળી છેલો...૦૭
લઈ રસ રોટલી હરિ હાથે, જમાડ્યા સંતને સુખપાથે;
ફેરવ્યા લાડુ ત્યાં બહુવાર, જગજીવન જગઆધાર...૦૮

ગયા વા'લો મેમદાવાદમાંય, ફેરવી લાડુ જમાડ્યા સંત ત્યાંય;
ફર્યા પંગતમાં પંચ વાર, જમ્યા સંત થયો જેજેકાર...૦૯
ગયા બોચાસણ બહુનામી, ત્યાં સંતને જમાડ્યા સ્વામી;
ફેરવ્યા લાડુ ત્યાં વા'લે ઘણા, જમાડ્યા સંત ન રાખી મણા...૧૦
જમાડ્યા સંત ગામ ડભાણ, લઈ લાડુ શ્રીહરિ સુજાણ;
ફર્યા પંગતમાં બહુવાર, જગજીવન જગઆધાર...૧૧
ગયા ગામડીએ ઘનશ્યામ, સંત જમાડવા સુખધામ;
જમાડ્યા લાડુ ત્યાં રાજી થઈ, શ્રી સહજાનંદ સુખદાઈ...૧૨
ગયા વેલાલે વિશ્વાધાર, સંત જમાડવા કરી પ્યાર;
લઈ લાડુ હાથે ફરે હરિ, નીરખે હરિજન હેતે કરી...૧૩
ગયા કરજીસણમાં કિરતાર, સંત સખા લઈ બેઉ વાર;
જમાડ્યા પીરસી હાથે હરિ, વા'લે લીલા અલૌકિક કરી...૧૪
આદરજે અન્નકોટ કરી, જમાડ્યા સંતને ભાવ ભરી;
બેઠા હિંડોળે તે બહુનામી, સુખસાગર સહજાનંદ સ્વામી...૧૫
વડનગરે વા'લો ગયા વળી, લઈ સાથે સંતમંડળી;
પીરસી લાડુ જમાડ્યા સંત, ઘણે હેતે કરી ભગવંત...૧૬
વિસનગરમાં વળી વા'લે, લટકાળે શ્રીધર્મને લાલે;
જમાડ્યા સંતને સહજાનંદ, નીરખે વા'લાને હરિજન વૃંદ...૧૭
ગેરીતામાં જઈ ઘનશ્યામ, જમાડ્યા સંત સખા સુખધામ;
મેઉમાં ભૂખણભાઈને ઘેર, વા'લો ગયા કરી બહુ મે'ર...૧૮
માલપુડા પીરસ્યા મરમાળે, સંતજનને તે છોગાવાળે;
પીરસ્યું પંગતમાં ભાવ કરી, જોઈ જન રાજી થયા હરિ...૧૯
લાંઘણોજમાં લાડુ લઈ વા'લે, જમાડ્યા સંત ધર્મને લાલે;
ફર્યા પંગતમાં પંચ વાર, જમ્યા સંત થયો જય જયકાર...૨૦

ડાંગરવામાં દહીં દૂધ ભારી, જમાડ્યું સંતને સુખકારી;
ફેરવ્યું ઘી ખીચડીમાં ઘણું, શોભા શ્રીહરિની તે શું ભણું...૨૧
ઓળામાં લાડુ ફેરવ્યા અલબેલ, સંત જમાડ્યા તે રંગરેલ;
ઘણી ઘણી મનુવાર કરી, ફર્યા પંગતમાં બહુ હરિ...૨૨
મોટેરામાં પુરુષોત્તમને ઘેર, વા'લો પધાર્યા કરીને મહેર;
ફેરવી લાડુ જમાડ્યા સંત, વા'લે કરી મનુવાર અતંત...૨૩
ચોસર ગામમાં ચઢી ગયા ઘોડે, સંત સખા લઈ વા'લા જોડે;
પીરસ્યા લાડુ તે પ્રીત કરી, સંત પાળાને હાથે લઈ હરિ...૨૪
અસલાલીમાં ગયા અંતરજામી, વેણીભાઈને ઘરે શ્રીસ્વામી;
ફેરવી લાડુ જમાડ્યા સંત, બહુ ભાવે કરી ભગવંત...૨૫
ગામ બુધેજમાં બહુવાર, જમાડ્યા સંત જગઆધાર;
ગામ ગોરાડમાં ઘણા ઘણા, જમ્યા સંત હરિ ન રાખી મણા...૨૬
સિંજીવાડામાં વા'લે લાડુ લઈ, જમાડ્યા સંતને રાજી થઈ;
રહ્યા હરિ કરી બહુ હેત, સુખસાગર કરુણાનિકેત[૧]...૨૭
ઘણે ઘણે ગામે દયા કરી, ફરી સંત જમાડ્યા હરિ;
તેનો ગણતા ન આવે પાર, લખ્યું જોઈ નજરે લગાર...૨૮
ફર્યા ગામોગામ વળી વા'લો, લટકાળો શ્રીધર્મનો લાલો;
ફર્યા શહેર નગર સુખકારી, પૂરણ પુરુષોત્તમ દેહ ધારી...૨૯
કર્યા જગન બાંધ્યાં મોટાં ધામ, કર્યું અનંત જીવનું તે કામ;
સ્થાપી વા'લે આચાર્ય સુજાણ, બાંધ્યો ધર્મશાસ્ત્ર પ્રમાણ...૩૦
કર્યા સંત હજારું હજાર, જીવ અનંત કરવા ભવપાર;
એવા સહજાનંદ સુખકંદ, પ્રગટ્યા કલિજુગમાં જગવંદ...૩૧

૧.કરુણાનું ધામ

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ સંતોને ખૂબ જમાડ્યા' એ નામે પંચાવનમું કિરણ ॥૫૫॥

કિરણ : ૫૬

શ્રીહરિ જે જે ગામમાં સંતો, બ્રહ્મચારી, અયોધ્યાવાસી, પાર્ષદોને ભેટ્યા તેનું વર્ણન

પૂર્વછાયો :

શ્રી સહજાનંદસ્વામીએ, બહુ દયા કરી આ વાર;
ગઢપુરમાં મળ્યા સંતને, તેનો ગણતા ન આવે પાર...૦૧
અયોધ્યાવાસી બ્રહ્મચારીને, પ્રભુ મળ્યા કરી પ્રીત;
પાળાને પણ મળ્યા પોતે, રસિયોજી રૂડી રીત...૦૨

ચોપાઈ :

મળ્યા ઓરડીમાં અવિનાશ, મળ્યા ગંગાજળિયા કૂપ પાસ;
મળ્યા દરબારમાં બહુનામી, સુખસાગર સહજાનંદસ્વામી...૦૩
મળ્યા ઓસરીએ અલબેલો, છોગાવાળો છબીલો છેલો;
મળ્યા મંદિર ઉપર મહારાજ, રૂપચોકીમાં રહી હેત કાજ...૦૪
મળતા પ્રદક્ષિણા પર શોભે, જોઈ હરિજનનાં મન લોભે;
એવી રીતે મળ્યા બહુવાર, જગજીવન જગઆધાર...૦૫
મળ્યા વડતાલમાં વનમાળી, તેને કહું છું નજરે ભાળી;
મળ્યા આંબલે ઓટા પાસ, બહુ હેતે કરી અવિનાશ...૦૬
મળ્યા તળાવ તટે દીનબંધુ, શ્રીસહજાનંદ સુખસિંધુ;
જોબનને આંગણે મળ્યા નાથ, શ્રીહરિ તે સુખના પાથ...૦૭

મળ્યા નારાયણગિરિને ઘેર, વા'લો કરીને બહુ મહેર;
મળ્યા ગોમતીજીને તીર, જોખન[1] ઈચ્છારામના વીર[2]...૦૮
મળ્યા વેદી પાસે વનમાળી, ઊભા વાડીમાં પલવટ વાળી;
મળ્યા મંદિરમાં મુનિરાજ, કરવા અનેક જીવનાં કાજ...૦૯
મળ્યા રૂપચોકીમાં રાજી થઈ, ખોટ્ય અનંત જન્મની ગઈ;
એવી રીતે મળ્યા ઘણી વાર, તેનો ગણતા ન આવે પાર...૧૦
મળ્યા શ્રીનગરમાં તે સ્વામી, શ્રીસહજાનંદ બહુનામી;
મળ્યા મંડપ આગળ મહારાજ, નીરખી અનેક જીવનાં સર્યાં કાજ...૧૧
મળ્યા વેદી પાસે વળી વા'લો, લટકાળો શ્રીધર્મનો લાલો;
એવી રીતે મળ્યા ઘણી વાર, શ્રીહરિ સંતને કરી પ્યાર...૧૨
મળ્યા જેતલપુરમાં જગનાથ, શ્રીસહજાનંદ સુખપાથ;
મળ્યા વા'લમજી મહોલ પાસે, હેતે નીરખ્યા વાસુદેવ દાસે...૧૩
મળ્યા વાડીમાં વેદી ઉપર, મૂર્તિ મહારાજની મનોહર;
એવી રીતે મળ્યા ઘણું ઘણું, શ્રીજી સંતની શોભા શું ભણું...૧૪
મળ્યા ભુજનગરે ભગવાન, તેનું ધરે મોટા મુનિ ધ્યાન;
એવી રીતે મળ્યા અંતરજામી, સખા સંતને સહજાનંદસ્વામી...૧૫
જૂનાગઢમાં જગઆધાર, મળ્યા સંતને વા'લો બહુવાર;
કોઈને પાંચ વાર મળ્યા વા'લો, કોઈને સાતવાર ધર્મલાલો...૧૬
કોઈને મળ્યા દશ પંદર વાર, કરી પ્રીતમજી બહુ પ્યાર;
એવી રીતે મળ્યા દયા કરી, જીરણગઢમાં[3] સંત રાખવા હરિ...૧૭
પંચાળામાં તે પ્રાણઆધાર, મળ્યા સંતને કરી બહુ પ્યાર;
પે'રી વસ્ત્ર ઘરેણાં વા'લો, રમ્યા રાસ પ્રીતે ધર્મલાલો...૧૮
કાલવાણી ને આખામાં આપ, મળી સંત જમાડ્યા અમાપ;

૧.રામપ્રતાપભાઈ ૨.ભાઈ ૩.જૂનાગઢમાં

શેખપાટ અલૈયે મોડે સ્વામી, સંત જમાડી મળ્યા બહુનામી...૧૯
ગામ નાગડકે કર્યા ન્યાલ, મળ્યા સંતને વા'લો કરી વા'લ;
કારિયાણીમાં કરીને પ્રીત, મળ્યા રસિયો સંતને રૂડી રીત...૨૦
પે'રી વસ્ત્ર ઘરેણાં બહુનામી, રમ્યા રાસ સંત સાથે સ્વામી;
મળ્યા સારંગપુરમાં સુખકારી, સર્વ સંતને પ્રીત વધારી...૨૧
ધર્મલાલ તે ધર્મપુરમાંઈ, મળ્યા સંતને વા'લો વળી ત્યાંઈ;
વા'લે બહુ કરી ત્યાં વાત, દીધું સંતને સુખ બહુ દિન રાત...૨૨
દદુકામાં મળ્યા દયાળ, સંતજનના પ્રભુ પ્રતિપાળ;
મળ્યા આદરજમાં અંતરજામી, સંતને સહજાનંદસ્વામી...૨૩
મળ્યા બામણોલીમાં બહુ પ્રીતે, સંતને રસિયો રૂડી રીતે;
મળ્યા વડતાલમાં અમને વા'લો, બે બે વાર તરત ધર્મલાલો...૨૪
બ્રહ્મચારીની ઓસરીમાંઈ, મળ્યા રાજી થઈ વા'લો ત્યાંઈ;
મળ્યા ગઢપુરમાં ઘનશ્યામ, એનું ઉત્તમ શ્લોક છે નામ...૨૫
મળ્યા તેલ ચોળાવતાં સ્વામી, દયા કરીને અંતરજામી;
મળ્યા ચંદન ચરચેલા હરિ, હેતે હસતા હસતા બાથ ભરી...૨૬
મળ્યા ના'તા ઊભા રહી નાથ, શ્રીસહજાનંદ સુખપાથ;
મળ્યા હાર પે'રી વા'લો ઘણા, કરી દયા ન રાખી મણા...૨૭
પે'રી ઘરેણાં તે ઘનશ્યામ, મળ્યા સંતને પૂરણકામ;
મળ્યા ઉઘાડી ફાંદે તે નાથ, હેતે હરિ ગ્રહીને હાથ...૨૮
ટાઢું હિમ પેટ પોયણ પાનું[૧], મળ્યા હરિ મોટું ભાગ્ય માનું;
એ મૂરતિ મંગલકારી, મળીને મેં અંતરમાં ધારી...૨૯
જોયા નખ શિખ વા'લાને નિહાળી, ભવવેદના નાંખી ટાળી;
એવા શ્રીસહજાનંદસ્વામી, સર્વે જીવના અંતરજામી...૩૦

૧.કમળની પાંખડી જેવું

એને સંભારે જે વારંવાર, તે તો થયા જાણો ભવપાર;
આ ગ્રંથ શીખે સાંભળે જે ગાય, તેને હરિચિંતવન થાય...૩૧

સર્વકારણ સહજાનંદ સ્વામી, પૂરણ પુરુષોત્તમ બહુનામી;
આવી કરો અંતરમાં વાસ, એમ માગે વાસુદેવ દાસ...૩૨

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ જ્યાં જ્યાં સંતો વગેરેને ભેટ્યા તેનું વર્ણન કર્યું' એ નામે છપ્પનમો કિરણ ॥૫૬॥

કિરણ : ૫૭

શ્રીહરિના મહિમાનું કીર્તન

પૂર્વછાયો :

નૌતમ રીત વળી નાથજી, પ્રગટાવી પૃથવીમાંય;
સાંભળ્યું નોતુ જે શ્રવણે, એવું કર્યું ભ્રતખંડ ત્યાંય...૦૧

નરનારી નિઃશંક થયા, ભાવે ભજ્યા ઘનશ્યામ;
શરણું લીધું જેણે સ્વામીનું, તે પામ્યાં અક્ષરધામ...૦૨

પદ રાગ : ધોળ

કળી મધ્યે કરુણા કરી રે, પુરુષોત્તમ પરબ્રહ્મ; સમર્થ સહજાનંદજી રે
સંતજન રક્ષા કારણે રે, સ્થાપ્યો અંકાતિક ધર્મ...સમર્થ૦ ૦૩

અક્ષરનિવાસી આવિયા રે, ધર્મને ઘેર અવતાર...સમર્થ૦
જ્ઞાન ભક્તિ પ્રવર્તાવીને રે, ઓધાર્યા જીવ અપાર...સમર્થ૦ ૦૪

પૂર્વની દિશે પ્રગટ્યા રે, સૂરજ શ્રીઘનશ્યામ...સમર્થ૦
અધર્મ અંધારું ટાળિયું રે, આપ્યું તે અક્ષરધામ...સમર્થ૦ ૦૫

સ્વામિનારાયણ નામનો રે, ડંકો વાગ્યો દેશો દેશ...સમર્થ૦

શબ્દ સુણી ચૌદે લોકમાં રે, ટળી ગયો તે કલેશ ...સમર્થ૦ ૦૬
સર્વેથી પર શ્રીહરિ રે, એથી પર નઈ કોય...સમર્થ૦
નિયંતા નીલકંઠજી રે, જીવ ઈશના સ્વામી સોય...સમર્થ૦ ૦૭
આવે અંત સમે તેડવા રે, રથ ઘોડા લઈ વિમાન...સમર્થ૦
દર્શન દે આવી દાસને રે, સંત સોતા ભગવાન...સમર્થ૦ ૦૮
દુ:ખ ગયું દૈવી જીવનું રે, આવિયું સુખ અતોલ...સમર્થ૦
કસર ટળી બહુ કાળની રે, જીતનો વાગ્યો ઢોલ...સમર્થ૦ ૦૯
ધન્ય ધન્ય આ અવતારને રે, ધર્યો તે દ્વિજકુળમાંય...સમર્થ૦
વેદશાસ્ત્રની વિધિયે રે, જગન કર્યા ઝાઝા ત્યાંય... સમર્થ૦ ૧૦
પ્રભુ પધાર્યા પ્રીતશું રે, કર્યાં ગોકુલ સમ ગામ...સમર્થ૦
હરિમંદિર ઘેર ઘેર કર્યાં રે, પુરમાં પધારી કર્યાં ધામ... સમર્થ૦ ૧૧
અક્ષરધામના આ સમે રે, ઉઘાડા મેલ્યા છે બાર...સમર્થ૦
ભક્ત બ્રહ્મમોલ જાય છે રે, અરચી મારગે[1] આ વાર... સમર્થ૦ ૧૨
દેહ તજી જે જાય છે રે, સ્વામી કરે તેની સહાય...સમર્થ૦
ભિડ ઘણી હરિભક્તની રે, સોળે દરવાજે ન માય... સમર્થ૦ ૧૩
દુર્બલના દુ:ખ કાપિયાં રે, ન જોઈ જાત કુજાત...સમર્થ૦
જીવ તાર્યા ચારે ખાણના રે, કહ્યામાં નાવે વાત...સમર્થ૦ ૧૪
ઘણે હેતે ઘનશ્યામજી રે, મળ્યા અલબેલો આજ...સમર્થ૦
સુખના સિંધુ શ્રીહરિ રે, મહારાજાધિરાજ...સમર્થ૦ ૧૫
નદી તળાવમાં નાહીને રે, કર્યાં છે તીરથ રૂપ...સમર્થ૦
જે જન પીશે એ જળને રે, મરી થાશે દેવ અનુપ... સમર્થ૦ ૧૬
ધામી જે અક્ષરધામના રે, તેણે ધર્યો અવતાર...સમર્થ૦
સુખ આપ્યા સંતજનને રે, સહેજે કર્યા ભવપાર... સમર્થ૦ ૧૭

૧.આ નામના દિવ્ય રસ્તેથી

કહી કહી કહિએ કેટલું રે, સહસ્ર મુખે ન કેવાય...સમર્થ૦
હરિનો મહિમા બહુ હેતથી રે, દાસ વાસુદેવ ગાય... સમર્થ૦ ૧૮

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિના મહિમાનું વર્ણન કર્યું' એ નામે સત્તાવનમો કિરણ ॥૫૭॥

કિરણ : ૫૮

શ્રીહરિએ વડતાલમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો

પૂર્વછાયો :

વા'લમ વડતાલ આવિયા, ઘોડે ચડી ઘનશ્યામ;
દર્શન દેવા દાસને, પ્રીતમ પૂરણકામ...૦૧
જેઠ અષાઢ વઈ ગયો, આવ્યો તે શ્રાવણ માસ;
અષ્ટમી ઉત્સવ કરવા, આવિયા તે અવિનાશ...૦૨

ચોપાઈ :

જોબનપગીનું ફળિયું વિશાળ, આવી ઊતર્યા દીનદયાળ;
ઢાળ્યો રંગત ઢોલીડો સાર, ગાદલું ને ઓછાડ ઉદાર...૦૩
શોભે ઊંચો રૂપાળો અવલ, રૂડો તકિયો બિરાજે નવલ;
વા'લે ઢળકતી પે'રી છે ધોતી, હીરકોરી રૂડી જીણા પોતી...૦૪
શિર શ્વેત પાઘ રૂપાળી, બેઠા મહારાજ આસન વાળી;
વા'લે પે'ર્યા પોયણાંના હાર, ઉત્તર મુખે બેઠા કીરતાર..૦૫
માધવદાસ લાગ્યા આવી પાય, તેને રીજ્યા પુરુષોત્તમરાય;
હરિએ હાર લઈ હાથમાંઈ, નાખ્યો એમની કોટમાં ત્યાંઈ...૦૬
પછી આરતીની થઈ વેળા, ધૂન કરે હરિ સંત ભેળા;
બ્રહ્માનંદસ્વામીને તે વાર, દીધી પાઘ પોયણાંના હાર...૦૭

કેવડાની ટોપી લીધી હાથે, મેલી મુક્તાનંદજીને માથે;
વા'લે વાતુ કરી ઘણી વાર, કીર્તન ગવરાવ્યાં તે સાર...૦૮

પછી મેડે બિરાજ્યા માવ, ત્યાંથી ઊતર્યા નટવર નાવ;
આવી બેઠા પાટ ઉપર નાથ, ચહુકોરે સંત જન સાથ...૦૯

હરિએ અત્તર શીશી લીધી હાથે, ચર્ચી નાસિકા સંતની નાથે;
કે' તમારાં મુખનું રે'શે પાણી, બીજા ભેખ થાશે ધૂડ્ય ધાણી...૧૦

પે'રી ગુડકી ઘેર્ય ઘણી શોભે, નાડી ફૂમતાં જોઈ મન લોભે;
માથે મોળિયું અતિ સુંદર, હાર તોરા તેમાં મનહર...૧૧

શોભે બાજુ ગજરા ફૂલ તણા, ગુચ્છ કરણે તેમાં નહિ મણા;
વળી બોલ્યા તે અંતરજામી, સાંભળો હે બ્રહ્માનંદસ્વામી...૧૨

તમે કીર્તન કર્યાં હોય જેહ, ગાઓ ઊભા થઈને તેહ;
મુક્તાનંદસ્વામીને કહે માવ, બોલો તમારી કરેલી કાવ્ય...૧૩

ઊભા થઈ બેઉ જણા હારે, બોલ્યાં કીર્તન રૂડાં તે વારે;
પાટ ઉપર ઊભા થયા નાથ, તાળી પાડે હરિ બેઉ હાથ...૧૪

ઓરા ઓરા આવો રે તેહ, નાનકડા રે નાનકડા એહ;
બેઉ ગાય કીર્તન પાડી તાળી, સંત ભેળા ઝીલે વનમાળી...૧૫

નવ ગરબિયું બોલાવી નાથે, તાળી પાડી હરિએ બેઉ હાથે;
ગાતા મૂર્તિ મનોહર શોભે, જોઈ મુનિતણાં મન લોભે...૧૬

વળી બોલ્યા હરિવર જેહ, ગાઓ બીજાં કર્યાં હોય તેહ;
બોલાવે કીર્તન હરિરાય, સંત હરિજન ભેળાં ગાય...૧૭

જળ ભરવા ગઈ એકલી એહ, વળી ગાયાં કીર્તન તેહ;
એ પણ ગાય સંત મળી સહુ, તાળી પાડે હરિવર બહુ...૧૮

ગોવિંદને ગાવણાં ભાવ્યાં, અધર મેડેથી ઊતરી આવ્યા;
ગાઈ ગરબિયું બહુ રાજી થઈ, ગાતાં ગાતાં અરધ રાત ગઈ...૧૯

કરે લટકાં હસે બહુનામી, ગાય રાસ બ્રહ્માનંદસ્વામી;
ગાતાં ગાતાં ત્રણ પોર જાય, પછી પોઢ્યા પુરુષોત્તમરાય...૨૦
જાગી પ્રભાતે જગઆધાર, થયા ઘોડા ઉપર અસવાર;
સુંદર સકલાદી[1] માંડ્યું પલાણ, તે પર બેઠા શ્યામ સુજાણ...૨૧
ચાંદીનું ચોકડું સારું એહ, રૂપાનું કોટિયું[2] રૂડું તેહ;
તેમાં ઘુંઘરીયું કરે ઘોર, કાજુ કાઠુ પેગડે શોભે મોર...૨૨
વા'લે શ્વેત પેર્યો સુરવાળ, શ્વેત જામો લટકતી ચાળ;
કેડે કસુંબલ શેલું સાર, બહુ શોભે ખભે રેંટે તાર...૨૩
લાલ પાઘ માથે સોનેરી, છબી બની છોગલિયાં કેરી;
હેમ વેઢ કડાં ને બાજુ, કોટમાં હેમ ઊતરી કાજુ...૨૪
એમ વ્રતપુરીથી બહાર, આવ્યા આંબલે જગઆધાર;
પાસે રાયણ હતી રૂપાળી, ત્યાં આવ્યા મોહન વનમાળી...૨૫
સર્વે દર્શન કરે સંત, ઘોડી ખેલાવે શ્રીભગવંત;
રાયણને તે વચ્ચમાં રાખી, ઘોડી ચારેકોરે કુંડે નાંખી...૨૬
બહુ પરસેવે હરિ પલળે, જળબિંદુ તે કપોળે ઢળે;
શોભે મુખડું તે માવ તણું, તે તો વા'લું લાગે ઘણું ઘણું...૨૭
એમ હરતા ફરતા દીઠા હરિ, તેને રાખ્યા રુદિયે ધરી;
સુંદર મૂર્તિ તે સુખદેણ, તેને જોતા ઠરે છે નેણ...૨૮
એક દી એવી શોભા સારી, કરી મોહન મહાસુખકારી;
સુંદર ફળિયું છે વિશાળ, ઉગમણે બાર બેઠા દયાળ...૨૯
ઉત્તર મુખે બેઠા ભગવાન, આગે ગાય સંત તોડે તાન[3];
સુંદર તાન તોડે ટાણે ટાણે, તેને વા'લોજી બહુ વખાણે...૩૦

૧.મુલાયમ જાડા કાપડવાળું ૨.ઘોડાની ડોકે બાંધવાનું ગૂંથેલું સાધન ૩.ગાયનમાં પલટા-આલાપ લેતા

એમ કરતાં ઘણી ગઈ રાત, ત્યાં તો બોલ્યા હરિ સાક્ષાત;
સાધુ થોડા રહ્યા છે કેમ, નિત્ય જાગવાનું છે નેમ...૩૧
આપણે બેઠા છૈયે તે આંઈ, કેમ સંત ગયા ધર્મશાળામાંઈ;
ત્યાં તો બોલ્યા બ્રહ્માનંદ સંત, તમે સાંભળો શ્રીભગવંત...૩૨
રહ્યા તેને મળ્યા મહારાજ, સૂતા તેને થાય પછી દાઝ;
મહારાજે એવી મહેર કરી, જાગ્યા તેને મળ્યો મારો હરિ...૩૩
સર્વે સંતને મળ્યા હરિ આપ, ઊંઘ્યા તેને થયો બહુ તાપ;
લાવે હરિજન હેતે હાર, પે'રે દયા કરી કીરતાર...૩૪
જાઈ જૂઈ મોગરાની છાબ, પોયણાં ને હજારી ગુલાબ;
કમળ કેતકી અને કેવડા, બાજુ હાર તોરા ત્રેવડા[1]...૩૫
બેઠા પાટે પ્રાણજીવન, હાર પે'રાવે છે હરિજન;
શણગાર લઈ ઊભા સંત, સતસંગી મળ્યા અનંત...૩૬
કોરાં વસ્ત્ર વા'લાને પે'રાવે, કોઈ ઘરેણાં હરિને ધરાવે;
ફૂલ પછેડી ને તોરા હાર, ફૂલ બાજુ ગુચ્છ ઉદાર...૩૭
નિત્ય શોભા થાય બહુ ભારી, કરે ધ્યાન મુનિ નિત્ય ધારી;
એમ દર્શન દેતાં ભગવાન, એક દી થયા અંતરધાન...૩૮
સહુને સૂતા મેલી સુખકારી, ભેળા લીધા મુકુંદ બ્રહ્મચારી;
બેઠા વા'લમજી વનમાંઈ, સહુ ખોળે દશોદશ[2] ત્યાંઈ...૩૯
ગામમાંથી આંબલે આવે, આંબલેથી ગામમાં જાવે;
ફળિયે ફળિયે ખોળતાં ફરે, મળ્યા નહીં વા'લો કેમ કરે...૪૦
ભક્ત સોમલો ખાચર તેને, સર્વે પૂછે છે જઈને એને;
તમે મહારાજ પાસે હતા, હવે કરો હરિને છતા...૪૧

૧.ત્રણ સેરના ૨.દશેય દિશાઓમાં

સોમલો ખાચર કહે વા'લો, મુને મેલી ગયા ધર્મલાલો;
કે'તા એમ નેત્રે આવ્યાં નીર, ત્યાં તો સર્વે થયા અધીર...૪૨

પૂછે મુક્તાનંદસ્વામીને, પૂછે ભાઈને કરભામીને[1];
અમે કેમ કરિયે હે સ્વામી, અમને મેલી ગયા અંતરજામી...૪૩

સહુને કહી સમજાવે વાત, ભાઈ મુક્તાનંદજી સાક્ષાત;
ભાઈ રામદાસજી પાસે આવે, કહે વાત કીર્તન ગવરાવે...૪૪

કરે આરતી ને ધૂન મળી, રહે શરીરે પરસેવા વળી;
એ ટાણે આવ્યા મહારાજ, સહુને સુખ દેવાને કાજ...૪૫

રૂડો ખેસ પેર્યો છે શ્વેત, હરિને નીરખી વાધે બહુ હેત;
શોભે બગલમાં તલવાર, સુંદર સોનાની મૂઠે સાર...૪૬

લાલ રેંટો બાંધ્યો છે માથે, ઝીણી પછેડી ઓઢી નાથે;
પાટ ઉપર ઊભા આવી નાથ, ઘેર્યા સંતે વચ્ચે સુખપાથ...૪૭

વા'લા મેલી ગયા તમે અમને, ગોત્યા ઘણું ઘણું અમે તમને;
પછી ચાલ્યા બજારે બહુનામી, બેઠા જોબનને મેડે સ્વામી...૪૮

ભીડ સંત હરિજનની બહુ, કરે દર્શન સ્વામીનાં સહુ;
બેઠા ઉગમણી બારીએ જાઈ, જમે થાળ વા'લો રાજી થાઈ...૪૯

ગાય થાળ બ્રહ્માનંદસ્વામી, થયા પ્રસન્ન અંતરજામી;
એવી મૂર્તિ રાખી સંભારી, તેનું ધ્યાન કરે નરનારી...૫૦

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ વડતાલમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો' એ નામે અઠ્ઠાવનમો કિરણ ॥૫૮॥

૧.હાથ જોડીને

કિરણ : ૫૯

જન્માષ્ટમી ઉત્સવ તથા હિંડોળે ઝૂલતા મહારાજની શોભાનું વર્ણન

પૂર્વછાયો :

ત્યાં તો આવી જન્માષ્ટમી, બાંધ્યો હિંડોળો આંબલી;
ઓપે[1] આથમણી ડાળ અતિ, ત્યાં બેઠા વા'લમ વળી...૦૧
હરિ હિંડોળે હીંચતા, શોભે શ્રીસહજાનંદ;
મૂર્તિ મનોહર માવની, કેવળ કરુણાકંદ...૦૨

ચોપાઈ :

લાલ કરે ત્યાં બહુ લીલા, બાંધ્યા હિંડોળે પીતાંબર પીળાં;
લાલ દીસે ઢોલીડો સારો, લાલ ગાદીએ ધર્મદુલારો...૦૩
લાલ સુરવાળમાં હીર નાડી, તેને નીરખીએ દાડી દાડી;
લાલ પાઘ તે શોભે અપાર, લાલ છોગલું લટકે સાર...૦૪
લાલ ફૂલડાં શોભે છે માથે, લાલ છડી છે લાલને હાથે;
લાલ શેલું કેડ્યે કાજુ કૈયે, લાલ રેંટો ખભે જોઈ રૈયે...૦૫
લાલ પીતાંબર બાંધ્યું ડોળે, લાલ ફૂલડાં શોભે હિંડોળે;
લાલ શોભા હરિની જોઈ, રાખી મૂર્તિ અંતરમાં પ્રોઈ...૦૬
પીળાં પીતાંબર હિંડોળે સાર, પીળે તકિયે ફૂમતાંની હાર;
પીળી ચંદનની શોભે આડ્ય, નીરખું વા'લાને રાખી ચાડ્ય...૦૭
પીળા લીંબુ હિંડોળે લે'કે[2], પીળા કેવડાનાં તોરણ બે'કે[3];
પીળી રેશમ રાખડિયું સાર, પીળા પે'ર્યા હજારીના હાર...૦૮
પીળાં પવિત્રા શોભે છે ભારી, પીળા કડાં વેઢ સુખકારી;
પીળા સોનેરી અંબર[4] ઓપે, વા'લો શોભે તે પીળે સ્વરૂપે...૦૯

૧.શોભે ૨.લટકે ૩.સુગંધ ફેલાવે ૪.વસ્ત્ર

લીલી શોભા તે વા'લમ કેરી, રૂડા દીસે લેરખડો લે'રી;
લીલી શોભે તે વનવેલી, ચહુકોરે આવીને ઝૂકેલી...૧૦

લીલી હીંસે[૧] આંબલીની ડાળ, બહુ ફૂલે છે દીનદયાળ;
લીલી ઘૂઘરમાળો ઘમઘમે, હીંચે જોરે આંબલી નમે...૧૧

નીલા ઘંટ તણા નાદ થાય, ચારેકોરે હરિજન ગાય;
લીલી કાકડી પ્રભુ પાસે આવે, લીલાં વનફળ હિંડોળે લાવે...૧૨

લીલાં પીતાંબરે અત્તર બે'કે, લીલાં તોરણ હિંડોળે લેકે;
લીલાં શોભે તે વૃક્ષ ને વેલી, મારે વા'લે વાળી રંગરેલી...૧૩

લીલી લીલા જોઈ સુખ થાય, માંઈ ઝૂલે પુરુષોત્તમરાય;
એવી શોભા જોઈ સુખ લીજે, વિષય સુખ વિસારી દીજે...૧૪

હવે શ્વેત શોભા વિચારું, છેલ છબીલો ઉરમાં ધારું;
ધોળી સેજ સારી સ્વામી તણી, ધોળી પછેડી શોભે છે ઘણી...૧૫

ધોળાં હાથે બાંધ્યાં છે બાજુ, ધોળાં કુંડળ કાનમાં કાજુ;
ધોળાં કોટે ફૂલના હાર, છાતી ઉત્તંગ[૨] શોભે ઉદાર...૧૬

ધોળા પાઘે બિરાજે તોરા, સુંદર શોભે સ્વામી વાને ગોરા;
ધોળાં બાંધ્યાં હિંડોળે ફૂલ, ઝળકે હિંડોળે તકતા[૩] અમૂલ...૧૭

ધોળા વેઢમાં હીરા ઝગે, ધોળા તોડા પે'ર્યા બેઉ પગે;
ધોળા દોર ઝાલ્યા બે હાથે, ધોળાં છોગલાં લટકે છે માથે...૧૮

ધોળાં હિંડોળે જાળિયાં ઝળકે, ધોળાં લીંબુ ચહુ કોરે લળકે;
ધોળો હાથે લીધો રૂમાલ, જોતા મૂર્તિ વાધે બહુ વા'લ...૧૯

ધોળાં તોરણ તે ફૂલ તણાં, શોભે હિંડોળે તે ઘણાં ઘણાં;
ધોળી શોભા કરતાં જગવંદ, સુખકારી સ્વામી સહજાનંદ...૨૦

૧.શોભે ૨.ઉપડતી ૩.કાચના ટીકા

તેને વારમવાર વિચારી, જોઈ તરે ભવ નરનારી;
શ્યામ શોભા હરિની કઈયે, ધારી અંતરે ને સુખ લઈયે...૨૧
શ્યામ મેઘ થયો પ્રફૂલ્લે, લટકાં કરતાં હરિવર ઝૂલે;
શ્યામ ઘટા મેઘની થાય, વારે વારે જુએ હરિરાય...૨૨
શ્યામ છતરી માથે બિરાજે, તેમાં ફરતી ઘૂંઘરિયું ગાજે;
શ્યામ ઢાલ ધરી મેઘ સારું, હરિનું રૂપ જોતાં લાગે પ્યારું...૨૩
શ્યામ રેંટો ખભે સુખકારી, મૂર્તિ હૈયામાં રાખી ધારી;
શ્યામ ઘટામાં વીજળી થાય, જોઈ હસે પુરુષોત્તમરાય...૨૪
ગાજે મેઘ બોલે બહુ મોર, જુવે વા'લોજી તે ચારેકોર;
શ્યામ નેણે તે નજર કરી, હસે સંત સામું જોઈ હરિ...૨૫
પચરંગી શોભા વા'લે કરી, તેને નીરખી મેં નેણાં ભરી;
સંતની કોટમાં ફૂલહાર, ફૂલ્યો ફૂલે આવળો સાર...૨૬
ફૂલહારે હરિજન શોભે, ફૂલ ફૂલ જોતાં મન લોભે;
ફૂલહાર પે'રી સંત ગાતા, જોયા હરિ ફૂલમાં ફુલાતાં...૨૭
જન્માષ્ટમીનાં દર્શન દીધાં, પ્રાણજીવને પોઢણ કીધા;
પછી ધર્મશાળાનો હતો ચોક, તિયાં મળ્યા સંતજન લોક...૨૮
ચોકમાં છે બોરડી રૂપાળી, બેઠા પાટ ઉપર વનમાળી;
બ્રહ્મચારી લાવ્યા રૂડા થાળ, કીધાં ભોજન દીનદયાળ...૨૯
ચળું કરી લીધા મુખવાસ, થયા ઉતાવળા અવિનાશ;
કે'છે સંતની પંક્તિ કરાવો, ઝટપટ લાડુ વેલા લાવો...૩૦
બેઠી પંગત જમવા કાજ, પ્રીતે પીરસે તે મહારાજ;
ફરે પંક્તિમાં વારમવાર, દે લટકે લાડુ કીરતાર...૩૧
સંતને પીરસી રહ્યા શ્યામ, આવી પાટે બેઠા સુખધામ;
આવ્યા પૂજા કરવા હરિજન, ફૂલહાર ને કંકુ ચંદન...૩૨

પ્રીતે પૂજ્યા તે ધર્મકુમાર, હાર શણગારના પે'રાવ્યા હાર;
વા'લો ફૂલે થયા ગરકાવ, મળ્યા સંતને કરી બહુ ભાવ...૩૩

પછી સુરવાળ આંગી પે'રી, શિર બાંધી તે પાઘ સોનેરી;
કસી કમર કેડે તલવાર, ચડ્યા રોઝે ઘોડે કીરતાર...૩૪

ચાલ્યા ગઢપુર જાવાને કાજ, શોભે સખા મધ્યે મહારાજ;
દોડ્યા સંતજન દર્શન કરવા, નીરખી નાથને અંતરે ધરવા...૩૫

ગામ નજીક આવી તળાવી[1], દીધાં દર્શન ઘોડો ફેરાવી;
પછી સર્વેને પાછા વાળી, ચાલ્યા વેગે મોહન વનમાળી...૩૬

દીઠા ત્યાં લગી સહુ જોઈ રહ્યા, પછી મહારાજ **મહેળાવ** ગયા;
પ્રભુ રહ્યા **પીપળાવ** રાત, પછી ત્યાંથી ચાલ્યા પ્રભાત...૩૭

ગયા **સોજીતરે** સુખધામ, ગોકળ લખાભાઈને ગામ;
ગયા ગાડે તે શ્રીઘનશ્યામ, પુરુષોતમ પૂરણકામ...૩૮

રહ્યા રાત **સિંજીવાડે** ગામ, બાપુજી જગરૂપને ધામ;
ત્યાંથી ગયા **ઈસરવાડે** ગામ, સુખસાગર પૂરણકામ...૩૯

ગયા **ઈંદ્રણજ** અવિનાશ, રહ્યા વડ તળે કરી વાસ;
ત્યાંથી ગયા **વડસરે** વા'લો, લટકાળો શ્રીધર્મનો લાલો...૪૦

ગામ **ગલિયાણે** કરણોભાઈ, ત્યાં ઊતર્યા શ્યામ સુખદાઈ;
ઊતર્યા **વાયણે** વનમાળી, સુંદર સરોવર ત્યાં ભાળી...૪૧

ત્યાંથી **મોટી બોરુ** ગયા માવ, સુંદર **નાની બોરુવે** તળાવ;
ગયા ગામ **ભોળાદે** ભગવાન, ઊતર્યા ભોગાવો સુખદાન...૪૨

આગે આવ્યું **કમિયાળું** ગામ, રહ્યા રાત ત્યાં સુંદરશ્યામ;
સેંસો વણાર ને ખેમરાજ, સ્વામી સેવી કર્યું રૂડું કાજ...૪૩

ત્યાંથી **પચ્છમ** ને **ગાંફ** ગામ, ત્યાંથી ઊતર્યા ભાદર સુખધામ;

૧.તળાવડી

આવ્યા મલકા તળાવડી માવ, બેઠા સમડા હેઠે કરી ભાવ...૪૪
બળદ ઘોડે જને પીધું જળ, પીધું પ્રભુએ જળ અમળ;
પછી **ખરડે** ગયા કરી મે'ર, નાથા સુજાભાઈને ઘેર...૪૫
જમ્યા જીવન ત્યાં કરી પ્યાર, પછી ઘોડે થયા અસવાર;
ગયા ગામ **ઝીંઝર** ઘનશ્યામ, રહ્યા રાત ખોડાભાઈને ધામ...૪૬
ત્યાંથી ગામ **પરવડી ભીમનાથ,** ગયા **પોલારપુર** સુખપાથ;
ગયા **રોઝીદ** સરવે મળી, આવી **કુંડળે** નદી ઉતાવળી...૪૭
રહ્યા રાઈબાઈને ઘેર નાથ, જમ્યા સાકર દહીં સુખપાથ;
પછી પ્રીતમ પૂરણકામ, ગયા સ્વામી **સમઢિયાળે** ગામ...૪૮
ગયા **કારિયાણી** કીરતાર, જગજીવન જગઆધાર;
વસ્તા ખાચર માંચા ભક્ત ભારી, એને ઘેર રહ્યા સુખકારી...૪૯
રમી જમી ચાલ્યા ત્યાંથી સ્વામી, આવ્યા **ઝીંઝાવદર** બહુનામી;
દઈ અલૈયાને દર્શન દાન, આવ્યા **નિંગાળે** ભગવાન...૫૦
ઊતર્યા કેરી નદી કઈ વાર, આવ્યા **ઉગામેડી** પ્રાણઆધાર;
પીધાં પાણી ચાલ્યા સુખધામ, આવ્યા **ગઢપુર** શ્રીઘનશ્યામ...૫૧
બેઠા દરબારમાં બહુનામી, સુખસાગર સહજાનંદસ્વામી;
બેઠા ઓસરીએ અલબેલ, રંગત ઢોલીડે રંગરેલ...૫૨
રેશમ ગાદલું ઓછાડ ઉદાર, બેઠા તકિયે અઢેલી[1] તે વાર;
શોભે સભામાં મહાસુખકારી, કરે દર્શન સંત નરનારી...૫૩
પછી નાહી જમ્યા જગવંદ, સુખદાઈ સ્વામી સહજાનંદ;
દાદાખાચરને પ્રસાદ દીધો, ભક્ત મોટા લાવ બહુ લીધો...૫૪
પોઢ્યા ઓરડીમાં પ્રાણપતિ, શોભે સુંદરશ્યામ મૂરતિ;
ચાંપ્યા ચરણ ઢોળ્યો બહુ વાય, નીરખી નાથને આનંદ થાય...૫૫

૧.ટેકો દઈને

આ લીલાની સાંભળી વાત, થાય સંતજન રળિયાત;
લીલા હરિની સદા સુખકારી, થાય પાવન ચિંતવી નરનારી...૫૬

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ જન્માષ્ટમીનો ઉત્સવ કરી ગઢપુર પધાર્યા' એ નામે ઓગણસાઠમો કિરણ ॥૫૯॥

કિરણ : ૬૦

કાનમ, ભરૂચ તથા વાંકળના ભક્તોએ શ્રીહરિની પૂજા કરી

પૂર્વછાયો :

કાનમ દેશમાં ભૃગુક્ષેત્ર[1], નર્મદા તીરે ઉદાર;
ફુરજા આરે ઓટા ઉપર, બેઠા હરિ ઘડી ચાર...૦૧
પુનિત વૃક્ષ પિપળ છાયા, ઝૂકી રહી ચહુ કોર;
ભૂષણ વસન પે'રી સુંદર, શોભે શ્રીધર્મકિશોર...૦૨

ચોપાઈ :

તુઈરામ ને ઝૂમખરામ, આવ્યા પૂજવા સુંદરશ્યામ;
લાવ્યા પેંડા બરફી ભરી થાળ, જમ્યા રૂડી રીતે ત્યાં દયાળ...૦૩
પીપળિયા ગામના રૂગનાથ, અવિચળ ડાયા આદિ સાથ;
તેણે પૂજ્યા તે પ્રાણઆધાર, ચંદન ચરચી પે'રાવ્યા હાર...૦૪
ઝાડેશ્વરમાં તે ભક્તિભાઈ, પ્રીતે પૂજ્યા શ્રીહરિ સુખદાઈ;
પુરુષોત્તમ ભક્તિભાઈ, રહે ગામ સામલોદે સદાઈ...૫
તેણે પૂજ્યા તે શ્રીઘનશ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
અવિધાના હરિભાઈ મનોર, પ્રીતે પૂજ્યા તે ધર્મકિશોર...૦૬
પાણેથે વાસણ પ્રભુદાસ, પ્રીતે પૂજ્યા એણે અવિનાશ;

૧.ભરૂચ

રાજપુરે પુરુષોત્તમભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ...૦૭
મેડોલમાં જાદવ દયાળજી, પ્રભુ પૂજી પ્રીતે લીધા ભજી;
અણદીના પ્રભુદાસ ઝવેર, તેણે પૂજ્યા હરિ રૂડી પેર...૦૮
ઉતરાજના રણછોડદાસ, વસ્તેભાઈ પૂજ્યા અવિનાશ;
ગામ ભદામના ભાઈ દલા, નરોતમ બાજી બેઉ ભલા...૦૯
પૂજ્યા શ્રીસહજાનંદ સાર, ચંદન ચરચી પે'રાવ્યા હાર;
ચિત્રાવાડ્યે ભવાનભાઈ, ભગવાનને પૂજ્યા સુખદાઈ...૧૦
ગામ ચાંદોદે તે ક્રિપારામ, તેણે પૂજ્યા તે શ્રીઘનશ્યામ;
વસાઈના નારણ રૂગનાથ, પૂજ્યા ચંદન હારે હરિ હાથ...૧૧
ઢોલાવ્યે રાયજી બેચર, તેણે પૂજ્યા સ્વામી સુખકર;
અંતોલિયે ભગો કાનદાસ, પૂજી પ્રભુને થયા હુલાસ...૧૨
વ્યારે પ્રભુદાસ જગરૂપ, રણછોડે પૂજ્યા મુનિ ભૂપ;
કણધરે ભવાન પ્રભુદાસ, પૂજ્યા પુરુષોત્તમે અવિનાશ...૧૩
મંડાળાના પુરુષોત્તમભાઈ, ખુશાલ ભગે પૂજ્યા સુખદાઈ;
પિસાઈ ગામના શિવશંકર, માધવે પૂજ્યા સ્વામી સુખકર...૧૪
વરણામાના માધવ ભક્ત, પૂજ્યા હરિ જાણે સર્વે જક્ત;
સારંગે દયાળજી ખુશાલ, વનમાળીએ પૂજ્યા ધર્મલાલ...૧૫
સણાપુરે ગોવિંદરામ ભટ્ટ, પૂજ્યા પ્રભુ પ્રીતે અમટ[૧];
ચોરંદાના પુરુષોત્તમ બેચર, જ્યાગે માહેશ્વરે પૂજ્યા નટવર...૧૬
સીમલીના બાપુજી જેહ, તેણે પૂજ્યા હરિ કરી નેહ;
પારીખે મેઘજી રામદાસ, ત્રિકમે પ્રીતે પૂજ્યા અવિનાશ...૧૭
કરમાલે ભુલો નથુભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ;
રુવાંદે બેચર ગિરધર, પૂજ્યા પ્રીતે તેણે નટવર...૧૮

૧.અચળ; અતિશય

સલાડના ભગવાન નારણ, તેણે પૂજ્યા તે અશરણશરણ;
પોરના કેશવ કાનદાસ, પૂજ્યા પ્રભુ તજી સર્વે આશ...૧૯
નામનાથે સવચંદ ભઈરામ, તેણે પૂજ્યા તે સુંદરશ્યામ;
ઈંટોલે જીજીભાઈ નારણ, બાપુજી ગિરધર બીજા પણ...૨૦
પૂજ્યા પ્રભુ પ્રીતે બહુવાર, ચંદન ચરચી પે'રાવ્યા હાર;
દીધી રસોઈ કર્યા બહુ થાળ, જમ્યા સંત ને દીનદયાળ...૨૧
માણેજાના ભક્ત ભૂધર, અતિ પ્રીતે પૂજ્યા હરિવર;
વડસરના મંગલ મેતાપ, હરિભાઈએ પૂજ્યા હરિ આપ...૨૨
કરી થાળ ને જમાડ્યા નાથ, ચંદન પુષ્પે પૂજ્યા સુખનાથ;
સંખેડે નરોત્તમદાસ, અતિ હેતે પૂજ્યા અવિનાશ...૨૩
પાદરાના હરિજન સાર, નાથ નીરખી પૂજ્યા કરી પ્યાર;
લતિપુરે બેઠા ઘડી લાલ, નીરખી નાથ થયા જન ન્યાલ...૨૪
સેજાકૂવે તુલજો નારણ, પૂજ્યા પ્રીતે અશરણશરણ;
કરી થાળ જમાડ્યા જીવન, પે'રાવ્યા હાર તોરા બહુ દન...૨૫
ગુચ્છ ગજરા ને બાજુબંધ, લઈ પ્રીતે પે'રે જગવંદ;
જમે કેરિયું કેળાં જામફળ, જોઈ એ ભક્તનો ભાવ અમળ...૨૬
પિંપળીના ભગુ બાપુજી, પૂજી પ્રભુ લીધા હરિ ભજી;
બહુ હેતે હરિને જમાડ્યા, માની વચન મોદ પમાડ્યા...૨૭
આંબલાના તે મનોર ભટ્ટ, રણછોડ અતિ અમટ;
તેણે પૂજ્યા પ્રભુ બહુ પ્રીતે, ચંદન હાર લઈ રૂડી રીતે...૨૮
રણુના દેસાઈ ત્રિકમદાસ, જાલમગરે પૂજ્યા અવિનાશ;
ગામ વણછરે ગોવિંદરામ, રામેશ્વરે પૂજ્યા સુખધામ...૨૯
સાધીના ગંગાદા અંબૈદાસ, પ્રભુ પૂજી કર્યું દુઃખ નાશ;
પૂજેભાઈએ પૂજ્યા પ્રભુ હાથે, પે'ર્યા હાર તોરા ગુચ્છ નાથે...૩૦

ભાયલી ગામના ભક્ત ભારી, દેવશંકર વિઠ્ઠલ નીમધારી;
તેણે પૂજ્યા પ્રભુ બહુ પ્રીતે, રસિયાજીને તે રૂડી રીતે...૩૧
અટલાદરાના જીજીભાઈ, નરોત્તમ જોરો બે ભાઈ;
નીરખી નાથને પૂજ્યા પ્રીતે, વટપત્તનમાં રૂડી રીતે...૩૨
ગામ સમિયાળે પરતાપ, પૂજી પ્રભુ ટાળ્યું સર્વે પાપ;
રહે ગોરવે નારણભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ...૩૩
રહે કાનજી અણઘર ગામ, તેણે પૂજ્યા શ્રીહરિ સુખધામ;
સારદ ગામના રેવાબાઈ, પૂજ્યા પ્રીતે સ્વામી સુખદાઈ...૩૪
કુંઢેલે દયારામ ભૂદેવ, પૂજ્યા સંત હરિ કરી સેવ;
કનગામના તે બાપુભાઈ, ભૂદેવે પૂજ્યા સુખદાઈ...૩૫
ઠીકરિયે ગામ પ્રભાતગર, તેણે પૂજ્યા પ્રભુ દુઃખહર;
જઈ વડતાલે જટા ઉતારી, થયા સ્વામીના સતસંગી ભારી...૩૬
અલદરા ગામના પ્રભુદાસ, નરેર ભાણે પૂજ્યા અવિનાશ;
વાગરાના નાયણજીભાઈ, કાનદાસે પૂજ્યા સુખદાઈ...૩૭
ભઈબાને પુરુષોત્તમ જેહ, પૂજ્યા હરિ કરી બહુ નેહ;
ગામ ત્રાંસલાના કાકોભાઈ, દુર્લભ રણછોડ ને દેસાઈ...૩૮
બાપુ ગિરધર ને રઘુનાથ, પૂજ્યા સહજાનંદ સુખપાથ;
ત્રાસલી ગામે બેચરદાસ, પૂજ્યા પ્રભુ તજી સર્વે આસ...૩૯
એવા ભક્ત ઘણા આ વાર, તેનો ગણતાં ન આવે પાર;
સર્વે પૂજ્યા શ્રીસહજાનંદ, સુખકારી હરિ જગવંદ...૪૦
મહા પવિત્ર કાનમ દેશ, કૂડ કપટનો નહીં લેશ;
વાકળ દેશ વા'લે વખાણી, દીધાં દર્શન દયા આણી...૪૧
તાપી નર્મદા અતિ ઉદાર, પ્રભુ ઊતરિયા પાંચ વાર;
મહી ઊતર્યા તે મહારાજ, નવ વાર પોતે મુનિરાજ...૪૨

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'ભરૂચ, કાનમ તથા વાંકળના ભક્તોએ શ્રીહરિની પૂજા કરી' એ નામે સાઠમો કિરણ ॥૬૦॥

કિરણ : ૬૧

શ્રીહરિએ અમદાવાદમાં નરનારાયણ દેવ પધરાવ્યા

પૂર્વછાયો :

ગઢપુરથી હરિ આવિયા, શ્રીનગરમાં સુખધામ;
રોઝે ઘોડે શોભે સુંદર, પ્રીતમ પૂરણકામ...૦૧
શ્વેત વસ્ત્ર સોહ્યામણાં, શ્રીસહજાનંદ સુખકંદ;
દરશન દેવા દાસને, કરવા તે અતિ આનંદ...૦૨

ચોપાઈ :

ઘોડલાની તે ઘુંમર ભારી, શોભે સહજાનંદ સુખકારી;
પાળા અસવાર ને ઘણા સંત, ચાલ્યા શહેરમાં શ્રીભગવંત...૦૩
આવ્યા હરિજન લઈ હાર, ભારે ફૂલ તણા શણગાર;
ગજરા ગુચ્છ ગુલાબના બાજુ, હાર તોરા શોભે વળી કાજુ...૦૪
કીધું કેસર તિલક ભાલ, ચાલે ધીરા ધીરા ધર્મલાલ;
બની શોભા બજારની ભારી, ચઢી ગોખે જુવે નરનારી...૦૫
મોતી કંચનનાં ફૂલ લઈ, વધાવે વા'લાને રાજી થઈ;
ગાજતે વાજતે જગવંદ, આવ્યા મંદિરમાં સહજાનંદ...૦૬
પોતે નાહી જમ્યા જગનાથ, પછી જમાડ્યો તે સર્વે સાથ;
દીધાં દરશન તે પાંચ દન, પછી પધારિયા ભગવન...૦૭
આવ્યા વા'લોજી **વડતાલ** ગામ, શ્રીસહજાનંદ સુખધામ;
પછી બોચાસણ **બુધેજે** ગયા, ત્યાંથી **ગઢડે** જઈને રહ્યા...૦૮

પછી અષ્ટમી ઉત્સવ કરી, પધાર્યા **આદરજે** શ્રીહરિ;
કર્યો અન્નકોટ વા'લે ત્યાંઈ, પછી આવ્યા **શ્રીનગર** માંઈ...૦૯
સુંદર રોઝે ઘોડે ચડી રાજ, આવ્યા દરશન દેવાં કાજ;
સખા સંત સોતા પધાર્યા, હરિજનને મોદ વધાર્યા...૧૦
પૂજ્યા પ્રભુજીને બહુ પ્રીતે, જમ્યા જીવન તે રૂડી રીતે;
પછી જમ્યા સંત ને પાળા, પિરસ્યા લાડુ વા'લે રૂપાળા...૧૧
રહ્યા બે રાત ત્યાં વળી વા'લો, આવ્યા **જેતલપુર** ધર્મલાલો;
રહ્યા સાત દિવસ સુખધામ, પછી આવ્યા તે **ગઢડે** ગામ...૧૨
કરી કપિલા છઠ્ય ત્યાં ભારી, વસંત ને હુતાસણી સારી;
પછી અન્નકોટ કરવા કાજ, આવ્યા **જેતલપુર** મહારાજ...૧૩
કર્યો ઉત્સવ તે આનંદે, સુખકારી સ્વામી સહજાનંદે;
વળગી વંતરું[1] કરતું તૂત[2], કાઢ્યો બ્રાહ્મણનો વા'લે ભૂત...૧૪
ચડી માણકીએ મહારાજ, ગયા અમદાવાદ મુનિરાજ;
આવ્યા સામૈયે સૌ હરિજન, નીરખી નાથ થયા મગન...૧૫
પે'રાવ્યા પ્રભુને ફૂલહાર, લાગ્યા પગે કરી બહુ પ્યાર;
ગાતા વાતા તેડી લાવ્યા ઘેર, કરે દરશન સઘળું શે'ર...૧૬
આવી ઊતરિયા અલબેલ, મેડી ઉપર તે રંગરેલ;
પછી નાહી જમ્યા જગનાથ, શ્રીસહજાનંદ સુખપાથ...૧૭
જમે પાળા અસવાર ને સંત, પીરસે લાડુ પોતે ભગવંત;
ફર્યા પંગતમાં પંચ વાર, જમ્યા સર્વે થયો જેજેકાર...૧૮
બેસે સભા કરી સુખકારી, કરે દરશન અનંત નરનારી;
શોભે સંત મધ્યે જગવંદ, જેમ તારામાં પૂરણચંદ...૧૯
હતો બેચરને ઘેર વિવા, વા'લો ગયા ત્યાં દરશન દેવા;

૧.ભૂત-પ્રેત ૨.હેરાનગતિ; ધતીંગ

બેસી રથ ઉપર ઘનશ્યામ, પધાર્યા પ્રભુ તેને તે ધામ...૨૦
ઢાળી પલંગ પધરાવ્યા હરિ, ચંદન પુષ્પ લઈ પૂજા કરી;
સુંદર પાઘ ને લીલું શેલું, ખભે ધરાવિયું અલબેલું...૨૧
આવી ઉતારે ને જળ પીધું, રથના હાંકેડુંને શેલું દીધું;
પછી ત્યાંથી પધારિયા શ્યામ, આવ્યા શ્રીહરિ **ગઢડે** ગામ...૨૨
પછી બીજે વર્ષ મહારાજ, આવ્યા નરનારાયણ કાજ;
ઊતર્યા કાંકરિયે સર સ્વામી, પાળા અસવાર સોતા બહુનામી...૨૩
આવ્યા સંઘ બહુ નરનાર, ગાડાં ઘોડા રથ અપાર;
સુંદર ડેરો કર્યો એક સારો, તેમાં ઊતર્યા ધર્મદુલારો...૨૪
ઊતર્યા આંબલિયોમાં સંઘ, સંત પાળા ઘોડા અભંગ;
રચ્યો વચ્ચે માંચ મુનિરાજ, મહારાજને બેસવા કાજ...૨૫
તે પર સુંદર ઢોલીડો ઢાળ્યો, ગાદલું ને ઓછાડ રૂપાળો;
તેની ઉપર બેસે જગવંદ, તકિયે અઢેલી શ્રીસહજાનંદ...૨૬
સુરવાળ સોનેરી શોભે, નાડી ફૂમતાં જોઈ મન લોભે;
જામો જરકસી પાઘ સોનેરી, છાજે છબી છોગલિયાં કેરી...૨૭
કસી કેડ્ય રેંટે મનહર, ઝૂક્યા તાર ગુઠણ ઉપર;
રૂડો રેશમી રૂમાલ પાસ, મંદ મંદ મનોહર હાસ...૨૮
કડાં સાંકળાં મોતીની માળા, પોંચી બાજુ ને ગુચ્છ રૂપાળાં;
વેઢ વીંટી ને હુલર હાર, કેસર તિલક ચાંદલો સાર...૨૯
પે'ર્યા ગળે ગુલાબના હાર, બાજુ ગજરા ગુચ્છ તોરા ઉદાર;
મૂર્તિ મહા મનોહર ભારી, નીરખે સંત હરિજન નરનારી...૩૦
માથે સોનેરી છત્ર બિરાજે, છબી જોઈ કોટી કામ લાજે;
ચડ્યા માણકીએ મહારાજ, ચાંદી ચોકડું સોનેરી સાજ...૩૧
અબદાગરી ચમર બે પાસ, કરે સોમ સુર હુલાસ;
રથ વેલ્ય મેના અસવાર, પાળા બ્રહ્મચારી સંત અપાર...૩૨

નરનારાયણ પધરાવવા કાજ, ચાલ્યા શે'રમાં શ્રીમહારાજ;
પેલે પહોરે તે સુંદરશ્યામ, ચાલે ધીરા ધીરા સુખધામ...૩૩
વાજે વાજાં તે અપાર, ધાયાં દરશને નર ને નાર;
મેડી મોલ અગાસીમાં રઈ, વધાવે વા'લાને રાજી થઈ...૩૪
ગાતાં વાતાં ચાલ્યાં સંતજન, નરનારી કરે ધન્ય ધન્ય;
એમ આવ્યા અલબેલો અભેવ, પધરાવ્યા નરનારાયણ દેવ...૩૫
પછી ધૂન આરતી કરી, આવી મેડે બેસી જમ્યા હરિ;
જમાડ્યા સંત અસવાર પાળા, ફેરવી લાડુ વા'લે રૂપાળા...૩૬
ફાગણ સુદિ ત્રીજે હરિ હાથે, પધરાવી મૂર્તિ મુનિ નાથે;
પછી બીજે દિવસ સુખરાસી, કરી **અમદાવાદ**ની ચોરાસી...૩૭
મોટી માણકીએ ચડી શ્યામ, આવ્યા વા'લો **જેતલપુર** ગામ;
જમી ગંગાબાઈને ઘેર, આવ્યા શ્રીહરિ **ધોળકે** શહેર...૩૮
રહ્યા રેવાશંકરને ત્યાં રાત, જમી ચાલ્યા પ્રભુ પ્રભાત;
ગયા ગણેશ **ધોળકે** ગોવિંદ, રહી રાત ચાલ્યા સહજાનંદ...૩૯
ત્યાંથી આવ્યા **હડાળે** હરિ, **રોઝકે** ને **ઝીંઝરે** દયા કરી;
રહી રાત ને શ્રીઘનશ્યામ, **કુંડળ** થઈ આવ્યા **કારિયાણી** ગામ...૪૦
રહ્યા વસ્તા ખાચરને ઘેર, આવ્યા **ગઢડે** વા'લો કરી મે'ર;
કરી સમૈયા આવે શ્યામ, ઘણું રહે ગઢડે સુખધામ...૪૧
ઘણા સમૈયા કર્યા ત્યાં વા'લે, લટકાળે શ્રીધર્મને લાલે;
રમે જમે દિયે દરશન, પોઢે ઓરડીમાં થઈ પ્રસન્ન...૪૨

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ અમદાવાદમાં નરનારાયણ દેવ પધરાવ્યા' એ નામે એકસઠમો કિરણ ॥૬૧॥

કિરણ : ૬૨

શ્રીહરિ અમદાવાદમાં ફૂલદોલનો ઉત્સવ કરી ગઢપુર પધાર્યા

પૂર્વછાયો :

ગઢડેથી ગોવિંદ ચાલિયા, ઘોડીએ ચડી ઘનશ્યામ;
અયોધ્યાવાસી સંત સોતા, આવ્યા **સારંગપુર** ગામ...૦૧

પછી **સુંદરિયાણે** શ્રીહરિ, સંઘ સોતા આવિયા;
જમી જીવન સંત જમાડી, **વાગડ** ગામે રજની રહ્યા...૦૨

ચોપાઈ :

કંથારિયે કરી હરિ ભોજન, રહ્યા રજની **શિયાણી** જીવન;
ત્યાંથી **તાવીએ** હરિજી ગયા, જઈ **દેવળિયે** રાત રહ્યા...૦૩

ત્યાંથી ચાલ્યા ચતુર સુજાણ, આવ્યા **દદુકે** જીવનપ્રાણ;
ત્યાંથી આવ્યા **મછિયાવે** નાથ, સંત સખા સોતા સુખપાથ...૦૪

હરિજને જમાડ્યા જીવન, પછી જમ્યા પાળા મુનિજન;
રહી રાત ચાલ્યા ભગવાન, દેતા દાસને દરશન દાન...૦૫

આવ્યું અરણ્યમાં એક તળાવ, ત્યાં જમ્યા મનોહર માવ;
પછી **શ્રીનગરમાં** સ્વામી આવ્યા, હરિજને મોતીડે વધાવ્યા...૦૬

ફૂલડોલના ઉત્સવ કાજ, આવ્યા મુનિ સોતા મહારાજ;
સુંદર ઢોલિડો તે તો ઢળાવી, બેઠા વેદી ઉપર વા'લો આવી...૦૭

આથમણે મુખે બેઠા નાથ, શ્વેત વસ્ત્ર પહેરી સુખપાથ;
ગળે પે'ર્યા ગુલાબના હાર, ગુચ્છ ગજરા ગુલાબી ઉદાર...૦૮

તોરા ગુલાબના શોભે ભારી, બાજુ ગુલાબના સુખકારી;
ઘેરા ગુલાબી ફૂલે ગરકાવ, ફૂલ્યા ફૂલમાં મનોહર માવ...૦૯

શોભે સભામાં સહજાનંદ, તારા મધ્યે જેમ પૂરણચંદ;
આવ્યા સીતારામ બદ્રિનાથ, લાગ્યા પગે જોડી બેઉ હાથ...૧૦

હરિએ બોલાવ્યા કરી હુલાસ, બેઠા બેઉ ભાઈ પ્રભુ પાસ;
મુક્તાનંદ ગોપાળાનંદસ્વામી, બેઠા પ્રભુ પાસે કરભામી...૧૧
બ્રહ્માનંદ નિત્યાનંદસ્વામી, બેઠા હરિ પાસે શીશ નામી;
શુકમુનિ આનંદસ્વામી આદિ, મોટા સંત બેઠા મરજાદી...૧૨
મુકુંદાનંદ અખંડાનંદ ભારી, વાસુદેવ જેરામ બ્રહ્મચારી;
નારાયણાનંદ આદિ આવી, બેઠા હરિને શીશ નમાવી...૧૩
ભગુજી રતનજી આદિ પાળા, ઊભા હરિ કને[૧] હથિયાર વાળા;
હરિજન અનંત નરનારી, ભીડ્ય ભક્તની મંદિરમાં ભારી...૧૪
પાસે કુબેરજી ચોપદાર, નેકી[૨] પોકારે તે વારમવાર;
દે દરશન તે દિન રાત, વા’લો થઈ અતિ રળિયાત...૧૫
સુવાસિની વસુમતીબાઈ, જમાડે હરિને રાજી થાઈ;
જમાડીને દીધો મુખવાસ, પછી પ્રીતે પૂજ્યા અવિનાશ...૧૬
પાળા અસવાર જમાડ્યા સંત, પીરસી લાડુ પોતે ભગવંત;
પછી હુતાસણી હતી તે દન, રમ્યા સખા સંગે ભગવન...૧૭
સારા સુંદર રંગ મગાવ્યા, ઘણી માણો ઘડા ભરી લાવ્યા;
તે તો તરત લીધા હરિ હાથે, રેડ્યો રંગ મુનિજન માથે...૧૮
પછી નાંખ્યો અબીર ગુલાલ, તેણે સંતજન થયા રંગે લાલ;
સુંદર શોભે છે સંતમંડળી, નાંખે રંગભીનો રંગ વળી...૧૯
ખૂબ ખાંતીલે મચાવ્યો ખેલ, વાળી રસિયે રંગની રેલ;
નટ રમાડી સભામાં શ્યામ, નાહ્યા નારણઘાટે સુખધામ...૨૦
આવી દેવનાં દરશન કરી, જમી જુગતે પોઢ્યા હરિ;
પછી અલબેલો અઢળક ઢળ્યા, બે ભાઈને મહારાજ મળ્યા...૨૧
સંત પાળા અને બ્રહ્મચારી, મળ્યા હરિ તેને હેત વધારી;

૧.પાસે ૨.છડી; મોટેથી ગુણગાન ગાવા

કરી ઉત્સવ ચાલ્યા ઘનશ્યામ, આવ્યા અલબેલો **અસલાલી** ગામ...૨૨
ત્યાં ભક્ત રહે વેણીભાઈ, જમ્યા નાહીને ત્યાં સુખદાઈ;
પછી જમાડ્યા તે મુનિજન, કર્યાં સર્વે જને દરશન...૨૩
ભાવ ભક્તનો જાણી ભગવન, આવ્યા **જેતલપુર** જીવન;
પછી **ડભાણ** થઈ ધર્મલાલ, આવ્યા વા'લમજી **વડતાલ**...૨૪
ત્યાં દાસને દરશન દીધાં, બહુ જન કૃતારથ કીધાં;
સર્વ સામું જોયું અમી[1] નેણે, વા'લો બોલ્યા તે મીઠે વેણે...૨૫
સર્વ જન તે મગન થયાં, વિયોગ દુઃખ વિસરી ગયાં;
પછી પ્રભુને પૂજિયા પ્રીતે, જમાડ્યા જીવનને રૂડી રીતે...૨૬
નિત્ય નયણે નીરખે નાથ, મુખ જોઈ સુખ પામે સાથ;
કોઈ ચંદન ચરચે ઘસી, કોઈ હાર પે'રાવે છે હસી...૨૭
કોઈ ઘરેણાં ઘણાં ધરાવી, લાગે પાયે અંબર ઓઢાવી;
કોઈ અત્તર ચરચે અંગે, કોઈ કરે આરતી ઉમંગે...૨૮
કોઈ છાપે છાતીએ પાવ, કોઈ ભેટે ભરી જન ભાવ;
પૂરે મનોરથ મહારાજ, સર્વ જનનાં તે સીધે કાજ...૨૯
કરતાં પ્રભુજીને પરસન, આવ્યો રામનવમીનો દન;
રહ્યા વ્રત નરનારી જન, જાણી હરિનો જન્મ પાવન...૩૦
દશમીને દને મૂરત જોઈ, દીધી વિપ્ર ઘણાને જનોઈ;
ત્યાં જમાડ્યા વિપ્ર અનંત, અસવાર પાળા બ્રહ્મચારી સંત...૩૧
કરી મંગલકારી તે કામ, ચાલ્યા ઘોડીએ ચડી ઘનશ્યામ;
ગયા **સિંજીવાડે** કરી મે'ર, જગરૂપ બાપુજીને ઘેર...૩૨
જમી રાત રહ્યા ત્યાં શ્યામ, ગયા જીવન **જાખડે** ગામ;
શેઠ કાશીદાસને ઘેર, કરી રસોઈ જમ્યા રૂડી પેર...૩૩

૧.પ્રેમભર્યા

ગયા **કમિયાળે** મે'ર કરી, સેંસા વણારને ઘર હરિ;
કરી રસોઈ હરિએ હાથ, જમ્યા ખીમરાજને ત્યાં નાથ...૩૪
ખરડે આશો ભક્ત સુજોભાઈ, તેને ઘેર ગયા સુખદાઈ;
જમી ત્યાંથી ચાલ્યા જગનાથ, ગયા **કારિયાણી** સુખપાથ...૩૫
પછી વસ્તા ખાચરને ઘેર, રહ્યા રાત વા'લો કરી મે'ર;
આવ્યા **ગઢડે** શ્રીઘનશ્યામ, શ્રીસહજાનંદ સુખધામ...૩૬
આવી બેઠા ઓસરિયે વા'લો, સુંદર ઢોલીડે ધર્મનો લાલો;
શોભે શ્વેત વસ્ત્ર સુખકારી, આવ્યા દર્શને સંતજન ભારી...૩૭
પે'રાવે હરિને લાવી હાર, ગુચ્છ ગજરા ને તોરા ઉદાર;
બાંધે બાજુ તે બેઉ હાથ, નીરખે નેણાં ભરીને નાથ...૩૮
કરે કુમકુમનો ચાંદલો, શોભે સુંદરવરને ભલો;
લળી લાગે પ્રભુજીને પાય, હૈયે હરખી હરિગુણ ગાય...૩૯
ઘણી વાર બેઠા ઘનશ્યામ, દઈ દરશન ઊઠ્યા સુખધામ;
નાહ્યા ગંગાજળિયે કૂવે નાથ, સુંદર પાણી ઊને સુખપાથ...૪૦
સુવાસિની વસુમતીબાઈ, કરી રસોઈ રૂડી રાજી થાઈ;
જમ્યા જીવન એમને ઘેર, કરી મહા પ્રભુજી બહુ મે'ર...૪૧
પછી દીધા રૂડા મુખવાસ, પૂરી પ્રભુજીએ સર્વે આશ;
પોઢ્યા પ્રીતમ ઓરડીમાંય, સુંદર સુખ શૈયા પર ત્યાંય...૪૨
કરે પગચંપી પોતાના દાસ, વા'લો વસે સદા કરી વાસ;
વા ઢોળું પંખો લઈ પ્રીતે, પ્રભુ પોઢી રહે રૂડી રીતે...૪૩

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ અમદાવાદમાં ફૂલદોલનો ઉત્સવ કરી ગઢપુર પધાર્યા' એ નામે બાસઠમો કિરણ ॥૬૨॥

કિરણ : ૬૩

શ્રીહરિએ અમદાવાદમાં ફૂલદોલનો ઉત્સવ કર્યો

પૂર્વછાયો :

ગઢપુરથી હરિ ચાલિયા, શ્રીસહજાનંદ સુખધામ;
અયોધ્યાવાસી સંત સોતા, શ્રીનગર જોવાને શ્યામ...૦૧
શ્વેત વસ્ત્ર સોહામણાં, પે'ર્યા ફૂલ તણા શણગાર;
ચંદ્રક શોભે ભાલમાં, થયા માણકીએ અસવાર...૦૨

ચોપાઈ :

ગયા **કારિયાણી** કીરતાર, રહ્યા રાત પ્રીતમ કરી પ્યાર;
પછી ચાલ્યા તે સુંદરશ્યામ, ગયા જીવન **જસકે** ગામ...૦૩
જમી ત્યાંથી ચાલ્યા જીવન, આવ્યા **રોજકે** જાણી રૂડા જન;
રહ્યા કાકાભાઈને ઘેર રાત, ત્યાંથી ચાલ્યા પ્રભુ પ્રભાત...૦૪
ગયા **કૌકે** કરી બહુ મે'ર, મોટા વલ્લભરામને ઘેર;
રહી રાત ચાલ્યા સુખધામ, ગયા ગોવિંદ **ધોળકે** ગામ...૦૫
આવ્યા **અમદાવાદ** દયાળ, સંગ જન સમુહ મરાળ;
આવ્યા હરિજન સર્વે સામૈયે, બહુ શોભા જાય નહીં કૈયે...૦૬
રૂડાં વિધવિધનાં વાજાં વાજે, આવ્યા શેરી સહુ દરશન કાજે;
ગાતાં વાજાં તેડી લાવ્યા ઘેર, કરી મહારાજે મોટી મે'ર...૦૭
આવી ઊતર્યા મંદિર માંઈ, રાજે નરનારાયણ ત્યાંઈ;
સતસંગી સાંખ્યયોગી સંત, ઊતર્યા ભક્ત ને ભગવંત...૦૮
સુંદર શાક પાક સારી પેર, જમ્યા અયોધ્યાપ્રસાદજીને ઘેર;
પછી જમાડ્યા પાળા ને સંત, પીરસી લાડુ હાથે ભગવંત...૦૯
પછી પોઢ્યા જીવનપ્રાણ, જાગ્યા સવારે ચતુર સુજાણ;
પછી વેદીએ પાટ ઢળાવી, ત્યાં બેઠા વા'લમજી આવી...૧૦

પછી સભા થઈ ત્યાં ભારી, સંતજન અનંત નરનારી;
પૂર્વ મુખે બેઠા જગવંદ, શોભે તારા મધ્યે જેમ ચંદ...૧૧
પે'ર્યાં શ્વેત વસ્ત્ર સુંદર, માથે પાઘ ગુલાબી મનહર;
ગુચ્છ ગુલાબી ઝૂંકિયા તોરા, પાઘમાં ગુલાબી ચહુ કોરા...૧૨
બાજુ ગુચ્છ ગુલાબના છાજે, હૈયે હાર ગુલાબી બિરાજે;
ઘેરે ગુલાબી ફૂલે ગરકાવ, જોઈ મૂર્તિ વાધે ઘણો ભાવ...૧૩
પૂજે પ્રભુને હરિજન આવી, વસ્ત્ર ભૂષણ હાર પે'રાવી;
કરે દરશન હરખ ન માવે, હેમ ફૂલે વા'લાને વધાવે...૧૪
એમ લિયે લહાવો વળી જન, કરે દિન સારો દરશન;
વળી આવે છે પુરના જન, કરવા કૃપાનિધિનાં દરશન...૧૫
આવી પ્રશ્ન પૂછે અપાર, કરે ઉત્તર વા'લો તેણી વાર;
સુણી ઉત્તર મગન થાય, પામી આશ્ચર્ય ને ઘેર જાય...૧૬
એમ લીલા કરે અલબેલો, રંગરસિયો છેલછબીલો;
પે'રી વસ્ત્ર અનુપમ અંગી, શિર પાઘ વસંતી સોરંગી...૧૭
દીધાં દરશન પ્રભુ સાત દન, આવી હુતાસણી તે પાવન;
પછી મંગાવ્યા રંગ સોરંગ, કેસુ કસુંબી રંગ પતંગ[૧]...૧૮
રંગ ભરી ભરી લાવ્યા તાંબડીએ, લીધી હરિયે હાથે તે ઘડીએ;
ભાઈ ઈચ્છારામજીને માથે, રેડ્યો રંગ રાજી થઈ નાથે...૧૯
અયોધ્યાપ્રસાદજીને આપે, રેડ્યો રંગ વા'લે અમાપે;
રઘુવીરજીને રાજી થઈ, નાંખ્યો રંગ રૂડો પાસે જઈ...૨૦
સીતારામજીને સુખકારી, નાંખ્યો રંગ ભૂધરજીએ ભારી;
બદ્રિનાથજીને બહુ વાર, નાંખ્યો રંગ પ્રીતમ કરી પ્યાર...૨૧

૧.પતંગ નામના ઝાડમાંથી બનાવવામાં આવતો રંગ

કનહિરામને તે કરી પ્રીતે, નાંખ્યો રંગ રસિયે રૂડી રીતે;
શિવદીન મામાને તે માવ, નાંખ્યો રંગ કરી બહુ ભાવ...૨૨

રઘુમામાને તે રાજી થાઈ, નાંખ્યો રંગ સુંદર સુખદાઈ;
મુક્તાનંદસ્વામીને વા'લે, નાંખ્યો રંગ ઘણો ધર્મલાલે...૨૩

ગોપાળાનંદસ્વામીને ઘનશ્યામ, નાંખ્યો રંગ રૂડો સુખધામ;
બ્રહ્માનંદસ્વામીને ભલી પેર, નાંખ્યો રંગ વા'લે કરી મે'ર...૨૪

નિત્યાનંદસ્વામીને તે નાથે, નાંખ્યો રંગ પોતાને હાથે;
આનંદાનંદસ્વામીને અતિ, નાંખ્યો રંગ પ્રીતે સંતપતિ...૨૫

શુકમુનિને તે સુખકારી, નાંખ્યો રંગ ભૂધરજીએ ભારી;
મહાનુભાવાનંદસ્વામીને માવ, નાંખ્યો રંગ વા'લે કરી ભાવ...૨૬

એ આદ્યે તે સંત અપાર, રમ્યા રંગે તે ધર્મકુમાર;
મુકુંદાનંદ તે બ્રહ્મચારી, રંગ્યા રંગે તે હેત વધારી...૨૭

જેરામને તે જગનાથે, રંગ્યા રંગે તે સુખપાથે;
અખંડાનંદને તે અતિ, નાંખ્યો રંગ વધારી રતી...૨૮

વાસુદેવને તે કરી વા'લ, નાંખ્યો રંગ રૂડો ધર્મલાલ;
એ આદ્યે ઘણા બ્રહ્મચારી, રંગ્યા રંગે તે સુખકારી...૨૯

પાળા ભગુજી રતનજીને ભાળી, રંગ્યા રંગે તે વનમાળી;
ગુમાનજી અને ભીમભાઈ, રંગ્યા રંગે વા'લે રાજી થાઈ...૩૦

વિરા જાલમ આદિ સર્વે પાળા, રંગ્યા રંગે વા'લે રૂપાળા;
દાદોખાચર સોમલો ખાચર, સુરો ખાચર ને વસ્તો ખાચર...૩૧

કાશીદાસ અને વેણીભાઈ, એ આદ્યે રંગ્યા રંગે રાજી થાઈ;
અયોધ્યાવાસી સંત બ્રહ્મચારી, પાળા હરિજનની ભીડ્ય ભારી...૩૨

રંગ્યા સર્વેને તે સુખધામ, શોભે રંગમાં રાતા ઘનશ્યામ;
મળ્યા મંડપ ઉપર ઊભા રઈ, અયોધ્યાવાસીને રાજી થઈ...૩૩

મળ્યા સંતને સુખના સિંધુ, મળ્યા બ્રહ્મચારીને દીનબંધુ;
મળ્યા વા'લાને પલવટ વાળી[1], રંગ ગુલાલની રેડ્યરાળી[2]...૩૪
કરી લીલા તે જગઆધાર, ગાઈ શેષ ન પામે પાર;
પછી નાવાને ચાલિયા નાથ, સખા સંત હરિજન સાથ...૩૫
ચઢ્યા માણકીએ મહારાજ, શોભે બજારમાં મુનિરાજ;
મુનિજન ત્યાં મંગલ ગાવે, મેડે ચઢી માનુની વધાવે...૩૬
વાજે વાજિંત્ર તિયાં અપાર, બોલે જય જય સૌ નરનાર;
એમ આવ્યા સાભર નદી શ્યામ, પુરુષોત્તમ પૂરણકામ...૩૭
નાહ્યા નારાયણ ઘાટે તે નાથ, ભાઈ ભત્રીજા ને સંત સાથ;
બ્રહ્મચારી પાળા જન બહુ, નાહ્યા પ્રસાદી જળમાં સહુ...૩૮
પછી મહારાજ **મોટેરે** ગિયા, દઈ દરશન તરત આવિયા;
આવી બેઠા છે વેદી ઉપર, કરે દરશન ત્યાં નારી નર...૩૯
પછી જમ્યા જીવન રૂડી પેર, ભાઈ ઇચ્છારામજીને ઘેર;
પછી જમાડ્યા સંત ને પાળા, ફેરવી લાડુ વા'લે રૂપાળા...૪૦
એમ કરતાં વીતી છે રાત, સુખે પોઢી જાગ્યા પરભાત;
કરી દાતણ નાહ્યા દયાળ, જમ્યા બેઉ ભાઈને ત્યાં થાળ...૪૧
પછી જમાડિયા જન સોઈ, કરી હતી ઘેબરની રસોઈ;
ફર્યા પંગતમાં પંચ વાર, જમ્યા સંત થયો જેજેકાર...૪૨

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ અમદાવાદમાં ફૂલદોલનો ઉત્સવ કર્યો' એ નામે ત્રેસઠમો કિરણ ॥૬૩॥

૧.કેડ પર કપડું બાંધીને ૨.અતિશય રંગ ઉડાડ્યો

કિરણ : ૬૪

શ્રીહરિ વડતાલમાં રામનવમીનો સમૈયો કરી ગઢપુર પધાર્યા

પૂર્વછાયો :

શ્રીનગરમાં શ્રીહરિયે, કરી લીલા અપરમપાર;
દયા કરીને દરશ સ્પરશે, ઉધાર્યાં નરનાર...૦૧
ધન્ય ધન્ય એ ધામને, ધન્ય નરનારાયણ દેવ;
શ્રીસહજાનંદસ્વામીએ, પધરાવ્યા અખંડ અભેવ...૦૨

ચોપાઈ :

એમ આનંદે ઉત્સવ કરી, પછી ત્યાંથી પધારિયા હરિ;
આવ્યા **અસલાલી**એ ઘનશ્યામ, સંઘ સંત સોતા સુખધામ...૦૩
કરી રસોઈ વેણીભાઈને ઘેર, અયોધ્યાવાસીએ રૂડી પેર;
ત્યાં જમ્યા આવીને નાથ, પીરસે લાડુ જમ્યા સંત સાથ...૦૪
ધન્ય ધન્ય ભક્ત વેણીભાઈ, જેની પ્રીત અતિ પ્રભુ માંઈ;
એના મનોરથ પૂરા કરી, પછી ત્યાંથી પધારિયા હરિ...૦૫
જેતલપુરમાં ગંગાબાઈ, ગંગાદા આસજી આદિ ભાઈ;
તેને ઘેર પધાર્યા ગોવિંદ, સંત સખા લઈ જનવૃંદ...૦૬
તિયાં રૂડાં કરાવ્યાં ભોજન, જમ્યા નાથ સંત સખા પાવન;
ગયા **ગામડી**એ ઘનશ્યામ, બાપુજી વ્રજભાઈને ધામ...૦૭
ત્યાં જઈને જમ્યા ભગવંત, પીરસી લાડુ જમાડ્યા સંત;
પછી સાથ લઈ સર્વે સમાજ, આવ્યા **મેમદાવાદ** મહારાજ...૦૮
ત્યાં દુલ્લભરામ દયારામ, અંબારામ ને બેચર નામ;
તેમને ઘેર જમ્યા ભગવન, પછી જમાડ્યા તે સંત જન...૦૯
ગયા ગોવિંદ **ડભાણ** ગામ, રઘુનાથ પૂજાભાઈને ધામ;
બેઠા હિંડોળે જઈને વા'લો, ધર્મ ધુરંધર ધર્મનો લાલો...૧૦

પછી નાહીને જમ્યા નાથ, જમાડ્યા સંતને સુખપાથ;
રહી રાત આવ્યા **વડતાલ**, કરવા લીલા અલૌકિક લાલ...૧૧
હતો ઉત્સવ આડો પક્ષ એક, રાખ્યા સંત દયા કરી નેક;
વા'લો દે નિત્ય દરશન દાન, બહુ ભાવે કરી ભગવાન...૧૨
કહે જેને મળ્યા ભગવન, તેને કોઈ ન વ્યાપે વિઘન;
જેમ વેજું વસુધાનું[૧] કરે, તેની ચોટ્ય પાછી નવ ફરે...૧૩
તેમ પ્રભુને મળતાં જન, રે'વું સદાય નિઃશંક મન;
એમ વાતુ કરે જીવન, સુણી મગન થયા સંત જન...૧૪
પછી આવ્યો રાનનવમીનો દન, પ્રભુનો જન્મ અતિ પાવન;
રૂડી રામનવમી ને એકાદશી, કર્યા ઉત્સવ ભારે હુલાસી...૧૫
કર્યા વિપ્રે વેદ ઉચ્ચાર, હોમ્યા કુંડે હવીષ્યાન સાર;
વેદ વિધિયે ઉત્સવ કરી, આપ્યાં દાન પછી હરખ ભરી...૧૬
ઘોડી પલાણ ઢાલ ને અસી, આપી પાડી સહિત મહિષી[૨];
ધેનુ સવત્સી ઓઢાડી ઝૂલ, આપ્યાં વસ્ત્ર કસુંબી અમૂલ...૧૭
સોના દોરો ને ઘણા રૂપૈયા, લઈ બ્રાહ્મણ રાજી બહુ થૈયા;
જાય ગોમતીજી ઘનશ્યામ, આવે મંદિરમાં સુખધામ...૧૮
પે'રે વસ્ત્ર ભૂષણ ફૂલહાર, તેનો કે'તાં ન આવે પાર;
રામપ્રતાપ ને ઈચ્છારામ, બેઉને ઘેર જમે ઘનશ્યામ...૧૯
અયોધ્યાવાસી જે નરનાર, તેના પુણ્ય તણો નહીં પાર;
રૂડી આવડે રસોઈ સહુ, જમે દહીંવડાં તે વા'લો બહુ...૨૦
કઢી વડી ને સુંદર ભાત, જમે જીવન થઈ રળિયાત;
પૂરી શાક જમે પ્રભુ પ્રીતે, રસિયોજી તે રૂડી રીતે...૨૧

૧.પૃથ્વીનું નિશાન ૨.ભેંશ

પછી આવી પૂનમ સુખકારી, નીમવાળાં આવ્યાં નરનારી;
પ્રભુ બેઠા મંદિર ઉપર, પાટ ઢળાવીને મનહર...૨૨
મંદિર પાછળ કૂપને પાસ, બેઠા આથમણા અવિનાશ;
બેઠા અયોધ્યાવાસી આવી, નીરખે હરિને તે હેત લાવી...૨૩
મોટા સંત બેઠા સુજાણ, અર્પી પ્રભુને તન મન પ્રાણ;
હેઠા બેઠા હરિજન અપાર, નીરખે નાથને તે વારંવાર...૨૪
જેમ ચંદને જુવે ચકોર, તેમ નીરખે નાથને નિશભોર;
એમ બેઠા આવીને જન, પ્રભુ નીરખીને થાવા પાવન...૨૫
નખશિખ શ્રીહરિને જોઈ, નાંખે દુઃખ દારિદ્ર ખોઈ;
સર્વ આવ્યા હરિજન સાથ, પ્રેમે પૂજવા પ્રભુને હાથ...૨૬
પે'ર્યો વા'લે સુંદર સુરવાળ, નાડી નવરંગ ફૂમતાં રસાળ;
જામો જરકસી સુંદર શોભે, જોઈ જન તણાં મન લોભે...૨૭
માથે મોળિયું ગરક કસુંબી, છોગું સોનેરી કલંગી લુંબી[૧];
આંટો ફરતો સોનેરી તાર, તેને નીરખે પ્રીતે નરનાર...૨૮
કેડ્યે બાંધ્યું કસુંબલ શેલું, જરિયાની અતિ અલબેલું;
હાથમાં રૂડો રેશમી રૂમાલ, કીધું કેસર તિલક ભાલ...૨૯
શોભે ચંદ્રક કુમકુમ તણો, નીરખે ભક્ત ભાવે સોહામણો;
પે'ર્યાં હેમકડાં બેઉ હાથ, વેઢ વીંટી પે'ર્યાં સુખપાથ...૩૦
પોંચી બાજુ ઢળકતાં બોર, શોભે સુંદર ધર્મકિશોર;
ગળે સાંકળી મોતીની માળા, ગુચ્છ ગુલાબી કરણે રૂપાળા...૩૧
ગજરા બાજુ તોરા ફૂલહાર, શોભે અંગોઅંગ શણગાર;
એવી રીતે પ્રીતે પૂજ્યા હરિ, નીરખ્યા નાથને નેણાં ભરી...૩૨
દીધાં દરશન વા'લે દયા આણી, કર્યો સમૈયો સારંગપાણી[૨];

૧.ઝુમખાવાળી (લુંબ = ઝુંમખું; ગુચ્છ) ૨.ભગવાને

પછી ત્યારી કરી જાવા કાજ, ચઢ્યા માણકીએ મહારાજ...૩૩
સંગ સોતા ચાલ્યા સુખધામ, રહ્યા વડલે **ત્રંબોવાડ** ગામ;
ચાલ્યા ચતુર સુજાણ સવારે, રહ્યા ગામ **વટામણ** ત્યારે...૩૪
રહ્યા ભલુને ઘેર હરિ રાત, પ્રભુ ચાલ્યા ત્યાંથી પ્રભાત;
લાવ્યા બ્રહ્માનંદસ્વામીને સાથ, રૂડાં કીરતન કરવા નાથ...૩૫
જાખડા બોરું કમિયાળું ગામ, આવ્યા **ગાંફે** તે સુંદરશ્યામ;
મનુભા પૂજા વસ્તાને ઘેર, વા'લો રહ્યા કરી બહુ મે'ર...૩૬
ત્યાંથી ચાલ્યા સુખે સુખધામ, આવ્યા કેશવ **કારિયાણી** ગામ;
રહ્યા વસ્તા ખાચરને ત્યાં રાત, ચાલ્યા પ્રભુ ત્યાંથી પ્રભાત...૩૭
આવ્યા રાધાવાવ્યે વનમાળી, મનોહર રૂડી મૂર્તિ રૂપાળી;
શ્વેત વસ્ત્ર સોનેરી સાજ, શોભે માણકીએ મહારાજ...૩૮
આવ્યા હરિજન સામૈયે સાર, નીરખી નાથને પે'રાવે હાર;
તોરા ગજરા ગુચ્છ શોભે કાજુ, બાંધ્યા બેઉ ભુજાએ તે બાજુ...૩૯
લાગી પગે વા'લાને વધાવે, ધોળ મંગળ મનોહર ગાવે;
ફૂલ્યા ફૂલમાં સુંદરશ્યામ, ધીરા ધીરા ચાલે સુખધામ...૪૦
વાજતે ગાજતે વળી વા'લો, આવ્યા મંદિરમાં ધર્મલાલો;
કરી ઠાકોરનાં દરશન, બેઠા ઓસરિયે થઈ પ્રસન...૪૧
લાડુબાઈને ઓરડે ઓસરી, વા'લો બેઠા ત્યાં સભા કરી;
રૂડો ઢોલિયો ગાદલું છાજે, સુંદર તકિયે ફૂમતાં રાજે[1]...૪૨
બેઠા આથમણે મુખે નાથ, તકિયે અઢેલીને સુખપાથ;
કરે સંત હરિજન દરશન, પે'રાવે હાર થઈ પ્રસન...૪૩
લાગે પગે કરી બહુ પ્યાર, વા'લો પૂછે સર્વે સમાચાર;
હાર આપે હરિવર હસી, એવી મૂર્તિ અંતરમાં વસી...૪૪

૧.શોભે

દીધાં દરશન તે બહુ વાર, ઊઠ્યા નાવા તે ધર્મકુમાર;
નાહ્યા ઊને જળે અવિનાશ, ગંગાજળિયા કૂપને પાસ...૪૫
જમ્યા અયોધ્યાવાસીને ઘેર, વા'લો કરીને બહુ મહેર;
પાસે બેઠા ઈચ્છારામભાઈ, ધીરે ધીરે જમ્યા સુખદાઈ...૪૬
દીધી દાદાખાચરને પ્રસાદી, દઈ ભાજી રોટલી રાયજાદી;
લઈ મુખવાસ સુંદરશ્યામ, પોઢ્યા ઓરડીમાં સુખધામ...૪૭
કરી પગચંપી બહુ વાર, ઢોળ્યો વીંજણે વા અપાર;
સુખે સૂતા શ્રીસહજાનંદ, નીરખ્યા નયણે પ્રીતમ જગવંદ...૪૮

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ વડતાલમાં રામનવમીનો ઉત્સવ કરી ગઢપુર પધાર્યા' એ નામે ચોસઠમો કિરણ ॥૬૪॥

કિરણ : ૬૫

મોટા મોટા સાહેબોએ શ્રીહરિનું સન્માન કર્યું

પૂર્વછાયો :

સાહેબ લોક મોટે મળી, પૂજ્યા શ્રીસહજાનંદ;
સંત હરિજન તે જોઈને, પામ્યા તે પરમ આનંદ...૦૧
અતિશે સનમાન કીધું, વારંવાર વિનતિ કરી;
બહુ હેતે બંગલે બોલાવી, અતિ હેતે પૂજ્યા હરિ...૦૨

ચોપાઈ :

એક સમે શ્રીમહારાજ, સંગ ભૂપ લઈ તે સમાજ;
શોભે અશ્વ ઘણા અસવાર, આવ્યા **ખેડે** તે પ્રાણઆધાર...૦૩
તિહા સાહેબ હતા તે ચાર, અતિ બુદ્ધિવંત અપાર;
એરણ સાહેબ તે બડા એક, રોલ સાહેબ પરમ વિવેક...૦૪

બાકર સાહેબ તે કહીજે, રોબટ સાહેબ ચોથા લીજે;
ચાર મળી સાહેબ એહ, પધરાવ્યા મહારાજને તેહ...૦૫

અદાલતમાં[૧] તે અતિ સાર, બંગલો રચાવ્યો તે વાર;
બહુ ચિત્ર કરી તે શોભે, જોઈ દેવ તણાં મન લોભે...૦૬

શ્રીહરિને આવતા જાણી, સાહેબ સર્વ તે પરિયાણી[૨];
પડઘમ વિલાયતી વાજાં, સન્મુખ મેલ્યાં તે ઝાઝાં...૦૭

સન્માન કર્યું ભલી ભાત, મુખ કહી બને નહિ વાત;
દેખી હોય નજરે તે જાણે, જોયા વિના તે શું વખાણે...૦૮

હરિ આવ્યા બંગલા પાસ, અશ્વથી ઊતર્યા અવિનાશ;
વસન ભૂષણ તે સોનેરી, તેણે મૂર્તિ શોભે ઘણેરી...૦૯

અશ્વ સોનામય રહે શોભી, તેને દાસ રહે એક થોભી;
સુવર્ણની છડી લઈ હાથ, ચોપદાર બોલે જે જે નાથ...૧૦

સંગ ભૂપ કાઠી અસવાર, તેનો ગણતાં નાવે પાર;
પેટી[૩] કવચ સોના કેરા, તેણે કરી શોભે ઘણેરા...૧૧

તલવાર ઢાલ સોનામય, સર્વે છે હરિની તે વય;
સાહેબે અસવારી જોઈ, અતિ ખુશી થયા સર્વ સોઈ...૧૨

હરિને તે ભેટ્યા ભરી ભાવ, મનમાં અતિ ભર્યા ઉછાવ[૪];
ટોપી ઉતારી હાથમાં ઝાલી, શ્રીહરિને સામા આવ્યા ચાલી...૧૩

બેઠક કરી તિયાં અનુપ, ખુરશિયું ધરી બહુ રૂપ;
તેની ઉપર હરખ લાવી, વા'લાને બેસાર્યા બોલાવી...૧૪

હરિ આવ્યા હતા જે કામે, સમાચાર પૂછ્યા તે ઠામે;
તેનો ઉત્તર તરત દીધો, હરિનો આદર બહુ કીધો...૧૫

૧.ન્યાયાલયમાં ૨.તૈયાર કરીને ૩.છાતીને રક્ષણ આપે એવું ૪.ઉત્સાહ-આનંદ

હરિના દ્વેષી જે અસુર, પાસે બેઠા હતા તે હજૂર;
તે બોલ્યા જે જે વળી વાત, શિર હરિને ધરી ઉતપાત[1]...૧૬
સાહેબમાં કરી પરવેશ, હરિ બોલ્યા વચન વરેશ[2];
વચન કટાક્ષ તે ઉચ્ચાર, અસુરનો કર્યો સંહાર...૧૭
અસુર પછી બોલે ન કાંઈ, બહુ આબરૂ ગુમાવી તાંઈ;
તેજ પ્રતાપ લેશ ન રહ્યો, સાહેબને ભાર તેનો ગયો...૧૮
આબરૂ તેની વાર ને પાર, તરત ઊતરી ગઈ તે વાર;
જેમ શ્વાન શરભ થયો'તો, ઋષિનો થઈને તે રહ્યો'તો...૧૯
ઋષિનો જ્યારે અપજશ ધાર્યો, શ્વાન ઋષિયે તરત કરી ડાર્યો;
એમ વાત થઈ તતકાલ, નિજ વચને કર્યા ભૂંડા હાલ...૨૦
હરિની પૂજા સાહેબે કરી, વચન અમૃત તે ઉચરી;
ફૂલના પહેરાવ્યા તે હાર, પાનબીડાં દીધાં તેણી વાર...૨૧
ચાર સાહેબે ચાર શાલ દીધી, પછી વિનતિ તે બહુ કીધી;
તમે મોટા છો જોગીરાજ, તુમ સમ નથી કોઈ આજ...૨૨
તમને પૂજશે ભાવ કરીને, તે બેસશે અંતર ઠરીને;
તમે કલ્પતરૂ છો સુજાણ, અમે કર્યું છે તે પરમાણ...૨૩
નીતિ પર તે ધર્મ તુમારો, બીજો ધર્મ છે નીતિથી બારો;
નીતિ પર છે અમારે પ્રીતિ, નથી ગમતી અમને અનીતિ...૨૪
અનીતિનો તે કરવાને નાશ, અમે કર્યો છે ઈહાં નિવાસ;
તમે આપો વચન એવો, અમે ધારીએ થાય તેવો...૨૫
થાય પ્રજા સુખી જે રીતે, એવો વર આપો તમે પ્રીતે;
અમે અમારા સુખને હિત, નથી વર માગતા મિત...૨૬
પ્રજા સુખે સુખ હમારે, પ્રજા દુઃખે દુઃખ વિચારે;

૧.ઉપદ્રવ; તોફાન ૨.અતિ શ્રેષ્ઠ

શ્રીહરિ કહે સતસંગ કેરો, તમો રાખજો પક્ષ ઘણેરો...૨૭
એટલો તે વચન અમારો, સુખ અતિ કરે તે તમારો;
એમ કહીને શ્રીહરિ ચાલ્યા, સંગ આવ્યા તેને પાછા વાળ્યા...૨૮
હરિ આવ્યા તે ગામ **ડભાણ**, સામા આવ્યા સતસંગી સુજાણ;
વિષ્ણુદા પ્રાગદા પૂજોભાઈ, એ આદિ અત્યંત ભાઈ બાઈ...૨૯
પ્રેમે પૂજે પ્રભુને જમાવે, બાઈ ભાઈ અતિ ભલે ભાવે;
રહ્યા રાજી થઈ ભગવન, દીધાં દરશન તે બહુ દન...૩૦
એરણ સાહેબે અમદાવાદ માંઈ, કર્યું સનમાન સ્વામીનું ત્યાંઈ;
સહજાનંદસ્વામીને બોલાવી, દીધી જાયગા[1] તે મનભાવી...૩૧
ત્યાં કર્યું મંદિર તતખેવ, પધરાવ્યા નરનારાયણ દેવ;
દુલાપ સાહેબ દલના ઉદાર, કર્યું સનમાન સ્વામીનું અપાર...૩૨
લાંક સાહેબે નડિયાદ સ્થાન, કર્યું સ્વામીનું બહુ સનમાન;
અતિ રાજી થયા મહારાજ, કરી લીધું પોતાનું કાજ...૩૩
સુરત શહેરે ઈંદ્રસેન આપ, પીરૂ અરદેસર તે નવાબ;
કર્યું સનમાન સ્વામીનું ભારી, અંતરજામી અંતરમાં ધારી...૩૪
ધોલેરાપુરમાં રૂડું ધામ, ત્યાં પધાર્યા સહજાનંદ શ્યામ;
ત્યાં જાકસણ સાહેબે જાઈ, કર્યું સનમાન સ્વામીનું રાજી થાઈ...૩૫
ગવેંદ્ર સાહેબ ને ઉલેચન, બલેન સાહેબ ને બીજા જન;
હતા ગામ રાજકોટ માંઈ, સ્વામી પધાર્યા'તા વળી ત્યાંઈ...૩૬
કર્યું સાહેબે સનમાન બહુ, તે તો જાણે જગતમાં સહુ;
સ્વામીને ઓઢાડી બે શાલ, ગુલાબ વારી છાંટ્યું કરી વા'લ...૩૭
લાગ્યા પગે કરી વિનતિ, હાથ જોડીને તે વળી અતિ;
વડોદરામાં સિયાજીરાવે, કર્યું સનમાન તે ભલે ભાવે...૩૮

૧.જગ્યા; જમીન

તેડાવ્યા સ્વામીને તે સંત, અતિ પ્રીતે પૂજ્યા ભગવંત;
વળી શહેર માંગરોળમાંઈ, રહ્યા હરિ રાજી થઈ ત્યાંઈ...૩૯

રાજા વજદીને વારમવાર, કર્યું સનમાન જાણી આધાર;
ગયા જીરણગઢમાં જગનાથ, શ્રીસહજાનંદ સુખનાથ...૪૦

કર્યું સનમાન નવાબે બહુ, તે તો જાણે સંતજન સહુ;
ભુજનગરમાં તે ભલી પેર, સ્વામી રહ્યા કરી બહુ મે'ર...૪૧

કર્યું સનમાન નવાબે ઘણું, તેની વાત ઝાઝી શું ભણું;
ગંગારામ આદિ જે જન, પૂજ્યા પ્રભુને તે બહુ દન...૪૨

સૂરજ પ્રભા આદિ બાઈ ભાઈ, કર્યું સનમાન અતિ રાજી થાઈ;
જાલમ ઠાકોર ઘોડાસર ગામ, કર્યું સનમાન સ્વામી તેડી ધામ...૪૩

જેમલ મેરે જીરણગઢ માંઈ, કર્યું સનમાન સ્વામીનું ત્યાંઈ;
વસો ગામમાં તુલસીભાઈ, રહ્યા નહિ કોઈથી દબાઈ...૪૪

કર્યો સતસંગ તે ભલે ભાવે, સેવ્યા સ્વામીને નિશંક દાવે[1];
સરાવણમાં સારાં આંબફળ, અતિ મીઠાં મોટાં ભારે દળ[2]...૪૫

ભરી ભારે ટોપલા ભક્ત સમાજ, મેલ્યા ગઢડે મહારાજને કાજ;
લઈ ગયા તે ગિરધરદાસ, જોઈ રાજી થયા અવિનાશ...૪૬

જોઈ ભક્તનો ભાવ તે ભારી, જમ્યા કેરિયું બહુ સુખકારી;
સંભાર્યા હરિજન સહુને, નામ લઈ લઈ તે બહુને...૪૭

થઈ પ્રસન્ન મેલી પ્રસાદી, સ્વામી સહજાનંદે રાયજાદી;
અમદાવાદમાં મોતીરામ, કર્યા રાજી તે શ્રીઘનશ્યામ...૪૮

રાખી પક્ષ તે સતસંગ તણી, કુસંગીને તરણા તુલ્ય ગણી;
ગઢડામાં મીરસાહેબે આવી, સ્વામીને શેલું પાઘ બંધાવી...૪૯

કરી વિનતિ જોડીને હાથ, કરજ્યો ગુના બક્ષિશ[3] નાથ;

૧.નિશ્ચિંતપણે; નિર્ભયપણે ૨.ગરભવાળા ૩.માફ

ગોંડલ શહેરના તે હઠીભાઈ, ભાણાભાઈ આદિ રાજી થાઈ...૫૦
એવા મોટા મોટા રાજા બહુ, કર્યું સનમાન સ્વામીનું સહુ;
તેનો કહ્યે નવ આવે પાર, આ તો લખ્યું સંક્ષેપે લગાર...૫૧
એવા સર્વકારણ સહજાનંદ, ટાળ્યા બહુ જીવના ભવફંદ;
સર્વ અવતારી પોતે આવી, દીધો મોક્ષનો મારગ બતાવી...૫૨

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'મોટા મોટા સાહેબોએ શ્રીહરિનું સન્માન કર્યું' એ નામે પાંસઠમો કિરણ ॥૬૫॥

કિરણ : ૬૬

શ્રીહરિનાં વચનમાં રહેવાનો મહિમા તથા પ્રતાપ

પૂર્વછાયો :

વચન પ્રમાણે જે વરતે, તે ઉપરે પ્રસન્ન અતિ;
વચન લોપી ભક્તિ કરે, અમે તે ઉપર રાજી નહિ રતી...૦૧
શશી સૂરજ શેષ સિંધુ, સર્વે રહે વચનમાં;
વારિ વસુધા વહની[૧], મરૂત ડરે વળી મનમાં...૦૨
ભવબ્રહ્મા ભૂલે નહીં, ડરે વચનથી દિકપાળ;
સુરાસુર ઈંદ્ર અંબા, કંપે વચનથી કાળ...૦૩

ચોપાઈ :

શ્રીહરિનું માહાત્મ્ય એવું, સમજી અંતર ધારી લેવું;
જેની આજ્ઞામાં દેવ ડરે છે, વચન પ્રમાણે સર્વે કરે છે...૦૪
જળ ઉપર ધરા સ્થિર થાય, જેની ડોલાવી તર્ત ડોલી જાય;
તારા મંડળ અધર ફરે છે, જેના વરસાવ્યા મેઘ ઝરે છે...૦૫

૧.અગ્નિ

સૂર્ય ચંદ્ર કે'દિ નવ કાંય, આજ્ઞાએ તે ઊગે અસ્ત થાય;
ચંદ્રકળા વધે ઘટે માપે, તે પણ પ્રભુ તણે પ્રતાપે...૦૬

પાળ વિનાનો સમુદ્ર જેહ, હરિ આજ્ઞા ન લોપે તેહ;
જળબિંદુથી મનુષ્ય થાય, નાક કાનાદિ ઈંદ્રી તે માંય...૦૭

રહે આકાશમાં અધર જળ, ગાજવીજ આચરજ સબળ[૧];
મુને મળિયા જે મહારાજ, તેનું કર્યું થાય છે આજ...૦૮

જે જે થયું ને વળી થાશે, તેને મોટા મુનિવર ગાશે;
વરસે ઈંદ્ર વળી જેને ત્રાસે, શશી સૂર્ય અગ્નિ પ્રકાશે...૦૯

ઔષધી ઋતુને પામી ફળે, ધરા ધારે લોક જેને બળે;
વિચિત્ર ભાતની સૃષ્ટિ સારી, જેને પ્રતાપે સૃજે બ્રહ્મા ભારી...૧૦

જેને પ્રતાપે વિષ્ણુ વારંવાર, પોષે સૃષ્ટિ કરી બહુ પ્યાર;
જેને પ્રતાપે શિવ સરે છે, સર્વે હરી નિર્દોષ ફરે છે...૧૧

જેને પ્રતાપે તે હનુમન, કૂદી સમુદ્ર સો જોજન;
બાળી લંકા આવ્યા બળભર, પામ્યા પ્રભુ થકી ભારે વર...૧૨

કરે સદાકાળ હરિ સેવ, અખંડ રહે અતિ અભેવ;
હરિ ગુણ ગાઈ વારંવાર, પાંચ મુખે શિવ ન પામે પાર...૧૩

બ્રહ્મા ચાર મુખે ગુણ ગાય, શેષ સહસ્ર મુખે ન અઘાય[૨];
તમારા ભય થકી મૃત્યુ ફરે છે, ધરા લોકને સદા ધરે છે...૧૪

રહે પાતાળમાં સદા શેષ, ધરી પૃથવી માથે હંમેશ;
સહસ્ર મુખે સંભારે છે હરિ, રહે અહોનિશ તે ધ્યાન ધરી...૧૫

મૂંગો હોય તે થાય વાચાળ, તમારે પ્રતાપે તતકાળ;
તમારા પરતાપે હે હરિ, પાંગળો ઓળંગે તે ગિરિ...૧૬

મહા કળિ મધ્યે મહારાજ, કર્યાં અનેક જીવનાં કાજ;

૧.જોરદાર; અતિશય ૨.તૃપ્ત થાય-ધરાય

તમારે પ્રતાપે વળી શ્યામ, જીત્યા અનંત નરનારી કામ...૧૭
તમારે પ્રતાપે મુનિ જેહ, જીત્યા લોભ સર્વે વળી તેહ;
ક્રોધ ભૂંડો અતિ કરાળ[1], તુમ પ્રતાપે જીત્યા મરાળ...૧૮
જીત્યા સ્વાદ તે વળી સહુ, તમારે પ્રતાપે સાધુ બહુ;
જીત્યા મત્સર ને વળી માન, તમારે પ્રતાપે શ્રીભગવાન...૧૯
જીત્યા સનેહને સર્વે સંત, તમારે પ્રતાપે શ્રીભગવંત;
થઈ નિઃસ્પૃહ ને ભજે હરિ, પાછા નાવે તે ભવમાં ફરી...૨૦
જીત્યા સ્પર્શને તે શ્યામ, હરિ ભજીને તમારું નામ;
જીત્યા શબ્દ તે સર્વે જન, તમારે પ્રતાપે હે ભગવન...૨૧
જીત્યા સર્વે રસ ને રૂપ, તમારે પ્રતાપે મુનિના ભૂપ;
જીત્યા ગંધ તે વળી વા'લા, તમારે પ્રતાપે ધર્મના લાલા...૨૨
તમારા પ્રતાપે જીતી મન, સાધુ સર્વે ન લોપે વચન;
અસત વચન તે નવ બોલે, દેહને તે ગણે તરણાં તોલે...૨૩
ત્યાગ્યા સપ્ત ધાતુ સર્વે સંત, તમારે પ્રતાપે તે ભગવંત;
સંતે વાસના તે સર્વે ટાળી, તમારે પ્રતાપે વનમાળી...૨૪
સર્વે તારામંડળ છે ચલ, તમારે પ્રતાપે ધ્રુવ અચલ;
તમારે પ્રતાપે મુનીન્દ્ર, સર્વે ઔષધીને પોષે ચંદ્ર...૨૫
શ્રીયે એકવાર સામું જોઈ, ભર્યાં અભર[2] પદારથ સોઈ;
તે તમારે પ્રતાપે મહારાજ, કર્યું દેવનું સુંદર કાજ...૨૬
તમારે પ્રતાપે તે શ્રીહરિ, લાવ્યા દ્રોણાચલ માથે ધરી;
મહા મોટો પર્વત અતંત, સહેજમાં તે લાવ્યા હનુમંત...૨૭
તુમારે પ્રતાપે પૃથવી માંઈ, હીરા માણેક ઝવેર ત્યાંઈ;
સપ્ત ધાતુ રૂડા રસ કેવાયે, સુંદર વસ્તુ ધરામાંથી થાયે...૨૮

૧.ભયંકર ૨.પુષ્કળ; સંપૂર્ણ

તુમ પ્રતાપે શુકજી જેહ, બોલ્યા ઝાડે ઝાડ પ્રત્યે તેહ;
તુમ પ્રતાપે ઉદ્ધવાદિ સહુ, પામ્યા પાંડવ સામર્થી તે બહુ...૨૯

તમારે પ્રતાપે સાધુ સંતદાસ, ગયા નરનારાયણ પાસ;
ઓળંગી હિમાલયને તેહ, થયા દેહ છતે તે વિદેહ[૧]...૩૦

તુમ પ્રતાપે સાધુ રામદાસ, પામ્યા સિદ્ધ દશા અવિનાશ;
તે જેમ બોલે તેમજ થાય, વૃથા બોલ કે'દિ નવ જાય...૩૧

બહુ સમર્થ સ્વરૂપાનંદ, ફરે દેશ પ્રદેશે સ્વચ્છંદ;
તુમારે પ્રતાપે સમાધિવાન, દેખે અહોનિશ તે ભગવાન...૩૨

વળી વ્યાપકાનંદ જે સંત, તમારે પ્રતાપે ભગવંત;
જેમ જેમ ધારે તેમ થાય, મુખે મહિમા કહ્યો નવ જાય...૩૩

બહુ સમર્થ સચ્ચિદાનંદ, તમારે પ્રતાપે મુનિ ઈંદ;
દેખે સમાધિમાં સર્વ ધામ, ભજે અહોનિશ તે ઘનશ્યામ...૩૪

તમારે પ્રતાપે વિજ્ઞાનદાસ, કરે બ્રહ્મમોલ જઈ વાસ;
લાવે ખબર સર્વ ધામ તણી, તેની વાત શી કૈયે ઘણી...૩૫

તમારે પ્રતાપે પરવતભાઈ, દેખે અક્ષરધામ ત્યાં જાઈ;
દીઠા ચોવીસે અવતાર, નીરખ્યા હરિને તે કરી પ્યાર...૩૬

એવાં અનંત આચરજ થાય, તે મુખથી કહ્યાં નવ જાય;
તે તો સહજાનંદ સુખકારી, સર્વ અવતારના અવતારી...૩૭

વળી ગોપાળાનંદજી સંત, સર્વે સાધુમાં મોટા મહંત;
જાણે પરના મનની વાત, બહુ મોટા જોગી સાક્ષાત...૩૮

ઘણે હેતે હરિગુણ ગાય, મૂર્તિ અહોનિશ પાસ દેખાય;
સર્વ સમાધિવાનમાં સારા, હરિ ઉપાસી પ્રભુને પ્યારા...૩૯

સાધુ લક્ષણ સ્વભાવ ભારી, શોભે ત્રીસ લક્ષણ સુખકારી;

૧.દેહથી પર

ભારે પંડિત ને વિદ્યાવાન, પ્રશ્ન ઉત્તરમાં સાવધાન...૪૦
તાણે પરના તે નાડી પ્રાણ, જોગ સાધ્યામાં સારા સુજાણ;
સંત હરિજનમાં બહુ હેત, અતિ દયાળુ કરૂણાનિકેત...૪૧

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિનાં વચનમાં રહેવાનો મહિમા તથા પ્રતાપ કહ્યો' એ નામે છાસઠમો કિરણ ॥૬૬॥

કિરણ : ૬૭

શ્રીહરિએ દીપોત્સવ તથા અન્નકૂટ ઉત્સવ કર્યા તેનું વર્ણન

પૂર્વછાયો :

દીપ ઉત્સવ અન્નકોટના, કર્યા સમૈયા સ્વામીએ જેહ;
પ્રથમથી સર્વે કહું, સાંભળો સંતજન તેહ...૦૧
લોજ ગામમાં કરી લીલા, મુક્તાનંદજી મહારાજ મળી;
દીપ ઉત્સવ અન્નકોટ કરી, જમાડી સંત મંડળી...૦૨

ચોપાઈ :

મળ્યા મહારાજને સંત સહુ, પરસ્પર હેત કરી બહુ;
સાર વેમજી ને જેઠો નામ, કરણ સગરામ વસે લોજ ગામ...૦૩
કાના જૂઠા આદિ જન જાઈ, લાગ્યા પગે પ્રભુને રાજી થાઈ;
રામાનંદજી ને ઘનશ્યામ, કર્યો સમૈયો પિપલાણે ગામ...૦૪
દીપ ઉત્સવ અન્નકોટ પ્રીતે, કરી સંત જમ્યા રૂડી રીતે;
સાંજે મળ્યા મહારાજને સંત, પ્રીતે રામાનંદસ્વામી પૂજંત...૦૫
નરસી મહેતા આદિ જે જન, લાગ્યા પગે થઈ પરસન;
વળી લોજ ગામમાં તે ભારી, કર્યા દીપ અન્નકોટ પધારી...૦૬

રામાનંદજી ને મુક્તાનંદ, શોભે સહજાનંદ સુખકંદ;
કરી રસોઈ તે બહુ પ્રીતે, સુંદર શાક પાક રૂડી રીતે...૦૭

જમ્યા થાળ ઠાકોર ભાવ ભરી, થયા ત્રપત આરોગી હરિ;
પીરસી પ્રભુ જમાડ્યા સંતજન, અતિ રાજી થઈ ભગવન...૦૮

સાંજે સંત સ્વામી સહુ મળ્યા, ખોયલા દિવસના ખંગ વળ્યા[૧];
લાગ્યા પગે હરિજન વૃંદ, નીરખી નાથને પામ્યા આનંદ...૦૯

હરિ ગયા માણાવદર ગામ, ભટ્ટ મયારામને ધામ;
પરવતભાઈ આદિ હરિજન, નીરખી નાથને થયા પાવન...૧૦

કર્યા દીપ અન્નકોટ ભારી, શ્રીસહજાનંદ સુખકારી;
જમી પોતે ને જમાડ્યા સંત, પીરસી લાડુ હાથે ભગવંત...૧૧

મળ્યા સંત સર્વેને સ્વામી, દુઃખ દારિદ્ર તે નાખ્યાં વામી[૨];
સર્વે હરિજનને તે ત્યાંઈ, દીધાં ચરણ તે છાતીમાંઈ...૧૨

ગયા **ભુજનગર** ભગવાન, જેનું ધરે મુનિવર ધ્યાન;
કર્યો દીપ ઉત્સવ ત્યાં જાઈ, સ્વામી સહજાનંદ સુખદાઈ...૧૩

પૂર્યો અન્નકોટ તે અતિ અન્ને, લેહ્ય ચોસ્ય ને ભક્ષ ભોજને;
જમી રહ્યા ઠાકોર જ્યારે થાળ, પછી જમ્યા તે દીનદયાળ...૧૪

સંતને પછી જમાડ્યા સ્વામી, પીરસ્યા લાડુ પોતે અંતરજામી;
મળ્યા સંતને તે સહજાનંદ, નીરખી હરિજન પામ્યા આનંદ...૧૫

હીરજી સુંદરજી ગંગારામ, દેવરામ નારાયણજી નામ;
એ આદિ હરિજન વૃંદ, પૂજ્યા પ્રીતે શ્રીસહજાનંદ...૧૬

કરી ધૂપ દીપ ને આરતી, થયા રાજી સુંદર સંતપતિ;
ગામ **ભાદરા** સુંદર ભાળી, કર્યો અન્નકોટ ને દિવાળી...૧૭

૧.વિતેલા દિવસની ખોટનો બદલો વળ્યો ૨.ટાળી દીધા

મૂળજી ભક્ત રતનાને ઘેર, કર્યો સમૈયો પોતે રૂડી પેર;
ગયા માંગરોળમાં મહારાજ, કરવા અનેક જીવનાં કાજ...૧૮
મુક્તાનંદ આદિ સર્વે સંત, શોભે મોટા મોટા મહંત;
દીપ ઉત્સવ અન્નકોટ ભારી, કર્યો સહજાનંદ સુખકારી...૧૯
ગોરધન મેઘજી મૂળચંદ, આણંદજી આદિ હરિજન વૃંદ;
કરાવ્યાં પકવાન બહુ પ્રીતે, જમાડ્યા હરિને રૂડી રીતે...૨૦
કરી ધૂપ દીપ ને આરતી, સર્વે પૂજ્યા પ્રેમે સંતપતિ;
રૂડી રીતે જમ્યા સંત સાથ, હરિયે પીરસ્યા લાડુ લઈ હાથ...૨૧
સાંજે મળ્યા સંતને સ્વામી, દીધાં સુખ તે અંતરજામી;
શ્રીસહજાનંદ સુખદાઈ, ગયા **ભુજનગરે** રાજી થાઈ...૨૨
દીપઉત્સવ ને અન્નકોટ અન્ને, કર્યો ભારે તે ભક્તિનંદને;
જમાડ્યા નરનારાયણ દેવ, પછી જમ્યા હરિ તે અભેવ...૨૩
પછી જમાડ્યા સખા ને સંત, પીરસી લાડુ હાથે ભગવંત;
મળ્યા સંધ્યા ટાણે રાજી થાઈ, સંત સખાને તે સુખદાઈ...૨૪
દેવરામ આદિ હરિજન, નીરખી નાથને થયા પાવન;
હતા **મેઘપુર** મહારાજ, કર્યો દીપ ઉત્સવ મુનિરાજ...૨૫
મેઘજી લાડકી આદિ જન, કરાવ્યો અન્નકોટ પાવન;
જમ્યા ઠાકોરજી પેલા થાળ, પછી જમ્યા તે દીનદયાળ...૨૬
પછી જમાડ્યા સંત ને પાળા, પીરસી લાડુ વા'લે રૂપાળા;
સંધ્યા ટાણે મળ્યા સંત શ્યામ, કીધાં દર્શન પુરુષ ને વામ...૨૭
પ્રભુ પધાર્યા **ભુજનગર**, કરવા દીપ ઉત્સવ નટવર;
ગંગારામ હીરજી આદિ જન, બાઈ ભાઈ અતિ પાવન...૨૮
કરી સેવા શ્રીહરિની સારી, કરાવ્યો અન્નકોટ તે ભારી;
જમાડ્યા નરનારાયણ દેવ, પછી જમ્યા તે હરિ અભેવ...૨૯

પીરસી લાડુ જમાડ્યા સંત, અતિ હેતે કરી ભગવંત;
સાંજે મળ્યા સર્વેને સ્વામી, સંત પાળાને તે બહુનામી...૩૦
થયા ધર્મનંદન પ્રસન્ન, દીધાં હરિજનને દર્શન;
ગયા **કારિયાણી** મે'ર કરી, માંચા ભક્તને ઘેર તે હરિ...૩૧
સંત પાળા અને અસવાર, આવ્યા પ્રભુ કરી બહુ પ્યાર;
દીપ ઉત્સવ ને અન્નકોટ, ભારે કરાવ્યો ન રાખી ખોટ...૩૨
પે'લા ધરી ઠાકોરજીને થાળ, પછી જમ્યા જન પ્રતિપાળ;
સંત પાળા અને અસવાર, પીરસી લાડુ જમાડ્યા તે વાર...૩૩
હરિ મળ્યા સંતને સંધ્યા ટાણે, જેણે દીઠા હોય તેહ જાણે;
પછી બેઠા સભા મધ્યે શ્યામ, ઓટા ઉપર આવી ગુણધામ...૩૪
શોભે મૂરતિ મનોહર ભારી, શ્રીસહજાનંદ સુખકારી;
દીધાં દર્શન તે બહુ વાર, નીરખ્યા નેણાં ભરી નરનાર...૩૫
ગાય રાસ ફરે મુનિવૃંદ, ભેળા ફરે સ્વામી સહજાનંદ;
પછી પોઢ્યા તે પૂરણકામ, સુંદર સજ્યા ઉપર ઘનશ્યામ...૩૬
ગયા **સારંગપુર** સહજાનંદ, સાથે લઈ મુનિજન વૃંદ;
જીવો ખાચર રાઠોડ પાવન, વાઘા અમરા આદિ હરિજન...૩૭
આવ્યા સામૈયું લઈ સર્વે સાથ, જોઈ રાજી થયા મુનિ નાથ;
ગાતે વાતે તેડી લાવ્યા ઘેર, પ્રભુ પધરાવ્યા તે રૂડી પેર...૩૮
ઓટા ઉપર ઢોલીડે જગદીશ, બેઠા આંબલી તળે મુનિ ઈશ;
શોભે સુંદરવર ઘનશ્યામ, પુરુષોતમ પૂરણકામ...૩૯
દીધાં દર્શન તે બહુવાર, જમી પોઢ્યા તે ધર્મકુમાર;
દિવાળીને દિવસ ઘણા ઘણા, કર્યા દીવા નવ રાખી મણા...૪૦
ચારેકોર ભક્ત મુનિવૃંદ, શોભે સિંહાસને સહજાનંદ;
વસ્ત્ર ભૂષણ ને અલંકાર, મુખ શોભે તે તેજ અંબાર...૪૧

હેતે નીરખે હરિજન વૃંદ, જેમ ચકોર ચિંતવે ચંદ;
કર્યો અન્નકોટ તે બહુ અન્ને, લેહ્ય ચોસ્ય ને ભક્ષ ભોજને...૪૨
જમી રહ્યા ઠાકોર જ્યારે થાળ, પછી જમ્યા શ્રીહરિ દયાળ;
પીરસી લાડુ જમાડ્યા સંત, અતિ પ્રીતે કરી ભગવંત...૪૩
ઝાર પટોળ્યાંને[1] દી જગદીશ, મળ્યા સંતને સાંજે મુનિઈશ;
પાળા બ્રહ્મચારીને રાજી થાઈ, મળ્યા સહજાનંદ સુખદાઈ...૪૪
પછી દરબારમાં સભા કરી, બેઠા ઓસરી ઉપર હરિ;
કર્યા પ્રશ્ન ઉત્તર બહુવાર, સ્વામી સંતે કરી અતિ પ્યાર...૪૫
બાઈ ભાઈએ નીરખ્યા નાથ, નેણાં ભરી સ્વામી સુખપાથ;
એવી લીલા કરી હરિ બહુ, જાણી લેજ્યો સંત જન સહુ...૪૬

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ જ્યાં જ્યાં દીપોત્સવ તથા અન્નકૂટ ઉત્સવ કર્યા તેનું વર્ણન કર્યું' એ નામે સડસઠમો કિરણ ॥૬૭॥

કિરણ : ૬૮

શ્રીહરિએ બુધેજમાં અન્નકૂટ ઉત્સવ કર્યો તથા દેશદેશના હરિભક્તોએ પૂજા કરી

પૂર્વછાયો :

ગામ **કરિયાણે** કરી દિવાળી, અન્નકોટનો ઉત્સવ અતિ;
સંતજન હરિ દર્શને, આવ્યા સર્વે ત્યાં શુભમતિ...૦૧
મીણબાઈ કાળો મકવાણો, ઓઢા ખાચર આદિ જન;
શ્રીસહજાનંદ સ્વામીને, પ્રીતે પૂજ્યા બહુ દન...૦૨

૧.બેસતા વર્ષને

ચોપાઈ :

કરી રસોઈ તે બહુ સારી, હરિજને તે હેત વધારી;
સુંદર શાક પાક તે રસાળ, ધર્યા પ્રીતે ઠાકોરને થાળ...૦૩
પછી જમ્યા શ્રીસહજાનંદ, નીર્ખી હરિજન પામ્યા આનંદ;
લઈ લાડુ પંગતમાં ફરી, જમાડ્યા સંતને હાથે હરિ...૦૪
સાંજે મળ્યા સંતને તે શ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
પછી **ગઢડે** આવ્યા કરી મે'ર, હરિ દાદાખાચરને ઘેર...૦૫
પછી દીપ ઉત્સવ કરવા કાજ, ચાલ્યા ચરોતરે મહારાજ;
સંત અસવાર લઈને સાથ, સાંજે આવ્યા **સારંગપુર** નાથ...૦૬
રહી રાત ચાલ્યા સુખધામ, આવ્યા પ્રીતમ **પછમ** ગામ;
રહી દેવજીને ઘેર રાત, ત્યાંથી ચાલ્યા પ્રભુ પ્રભાત...૦૭
આવ્યા **ગુડેલ્યે** શ્રીઘનશ્યામ, રહ્યા રાત જીભાઈને ધામ;
ગયા **ગોરાડ** ગામમાં નાથ, ભેળા લીધા કાંધાજીને સાથ...૦૮
આવ્યા **બુધેજ** તે બહુનામી, સુખસાગર સહજાનંદ સ્વામી;
હઠી હરિભાઈ હરિજન, ખોડોભાઈ તેજોભાઈ પાવન...૦૯
કલભાઈ ને વરહોભાઈ, કાકોભાઈ નાજી જીજીભાઈ;
કલ્યાણજી આદિ બાઈ ભાઈ, કરે સેવા સ્વામીની રાજી થાઈ...૧૦
ઠાર[૧] રતનો કુબેર બે ભાઈ, વેણો પીતાંબર સુખદાઈ;
પ્રભુદાસ ને જેસિંગભાઈ, બેચરદાસ ને લખુભાઈ...૧૧
ત્યાં આવ્યા સુરતના હરિજન, કરવા મહારાજનાં દર્શન;
કર્યો અન્નકોટ રસોઈ ભારી, જમ્યા સહજાનંદ સુખકારી...૧૨
પ્રભુ પીરસી પકવાન પ્રીતે, જમાડ્યા સંત સખા રૂડી રીતે;
પછી સાંજે તે હરિ સુખકંદ, મળ્યા સંતને સહજાનંદ...૧૩

૧.સુતાર

બેઠા ઓસરીએ ઢોલીડે નાથ, કરે દર્શન સંતજન સાથ;
પછી સુરતના ભેળા થાઈ, પ્રભુને પૂજવા આવ્યા ભાઈ...૧૪
ગોવિંદભાઈ અને ભાઈચંદ, ભીખારીદા લક્ષ્મીદાસ સ્વછંદ;
ભગવાન જાદવ નરોત્તમ, હરગોવિંદ નારણ સમ...૧૫
એ આદિ હરિજન વૃંદ, પૂજ્યા પ્રીતે સ્વામી સહજાનંદ;
સુરવાળ સોનેરી તે શોભે, જામો જરકસી જોઈ જન લોભે...૧૬
ભારે પાઘ છોગું અલબેલું, કમરે કસ્યું કસુંબલ શેલું;
હરિજને ઓઢાડી છે શાલ, હાથમાં રૂડો રેશમી રૂમાલ...૧૭
કડાં સાંકળાં બાજુ કુંડળ, વેઢ વીંટી પોંચી ઝળામળ;
તોડા કંદોરો મોતીની માળા, હેમ ઊતરી હાર રૂપાળા...૧૮
મોતી તોરો કલંગી સાર, ઝળકે પાઘમાં અતિ ઉદાર;
ભાલે ચંદન ચોખા ચાંદલો, શોભે સુંદરવરને ભલો...૧૯
ગુચ્છ સોના રૂપાના મોતી કાને, વા'લો શોભે છે ભીને વાને;
હાર ગજરા ગુચ્છ તોરા બાજુ, શોભે સુગંધી ફૂલના કાજુ...૨૦
ધર્યા પેંડા બરફીના થાળ, જાયફળ લવિંગ તજ રસાળ;
શ્રીફળ સાકર એલચી સારી, કેળાં જામફળ જાવંત્રી ભારી...૨૧
કરી ધૂપ દીપ ને આરતી, પ્રેમે પૂજ્યા સર્વે સંતપતિ;
કરી સ્તુતિ ને લાગ્યા પાય, નીરખી નાથને હરખ ન માય...૨૨
આવ્યા બારાના સતસંગી બહુ, કરવા સ્વામીનાં દર્શન સહુ;
ગામ ગુડેલના તે જીભાઈ, પૂજાજી આદિ ભાઈ ને બાઈ...૨૩
ખંભાતના રૂપો નરભેરામ, ધુનું આદિ પુરુષ ને વામ;
ગામ આખોલે તે પથોભાઈ, બનેસંગ આદિ જન કંઈ...૨૪
વડગામના મૂળુજીભાઈ, જીજીભાઈ આદિ સર્વ જાઈ;
ગામ પાનડના દેવો કહું, એ આદિ બીજા ભક્ત બહુ...૨૫

ગામ રોણીના ત્રિકમ પાવન, એ આદિ બીજા સરવે જન;
ગામ ગોરાડના તે કાંધોજી, રામબાઈ આદિ ને પૂજોજી...૨૬

ગામ જીસકાના માલબાઈ, એ આદિ બીજા બાઈ ભાઈ;
ભક્ત ભાઈજી મૈયારી ગામ, એ આદિ પુરૂષ ને વામ...૨૭

ગલિયાણે તે કરણોજી જેહ, એહ આદિ બીજા ભક્ત તેહ;
વટામણે ભલું ભીમભઈ, રતનજી આદિ બીજા કંઈ...૨૮

માતર ગામના માનસિંહ સારા, એ આદિ ભક્ત પ્રભુને પ્યારા;
ખાનપુરના ખોડો પાવન, એહ આદિ બીજા હરિજન...૨૯

દુધારીમાં તે હમીરભાઈ, એ આદિ ભક્ત ભાઈ બાઈ;
ગામ નભોયે રામો ભક્ત કૈયે, તુલસી આદિ બીજા ભક્ત લૈયે...૩૦

લાલદાસ અને કાશીરામ, એહાદિ જન લીંબાસી ગામ;
ગામ સાયલામાં ભગવાન, એહ આદિ જન તે અમાન...૩૧

ભક્ત રૂડો નારાયણ નામ, એહાદિ જન બામણગામ;
ભક્ત ભલો જેઠોભાઈ જાણો, એહાદિ જન પરિયેજ પ્રમાણો...૩૨

જગરૂપ અને બાપુજી જેહ, પ્રભુદાસ ને રસીભાઈ તેહ;
એ આદિ સર્વે બાઈ ભાઈ, રહે સિંજીવાડે તે રાજી થાઈ...૩૩

ગાડા ગામના જેઠો જેસિંગભઈ, એહ આદિ બીજા ભક્ત કઈ;
લખો ગોકળભાઈ પાવન, એહાદિ સોજીતરે બહુ જન...૩૪

વસે ગામ તારાપર મઈ, નારણદાસ આદિ બીજા કઈ;
રણછોડ અને ગોકળદાસ, એહાદિનો મોરજમાં વાસ...૩૫

આવ્યા ઈહરવાડાના જન, પ્રભુ પૂજવા અતિ પાવન;
ભક્ત જોયતો ઉમેદભાઈ, એહાદિ જન ઉટવાળા માંઈ...૩૬

પંડોળીમાં વસ્તાભાઈ આદિ, મોટા ભક્ત વસે મરજાદી[1];

૧.મર્યાદાવાળા; મરજીમાં રહેનારા

કાળીદા ભાયજી પ્રભુદાસ, એહ આદિ ભક્તના રે વાસ...૩૭
ભક્ત ભગવાનદાસજી નામ, અવલબા આદિ રોણ ગામ;
શેઠ વજા આદિ બહુ ભાઈ, વસે ગામ રામોલડી માંઈ...૩૮
રઘુનાથદાસ આદિ જન, વસે સાંદરણે તે પાવન;
કાનદા નાનીબા લાલબાઈ, કાસીદા આદિ બોચાસણ માંઈ...૩૯
સિંહવા ઝારોલાના તે વાર, આવ્યા દર્શન કરવાં નરનાર;
ભાઈબા કેદાર ને પૃથ્વીરાજ, પૂજ્યા પ્રભુ કર્યું રૂડું કાજ...૪૦
ગોવિંદ આદિ વાલવડ ગામ, બોરસદે વિઠ્ઠલ આશારામ;
વેરામાં કાલીદા આદિ કૈયે, મોટા ભક્ત તે બહુ લૈયે...૪૧
સુણાવના શંકર વેરી આદિ, મોટા ભક્ત એ તો મરજાદી;
ધર્મજે દાજી કિશોરભાઈ, એ આદ્યે બીજા ભાઈ બાઈ...૪૨
પોંયડાના તે તો ચુથોભાઈ, પેટલાદે વજા આદિ કંઈ;
ભક્ત ભલો બળિયો છે નામે, એહાદિ જન જલસેણ ગામે...૪૩
ભક્ત ભલા રામજી આદ્યે, વસે જન હરિના જલોદે;
ભક્ત પ્રતાપ અને હમીર, રહે ગામ ખડોદીમાં ધીર...૪૪
હરિભાઈ ને તે ધોરીભાઈ, એહાદિ વસે વડદલામાંઈ;
ભક્ત જેસંગભાઈ તે જાણો, એહાદિ જન રહે પરમાણો...૪૫
પાલેજમાં તે પુરુષોત્તમભઈ, એહ આદિ બીજા ભક્ત કઈ;
સર્વે બારાનાં બાઈ ભાઈ, આવ્યાં બુધેજ ગામે રાજી થાઈ...૪૬
કરે દરશન સ્વામીનાં સહુ, પૂજી પ્રભુને રાજી થાય બહુ;
તકિયો રેશમી ગાદલું છાજે, રંગત ઢોલિયે વા'લો બિરાજે...૪૭
થઈ સભા તે સુંદર સારી, સંત જન અનંત નરનારી;
શોભે સભા મધ્યે સહજાનંદ, જેમ તારામાં પૂરણચંદ...૪૮

દીધાં દર્શન તે દશ દન, નીરખી હરિજન થયા પાવન;
બત્રીસ વાર બુધેજ આવ્યા હરિ, તે તો વાત લખી છે મેં ખરી...૪૯

બાર વાર બોચારણમાંઈ, પ્રભુ પધાર્યા તે વળી ત્યાંઈ;
પછી બુધેજથી બહુનામી, વૌઠે પધાર્યા અંતરજામી...૫૦

સંત હરિજન લઈ સાથ, પ્રબોધિની કરી પોતે નાથ;
સોમનાથનાં દર્શન કરી, દીધાં વસ્ત્ર પૂજારીને હરિ...૫૧

પછી માતર આવ્યા કરી મે'ર, રાત રહ્યા માનસિંહને ઘેર;
આવ્યા ડભાણે તે સુખપાથ, વડે હિંડોળે બેઠા તે નાથ...૫૨

રહી રાત આવ્યા વડતાલ, કરી લીલા અલૌકિક લાલ;
એવા સહજાનંદ સુખકંદ, નીરખી હરિજન પામ્યા આનંદ...૫૩

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ બુધેજમાં અન્નકૂટ ઉત્સવ કર્યો તથા દેશ દેશના હરિભક્તોએ પૂજા કરી' એ નામે અડસઠમો કિરણ ॥૬૮॥

કિરણ : ૬૯

શ્રીહરિએ સારંગપુરમાં હુતાસણી કરી તથા ઝીંઝાવદર, ગઢડા અને વડતાલમાં અન્નકૂટ ઉત્સવ કર્યો

પૂર્વછાયો :

પછી સહજાનંદ સ્વામીએ, દર્શન દીધાં દેશ દેશ;
લીલા કરી ગુજરાતમાં, પાંચાલે કર્યો પ્રવેશ...૦૧

એમ ફરે પાવન કરે પૃથવી, જુવે જાણે અજાણે જન;
દર્શન કરી દયાળના, થાય સર્વે તે પાવન...૦૨

દર્શને દુક્રિત[૧] ટળે, અને સ્પર્શે નાશે પાપ;
તે હરિને સંભારતાં, ટળી જાય સર્વે સંતાપ...૦૩

ચોપાઈ :

સારંગપુરે થઈને પરસન, કરી હુતાસણી દીધાં દર્શન;
આવ્યા દેશ પરદેશથી સંગ, નીરખ્યા નાથને કરી ઉમંગ...૦૪

પછી આવ્યા **ઝીંઝાવદર** ગામ, સુખસાગર સહજાનંદ શ્યામ;
હરિ રહ્યા છાના કરી મે'ર, અલૈયા ખાચરને તે ઘેર...૦૫

કર્યો દીપ ઉત્સવ દિવાળી, રમે જમે મૂરતિ રૂપાળી;
સુંદરવર અતિશે શોભે, વદન વા'લાનું જોઈ મન લોભે...૦૬

નાજા ભક્ત આદિ સખા પાસ, તેને મળ્યા હેતે અવિનાશ;
રહ્યા બહુ ત્યાં અંતરજામી, સુખસાગર સહજાનંદસ્વામી...૦૭

ગઢપુરમાં તે ઘનશ્યામ, કર્યો દીપ ઉત્સવ સુખધામ;
અનેક ભાતનાં કરાવ્યાં અન્ન, પૂરાવ્યો અન્નકોટ જીવન...૦૮

જમાડ્યા ઠાકોર રૂડી રીતે, પછી જમ્યા વા'લો બહુ પ્રીતે;
જમાડ્યા સંત ને વળી પાળા, પીરસી પ્રભુએ લાડુ રસાળા ...૦૯

પછી સાંજે મળ્યા સુખકારી, સંત પાળાને હેત વધારી;
મળ્યા બ્રહ્મચારીને ભગવાન, સુખસાગર કૃપાનિધાન...૧૦

કરે દર્શન તે બાઈ ભાઈ, નીરખે નાથને સહુ રાજી થાઈ;
પછી બેઠા પલંગ પર સ્વામી, ઊંચી ઓસરીએ બહુનામી...૧૧

શોભે વસ્ત્ર ભૂષણ ફૂલહાર, મુખકમળ તેજ અંબાર;
સંત હરિજન કરે દર્શન, પ્રભુ થયા અતિ પરસન...૧૨

પછી પોઢ્યા ઓરડીમાં જાઈ, સુખ સજ્યા પર રાજી થાઈ;
એવા ભક્તિનંદન ઘનશ્યામ, પુરુષોતમ પૂરણકામ...૧૩

૧.દુષ્ટ કર્મો

આવ્યા **ગઢપુરથી** **વરતાલ**, દીપ ઉત્સવ કરવા લાલ;
કર્યો અન્નકોટ સમૈયો ભારી, શ્રીસહજાનંદ સુખકારી...૧૪
કહે ભલે પધાર્યા ભગવાન, દીધાં અમને દર્શન દાન;
જમી જીવન સંત જમાડ્યા, હરિજનને મોદ પમાડ્યા...૧૫
પછી આવ્યા છે આંબલે હરિ, બેઠા પાટ ઉપર દયા કરી;
ઓટા પાસે આંબલો રૂપાળો, શોભે સભા મધ્યે મરમાળો...૧૬
સુંદર પે'રાવિયો સુરવાળ, જામો જરકસી ચાળ વિશાળ;
શીશે બાંધી છે સોનેરી પાગ, જરી રેંટો કેડ્યે જોયા લાગ...૧૭
પે'ર્યાં કડાં સાંકળાં કંદોરો, તોડા પોંચી વેઢ હેમ તોરો;
બાજુ ઊતરી મોતીની માળા, કુંડળ કાને ગુચ્છ રૂપાળા...૧૮
ફૂલહાર ગજરા ને બાજુ, તોરા ફૂલના પાઘે શોભે કાજુ;
પછી સાંજે પૂરી દીપમાળ, અતિ સુંદર શોભે વિશાળ...૧૯
કરી કમાન્યું કાંગરા રાજે, ત્યાં સુંદર દીવા બિરાજે;
કર્યાં ઝાડ દોય દીપતણાં, થઈ શોભા જુવે જન ઘણાં...૨૦
બેઠા બેને મધ્યે મહારાજ, સંતજનને દર્શન દેવા કાજ;
જોઈ હરિને થિયા મગન, સહુ કહે પ્રભુ ધન્ય ધન્ય...૨૧
આવ્યો આનંદ ન માય મન, પછી ગાવા લાગ્યા કીરતન;
ગાય ગરબી ને રમે છે રાસ, સંત ભેળા ફરે અવિનાશ...૨૨
કરે ખાંતિલો સુંદર ખેલ, શોભે સંત મધ્યે અલબેલ;
ઝળકે વસ્ત્ર ઘરેણાં હાર પીળા, એમ કરે છે લાડીલો લીલા...૨૩
નિત્ય કરે નવલો વિહાર, કે'તાં કવિ ન પામે પાર;
આવે સતસંગી નર ને નાર, પૂજે પ્રીતે તે ધર્મકુમાર...૨૪
કરે સ્તુતિ બહુ સર્વે મળી, લાગે પાયે પ્રભુને લળી;
પછી બોલિયા પ્રાણઆધાર, હવે રસોઈને શી છે વાર...૨૫

ત્યારે જોઈને આવ્યા જોબન, ચાલો મહારાજ થયાં ભોજન;
પછી પધાર્યા પ્રાણજીવન, સર્વે સાથ લઈ મુનિજન...૨૬
તિયાં કર્યો અન્નકોટ અતિ, જમ્યા જુગતે પે'લા સંતપતિ;
પીરસી જમાડ્યા સંત પાળા, લઈ લાડુ વા'લે તે રૂપાળા...૨૭
ફર્યા પંગતમાં પાંચવાર, જમ્યા સંત થયો જેજેકાર;
પછી આવ્યા છે આંબલે ફરી, બેઠા પાટ ઉપર પોતે હરિ...૨૮
સાંજે મળ્યા સંતને તે શ્યામ, બ્રહ્મચારી પાળાને ગુણધામ;
પછી આરતી ધૂન ત્યાં કરી, પોઢ્યા જોબનને મેડે હરિ...૨૯
એવી લીલા અલૌકિક કરી, પછી **ગઢડે** પધાર્યા હરિ;
નાહી જમી પોઢ્યા જગવંદ, સુખકારી સ્વામી સહજાનંદ...૩૦
કર્યો દીપ ઉત્સવ તે વા'લે, શ્રીગઢપુરમાં ધર્મલાલે;
કર્યો અન્નકોટ અંતરજામી, સુખસાગર સહજાનંદસ્વામી...૩૧
તેડ્યા પાસે હતા જે સંત, અતિ રાજી થઈ ભગવંત;
પૂરી દિવાળીએ દીપમાળ, આવી બેઠા ઓસરીએ દયાળ...૩૨
ભારે વસ્ત્ર ભૂષણ અલંકાર, રાજે ઢોલીડે ધર્મકુમાર;
મૂર્તિ મનોહર મરમાળી, બેઠા પ્રભુજી પલવટ વાળી...૩૩
નિરખે સંતજન નરનાર, મુખચંદ તે તેજ અંબાર;
કરી ભોજન વિંજન બહુ ભાત, પૂર્યો અન્નકોટ થઈ રળિયાત...૩૪
જમી રહ્યા ઠાકોરજી જયારે, ઉતારી આરતી તેહ વારે;
પછી જમ્યા તે ભક્તિનંદન, પૂરી પકવાન રૂડા વ્યંજન...૩૫
પછી જમાડ્યા સખા ને સંત, પીરસી લાડુ જલેબી ભગવંત;
સાંજે મળ્યા સંતને તે શ્યામ, પાળા બ્રહ્મચારીને ગુણધામ...૩૬
કરી લીલા અલૌકિક ત્યાંઈ, દાદાખાચરના દરબાર માંઈ;
પોઢ્યા ઓરડીમાં અંતરજામી, સુખસાગર સહજાનંદસ્વામી...૩૭

ચાલ્યા **ગઢપુર**થી ઘનશ્યામ, આવ્યા કેશવ **કારિયાણી** ગામ;
લીધા વસ્તા ખાચરને સાથ, આવ્યા **પિપળીએ** સાંજે નાથ...૩૮
રહ્યા દાદાભાઈને ઘેર રાત, પ્રભુ ચાલ્યા ત્યાંથી પ્રભાત;
આવ્યા **સિંજીવાડે** કરી મે'ર, વા'લો રહ્યા જગરૂપને ઘેર...૩૯
ચાલ્યા સવારમાં ધર્મલાલ, આવ્યા વા'લમજી **વરતાલ**;
આસો વદિ અમાસને દન, કર્યો દીપ ઉત્સવ ભગવન...૪૦
કરે નિત્ય નવી લીલા લાલ, જોઈ સંતજન થાય નિહાલ;
પછી આવ્યો ઉત્સવનો દન, પૂરી દીપમાળા મુનિજન...૪૧
ત્યાં સુંદર વેદી તે રૂપાળી, બેઠા પાટ ઉપર વનમાળી;
શોભે મુનિ મધ્યે જગવંદ, જેમ તારામાં પૂરણ ચંદ...૪૨
દીપે દીપજ્યોતિ ત્યાં અપાર, જાણે અતિ તેજનું અગાર[૧];
અતિ પ્રકાશ મંદિર માંય, શોભે શ્રીહરિ અતિશે ત્યાંય...૪૩
અંબર આભૂષણ અંગે જેહ, અતિ તેજોમય શોભે તેહ;
દીધાં દર્શન એવાં દયાળે, દયાસિંધુ જન પ્રતિપાળે...૪૪
ગાય કીર્તન થાય કિલોલ, મળ્યા હરિજનના હીલોલ;
સર્વે જોઈ રહ્યા હરિ સામું, વા'લે પૂરી છે હૈયાની હામું...૪૫
એમ વીતી ગઈ અર્ધ રાત, પછી પ્રભુજી કહે સુણો વાત;
અમે જાશું હવે ગામમાંય, તમે રાત રે'જો સર્વે આંય...૪૬
પોઢ્યા જોબનને મેડે નાથ, હતા પાળા પાસે પાંચ સાત;
પ્રભુ પોઢી જાગ્યા પ્રભાત, ત્યારે પૂછી રસોઈની વાત...૪૭
ત્યારે બોલ્યા બાવો નારણગર, થઈ રસોઈ ત્યાર સુંદર;
પછી દાતણ કરી દયાળ, નાહી નાથ જમ્યા પછી થાળ...૪૮
જમ્યા જીવન જન હેત કાજ, પછી તેડાવ્યો સંત સમાજ;

૧.નિવાસ સ્થાન

તેને જમાડ્યા બહુ હેત કરી, પીરસી પાત્ર દીધાં અતિ ભરી...૪૯
બહુ ભાતનાં કર્યાં'તાં અન્ન, હતો અન્નકોટનો એ દન;
જમો સંતો કંસાર છે કેવો, માલપૂડા લાડુ જમો સેવો...૫૦
એમ નાથ કરે તાંણ ઝાઝી, તેમ નારાયણગર થાય રાજી;
જમ્યા સંત થયો જેજેકાર, આવ્યા આંબલે પ્રાણઆધાર...૫૧
પછી મળિયા સંતને સ્વામી, આંબલા તળે અંતરજામી;
ઓટો ઉગમણો આંબલો પાસ, બહુ લીલા કરી અવિનાશ...૫૨
એવી લીલા અલૌકિક કરી, પછી **ગઢપુર** પધાર્યા હરિ;
જમી પોઢ્યા તે ઓરડીમાંઈ, સુખ સજ્યા પર હરિ ત્યાંઈ...૫૩

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ સારંગપુરમાં હુતાસણી કરી તથા ઝીંઝાવદર, ગઢડા અને વડતાલમાં અન્નકૂટ ઉત્સવ કર્યો' એ નામે અગનોસિતેરમો કિરણ ॥૬૯॥

કિરણ : ૭૦

શ્રીહરિએ વડતાલમાં અન્નકૂટ ઉત્સવ કર્યો

પૂર્વછાયો :

ગઢપુરમાં ગોવિંદ રહે, સદાય તે સુખધામ;
જમી જીવન ત્યાર થયા, ચાલવા શ્રીઘનશ્યામ...૦૧
પેર્યો સુરવાળ શ્વેત વા'લે, અંગરખું ઓપે અતિ;
માથે સુંદર મોળિયું, કસી કેડ્ય શોભે સંતપતિ...૦૨

ચોપાઈ :

પે'રી મોજડી હાથમાં રૂમાલ, આવ્યા ઓસરીએ ધર્મલાલ;
કર્યો કુમકુમ ચાંદલો સાર, ભટ્ટ મયારામે તે વાર...૦૩

દાદાખાચરે તોરા હાર લઈ, પે'રાવ્યા પ્રભુને રાજી થઈ;
ઘોડી માણકી સોનેરી સાજ, લાવ્યા નાનભક્ત હરિ કાજ...૦૪

થયા અસવાર અંતરજામી, સુખસાગર સહજાનંદ સ્વામી;
હવે સાંભળો પુરુષ ને વામ, ચઢ્યા અસવાર તેનાં કહું નામ...૦૫

દાદોખાચર ને સોમલો ખાચર, સુરો ખાચર ને વસ્તો ખાચર;
અલૈયો ને જીવો ખાચર જેહ, માતરો ને મોકો ખાચર તેહ...૦૬

ઘેલો ધાધલ ને નાગમાલો, નાન નાજો વાઘો ખાચર વા'લો;
જીવો ખાચર અને રાઠોડ, આવ્યા દાહો નાથો કરી ધોડ...૦૭

જીણોભાઈ દાદો ગગોભાઈ, વેલો ખાચર ને ભોજોભાઈ;
દેહો અલૈયો અમરો એહ, હાથિયો મામૈયો રામ તેહ...૦૮

પૂજોજી પૂજોશેઠ ભગોભાઈ, હરજી લાધો ને કાયોભાઈ;
જીભાઈ મૂળુભાઈ રાઘવ વળી, કાકોભાઈ જીવોભાઈ મંડળી...૦૯

એહ આદિ ઘણા અસવાર, તેનો ગણતા ન આવે પાર;
ચાલે ઘોડલાની ઘુંમર ભારી, તેમાં શોભે શ્યામ સુખકારી...૧૦

હવે કહું તે પાળાનાં નામ, રહે હરિ પાસે આઠો જામ;
ભગુજી રવોજી બે સાર, થયા ઊંટ ઉપર અસવાર...૧૧

રતનજી ગુમાનજી ભીમભાઈ, વિરો દેવો કમો હમીરભાઈ;
માનસિંહ ને કેસરીસિંહ, માનજી કસળો લાખો સંઘ...૧૨

નાથુજી નથુ કાજો કૈયે, કાનોજી જેઠો ગુમાન કાળો લૈયે;
હરજી મિયાંજી અને જાલમ, જોરોજી અરજણ તે સમ...૧૩

કરીમ રામસિંહ ને લાધોજી, વેરોભાઈ ને વાલો મૂળુજી;
એ આદિ પાળા ચાલે સાથ, જોઈ રાજી થાય અતિ નાથ...૧૪

કેડ્યે અસવાર આગળ પાળા, મધ્યે શ્યામ શોભે રૂપાળા;
ઘમકે ઘોડી ઘરેણામાં ભરી, આવ્યા ગામ **કારિયાણી** હરિ...૧૫

રહી રાત ચાલ્યા સર્વ સાથ, ગયા બપોરે **ચોકડી** નાથ;
હરખો જેસિંગ ભક્ત ભારી, કરી ચાકરી સુંદર સારી...૧૬
પછી ભાદર ઉતર્યા સુખધામ, આવ્યા સાંજે ગોવિંદ **ગાંફ** ગામ;
રહ્યા વસ્તા પૂજાને તે ઘેર, કરી સેવાચાકરી સારી પેર...૧૭
ત્યાંથી દોડ કરી સુખપાથ, આવ્યા **ચોરતળાવડી** નાથ;
ઊભા આંબાનાં છાંયે દયાળ, એક હાથે ઝાલી આંબા ડાળ...૧૮
ત્યાંથી આવ્યા **કમિયાળે** ગામ, ઊતર્યા ભોગાવો તે સુખધામ;
ઊતરી સાભર **સિંજીવાડે** ગયા, બાપુ જગરૂપને ઘેર રહ્યા...૧૯
કરી સેવા ત્યાં સારી પેર, વા'લો **વડતાલ** આવ્યા કરી મે'ર;
આવ્યા સામૈયે સર્વે જન, પૂજી પ્રભુને થયા પાવન...૨૦
પછી ગાતાં વાતાં આવ્યા ગામ, ત્યારે બોલિયા સુંદરશ્યામ;
ગામમાં તો છે ભીડ ઘણેરી, સંઘ મનુષ્યે સઘન[1] થઈ શેરી...૨૧
ચાલો પુરથી પૂરવ દિશે, એમ જનને કહ્યું મુનિ ઈશે;
તરુ તળાવ તટે સઘન, રૂડાં વિધ વિધ ભાતિનાં વન...૨૨
બહુ મોટાં ઘાટી છે છાંય, સાધુ ઊતરિયા સર્વે ત્યાંય;
એક અતિ ઊંચો આંબલો, ઘાટો છાંયો વિશાળ તે ભલો...૨૩
ત્યાં ઊતર્યા અંતરજામી, બેઠા હિંડોળા પર સુખે સ્વામી;
આવ્યા સંત હરિજન દાસ, પગે લાગી બેસે પ્રભુ પાસ...૨૪
એક ભક્ત બ્રાહ્મણ ગંગાબાઈ, આવ્યાં થાળ લઈ રાજી થાઈ;
પેંડા બરફી પકવાન ભારી, જમ્યા શ્યામસુંદર સુખકારી...૨૫
દાદાખાચરને દીધી પ્રસાદી, બેઠા હિંડોળે મૂર્તિ રાયજાદી;
બળે બો'ળી મેતાબુ[2] મશાલ, શોભે સંત મધ્યે ધર્મલાલ...૨૬

૧.ભરચક ૨.એક જાતનું દારૂખાનું

કરે સંતજનને વા'લો વાત, દીધાં દર્શન ગઈ અધરાત;
કર્યો દીપઉત્સવ અતિ ભારી, પછી પુરમાં પધાર્યા સુખકારી...૨૭

વાસણ ભવાન જાદવ ખુશાલ, નારણ પ્રભુદા રણછોડ ગોપાલ;
રૂડી હવેલી એની વિશાળ, ત્યાં જઈ પોઢ્યા જન પ્રતિપાળ...૨૮

પછી દર્શન દેવાં કાજ, આવ્યા આંબલે શ્રીમહારાજ;
બાલ વૃદ્ધ અને નરનાર, આવ્યાં દર્શને કરીને પ્યાર...૨૯

લાવ્યાં વસ્ત્ર વિવિધ ભાતનાં, હેમ આભરણ[1] જાત જાતનાં;
ચંદન પુષ્પ તુલસી ને ધૂપ, સાકર શ્રીફળ નૈવેદ અનુપ...૩૦

એહાદિ અનેક સામગરી, લાવ્યા સૌ સૌના થાળ ભરી;
પછી પૂજા કરી નરનારે, પૂજ્યા પ્રભુ ષોડશ ઉપચારે...૩૧

પછી બેઠાં સામાં જોડી હાથ, નયણે નીરખ્યા હરિ સુખપાથ;
પછી આવ્યા જમવા જગવંદ, મંદિરમાં સ્વામી સહજાનંદ...૩૨

હતો અન્નકોટનો તે દન, બેઠા જમવા પોતે ભગવન;
લાડુ જલેબી પૂરી દૂધપાક, ભાત દાળ ને સુંદર શાક...૩૩

જમ્યા જીવન જુગતે કરી, કરો પંગત એમ બોલ્યા હરિ;
પછી સંતમાં શ્રીઘનશ્યામ, પીરસ્યા લાડુ સુંદર સુખધામ...૩૪

ફર્યા પંગતમાં પંચવાર, જમ્યા સંત થયો જેજેકાર;
જમ્યા અસવાર ને તે પાળા, પીરસ્યા લાડુ વા'લે રૂપાળા...૩૫

મળ્યા સંતને શ્રીઘનશ્યામ, પુરુષોતમ પૂરણકામ;
કરી લીલા તે જગઆધાર, ગાઈ શેષ ન પામે પાર...૩૬

પછી વસ્ત્ર ઘરેણાંને પે'રી, ચડી ઘોડે ચાલ્યા રંગલે'રી;
ગયા વા'લો **પિપળાવ** ગામ, ત્યાંથી **બુધેજ** ગયા સુખધામ...૩૭

પછી **ગોરાડ ગુડેલ્ય** થઈ, ગયા વા'લો **કમિયાળે** વઈ;

૧.ઘરેણાં

રહી રાત ચાલ્યા જગવંદ, ગયા **સારંગપુર** સહજાનંદ...૩૮
ત્યાંથી ચાલ્યા સવારે શ્યામ, આવ્યા ગોવિંદ **ગઢપુર** ગામ;
બેઠા ઓસરીએ અલબેલ, રૂડે ઢોલીડે તે રંગરેલ...૩૯
દીધાં દર્શન ત્યાં બહુ વાર, પછી નાહ્યા તે ધર્મકુમાર;
રૂડા આસન ઉપર બહુનામી, બેઠા જમવા સહજાનંદ સ્વામી...૪૦
જમ્યા પૂરી અને દૂધપાક, ભાત દાળ વડાં દહીં શાક;
થઈ રાજી દીધી પરસાદી, દાદાખાચરને રાયજાદી...૪૧
પોઢ્યા ઓરડીમાં અંતરજામી, સુખસાગર સહજાનંદ સ્વામી;
કરી પગચંપી ને ઢોળ્યો વાય, નીરખી નાથને આનંદ થાય...૪૨

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ વડતાલમાં અન્નકૂટ ઉત્સવ કર્યો' એ નામે સિત્તેરમો કિરણ ॥૭૦॥

કિરણ : ૭૧

શ્રીહરિ જેતલપુર અન્નકૂટ ઉત્સવ કરી વડતાલ થઈ ગઢપુર પધાર્યા

પૂર્વછાયો :

ગઢડેથી ગોવિંદ ચાલિયા, ગયા **સારંગપુર** સુખધામ;
અસવાર પાળા સોતા હરિ, પોંચ્યા **સુંદરિયાણે** ગામ...૦૧
જમ્યા જીવન જુગતે કરી, પૂજા વના હીરાને ઘેર;
રહી રાત પ્રીતમ પધારિયા, ગયા **રોઝકે** કરી મે'ર...૦૨

ચોપાઈ :

કાકાભાઈને ઘેર રહી રાત, પ્રભુ ત્યાંથી ચાલ્યા પરભાત;
ગયા **કૌકે** તે શ્રીઘનશ્યામ, વલ્લભરામ ભગાને ધામ...૦૩

ત્યાંથી જમી ચાલ્યા જગવંદ, ગયા **ધોળકે** શ્રીસહજાનંદ;
રહ્યા રેવાશંકરને ત્યાં રાત, જમી ચાલ્યા પ્રભુ પ્રભાત...૦૪
ગંગાદા પ્રભુદા ને આસજી, ભિખારીદા પીતાંબર કાકુજી;
કૃષ્ણદા કાસીદા નથુભાઈ, ખોડો બેચર ને પૂજોભાઈ...૦૫
આસજી દેવરામ દયારામ, વાલો જીવો લવજી નામ;
હરખબાઈ ને ગંગાબાઈ, એ આદિ ઘણાં બાઈ ભાઈ...૦૬
આવ્યાં સામાં ગાતાં વાતાં જન, પ્રભુ નીર્ખીને થયા પાવન;
કરે વંદન વારમવાર, પહેરાવે પ્રભુને ફૂલહાર...૦૭
દીપ ઉત્સવ કરવા કાજ, આવ્યા **જેતલપુર** મહારાજ;
બ્રહ્મચારી સંત શોભે સાથ, ઊતર્યા આવીને મો'લમાં નાથ...૦૮
જમ્યા ગંગાબાઈને ઘેર, પેંડા બરફી પાક રૂડી પેર;
પછી જમાડ્યા સંત ને પાળા, પીરસી લાડુ વા'લે રૂપાળા...૦૯
પછી બીજે દિવસ બહુનામી, બેઠા વડલે હિંડોળે સ્વામી;
પાળા બ્રહ્મચારી સંતજન, ભારે સભા શોભે પાવન...૧૦
બેઠા ઉત્તર મુખે અંતરજામી, સુખસાગર સહજાનંદ સ્વામી;
બાલવૃદ્ધ સર્વે નરનાર, આવ્યાં દર્શને કરી બહુ પ્યાર...૧૧
લાવ્યા વસ્ત્ર વિવિધ ભાતનાં, હેમ આભરણ જાત જાતનાં;
ચંદન પુષ્પ તુલસી ને ધૂપ, સાકર શ્રીફળ નૈવેદ અનુપ...૧૨
એહ આદિ અનેક સામગરી, લાવ્યાં સૌ સૌના થાળ ભરી;
પછી પૂજા કરી નરનારે, પૂજ્યા પ્રભુ ષોડશ ઉપચારે...૧૩
કેળાં જામફળ સોપારી સારી, જાયફળ જાવંત્રી તજ ભારી;
એલચી લવિંગ નાગરવેલી, ધરે ભેટ મેવા પગે મેલી...૧૪
મોગરા ચંપા ગુલાબના હાર, પે'રાવે પ્રભુને કરી પ્યાર;
શોભે સભા મધ્યે જગવંદ, જેમ તારામાં પૂરણચંદ...૧૫

લાગે પગે જોડી બે હાથ, નયણે નીરખે નટવર નાથ;
પછી દયા કરી બહુ નાથે, હાર સર્વેને પે'રાવ્યા હાથે...૧૬
સર્વની કોટમાં શોભે હાર, ફૂલ્યા ફૂલમાં સહુ નરનાર;
એવી લીલા કરી આ વાર, ગાઈ શેષ ન પામે પાર...૧૭
હતો અન્નકોટનો તે દન, પછી જમવા પધાર્યા જીવન;
જમ્યા પકવાન પૂરી દાળ ભાત, ભોજન વ્યંજન થઈ રળિયાત...૧૮
પછી સંતમાં સ્વામી જાઈ, પીરસે પકવાન વા'લો રાજી થાઈ;
લાડુ જલેબી ને શીરો સાર, પીરસે મોતૈયા કરે મનુવાર...૧૯
માથે પાઘ શોભે પીતાંબર, મૂર્તિ પુષ્ટ અતિ મનોહર;
વા'લે પે'રી છે મોતીની માળા, ગજરા હાર ગુચ્છ રૂપાળા...૨૦
પાઘે તોરા લટકે બેઉ કોર, નીરખે સંત જેમ ચંદ ચકોર;
આવી બેઠા આસોપાલવ છાંય, ઓટે ઢોલીડા ઉપર ત્યાંય...૨૧
મળ્યા સંતને શ્રીઘનશ્યામ, બ્રહ્મચારી પાળાને ગુણધામ;
ચાલ્યા ઘોડે ચડી ધર્મલાલ, શોભે ચાંદલો સુંદર ભાલ...૨૨
ધન્યેશ્વર બેચર દુલ્લભરામ, હરિ અમથો ને અંબારામ;
નરભેરામ નાયણ શંકર, વિશ્વનાથ પ્રભુજી પીતાંબર...૨૩
અનુપરામ મોરારજી ભાણો, વિશ્વેસર નાગર મોતી જાણો;
હરિભાઈ મૂળજી દયારામ, ભગુ ગિરધર આદિ નામ...૨૪
જેઠી રળિયાત ને સુખબાઈ, અમૃત અવલ આદિ બાઈ ભાઈ;
આવ્યાં સામાં એ સર્વે જન, પ્રભુ નીરખીને થયા પાવન...૨૫
કરી વંદન ચઢાવે હાર, અતિ હરખે ભર્યા નરનાર;
ગાતાં વાતાં તેડી લાવ્યા ઘેર, આવ્યા **મેમદાવાદે** કરી મે'ર...૨૬
ઊભી બજારે ચાલ્યા ભગવાન, દીધાં સર્વેને દર્શન દાન;
ઊતર્યા આંબલિયોમાં શ્રીહરિ, સર્વ સતસંગીએ પૂજા કરી...૨૭

પછી પુરમાં પધાર્યા દયાળ, જમ્યા બહુ ભુવને ત્યાં થાળ;
પછી સંતની પંગતી માંઈ, પીરસ્યા લાડુ વા'લે રાજી થાઈ...૨૮
પછી **દેગામે** દરશન દીધાં, દીધો બળદ કળે કારજ સીધાં;
ત્યાંથી **ડભાણે** આવ્યા તતકાળ, વડલે હિંડોળે બેઠા દયાળ...૨૯
થઈ સભા ત્યાં સુંદર સારી, સંતજન અનંત નરનારી;
શોભે તારે વીંટ્યો જેમ ચંદ, તેમ શોભે સભામાં જગવંદ...૩૦
જમ્યા પ્રભુ પ્રીતે કરી થાળ, પછી જમાડ્યા પાળા મરાળ;
ત્યાંથી ચાલ્યા પછી ધર્મલાલ, આવ્યા વા'લમજી તે **વડતાલ**...૩૧
આવ્યાં સામાં તે નર ને નાર, નીરખે હરિને કરી બહુ પ્યાર;
ફૂલહાર તોરા બાજુ લઈ, પહેરાવે પ્રભુને રાજી થઈ...૩૨
ગાતાં વાતાં તેડી લાવ્યા ઘેર, ઊતર્યા મંદિરમાં કરી મે'ર;
જમ્યા જીવન જુગતે કરી, જમાડ્યા સંતને ભાવ ભરી...૩૩
દે દરશન કરે બહુ ખેલ, અતિ હેતે મળ્યા અલબેલ;
બેસે બોરડી હેઠે બહુનામી, પાટ ઉપર સહજાનંદ સ્વામી...૩૪
દીધાં દર્શન સાત દી શ્યામ, પછી પધાર્યા **બુધેજ** ગામ;
જમી રાત રહી ચાલ્યા નાથ, ગયા ગામ **ગોરાડે** સુખપાથ...૩૫
જમ્યા દૂધ દહીં અલબેલ, સખા જમાડી વાળી રંગરેલ;
પછી **પછમે** પધાર્યા શ્યામ, રહી રાત ગયા **ધોલેરે** ગામ...૩૬
ગયા હરિ પૂજાભાઈને ઘેર, વા'લોજી કરીને બહુ મહેર;
રૂડાં ભોજન વ્યંજન કરી, જમ્યા પ્રભુ પ્રીતે ભાવ ભરી...૩૭
રહી રાત ચાલ્યા જગવંદ, સુખકારી સ્વામી સહજાનંદ;
પછી આવિયા **ગઢડે** હરિ, માગસર સુદી ચોથે તે ફરી...૩૮
આવ્યા સંધ્યા ટાણે સુખકારી, લેવી મૂર્તિ અંતરમાં ધારી;
પછી નાહી જમ્યા જગનાથ, શ્રીસહજાનંદ સુખપાથ...૩૯

પોઢ્યા ઓરડીમાં ભક્તિનંદન, કર્યું હરિજનને બહુ વંદન;
કરી વાત વા'લે બહુવાર, નીરખ્યા નયણે તે ધર્મકુમાર...૪૦

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ જેતલપુરમાં અન્નકૂટ ઉત્સવ કરી વડતાલ થઈ ગઢપુર પધાર્યા' એ નામે ઈકોતેરમો કિરણ ॥૭૧॥

કિરણ : ૭૨

શ્રીહરિ આદરજમાં અન્નકૂટ ઉત્સવ કરી, સત્સંગ વિચરણ કરી ગઢપુર પધાર્યા

પૂર્વછાયો :

અસવાર પાળા સાથ લઈ, **ગઢપુર**થી ચાલ્યા ઘનશ્યામ;
રોઝે ઘોડે ચડી જીવન, આવ્યા તે **કુંડળ** ગામ...૦૧
રહ્યા રજની શ્રીહરિ, અમરા પટગરને ઘેર;
જમી જીવન ચાલિયા, કરી **સુંદરિયાણે** મે'ર...૦૨

ચોપાઈ :

વના પૂજાને ત્યાં રહ્યા રાત, જમી ચાલ્યા થઈ રળિયાત;
આવ્યા **શિયાણી**એ સુખધામ, પુરુષોત્તમ પૂરણકામ...૦૩
ભીમો શિવરામ ભટ્ટ ભારી, કરી સેવા તે સુંદર સારી;
લીધા શિવરામ ભટ્ટને સાથ, આવ્યા **તાવી** ગામે સુખપાથ...૦૪
અખો જેઠી અદાને ઘેર, રહ્યા ભક્તિનંદન કરી મે'ર;
જમ્યા પ્રભુ કરી બહુ પ્યાર, દહીં દૂધ સાકર તે વાર...૦૫
સખા જમાડ્યા તે અલબેલ, દહીં દૂધે વાળી રંગરેલ;
ગયા **દેવળીયે** ઘનશ્યામ, જાલમસિંહને ત્યાં સુખધામ...૦૬

જમ્યા પ્રેમવતી પુત્ર પ્રીતે, સખા જમાડ્યા તે રૂડી રીતે;
બાઈએ ઘોડો સંતાડ્યો રાતે, જમાડ્યા જીવનને પ્રભાતે...૦૭

ત્યાંથી ગયા **દદુકે** ગામ, મોડજી હરિ જેઠાને ધામ;
જમી ચાલ્યા ત્યાંથી જગદીશ, ગયા **મછિયાવે** તે મુનિ ઈશ...૦૮

બાપુ ફઈબાને ત્યાં રહ્યા રાત, જમી ચાલ્યા પ્રભુ પ્રભાત;
ગયા **સેખલે** ગામ ઘનશ્યામ, રહી રાત ચાલ્યા સુખધામ...૦૯

અમરો અગરોજી બે ભાઈ, ગયા **ડાંગરવે** ગામ સુખદાઈ;
ત્યાંથી ગયા **કરજીસણે** વા'લો, નાનાભાઈને ઘેર ધર્મલાલો...૧૦

કરી રસોઈ ને જમ્યા નાથ, પછી સખા જમાડ્યા સુખપાથ;
આગળ ઈકોતરે સુખકારી, કર્યો અષ્ટમીનો ઉત્સવ ભારી...૧૧

બાંધ્યો હિંડોળો આંબલી ડાળ, બેઠા ત્યાં જઈ દીનદયાળ;
મળ્યા સંતને ત્યાં સુખધામ, પુરુષોતમ પૂરણકામ...૧૨

દન દોય રહ્યા એહ ઠામ, પછી વા'લો આવ્યા **વડુ** ગામ;
ગામ બહાર ઊતરિયા નાથ, સર્વે સંત હતા પોતા સાથ...૧૩

ત્યાંથી ચાલ્યા તે સુંદરશ્યામ, આવ્યા **ઓળેથી આદરજ** ગામ;
મુક્તાનંદ નિત્યાનંદજીની નાથે, ઉતારી આરતી પોતે હાથે...૧૪

કર્યો દીપ ઉત્સવ દિવાળી, શોભે મૂર્તિ અતિ રૂપાળી;
દીધાં દર્શન તે બહુ વાર, પછી પોઢ્યા તે ધર્મકુમાર...૧૫

કરી ક્રિયા નાહ્યા સુખપાથ, જમ્યા જુગતે કરીને નાથ;
કર્યો અન્નકોટ તિયાં અતિ, પીરસ્યું સંત પાળાને જગપતિ...૧૬

ગાડા ઉપર ઢોલીડો ઢળાવી, બેઠા પ્રીતે પ્રભુ ત્યાં આવી;
મળ્યા સાધુ પાળાને સુખધામ, મળ્યા બ્રહ્મચારીને તે શ્યામ...૧૭

હવનબાઈ ભગુને ઘેર, કર્યો સમૈયો વા'લે કરી મે'ર;
ગયા ગામ **કુલવડે** વા'લો, ઊતર્યા વડની છાંયે ધર્મલાલો...૧૮

તેને ઘેર જઈ જમ્યા નાથ, પીરસ્યા મુનિને મોદક[1] હાથ;
રહે ગામ **ઉનાવે** રામદાસ, તેને ઘેર ગયા અવિનાશ...૧૯
કરી ધૂપ દીપ ને આરતી, જમ્યા જુગતે કરી પ્રાણપતિ;
ત્યાં સંત જમાડ્યા ભાવ ભરી, નાથ આવ્યા ગામ **નાદરી**...૨૦
ત્યાં સુંદર કરાવ્યો થાળ, જમ્યા સખા સહિત દયાળ;
ત્યાંથી **માણસે** આવ્યા મહારાજ, જમ્યા હરિ ને સંતસમાજ...૨૧
પછી વા'લમ આવ્યા **વિહાર**, રહી રાત ચાલ્યા થઈ ત્યાર;
ત્યાંથી ગામ **ગેરીતે** આવી નાથ, દીધા મુનિને મોદક હાથ...૨૨
બામણવામાં જમાડિયા સંત, પછી પોતે જમ્યા ભગવંત;
આવ્યા વા'લો **વડનગર** ગામ, ચાલ્યા શહેર મધ્યે સુખધામ...૨૩
આવી ઊતર્યા સરોવર પાળ, કર્યાં ભોજન ત્યાં રસાળ;
ત્યાં ભાવે જમ્યા ભગવંત, પછી જમાડ્યા પાળા ને સંત...૨૪
ત્યાંથી વા'લો **વિસનગર** આવ્યા, જમી પોતે ને સંત જમાવ્યા;
મોટે મનુષ્યે જોડિયા હાથ, અમે છૈયે તમારા નાથ...૨૫
વાટે આવ્યું છે એક તળાવ, તેમાં નાહ્યા મનોહર માવ;
પછી આવ્યા તે ગામ **વસાઈ**, જમી સંત જમાડ્યા સુખદાઈ...૨૬
મેઉ ગામના ભૂખણ સારા, સંત પ્રભુ ત્યાં પ્રીતે પધાર્યા;
જમ્યા જીવન જુગતે કરી, સંતને માલપૂડા પીરસ્યા હરિ...૨૭
આવી **લાંઘણોજ**માં જમ્યા નાથ, પછી જમાડ્યો સંતનો સાથ;
ડાંગરવે થઈ **અડાલજ** ગામ, આવ્યા સંત સોતા ઘનશ્યામ...૨૮
ત્યાં વાવ કરાવી તે લાલબાઈ[2], પીધું પાણી સંત સ્વામી રાજી થાઈ;
રહી રાત **મોટેરે** આવ્યા ફરી, નાહ્યા સાભરમાં સંત ને હરિ...૨૯

૧.લાડું ૨.રૂડબાઈએ

થઈ સરિતા તે તીર્થરૂપ, નાહ્યા બહુવાર હરિ અનુપ;
પછી **શ્રીનગરે** આવ્યા શ્યામ, રહ્યા રાત એક સુખધામ...૩૦
છોટીબાઈ[૧]ના સુત શ્રીહરિ, કરી પૃથવી પાવન ફરી;
એવા સમર્થ સહજાનંદ, ટાળ્યા બહુ જીવના ભવફંદ...૩૧
ત્યાંથી **જેતલપુર** કરી મે'ર, આવ્યા ગંગાદાસને ઘેર;
ત્યાં રહી કાંઈક કૃપાળ, જમી ચાલ્યા તે દીનદયાળ...૩૨
રહી રાત **ધોળકે** તે સ્વામી, ગયા ગામ **બળોલે** બહુનામી;
રહી કસળા વિરાને ત્યાં રાત, જમી ચાલ્યા પ્રભુ પ્રભાત...૩૩
ત્યાંથી ગયા **રોજકે** ગામ, રહી રાત ચાલ્યા સુખધામ;
કાકાભાઈને દઈ દર્શન, પ્રભુ પધાર્યા થઈ પ્રસન્ન...૩૪
આવ્યા **સારંગપુરે** શ્રીહરિ, જીવા ખાચર ઉપર દયા કરી;
રહી રાત જમી ચાલ્યા નાથ, આવ્યા **ગઢપુર**માં સુખપાથ...૩૫
આવી ઓસરીએ બેઠા હરિ, દીધાં દર્શન તે દયા કરી;
પછી નાહી જમ્યા જગવંદ, પોઢ્યા ઓરડીમાં સહજાનંદ...૩૬

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ આદરજમાં અન્નકૂટ ઉત્સવ કરી શ્રીનગર થઈને ગઢપુર પધાર્યા' એ નામે બોતેરમો કિરણ ॥૭૨॥

કિરણ : ૭૩

શ્રીહરિએ ગઢપુર તથા કારીયાણીમાં અન્નકૂટ ઉત્સવ કર્યો

પૂર્વછાયો :

દિવાળી કરી દુર્ગનગરમાં, શ્રીસહજાનંદશ્યામ;
સંત હરિજન આવિયા, જપતા તે શ્રીહરિ નામ...૦૧

૧.ભક્તિમાતા

આવી બેઠા હરિ ઓસરી, ઢોલીડે તે ભગવંત;
દયાળને દંડવત કરી, લાગે પગે હરિજન સંત...૦૨

ચોપાઈ :

પે'ર્યા શ્વેત વસ્ત્ર તે વા'લે, લટકાળે શ્રીધર્મને લાલે;
કેસર તિલક કીધું છે ભાલ, શોભે ચાંદલિયો મધ્યે લાલ...૦૩
ગજરા બાજુ પે'ર્યા ફૂલહાર, ગુચ્છ ગુલાબી તોરા ઉદાર;
મૂર્તિ મહા મનોહર શોભે, નીરખી સંતજનનાં મન લોભે...૦૪
દિયે દર્શન તે દિન રાત, નીરખી સંત થાય રળિયાત;
એમ કરતાં આવી દિવાળી, પૂરી દીપમાળા તે રૂપાળી...૦૫
આવી બેઠા ત્યાં ધર્મકિશોર, દીપે દીવા માંડવી બે કોર;
જોઈ જન થયા છે મગન, સહુ કહે સ્વામી ધન્ય ધન્ય...૦૬
થયો તેજે ઉજેહ ત્યાં અતિ, શોભે શ્રીહરિ તેજોમય મૂર્તિ;
સુરવાળ ડગલી સોનેરી પાઘ, કડાં સાંકળાં બાજુ જોયા લાગ...૦૭
વેઢ વીંટી પોંચી બેઉ હાથે, મોતી માળા ઊતરી પહેરી નાથે;
શોભે શ્રીઘનશ્યામ અપાર, નીરખે નેણાં ભરી નરનાર...૦૮
પછી બહુ ભાતે કર્યાં ભોજન, વિધ વિધનાં કર્યાં વ્યંજન;
ઘણે અન્ને અન્નકોટ કીધો, વ્હાલે પ્રેમેશું પ્રસાદ લીધો...૦૯
પછી જમાડ્યો સંતનો સાથ, પ્રભુ પીરસી પોતાને હાથ;
પીરસે પકવાન કરી પ્યાર, કરે મનુવાર ધર્મકુમાર...૧૦
દીધું સુખ સ્વામીએ લીધું જને, કાર્તિક સુદ પૂનમને દને;
તે દી આવ્યા મુનિ સર્વે મળી, દેશોદેશ હતી જે મંડળી...૧૧
સંતજન પામ્યા સર્વે સુખ, વીસરી ગયાં વિયોગનાં દુઃખ;
કરાવ્યો ઉત્સવ એ દને, જયા લલિતા ઉત્તમ જને...૧૨
પછી સંત પાળાને મળ્યા હરિ, મળ્યા બ્રહ્મચારીને દયા કરી;
પછી બાંધી મંડળીઓ મહારાજ, મેલ્યા સંતને ફરવા કાજ...૧૩

વળી ગઢપુર ગામમાં વા'લે, કર્યો દીપઉત્સવ ધર્મલાલે;
પૂર્યો અન્નકોટ અતિ અન્ને, લેહ્ય ચોસ્ય ને ભક્ષ ભોજને...૧૪
જમ્યા ઠાકોરજી રૂડી રીતે, ઉતારી આરતી પછી પ્રીતે;
જમ્યા જીવન જુગતે કરી, ભોજન વ્યંજન તે ભાવ ભરી...૧૫
પછી જમાડ્યા સંત ને પાળા, પીરસી લાડુ વા'લે રૂપાળા;
મળ્યા સંત પાળાને બહુનામી, સુખસાગર સહજાનંદસ્વામી...૧૬
મળ્યા બ્રહ્મચારીને ભગવાન, જેનું ધરે મુનિવર ધ્યાન;
ચાલ્યા **ગઢપુર**થી ઘનશ્યામ, આવ્યા **કારિયાણી** સુખધામ...૧૭
ત્રણ માસ સુધી અવિનાશ, રાખ્યા સંત સર્વેને પાસ;
કર્યો અન્નકોટ તેની કહું વાત, સાંભળો સંત થઈ રળિયાત...૧૮
ઉત્તર બાર્ય ઓરડે ઓસરી, બેસી શ્રીહરિ તે સભા કરી;
સૂરજપુરના જાદવજી જેહ, લાવ્યા છપર પલંગ[૧] રૂડો તેહ...૧૯
રેશમ ગાદલું ઓછાડ શ્વેત, બિછાવેલ કરી બહુ હેત;
ગાલ મસુરિયાં ઢીંચણિયાં લાલ, સુંદર તકિયો મેલ્યો કરી વા'લ...૨૦
સોનેરી સેજબંધ ચારેકોર, લટકે લાલ પાયે ચિત્તચોર;
એવી શોભાએ ઢોલિયો છાજે, તેની ઉપર સ્વામી બિરાજે...૨૧
બેઠા ઉત્તરમુખે જગવંદ, સુખકારી સ્વામી સહજાનંદ;
પેર્યો કાળા છેડાનો ખેસ, શોભે સુંદર નટવર વેશ...૨૨
માથે સોનેરી ફેંટો શોભે, જોઈ મુનિવરનાં મન લોભે;
ઓઢ્યું સોનેરી છેડાનું શેલું, ખભે શોભે અતિ અલબેલું...૨૩
શોભે સભા દરબારમાં ભારી, નીરખે નાથને અનંત નરનારી;
દેતાં દર્શન આવી દિવાળી, ત્યારે બોલ્યા મોહન વનમાળી...૨૪
આ તો આવ્યો છે અન્નકોટ, કરવો સારો ન રાખવી ખોટ;

૧.માથે ચંદની નાખી શકાય એવો પલંગ

દિવાળીએ દિવનાં હરિજન, આવ્યાં પ્રેમબાઈ તે પાવન...૨૫
લાવ્યાં પોશાક પ્રભુને કાજે, પેર્યો પાસે જઈને મહારાજે;
સુરવાળ જામો ને પાઘડી, રેંટો ફેંટો ચકમો ચાખડી...૨૬
પીળું છત્ર ધર્યું પ્રભુને શીશ, ઘણે હેતે પૂજ્યા જગદીશ;
ત્યારે પ્રભુજી થયા પરસન, આવી બેઠા પોતાને આસન...૨૭
શોભે સભામાં સુંદરશ્યામ, જોઈ લાજે તે કોટિક કામ;
કાશીદાસે પહેરાવી પ્રીતે, ચંદનની ચાખડી રૂડી રીતે...૨૮
દીધું પીતાંબર ને શાલ, પૂજ્યા પ્રીતે કરી ધર્મલાલ;
સાંજે પૂરી દીપમાળા સારી, મધ્યે બેઠા શ્યામ સુખકારી...૨૯
ચારેકોર દીવા અજવાળું, તેજ મધ્યે મૂર્તિ હું ભાળું;
પે'ર્યો સુરવાળ જામો જરી, શિર બાંધી તે પાઘ સોનેરી...૩૦
વસ્ત્ર ભૂષણ શોભે અપાર, કોટે પે'ર્યા છે ફૂલના હાર;
હસી હસી જોવે હરિ સામું, પૂરે જનના મનની હામું...૩૧
પછી બોલ્યા તે શ્રીમહારાજ, સંતો ગાવોને ગરબીઓ આજ;
સર્વે સંત થયા સાવધાન, રચ્યો રાસ કર્યું બહુ ગાન...૩૨
રાજી થઈ બોલ્યા અલબેલ, સંતો ખૂબ કરો આજ ખેલ;
ગાતાં ગાતાં ગઈ મધ્ય રાત, પછી કરી વા'લે બહુ વાત...૩૩
પછી પોઢ્યા પ્રભુ તે વાર, ગઈ રાત ને થયું સવાર;
બેસી ઢોલીડે શ્રીભગવાન, દીધાં સંતને દર્શન દાન...૩૪
પછી પુરાવિયો અન્નકોટ, શાક પાક ને અન્ન અબોટ[૧];
ભાત ભાતની સુખડી[૨] સારી, બહુ ભાતે તળી તરકારી[૩]...૩૫
જમી રહ્યા ઠાકોરજી જ્યારે, ઉતારી આરતી તેહ વારે;
પછી જુક્તે કરી જમ્યા નાથ, કરી આચમન ધોયા હાથ...૩૬

૧.શુદ્ધપણે કરેલાં ૨.મિષ્ટાન ૩.ભાજી

પછી સંતની પંગતમાંઈ, પીરસે પકવાન વા'લો રાજી થાઈ;
પીરસી જમાડિયા પાળા સહુ, તે સમાની શોભા શી હું કહું...૩૭
મળ્યા સંતને સાંજે સ્વામી, વૃષનંદન[1] અંતરજામી;
કર્યો ઉત્સવ તે બહુ ભારી, એવી મૂર્તિ મેં અંતર ધારી...૩૮
કરી કારિયાણી તે પાવન, રહ્યા વા'લોજી ત્યાં બહુ દન;
વા'લે વસ્તા ખાચરને ઘેર, ભારે ઉત્સવ કર્યો કરી મે'ર...૩૯
દેવશર્માના પુત્ર દયાળ, સહજાનંદ જન પ્રતિપાળ;
રહ્યા ચાતુરમાસ ત્યાં વા'લો, ગયા **લોયે** તે ધર્મનો લાલો...૪૦

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ ગઢપુર તથા કારીયાણીમાં અન્નકૂટ ઉત્સવ કર્યો' એ નામે તોતેરમો કિરણ ॥૭૩॥

કિરણ : ૭૪

શ્રીહરિએ ગઢપુરમાં અન્નકૂટ ઉત્સવ કર્યો તથા વડતાલ અને સુરત જઈ પાછા ગઢપુર પધાર્યા

પૂર્વછાયો :

દીપઉત્સવ દિવાળી કરી, ગઢપુરમાં ઘનશ્યામ;
સંત સર્વે શ્રીહરિને, નીર્ખે તે આઠો જામ...૦૧
પ્રભુ પાસે સંત સર્વે, રહ્યા તે ચાતુર્માસ;
લીલા જોઈ ધર્મલાલની, પામ્યા અંતરમાં હુલ્લાસ...૦૨

ચોપાઈ :

આથમણે બાર ઓસરી સાર, બેઠા ઢોલીડે ધર્મકુમાર;
પે'રી શ્વેત વસ્ત્ર સુખધામ, શોભે સભામાં પૂરણકામ...૦૩
પીળાં ફૂલના હાર હજારી, પીળા તોરા પાઘે શોભે ભારી;

૧.ધર્મપુત્ર શ્રીજીમહારાજ

ગજરા બાજુ ને ગુચ્છ રૂપાળાં, હાથમાં છે તુલસીની માળા...૦૪
બેઠા સભામાં સહજાનંદ, મુનિ મધ્યે શોભે જગવંદ;
પાસે બેઠા તે અયોધ્યાવાસી, પ્રભુ બોલાવે પ્રીત પ્રકાશી...૦૫
અન્નકોટનો ઉત્સવ કહું, આવ્યા સતસંગી ત્યાં બહુ;
હતો સમીપે સંત સમાજ, રચી દીપમાળા મુનિરાજ...૦૬
બળે દીવા હજારે હજારું, થયો પ્રકાશ ગયું અંધારું;
બેઠા અલબેલો તિયાં આવી, મનોહર મૂરતિ મન ભાવી...૦૭
શોભે વસ્ત્ર ને આભરણ અતિ, જન મનહરણ મૂરતિ;
હસી હસી જુવે સંત સામું, પૂરે સર્વેનાં મનની હામું...૦૮
પરમ આનંદમાં દન પળતા, આવ્યો અન્નકોટ તે દન વળતા;
પૂર્યો અન્નકોટ અતિ અન્ને, લેહ્ય ચોસ્ય ને ભક્ષ ભોજને...૦૯
બહુ ભાતના કરાવ્યા પાક, વિધવિધની ભાજી રૂડાં શાક;
જમી રહ્યા ઠાકોરજી જ્યારે, ઉતારી આરતી તેહ વારે...૧૦
પછી જમ્યા સ્વામી સુખદાઈ, જમાડે પાસે બેસી બે ભાઈ;
જમી લીધો તે તો મુખવાસ, કસી કેડ્ય આવ્યા અવિનાશ...૧૧
લાડુ મોતૈયા લૈ ધર્મલાલ, પીરસે સંતને કરી બહુ વા'લ;
લાડુ બબ્બે બે હાથમાં લઈ, જમાડે સંતને રાજી થઈ...૧૨
સાટા પેંડા જલેબી ને ખાજા, દળ મગદળ મેસૂબ ઝાઝા;
સેવ સુવાળી લાપસી શેરો, ફરે કંસાર સાકર કેરો...૧૩
બહુ હવેજે[1] ભજિયાં બણ્યા[2], કળી ગાંઠિયા ફૂલવડી ચણા;
સુંદર શાક પીરસ્યાં પંગતે, બહુ જમાડ્યા જન જુગતે[3]...૧૪

૧.મસાલા નાખી ૨.બનાવેલા ૩.ખૂબીથી; પ્રેમથી

પાળા સંત જમી રહ્યા જ્યારે, હરિએ હાથ ધોયા તે વારે;
પછી સાંજુકા તે સુખધામ, મળ્યા અયોધ્યાવાસીને શ્યામ...૧૫
મળ્યા મુનિ પાળાને મહારાજ, કર્યાં બહુ જીવનાં તે કાજ;
સંત અવધવાસીને કહ્યું શ્યામ, જાવું સવારે વડતાલ ગામ...૧૬
પછી પોતે થયા છે તૈયાર, સંગ લઈ સખા અસવાર;
પે'ર્યાં શ્વેત વસ્ત્ર વા'લે અંગે, ચઢ્યા માણકી પર ઉમંગે...૧૭
આવ્યા કેશવ **કારિયાણી** ગામ, રહી રાત ચાલ્યા સુખધામ;
ત્યાંથી ગયા **કમિયાળે** હરિ, રહી રાત જમ્યા ભાવ ભરી...૧૮
જમ્યા અયોધ્યાવાસીને ઘેર, ગયા **બોરુ** ગામે કરી મે'ર;
હીરો પીતાંબર હરિજન, તેને ઘેર રહ્યા ભગવન...૧૯
ત્યાંથી ગયા **આઢેવે** ગામ, રહ્યા જેરામ રૂગનાથને ધામ;
રહી રાત જમી ચાલ્યા જીવન, આવ્યા **વડતાલે** આથમતે દન...૨૦
આવ્યા સામૈયે હરિજન સંત, નેણે નીરખ્યા તે શ્રીભગવંત;
જન જોઈ પામ્યા છે આનંદ, જય જય બોલે જનવૃંદ...૨૧
દિયે દર્શન પ્રસન્ન નાથ, નીરખી સુખ લિયે સહુ સાથ;
હરિએ હસી જોયું સહુ સામું, પૂરી જનના મનની હામું...૨૨
પછી આવ્યો દિવાળીનો દન, પૂરી દીપમાળા મુનિજન;
દીવા શોભે હવેલીએ સાર, ચારેકોર દીવાની તે હાર્ય...૨૩
ત્રણે માળે દીવા શોભે અતિ, જાણે ઝળકે મણિની પંગતિ;
મંદિર ઉપર દીવા ઝગે બહુ, તેજે થયું ઝળામળ સહુ...૨૪
બેઠા પાટ્ય ઉપર બહુનામી, મંદિર પાછળ તે સુખે સ્વામી;
પ્રદક્ષિણા ઉપર પરમાનંદ, શોભે તેજોમય જગવંદ...૨૫
સંત હરિજનનો નહિ પાર, નીરખે હરિને તે કરી પ્યાર;

ભારે સભા અતિ સુખકારી, મૂર્તિ મહારાજની લેવી ધારી...૨૬
પાસે અયોધ્યાવાસી ને સંત, ઉત્તર મુખે બેઠા ભગવંત;
શોભે વસ્ત્ર ને આભરણ અતિ, જન મનહરણ મૂરતિ...૨૭
પૂર્યો સવારે અન્નકોટ અન્ને, લેહ્ય ચોસ્ય ને ભક્ષ્ય ભોજને;
બહુ ભાતના કરાવ્યા પાક, ભાજી રાયતાં ને રૂડાં શાક...૨૮
જમી રહ્યા ઠાકોરજી જ્યારે, ઉતારી આરતિ તેહ વારે;
નંદરામ ગોપાળજી જેહ, સીતારામ બદ્રિનાથ તેહ...૨૯
આવ્યા હરિને તેડવા કાજ, ચાલો જમવાને હે મહારાજ;
ઊઠ્યા જમવા તે જગવંદ, સુખકારી સ્વામી સહજાનંદ...૩૦
સુવાસીની વસુમતી બાઈ, જમાડે પ્રભુને રાજી થાઈ;
બેઠા ચારે ભાઈ આવી પાસ, જમે ધીરા ધીરા અવિનાશ...૩૧
જમી લીધો વા'લે મુખવાસ, કસી કેડ્ય આવ્યા સંત પાસ;
લાડુ મોતૈયા લઈ ધર્મલાલ, પીરસે સંત પાળાને કરી વા'લ...૩૨
લાડુ બે હાથમાં બબ્બે લઈ, જમાડે સંતને રાજી થઈ;
સાટા પેંડા જલેબી ને ખાજા, દળ મગદળ મેસુબ ઝાઝા...૩૩
સેવ સુવાળી લાપસી શેરો, ફરે કંસાર સાકર કેરો;
બહુ હવેજે ભજિયાં બણ્યા, કળી ગાંઠિયા ફૂલવડી ચણા...૩૪
ભાજી રાયતાં અથાણાં શાક, પીરસે પ્રભુ વડાં દૂધપાક;
પીરસી હરિએ ધોયા હાથ, પોઢ્યા ઉગમણે બંગલે નાથ...૩૫
ગયા ગોમતીજી શ્રીઘનશ્યામ, બેઠા વેદિ ઉપર સુખધામ;
ત્યાં વાજિંત્ર વાજે અપાર, કરે દર્શન સૌ નરનાર...૩૬
વસ્ત્ર ભૂષણ ને ચંદન લઈ, પૂજે પ્રભુને જન રાજી થઈ;
પે'રાવે હાર તોરા તે અતિ, તેણે શોભે છે શ્યામ મૂરતિ...૩૭

અલબેલોજી અઢળ ઢળ્યા, સંત પાળાને હેતેશું મળ્યા;
મળ્યા બ્રહ્મચારીને ગુણધામ, પછી ગયા **બોચાસણ** ગામ...૩૮

કરી રસોઈ કાશીદાસને ઘેર, અયોધ્યાવાસીએ રૂડી પેર;
જમ્યા જીવન ત્યાં રાજી થાઈ, પછી ગયા **સુરત** સુખદાઈ...૩૯

જઈ સુરત આવ્યા સહજાનંદ, ઊતર્યા દાતણ[1] તળાવી જગવંદ;
ખંભાતના મૂળજી હરિભઈ, સદાશિવાદિ આવ્યા પૂજા લઈ...૪૦

પૂજા કરી પે'રાવ્યા છે હાર, લાગ્યા પગે પ્રભુને કરી પ્યાર;
ત્યાંથી ગયા તે **ગુડેલ** ગામ, ઊતર્યા હરિ જીભાઈને ધામ...૪૧

કર્યું વૃંતાકનું પોતે શાક, ઘણા ઘીમાં પૂરી બાટી પાક;
જમ્યા જીવન તે ભાવ ભરી, પછી સખાને જમાડ્યા હરિ...૪૨

પછી ઘોડીએ ચડી ઘનશ્યામ, ગયા શ્રીહરિ **ધોલેરે** ગામ;
રહ્યા રાત પૂંજાભાઈને ઘેર, કરી રસોઈ જમ્યા રૂડી પેર...૪૩

રહી રાત ચાલ્યા જગવંદ, ગયા **કારિયાણી** સહજાનંદ;
જમી રહ્યા વા'લમ ત્યાં રાત, પછી ચાલ્યા ત્યાંથી પરભાત...૪૪

આવ્યા **ગઢપુર**માં ઘનશ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
આવી બેઠા ઓસરીએ નાથ, શ્રીસહજાનંદ સુખપાથ...૪૫

દીધાં દર્શન ત્યાં બહુવાર, હરિજને બહુ પે'રાવ્યા હાર;
પછી નાવા ઊઠ્યા અવિનાશ, નાહ્યા ગંગાજળિયા કૂપ પાસ...૪૬

જમ્યા જીવન જુગતે કરી, અયોધ્યાવાસીને ઘેર હરિ;
લઈ મુખવાસ તે જગવંદ, પોઢ્યા ઓરડીમાં શ્રીસહજાનંદ...૪૭

કરી પગચંપી ઢોળ્યો વાય, નીરખી નાથને આનંદ થાય;
કરી પ્રભુ સાથે બહુ પ્રીત, એવી મૂરતિ સંભારવી નિત્ય...૪૮

૧.ખંભાતની પશ્ચિમ તરફ આવેલ 'દાતણ નામની તલાવડીમાં

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ ગઢપુરમાં અન્નકૂટ ઉત્સવ કર્યો તથા વડતાલ અને સુરત જઈ પાછા પધાર્યા' એ નામે ચુંમોતેરમો કિરણ ॥૭૪॥

કિરણ : ૭૫

શ્રીહરિએ વડતાલમાં અન્નકૂટ ઉત્સવ કર્યો

પૂર્વછાયો :

ગઢપુરમાં ઘનશ્યામજી, બેઠા ગંગાજળિયા કૂપ પાસ;
દાતણ કરી નાહી શ્રીહરિ, જમ્યા જુક્તે અવિનાશ...૦૧
સુરવાળ સુંદર શ્વેત પેર્યો, અંગરખું ઓપે અતિ;
માથે સુંદર મોળિયું, કસી કેડ્ય શોભે સંતપતિ...૦૨

ચોપાઈ :

પે'રી મોજડી હાથમાં રૂમાલ, ચાલે લટકંતા ધર્મનાં લાલ;
આવી ઊભા ઓસરીએ અલબેલ, છોગાવાળો છબીલો છેલ...૦૩
વા'લે કરી આજ્ઞા તેહ વાર, ચાલો સર્વે થઈને તૈયાર;
મુક્તાનંદ આદિ જે સંત, ચાલ્યા મંડળિયો બાંધી મહંત...૦૪
અયોધ્યાવાસી આદિ જે સંગ, માફા[૧] રથ વેલ્ય ચાલ્યાં ઉમંગ;
દાદાખાચર આદિ અસવાર, થયા સાજ માંડી સર્વ ત્યાર...૦૫
ભગુજી આદિ જે સર્વે પાળા, થયા ત્યાર તે હથિયારવાળા;
ચઢ્યા માણકીએ મહારાજ, સુંદર ઘરેણાં સોનેરી સાજ...૦૬
ઝાલી ડાબે હાથે વાજીવાઘ[૨], શોભે સુંદર સર્વે સુહાઘ[૩];
ભટ્ટ મયારામે કરી વા'લ, કર્યો કંકુનો ચાંદલો ભાલ...૦૭

૧.ઘુંમટ આકારે બધી બાજુથી બંધ કરેલી ગાડીઓ ૨.ઘોડીની લગામ ૩.શણગાર

પે'રાવ્યા હાર ગજરા ને બાજુ, ગુચ્છ તોરા પાઘે ખોસ્યા કાજુ;
ચાલી ઘોડલાની ઘુંમર ભારી, શોભે મધ્યે શ્યામ સુખકારી...૦૮

આવ્યા ગામ **સુરકે** સહજાનંદ, જમ્યા કેળાં જલેબી જગવંદ;
સાંજે આવ્યા **કારિયાણી** ગામ, રહી રાત ચાલ્યા સુખધામ...૦૯

આવ્યા ગામ **બરવાળે** બહુનામી, વિરા દ્વારકા ભુતાને ત્યાં સ્વામી;
કરી રસોઈ જમ્યા જગનાથ, પછી જમાડ્યો સખાનો સાથ...૧૦

ત્યાંથી ચાલ્યા તે સુંદરશ્યામ, રહ્યા રાત જઈ **ગાંફ** ગામ;
રહી વસ્તા પૂજાને ઘેર રાત, ત્યાંથી ચાલ્યા પ્રભુ પ્રભાત...૧૧

ઊતર્યા સાભર **ગલિયાણે** ગામ, નઈ[૧] જલેબી જમ્યા સુખધામ;(૧.દૂધી)
ત્યાંથી ગયા **મૈયારી** મહારાજ, તળાવ તટે વડે છાંયા કાજ...૧૨

બેઠા બે ઘડી ત્યાં થાક્યા જાણી, જમ્યા ચણા પીધું સાકર પાણી;
ગયા **મોરજે** કરી મહેર, વહાલો ગોકળદાસને ઘેર...૧૩

ત્યાંથી ચાલ્યા હરિ તતકાલ, આવ્યા સાંજે વા'લમ **વડતાલ**;
કર્યાં ઠાકોરજીનાં દર્શન, પ્રભુ થયા અતિ પરસન...૧૪

સભા કરી બેઠા ધર્મકુમાર, દીધાં દર્શન ત્યાં બહુ વાર;
પછી જમ્યા જીવન કરી મે'ર, હરિ બેઉ ભાઈને તે ઘેર...૧૫

બદ્રિનાથજી ને સીતારામ, જમાડ્યા પ્રીતે પૂરણકામ;
પછી પોઢ્યા પ્રભુ બહુ પ્રીતે, ઉગમણે બંગલે રૂડી રીતે...૧૬

પછી સવારે શ્રીઘનશ્યામ, બેઠા સભા કરી સુખધામ;
પેર્યો કિનખાપનો સુરવાળ, જરિયાની જામો લાંબી ચાળ...૧૭

માથે બાંધી જરકસી પાઘ, કેડ્યે રેંટો જરી જોયા લાગ;
ખભે શેલું હાથમાં રૂમાલ, ચઢ્યા ઘોડી ઉપર ધર્મલાલ...૧૮

ગામ નરસંડે જાવાને કાજ, ચાલ્યા મુનિ સોતા મહારાજ;
શોભે ઘોડી ઘરેણાંમાં ભરી, દોડે ધીરા ધીરા હેતે હરિ...૧૯

કાશીદાસ કુબેર રઘગર, ભારે રસોઈ તેમની સુંદર;
જીજી ઈશ્વરદાસ લાલદાસ, દ્વારકાદા ધર્મદા કરશનદાસ...૨૦
દાજી ભૂલો મૂળજી બાજીભાઈ, મકનદા કાલીદા અજુભાઈ;
ધોરી વાલોભાઈ જેસંગ, ભૈબા ગોપાળ દેસાઈને રંગ...૨૧
મોરારદા રામદા વ્રજભાઈ, સખીદા ગોપાળ નથુભાઈ;
પ્રભુદા નરોત્તમ હાંસજી, ધોરી પૂજો ભવાન બાવોજી...૨૨
લક્ષ્મીદા બાજી નરભેરામ, પૂજો રણછોડલાલ લક્ષ્મીરામ;
આઈદાન કહું કંકુ રળિયાત, ઝવેર હરિને સ્વામીની વાત...૨૩
એહ આદિ ઘણાં બાઈ ભાઈ, આવ્યા સ્વામી સામા રાજી થાઈ;
નીરખી નાથને ચઢાવે હાર, કરે પ્રણામ હરખ અપાર...૨૪
વા'લો હસી જુવે સર્વે સામું, પૂરે સર્વેના મનની હામું;
ગાતાં વાતાં લઈ ગયાં ઘેર, પધરાવ્યા પ્રભુ રૂડી પેર...૨૫
જમ્યા જીવન જુગતે કરી, જોઈ ભાવ તે જનનો હરિ;
પછી સંત પાળાને નાથે, પીરસ્યા લાડુ રાજી થઈ હાથે...૨૬
ફર્યા પંગતમાં પંચવાર, જમ્યા સંત થયો જેજેકાર;
એવી રીતે વા'લો ઘણીવાર, ગયા **નરસંડે** કરી પ્યાર...૨૭
પછી ત્યાંથી આવ્યા **વડતાલ**, આરતી વેળાએ ધર્મલાલ;
કરી ઠાકોરનાં દરશન, બેઠા સભામાં થઈ પ્રસન્ન...૨૮
વા'લો બેઠા પ્રદક્ષિણા પર, શોભે મૂર્તિ અતિ મનોહર;
પૂરી દિવાળીએ દીપમાળ, શોભે દીવડીએ ત્રણેય માળ...૨૯
મંદિર ઉપર હજારું હજાર, મેલ્યા દીવા તેનો નહિ પાર;
આવ્યા બુરાનપુરના જન, કરવા શ્રીહરિનાં દરશન...૩૦
લાવ્યા કસુંબી રેંટો રૂપાળો, છેડા કોરે સોનેરી શોભાળો;
તે બંધાવ્યો મહારાજને માથે, કર્યાં દર્શન સૌ જન સાથે...૩૧

સરસવણીના નાગજીભાઈ, લાવ્યા પોશાક તે રાજી થાઈ;
સેજ સુંદર ગાદલું ઓછાડ, ગાલમસુરિયાં મેલ્યાં કરી ચાડ[1]...૩૨

રજાઈ ઢીંચણિયા ને થાળી, લોટા અબખોરા મેલ્યા અજવાળી;
પાઘ અંગરખું ચોતારો[2] ખેસ, હીરકોર ધોતિયું ઉજેસ[3]...૩૩

ઝીણી પછેડી પવિત્રાં સાર, રાખડી જનોઈ પટાદાર;
મેલ્યાં મહારાજને આગે આવી, લાડુની રસોઈ રૂડી કરાવી...૩૪

પછી પૂજા કરી બહુ પ્રીતે, હાર પે'રાવ્યા તે રૂડી રીતે;
પિયેજ[4]ના વનમાળી જેહ, પૂજ્યા પ્રભુ કરી બહુ નેહ...૩૫

ભેટ મેલી પે'રાવ્યા હાર, લાગ્યા પગે કરી બહુ પ્યાર;
કરાવ્યો થાળ તે રૂડી રીતે, જમ્યા પ્રભુજી તે બહુ પ્રીતે...૩૬

બહુ હેતે પૂજ્યા ધર્મલાલ, કર્યો કુમકુમનો ચાંદલો ભાલ;
હાર ગજરા ગુચ્છ તોરા બાજુ, પે'રાવ્યા ફૂલના બહુ કાજુ...૩૭

જીજીભાઈ આદિ સર્વ ગામ, પૂજ્યા સહજાનંદ સુખધામ;
વલાસણના તે વજેસિંગે, પૂજ્યા પ્રભુજી અતિ ઉમંગે...૩૮

બહુ બપોરિયા તિયાં બળે, જાણું અક્ષર ત્યાં ઝળમળે;
ત્યાં બેઠા વા'લો વનમાળી, અતિ શોભે છે સભા રૂપાળી...૩૯

પોઢ્યા બંગલે જઈ જીવન, જાગી દીધાં સવારે દર્શન;
પછી બોલિયા પ્રાણઆધાર, પૂર્યો અન્નકોટ સુંદર સાર...૪૦

પછી જને પૂર્યો અન્નકોટ, શાકપાકની ન રાખી ખોટ;
જમ્યા ઠાકોરજી વાર ઘણી, કરી આરતિ અન્નકોટ તણી...૪૧

પછી જમ્યા તે જીવનપ્રાણ, સીતારામને ઘેર સુજાણ;
પીરસી જમાડ્યા પાળા ને સંત, લાડુ જલેબી લઈ ભગવંત...૪૨

૧.ચીવટથી; કાળજીથી ૨.ચોતારા વણાટનો ૩.ઊજળું ૪.પીજ ગામ

પછી મળ્યા સંતને શ્યામ, ગયા તે ગોમતીજી સુખધામ;
કરી સમૈયો ચાલ્યા ભલી ભાત, રહ્યા **ત્રંબોવાડ્યે** વડે રાત...૪૩

ગયા તે **ગલિયાણે** સુખપાથ, ત્યાંથી પહોંચ્યા **કમિયાળે** નાથ;
નથુ મોડે ગાયાં કીરતન, ગયા **ઝિંઝર** તે બીજે દન...૪૪

દાજીભાઈને ત્યાં રહી રાત, જમી ચાલ્યા પ્રભુ પ્રભાત;
કુંડળ થઈ ગયા **કારિયાણી**, વસ્તો ખાચર ભારે ભક્ત જાણી...૪૫

જમી ચાલ્યા સવારે શ્યામ, આવ્યા **ગઢપુર** પૂરણકામ;
બેઠા ઓસરીએ બહુનામી, સુખસાગર સહજાનંદ સ્વામી...૪૬

દીધાં દર્શન ત્યાં બહુવાર, પછી નાહ્યા તે જગઆધાર;
જમ્યા જીવન તે કરી મે'ર, રામપ્રતાપ ઈચ્છારામને ઘેર...૪૭

પોઢ્યા ઓરડીમાં ઘનશ્યામ, રૂડી સેજ પર સુખધામ;
ચાંપ્યા ચરણ ઢોળ્યો બહુ વાય, નીરખી નાથને આનંદ થાય...૪૮

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ વડતાલમાં અન્નકૂટ ઉત્સવ કર્યો' એ નામે પંચોતેરમો કિરણ ॥૭૫॥

કિરણ : ૭૬

શ્રીહરિ વડતાલમાં દીપોત્સવ કરી ગઢપુર પધાર્યા

પૂર્વછાયો :

અષ્ટમીનો ઉત્સવ કર્યો, **ગઢપુર**માં ઘનશ્યામ;
પછી પ્રભુજી બોલિયા, હવે જૈયે વડતાલ ધામ...૦૧

જમી જીવન ત્યાર થયા, બેઠા ઓસરીએ અલબેલ;
શ્વેત વસ્ત્ર સોહ્યામણાં, પ્રભુ તે સમે તે પે'રેલ...૦૨

ચોપાઈ :

આવી બેઠા ઈચ્છારામભાઈ, નામી પ્રભુને તે રાજી થાઈ;
અવધપ્રસાદજી ત્યાં આવી, બેઠા હરિને શીશ નમાવી...૦૩
આવ્યા રઘુવીરજી ભાવ ભરી, બેઠા પ્રભુને પ્રણામ કરી;
આવ્યા સીતારામ થઈ સાર, લાગ્યા પગે પ્રભુને કરી પ્યાર...૦૪
થઈ ત્યાર આવ્યા બદ્રિનાથ, લાગ્યા પગે પ્રભુને જોડી હાથ;
લાગ્યા ઘોડા શણગારી તે વાર, થયા અસવાર ધર્મકુમાર...૦૫
ચાલી ઘોડલાની ઘુંમર ભારી, મધ્યે સહજાનંદ સુખકારી;
આવ્યા વા'લો **સારંગપુર** ગામ, વાઘા ખાચરને ત્યાં ગુણધામ...૦૬
ચાલ્યા પ્રભુ ત્યાંથી પ્રભાત, રહ્યા **રોજકે** જઈ હરિ રાત;
કરી રસોઈ જમ્યા પ્રભુ પ્રીતે, કાકાભાઈને ઘેર રૂડી રીતે...૦૭
ત્યાંથી ગયા **સિંજીવાડે** શ્યામ, પ્રભુદા રસીભાઈને ધામ;
શ્રાદ્ધ ત્રીજનું તે ત્યાં કરી, પછી **વડતાલે** પધાર્યા હરિ...૦૮
આવ્યા વડતાલના હરિજન, સામા કરવા પ્રભુના દર્શન;
ગાતાં વાતાં તેડી લાવ્યા ઘેર, ઊતર્યા મંદિરમાં કરી મે'ર...૦૯
કર્યાં ઠાકોરનાં દર્શન, થયા શ્રીહરિ બહુ પ્રસન્ન;
બેઠા સભા કરી સહજાનંદ, સંત હરિજન મધ્યે જગવંદ...૧૦
જમ્યા અવધપ્રસાદજીને ઘેર, વા'લો કરીને તે બહુ મે'ર;
ચોથનું ધર્મદેવનું શ્રાદ્ધ, કર્યું હરિએ પ્રીતે નિરબાધ...૧૧
ભારે પકવાન કરાવી જીવન, જમાડ્યા સંત ને હરિજન;
જાય ગોમતીજી ઘનશ્યામ, બેસે વેદિ ઉપર સુખધામ...૧૨
સુણી આવ્યા સતસંગી સહુ, તેહ વિના બીજા લોક બહુ;
આવી લાગે પ્રભુજીને પાય, કરી દર્શન પરસન થાય...૧૩

એમ કરે લીલા બહુ લાલ, નીરખી હરિજન થાય નિહાલ;
વા’લે સમડો પૂજ્યો બહુ પ્રીતે, દશેરાને દિવસ રૂડી રીતે...૧૪
એકસો આઠ પ્રદક્ષિણા ફરે, પાંચ દંડવત ઠાકોરને કરે;
એમ કરતાં વિત્યા માસ દોય, આવ્યો દીપઉત્સવ દન સોય...૧૫
પૂરી દીપમાળા શોભે ઘણી, જાણે માંડી પંક્તિ મણિ તણી;
મંદિર હવેલી પર દીવા ઘણા, અતિ તેજ તેજ નહીં મણા...૧૬
બેઠા સભા મધ્યે જગવંદ, શોભે તારે વીંટ્યો જેમ ચંદ;
ઝળકે વસ્ત્ર ઘરેણાં ફૂલહાર, નીરખે હરિનું મુખ નરનાર...૧૭
પછી જમ્યા જીવન કરી મે’ર, વા’લો રઘુવીરજીને ઘેર;
જમે બેઉ ભાઈને ઘેર વા’લો, લટકાળો શ્રીધર્મનો લાલો...૧૮
પછી પોઢ્યા તે પ્રાણઆધાર, આથમણે બંગલે કરી પ્યાર;
પછી દિવાળીને બીજે દને, પૂર્યો અન્નકોટ બહુ અન્ને...૧૯
જમી રહ્યા ઠાકોરજી જ્યારે, ઉતારી આરતિ તેહ વારે;
પ્રદક્ષિણા પર પ્રીતે કરી, બેઠા જમવા હેતે કરી હરિ...૨૦
જમ્યા પકવાન તે બહુ પ્રીતે, રસિયોજી તે રૂડી રીતે;
આથમણે મુખે અંતરજામી, જમે જુક્તે સહજાનંદસ્વામી...૨૧
પિયે જળ ખાય ઓડકાર, નીરખે સંતજન નર નાર;
જમી દીધો પ્રસાદ બહુ પ્રીતે, જમ્યા મોટા સંત રૂડી રીતે...૨૨
પછી જમાડ્યા પાળા ને સંત, પીરસી પકવાન હાથે ભગવંત;
મળ્યા સંત પાળાને તે સ્વામી, મળ્યા બ્રહ્મચારીને બહુનામી...૨૩
પછી **વટપતન** જઈ વા’લો, આવ્યા વડતાલે ધર્મનો લાલો;
પછી થોડા દિવસ રહી નાથ, અયોધ્યાવાસીને લઈ સાથ...૨૪
ઈચ્છારામભાઈને મેને બેસારી, માફા રથ જોડાવી કરી ત્યારી;
ચડ્યા ઘોડે તે ચારે ભાઈ, પે’રી વસ્ત્રભૂષણ રાજી થાઈ...૨૫

અવધપ્રસાદ ને રઘુવીર, સીતારામ બદ્રિનાથ ધીર;
ચડ્યા માણકી ઘોડીએ મહારાજ, ચાંદી ચોકડું સોનેરી સાજ...૨૬

પે'ર્યાં શ્વેત વસ્ત્ર બહુનામી, શોભે અતિ સહજાનંદસ્વામી;
કર્યો ચાંદલો કંકુનો ભાલ, હાથમાં રૂડો રેશમી રૂમાલ...૨૭

ગજરા ગુચ્છ બાજુ પે'ર્યા હાર, પાઘે તોરા ફૂલના ઉદાર;
આવ્યા નાગજીભાઈ તે વાર, પે'રાવી મોજડી કરી પ્યાર...૨૮

ચાંદી પેગડામાં ચરણકમળ, લાલ મોજડીઓ ઝળામળ;
શોભા મુખ વર્ણવી નવ જાય, મુક્તાનંદ આદિ મુનિ ગાય...૨૯

બ્રહ્માનંદ પ્રેમાનંદ પણ, નિષ્કુળાનંદ આદિ મુનિ ગણ;
કરે વર્ણન વારમવાર, પ્રભુની શોભાનો ન પામે પાર...૩૦

શુક શારદા નારદ ગાય, કે'તાં શોભા તે શેષ લજાય;
ચાલ્યા વ્રતપુરીથી વા'લો, ગયા **પિપળાવે** ધર્મલાલો...૩૧

ત્યાંથી સવારે તે સુખધામ, **નારે** થઈ ગયા **બુધેજ** ગામ;
ત્યાંથી **ગુડેલે** જઈ કરી વાત, રહ્યા **ગલિયાણે** ગોવિંદ રાત...૩૨

ત્યાંથી ગયા **જાખડે** ગામ, કાશીદાસને ત્યાં સુખધામ;
કરી રસોઈ જમ્યા ભગવંત, પીરસી શીરો જમાડ્યા સંત...૩૩

પછી **કમિયાળે** જઈ રહ્યા રાત, ગયા **રોજકે** પ્રભુ પ્રભાત;
જમી કાકાભાઈને ઘેર, રહ્યા રાત **અણિયાળી** તે વેર...૩૪

જમી પૂજા શેઠને ત્યાં હરિ, ગયા **સુંદરિયાણે** દયા કરી;
ત્યાંથી ગયા **સારંગપુર** શ્યામ, રહી રાત ચાલ્યા સુખધામ...૩૫

આવ્યા **ગઢપુર**ના હરિજન, સામા કરવા પ્રભુના દર્શન;
કરે પ્રણામ સર્વે વારવાર, પે'રાવે પ્રભુને ફૂલહાર...૩૬

ગાતાં વાતાં ચાલ્યા સર્વ સાથ, શોભે ઘોડી ઉપર જગનાથ;
આવ્યા મંદિરમાં થઈ પ્રસન્ન, કર્યાં ઠાકોરનાં દરશન...૩૭

પછી બેઠા દરબારમાં આવી, પલંગ પર પ્રભુ હિત લાવી;
આથમણી ઓસરીએ અલબેલ, બેઠા પૂર્વ મુખે રંગરેલ...૩૮
દીધાં દર્શન ત્યાં બહુવાર, સંત હરિજનને કરી પ્યાર;
પછી નાહી જમ્યા જગવંદ, ઈચ્છારામને ત્યાં સહજાનંદ...૩૯
કરી આચમન લીધો મુખવાસ, થયા રાજી અતિ અવિનાશ;
દીધી દાદાખાચરને પ્રસાદી, દહીં વડાં રોટલી રાયજાદી...૪૦
પોઢ્યા ઓરડીમાં અંતરજામી, સુખ સજ્યા પર બહુનામી;
ચાંપ્યા ચરણ તે બહુવાર, નયણે નીરખ્યા તે જગઆધાર...૪૧

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ વડતાલમાં દીપોત્સવ કરી ગઢપુર પધાર્યા' એ નામે છોતેરમો કિરણ ॥૭૬॥

કિરણ : ૭૭

શ્રીહરિ કરમડમાં અન્નકૂટ ઉત્સવ કરી શ્રીનગર પધાર્યા

પૂર્વછાયો :

મૂર્તિસુત[૧] મોટા અતિ, શ્રીઘનશ્યામ ઉદાર;
જમી જીવન ત્યાર થઈ, આવી બેઠા ઓસરીએ બાર...૦૧
અયોધ્યાવાસી સંત સર્વે, અસવાર ને પાળા વળી;
અન્નકોટ કરવા આપણે, **કરમડ** ગામે જાવું મળી...૦૨

ચોપાઈ :

મોટાભાઈ તે રામપ્રતાપ, આવ્યા અયોધ્યાપ્રસાદજી આપ;
રઘુવીરજી ને સીતારામ, આવ્યા બદ્રિનાથ ગુણધામ...૦૩

૧.ભક્તિમાતાના પુત્ર

લાગી પગે બેઠા આવી પાસ, ત્યારે બોલિયા તે અવિનાશ;
થાવો ઘોડા ઉપર અસવાર, રથ માફા વેલ્યો કરો ત્યાર...૦૪

કહે નાન ભક્તને નાથ, લાવો ઘોડી ચડો તમે સાથ;
લાવ્યા શેખજી મોજડી સાર, પે'રી પ્રભુને થયા તૈયાર...૦૫

ચડ્યા માણકી ઘોડીએ મહારાજ, ચાંદી ચોકડું સોનેરી સાજ;
લાવ્યા હરજી તળજો ફૂલહાર, ગજરા ગુચ્છ ને તોરા ઉદાર...૦૬

બાંધી બાજુ ને કર્યો ચાંદલો, શોભે સુંદરવરને ભલો;
ચાલે ઘોડી ઠમકતી ચાલ, શોભે હરિ હાથમાં રૂમાલ...૦૭

ચાલે ઘોડલાંની ઘુંમર ભારી, જળકે ભાલા ઉજ્જવળ અસવારી;
કરે દોડ્ય ધીરા ધીરા શ્યામ, આવ્યા બહુનામી **બોટાદ** ગામ...૦૮

ભગો અદો ચકુ દાહાદિ સહુ, આવ્યા સામૈયે હરિજન બહુ;
ગાતા વાતા તેડી લાવ્યા ઘેર, ઊતર્યા મંદિરમાં કરી મે'ર...૦૯

જમી જીવન રહ્યા ત્યાં રાત, પ્રભુ ચાલ્યા ત્યાંથી પ્રભાત;
આવ્યા વા'લોજી **લોયે** ગામ, સિંઘજી સુરા ખાચરને ધામ...૧૦

સુંદર શાક પાક કરી હાથ, જમ્યા હરિ ને સર્વે તે સાથ;
રહી રાત ચાલ્યા સુખધામ, **ભેંસજાળ** થઈ ગયા **કરમડ** ગામ...૧૧

ફૂલજીબા આદિ હરિજન, કરાવ્યો અન્નકોટ પાવન;
બેસે ગામથી ઉત્તર દિશ, ગાડા ઉપર ઢોલીડે જગદીશ...૧૨

વરસ્યો માવઠે[૧] મેઘ અપાર, ખર્યા કરા[૨] સુંદર તે વાર;
તે દીધા મહારાજને આણી, જમ્યા પ્રભુ ટાઢા હીમ જાણી...૧૩

ત્રણ દિવસ સભા ત્યાં કરી, દીધાં દર્શન સર્વેને શ્રીહરિ;
પૂર્યો અન્નકોટ તિયાં અન્ને, લેહ્ય ચોષ્ય ભક્ષ્ય ભોજને...૧૪

૧.ઋતુ વિનાનો અચાનક ૨.બરફના ટૂંકડા

ધરી ઠાકોરને જમ્યા નાથ, શ્રીસહજાનંદ સુખપાથ;
પછી જમાડ્યા સંત ને પાળા, લઈ જલેબી મોતૈયા રૂપાળા...૧૫
પૂજાજી પાસે પૂજા કરાવી, હેમકડાં સાંકળી લાવી;
પે'રાવ્યાં વા'લાને કરી વા'લ, કર્યો કંકુનો ચાંદલો ભાલ...૧૬
પછી અયોધ્યાવાસીને ભારી, કરી પે'રામણી બાઈએ સારી;
પછી ઘોડીએ ચડી ઘનશ્યામ, ગયા **શિયાણીએ** સુખધામ...૧૭
પછી **તાવી તલસાણે** તે થઈ, રહ્યા રાત **દદુકે** જઈ;
રહી રાત મોડજીને ઘેર, હરિ ગયા **શ્રીનગર** શહેર...૧૮
નરનારાયણનાં દરશન, કરી પ્રભુ થયા પરસન;
પછી જમીને પોઢ્યા તે નાથ, શ્રીસહજાનંદ સુખપાથ...૧૯
બેસે વેદિ ઉપર બહુનામી, દીધાં દર્શન દિવસ ત્રણ સ્વામી;
સંત હરિજનને સુખ દીધું, પૂજી પ્રભુને સર્વે સુખ લીધું...૨૦
પછી નાહી સવારમાં શ્યામ, જમ્યા રૂડી રીતે સુખધામ;
કરી ચળું લીધો મુખવાસ, ચડ્યા ચાખડીએ અવિનાશ...૨૧
પૂજા કરવા આવ્યા હરિજન, લઈ હાર ને કંકુ ચંદન;
પૂજ્યા પ્રભુને તે બહુ પ્રીતે, વસ્ત્ર ભૂષણ લઈ રૂડી રીતે...૨૨
શોભે મૂર્તિ તે મનોહર, આવ્યા પીરસવા નટવર;
સાધુ પાળાને સહજાનંદ, લાડુ પીરસે હાથે જગવંદ...૨૩
ફર્યા પંગતમાં હરિ પંચવાર, જમ્યા સંત થયો જેજેકાર;
ધોઈ હાથ બેઠા વનમાળી, વેદિ પર ઢોલીડો ઢળાવી...૨૪
આનંદ સ્વામીએ કરાવ્યો સાજ, પ્રેમે પ્રભુને પૂજવા કાજ;
પે'રાવ્યો પ્રભુજીને સુરવાળ, કિનખાપનો નાડી રસાળ...૨૫
જામો જરકસી સુંદર શોભે, જોઈ મુનિજનનાં મન લોભે;
માથે બાંધી સોનેરી પાઘ, મેલી છોગું કરી અનુરાગ...૨૬

કેડે બાંધ્યો કસુંબલ ફેંટો, જરિયાની ઝગે જાનું હેઠો;
ખભે ધર્યું તે સુંદર શેલું, છેડા કોર્યું શોભે અલબેલું...૨૭
દીધો હાથમાં રેશમી રૂમાલ, કર્યો કંકુનો ચાંદલો ભાલ;
અક્ષરાનંદ સ્વામીએ તે વાર, પે'રાવ્યા પ્રભુજીને ફૂલહાર...૨૮
ગજરા ગુચ્છ બાજુને તે તોરા, ખોશ્યા પાઘમાં તે ચહુકોરા;
કંઠે માળા પે'રાવી શોભતી, કરી દીપ ધૂપ ને આરતી...૨૯
પછી વસ્ત્રભૂષણ લઈ સાર, પૂજ્યા અવધવાસીને કરી પ્યાર;
લાગી પાયે પછેડિયું લાવી, નાથ હાથે સંતને ઓઢાવી...૩૦
મુક્તાનંદજીને લઈ નાથ, ઓઢાડી પછેડીઓ તે હાથ;
ગોપાળાનંદજીને ઘનશ્યામ, ઓઢાડી પછેડી તે સુખધામ...૩૧
નિત્યાનંદજીને તે તો નાથે, ઓઢાડી પછેડી શ્રીહરિ હાથે;
બ્રહ્માનંદસ્વામીને ભગવાન, ઓઢાડી ચાદર તે સુખધામ...૩૨
શુકસ્વામીને તે રૂડી રીતે, ઓઢાડી પછેડી પ્રભુજી પ્રીતે;
મહાનુભાવાનંદજીને માવ, ચાદર ઓઢાડી તે કરી ભાવ...૩૩
સ્વયંપ્રકાશાનંદજીને સ્વામી, ચાદર ઓઢાડી તે કર ભામી;
ચૈતન્યાનંદજીને હરિ ચાઈ, ઓઢાડી ચાદર રાજી થાઈ...૩૪
કૃપાનંદજીને કીરતાર, ઓઢાડી પછેડી કરી પ્યાર;
આત્માનંદજીને રૂડી રીતે, ઓઢાડી પછેડી પ્રભુજી પ્રીતે...૩૫
નિષ્કુળાનંદજીને તે નાથે, હરિએ ચાદર ઓઢાડી હાથે;
અનંતાનંદજીને જગવંદે, ચાદર ઓઢાડી તે સહજાનંદે...૩૬
કૃષ્ણાનંદજીને કરી હેત, ઓઢાડ્યો ખેસ કરૂણાનિકેત;
પૂર્ણાનંદજીને કરી પ્યાર, ઝીણો ખેસ ઓઢાડ્યો તે વાર...૩૭
જ્ઞાનાનંદજીને ગુણધામ, ઓઢાડી પછેડી પોતે શ્યામ;
અખંડાનંદજીને આપે લઈ, ચાદર ઓઢાડી તે રાજી થઈ...૩૮

પરમાનંદજીને સુખપાથ, ઓઢાડી પછેડી લઈ હાથ;
ગુણાતીતાનંદજીને ઘનશ્યામ, ઓઢાડી પછેડી લઈ નામ...૩૯
નૃસિંહાનંદજીને પ્રાણનાથે, ઓઢાડી પછેડી પ્રભુ હાથે;
ભજનાનંદજીને ભગવાન, ઓઢાડી પછેડી સુખદાન...૪૦
મુનિને મળ્યા વારમવાર, પછેડી ઓઢાડી કરી પ્યાર;
દીધા હાર ને પ્રસાદી ઝાઝી, થયા સ્વામિનારાયણ રાજી...૪૧
સૂરજાનંદ ને અમોઘાનંદ, ઓઢાડ્યા ખેસ તે જગવંદ;
જોગાનંદ સેવાનંદને સ્વામી, ઓઢાડ્યા ખેસ અંતરજામી...૪૨
ત્યાગાનંદજીને તેહ વાર, ખેસ ઓઢાડ્યો તે કરી પ્યાર;
અદ્‌ભુતાનંદજીને અતિ, ખેસ ઓઢાડ્યો તે જગપતિ...૪૩
સર્વનિવાસાનંદજીને નાથ, ઓઢાડ્યો ખેસ તે હરિ હાથ;
સુપર્ણાનંદજીને તે સારો, વા'લે ખેસ ઓઢાડ્યો ચોતારો...૪૪
બુદ્ધાનંદ જયાનંદને જાઈ, ખેસ ઓઢાડ્યા તે રાજી થાઈ;
મુકુંદ બ્રહ્મચારી ને જેરામ, વાસુદેવ અખંડાનંદ નામ...૪૫
નારાયણબ્રહ્મચારી ને સંત, મંડળીઓના સર્વે મહંત;
તેને પ્રભુ કરી બહુ પ્રીત, ઓઢાડ્યાં વસ્ત્ર તે રૂડી રીતે...૪૬
પછી ઊભા થઈને તે નાથ, લીધા ખેસ ભરીને તે બાથ;
નાંખે સાધુ ઉપર તે શ્યામ, બોલે મીઠે વેણે સુખધામ...૪૭
એક એક ખેસ ઓઢી લેજો, અધિક હોય તે બીજાને દેજો;
પછી લઈ લઈ હાથે હરિ, નાંખે ચારેકોર વા'લો ફરી...૪૮
તે સમાની શોભા શી કહું, શોભે મૂર્તિ મનોહર બહુ;
જેણે દીઠી હોય તે જાણે, બીજા સાંભળીને સુખ માણે...૪૯
એમ વસ્ત્ર સર્વેને વા'લે, હાથે ઓઢાડ્યાં ધર્મને લાલે;
કે' એમના એમ આ વારે, ઓઢી વસ્ત્ર ને ચાલો બજારે...૫૦

એમ ઉત્સવ કરી અલબેલ, ચડ્યા ઘોડી ઉપર રંગરેલ;
ચાલ્યા બજારમાં સહજાનંદ, શોભે તારા મધ્યે જેમ ચંદ...૫૧
અસવાર પાળા ને સંત સાથ, ચાલે ધીરા ધીરા મધ્યે નાથ;
જન સોના રૂપાનાં ફૂલ લઈ, વધાવે વહાલાને રાજી થઈ...૫૨
ઓઢી ઉજળા ખેસ જાણે હંસ, એમ શોભે બજારે પરમહંસ;
આવ્યાં ગાતાં વાતાં શહેર બા'ર, ગયા **અસલાલી** ધર્મકુમાર...૫૩

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ કરમડમાં અન્નકૂટ ઉત્સવ કરી શ્રીનગર પધાર્યા' એ નામે સત્યોતેરમો કિરણ ॥૭૭॥

કિરણ : ૭૮

શ્રીહરિ ડભાણ, વડતાલ થઈ ગઢપુર પધાર્યા

પૂર્વછાયો :

વેણી આદિ ભક્ત સર્વે, સામૈયું લઈ આવિયા;
દર્શન કરી દયાળનાં, પ્રભુને હાર પે'રાવિયા...૦૧
આવી બેઠા આમ્રછાંયે, વેદી ઉપર પોતે હરિ;
દર્શન દેવાં દાસને, સુંદર ત્યાં સભા કરી...૦૨

ચોપાઈ :

રહી રાત જમ્યા ત્યાં જીવન, પછી જમાડ્યા તે મુનિ જન;
ત્યાંથી આવ્યા **જેતલપુર** નાથ, રહી રાત જમ્યા સહુ સાથ...૦૩
કરી **ગામડીએ** તે ભોજન, જમ્યા હરિ થઈ પરસન;
પછી જમાડ્યા સંતને સ્વામી, પીરસી લાડુ હાથે બહુનામી...૦૪
મુનદા બાપુજી વ્રજભાઈ, એ આદિ ભક્ત રાજી થાઈ;
કરી પૂજા પ્રભુની તે પ્રીતે, ચંદન પુષ્પ લઈ રૂડી રીતે...૦૫

પછી આવ્યા **મેમદાવાદ** ગામ, શ્રીસહજાનંદ સુખધામ;
વડે હિંડોળે બેઠા ત્યાં હરિ, સંત હરિજનની સભા કરી...૦૬
દુલ્લભરામ બેચર આદિ જન, પૂજ્યા પ્રીતે પ્રભુને પાવન;
જમી જીવન જમાડ્યા સંત, પીરસી લાડુ હાથે ભગવંત...૦૭
પછી ઘોડીએ ચડી ઘનશ્યામ, આવ્યા **ડભાણ** પૂરણકામ;
બેઠા વડે હિંડોળે તે હરિ, સંત હરિજનની સભા કરી...૦૮
વિષ્ણુદા પૂજાભાઈ આદિ જન, પૂજ્યા પ્રભુ થઈ પ્રસન્ન;
ચંદન કંકુ લઈ વારવાર, પે'રાવ્યા પ્રભુને ફૂલહાર...૦૯
જમ્યા પ્રીતે કરીને તે હરિ, રૂડા ભોજન વ્યંજન ભાવ ભરી;
પછી જમાડ્યા સંત ને પાળા, પીરસી લાડુ વા'લે રૂપાળા...૧૦
ગયા પ્રભુજી **પિયેજ** ગામ, ચડી ઘોડીએ સુંદરશ્યામ;
વનમાળી બેચર મોરાર, ઈચ્છારામ વિરેશ્વર સાર...૧૧
દુરગેસર મનોરજીભાઈ, ઝવેર જાદવ જીજી વાલોભાઈ;
કાનદાસ ને ભગવાનદાસ, ઈશ્વરદા અવલ હરિનો દાસ...૧૨
એહ આદિ સર્વે બાઈ ભાઈ, આવ્યાં પ્રભુ સામાં રાજી થાઈ;
કરી પ્રણામ હાર પે'રાવે, નીર્ખે નાથને તે ભલે ભાવે...૧૩
સંત સહિત પ્રભુ પધાર્યા, જનને મન મોદ વધાર્યા;
કરી રસોઈ જમ્યા ભગવંત, પછી જમાડ્યા પાળા ને સંત...૧૪
ચડી ઘોડીએ શ્રીસહજાનંદ, આવ્યા **ચેરિયાવી** તે જગવંદ;
કિલાસવન ગલોભાઈ આવી, પૂજ્યા પ્રભુને હાર પે'રાવી...૧૫
આવ્યા **બામણોલી** બહુનામી, સુખસાગર સહજાનંદસ્વામી;
પૂજ્યા તખે કરી બહુ પ્યાર, કરી ચાંદલો પે'રાવ્યા હાર...૧૬
આવે વા'લમજી **વડતાલ**, શોભે સખા મધ્યે ધર્મલાલ;
ઘોડી માણકી ઘરેણું ભારી, તેની ઉપર ચડ્યા સુખકારી...૧૭

સુરવાળ સોનેરી તે શોભે, જામો જરકસી જોઈ મન લોભે;
માથે મોળિયું જરકસી ભારી, કસ્યો કેડે રેંટો સુખકારી...૧૮
ખભે સુંદર સોનેરી શાલ, હાથમાં રૂડો રેશમી રૂમાલ;
કંઠે પે'ર્યા તે ફૂલના હાર, મુખચંદ તે તેજ અંબાર...૧૯
ગજરા ગુચ્છ બાજુ ને તોરા, ઝૂકે પાઘની તે ચહુકોરા;
આવ્યા વડતાલના હરિજન, સામા કરવા હરિનાં દર્શન...૨૦
કુબેર કિશોર ને દાદોભઈ, નારાયણગીર જોબન આદિ કઈ;
જીતબા રળિયાત સૂરજબાઈ, વાલબા હેતબા જીજીબાઈ...૨૧
એ આદિ બાઈ ભાઈ નામ, આવ્યું સામૈયે સઘળું ગામ;
આવી લાગે પ્રભુજીને પાય, નીર્ખે નાથને હર્ષ ન માય...૨૨
કરી પ્રણામ હાર પહેરાવે, વા'લાને મોતી ફૂલે વધાવે;
વાજે વાજાં અનંત અપાર, હરિ ચાલે ધીરા ધીરા તે વાર...૨૩
ગાય કીરતન હરિજન સંત, આવ્યા મંદિરમાં ભગવંત;
કરી ઠાકોરજીનાં દરશન, પ્રભુજી થયા અતિ પ્રસન્ન...૨૪
બેઠા સભામાં આવીને શ્યામ, નીર્ખે નાથને પુરુષ ને વામ;
દીધાં દર્શન ત્યાં ઘણીવાર, બાલાસુતે[૧] કરી બહુ પ્યાર...૨૫
પછી નાહી જમ્યા ભગવાન, શાકપાક સુંદર સુખદાન;
કરી આચમન લીધો મુખવાસ, પછી પોઢિયા તે અવિનાશ...૨૬
આથમણે બંગલે ત્રીજે માળ, સૂતા સજ્યા પર દીનદયાળ;
ચાંપ્યા ચરણ ઢોળ્યો બહુ વાય, નીરખ્યા નયણે પુરુષોત્તમરાય...૨૭
હરે ફરે દેશ ગામ સહુ, વા'લો વડતાલમાં રાજી બહુ;
પોઢ્યા પ્રભુ કરી બહુ વાત, જાગ્યા પ્રીતમજી પરભાત...૨૮
જાય ગોમતીજી ઘનશ્યામ, બેસે વેદી ઉપર સુખધામ;

૧.ભક્તિમાતાના પુત્રે

પે'રી વસ્ત્ર ઘરેણાં ફૂલહાર, દે દર્શન તિયાં ઘણીવાર...૨૯
સંત હરિજનની ભીડ ભારી, નીરખે હરિને અનંત નરનારી;
ગાય કીરતન હરિજન સંત, ભેળા ઝીલે પોતે ભગવંત...૩૦
કરે ધૂન પાડે પ્રભુ તાળી, ઊભા થઈ બે હાથે વનમાળી;
કરે લટકાં ચારેકોર ફરી, ફૂલહાર તોરા જાય ગરી[1]...૩૧
ગુચ્છ ગજરા બાજુ બહુ હાલે, પાડે તાળી વા'લો બહુ વા'લે;
કરે લીલા અનંત અપાર, નીરખે પ્રીતે તેને નરનાર...૩૨
કરે વા'લોજી બહુ ત્યાં વાત, દે દર્શન હરિ દિન રાત;
એમ કરતાં ગયા બે માસ, પછી બોલિયા તે અવિનાશ...૩૩
સાંભળો હરિજન સર્વે સંત, કરજ્યો ભજન રહેજ્યો નિચંત[2];
નિત્ય જમાડે સંતને શ્યામ, પીરસી લાડુ હાથે સુખધામ...૩૪
નિત્ય જાય ગોમતીજી નાથ, આવે મંદિરમાં સુખપાથ;
રમે જમે પોતે રાજી થાઈ, અયોધ્યાવાસીને ઘેર જઈ...૩૫
રામપ્રતાપ આદિ પરિવાર, અયોધ્યાવાસી જે નરનાર;
રહે હરિ સંગાથે સદાય, પ્રભુ વિના પળ ન રે'વાય...૩૬
જરિયાની વસ્ત્ર હતાં જેહ, વા'લે પે'ર્યાં વડતાલમાં તેહ;
પે'રી પાંચ સાત વાર હરિ, દીધાં દર્શન તે દયા કરી...૩૭
પછી ત્યાર થઈ સુખધામ, ચાલ્યા હરિ તે **ગઢપુર** ગામ;
ચઢી માણકીએ મહારાજ, ગયા **બુધેજ** તે જન કાજ...૩૮
રહી રાત ચાલ્યા સુખધામ, ગયા પ્રીતમ **પછમ** ગામ;
રહી જેરામને ઘેર રાત, પ્રભુ ચાલ્યા ત્યાંથી પ્રભાત...૩૯
ગયા અસવાર સોતા હરિ, **કારિયાણી** ગામે દયા કરી;
રહી રાત ત્યાં સુંદરશ્યામ, આવ્યા સવારે **ગઢપુર** ધામ...૪૦

૧.નીચે ખરી જાય ૨.નચિંત

આવી મૂર્તિ લીધી મહારાજ, કરવા અનેક જીવનાં કાજ;
પછી જમી પોઢ્યા જગદીશ, આવી ઓરડીમાં મુનિ ઈશ...૪૧

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ ડભાણ, વડતાલ થઈને ગઢપુર પધાર્યા' એ નામે અઠ્યોતેરમો કિરણ ॥૭૮॥

કિરણ : ૭૯

શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા તે અમદાવાદ થઈ અસલાલી પધાર્યા

પૂર્વછાયો :

ગોપીનાથજી પધરાવિયા, શ્રીસહજાનંદ મહારાજ;
આસો સુદિ દ્વાદશી દને, બહુ જીવનાં કરવા કાજ...૦૧
પછી માણેકઠારી[1] પૂનમે, ચાલ્યા તે સુંદરશ્યામ;
અયોધ્યાવાસી સંત સોતા, આવ્યા **કારિયાણી** ગામ...૦૨

ચોપાઈ :

જમી વસ્તા ખાચરને ઘેર, આવ્યા **સારંગપુર** કરી મે'ર;
વાઘા ખાચરને ત્યાં રહી રાત, જમી ચાલ્યા પ્રભુ પ્રભાત...૦૩
વાગડ ભોજાભાઈને ત્યાં થાઈ, ગયા **કંથારીએ** સુખદાઈ;
કરી રસોઈ કાનજીને ઘેર, અયોધ્યાવાસીએ રૂડી પેર...૦૪
પે'લા જમાડે પ્રભુને નિત્યે, પછી જમે સર્વે રૂડી રીતે;
પ્રભુ જમે પે'લા જ્યારે થાળ, પછી જમે તે વૃદ્ધ ને બાળ...૦૫
ફેરવી લાડુ જમાડ્યા સંત, પછી ચાલ્યા સવારે ભગવંત;
ભલગામડે થઈ **શિયાણી**, આવ્યા સાંજુકા સારંગપાણી...૦૬
શિવરામને ત્યાં રહી રાત, જમી ચાલ્યા પ્રભુ પ્રભાત;

૧.શરદપૂર્ણિમા; આસો સુદ પુનમ

ગયા **તાવી** ગામે ઘનશ્યામ, બેઠા વેલ્ય ઉપર સુખધામ...૦૭
લઈ લાડુ સુખડીના હાથે, દીધા સંત સર્વેને તે નાથે;
ત્યાંથી ચાલતાં આવ્યું તળાવ, ત્યાં જઈ ઊતર્યા મનોહર માવ...૦૮
ગાડા ઉપર બેસી ઘનશ્યામ, વતું[1] કરાવ્યું ત્યાં સુખધામ;
પછી ગયા **દેવળીએ** હરિ, જાલમસિંહને ત્યાં દયા કરી...૦૯
પોતે જમીને જમાડ્યા સંત, પીરસી લાડુ હાથે ભગવંત;
ત્યાંથી ચાલ્યા પ્રભુ પ્રભાત, જઈ **ઘોડા** ગામે રહ્યા રાત...૧૦
ત્યાંથી ગયા **દદુકે** દયાળ, જઈ **મછિયાવ** ચાલ્યા તતકાળ;
ગામ **કુંમાર્ય**માં રહ્યા રાત, પ્રભુ ચાલ્યા ત્યાંથી પ્રભાત...૧૧
ગયા ગામ **મણિપુર** માવ, રહી રાત જમ્યા કરી ભાવ;
શીરો પૂરી જમ્યા સંતજન, પછી ગાયાં તે કીરતન...૧૨
બેસી વેલ્યે ચાલ્યા ઘનશ્યામ, ગયા **સાભરે**[2] તે સુખધામ;
વતું કરાવીને નાહ્યા નાથ, સંત હરિજન સોતા સુખપાથ...૧૩
થઈ સરિતા[2] તીર્થ સાર, નાહ્યા હરિ એમાં ઝાઝી વાર;
એનો મહિમા કહ્યો નવ જાય, તેને મોટા મુનિવર ગાય...૧૪
ઓટો વિસામાનો હતો પાસ, પે'ર્યાં કોરાં વસ્ત્ર ત્યાં અવિનાશ;
જરી સુરવાળ જામો પહેરી, માથે બાંધી તે પાઘ સોનેરી...૧૫
કેડ્યે બાંધ્યું કસુંબલ શેલું, ધર્યું ખભે સુંદર અલબેલું;
કર્યો કંકુનો ચાંદલો ભાલ, હાથમાં રૂડો રેશમી રૂમાલ...૧૬
હાર ગજરા ગુચ્છ બાજુ તોરા, ઝૂકે પાઘની તે ચહુકોરા;
ચડ્યા માણકી ઘોડીએ મહારાજ, ચાંદી ચોકડું સોનેરી સાજ...૧૭
સંત હરિજન મધ્યે જગવંદ, શોભે તારે વીંટ્યો જેમ ચંદ;
ચાલે ધીરા ધીરા સુખધામ, આવ્યા **શાહપુર**ને દરવાજે શ્યામ...૧૮

૧.હજામત; શેવીંગ ૨.નદી

ઈચ્છારામ હીરાચંદ મનોર, કુબેર ગોવિંદ અને કિશોર;
ગોપાળ ગોકળ અને આનંદ, રણછોડ ત્રિકમ ને ગોવિંદ...૧૯

બેચર આશારામ ને શ્યામળ, મોહનલાલ ને દલો અકળ;
હરગોવિંદ નથુ જુગલરામ, હેમંતરામ અને જીવરામ...૨૦

કાશીરામ દેવરામ હરેશ્વર, ગણપતરામ સોમનાથકર;
કુબેરસિંહ અને ભાવસિંઘ, પિતાંબર પાનાચંદ અનઘ...૨૧

શંભુદાસ બે દામોદર નામ, વાલો વજેરામ ગંગારામ;
લાલદાસ દો કેવલરામ, રણછોડ ને દયાળજી નામ...૨૨

પ્રેમજી ખુશાલ ને ભાઈચંદ, હીરો ને રાયજી હરગોવિંદ;
લખો કસળો ને ગંગારામ, વસ્તો માણકો મૂળજી નામ...૨૩

લક્ષ્મીચંદ અને હીરાચંદ, અંબારામ જગો ભૂદર વૃંદ;
પુરુષોત્તમ મંગળ એહ, વ્રજકુંવર રતન અંબા તેહ...૨૪

ગંગા રેવા ને શિવકુંવર, જમના હરિદેવ જે વિપર[૧];
એહ આદિ બાઈ ભાઈ કઈ, આવ્યાં હરિ સામા રાજી થઈ...૨૫

કરે પ્રણામ હાર ચઢાવે, ધોળ મંગળ મનોહર ગાવે;
વાજે વાજાં જે જે ઉચ્ચાર, બોલે કુબેરજી ચોપદાર...૨૬

ચાલ્યા શહેર મધ્યે સહજાનંદ, સંત હરિજન બાઈ ભાઈ વૃંદ;
હલક્યું[૨] શહેર હરિને જોવા, પાપ બહુ જનમનાં ખોવા...૨૭

ચઢી ત્રણ માળે ગીત ગાવે, મોતી ફૂલે વા'લાને વધાવે;
જોવે નાથજી હરિજન સામું, પૂરે સર્વેના મનની હામું...૨૮

છત્ર ચમર અબદાગીરી છાજે, વેણા વાંસળી નોબત્યો ગાજે;
આવ્યા વા'લોજી મંદિરમાંઈ, નરનારાયણ બિરાજે ત્યાંઈ...૨૯

કરી ઠાકોરજીનાં દરશન, પ્રભુ થયા અતિ પરસન;

૧.વિપ્ર; બ્રાહ્મણ ૨.ઉમટી પડ્યું

આવી બેઠા વેદિ પર વા'લો, લટકાળો શ્રીધર્મનો લાલો...૩૦
બેઠા આથમણે મુખે હરિ, સંત હરિજનની સભા કરી;
સેજ ગાદલું તકિયો છાજે, તેની ઉપર વા'લો વિરાજે...૩૧
લાવે હરિજન ફૂલના હાર, પ્રભુ પહેરે કરી બહુ પ્યાર;
ઢોળું વિંઝણો હરિને વાય, નીર્ખી નાથને હરખ ન માય...૩૨
શોભે ગુલાબનાં બહુ ફૂલ, હાર તોરા ને ગજરા અમૂલ;
એમ દીધાં દર્શન બહુ વાર, પછી નાહ્યા તે ધર્મકુમાર...૩૩
જમ્યા અયોધ્યાપ્રસાદજીને ઘેર, વા'લો કરીને બહુ મહેર;
પોઢ્યા મેડા ઉપર મહારાજ, યોગનિદ્રા કરવાને કાજ...૩૪
ચાંપ્યા ચરણ ઢોળ્યો બહુ વાય, પ્રભુ પોઢ્યા તે શોભા ન કે'વાય;
પછી ઊઠ્યા સવારમાં શ્યામ, કરી ક્રિયા નાહ્યા સુખધામ...૩૫
જમ્યા રામપ્રતાપને ઘેર, વા'લો કરીને બહુ મહેર;
સુનંદા ને વળી વિરજાબાઈ, કરે રસોઈ રૂડી રાજી થાઈ...૩૬
જમે નિત્ય નિત્ય એમને ઘેર, ભોજન વ્યંજન તે રૂડી પેર;
પછી સંતમાં શ્રીઘનશ્યામ, પીરસ્યા લાડુ તે પૂરણકામ...૩૭
ફર્યા પંગતમાં પંચવાર, જમ્યા સંત થયો જેજેકાર;
પછી વેદિ ઉપર તે આવી, બેઠા વા'લમ ઢોલિયો ઢળાવી...૩૮
ભાઈ રામપ્રતાપ આદિ જાઈ, બેઠા અયોધ્યાવાસી રાજી થાઈ;
મુકુંદાનંદ આદિ બ્રહ્મચારી, કરી પ્રણામ બેઠા નીમધારી...૩૯
મુક્તાનંદ આદિ સંત જેહ, બેઠા પ્રણામ કરીને તેહ;
દાદાખાચર આદિ હરિજન, લાગી પગે બેઠા પાવન...૪૦
સુવાસીની વસુમતિ આદિ બાઈ, બેઠા સભાથી પૃથક રાજી થાઈ;
એહ આદિ બાઈ ભાઈ વૃંદ, શોભે સભામાં સ્વામી સહજાનંદ...૪૧

વસ્ત્ર ભૂષણ શોભે ફૂલવાડી, એવી સભા સંભારવી દા’ડી;
અમદાવાદના તે હરિજન, આવ્યા પ્રભુને પૂજવા પાવન...૪૨

ઈચ્છારામ હીરાચંદ આદિ, આવ્યા ભક્ત મોટા મરજાદી;
વસ્ત્ર ભૂષણ પૂજા લઈ સહુ, આવ્યા ચારે દેશના તે બહુ...૪૩

ભારે સોનેરી વસ્ત્ર અલંકાર, પે’રાવે પ્રભુને કરી પ્યાર;
ચરચી ચંદન કરે ચાંદલો, ચોડે ચોખા લાવ લે ભલો...૪૪

ગજરા ગુચ્છ બાજુ હારતોરા, પહેરાવે પ્રભુને ચહુકોરા;
ફૂલ્યા હરિ જાણે ફૂલવાડી, શોભે પ્રભુ જેમ મેઘ અષાઢી...૪૫

કરી ધૂપ દીપ ને આરતી, પ્રેમે પૂજ્યા સર્વે સંતપતિ;
અયોધ્યાવાસી સંતને સાર, પૂજા કરી પે’રાવ્યા હાર...૪૬

વાજે વાજિંત્ર તિયાં અપાર, જય જય બોલે નરનાર;
તે સમાની શોભા શી વખાણે, જેણે દીઠી હોય તે જ જાણે...૪૭

ચઢ્યો પહોર દિવસ તે વાર, હરિ થયા માણકીએ અસવાર;
ચાલ્યા શહેરમાં સુંદરશ્યામ, નીરખે નાથને પુરુષ ને વામ...૪૮

સંત હરિજન અયોધ્યાવાસી, ચાલ્યા સર્વે તે પ્રીત પ્રકાશી;
ચાલે ઘોડલાની ઘુંમર ભારી, આગળ સહજાનંદ સુખકારી...૪૯

એક કોર અયોધ્યાપ્રસાદજી, બીજે પાસે તે રઘુવીરજી;
મધ્યે સહજાનંદ સુખકંદ, શોભે તારે વીંટ્યો જેમ ચંદ...૫૦

એક હરિજન કરીને વા’લ, દીધો હાથમાં રેશમી રૂમાલ;
ગાય કીરતન સંત હરિજન, ચાલે ધીરા ધીરા ભગવન...૫૧

ચઢી મેડી અગાસી ભલે ભાવે, મોતી ફૂલે વા’લાને વધાવે;
બોલે ચોપદાર જેજે વાણ[૧], થયું શહેર સઘળામાં જાણ...૫૨

૧.જયઘોષ; જયજયકાર

વાજતે ગાજતે તે શહેર ફરી, આવ્યા રાયપુરને દરવાજે હરિ;
હરિજન વાળ્યા પાછા હાર આલી, વા'લો ગયા ગામ **અસલાલી**...૫૩
બેઠા વેદિ ઉપર તે વા'લો, આંબાવાડિયામાં ધર્મલાલો;
દીધાં દર્શન ત્યાં બહુ વાર, સંત હરિજનને કરી પ્યાર...૫૪

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા તે અમદાવાદ થઈ અસલાલી પધાર્યા' એ નામે ઓગણએંસીમો કિરણ ॥૭૯॥

કિરણ : ૮૦

શ્રીહરિ વડતાલમાં દિવાળીનો ઉત્સવ કરી ગઢપુર પધાર્યા

પૂર્વછાયો :

કરી રસોઈ રાજી થઈ, વેણી કસનબાને ઘેર;
જમ્યા જીવન ત્યાં જુગતે, શાક પાક તે રૂડી પેર...૦૧
પછી સંત જમાડિયા, લઈ લાડુ હાથે ભગવંત;
પાળાને પીરસી પ્રીતશું, પ્રભુ પોઢ્યા થઈ નિચંત...૦૨

ચોપાઈ :

પછી સવારે ઊઠીને શ્યામ, કરી દાતણ નાહ્યા સુખધામ;
હતો એકાદશીનો તે દન, ગયા **જેતલપુર** જીવન...૦૩
ગંગાદાસ આસજીને ઘેર, કર્યું ફરાળ તે રૂડી પેર;
આવી વડલે બેઠા વનમાળી, કરી સભા સંતની રૂપાળી...૦૪
બે આચાર્યની બે સભા કરી, બેઠા રહ્યા વડ તળે હરિ;
દીધાં દર્શન ત્યાં બહુ વાર, કરી આરતી ધૂન અપાર...૦૫
બેસી રથ પર ને ચાલ્યા નાથ, આવ્યા **વડતાલે** તે સુખપાથ;
આરતી ટાણે દ્વાદશી દન, કર્યાં ઠાકોરનાં દરશન...૦૬

પછી જમીને પોઢ્યા છે હરિ, આથમણે બંગલે દયા કરી;
પછી સવારમાં ઊઠી સ્વામી, બેઠા બંગલા ઉપર બહુનામી...૦૭

ઝાઝી વાર બેઠા સુખદાન, પછી નાહી જમ્યા ભગવાન;
ધનતેરસને દી સંધ્યા ટાણે, દીધાં દર્શન શ્યામ સુજાણે...૦૮

બેઠા પ્રદક્ષિણા પર પ્રીતે, પાટ ઉપર વા'લો રૂડી રીતે;
કર્યા દીવા મશાલો તે ઘણી, શોભે સભામાં અક્ષરના ધણી...૦૯

સંત હરિજન બેઠા સામું જોઈ, મીટે મટકું ન મારે કોઈ;
ઘણીવાર બેઠા ઘનશ્યામ, પછી પોઢ્યા તે પૂરણકામ...૧૦

કાળી ચૌદશે તે કીરતાર, બેઠા બંગલેથી ઊઠીને બા'ર;
પછી ઘોડીએ ચડી ઘનશ્યામ, ગયા ગોમતીજી સુખધામ...૧૧

બેઠા વેદિ ઉપર જઈ વા'લો, લટકાળો શ્રીધર્મનો લાલો;
સંત હરિજનની સભા ભારી, કરે દર્શન અનંત નરનારી...૧૨

સુરવાળ જામો જરકશી, પાઘ સોનેરી અંતરે વસી;
કેડ્યે બાંધ્યો કસુંબલ રેંટો, ખભે ધર્યો જરકશી ફેંટો...૧૩

કર્યો કંકુનો ચાંદલો ભાલ, હાથમાં રૂડો રેશમી રૂમાલ;
લાવે હરિજન ફૂલના હાર, પે'રે પ્રભુ કરી બહુ પ્યાર...૧૪

ગજરા ગુચ્છ બાજુ ને તોરા, મેલે છોગાં ફરતાં ચહુકોરા;
અયોધ્યાવાસી સંત સહુ સાથ, શોભે વેદિ ઉપર બેઠા નાથ...૧૫

મુક્તાનંદ બ્રહ્માનંદ ગાય દા'ડી, પ્રેમાનંદ ગાય સતાર વજાડી;
વાજે દૂકડ સરોદા બહુ, તેની શોભા મુખથી શી કહું...૧૬

ગાય કીર્તન પાડે સંત તાળી, દઈ તાળી ઝીલે વનમાળી;
પછી ઘોડીએ ચડી ઘનશ્યામ, આવ્યા મંદિરમાં સુખધામ...૧૭

પછી જમ્યા જીવન કરી મે'ર, દહીંવડાં ભોજન રૂડી પેર;
સાંજે જમાડ્યા હનુમંત દેવ, રૂડાં વડાં વડે તે અભેવ...૧૮

પછી જમાડ્યા સંત ને પાળા, પીરસી લાડુ વા'લે રૂપાળા;
પછી પોઢીને જાગ્યા જીવન, સવારમાં દિવાળીનો દન...૧૯

કરી ક્રિયા નાહ્યા જગવંદ, જમ્યા જુક્તે સ્વામી સહજાનંદ;
જમ્યા બેઉ તે ભાઈને ઘેર, વા'લો કરીને બહુ મહેર...૨૦

પછી સુરવાળ જામો પહેરી, માથે બાંધી તે પાઘ સોનેરી;
કસ્યું કેડે કસુંબલ શેલું, ખભે શોભે જરકસી અલબેલું...૨૧

કર્યો કંકુનો ચાંદલો ભાલ, હાથમાં રૂડો રેશમી રૂમાલ;
બેઠા પાટે પ્રદક્ષિણા પર, શોભે મૂરતિ તે મનોહર...૨૨

આવ્યા રામપ્રતાપ આદિ ભાઈ, અયોધ્યાવાસી તે રાજી થાઈ;
બેઠા આવીને સર્વે કુમાર, કરી નાથને તે નમસ્કાર...૨૩

મુકુંદાનંદ આદિ બ્રહ્મચારી, લાગી પગે બેઠા નીમધારી;
મુક્તાનંદ આદિ સંત જેહ, બેઠા પ્રભુને પ્રણામ કરી તેહ...૨૪

મયારામ ભટ્ટ આદિ પાવન, લાગી પગે બેઠા હરિજન;
ઉત્તમ આદિ જે અસવાર, નમી પ્રભુને બેઠા કરી પ્યાર...૨૫

ભગુજી રતનજી આદિ પાળા, બેઠા પ્રભુ પાસે હથિયારવાળા;
સુવાસીની વસુમતિ આદિ બાઈ, બેઠા પૃથક સભા રાજી થાઈ...૨૬

બાઈ ભાઈની ભીડ તે ભારી, શોભે મંદિરમાં સુખકારી;
આથમણે મુખે અંતરજામી, શોભે સભા મધ્યે બહુનામી...૨૭

આવ્યા વટપત્તનના હરિજન, વસ્ત્રભૂષણ લઈ ચંદન;
પૂજી પ્રભુ પે'રાવ્યા શણગાર, લાગ્યા પગે કરી બહુ પ્યાર...૨૮

આવ્યા સુરતના સર્વે જન, પ્રભુ પૂજવા થઈ પ્રસન્ન;
વસ્ત્ર હાર ચંદન અલંકાર, પૂજ્યા પ્રીતે તે જગઆધાર...૨૯

અમદાવાદના જન તે આવી, પૂજ્યા પ્રભુ અતિ પ્રીત લાવી;
ભાત ભાતના શણગાર ફૂલ, પે'રાવ્યા પ્રભુને તે અમૂલ...૩૦

વડતાલના આવ્યા હરિજન, પ્રભુ પૂજવા થઈ પ્રસન્ન;
હાર ચંદન લઈ શણગાર, પૂજ્યા પ્રીતે પ્રભુ વારંવાર...૩૧

પૂરવ પશ્ચિમના હરિજન, ઉત્તર દક્ષિણના તે પાવન;
આવ્યા ચારે દેશના તે મળી, હરિજન મંડળી મંડળી...૩૨

પૂજ્યા પ્રભુને તે કરી પ્યાર, ચંદન ચરચી પે'રાવ્યા હાર;
કરી ધૂપ દીપ ને આરતી, થયા રાજી અતિ સંતપતિ...૩૩

કર્યા સંધ્યા ટાણે દીવા ઘણા, પૂરી દીપમાળા ન રાખી મણા;
ચારે કોર હવેલિયું છાજે[1], ત્રણ માળે દીવા ત્યાં બિરાજે...૩૪

કર્યા મંદિર ઉપર દીવા બહુ, તેજ તેજ પદારથ સહુ;
મેતાબ મશાલ બપોરિયા બળે, જાણે અક્ષરધામ ઝળમળે...૩૫

શોભે તેજમાં મૂર્તિ અપાર, નીરખે સંતજન નરનાર;
જેણે હરિમુખ જોયું નિહાળી, તેનું નામ જાણો દિવાળી...૩૬

કરી ભોજન વ્યંજન બહુ ભાત, પૂર્યો અન્નકોટ થઈ રળિયાત;
જમી રહ્યા ઠાકોરજી જ્યારે, ઉતારી આરતી તેહ વારે...૩૭

પછી જમ્યા તે ભક્તિનંદન, પૂરી પકવાન રૂડાં વ્યંજન;
પછી જમાડ્યા સખા ને સંત, પીરસી લાડુ હાથે ભગવંત...૩૮

સાંજે મળ્યા સંતને શ્યામ, પાળા બ્રહ્મચારીને ગુણધામ;
કરી દિવાળી ધર્મને લાલે, આવી વા'લમજીએ વડતાલે...૩૯

રહ્યા દોઢ માસ ત્યાં શ્યામ, ચઢી ઘોડીએ ચાલ્યા સુખધામ;
આવ્યા **સિંજીવાડે** સુખકંદ, દેવા સહુ જનને આનંદ...૪૦

રાખ્યા જગરૂપે જોડીને હાથ, રહ્યા રાત રાજી થઈ નાથ;
પછી ત્યાંથી આવ્યા **ગલિયાણે**, જમ્યા મંદિરમાં તેહ ટાણે...૪૧

ત્યાંથી **જાખડે** આવ્યા જીવન, કાશીદાસને દીધાં દરશન;

૧.શોભે

પછી જમી જીવન કરી મે'ર, આવ્યા **પીપળી** દાદાભાઈને ઘેર...૪૨
જમી આવ્યા **ધોલેરે** મહારાજ, કરવા અનેક જીવનાં કાજ;
પૂજોજી બાપજી ભોજોભાઈ, ડોસો કાયોજી ને વરહોભાઈ...૪૩
ખીમો વનમાળી ને અજુબાઈ, એ આદિ ઘણાં બાઈ ભાઈ;
આવ્યા સામાં હરિની તે વાર, લાગ્યાં પગે કરી બહુ પ્યાર...૪૪
ધર્યાં શ્રીફળ મેવા બહુ સાર, કર્યું વંદન તે વારંવાર;
કરી ઠાકોરનાં દરશન, પ્રભુ થયા અતિ પરસન...૪૫
રહી રાત જમ્યા જગપતિ, થયા પ્રસન્ન વા'લોજી અતિ;
પછી ત્યાંથી ચાલ્યા સુખધામ, આવ્યા હરિ **કારિયાણી** ગામ...૪૬
પછી **ભાવનગરે** ગયા હતા, રૂપાભાઈને ત્યાં રાત રહ્યા'તા;
ત્યાંથી આવ્યા **વરતેજે** શ્યામ, પછી **ગઢપુર** આવ્યા સુખધામ...૪૭
નાહી ઊને પાણીએ જમ્યા હરિ, રૂડાં ભોજન વ્યંજન ભાવ ભરી;
કરી ચળું લીધો મુખવાસ, અતિ રાજી થયા અવિનાશ...૪૮
પોઢ્યા ઓરડીમાં અંતરજામી, સુખ સજ્યા પર બહુનામી;
ચાંપ્યા ચરણ ઢોળ્યો બહુ વાય, નીરખી નાથને આનંદ થાય...૪૯

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ વડતાલ દીપોત્સવ કરી ગઢપુર પધાર્યા' એ નામે એંશીમો કિરણ ॥૮૦॥

કિરણ : ૮૧

શ્રીહરિએ ગઢપુરમાં અન્નકૂટ ઉત્સવ કર્યો

પૂર્વછાયો :

ગઢપુરમાં ઘનશ્યામજી, કરી લીલા અપરમપાર;
ઉત્તમના દરબારમાં, તેને સંભારવી વારંવાર...૦૧

ધન્ય ધન્ય એ ધામને, રહ્યા વા'લમ કરી વિશ્રામ;
પાવન થાય નારી નર, લેતાં તે ગઢપુર નામ...૦૨

ચોપાઈ :

ત્રણ કોર ઓરડા સુંદર, એક કોર ઠાકોરનું મંદિર;
મધ્યે લીંબતરુ અતિ ભારી, તેની છાયા વિશાળ સુખકારી...૦૩
તરુ કેડે તે સુંદર ઓટો, ચોક બહુ વિશાળ અતિ મોટો;
ઓટા ઉપર ઢોલીડો સાર, ગાદલું ને ઓછાડ ઉદાર...૦૪
તકિયો ગાલમસુરિયાં ગોળ, રંગત પાયા રૂડા રંગચોળ;
સોનેરી સેજબંધ ચારેકોર, બાંધ્યા સુંદર તે ચિત્તચોર...૦૫
હતી તે દિવસે તે દિવાળી, પ્રભુ પધરાવવા સેજ ઢાળી;
જાગ્યા ઓરડીમાંય જીવન, સંત હરિજનને દેવા દર્શન...૦૬
કરી ક્રિયા નાહ્યા સુખધામ, પછી જમવા આવ્યા ઘનશ્યામ;
બેઠા બાજોઠીએ બહુનામી, સુખસાગર સહજાનંદ સ્વામી...૦૭
લાવ્યા બેઉ ભાઈ ભરી થાળ, શાક પાક ભોજન રસાળ;
જમે જીવન જુગતે કરી, પિયે પાણી વારે વારે હરિ...૦૮
ઢોળે અયોધ્યાપ્રસાદજી વાય, રઘુવીરજી પાણી લઈ પાય;
મુકુંદ બ્રહ્મચારી ઊભા પાસ, કરે દર્શન તે સર્વે દાસ...૦૯
જમી ઊઠ્યા જ્યારે અવિનાશ, દીધો સોમે[૧] સુંદર મુખવાસ;
પે'ર્યો સુરવાળ સુંદરશ્યામ, જામો જરકસી મોતીની દામ[૨]...૧૦
માથે મોળિયું તે મરમાળું, મેલી છોગું બાંધ્યું રૂપાળુ;
કેડે બાંધ્યો કસુંબલ રેંટો, ખભે શોભે તે સુંદર ફેંટો...૧૧
કર્યું કેશર તિલક ભાલ, કંકુ ચાંદલો હાથમાં રૂમાલ;
પે'રી મોજડીઓ ચાલ્યા શ્યામ, બેઠા સેજે આવી સુખધામ...૧૨

૧.સોમલા ખાચરે ૨.માળા

બેઠા ઉગમણે મુખે નાથ, લીંબતરુ તળે સુખપાથ;
આવ્યા રામપ્રતાપજીભાઈ, બેઠા પ્રભુ પાસે રાજી થાઈ...૧૩
અયોધ્યાપ્રસાદજી તે આવી, બેઠા સ્વામીને શીશ નમાવી;
આવ્યા રઘુવીરજી તિયા જેહ, બેઠા પ્રભુને પ્રણામ કરી તેહ...૧૪
નાના મોટા તે સર્વે કુમાર, બેઠા પ્રભુને કરી નમસ્કાર;
મુકુંદાનંદ આદિ બ્રહ્મચારી, બેઠા પ્રભુને નમી નીમધારી...૧૫
મુક્તાનંદ આદિ સંત સુજાણ, બેઠા પ્રણામ કરી જોડી પાણ[૧];
મયારામ આદિ હરિજન, બેઠા પ્રભુને પ્રણામી પાવન...૧૬
સુવાસીની વસુમતિબાઈ, વિરજ્યા સુનંદા તે રાજી થાઈ;
સર્વે અયોધ્યાવાસી આદિ જેહ, બેઠાં બાઈ છેટે ઓસરીએ તેહ...૧૭
રમા જયા લલીતા પાંચુબાઈ, અમર અમૂલા ને ગંગાબાઈ;
રેવા જમુના ને સરસ્વતી, સોનબાઈ સોમાદેવી શુભમતિ...૧૮
એહાદિ હરિજન બાઈ અપાર, બેઠાં છેટે સભાથી તે વાર;
બાઈ ભાઈ હરિજન સહુ, શોભે સ્વામી સભા મધ્યે બહુ...૧૯
ચારેકોરે ભક્ત મુનિવૃંદ, ઓપે ઉડુગણમાં જેમ ચંદ;
આવ્યા ઉત્તમ નૃપ તે વાર, ભૂષણ વસન લઈ શણગાર...૨૦
પે'રાવી પ્રભુને પૂજ્યા પ્રીતે, ચંદન પુષ્પ લઈ રૂડી રીતે;
કર્યો કંકુનો ચાંદલો ભાલ, ગોળ સુંદર શોભે અતિ લાલ...૨૧
પૂજોજી પૂજેશેઠે ત્યાં આવી, પૂજ્યા પ્રભુ અતિ હિત લાવી;
ભગો વનો આંબો ભક્ત ભારી, પૂજ્યા પ્રીતે હરિ સુખકારી...૨૨
પ્રભુદા નાથજી કરી પ્રીત, પૂજ્યા સહજાનંદ રૂડી રીત;
ગોવિંદભાઈ ગણેશજી જેહ, પૂજ્યા પ્રભુ કરી બહુ નેહ...૨૩

૧.હાથ

ભાઈચંદ ને ભિખારીદાસ, પૂજ્યા પ્રીતે તેણે અવિનાશ;
હિમરાજ હાંસજી હંસરાજ, પૂજી પ્રભુ કર્યું રૂડું કાજ...૨૪
રાયજી રૂગનાથ પ્રેમાનંદ, પૂજ્યા પ્રીતે શ્રીસહજાનંદ;
બેચર બાવોજી ને લખીરામ, પૂજ્યા પ્રીતે તે સુંદરશ્યામ...૨૫
ભગો મૂળો ને ભાણોભાઈ, પૂજ્યા પ્રભુને તે રાજી થાઈ;
હેમંતસિંહ અનોપ નવલ, પૂજ્યા પ્રભુ જોઈ રૂડી પલ...૨૬
રૂડો રામદાસ રણછોડ, પૂજ્યા કંકુ ચંદન લઈ જોડ;
જીણોભાઈ જીવરાજભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ...૨૭
દામોદર દયાળજી દયારામ, પૂજ્યા પ્રીતે તે સુંદરશ્યામ;
નરભેરામ અને નંદુભાઈ, પૂજ્યા પ્રભુને તે રાજી થાઈ...૨૮
ગંગારામ અને ગલોભાઈ, પૂજ્યા સ્વામી તે તો સુખદાઈ;
વેણીભાઈ અને વાલોભાઈ, પૂજ્યા નીલકંઠ રાજી થાઈ...૨૯
તુલસીભાઈ ને તુલજારામ, પૂજ્યા પ્રીતે તે શ્રીઘનશ્યામ;
કાશીદા કાનદા કાળીદાસ, પૂજ્યા પ્રભુ પ્રીતે તજી કાશ[૧]...૩૦
વેરીદા વનમાળી બાપુજી, પૂજી પ્રભુ પ્રીતે લીધા ભજી;
મુળજી મીઠો ને મોહનલાલ, પૂજ્યા પ્રીતે કરી ધર્મલાલ...૩૧
ત્રિકમભાઈ ને તુલજાદાસ, પૂજ્યા પ્રભુ તજી જન આશ;
દ્વારકાદાસ અને દલોભાઈ, પૂજ્યા હરિ હેતે રાજી થાઈ...૩૨
હરિ હિરો અને તેજોભાઈ, પૂજી હરિશું કીધી સગાઈ;
જીભાઈ જોબન કાકોભાઈ, પૂજ્યા હરિ જાણી સુખદાઈ...૩૩
દાજી ડાયો ને પ્રભાશંકર, પૂજ્યા પ્રભુ પ્રીતે દુઃખહર;
ગોકળદાસ ગોવો ભોજોભાઈ, પૂજ્યા પ્રાણપતિ રાજી થાઈ...૩૪

૧.ઉપાધિ; વિઘ્ન

એહ આદિ હરિજન અપાર, પૂજ્યા પ્રભુને તે બહુ વાર;
કરી ધૂપ દીપ ને આરતિ, હાથ જોડીને કરી વિનતિ...૩૫

પૂજ્યા અયોધ્યાવાસીને પ્રીતે, વસ્ત્ર ભૂષણ લઈ રૂડી રીતે;
ચંદન પુષ્પ લઈ રૂડી રીતે, પૂજ્યા સંતને તે બહુ પ્રીતે...૩૬

કર્યાં દીવા દીવિયું અપાર, ચારેકોર દીવાની શોભે હાર;
મેલ્યા મંદિર ઉપર દીવા ઘણા, ઝળકે તેજ તેજ નહીં મણા...૩૭

કરે ધૂન સાધુ પાડે તાળી, ઊભા થઈ બોલે વનમાળી;
કરે લટકાં તાળી પાડે નાથ, બેઉ હાથે સુંદર સુખપાથ...૩૮

તેની શોભાનો તે નહીં પાર, નીરખે નેણાં ભરી નરનાર;
શોભે મૂર્તિ મનોહર બહું, સભા મધ્યે શોભા તે શી કહું...૩૯

જેણે હરિ મુખ જોયું નિહાળી, ગયું દુઃખ ને થઈ દિવાળી;
પછી પોઢ્યા જઈ પ્રાણઆધાર, ગઈ રાત ને થયું સવાર...૪૦

ભારે ભારે કર્યાં પકવાન, જાણ્યું જમે જુક્તે સુખદાન;
કરી ભોજન વ્યંજન બહુ ભાત, પૂર્યો અન્નકોટ થઈ રળિયાત...૪૧

જમી રહ્યા ઠાકોરજી જ્યારે, ઉતારી આરતિ તેહ વારે;
પછી જમ્યા તે ભક્તિનંદન, પૂરી પકવાન રૂડા વ્યંજન...૪૨

ધોઈ હાથ લીધો મુખવાસ, પછી ઊભા થયા અવિનાશ;
ચંદન પુષ્પ લઈ રૂડી રીતે, પૂજ્યા અવધપ્રસાદજીએ પ્રીતે...૪૩

રઘુવીરજીએ રાજી તે થાઈ, પૂજ્યા ચંદન પુષ્પે સુખદાઈ;
પછી જમાડ્યા સખા ને સંત, પીરસી લાડુ હાથે ભગવંત...૪૪

ફર્યા પંગતમાં પંચવાર, જમ્યા સંત થયો જેજેકાર;
મળ્યા રામપ્રતાપને નાથ, હેતે ઝાલીને તે બેઉ હાથ...૪૫

મળ્યા અયોધ્યાપ્રસાદજીને હરિ, વા'લો અતિશે દયા કરી;
મળ્યા રઘુવીરજીને તે શ્યામ, સુખસાગર કરૂણાના ધામ...૪૬

મળ્યા સર્વે જનને તે સ્વામી, પૂર્ણ પુરુષોત્તમ બહુનામી;
પછી મળ્યા સંતને તે શ્યામ, પાળા બ્રહ્મચારી ને ગુણધામ...૪૭
કરી દિવાળી ધર્મને લાલે, ગામ ગઢપુરમાં તે તો વા'લે;
પછી પોઢ્યા જઈ ઓરડીમાંઈ, સુખ સજ્યા પર પ્રભુ ત્યાંઈ...૪૮
ચાંપ્યા ચરણ ઢોળ્યો બહુ વાય, નીરખી નાથને આનંદ થાય;
એવી નિશ દિન લીલા સંભારી, રાખી મૂર્તિ અંતરમાં ધારી...૪૯

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ ગઢપુરમાં અન્નકૂટ ઉત્સવ કર્યો' એ નામે એકાસીમો કિરણ ॥૮૧॥

કિરણ : ૮૨

શ્રીહરિએ વડતાલમાં મુગટ ધારણ કર્યો તથા બાર બારણાનાં હિંડોળે ઝૂલ્યા

પૂર્વછાયો :

ઓરડીમાંથી ઊઠ્યા શ્રીહરિ, ક્રિયા કરી રૂડી પેર;
નાહી જીવન જમ્યા જુગતે, અયોધ્યાવાસીને ઘેર...૦૧
ગઢડેથી ગોવિંદ ચાલિયા, સંઘ સખા લઈ સાથ;
બાવળી માણકીએ ચઢી, આવ્યા **કારિયાણી** નાથ...૦૨

ચોપાઈ :

રહી રાત ચાલ્યા જગવંદ, ગયા **રોજકે** શ્રીસહજાનંદ;
રહી કાકાભાઈને ઘેર, ગયા **કમિયાળે** કરી મે'ર...૦૩
ત્યાંથી ગયા **સીંજીવાડે** શ્યામ, રહી રાત ચાલ્યા સુખધામ;
આવ્યા **વડતાલે** વિશ્વઆધાર, પુરુષોત્તમ પ્રાણઆધાર...૦૪

ઊતર્યા મંદિરમાં થઈ પ્રસન્ન, કરી સભા દીધાં દરશન;
જમી થાળ પોઢ્યા જગવંદ, ઊઠ્યા સવારે શ્રીસહજાનંદ...૦૫

કરી ક્રિયા નાહ્યા શ્રીહરિ, જમ્યા વા'લોજી જુગતે કરી;
પછી વસ્ત્ર ભૂષણ પે'રી વા'લો, ચડ્યા માણકીએ ધર્મલાલો...૦૬

ચાલ્યા ગામથી પૂરવ દિશ, સખા સંત સોતા જગ ઈશ;
રૂડો આંબલો ઉગમણી ડાળ, બેઠા હિંડોળે દીનદયાળ...૦૭

સુંદર છાંયો ઓટો શોભે પાસ, બેઠા દર્શન કરવા સર્વે દાસ;
શોભે સભા મધ્યે સહજાનંદ, તારે વીંટ્યો શોભે જેમ ચંદ...૦૮

મળ્યાં મનુષ્ય અનંત અપાર, સંત હરિજન નરનાર;
દીધાં દર્શન વા'લે પાંચ દન, પછી આવી પૂનમ પાવન...૦૯

ઓટાથી દક્ષિણ બે આંબા સારા, ઊગ્યા જોડે જેમ રોહિણીના તારા;
ભગો મૂળો હતા બે ભાઈ, એવું આંબાનું જોડલું સુખદાઈ...૧૦

બાંધ્યો હેમે જડિત હિંડોળો, બે મધ્યે શોભે સુંદર પહોળો;
નવીન આંબાની ડાળ અનુપ, બાંધ્યો હિંડોળો ત્યાં સુખરૂપ...૧૧

બેઉ મધ્યે શોભે ફૂલડોળ, પાયા સ્થંભ રૂડાં રંગચોળ[1];
પાટી હીરની લીલું પીળું રૂપ, ગાદલું ને તકિયો અનુપ...૧૨

લીલાં લાલ પીતાંબર સાર, સોનેરી કોર તેજ અંબાર;
ઉપર કળશ સોનેરી પાંચ સારા, મેલ્યા તકતા[2] ઝળકે જાણે તારા...૧૩

બાર બારણે ઓપે અનુપ, જોયા જેવું છે જાળીનું રૂપ;
ઝૂલે ઝૂમણાં દાડમ આમ્રપાન, જોઈ લાજે તે કોટી વિમાન...૧૪

રૂડો રચ્યો પ્રભુ પધરાવા કાજ, એવે હિંડોળે બેઠા મહારાજ;
કિનખાપનો સુરવાળ પે'રી, લટકે ફૂમતાં નાડી હીર કેરી...૧૫

૧.લાલચટક; રંગથી રંગેલ ૨.કાચના ટીકા

જોઈ જામો જરકસી વાધે ભાવ, શોભે સુંદર નટવર નાવ;
પછી મુગટ ધર્યો મુનિરાજે, જોઈ તેજ કોટી સૂર્ય લાજે...૧૬
અતિ ઝળકે છે તેજ અંબાર, નંગ પંક્તિ તણો નહિ પાર;
જડ્યાં મણિ માણેક ને મોતી, ઝગે હીરા ઝવેરની જ્યોતિ...૧૭
જોઈ વજ્ર[૧] રૂચકની[૨] જાત, લાલ નીલે પીળે પાડી ભાત;
નંગ ઝગમગ કરે જ્યોત, જાણે રવિ શશી થયા ઉદ્યોત[૩]...૧૮
એવા રુડા રતનનો જડ્યો, ઘણે હેતે હરિજને ઘડ્યો;
લુંબાળી[૪] કલંગી તેમાં લાલ, જોઈ જોઈ વાધે ઘણું વા'લ...૧૯
એવો મુગટ ધર્યો છે માથે, હેમકડાં સાંકળા બેઉ હાથે;
કરે વેઢ વીંટી બાંયે બાજુ, કાને કુંડળ મકરાકૃત કાજુ...૨૦
શિરપેચ ને સોનેરી તોરો, કેડ્યે બાંધ્યો તે કનક કંદોરો;
હૈયે હીરા મણિ હેમ હાર, શોભે ફૂલની માળા અપાર...૨૧
કર્યું તિલક કેશરનું ભાલ, શોભે ચાંદલિયો વચ્ચે લાલ;
હાથે પોંચી બાજુનાં લટકે બોર, રાતુ રેશમ શોભે ચિત્તચોર...૨૨
નંગ આંગળીએ વેઢ ઉદ્યોત, જાણે ઝળકે ચંદ્ર કેરી જ્યોત;
પછી જને કરી છે આરતિ, થાય જય જય શબ્દ ત્યાં અતિ...૨૩
કરે ધૂન મૂર્તિ શોભે સારી, નાચે નભમાં ગાય સુરનારી;
આવ્યા ઈન્દ્રાદિક ચડી વિમાન, આવ્યા શંકર મેલીને ધ્યાન...૨૪
ગાય ગાંધર્વ મુનિ તે ઘડી, વરસે પુષ્પ ચંદનની ઝડી[૫];
ઝૂલે હરિ મુનિ ઝૂલાવે, હીરની દોરી તાણી ગીત ગાવે...૨૫
હાલે હિંડોળો વાયુને વેગ, થઈ મગન ફરે ત્યાં મેઘ;
ત્યાં આવી થોભ્યો છે વિમાન, ગાય મુનિજન ગુણગાન...૨૬
બોલે જય જય સર્વે જન, એમ લીલા કરે ભગવન;

૧.મજબૂત હીરો ૨.એક પ્રકારનાં મોતીની ૩.ઉદય થયા ૪.ઝુમખાવાળી ૫.જોરદાર વર્ષા

મળ્યા જન ત્યાં અનંત અપાર, લઈ ઊભાં છે ફૂલના હાર...૨૭

પણ પ્રભુને કેમ અપાય, અતિ ભિડ્ય પાસે ન જવાય;
પછી જ્યાં જ્યાં ઊભા'તાં નરનાર, હાથ હજારો વધારી લીધા હાર...૨૮

તેના મનોરથ પૂરા તે કરી, હાથ છડીએ હાર લીધા હરિ;
હસી હસી હાર લે જુવે સામું, પૂરે સર્વના મનની હામું...૨૯

દિયે બાર બારણે દર્શન, પ્રભુ થઈ અતિ પ્રસન્ન;
કિશોર મૂર્તિ ધર્મકુમાર, નીરખે નાથ જન કરી પ્યાર...૩૦

દીધા પરચા ત્યાં બહુ બહુ, પામ્યા અચરજ તે જન સહુ;
પછી માથેથી મુગટ ઉતારી, સુંદર સોનેરી પાઘ શિર ધારી...૩૧

તેનાં દીધાં સહુને દર્શન, કર્યાં જનનાં મન પ્રસન્ન;
પગે તોડા ને પાઘ પર્યંત, નીરખે મૂર્તિ નખશિખ સંત...૩૨

એવાં દર્શન દીધાં બહુવાર, પછી ઘોડે થયા અસવાર;
જમી પોઢ્યા મંદિરમાં નાથ, શ્રીસહજાનંદ સુખપાથ...૩૩

વીતી એમ આનંદમાં રાત, ઊગ્યો સૂરજ થયું પરભાત;
પછી ત્યાર થઈ જગવંદ, ચાલ્યા ઘોડે ચડી સહજાનંદ...૩૪

વસ્ત્ર ઘરેણાં તે લૂંબઝૂંબ, શોભે ઘોડલાંની ઘુંમર ખૂબ;
રંગત ઢોલીડો રૂડો ઢાળો, ગાદલું ને ઓછાડ રૂપાળો...૩૫

ઓટા ઉપર આવી બેઠા હરિ, સંત હરિજનની સભા કરી;
ઊભા સુરવાળ તે શ્વેત પે'રી, લટકે ફૂમતાં નાડી સોનેરી...૩૬

જામો રૂડો રંગનો ભરિયો, ભાલે કંકુનો ચાંદલો કરિયો;
માથે મોળીડું ફૂલડાંનું ભરિયું, છોગલિયું માંય સુંદર ધરિયું...૩૭

હૈડે હાર હજારીના[૧] શોભે, ગજરાં બાજુ જોઈ મન લોભે;
ગુચ્છ ગુલાબી તોરા લટકે, કસી કમર કેશરિયે પટકે...૩૮

૧.ગલગોટાના; હજારીગલના

લીધી કંચન પિચકારી હાથ, સખા સંગ રમે છે નાથ;
સંતે પાંચસો પિચકારી લીધી, હોજ[૧] બેઉ રંગે ભરી દીધી...૩૯

ચાલે પિચકારી ચહુ દિશ ઘણી, મચી ઝડી ગુલાલ રંગ તણી;
ચહુ કોરે તે ઢાલો ધરી, ઊભા વચમાં તે ભીંજે છે હરિ...૪૦

ચડ્યા રમતે રસિયો રાજ, સુખ સંતને આપવા કાજ;
સુર બ્રહ્મા ત્રિપુરારિ આવ્યા, વા'લાને ચંદન પુષ્પે વધાવ્યા...૪૧

રમે સામ સામા નવ હારે, વચમાં પડી કોઈ ન વારે;
ખેલે સખા સાથે હરિ હોળી, નાંખે રંગ ગુલાલ ભરી ઝોળી...૪૨

વાજે વાજાં ત્યાં ઢોલ નગારાં, ત્રાંસા ત્રંબાળું શરણાઈ સારાં;
બહુ મચી છે રંગની ઝડી, જુવે અમર તે વિમાને ચડી...૪૩

રમે હરિ સંગે હરિજન, કરે નર અમર ધન્ય ધન્ય;
પછી પ્રભુજી ચડિયા ઘોડે, સખા લીધા છે સરવે જોડે...૪૪

ફરે સંઘમાં દિયે દર્શન, રંગ ભરેલા થઈ પ્રસન્ન;
એમ લીલા કરે છે લાડીલો, રંગરસિયો છેલછબીલો...૪૫

એમ પ્રભુ રમ્યા સખા સાથ, પછી નાવાને ચાલિયા નાથ;
નાહી નાથ ને આવ્યા ઉતારે, જમ્યા જીવન મંદિરમાં તે વારે...૪૬

જમ્યા પકવાન જીવન પ્રાણ, જમાડ્યા છે જને કરી તાણ;
તિયાં રંગોળી પૂરી'તી રાતી, ધોળી પીળી શોભાએ શોભાતી...૪૭

નોખી નોખી બેઠક ત્યાં કરી, સેવોમાં ઘી ફેરવ્યું પોતે હરિ;
પછી બીજે દી પંગતિ બેસારી, આવ્યા પીરસવા સુખકારી...૪૮

જમે જન જમાડે જીવન, એમ લીલા કરી બહુ દન;
એમ ઉત્સવ કર્યો અવિનાશે, કરાવ્યો બાપુ રણછોડદાસે...૪૯

૧.કુંડ

કરી વડતાલ દેશ વજીતી[1], ધન્ય એ નરનારીની પ્રીતિ;
કર્યો ઉત્સવ જગજીવને, ફાગણ સુદિ પૂનમને દને...૫૦
પછી ઘોડે ચડી ઘનશ્યામ, ગયા **બુધેજ** તે સુખધામ;
રહી ખોડાભાઈને ઘેર રાત, પ્રભુ જમી ચાલ્યા પ્રભાત...૫૧
ગયા **બોરુ** રાઘવજીને ઘેર, રાતે જમી ચાલ્યા કરી મે'ર;
જઈ રાત રહ્યા **કારિયાણી**, વસ્તા ખાચર પર મે'ર આણી...૫૨
જમી ચાલ્યા ત્યાંથી સુખધામ, આવ્યા **ગઢપુર** સુંદર શ્યામ;
જમી પોઢ્યા ઓરડીમાં નાથ, શ્રીસહજાનંદ સુખપાથ...૫૩

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ વડતાલમાં મુગટ ધારણ કર્યો તથા બાર બારણાનાં હિંડોલે ઝૂલ્યા' એ નામે બ્યાસીમો કિરણ ॥૮૨॥

કિરણ : ૮૩

ગઢપુરમાં સંતોએ જારની ખાણ ઉપર શ્રીહરિની પૂજા કરી

પૂર્વછાયો :

જેઠ માસ ઘામે ઘણો[2], રહે ઓરડીમાં અવિનાશ;
ત્યાંથી ઊઠી આવિયા, વા'લો લીંબતરુને પાસ...૦૧
દરબાર મધ્યે ખાણ ઉપર, પલંગ ઢાળ્યો પ્રીતસું;
ગાદલું ઓછાડ તકિયો, બેઠા બહુનામી રૂડી રીતસું...૦૨

ચોપાઈ :

પૂર્વ મુખે શોભે ઘણું પ્યારો, નટનાગર ધર્મદુલારો;
પે'ર્યો હતો વા'લે શ્વેત ખેસ, શિરે શ્વેત તે પાઘ ઉજેસ...૦૩

૧.પ્રખ્યાત ૨.ખૂબ બફારો કરે; ખૂબ તપે

શીતળ ઘેરી છાંય લીંબતણી, સભા સંતજનની શોભે ઘણી;
લઈ વિંઝણો ઢોળિયે વાય, નીરખી નાથને આનંદ થાય...૦૪
કહે હરિ ઘામ છે બહુ, લાવો ચંદન ઘસી સંત સહુ;
મલિયાગરુ ચંદન સાર, લાવ્યા ઘસી ઘસી તે વાર...૦૫
ચરચ્યા ચરણ મસ્તક ને છાતી, તેની શોભા કહી નથી જાતી;
ભાલ ભ્રૂકુટી કરણની કોર, કરી શરીરે સુંદર ખોર[૧]...૦૬
કંઠ નાસિકા કપોળ કર, ચરચ્યું ચંદન ત્યાં મનોહર;
વાંસો પડખાં ને વળી કુખ, ચરચ્યું ચંદન ત્યાં સુખરૂપ...૦૭
જાનું જંઘા સાથળ પર સારું, ચરચ્યું ચંદન લિયે ન્યારું ન્યારું;
હસ્ત ખભા ઉદર પર અતિ, શોભે ચંદનમય મૂરતિ...૦૮
નખશિખ ચંદનમય ભાળું, નિરખું વદન વા'લાનું રૂપાળું;
ચડ્યું ચંદન શરીર ઉપર, બબે તસુ ખોર બરાબર...૦૯
કર્યો ચાંદલો કંકુ તણો, ભાલ વચ્ચે શોભે સોયામણો;
કંઠ ચિબુક છાતી ને ગાલ, કર્યા ચાંદલા સુંદર લાલ...૧૦
ભુજ કપોળે ચંદ્રક શોભે, જોઈ મુનિવરનાં મન લોભે;
માથે મેલીને ફૂલની ટોપી, અંગોઅંગ હરિ રહ્યા ઓપી...૧૧
ગુચ્છ ગજરા ગુલાબના હાર, બાંયે બાજુ ગુલાબના સાર;
ચંપા મોગરાના ફૂલ નવરંગી, શોભે ચરણે નેપુર ત્રિભંગી[૨]...૧૨
એમ શોભે સર્વે પર શ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
બિરાજ્યા બહુ વાર ત્યાં સ્વામી, દીધું દર્શન અંતરયામી...૧૩
પછી જાંબુ તળે વા'લો જાઈ, બેઠા બાજોઠે નાવા સુખદાઈ;
પછી ચંદન ઉતારી લીધાં, સંતે વસ્ત્ર પ્રસાદીનાં કીધાં...૧૪
નાહી જમ્યા સહજાનંદ સ્વામી, પોઢ્યા ઓરડીમાં અંતરજામી;

૧.લેપ; અર્ચા ૨.ત્રણ ઠેકાણે વળેલું

પછી ઊઠી સવારે તે શ્યામ, આવ્યા ઓસરીએ સુખધામ...૧૫
આથમણી ઓસરીએ આવી, બેઠા ચાકળીએ હેત લાવી;
લઈ પૂજા આવ્યા બ્રહ્માનંદ, પ્રેમે પૂજવા સ્વામી સુખકંદ...૧૬
લાવ્યા શ્વેત વસ્ત્ર શોભાળાં, ઝીણાં સુંદર અતિ રૂપાળાં;
ઊભા થયા અલબેલો તે વાર, પે'ર્યો શ્વેત સુરવાળ કરી પ્યાર...૧૭
બાંધી નાડી હીરની કસી[૧], મૂર્તિ મનોહર મન વસી;
પહેર્યું અંગરખું તે અનુપ, જોયું રસિયાજીનું સ્વરૂપ...૧૮
માથે બાંધી તે પાઘ પેચાળી, છોગુ મેલી મોહન વનમાળી;
કસ્યું કમરે તે સુંદર શેલું, ખભે ધર્યું અતિ અલબેલું...૧૯
રૂડો હાથમાં દીધો રૂમાલ, કર્યો કંકુનો ચાંદલો ભાલ;
પછી પે'રાવ્યા ફૂલના હાર, ગુચ્છ ગજરા ને તોરા ઉદાર...૨૦
બાંધ્યા બાજુ હેતે લઈ હાથ, બ્રહ્માનંદે પૂજ્યા પ્રીતે નાથ;
અતિ હેતે આરતિ ઉતારી, નીર્ખી મૂર્તિ અંતરમાં ધારી...૨૧
પછી તકિયે અઢેલીને નાથ, બેઠા ઢોલીડે તે સુખપાથ;
ચંદન કેસર ઘસી અત્યંત, લાવ્યા બ્રહ્માનંદ સ્વામીના સંત...૨૨
ચરચ્યું બેઉ ચરણે ચંદન, લીધાં છાતીમાં કર્યું વંદન;
સંતે કરી પૂજા એમ પ્રીતે, હેતે નીરખ્યા હરિ રૂડી રીતે...૨૩
એમ દીધાં દરશન જગવંદે, ઉતારી આરતિ પ્રેમાનંદે;
પછી રાજી થયા બહુ નાથ, હસ્યા બ્રહ્માનંદ સ્વામી સાથ...૨૪
કરી મર્મ હસે વા'લો બહુ, તેની વાત ઝાઝી શી કહું;
દક્ષિણ ઓસરીએ હરિ આવી, રેશમ ચાકળે બેઠા હેત લાવી...૨૫
વાસુદેવના મંદિર પાસ, બેઠા ઉત્તર મુખે અવિનાશ;
આનંદ સ્વામી પૂજા કરવા કાજ, આવ્યા લઈ સરવે સમાજ...૨૬

૧.ખૂબ ખેંચીને

કિનખાપનો સુરવાળ સાર, પે’રાવ્યો પ્રભુને કરી પ્યાર;
રાતા કિનખાપની ડગલી, શોભે શ્રીહરિને તે ભલી...૨૭

કસુંબી રેંટો તારવાળો, બાંધ્યો માથે અતિ રૂપાળો;
આંટો ફરતો કોર સોનેરી, છબી બની છોગલિયાં કેરી...૨૮

કમરે બાંધ્યું જરકસી શેલું, કસુંબી રંગનું અલબેલું;
ગુઢા આસમાની રંગનો રેંટો, ધર્યો ખભે સુંદર સારો ફેંટો...૨૯

બાંધી રાખડિયું બેઉ હાથ, શોભે મૂર્તિ મનોહર નાથ;
કીધું કેશર તિલક ભાલ, રૂડો ચાંદલો કંકુનો લાલ...૩૦

પે’રાવ્યા હાર ગજરા ને બાજુ, તોરા પાઘે ગુચ્છ કાને કાજુ;
દીધી હાથમાં ફૂલની છડી, ઉતારી આરતિ તેહ ઘડી...૩૧

આનંદસ્વામીએ કરી હેત, પૂજ્યા બહુ વાર કરૂણાનિકેત;
કરે દર્શન સંત હરિજન, નીરખી નાથને થાય મગન...૩૨

ગયા ઘોડીએ ચડી ઘનશ્યામ, લક્ષ્મીવાડીએ તે શોભાધામ;
બેઠા વેદી ઉપર તે વા’લો, સુંદર ઢોલીડે ધર્મનો લાલો...૩૩

નિત્યાનંદજીએ બાંધ્યો હિંડોળો, વાડીની ઓસરીમાંય પહોળો;
રૂડાં ડોલે પીતાંબર રાજે, ફૂલહારનાં તોરણ છાજે...૩૪

તેની ઉપર આવી બેઠા વા’લો, લટકાળો શ્રીધર્મનો લાલો;
કરી પૂજા નિત્યાનંદસ્વામી, ચંદન પુષ્પે પૂજ્યા બહુનામી...૩૫

પછી હિંડોળા હરિને હરખી, મૂર્તિ નેણાં ભરીને નીરખી;
શુકમુનિએ ત્યાં પૂજા કરી, આરતિ ઉતારી ભાવ ભરી...૩૬

હિંડોળ્યા હરિને બહુવાર, ધીરા ધીરા કરી અતિ પ્યાર;
કરે દર્શન સંત હરિજન, પ્રભુને નીરખીને થાય પ્રસન્ન...૩૭

ઝૂલ્યા હિંડોળે દીનદયાળ, પછી જમ્યા જીવન ત્યાં થાળ;
નિત્યાનંદસ્વામીએ રાજી થાઈ, બેસાર્યા હિંડોળે બેઉ ભાઈ...૩૮

અવધપ્રસાદ ને રઘુવીર, જોડે બેઠા હિંડોળે તે ધીર;
સંત સર્વે થયા પરસન, પૂજ્યા પ્રીતે પ્રગળ[1] કરી મન...૩૯
પછી થઈ ઘોડીએ અસવાર, આવ્યા મંદિરમાં કરી પ્યાર;
ગોપાળાનંદજીએ તે ઘણી, કરી પૂજા તે પ્રભુજી તણી...૪૦
ઓરડી આગળ ચાકળે સ્વામી, ઊભા કૂપને પાસ બહુનામી;
લાવ્યા ચંદન ને ફૂલહાર, પ્રભુ પૂજવા કરી બહુ પ્યાર...૪૧
કરી ચંદનની તે રૂડી ખોર, ગોપાળાનંદજીએ ચિત્તચોર;
નખશિખા ચંદનમય શ્યામ, જોઈ લાજે તે કોટિક કામ...૪૨
કરો પૂજા મનમાની તમે, અતિ રાજી થઈને કૈયે અમે;
શોભે ચંદનમય તે હરિ, એવી અલૌકિક પૂજા કરી...૪૩
કરી ચાંદલો પે'રાવ્યા હાર, ઊભા પૂર્વ મુખે કીરતાર;
પછી ગોપાળાનંદજીને માવ, ભેટ્યા હરિ કરી બહુ પ્યાર...૪૪
તે સમાની શોભા તે શી કૈયે, મૂર્તિ સંભારીને સુખ લૈયે;
પછી ચંદન ચરચી આનંદે, લીધાં છાતીમાં તે મુનિવૃંદે...૪૫
ગોપાળાનંદજીએ તે વાર, ઉતારી આરતિ કરી પ્યાર;
પછી નાહી જમ્યા જગવંદ, શ્રીસહજાનંદ સુખકંદ...૪૬
દીધો થાળ રાજી થઈ વા'લે, ગોપાળાનંદજીને ધર્મલાલે;
મુક્તાનંદજી લઈ સર્વ સાજ, આવ્યા પૂજા કરવાને કાજ...૪૭
પૂજ્યા પ્રભુને તે બહુ પ્રીતે, ચંદન પુષ્પ લઈ રૂડી રીતે;
ચરચ્યાં ચંદને ચરણ સાર, લીધાં છાતીમાં કરી બહુ પ્યાર...૪૮
મુક્તાનંદજીને કહ્યું હરિ, કરો ગ્રંથ પ્રભુ હૃદે ધરી;
વચન વા'લાનું ચડાવી માથે, લાગ્યા પગે જોડી બેઉ હાથે...૪૯

૧.શુદ્ધ

દીધી પરસાદી તે હાથે લઈ, મુક્તાનંદજીને રાજી થઈ;
અવધપ્રસાદજીએ તે અતિ, પૂજ્યા પુષ્પચંદને સંતપતિ...૫૦
રઘુવીરજીએ તે રાજી થઈ, પૂજ્યા પ્રભુ પુષ્પ ચંદન લઈ;
એવી રીતે પૂજ્યા બહુવાર, થયા રાજી તે જગઆધાર...૫૧
બાંધ્યો હિંડોળો સચ્ચિદાનંદ, વંડે[૧] જઈ ઝૂલ્યા જગવંદ;
વળી અવધપ્રસાદજીને ઘેર, ઝૂલ્યા હિંડોળે ત્યાં કરી મે'ર...૫૨
જમી બેઠા ઢોલીડે શ્રીહરિ, બહુ ફૂલના શણગાર ધરી;
પાળાને કહે પ્રસન્ન છૈયે અમે, ફૂલ લૂંટી ઝૂંટી લિયો તમે...૫૩
પછી પાળા પાસે હતા બાર, ફૂલે લૂંટી લીધા તે વાર;
એવી લીલા અલૌકિક કરી, પછી પોઢી રહ્યા પોતે હરિ...૫૪

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'ગઢપુરમાં જારની ખાણ ઉપર સંતોએ શ્રીહરિની પૂજા કરી' એ નામે ત્યાસીમો કિરણ ॥૮૩॥

કિરણ : ૮૪

જે જે શ્રીહરિના સંબંધને પામ્યા તે સર્વેને ધન્ય છે.

પૂર્વછાયો :

ધન્ય ધન્ય સરવાર દેશને, ધન્ય ઈટારપુર ગામ;
દેવહા નદીને તટે, ત્યાં સુંદર ધર્મનું ધામ...૦૧
ધન્ય ધન્ય અયોધ્યાપુરી, ધન્ય સરજુ સરિતા જેહ;
તેથી ઉત્તરે આઠ ગાઉ, ગામ છપૈયા વળી તેહ...૦૨

ચોપાઈ :

ધન્ય ધન્ય છપૈયા ગામ, તેમાં જનમ્યા શ્રીઘનશ્યામ;

૧.ચારે બાજુ દિવાલ કરી હોય તેવી ખુલ્લી જગ્યામાં

ધન્ય ભક્તિ ધર્મ દેહ ધરી, જેના પુત્ર થયા પોતે હરિ...૦૩
ધન્ય સરવારનાં બાઈ ભાઈ, નેણે નીરખ્યા સ્વામી સુખદાઈ;
ધન્ય રામપ્રતાપ ઈચ્છારામ, જેના બંધુ તે સુંદરશ્યામ...૦૪
ધન્ય વસુમતી સુવાસીની બાઈ, થયાં તે હરિની ભોજાઈ[1];
ધન્ય અવધપ્રસાદ રઘુવીર, પુત્ર પ્રભુના બેઉ સુધીર...૦૫
ધન્ય ધર્મવંશમાં જે અવતરિયા, તેનાં સર્વ સંકટ હરિ હરિયાં;
ધન્ય દેશ પશ્ચિમ સુખકારી, કરી દયા આવ્યા દુઃખહારી...૦૬
ધન્ય ધન્ય ગઢપુરધામ, રહ્યા અહોનિશ સુંદરશ્યામ;
ધન્ય ધન્ય ઉત્તમ નરદેવ, ઘેર રાખ્યા કરી બહુ સેવ...૦૭
ધન્ય ધન્ય મોટેરી તે બાઈ, સેવ્યા અહોનિશ હરિ સુખદાઈ;
ધન્ય ધન્ય ઓરડી અનુપ, રહ્યા હરિ થઈ અક્ષરરૂપ...૦૮
ધન્ય ધન્ય કૂપ ગંગાજળિયો, જ્યાં નાહ્યા નિત્ય શ્યામળિયો;
ધન્ય જાંબુ લીંબની છાય, વા'લો બેસતા નિત્યે ત્યાંય...૦૯
ધન્ય પિંપર આંબલી ત્યાંય, હરિ બેઠા વળી તેની છાંય;
ધન્ય ઓરડા અને ઓસરીઓ, બેસી રમી જમી પાવન કરિયો...૧૦
ધન્ય મંદિર કરાવ્યું પોતે, જન ત્રપત ન થાય જોતે;
ધન્ય ધન્ય તે શ્રીગોપીનાથ, તેમાં રહ્યા શ્રીહરિ સુખપાથ...૧૧
ધન્ય ધન્ય સહજાનંદ શ્યામ, શોભે સુંદર તે સુખધામ;
ધન્ય વાસુદેવ ધર્મ ભક્તિ, નીર્ખી થાય સુંદર શુભ ગતિ...૧૨
ધન્ય રેવતીરમણ[2] હરિકૃષ્ણ, પૂજે તેને થાય અતિ પ્રસન્ન;
ધન્ય સૂરજદેવ સુખકારી, દર્શન કરે હરે દુઃખ ભારી...૧૩
ધન્ય ધન્ય સજ્યા સુખકંદ, નીર્ખી થાય અતિ આનંદ;
ધન્ય મૂર્તિ મહારાજની શોભે, દેખી મુનિવરનાં મન લોભે...૧૪

૧.ભાભી; ભાઈની પત્ની ૨.રેવતી-બળરામ

ધન્ય ચરણકમળ પૂજા સાજ, કરી દર્શન સરે સરવે કાજ;
ધન્ય ચાખડી ચરણારવિંદ, કરે દર્શન ટળે ભવફંદ[૧]...૧૫
ધન્ય ગણપતિ ને હનુમંત, ધન્ય પારવતી શિવ સંત;
ધન્ય ધન્ય મુનિ ધર્મશાળા, વા'લે ફેરવ્યા લાડુ રૂપાળા...૧૬
જમાડ્યા મુનિને ઝાઝી વાર, ધન્ય ધર્મશાળામાં કરી પ્યાર;
ધન્ય ફળિયાં શેરી બજાર, હરિ ફરિયા વારમવાર...૧૭
ધન્ય મંદિર ને લક્ષ્મીવાડી, વા'લો જાય પ્રીતે દા'ડી દા'ડી;
ડેરી ઓટા ઉપર તે જાઈ, બેસે ઢોલિયે સદા સુખદાઈ...૧૮
ધન્ય આમ્રવૃક્ષ ફૂલબાગ, થયાં હરિ સેવા અર્થે સુભાગ[૨];
ધન્ય કૂપ વાડી વસુધા[૩] સાર, હરિ રમ્યા જમ્યા બહુવાર...૧૯
ધન્ય રાધાવાવ ને ફૂલવાડી, નાહી જમે વા'લો દા'ડી દા'ડી;
પે'રે ફૂલના હાર જોયા જેવા, જમે જામફળ કેળાં ને મેવા...૨૦
ધન્ય ધન્ય એ ઉન્મત્તગંગા, નાહ્યા પ્રભુ લઈ સાધુ સંગા;
નાહ્યા નારાયણહ્રદમાં નાથ, સંત સખા લઈ પોતે સાથ...૨૧
ધન્ય વેદ તે મહિમા વખાણે, મહિમા સંત હરિજન જાણે;
ધન્ય આરો તે ખીજડાવાળો, નાહ્યા નાથજી છેલછોગાળો...૨૨
ધન્ય મોટી શલ્યા તેને પાસ, તેની ઉપર બેઠા અવિનાશ;
રિઝ્યા નિત્યાનંદસ્વામીને શ્યામ, દીધાં વસ્ત્ર ઉતારી સુખધામ...૨૩
ધન્ય આરો ખળખળિયો બોલે, બીજાં તીર્થ નાવે એને તોલે;
ધન્ય ધરો મઘરિયો કે'વાય, હરિ સંત તાળી દઈ ગાય...૨૪
ધન્ય ગઢાળીવાળો તે આરો, નાહ્યા ત્યાં જઈ ધર્મદુલારો;
ધન્ય ડેરી પીપળાને આરે, નાહ્યા વા'લમજી વારેવારે...૨૫

૧.જન્મ-મરણનું દુઃખ; સંસારનું દુઃખ ૨.સદ્‌ભાગ્યશાળી ૩.પૃથ્વી

ધન્ય શલ્યા ઉત્તરાદિ પાસ, વતું કરાવા બેઠા અવિનાશ;
ધન્ય મુનિ નાય તે આરો, નાહ્યા શ્રીપુરુષોત્તમ પ્યારો...૨૬
ધન્ય તેથી ઉગમણો જેહ, નાહ્યા ખળખળિયે વા'લો તેહ;
નાહ્યા ઓરીએ જઈને નાથ, શ્રીસહજાનંદ સુખપાથ...૨૭
ધન્ય ઉન્મત્તગંગામાં સ્વામી, નાહ્યા હરિકૃષ્ણ બહુનામી;
ધન્ય સર્વે એ તીરથ કરશે, તેનાં કુળ ઈકોતેર તરશે...૨૮
એવી લીલા કરી તે આ વાર, ગાઈ શેષ ના પામે પાર;
ધન્ય હરિને જમાડ્યા જેણે, કર્યો જન્મ સુફળ તે તેણે...૨૯
ધન્ય પાયું સુંદર જેણે પાણી, હરિને તે હાથે ભરી આણી;
ધન્ય પ્રભુને ઘરમાં પધરાવી, કરી પૂજા જેણે મનભાવી...૩૦
ધન્ય ધન્ય જે ભક્ત પાસ, દીધો પાનબીડી મુખવાસ;
ધન્ય પલંગ ઢાળી પધરાવ્યા, ધન્ય વા'લાને મોતીડે વધાવ્યા...૩૧
ધન્ય છત્ર ધર્યું હરિ માથે, ધન્ય હાથ ઝાલ્યો જેનો નાથે;
ધન્ય ચોળ્યું અત્તર ને તેલ, ધન્ય હરિ સાથે કર્યો ખેલ...૩૨
ધન્ય હરિને નવરાવ્યા ચોળી, ધન્ય વા'લાની ચોટલી ઓળી;
ધન્ય દોઈ પાયું જેણે દૂધ, કરી સેવા મન રાખી શુદ્ધ...૩૩
ધન્ય ધન્ય ઢાળી જેણે પાટ, ધન્ય પ્રભુને પોઢવા ઘડ્યો ખાટ;
ધન્ય જળ છાંટી વાળ્યો ચોક, તજ્યો હરિ ભજી સર્વ શોક...૩૪
ધન્ય વા'લાની ધોઈ જેણે ધોતી, ધન્ય પછેડી ઓઢાડી ઝીણી પોતી;
ધન્ય ધન્ય ચાંપ્યા હરિ ચરણ, પૂજ્યા પ્રીતે તે અશરણશરણ...૩૫
ધન્ય વિંઝણો લઈ ઢોળ્યો વાય, ધન્ય નીરખ્યા હરિ સુખદાય;
ધન્ય પલંગ તે પ્રીતે ઢાળ્યો, ધન્ય હાસ્ય હરિનો જેણે ભાળ્યો...૩૬
ધન્ય જેણે જમાડ્યું સાકર દહીં, તેની તુલ્ય ત્રિલોકમાં નહીં;
ધન્ય ધન્ય કરાવ્યા જેણે થાળ, જમ્યા જુક્તે જન પ્રતિપાળ...૩૭

ધન્ય પ્રભુને પે'રાવી ચાખડી, ધન્ય બાંધી હરિને રાખડી;
ધન્ય ખોસ્યા ટોપરાંના તોરા, ધન્ય ખૂંપ ધર્યો ચહુ કોરા...૩૮

ધન્ય જમાડ્યા હરિને મેવા, સેવ્યા સંત હરિ સુખ લેવા;
ધન્ય સજી લાવ્યા જે વાહન, ઘોડા રથ ગાડી બહુ દન...૩૯

ધન્ય આજ્ઞા પાળી જેણે સીધી, ધન્ય વસ્ત્ર વાહન ભૂમી દીધી;
ધન્ય ગાયાં કીરતન પ્રભુ પાસ, ધન્ય થયા હરિના જે દાસ...૪૦

ધન્ય ચંદન ચરચ્યું હરિ અંગે, કંકુ ચાંદલા કર્યા ઉમંગે;
ધન્ય મોજડી પહેરાવી લાવી, ધન્ય ચાખડી ચરણે પહેરાવી...૪૧

ધન્ય ઘરેણાં ઘડાવ્યાં હરિ કાજ, ધન્ય પહેર્યાં વસ્ત્ર મહારાજ;
ધન્ય ફૂલ ફળ ધર્યું આગે, ધન્ય હરિને મળ્યા અનુરાગે...૪૨

ધન્ય ધોવરાવ્યા જેણે હાથ, રહ્યા રાત દિન પ્રભુ સાથ;
કર ચરણ આંગળી તણા, ધન્ય કડાકા ફોડ્યા જેણે ઘણા...૪૩

ધન્ય રહ્યા જે પ્રભુને પાસ, ટાળી સર્વે સંસારની કાસ;
ધન્ય જમ્યા હરિ જેનું અન્ન, રહ્યા પ્રભુજી થઈ પ્રસન્ન...૪૪

ધન્ય દીધું દાણ જેણે લાવી, ધન્ય ભક્તિ કરી મન ભાવી;
ધન્ય નવરાવ્યા હરિને પ્રીતે, ચોળી ચરણ અંગ રૂડી રીતે...૪૫

ધન્ય કેળાં કેરિયું લાવ્યા જેહ, જમ્યા પ્રભુ ધન્ય ધન્ય તેહ;
ધન્ય નરનારીનાં જે વૃંદ, નીરખ્યા નયણે સ્વામી સહજાનંદ...૪૬

ધન્ય ચોખા ચોડ્યા જેણે ભાલ, ધન્ય પૂજ્યા પ્રીતે ધર્મલાલ;
ધન્ય આરતી ઉતારી જેણે, ધન્ય સ્તુતિ કરી મીઠે વેણે...૪૭

ધન્ય ગાયાં જેણે જન્મ કર્મ, ધન્ય ધન્ય પાળ્યો જેણે ધર્મ;
ધન્ય ચમર કર્યું પાસે જાઈ, ધરી અબદાગિરિ રાજી થાઈ...૪૮

ધન્ય હિંડોળ્યા હરિને જેણે, કરી લીધું કામ રૂડું તેણે;
કરિ પ્રદક્ષિણા પ્રભુ તણી, વસ્ત્ર ઓઢાડ્યાં તે હાથે વણી...૪૯

ધન્ય શેલડીનો રસ સાર, પાયો પ્રભુને તે કરી પ્યાર;
ધન્ય ખીલી પછેડી ખાંત કરી, ધન્ય ઓઢી ઓસરીએ બેઠા હરિ...૫૦

ધન્ય ગયા હરિ જે જે ગામ, ધન્ય બાંધ્યાં મોટાં મોટાં ધામ;
હરિમંદિર કર્યાં જે જે ગામ, ધન્ય ધન્ય તે પુરુષ ને વામ...૫૧

ચરણારવિંદ મૂર્તિ પધરાવી, ધન્ય ભક્તિ કરી હેત લાવી;
તેના પુન્ય તણો નહિ પાર, કહે છે વેદપુરાણ વારંવાર...૫૨

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિના સંબંધને પામ્યા તેને કવિએ ધન્યવાદ આપ્યા' એ નામે ચોરાસીમો કિરણ ॥૮૪॥

કિરણ : ૮૫

શ્રીહરિનું સત્સંગ વિચરણ

પૂર્વછાયો :

જમી જીવન ચાલિયા, **ગઢપુરથી** ઘનશ્યામ;
કેસર ઘોડીએ ચડી, આવ્યા **કારિયાણી** ગામ...૦૧

સવારે ચાલ્યા શ્યામળો, ગામ **રોજકે** જઈ રહ્યા;
ગાંફમાં ઘડી ચાર રહી, બહુનામી **બોરુ** ગયા...૦૨

ચોપાઈ :

રહી રાત સધાવ્યા[1] શ્યામ, ગયા ગોવિંદ **બોચાસણ** ગામ;
કાશીદાસને ઘેર રહી રાત, બેસી માફે ચાલ્યા પ્રભાત...૦૩

ચાલ્યા **પિપળાવ** થઈ સ્વામી, ગયા **બાંધણીએ** બહુનામી;
ભટ્ટ દાજીએ તે કરી વા'લ, પાયું પાણી દીધો રૂમાલ...૦૪

૧.ચાલ્યા

વા'લો આવ્યા **વડતાલ** કરી મે'ર, રણછોડ બાપુજીને ઘેર;
જમ્યા જીવન જુગતે કરી, દીધા દર્શન ઘરોઘર ફરી...૦૫

પૂજ્યા પ્રીતે પ્રાણઆધાર, ચંદન પુષ્પ લઈ વારંવાર;
ત્યાંથી ગયા **પિપલગ** ગામ, સર્વે પૂજ્યા તે સુંદરશ્યામ...૦૬

ડુમરાલે રઘુનાથ રણછોડ, પૂજ્યા પ્રભુ કરી બહુ કોડ;
ગુતાલના રામદા વાલોભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ...૦૭

ગયા **નડીયાદ** શહેરમાં નાથ, આવ્યા ભક્ત સામા સર્વે સાથ;
પૂજી પ્રભુને પ્રીતે પધરાવ્યા, વા'લાજીને મોતીડે વધાવ્યા...૦૮

ગયા પ્રીતમ **પીયેજ** ગામ, સુખકારી સહજાનંદ શ્યામ;
જમી રહ્યા જીવન ત્યાં રાત, પ્રભુ પધાર્યા થઈ રળિયાત...૦૯

ગયા **ડભાણ**માં દયા કરી, જમી જુગતે ચાલ્યા ચુપ કરી;
ગયા ગામ **વસોએ** તે વા'લો, જમ્યા રૂડી રીતે ધર્મલાલો...૧૦

પૂજ્યા સર્વે જને સહજાનંદ, રહી રાત ચાલ્યા જગવંદ;
ગયા **અલિંદરે** અલબેલો, રહી રજની જમી ચાલ્યા છેલો...૧૧

ગયા **માતર** ગામે મહારાજ, રહ્યા બે રજની જન કાજ;
જમ્યા કેળાં લાડુ કરી મે'ર, માના આદિ સર્વેને ઘેર...૧૨

ત્યાંથી ગયા **પલાણે** ગામ, નાહી જમી ચાલ્યા સુખધામ;
પછી ગયા **સંધાણે** શ્યામ, શ્રીસહજાનંદ સુખધામ...૧૩

બાપુજી આદિ જને રૂડી રીતે, જમાડી પ્રભુને પૂજ્યા પ્રીતે;
ગયા **ઉત્તરસંડે** કરી મે'ર, નરેરદા રઈબાને તે ઘેર...૧૪

રહી રાત જમ્યા ત્યાં હરિ, નીરખ્યા નાથ સર્વે નેણાં ભરી;
પછી **ઉમરેઠે** કરીને મે'ર, ગયા નંદુ રૂપરામને ઘેર...૧૫

નરભેરામ આદિ સર્વે જન, પ્રભુ પૂજીને થયા પાવન;
જમ્યા જુગતે આનંદકંદ, સુખકારી સ્વામી સહજાનંદ...૧૬

ઓડ ગામે ગોપાલ ગલોભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ;
કરી થાળ જમાડ્યા શ્રીહરિ, સંત સખા જમ્યા ભાવ ભરી...૧૭
ત્યાંથી પ્રભુ ચાલ્યા પ્રભાત, થઈ હેરંજ **મુમધે** રહ્યા રાત;
અજુભાઈ આદિ હરિજન, પૂજી પ્રભુને થયા પાવન...૧૮
ઠાસરાના અવલ આદિ જન, કરી થાળ જમાડ્યા જીવન;
વાડદે વણારસી આદિ જેહ, પૂજ્યા હરિ કરી બહુ નેહ...૧૯
ગોધરાના પૂજાદિ પાવન, પૂજ્યા પ્રભુ એણે બહુ દન;
વાડાસિનોરના હરિભાઈ, હરજી ખુશાલ આદિ ભાઈ બાઈ...૨૦
વસ્ત્ર ઘરેણાં પે'રાવીને નાથ, પૂજ્યા સહજાનંદ સુખપાથ;
લુણાવાડાના કરુણાશંકર, પ્રભુરામ આદિ જન નર...૨૧
કરી થાળ પૂજ્યા વારંવાર, પ્રીતે પે'રાવ્યા ફૂલના હાર;
ગામ દિનાવાડાના ખુશાલ, તેણે પૂજ્યા પ્રીતે ધર્મલાલ...૨૨
મઘવા કાંણેસરે કૃપારામ, તેને પરચા દીધા ઘનશ્યામ;
ગામ સુથ્ય[૧]ના વિપ્ર વાલાજી, પૂજી પ્રભુ ભાવે લીધા ભજી...૨૩
શૂરવીર જાણી કરી વા'લ, મળ્યા પાંચ વાર ધર્મલાલ;
રાયકુવર્ય ને હરખબાઈ, વસ્ત્ર ઘરેણે પૂજ્યા સુખદાઈ...૨૪
રામપુરના ગોવિંદ સાર, વસ્ત્ર હારે પૂજ્યા વારંવાર;
ગોકળ અંબારામે કર્યા થાળ, ચંદન પુષ્પે પૂજ્યા દયાળ...૨૫
હિરાપુરના રૂપચંદ જાઈ, તેની માતા ખેમરાજબાઈ;
હારમાળા થાળ ભેટ ધરી, બહુ વાર પૂજ્યા હેતે હરિ...૨૬
એ આદિ હરિજન ઘણા, પૂજ્યા પ્રભુ ન રાખી મણા;
ગામ નટવાની બે બાઈ, નીરખ્યા નેણે સ્વામી સુખદાઈ...૨૭

૧.સુથરામપુરા

કોઠીંબે કડવા કુબેર આદિ, પૂજી પ્રભુ કરી લીધી સાદી;
ગામ હઠીપરાના તે મુળજી, ખીમે પૂજી પ્રભુ લીધા ભજી...૨૮
દેવદના વાલજી મુળજી, હરિની ભક્તિ એને મન રજી[1];
સાગવાડે ગરિયા કોટે જેહ, બાઈ ભાઈ હરિજન તેહ...૨૯
પૂજી પ્રભુને વેઢ પે'રાવ્યા, કર્યા થાળ પ્રીતે મન ભાવ્યા;
એહ આદિ હરિજન અપાર, પૂજ્યા હરિ કરી બહુ પ્યાર...૩૦
ગયા **કઠલાલે** કીરતાર, જમ્યા પ્રભુ કરી બહુ પ્યાર;
ગંગાબાઈએ ભરી માણ્ય ત્યાંઈ, ચરણોદક કરી ઢોળી વાવમાંઈ...૩૧
ગયા **ઊંટડીએ** મહાદેવ નાથ, હરિ સંત સખા લઈ સાથ;
તેના પૂજારીને દુઃખહારી, દીધાં વસ્ત્ર રૂપૈયા ભારી...૩૨
ગયા ગોવિંદ **ઘોડાસર**માંઈ, ઠાકોર જાલમસિંહને ત્યાંઈ;
બેસી સુખપાલે સુખધામ, ફર્યા શહેરમાં શ્રીઘનશ્યામ...૩૩
પૂજ્યા પ્રભુને બહુ પ્રીતે, ચંદન પુષ્પ લઈ રૂડી રીતે;
પછી જમી ચાલ્યા જગનાથ, ગયા **જેતલપુર** સુખપાથ...૩૪
રહ્યા ઘણા દિવસ ત્યાં વા'લો, લટકાળો શ્રીધર્મનો લાલો;
બેઠા બોરસડીએ બહુનામી, બેઠા રાયણે હિંડોળે સ્વામી...૩૫
બેઠા આસોપાલવની છાંય, બેઠા મો'લમાં વેદિ પર ત્યાંય;
બેઠા વડે હિંડોળે તે વા'લો, બેઠા મંદિરમાં ધર્મલાલો...૩૬
ફર્યા ઘેર ઘેર ભગવંત, જમાડ્યા પીરસી સખા સંત;
રમ્યા જમ્યા વા'લો વારંવાર, ફર્યા ફૂલેકે થઈ અસવાર...૩૭
કર્યા યજ્ઞ દીધાં બહુ દાન, શ્રીસહજાનંદ ભગવાન;
આવ્યા બ્રહ્મા વિષ્ણુ ત્રિપુરારી, નેણે નીરખ્યા સ્વામી સુખકારી...૩૮

૧.ગમી

નાહ્યા સરોવરમાં બહુ સ્વામી, પુરુષોત્તમ અંતરજામી;
મળ્યા સંત પાળાને પ્રભુ પ્રીતે, મળ્યા બ્રહ્મચારીને રૂડી રીતે...૩૯
પછી ગયા **ધોળકે** કરી મે'ર, ઊતર્યા મંદિરમાં રૂડી પેર;
જમી ચાલ્યા જીવન પરભાત, રહ્યા રાજી થઈ **કૌકે** રાત...૪૦
કરી રસોઈ જમ્યા જગનાથ, વલ્લભરામને ત્યાં સુખપાથ;
સર્વે હરિજને પૂજા કરી, નેણાં ભરીને નીરખ્યા હરિ...૪૧
ત્યાંથી ગયા **રોજકે** ગામ, કાકાભાઈને ઘેર સુખધામ;
જમી ચાલ્યા પ્રભુ પ્રભાત, રહ્યા **સારંગપુર**માં રાત...૪૨
કરી રસોઈને જમ્યા નાથ, સખા સંત જમાડ્યા હરિ હાથ;
ચડ્યા ભૂતડી ઘોડીએ ભગવાન, ચાલ્યા સખા સંગે સુખદાન...૪૩
આવ્યા **ગઢપુર**માં ઘનશ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
બેઠા ઓસરીએ અલબેલ, પ્રીતે પલંગ ઉપર રંગરેલ...૪૪
થઈ સભા દરબારમાં ભારી, સંતજન અનંત નરનારી;
નીરખે હરિને હાર પે'રાવે, ધોળ મંગળ મનોહર ગાવે...૪૫
દીધાં દર્શન તે બહુવાર, પછી નાહ્યા તે ધર્મકુમાર;
જમ્યા જીવન જુગતે કરી, પોઢ્યા ઓરડીમાં પ્રીતે હરિ...૪૬
કરી પગચંપી ને ઢોળ્યો વાય, નીરખી નાથને આનંદ થાય;
કરી યોગનિદ્રા જગવંદ, સુખકારી સ્વામી સહજાનંદ...૪૭

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ સત્સંગમાં વિચરણ કર્યું' એ નામે પંચાસીમો કિરણ ॥૮૫॥

કિરણ : ૮૬

સારંગપુર, અમદાવાદ, ઉમરેઠાદિક ગામોમાં વિચરણ

પૂર્વછાયો :

ઓરડીમાં અલબેલડો, જમી ચાલ્યા જીવનપ્રાણ;
આવી બેઠા ઓસરીએ, શ્રીસહજાનંદ સુજાણ...૦૧
શ્વેત વસ્ત્ર સોહામણાં, પે'ર્યાં તે પ્રાણ આધાર;
મિયાજીએ પે'રાવી મોજડી, થયા રોઝે ઘોડે અસવાર...૦૨

ચોપાઈ :

માનસિંહ કેસરીસિંહે તે વાર, કર્યા કંકુના ચાંદલા સાર;
દાદાખાચરે કંકુ હાર લઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ...૦૩
ચાલ્યા અસવાર ને વળી પાળા, મધ્યે શોભે તે શ્યામ રૂપાળા;
ગયા ગોવિંદ **સારંગપુર** ગામ, રહી રાત ચાલ્યા સુખધામ...૦૪
ત્યાંથી રહ્યા **રોજકે** રાત, જમી ચાલ્યા પ્રભુ પ્રભાત;
જઈ **ધોળકે** રજની રહ્યા, જમી જીવન **જેતલપુર** ગયા...૦૫
રહી રાત જમ્યા જગવંદ, સુખકારી સ્વામી સહજાનંદ;
પછી જમાડ્યા અસવાર પાળા, પીરસી વા'લે લાડુ રૂપાળા...૦૬
મુક્તાનંદ બ્રહ્માનંદ આદિ સંત, હતા શ્રીનગરમાં બુદ્ધિવંત;
સ્વામી આવ્યાની સાંભળી વાત, સંતજન થયા રળિયાત...૦૭
જમી સવારે સુંદરશ્યામ, પે'ર્યા શ્વેત વસ્ત્ર સુખધામ;
વા'લો ઘોડે થઈ અસવાર, ચાલ્યા શ્રીનગર શહેરે તે વાર...૦૮
પોં'ચ્યા **અમદાવાદ**ને પાસ, આવ્યા સામા તે સર્વે દાસ;
સંતજન નરનાર અપાર, લઈ લઈ આવ્યા ફૂલહાર...૦૯
કરે પ્રણામ હાર ચડાવે, વા'લાજીને મોતીડે વધાવે;
ચાલ્યા શહેરમાં શ્રીસહજાનંદ, શોભે સંત મધ્યે જગવંદ...૧૦

વાજે વાજાં ને ગીત ગવાય, રાજે બજારમાં મુનિરાય;
ચઢી ગોખ અટારી અગાસી, નીરખે નાથને શહેરનાં વાસી...૧૧
બાજુ તોરા હાર પે'રાવે, સોના રૂપાને ફૂલે વધાવે;
ગાતા વાતા તેડી લાવ્યા ઘેર, ઊતર્યા મંદિરમાં કરી મે'ર...૧૨
દીધો હરિને ઢોલીડો ઢાળી, સુખે બેઠા મોહન વનમાળી;
ભૂમિ વિશાળ ચોક રૂપાળો, ફૂલ્યાં ફૂલમાં છેલ છોગાળો...૧૩
શ્વેત ફૂલનાં શોભે શણગાર, નીરખે નેણાં ભરી નરનાર;
ચારેકોર સંત વચ્ચે વા'લો, હેતે હાર દે ધર્મનો લાલો...૧૪
પોતે નાહી જમ્યા ભગવંત, પછી જમાડ્યા પાળા ને સંત;
ડગલી સાહેબ તે રૂડા નેકી[૧], એરણ સાહેબ અતિ વિવેકી...૧૫
તેડાવ્યા પ્રભુને પ્રીત કરી, બોલાવી બંગલે પૂજ્યા હરિ;
સ્વામીને બે શાલ ઓઢાવી, અતિ અમૂલ તે પોતે લાવી...૧૬
બાજુ ગજરા હાર તોરા લઈ, પે'રાવ્યા પ્રભુને રાજી થઈ;
છાંટ્યું ગુલાબ વારી લઈ હાથ, કરી સનમાન રાજી કર્યા નાથ...૧૭
પછી આવી મંદિરમાં માવ, રહ્યા પંચ દિવસ કરી ભાવ;
જમી ચાલ્યા હરિ તેણી વાર, લઈ સંત સખા અસવાર...૧૮
ચડ્યા રોઝે ઘોડે સુખકારી, લઈ હાર ઊભા નરનારી;
પે'ર્યા હાર હરિએ અપાર, નેણાં ભરી નીરખે નરનાર...૧૯
ચાલ્યા ઊભી શેરીએ નાથ, ગાય કીરતન સાધુ સહુ સાથ;
અગાશી મેડીએ ઊભા રઈ, વધાવે પ્રભુજીને રાજી થઈ...૨૦
આવ્યા વળાવા તેને શીખ દીધી, વાટ ગામ વેલાલની લીધી;
મોટા મુનિના ધ્યાનમાં નાવે, પ્રભુ ઘોડા ખેલાવતા આવે...૨૧

૧. પ્રામાણિક

આવી ઊતર્યા **વેલાલ** ગામ, તળાવની તટે સુખધામ;
કરી રસોઈ જમ્યા ભગવંત, પીરસી લાડુ જમાડ્યા સંત...૨૨

જેસિંગ આદિ હરિજન સહુ, લાવ્યા કેરિયું તે વળી બહુ;
હરિ લઈ પોતાને તે હાથે, દીધી સર્વે સંતને નાથે...૨૩

આવ્યા ઘોડે ચડીને શ્યામ, કર્યું પાવન **કણભા** ગામ;
નાથજી આદિ હરિજન સાર, જમાડ્યા પ્રભુને કરી પ્યાર...૨૪

એક રાત રહી ચાલ્યા શ્યામ, વા'લો ગયા **મેમદાવાદ** ગામ;
આવ્યો વડ એક વાટમાંય, બેઠા છાંયે વા'લો જઈ ત્યાંય...૨૫

વા'લો બેઠા વડલાની ડાળી, શોભે મૂર્તિ રૂડી રૂપાળી;
વડે બાંધ્યો હિંડોળો તે સાર, બેઠા ત્યાં જઈ ધર્મકુમાર...૨૬

બેચર દુર્લભરામને ઘેર, જમ્યા પ્રભુ કરી બહુ મે'ર;
પછી જમાડ્યા સંત ને પાળા, પીરસી વા'લે લાડુ રૂપાળા...૨૭

ત્યાંથી ઘોડે ચડીને દયાળ, આવ્યા **ખાત્રજ** ગામ તતકાળ;
ત્યાં પાણીનાં ગોળાં ટાઢાં ભર્યાં, પાકી કેરિયુંના ગંજ[1] કર્યા...૨૮

શ્યામ સંતે ટાઢાં પાણી પીધાં, કેરીનાં ફળ ઝોળીમાં લીધાં;
આંબા હેઠે બેઠા ઘનશ્યામ, જમ્યા કેરિયું તે સુખધામ...૨૯

લાલદાસ આદિ હરિજન, પ્રભુ પૂજીને થયા પાવન;
વાંઠવાળીએ ગુલાબ પુંજોભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ...૩૦

પછી ઘોડે ચડીને જીવન, આવ્યા **વડથલ** આથમતે દન;
પછી જમ્યા પોતે ભગવંત, પીરસી લાડુ જમાડ્યા સંત...૩૧

વડલે હિંડોળે બેઠા શ્રીહરિ, ભાણા આદિ જને પૂજા કરી;
ડડુસરે દયા કરીને ગયા, હિરણ ચુણેલે રાત જ રહ્યા...૩૨

પીતાંબરે સેવા કરી સારી, ઘણે હેતે પૂજ્યા સુખકારી;

૧. ઢગલા

સુંદર શ્વેત વસ્ત્ર પે'રી સાર, થયા રોઝે ઘોડે અસવાર...૩૩
ચાલે ઘોડલાંની ઘુંમર ભારી, મધ્યે શોભે શ્યામ સુખકારી;
સંત સખા લઈ સુખધામ, ગયા અલબેલો **ઉમરેઠ** ગામ...૩૪
ઠામણાવાળી ભાગોળે આવ્યા, સર્વે હરિજન સામૈયું લાવ્યા;
લખું તેનાં સુંદર હવે નામ, જે જે આવ્યા પુરુષ ને વામ...૩૫
રૂપરામ નંદુ નરભેરામ, નરોત્તમ ગંગાદત્ત દયારામ;
મલકા અરજણ વિષ્ણદત્ત, કૃપારામ ઈશ્વરજી સત...૩૬
હરિભાઈ નંદલાલ ડાયો જેહ, હરિ પંડ્યા પુરુષોત્તમ તેહ;
દવે જોષી નંદલાલ બેઉ, ઘેલા મોટા પ્રાણશંકર તેઉ...૩૭
જયકૃષ્ણ મયારામ વેંકટેસર, માણેકજી મયારામ ઠાકર;
ગોવિંદરામ ઈશ્વરજી શ્રીકૃષ્ણ, ભવાનીશંકર લીલાધર પ્રષ્ણ...૩૮
સદાશિવ હરિકૃષ્ણ જેહ, ગોવિંદરામ નારણજી તેહ;
લક્ષ્મીદત્ત વિષ્ણુદત્ત બાપુજી, ત્રિકમદા વજેરામ ઘેલાજી...૩૯
ત્રિકમજી અને અમથોભાઈ, રામકૃષ્ણ પ્રેમાનંદાદિ ભાઈ;
માનબા દાનબા ગંગાબાઈ, કુશલબા વિરબા નાથબાઈ...૪૦
પ્રભુદા ભોગીલાલ અમથોભાઈ, સર્વે આવ્યા સામા બાઈ ભાઈ;
કરી પ્રણામ પહેરાવે હાર, પ્રભુ પૂછે સર્વે સમાચાર...૪૧
હાર તોરા બાજુબંધ શોભે, ગજરા ગુચ્છ જોઈ મન લોભે;
કર્યો કંકુનો ચાંદલો ભાલ, મુખચંદ્ર જોઈ વાધે વા'લ...૪૨
આવ્યા બજારમાં બહુનામી, વાજતે ગાજતે સુખે સ્વામી;
ધોળ મંગળ હરિજન ગાવે, વા'લાજીને મોતીડે વધાવે...૪૩
ગામથી તે ઉગમણે પાસ, ઊતર્યા આંબલીઓમાં અવિનાશ;
સુંદર કર્યો તો ડેરો ત્યાં સારો, તેમાં ઊતર્યા ધર્મ દુલારો...૪૪

સાધુ બ્રહ્મચારી અસવાર, સુંદર છાંયે ઊતર્યા કરી પ્યાર;
નંદુભાઈને ઘેર જમવા કાજ, સંત સોતા પધાર્યા મહારાજ...૪૫
જમ્યા રસ રોટલી દૂધપાક, ભાત દાળ અથાણાં ને શાક;
પછી રસ તાંસળીએ તે ભરી, ફેરવ્યો સંતની પંગતમાં હરિ...૪૬
ફર્યા પંગતમાં પંચવાર, જમ્યા સંત થયો જેજેકાર;
જમ્યા પાળા ને તે અસવાર, પીરસ્યો રસ વા'લે કરી પ્યાર...૪૭
પછી ઘોડે ચડી ઘનશ્યામ, ગયા ઉતારે તે સુખધામ;
જાગનાથ પાસે ઓટા ઉપર, બેઠા ઉત્તર મુખે નટવર...૪૮
થઈ સભા સંતજન ભારી, નીરખે નાથને અનંત નરનારી;
પૂજ્યા પ્રભુને તે બહુ પ્રીતે, સર્વે હરિજનને રૂડી રીતે...૪૯
મોટા નરભેરામને ઘેર, ગયા જમવા વા'લો કરી મે'ર;
જમ્યા લાડુ પકવાન પૂરી પ્રીતે, શાક પાક સુંદર રૂડી રીતે...૫૦
પછી જમાડ્યા પાળા ને સંત, પીરસી લાડુ હાથે ભગવંત;
એવા સહજાનંદ સુખકંદ, નીરખી થાય અતિ આનંદ...૫૧
ઉમરેઠમાં તે અંતરજામી, ગયા સાતવાર પોતે સ્વામી;
દીધા પરચા કર્યા બહુ કાજ, કરી દયા મોટી મહારાજ...૫૨

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ સારંગપુર, અમદાવાદ, ઉમરેઠ આદિક ગામોમાં વિચરણ કર્યું' એ નામે છ્યાસીમો કિરણ ॥૮૬॥

કિરણ : ૮૭

શ્રીહરિનું સત્સંગ વિચરણ

પૂર્વછાયો :

ત્યાંથી તરત ઘોડે ચડી, ગયા **સામરખે** ઘનશ્યામ;
એક રજની ત્યાં રહ્યા, પ્રીતમ પૂરણકામ...૦૧
ઓટે બેઠા અલબેલડો, પૂજ્યા વખતે વા'લે કરી પ્યાર;
જમ્યા જીવન કેરિયું, પછી પે'ર્યા ફૂલનાં હાર...૦૨

ચોપાઈ :

જમ્યા જીવન તે કરી મે'ર, પછી પધાર્યા એમને ઘેર;
પાડી પગલાં આવ્યા અલબેલ, પછી પોઢી રહ્યા રંગરેલ...૦૩
ચડ્યા ઘોડે સવારે શ્યામ, ગયા ગોવિંદ તે **આણંદ** ગામ;
અસવાર ને સંત સહિત, ગયા ભક્તવત્સલ રૂડી રીત...૦૪
પુરવાસી કરી બહુ પ્યાર, આવ્યા સામા તે નર ને નાર;
દુલ્લભરામ દિનકર જેહ, લક્ષ્મીદત્ત કાશીરામ તેહ...૦૫
હરિશંકર મુળજી જે ભાઈ, પૂજો શીવો ને અજુભાઈ;
મયારામ આદિ હરિજન ભાઈ, ધનબા દતબા આદિ સર્વ બાઈ...૦૬
પૂજી પ્રભુને હાર પહરાવે, નીરખે નેણાં ભરી ભલે ભાવે;
ઝાંઝ મૃદંગ શરણાઈ વાજે, ઢોલ પડઘમ નગારાં ગાજે...૦૭
ઘેર પધરાવ્યા ઘનશ્યામ, પ્રભુ પૂજી થયા પૂરણકામ;
જમાડ્યાં તે ભોજન ભાવતાં, થયા પ્રસન્ન હરિને આવતાં...૦૮
પુરુષોત્તમ પૂરણબ્રહ્મ, કોઈ ન જાણે તે એનો મર્મ;
રહ્યાં અભાગિયાં જે નરનાર, ભાગ્યવંતે પૂજ્યા કરી પ્યાર...૦૯
ચાલ્યા ઘોડે ચડી ઘનશ્યામ, આવ્યા શ્રીહરિ **બાકરોલ** ગામ;
વિઠ્ઠલદાસ આદિ જે પાટીદાર, આવી આડા ફર્યા તેણી વાર...૧૦

કરી રસોઈ જમો મારે ઘેર, પ્રભુ મારે તમારી છે મે'ર;
જમ્યા સો વાર અમે ને સંત, એમ જાણો તમે બુદ્ધિવંત...૧૧
લાવ્યા કેરીનાં ટોપલા ભરી, જમ્યા ફળ ઘોડે ચડ્યા હરિ;
કેરી સર્વે સંતને તે દીધી, એવી સેવા અલૌકિક કીધી...૧૨
જોળે થઈ આવ્યા **વડતાલ**, બેઠા આંબલા તળે ધર્મલાલ;
આવ્યા જોરાભૈ આદિ પાટીદાર, પૂછે પ્રભુ રસોઈને શી વાર...૧૩
બોલ્યા જોરોભાઈ તતકાળ, થઈ રસોઈ ને કર્યા થાળ;
પછી આવ્યા મંદિરમાં નાથ, જમ્યા સહજાનંદ સુખપાથ...૧૪
સંતની મંડળીઓ ઘેર ઘેર, મેલી જમવા કરી બહુ મે'ર;
પછી જમ્યા અસવાર પાળા, પોઢ્યા પ્રભુ આંબલે થઈ સુખાળા...૧૫
કરી સંત સ્વામીની તે સેવા, પૂજ્યા પ્રભુ મોટુ સુખ લેવા;
જેણે નીરખ્યા નેણાં ભરી હરિ, તે તો ન આવે ભવમાં ફરી...૧૬
વડતાલનાં જે નર અને નાર, તેનાં પુણ્ય તણો નહિ પાર;
નિત્ય સ્વામીને નીરખે જ ભાવે, તેનો મહિમા શારદ શેષ ગાવે...૧૭
રહી રાત ને દર્શન દઈ, ગયા જીવન **જોળે** રાજી થઈ;
રામદાસ આદિ જે હરિજન, પ્રભુ પૂજીને થયા પાવન...૧૮
કરમસદ મધ્યે થઈ શ્યામ, ગયા ગોવિંદ **ગાને** ગામ;
લાલદા આદિ જે બાઈ ભાઈ, આવ્યા સામાં સર્વે રાજી થાઈ...૧૯
પૂજી પ્રભુને હાર ચઢાવે, ધોળ મંગળ મનોહર ગાવે;
ઢોલ નગારાં મૃદંગ તાલ, એમ પધાર્યા દીનદયાળ...૨૦
આવી ઊતર્યા તળાવ ત્યાંઈ, બેઠા સેજે સંતમંડળમાંઈ;
કરી રસોઈ જમ્યા ભગવંત, ફેરવી લાડુ જમાડ્યા સંત...૨૧
ઘોડે ચડી ફર્યા ઘેર ઘેર, પૂજ્યા પ્રભુ સર્વે રૂડી પેર;
કરી ચાંદલા હાર પહેરાવ્યા, વા'લાજીને મોતીડે વધાવ્યા...૨૨

રહી રાત ચાલ્યા સુખધામ, વા'લો ગયા **દેદરડે** ગામ;
થોભણ ગલા આદિ હરિજન, પ્રભુ પૂજીને થયા પાવન...૨૩
પાઈ ઘોડાં ચાલ્યા ઘનશ્યામ, ગયા વા'લોજી તે **વેરે** ગામ;
કાળીદા આદિ હરિજન જેહ, પૂજ્યા પ્રભુ કરી બહુ નેહ...૨૪
ગયા **બોચાસણ** બહુનામી, સુખસિંધુ સહજાનંદસ્વામી;
કાશીદાસ આદિ જે પાવન, આવ્યા સામા સર્વે હરિજન...૨૫
કરી પ્રણામ હાર પે'રાવે, નીરખે નાથને તે ભલે ભાવે;
વડે હિંડોળે જઈ બેઠા હરિ, સંત હરિજનની સભા કરી...૨૬
મોટા ભક્ત પટેલ કાશીદાસ, તેને ઘેર જમ્યા અવિનાશ;
એના ફળિયામાં બેસાર્યા સંત, લાડુ ફેરવ્યા હાથે ભગવંત...૨૭
બેસી વેલ્યે ને મનસૂબા કીધા, સાધુને ચરણ છાતીમાં દીધા;
ગામ સુંદરણાના હરિજન, કહે રૂગનાથ આવો જીવન...૨૮
હરિજી આવો અમારે ઘેર, પ્રભુ પધારો કરી તે મે'ર;
કહે આવશું એમ બોલ્યા બોલ, એનો હાથ ઝાલી દીધો કોલ...૨૯
એમ કહી વા'લે કરી મે'ર, સહુ ગયા છે પોતાને ઘેર;
વા'લો સર્વના અંતરજામી, મુખે બોલ્યા સહજાનંદસ્વામી...૩૦
સહુ સાંભળો વરસાદ થાશે, આડું ભાલ છે પાણી ભરાશે;
એમ કહીને ઘોડે ત્યાં ચડ્યા, ત્યાં તો વરસાદનાં બુંદ પડ્યાં...૩૧
કરતા લટકાં સુંદરશ્યામ, વા'લો આવ્યા **સુંદરણે** ગામ;
જેને દીધો હતો હરિએ કોલ, સત્ય કર્યો પોતાનો બોલ...૩૨
ઊભા ઓસરીએ કરી મે'ર, આવ્યા અમે કે' તમારે ઘેર;
પણ ચાલવાની છે તૈયારી, એમ બોલ્યા શ્યામ સુખકારી...૩૩
હરિજને ત્યાં કરી બહુ તાણ, તોપણ ન રહ્યા શ્યામ સુજાણ;
પછી હરિજને તે વાર, કરી પૂજા પહેરાવ્યા હાર...૩૪

ત્યાં ઘોડાંને બાજરા ચટાવ્યા, દોડ કરી **બુધેજ** ગામે આવ્યા;
રહી ખોડાભાઈને ઘેર રાત, જમી ચાલ્યા પ્રભુજી પ્રભાત...૩૫
જઈ **ગાંફે** રહ્યા ઘનશ્યામ, વસ્તા પૂજાને ઘેર સુખધામ;
જમી સવારે ને ચાલ્યા નાથ, ગયા **રોજકે** સરવે સાથ...૩૬
રહી કાકાભાઈને તે ઘેર, જમી ચાલ્યા પ્રભુ કરી મે'ર;
ગયા **કારિયાણી** દયા કરી, વસ્તા ખાચરને ઘેર હરિ...૩૭
જમી રહ્યા જીવન એક રાત, પ્રભુ ચાલ્યા ત્યાંથી પ્રભાત;
ગયા **ગઢપુર** શ્રીઘનશ્યામ, પુરુષોત્તમ પૂરણકામ...૩૮
બેઠા ઓસરીએ અલબેલ, કરી સભા રૂડી રંગરેલ;
હરિજન તે લઈ ફૂલહાર, પે'રાવે પ્રભુને કરી પ્યાર...૩૯
ઘણીવાર દીધાં દર્શન, ઊઠ્યા નાવા થઈ પરસન;
નાહ્યા ઊને પાણીએ તે નાથ, બેસી બાજોઠીએ સુખપાથ...૪૦
જમ્યા જીવન ત્યાં રૂડી રીતે, શાકપાક સુંદર બહુ પ્રીતે;
કરી આચમન લીધો મુખવાસ, પછી ઊભા થયા અવિનાશ...૪૧
કરી ચાંદલો પે'રાવ્યા હાર, ચાલ્યા પોઢવા જગઆધાર;
પોઢ્યા ઓરડીમાં અંતરજામી, સુખશૈયા પર બહુનામી...૪૨

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ સત્સંગ વિચરણ કર્યું' એ નામે સત્યાસીમો કિરણ ॥૮૭॥

કિરણ : ૮૮

શ્રીહરિની લીલા સંભારવાની રીત

પૂર્વછાયો :

શ્રીસહજાનંદસ્વામીને, સંભારવા કરી પ્રીત;
મૂર્તિ ધારી અંતરે, લીલા ચિંતવીએ રૂડી રીત...૦૧
જ્યાં જ્યાં દીઠા જગદીશને, તેને સંભારવા વારંવાર;
જે જે ક્રિયા કરી શ્રીહરિ, તેનો કરવો નિરધાર...૦૨

ચોપાઈ :

કરી લીલા ગઢપુર રઈ, ગયા બ્રહ્મમોલ સુખ દઈ;
તેને સંભારવા દિન રાત, હેતે સાંભળવી હરિની વાત...૦૩
સમે સમે સંભારવા શ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
ક્યારે સાંભરે બેઠા પલંગે, ચર્ચી ચંદન ચાંદલા અંગે...૦૪
કંઠે હાર કપૂરનાં ઘણાં, બાજુ કુંડળ કપૂર તણાં;
ક્યારે સાંભરે ફૂલોની માળે, ફૂલનાં તોરા ખોસ્યા દયાળે...૦૫
ક્યારે સાંભરે જરકશી જામે, બાંધી જરકશી પાઘ તે શ્યામે;
ક્યારે સાંભરે મુગટ ધરેલ, હરિ હિંડોળે બેઠા રંગરેલ...૦૬
ક્યારે સાંભરે નાંખતા ગુલાલ, રંગે રમતા કરે બહુ ખ્યાલ;
ક્યારે પિચકારી લઈ હાથે, રંગ નાંખતા મુનિજન માથે...૦૭
ક્યારે અશ્વ પર અસવાર, એમ સાંભરે પ્રાણ આધાર;
ક્યારે સાંભરે નદીમાં નાતા, તાળી પાડી સંત સંગે ગાતા...૦૮
ક્યારે નીર ઉછાળતા હાથે, રંગે રમતા સંતજન સાથે;
ક્યારે સાંભરે જમતા થાળ, પ્રસાદી દે દાસને દયાળ...૦૯
ક્યારે સાંભરે પંગતમાં ફરતા, દઈ દર્શન ને મન હરતા;
મુખમાં લાડુ જલેબી આપી, જમાડે ચરણ મસ્તકે છાપી...૧૦

ક્યારે સાંભરે જનને મળતાં, આપે ચરણ છાતીમાં વળતાં;
ક્યારે સાંભરે કરતા વાત, સમજી સંત થાય રળિયાત...૧૧
ક્યારે સાંભરે પૂજ્યા તે જને, ફૂલહાર ને કંકુ ચંદને;
કરે આરતી સ્તુતિ આગે, સંતજન પ્રેમે પાયે લાગે...૧૨
ક્યારે સાંભરે સેજમાં સૂતા, ઊઠી કોગળા કરી મુખ લોતા;
ક્યારે સાંભરે કરતા દાતણ, બેઠા બાજોઠ ચાકળે પણ...૧૩
ક્યારે સાંભરે નાતા નાથ, ચોળી તન નવારતા હાથ;
ક્યારે સાંભરે જીવન જમતા, તાળી પાડી સંત સંગે રમતા...૧૪
ક્યારે જમે કેરી અલબેલ, જમી જાંબુ દેતા રંગરેલ;
ક્યારે ચઢી આવે એવા ચિત્ત, કડાં સાંકળાં વેઢ સહિત...૧૫
ક્યારે સાંભરે બેઠા સુખપાલ, બેઠા હસ્તીએ સંગે મરાલ;
ક્યારે સાંભરે મેડે મહારાજ, ક્યારે કરતા વાત હેત કાજ...૧૬
ક્યારે રમતા રાસ સંત સાથે, ગાતાં ગીત તાળી પાડી હાથે;
ક્યારે સાંભરે બેઠાં આસન, ક્યારે સાંભરે ચાંપતા તન...૧૭
ક્યારે સાંભરે ચોળતાં તેલ, ક્યારે સાંભરે ચરણ પૂજેલ;
નાથ હાથે કરતાં વીંજન[1], ક્યારે સાંભરે તાપતા તન...૧૮
ક્યારે જમી જમાડતા સંત, પીરસે હાથે પોતે ભગવંત;
ક્યારે રથ વેલ્ય ગાડે ઘોડે, બેસી ચાલતાં સખાની જોડે...૧૯
ક્યારે આંબા આંબલી ઓટે, બેસે હાર પે'રી બહુ કોટે;
ક્યારે લેતા લટકે શું હાર, એમ સાંભરે છે વારંવાર...૨૦
જ્યાં જ્યાં વિચરિયા તે જીવન, તેનું કરવું સદા ચિંતવન;
જ્યાં જ્યાં ઉત્સવ કર્યા ધર્મલાલ, તેને સંત સંભારે કરી વા'લ...૨૧

૧. વીંઝણો; પવન નાખતા

જે જે કર્યાં મહારાજે કાજ, તેને સંભારે તે મુનિરાજ;
ક્યારે સાંભરે પાટ ઉપર, બેઠા ઢોલીડે તે મનોહર...૨૨
ક્યારે સાંભરે મોજડી પે'રેલ, ક્યારે સાંભરે ચાખડીએ ચડેલ;
ક્યારે સાંભરે ચાંપતા ચરણ, સૂતા સેજડીએ દુ:ખહરણ...૨૩
ક્યારે સાંભરે માળા ફેરવતા, હેતે હરિજનનાં દુ:ખ હરતા;
ક્યારે સાંભરે આસન કરતા, બેસી ઓસરીએ નળ ફેરવતા...૨૪
ક્યારે ઘોડી દોડાવતા હરિ, નીરખ્યા નાથ તે નેણાં ભરી;
ક્યારે સાંભરે ખારેક જમતા, મુનિજનનાં મન માગતા...૨૫
ક્યારે સાંભરે પવિત્રાં પે'રેલ, બેઠા ઓટે કરે બહુ ખેલ;
ક્યારે સાંભરે આનંદકંદ, બાંધી રાખડીઓ સહજાનંદ...૨૬
ક્યારે સાંભરે છત્રની છાંયે, ગયા ઠાકોર ઝૂલાવા ત્યાંયે;
ક્યારે ચરણારવિંદ પાડે વા'લે, હેતે કરી હરિજનને આલે...૨૭
ક્યારે સાંભરે કરતા હાસ, સખા સંગે બેઠા અવિનાશ;
ક્યારે સાંભરે કરતા ધૂન્ય, કરે પૂજા રાખી ઘડી મુન્ય...૨૮
ક્યારે કરે વળી વા'લો જ્ઞાન, બેસી સભામાં શીખવે ધ્યાન;
ક્યારે જુવે ઠાકોર સામું શ્યામ, કરે વખાણ લઈ લઈ નામ...૨૯
હાથ જોડી એક પગે રઈ, કરે સ્તુતિ તેતો ઊભા થઈ;
ક્યારે સાંભરે કોળી[૧]માં ફરતા, હરિ દૈવત દેવમાં ધરતા...૩૦
ક્યારે સાંભરે ગાવતા ગીત, ઘેરે સાદે રસિયો રૂડી રીત;
ક્યારે અત્તરમાં મસમસતા, સામા આવે શ્રીહરિ ધસતા...૩૧
ક્યારે સાંભરે લીંબુ લઈ હાથ, ચીરી કરી ચૂસે તેને નાથ;
ક્યારે સાંભરે ચંદ્ર ચોડેલ, રૂડી ચંદન આડ્ય કરેલ...૩૨

૧. શિખરબંધ મંદિરમાં જાળીની અંદરનો ભાગ

ક્યારે સાંભરે તિલક ભાલ, શોભે ચાંદલો સુંદર લાલ;
ક્યારે સાંભરે ચોખા લલાટે, પ્રભુ સાંભરે વાટે ને ઘાટે...૩૩
ક્યારે સાંભરે હિંડોળે હિંચતા, હરિજન હરિને ઝૂલાવતા;
ક્યારે સાંભરે હિંડોળે ઊભા, કરે મળવાના તે મનસૂબા...૩૪
ક્યારે સાંભરે વડતાલે વા'લો, ધર્મ ધુરંધર ધર્મનો લાલો;
દીધાં દર્શન ત્યાં બહુ વાર, ઉધાર્યાં અનંત નરનાર...૩૫
ક્યારે સાંભરે શ્રીનગરમાં સ્વામી, પુરુષોત્તમ અંતરજામી;
દીધાં દર્શન ત્યાં બહુ હરિ, વા'લે શહેર બજારમાં ફરી...૩૬
જેતલપુરમાં ગયા જગનાથ, શ્રીસહજાનંદ સુખપાથ;
દીધાં દર્શન ત્યાં દયાળે, ઝાઝીવાર જન પ્રતિપાળે...૩૭
ફર્યા દેશ મલક ને ગામ, શ્રીસહજાનંદ સુખધામ;
ઊતર્યા સાભર સો વાર હરિ, શ્રીસહજાનંદ ફરી ફરી...૩૮
ગઢપુરમાં શ્રીઘનશ્યામ, વસ્યા પ્રીતમ પૂરણકામ;
દાદાખાચરનાં દરબારમાંઈ, વસ્યા ઓરડીમાં વા'લો ત્યાંઈ...૩૯
ગયા ભૂજનગર ભગવાન, દીધાં બહુવાર દર્શન દાન;
તિયાં રમ્યા જમ્યા બહુ વાર, પુરુષોત્તમ પ્રાણઆધાર...૪૦
જીરણગઢમાં તે ઝાઝીવાર, ગયા શ્રીઘનશ્યામ ઉદાર;
દીધાં દર્શન તે દયા કરી, વા'લે શહેરમાં ફૂલેકે ફરી...૪૧
રાધારમણ ત્રિકમ રણછોડ, શિવસતી સુંદર રૂડી જોડ;
સજ્યા મૂર્તિ ચરણારવિંદ, જોઈ પાદુકા થાય આનંદ...૪૨
મૂર્તિ મહારાજની બહુ શોભે, જોઈ મુનિવરનાં મન લોભે;
સદા રાજે ત્યાં શ્રીઘનશ્યામ, જોઈ લાજે તે કોટિક કામ...૪૩
ગઢપુરમાં વસ્યા કરી વાસ, જોઈ અતિ એકાંતિક દાસ;
રહ્યા દેહ પર્યન્ત દયા કરી, પધાર્યા ધામમાં પોતે હરિ...૪૪

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'કવિએ શ્રીહરિને જે જે રીતે જોયા તેનું વર્ણન કર્યું' એ નામે અઠ્યાસીમો કિરણ ॥૮૮॥

કિરણ : ૮૯

શ્રીહરિનું ઐશ્વર્ય તથા સામર્થ્ય

પૂર્વછાયો :

પ્રગટ પ્રબળ[૧] જે મૂર્તિ, અકળ[૨] અનુપ[૩] અમાપ;
જેને નેતિ કહે શ્રુતિ, તે આવ્યા પોતે આપ...૦૧
અમાપ અતોલ અપાર છે, નિગમે ન થાય નિરધાર;
બ્રહ્મા શિવ સરખા કહે, તોય કહી ન પામે પાર...૦૨

ચોપાઈ :

પ્રગટ મૂર્તિનો જે મહિમાય, સર્વે સુખતણી એ સીમાય;
મોટ્યપ હરિ મૂર્તિની અતિ, કે'તાં ન પામે કોઈની ગતિ...૦૩
હરિ મૂર્તિથી જે જે થયું, તે તે ન જાય કોઈથી કહ્યું;
ભારે ભારે થાય ચમત્કાર, તેનો કે'તાં તે ન આવે પાર...૦૪
કોઈ કાળે ન સાંભળ્યું કાને, તેને દેખાડ્યું તે ભગવાને;
અલૌકિક વસ્તુ આવે લોકે, તે તો સર્વે જન અવલોકે[૪]...૦૫
વસ્ત્ર ઘરેણાં સુંદર માળા, પ્રસાદી દાળ રોટા[૫] રૂપાળા;
તલ લાડુ તોરા બાજુ હાર, ફળ ફૂલ લવિંગ તે સાર...૦૬
પામે સમાધિયે તે તો દાસ, જાગે જ્યારે ત્યારે રહે પાસ;
જે જે આપે સમાધિમાંય, તે તે લઈ આવે જન આંય...૦૭

૧.પ્રતાપી ૨.કળી ન શકાય તેવી ૩.જેની સરખામણી ન થઈ શકે તેવી ૪.દેખે ૫.રોટલા

અમાયિક માયિકમાં આવે, એથી બીજું આચરજ શું કા'વે;
આવે સાકર તે તો ન કે'વાય[૧], મોટો હરિ મૂર્તિનો મહિમાય...૦૮
જે જે આ સમાની તે વાત, સર્વે દીઠી મેં તે સાક્ષાત;
સંતદાસ પ્રગટ પ્રતાપે, ગયા જળમાં નાવા તે આપે...૦૯
દીધી જળમાં ડૂબકી દાસે, નીસર્યા નરનારાયણ પાસે;
તિયાં દોઢ માસ પોતે રઈ, ત્યાંની સર્વ ખબર આવ્યા લઈ...૧૦
એ તો આચરજ વાત કે'વાય, આ દેહે તે ત્યાં ન જવાય;
વળી ફરી મેલ્યા મહારાજે, હિમાળો ઓળંગ્યો મુનિરાજે...૧૧
આવી પથરા નદી ત્યાંય, ઉતર્યા હરિ ઈચ્છાયે તેમાંય;
નાહ્યા માનસરોવર ઘાટે, કર્યાં કારજ ઘણાં તે વાટે...૧૨
એહ સામર્થી તે સ્વામી તણી, બીજી કહું વાત ઘણી ઘણી;
એક સચ્ચિદાનંદ તે સંત, મહા મોટા સાધુ અતંત...૧૩
તેને રુંધ્યા તે ઘરમાં ઘાલી, રાખી ચોકી તેમાં તાળાં આલી;
તેમાંથી તરત નીસરી ગયા, તાળાં તેમનાં તેમ ત્યાં રહ્યાં...૧૪
ભૌતિક દેહ અભૌતિક થયું, હરિને બળે તે ઊડી ગયું;
વળી હરિ મૂર્તિ પરતાપે, સુખી થયા તે સાધુ આપે...૧૫
એક વ્યાપકાનંદ જે મુનિ, તે પર મે'ર મોટી પ્રભુની;
રહે સદા તે મૂર્તિમાંય, હરિ ઈચ્છાયે ફરે દેશ ત્યાંય...૧૬
વળી જે જે તે બોલે જીભાયે, તે તો તેમનું તેમ જ થાયે;
એક મૂઈ[૨] તે જીવાડી ઘોડી, એહ વાત નહિ કાંય થોડી...૧૭
વળી વાડવ સુત[૩] જીવાડ્યો, પ્રગટ પ્રતાપે તેને ઊઠાડ્યો;
તે સામર્થી સહજાનંદ તણી, કેટલીક દેખાડીએ ભણી...૧૮
વળી વ્યાપકાનંદે તે એક, કાપી કષ્ટ ઉગાર્યો વણેક;

૧.પ્રસાદી; દિવ્ય કહેવાય ૨.મરણ પામેલી ૩.બ્રાહ્મણપુત્ર

એવાં અનેક અલૌકિક કાજ, કર્યા સંત દ્વારે મહારાજ...૧૯
વળી સંત જે સ્વરૂપાનંદ, તેને અંતર સદાય આનંદ;
કરી સમાધિ સંયમિની[૧] ગિયા, દીઠા જીવ ત્યાં બહુ દુઃખિયા...૨૦
નરક કુંડમાં ઘણાં નરનાર, પાપી પડ્યાં તે અતિ અપાર;
તેને દેખી દયા બહુ આવી, બોલ્યા હરિ મૂર્તિ બળ લાવી...૨૧
નીકળો નરક થકી સહુ બા'ર, પ્રગટ પ્રતાપે તે નરનાર;
કાઢી જીવ કીધા કુંડ ખાલી, જેને જમે નાંખ્યા હતા ઝાલી...૨૨
તે નીસર્યા પ્રભુજી પ્રતાપે, એ તો અતોલ વાત અમાપે;
એક હરિજન પરવતભાઈ, રહે હરિ મૂર્તિમાં સદાઈ...૨૩
એક દિવસ વિચાર્યું એવું, વારાહ રુપ હશે વળી કેવું;
ત્યાં તો અવતાર આવી ચોવીસે, ઊભા આગળ નજરે દીસે...૨૪
એક એક થકી તે અનુપ, ચિત્તચોર તે ચોવીસ રૂપ;
વળી પ્રગટ મૂર્તિ પાસે, ઊભી દીઠી તેહ પણ દાસે...૨૫
સર્વે રૂપ સમાણાં છે ત્યાંય, પ્રગટ મૂરતિની તે માંય;
તે તો પરવતભાઈને પાસ, રહે છે સદાય શ્રીઅવિનાશ...૨૬
એવી વાત સ્વામી મળ્યા પેલી, નથી કોઈ શ્રવણે સાંભળેલી;
વળી એ મૂર્તિને તે બળે, થયું કામ કહું એક પળે...૨૭
એક ભક્ત રૂડો તે રતનો, કરે ધ્યાન ધંધો તે ઘરનો;
તેને ઘેર તે દિવ્ય સ્વરૂપે, હરિ આવ્યા રથ બેસી અનુપે...૨૮
ચાલે રથ બહુ દોડ્યો જાયે, ઝાલ્યો રતને રથ મોરવાયે[૨];
પોં'ચ્યો પળમાં જુગ[૩] જોજને, બેઠા બાંધ્યે બારે તે સદને[૪]...૨૯
તે તો દીધું હતું દોકાન[૫], તેમાં મૂકી ગયા ભગવાન;
ભૌતિક ભાવ રહ્યો નહિ રતિ, પામ્યો દિવ્ય દેહની તે ગતિ...૩૦

૧.યમપુરી ૨.આગળના ભાગે ૩.બે ૪.બંધ બારણાવાળ મકાનમાં ૫.દુકાન

એવા અનંત જે ચમત્કાર, પ્રગટ મૂરતિમાં તે અપાર;
વળી એક મેઘ હલવાઈ, રહે સમાધિમાં તે સદાઈ...૩૧

કરે કંદોઈનું વળી કાજ, પળ ભૂલે નહિ તે મહારાજ;
તપાવે તેલ અતિ તાવડે, કળી કાઢે તેમાં કર વડે;
તેમાં રતિ તે ન દાઝે આપે, તે તો હરિ મૂર્તિ પરતાપે...૩૨

વળી એક ડોસો યવન, થયું હરિનું તેને દર્શન;
રહી મૂર્તિ તે અંતરમાંઈ, ભૂલ્યો દેહ દીસે નહિ કાંઈ...૩૩

તેને બાપે બાંધ્યો તેને બંધે, રોક્યો ઘરમાં ઘાલી સંબંધે;
વાસ્યાં કમાડ ને દીધાં તાળાં, બેઠાં બારણે તે રખવાળાં...૩૪

તેમાંથી તે દેહ અદશ્ય થઈ, નીસર્યો બાર ગાઉ પર જઈ;
ત્યાં બંધ કર્યો તે વળી બીજે, ત્યાંથી નીસરીને ગયો ત્રીજે...૩૫

આવરણ એકે આડું ન રહ્યું, ભૌતિક દેહ અભૌતિક થયું;
તે તો જાણે છે જન વારંવાર, હરિની સામર્થી તે અપાર...૩૬

એક સમે ના'વે વરસાત, મરે મનુષ્ય થાય ઉત્પાત;
શોધ્યે શહેરમાં ન મળે અન્ન, પડ્યો કાળ કહે સહુ જન...૩૭

પછી સતસંગી સર્વે મળી, આવ્યા જયાં હતી મુનિમંડળી;
બેઠા ગોપાળસ્વામીને પાસ, કહે નથી જીવવાની આશ...૩૮

મરે શહેરમાં મનુષ્ય બહુ, અન્ન વિના પીડાય છે સહુ;
દેતાં દામ મળે નહીં અન્ન, કહો કેમ કરીએ જીવન...૩૯

માટે સ્તુતિ પ્રભુ પાસે કરીએ, થાય મેઘ તો અમે ઉગરીએ;
કહે ગોપાળસ્વામી દયાળ, કરો ભજન સર્વે મરાળ...૪૦

બેઠાં ભજને ઘડી બે ચાર, આવ્યો મેઘ થયો જેજેકાર;
વરસ્યો ત્રણ દિવસ લગી તેહ, કાળા ઉનાળા જેવામાં મેહ...૪૧

સતસંગી કુસંગીએ જાણ્યું, થયો પરચો સૌએ પરમાણ્યું;
લાગ્યા ગોપાળસ્વામીને પાયે, ધન્ય ધન્ય તમે મુનિરાયે...૪૨
બોલ્યા ગોપાળસ્વામી તે પ્રત્યે, જે થાય તે સ્વામીજી વતે;
ગોપાળાનંદસ્વામી ધારે જેમ, તે તો થાય તેમનું તેમ...૪૩
કરાવે સમાધિ સામું જોઈ, તેના જીવમાં તે વૃત્તિ પ્રોઈ;
સૂતો હોય સમાધિમાં જેહ, સામું જોયે ઊઠે તરત તેહ...૪૪
કોઈ પૂછે ધામની ખબર, તેને કહે પૂરી બરાબર;
તેને સંશય ન રહે લગાર, એવી વાત કરે કરી પ્યાર...૪૫
ઘણી વાત થોડામાં કઈ, બીજી ઘણી ગ્રંથોમાં રઈ;
સર્વે વાત સંભારી કહેવા, નથી આ જગમાં કોઈ એવા...૪૬
આ મૂર્તિ નહીં તે અન્ય જેવી, પ્રભુ ધરી ન ધરશે એવી;
આ મૂર્તિનો જે મહિમાય, કોટિ કવિએ ન કહેવાય...૪૭
આ મૂર્તિનું તે પરમાણું[1], લખતાં કોણેય ન લખાણું;
એને જથારથ તે જાણવા, નથી કોઈ જૂના ને નવા...૪૮
હેતે ગાય સાંભળે આ ગ્રંથ, તેનો પ્રભુ પૂરે મનોરથ;
સુખ સંપત્તિ પામે તે જન, રાખે આ ગ્રંથ કરી જતન...૪૯

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિનું ઐશ્વર્ય તથા સામર્થ્ય કહ્યું'એ નામે નેવ્યાસીમો કિરણ ॥૮૯॥

૧.માપ

કિરણ : ૯૦

શ્રીહરિની લીલા સંક્ષેપમાં કહી છે

રાગ : ધોળ (આનંદ આપ્યો અતિ ઘણો રે)

અક્ષરનિવાસી આવિયા રે, શ્રીકૃષ્ણદેવ કૃપાળ;
સમરથ સહજાનંદજી રે...ટેક
જીવન જનમિયા છપૈયે રે, ભક્તિ ધર્મના બાળ...સમ૰
બાળલીલા ત્યાં બહુ કરી રે, કરવા જીવોનો ઉદ્ધાર-સમ૰
પછી અયોધ્યામાં આવિયા રે, નાહ્યા સરજુમાં બહુ વાર...સમ૰ ૧
સીતારામ હનમંતને રે, દર્શન દે નિત્ય નાથ-સમ૰
અગિયાર વરસે ઊતરે રે, ગયા તપ કરવા સુખપાથ...સમ૰ ૨
વડ તળે બેઠા વા'લમો રે, ભૈરવ ભૂત ભગાવી-સમ૰
દયા કરીને દર્શન દીધું રે, હિમાચલને હિત લાવી...સમ૰ ૩
ઘોર ગુફામાં ચાલિયા રે, સરપ દાદૂર[૧] દુઃખદેણ-સમ૰
સામે પૂરે શ્રીજી સંચર્યા રે, અતિ ઘોર વિકટ વેણ[૨]...સમ૰ ૪
પુલહાશ્રમમાં પધારિયા રે, નાહ્યા ગંડકી નદીમાં નાથ-સમ૰
ઉગ્ર તપ અતિશે કરી રે, ગયા બુટોલ બહુ કરી ગાથ...સમ૰ ૫
જોગી ગોપાળને જઈ મળ્યા રે, શ્રીનિલકંઠ સુજાણ-સમ૰
આદિવારાહમાં આવિયા રે, સિરપુર ગયા સુખખાણ...સમ૰ ૬
પિબેકને પાછો પાડીને રે, નવલખે ચડ્યા નવરંગ-સમ૰
બાલકુંડે થઈ બહુનામી રે, નાયા ગંગાસાગર સંગ...સમ૰ ૭
કપિલજીને દર્શન દઈ રે, જગન્નનાથ ગયા જગદીશ-સમ૰
આદિકુરમમાં આવિયા રે, ગયા માનસપુર મુનિ ઈશ...સમ૰ ૮

૧.દેડકા ૨.પાણીનો પ્રવાહ

વેંકટાદ્રી થઈ વા'લમો રે, શિવ વિષ્ણુ કાંચી વર્ણીરાટ-સમ૦
ગયા શ્રીરંગમાં શામળો રે, સેતુબંધની લીધી વાટ...સમ૦ ૯
રામેશ્વર થઈ ચાલિયા રે, ગયા સુંદરરાજ શ્યામ-સમ૦
મહાવિકટ વનમાં ચાલિયા રે, શિવને મળ્યા સુખધામ...સમ૦ ૧૦
ભૂતપુરી થઈ ચાલિયા રે, ગયા ક્ષેત્ર કુમારિકામાંય-સમ૦
પદ્મનાભમાં પધારિયા રે, આવ્યા જનાર્દન ત્યાંય...સમ૦ ૧૧
આદિકેશવ થઈ આવિયા રે, મલિયાચલ મુનિરાજ-સમ૦
પંઢરપુરમાં પધારિયા રે, દંડકારણ્ય દર્શન કાજ...સમ૦ ૧૨
ત્યાંથી કિષ્કિંધા ગયા રે, નાયા તે પંપા તાલ-સમ૦
ચંદ્રભાગા નદી નાહીને રે, કર્યા જીવોને ન્યાલ...સમ૦ ૧૩
ગયા નાસિકપુર નાથજી રે, નાહ્યા ગોદાવરી ગોવિંદ-સમ૦
ત્યાંથી ત્ર્યંબકેશ્વર થઈને રે, આવ્યા સુરત સુખકંદ...સમ૦ ૧૪
રજની રહ્યા રાજી થઈને રે, જમીને ચાલ્યા જગનાથ-સમ૦
તાપી નદીમાં નાહીને રે, રહ્યાં ચોકીમાં સુખપાથ...સમ૦ ૧૫
નર્મદા નદીમાં નાહીને રે, મહીમાં નાહ્યા મહારાજ-સમ૦
બોચાસણ બુધેજ થઈને રે, નાહી સાબર કર્યા જીવકાજ...સમ૦ ૧૬
ભીમનાથ થઈ ભૂદર ચાલિયા રે, રહ્યાં પોલારપુર સુખપાથ-સમ૦
વળે[૧] થઈ ભાવનગરમાં ગયા રે, ત્યાંથી ગયા ગોપનાથ...સમ૦ ૧૭
શિહોર ઊને થઈ ચાલિયા રે, પંચતીર્થ કરતા ગયા પ્રાગ-સમ૦
રહ્યા લોઢવામાં લાલજી રે, જોઈ પ્રભાસ પુનિત જાગ...સમ૦ ૧૮
નાહી સરસ્વતીમાં શ્રીહરિ રે, ગયા માંગરોળ ગામ-સમ૦
દર્શન દીધાં બહુ દાસને રે, ગયા લોજમાં સુંદરશ્યામ...સમ૦ ૧૯

૧.વલ્લભીપુર

અનેક અસુરને જીતિયા રે, ફરી વિકટ વન મોજાર-સમ૦
દર્શન દઈ દુઃખ ટાળ્યા રે, મુમુક્ષુનો કર્યો ઉદ્ધાર...સમ ૦૨૦
સોરઠ દેશમાં શ્રીહરિ રે, ફરિયા તે ઠામોઠામ-સમ૦
કંક[1] ઉપર કરુણા કરી રે, આવ્યા તે ગઢપુરધામ...સમ૦ ૨૧
અખંડ રહ્યા અલબેલડો રે, નાથજી કરીને નિવાસ-સમ૦
અનેક જીવ ઓધારવા રે, અધર્મનો કર્યો નાશ...સમ૦ ૨૨
પંચવ્રતને પળાવિયા રે, સાધુ સર્વેને તે શ્યામ-સમ૦
અગિયાર વ્રતની આજ્ઞા રે, પાળે સત્સંગી પુરુષ ને વામ...સમ૦ ૨૩
દાદાખાચરના દરબારમાં રે, અહોનિશ બિરાજે આપ-સમ૦
સંત મધ્યે શોભે શામળો રે, અંતરજામી અમાપ...સમ૦ ૨૪
નોતું દીઠું નોતું સાંભળ્યું રે, થયું નોતું નહીં થાય-સમ૦
કર્યાં કલ્યાણ બહુ જીવના રે, ભૂ પર ભરતખંડમાંય...સમ૦ ૨૫
સર્વે કારણ સર્વે ઉપરે રે, સર્વેના સ્વામી સુજાણ-સમ૦
ડંકો દીધો દેશદેશમાં રે, ગયું અંધારુ ઊગ્યો ભાણ[2]...સમ૦ ૨૬
શિક્ષાપત્રી સત્શાસ્ત્રને રે, પ્રવર્તાવ્યાં પ્રાણઆધાર-સમ૦
વેદપુરાણની વિધિએ રે, યજ્ઞ કર્યાં વારંવાર...સમ૦ ૨૭
મોટપ શ્રીમહારાજની રે, કોઈ થકી ન કહેવાય-સમ૦
દેખી સાંભળી કર જોડીને રે, દાસ વાસુદેવ ગાય...સમ૦ ૨૮

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિની લીલા સંક્ષેપમાં કહી' એ નામે નેવુંમો કિરણ ॥૯૦॥

૧.કાઠિયાવાડના કાઠી-દરબારો ૨.સૂર્ય

કિરણ : ૯૧

ગુણે સહિત નંદસંતોની નામાવલિ

॥ શ્રીસહજાનંદસ્વામીને નમો નમઃ ॥

॥ અથ નંદ નામાવલિ લિખ્યતે ॥

પૂર્વછાયો :

શ્રીસહજાનંદસ્વામીને, વંદું તે વારમવાર;
નારાયણમુનિ આદિ કહું, સાત નામ તે નિરધાર...૦૧
હરિ હરિકૃષ્ણ કૃષ્ણદેવ પુનિ, સ્વામિનારાયણ નામ;
સહજાનંદ નીલકંઠને, પુનિ પુનિ[1] કરું પ્રણામ...૦૨
એજ પ્રભુને આશર્યા, અતિ ત્યાગ વૈરાગે યુક્ત;
સ્વામિનારાયણને ભજી, સંત થયા તે બહુ મુક્ત...૦૩
નંદ નામ પરમહંસની, નામ માળા કહું સાર;
જેને ગાતાં જન ભવ તરે, પામે તે સુખ અપાર...૦૪
પ્રેમ સહિત મુનિવૃંદને, ચરણે તે નામી શીશ;
ભિન્ન ભિન્ન નામે કરી, વર્ણન કરું મુનીશ...૦૫

ચોપાઈ :

સદગુરુ રામાનંદસ્વામી, કરે કૃષ્ણ ભક્તિ મુદ પામી;
તે તો ઉદ્ધવનો અવતાર, જેથી દીક્ષા પામ્યા હરિ સાર...૦૬
મોટાભાઈ તે રામપ્રતાપ, છોટાભાઈ ઈચ્છારામ આપ;
તેના પુત્ર તે બેઉ સુધીર, અવધપ્રસાદ ને રઘુવીર...૦૭
તેને દત્તપુત્ર હરિ કરી, બેસાર્યા ગાદિયે ભાવ ભરી;
સંતદાસ મહા સમાધિનિષ્ટ, જાણે શ્રીસહજાનંદને ઈષ્ટ...૦૮

૧.વારંવાર

રામદાસ હરિગુણ ગાય, મુખે જેમ બોલે તેમ થાય;
મુક્તાનંદસ્વામી બુદ્ધિવાન, કવિ તપસ્વી હૃદે હરિ ધ્યાન...૦૯
ત્યાગ્યું તનસુખ પ્રેમી પૂરા, સદા ભક્તિ કર્યામાં તે શૂરા;
નારદમુનિ ધરી અવતાર, મુક્ત નામે થયા નિરધાર...૧૦
ગોપાળાનંદમુનિ ગંભીર, પૂર્વના જોગી તે તો સુધીર;
ત્યાગી તપસ્વી ધરે હરિ ધ્યાન, ભક્તિવાળા ભારે બુદ્ધિવાન...૧૧
જાણે વેદ પુરાણના અર્થ, કરી ભાગવત ટીકા સમર્થ;
કર્યું ભગવત ગીતાનું ભાષ્ય, ગૂઢાર્થ[૧] તે તો કીધા પ્રકાશ...૧૨
બ્રહ્માનંદ મોટા ગુણનિધિ, જેણે છંદાદિ કવિતા કીધી;
જાણી પંચવિષયને અસાર, ભજે શ્રીઘનશ્યામ ઉદાર...૧૩
નિત્યાનંદ મોટા જ્ઞાનવાન, ભારે ભક્તિ કર્યાનું તે તાન;
હરિ આજ્ઞામાં દ્રઢ તે રહ્યા, વા'લે વ્યાસમુનિ સમ કહ્યા...૧૪
શુકમુનિ મોટા બહુ સંત, કર્યા અતિ રાજી ભગવંત;
સત્સંગિજીવનની તે ભારી, કરી ટીકા તે પોતે વિચારી...૧૫
ચૈતન્યાનંદ કરૂણાનિકેત, અતિ ત્યાગી ને હરિમાં હેત;
આનંદાનંદસ્વામીએ અતિ, પૂજ્યા પ્રભુ પ્રીતે શુભ મતિ...૧૬
મુકુંદાનંદ મોટા બ્રહ્મચારી, પોતે મારુતિ આવ્યા તનું ધારી;
કરી સેવા સ્વામીની તે પ્રીતે, હરિ આગે હાજર ઊભા નિત્યે...૧૭
સ્વયંપ્રકાશાનંદ સ્વચ્છંદ, આત્મનિષ્ઠા માહાત્મ્યે આનંદ;
આત્માનંદસ્વામી શૂરવીર, સદા હરિ આજ્ઞામાં સુધીર...૧૮
મહાનુભાવાનંદ મુનિરાજ, સંત સેવી કર્યું રૂડું કાજ;
અક્ષરાનંદજી મોટા સંત, શોભે વડતાલમાં તે મહંત...૧૯

૧.ગહન રહસ્યો; અઘરા અર્થ

ગુણાતીતાનંદજી જગવંદ, જુનાગઢના મહંત સ્વચ્છંદ;
ભણ્યા ભજનાનંદ પુરાણ, આત્માનંદ તે શાસ્ત્રી સુજાણ...૨૦
ભગવદાનંદ શાસ્ત્રી સુધીર, શિવાનંદ યોગાનંદ ગંભીર;
ચારેને ચરણ સ્વામીએ દીધા, જાણી ગુણવાન મોટેરા કીધા...૨૧
પરમાનંદ પુરાણી સંત, ત્યાગી તપસ્વી ભજે ભગવંત;
નિષ્કુળાનંદ સારા શૂરવીર, કવિ તપસ્વી ત્યાગી અતિ ધીર...૨૨
આ તો કહ્યા સદ્‌ગુરુ સુખધામ, હવે કહું વળી બીજાં નામ;
કૈવલ્યાનંદ મુનિ તે મોટા, જેણે સર્વે વિષય કર્યા ખોટા...૨૩
કૃપાનંદ મોટા ગુણવાન, સદા ત્યાગ વૈરાગ્યે અમાન;
કૃષ્ણાનંદ જે સમાધિવાળા, કરે ધ્યાન ને ફેરવે માળા...૨૪
કૃષ્ણાનંદ ગુરુ થઈ ફરે, કૃષ્ણાનંદ વાતુ રૂડી કરે;
કપિલેશ્વરાનંદ છે નામ, એક શાસ્ત્રી બીજા તે અકામ[૧]...૨૫
કલ્યાણાનંદ મંડલાધીશ, કેશવાનંદ ત્રણ મુનેશ;
કરૂણાનંદ કહાવે નામ, કાનડાનંદ ધ્યાની નિષ્કામ...૨૬
કૌશિકાનંદ કહાવે એક, કવ્યાનંદ ન મૂકે ટેક;
કૈવલ્યાનંદ કા'વે રૂડાં સંત, કાનડાનંદ બીજા બુદ્ધિવંત...૨૭
ખગેશાનંદ સારા સુજાણ, ખલદમાનંદ તે પ્રમાણ;
ગણેશાનંદ બે બુદ્ધિવંત, ગુરૂત્તમાનંદ ભજે ભગવંત...૨૮
ગોલોકેશ્વરાનંદ સ્વચ્છંદ, ભજે પ્રગટ પ્રમાણ ગોવિંદ;
ગોપાળાનંદ બીજા છે ત્યાગી, ગોપાળાનંદ ત્રીજા બડભાગી...૨૯
ગોવિંદાનંદ મોટા એક ધ્યાની, ગોવિંદાનંદ બીજા નિર્માની;
ગોવિંદાનંદ ત્રીજા તે પુરાણી, ગોવિંદાનંદ ચોથા લેવા જાણી...૩૦

૧.નિષ્કામી

ગોતીતાનંદ બેઉ નિર્માની, ગોપીશાનંદ રૂડા એક ધ્યાની;
ગિરિધરાનંદ ગદાધરાનંદ, ગોવરધનાનંદ તે સ્વછંદ...૩૧

ગુલાબાનંદ ગુણ ગંભીર, ગોવિંદપ્રસાદાનંદ સુધીર;
ઘનશ્યામાનંદને અતિ પ્રેમ, સંત સેવા કર્યાનું તે નેમ...૩૨

ચૈતન્યાનંદ બીજા છે એક, ચિદાકાશાનંદ દૃઢ ટેક;
સરવે સંત તે રૂડાં સમર્થ, જાણે વેદપુરાણના અર્થ...૩૩

ચિદ્રુપાનંદ મોટા ધ્યાની કા'વે, હરિલીલા અહોનિશ ગાવે;
ચિન્મયાનંદ સંત ઉદાર, હરિની વાતુ કરે કરી પ્યાર...૩૪

ચતુરવ્યૂહાનંદ ધરે ધ્યાન, ચતુર્ભુજાનંદ સમાધિવાન;
ચતુરવેદાનંદ ભજે શ્યામ, ચિદાનંદ લે'રી લિયે નામ...૩૫

ચતુરાત્માનંદ બડભાગી, ચક્રધરાનંદ મુનિ ત્યાગી;
જિજ્ઞાસાનંદ જીત્યા અનંગ[1], જીષ્ણવાનંદ રાચ્યા હરિ રંગ...૩૬

જગન્નાથાનંદ મુનિ ધ્યાની, જગન્નાથાનંદ બે નિર્માની;
જગતપાવનાનંદ સુજાણ, જગદીશાનંદ ભણ્યા પુરાણ...૩૭

અદ્ભુતાનંદ મોટા જે સંત, ધોલેરાપુરના ભારે મહંત;
વળી વિરક્તાનંદજી જે સંત, ગઢપુરના મોટા મહંત...૩૮

જગતખંડાનંદ છે પવિત્ર, જગદેવાનંદ મુનિ મિત્ર;
જયાનંદ ભક્તિભજનમાં પૂરા, જનાર્દનાનંદ સાધુ તે શૂરા...૩૯

જગદેવાનંદ ધર્મધીર, જગતપ્રકાશાનંદ શૂરવીર;
જગતકારણાનંદ જે જોગી, જ્યોતિશાનંદ તે તો નિરોગી...૪૦

સર્વજ્ઞાનાનંદ મોટા સંત, શ્રીનગરના સારા મહંત;
ગોવિંદાનંદ તે ગુણવંત, જેતલપુરના જૂના મહંત...૪૧

૧.કામદેવ

નિર્મળાનંદ તે રૂડાં સંત, ધોળકાના જે મોટા મહંત;
તદ્રુપાનંદને પ્રભુ પ્યારા, મૂળીના મહંત સાધુ સારા...૪૨
નિર્લોભાનંદને બુદ્ધિ સારી, ભુજનગરના મહંત ભારી;
તુરિયાતીતાનંદ શૂરવીર, તત્ત્વાનંદ તે ધ્યાનમાં ધીર...૪૩
તમોહરાનંદ મુનિ સાર, ત્યાગાનંદમુનિ તે ચાર;
એક ગવૈયા તે ગુણનિધિ, બીજા ભજનની વાતુ કરે સીધી...૪૪
ત્રીજા ધ્યાની તે તો શુભમતિ, ચોથા શાંત સ્વભાવે અતિ;
તપસાનંદ તે એક ત્યાગી, તપસાનંદ બીજા બડભાગી...૪૫
દેવાનંદ ગવૈયા ઉદાર, દેવાનંદ કવિ બીજા સાર;
દેવદેવાનંદ દુઃખહારી, દેવકૃષ્ણાનંદ સુખકારી...૪૬
દહરાનંદ શાસ્ત્રી સુજાણ, દયાનંદ તે ત્રણ પ્રમાણ;
એક ભજની ને બીજા ધ્યાની, ત્રીજા સંત અતિ નિર્માની...૪૭
બાલયોગી દામોદરાનંદ, સંત દયાળાનંદ સ્વછંદ;
દષ્ટપ્રકાશાનંદ મંડલેશ, દિપતાનંદ તે શુભવેશ...૪૮
દેવેશાનંદ પરમ સુજાણ, દુર્મરષણાનંદ પ્રમાણ;
દુર્લભાનંદ છે હરિદાસ, દુષ્ટદમાનંદ તે પ્રકાશ...૪૯
ધીરાનંદ તે દોય ગંભીર, એક ત્યાગી બીજા ધ્યાની ધીર;
ધર્માનંદ તે બેઉનાં નામ, એક ભજની બીજા ગુણધામ...૫૦

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'નંદસંતોનાં નામ કહ્યાં' એ નામે એકાણુંમો કિરણ ॥૯૧॥

કિરણ : ૯૨

ગુણે સહિત નંદસંતોની નામાવલિ

પૂર્વછાયો :

કાજુ[૧] કવિ ધામાનંદજી, ધર્મપ્રકાશાનંદ ગીત ગાય;
ધર્માત્માનંદ ધ્યાની ઘણા, ધર્ણીધરાનંદને લાગું પાય...૦૧
ધર્મધરાનંદ ધ્યાન ધરે, ધર્મસિદ્ધાનંદ ધર્મવાન;
ધ્યાનાનંદ મુનિ બે નામ છે, ધ્યાની કવિ ભજે ભગવાન...૦૨

ચોપાઈ :

ધૂરવાનંદ ધરે હરિ ધ્યાન, ધૃતાત્માનંદ મુનિ અમાન;
નરનારાયણાનંદ ઉદાર, જેણે વિષય જાણ્યા અસાર...૦૩
નરોત્તમાનંદ ગુણ જાણ, ભણ્યા તે ભાગવત પુરાણ;
રૂડાં ત્યાગી નારાયણાનંદ, નરહરિયાનંદ સ્વછંદ...૦૪
નરાનંદ છે બેઉનાં નામ, એક ધ્યાની બીજા ગુણધામ;
નૃસિંહાનંદ વૈરાગવાન, કરે ભક્તિ ધરે હરિ ધ્યાન...૦૫
નિષ્પાપાનંદ તે તો સુટેક, નિરમત્સરાનંદ છે એક;
નિરમાનાનંદ તે છે દોય, એક લહિયા ગુરુ બીજા સોય...૦૬
નિરન્નમુક્તાનંદ પુરાણી, જેણે વિદ્યા સુફલ કરી જાણી;
સંત નિર્ગુણાનંદ છે બેઉ, એક મોટા નાના બીજા તેઉ...૦૭
નિરસંદેહાનંદ છે નામ, નિજબોધાનંદ તે અકામ;
નિરસ્વાદાનંદ સારા ઉદાર, લખ્યા ગ્રંથ પ્રભુના અપાર...૦૮
નિરવિઘ્નાનંદ તે સુધીર, નિરવિશેષાનંદ ગંભીર;
એક નિષ્કામાનંદ છે મોટા, બીજા નિષ્કામાનંદ તે છોટા...૦૯

૧.સારા; વિનયી

સંત નિસ્પૃહાનંદ તે ધ્યાની, નિરપેક્ષાનંદ નિરમાની;
એક નિમાનંદ ગુણધામ, બીજા નિમાનંદ નિષ્કામ...૧૦
નિરાલંબાનંદ તે ભંડારી, નિરમોહાનંદ સુવિચારી;
નિરલોભાનંદમુનિ બેઉ, એક ધ્યાની બીજા ગુરુ તેઉ...૧૧
નિરદોષાનંદ તે પવિત્ર, નિરદ્વંદ્વાનંદ જન મિત્ર;
બેઉ નિલકંઠાનંદ ગંભીર, એક શાંત બીજા ધ્યાની ધીર...૧૨
નિર્વિકારાનંદ ત્રણ નામ, એક ધ્યાની બીજા નિષ્કામ;
ત્રીજા તપસી એ ત્રણ પ્રમાણ, નિજાનંદ છે એક સુજાણ...૧૩
વ્યાપકાનંદ તે મોટા સંત, ધામ ભરૂચના જે મહંત;
ત્રણ નામ નિરંજનાનંદ, તેમાં એક તો આપ સ્વછંદ...૧૪
નિવૃતાનંદ સંત દયાળ, નિવૃતાત્માનંદ વિશાળ;
એકબીજાથી આકરા સંત, શુભ ગુણ ભજે ભગવંત...૧૫
પરમાનંદ નામે જે પવિત્ર, ચાર સંત જનના તે મિત્ર;
તે મધ્યે એક સોરઠી સારા, બીજા પુરવી પ્રભુને પ્યારા...૧૬
ત્રીજા તે જીરણગઢ તણા, ચોથા વડતાલમાં રહે ઘણા;
પરમેશ્વરાનંદ તે પ્રેમી, પરમસિદ્ધાનંદ રૂડાં નેમી...૧૭
પરમજ્ઞાનાનંદ નિષ્કામ, જેને રિઝ્યા અતિ ઘનશ્યામ;
રૂડાં પરમદયાનંદ સાર, પરમપ્રકાશાનંદ ઉદાર...૧૮
પરમસંતોષાનંદ વિશાળ, પરમધર્માનંદ દયાળ;
ત્રણ પરમચૈતન્યાનંદ, એક મોટા તે મધ્યે સ્વછંદ...૧૯
બીજા નાના સુબુદ્ધિ કૈયે, ત્રીજા ગુરુ પ્રમાણી લૈયે;
પરમહંસાનંદ તે દોય, એક મોટા બીજા ગુરુ સોય...૨૦
પરાનંદ તે સંત પ્રમાણી, રૂડાં પવિત્રાનંદ પુરાણી;
પતિતપાવનાનંદ એક, જેને સત્સંગી કર્યાની ટેક...૨૧

પ્રતાપાનંદ સંત તે ત્યાગી, પ્રદ્યુમ્નાનંદ તે બડભાગી;
પરમાત્માનંદ જે સુધીર, પિતાંબરાનંદ તે ગંભીર...૨૨

પુરુષોત્તમાનંદ સુજાણ, જેને શ્રીજી વા'લા જેમ પ્રાણ;
પ્રસાદાનંદ પુરાણી કૈયે, પ્રજેશાનંદ શુભ ગુણ લૈયે...૨૩

પુરુષાનંદ પરમ પવિત્ર, પુરાતનાનંદ જન મિત્ર;
પ્રેમાનંદ ગવૈયા કવિ ભારી, ગાઈ રાજી કર્યા સુખકારી...૨૪

રાગ રાગનાં કીર્તન કીધાં, જેને હરિએ ચરણ ઉર દીધાં;
પ્રબોધાનંદ પરમ ઉદાર, પ્રતોષાનંદ પુરાણી સાર...૨૫

પ્રભુતાનંદ ત્રણ પ્રમાણી, એક શાસ્ત્રી બીજા તે પુરાણી;
ત્રીજા પૂર્વી પ્રભુતાનંદ, એક પ્રભવાનંદ સ્વછંદ...૨૬

બેઉ પ્રજ્ઞાનંદ તે પ્રમાણ, એક શાસ્ત્રી ગવૈયા સુજાણ;
પુર્ણાનંદ મહંત પુનિત, જેને શ્રીહરિમાં બહુ પ્રીત...૨૭

પુરણાનંદ તે બીજા બેઉ, એક ત્યાગી ધ્યાની રૂડા તેઉ;
પ્રકાશાનંદ પ્રેમી તે પૂરા, પ્રદ્યુમ્નાનંદ સંત તે શૂરા...૨૮

પ્રભાનંદ તે દોય અમાન, એક ધ્યાની બીજા ગુણવાન;
પ્રસન્નાત્માનંદ તે નામ, ત્રણે નોખાં નોખાં ગુણધામ...૨૯

એક ત્યાગી તપસ્વી ઉદાર, બીજા ધ્યાની ત્રીજા પ્રેમી સાર;
એક ચોથા પ્રભુતાનંદ, ધ્યાનનિષ્ઠ ભજે ગોવિંદ...૩૦

પરમકૈવલ્યાનંદ પ્રમાણી, બદ્રિનાથાનંદ તે પુરાણી;
બલદેવાનંદ બહુ નિરમાની, બાલકૃષ્ણાનંદ તે ધ્યાની...૩૧

બાલમુકુંદાનંદ પ્રવિણ, જેનું મન હરિમાં થયું મીણ;
બુદ્ધાનંદ અતિ બુદ્ધિમાન, બેઉ બલભદ્રાનંદ નિદાન[૧]...૩૨

ભક્તિપ્રિયાનંદ ભક્તિ કરે, ભક્તિશાનંદ હરિ ઉર ધરે;

૧.નક્કી

ભક્તવલ્લભાનંદ ગંભીર, ભક્તવત્સલાનંદ સુધીર...૩૩
રૂડાં સંત ભક્તેશ્વરાનંદ, એ તો ઉત્સવિયા છે સ્વછંદ;
સંત ભાગેશ્વરાનંદ સાર, ભદ્રાનંદ તે પરમ ઉદાર...૩૪
ભુધરાનંદ પરમ વિવેકી, ભુષણાનંદ સંત સુનેકી;
ભુમાનંદ પુરાણી દોય, કવિ ભક્તિવાળા વળી સોય...૩૫
રૂડાં ભાસ્કરાનંદ અનુપ, ભાવાનંદ તે શાંત સ્વરૂપ;
ભોળાનંદ ભલા સંત થયા, જેને હાસ્ય વચન હરિએ કહ્યા...૩૬
એક ભગવદાનંદ તે ત્યાગી, જેને લગની હરિ સંગ લાગી;
મુકુંદાનંદ મહા મુનિરાજ, મુક્તિદાનંદનાં સર્યાં કાજ...૩૭
રૂડાં મુક્તાત્માનંદ સંત, મુક્તનાથાનંદ બુદ્ધિવંત;
સંત મુનેશ્વરાનંદ ધીર, કરે ભક્તિ ભજન ગંભીર...૩૮
માધવાનંદ મુનિવર બેઉ, ત્યાગી તપસી ભજનરત તેઉ;
મંજુકેશાનંદ તે તો પંડિત, રૂડા ગુણે કરીને મંડિત...૩૯
જેણે કીધા છે ભાષાના ગ્રંથ, કીધાં કીરતન મોક્ષનો પંથ;
મધુસુદનાનંદ છે એક, મહાપ્રસાદાનંદ દૃઢ ટેક...૪૦
મનોહરાનંદ ત્યાગી સારા, મહાવિર્યાનંદ જન પ્યારા;
માયાતિતાનંદ બેઉ નામ, ભક્તિ આદિ રૂડાં ગુણધામ...૪૧
માયાજીતાનંદે માયા જીતી, માનદાનંદની રૂડી સુનીતિ;
મુકુંદપ્રસાદાનંદ સુજાણ, મંગલાનંદ પરમ પ્રમાણ...૪૨
યોગાનંદ મોટા બહુ સંત, ગુણી ગવૈયા ત્યાગ અતંત;
યોગેશ્વરાનંદ દૃઢ મતિ, યોગસિદ્ધાનંદ મોટા અતિ...૪૩
યોગનાથાનંદ પ્રેમી સંત, યજ્ઞાનંદ ભજે ભગવંત;
યજ્ઞપુરુષાનંદ તે પૂરા, હરિની ભક્તિ કર્યામાં શૂરા...૪૪

મુક્તાનંદમુનિ ત્રણ મોટા, એક હલારી ને બીજા છોટા;
ત્રીજા દંઢાવી તે ઉદાર, ગાય કીરતન પ્રભુમાં પ્યાર...૪૫
રમાકાંતાનંદ સંત સારા, રઘુનાથાનંદ જન પ્યારા;
રામાનુજાનંદ ઘણું ઓપે, રાઘવાનંદ વચન ન લોપે...૪૬
બીજા રાઘવાનંદ બે રમતા[૧], રમેશાનંદને હરિ ગમતા;
રામકૃષ્ણાનંદ તે ગુણવાન, રામરતનાનંદ સુખદાન...૪૭
રૂડાં રાધેશ્વરાનંદ ત્યાગી, રામચંદ્રાનંદ તે બડભાગી;
રાધાકૃષ્ણાનંદ વિચારી, કરે વાતુ હરિની સારી...૪૮
સંત લક્ષ્મણાનંદ સુજાણ, ભજે હરિ પુરાણી પ્રમાણ;
લક્ષ્મીનારાયણાનંદ વિશાલ, લોકનાથાનંદ તે દયાલ...૪૯
વાસુદેવાનંદ ત્રણે જાણો, તેમાં એકને મહંત પ્રમાણો;
બીજા ત્યાગી અતિ બુદ્ધિવાન, ત્રીજા ગ્રંથ લખે ધરે ધ્યાન...૫૦

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'નંદસંતોના નામ કહ્યાં' એ નામે બાણુંમો કિરણ ॥૯૨॥

કિરણ : ૯૩

નંદસંતોની નામાવલિ

પૂર્વછાયો :

બીજા સંત અપાર છે, ગણી ન શકીએ નામ;
સાધુ સંભારતાં ભવ તરે, પામે પ્રભુનું ધામ...૦૧

ચોપાઈ :

વામનાનંદ સંત અકામ, વૈકુંઠાનંદ ભક્તિના ધામ;

૧.એકડમલ થઈને ભમતા-રમતારામ

વૈરાગાનંદ સંત તે ચાર, સહુ નોખા નોખા નિરધાર...૦૨
એક ભણ્યા અનુપ પુરાણ, બીજા ધ્યાની રૂડાં ગુણ જાણ;
ત્રીજા ભક્તિ ભજનમાં પૂરા, ચોથા ત્યાગ વૈરાગે શૂરા...૦૩
બેઉ વેદાંતાનંદ પ્રમાણી, એક ધ્યાની બીજા પુરાણી;
રૂડાં વેણુંધરાનંદ સંત, વલ્લભાનંદ તે બુદ્ધિવંત...૦૪
એક વિશ્વાસ ચૈતન્યાનંદ, વરદાનંદ શાંત સ્વછંદ;
રૂડાં વ્રજેશ્વરાનંદ યોગી, વિર્યાનંદ પરમ નિરોગી...૦૫
વૃજાનંદ નામે ત્રણે કહ્યા, તેમાં એક તે ગવૈયા થયા;
બીજા જીરણગઢના વાસી, ત્રીજા તે જગ થકી ઉદાસી...૦૬
વિધાત્રાનંદ સંત વિજ્ઞાની, બેઉ વિશ્વરૂપાનંદ ધ્યાની;
વિશ્વનાથાનંદ તે સુજાણ, ભણ્યા શાસ્ત્ર રૂડાં પુરાણ...૦૭
વિજયાત્માનંદ તે પંડિત, ત્યાગ વૈરાગે કરી મંડિત;
રૂડાં વિજયાનંદ તે સારા, વિશુદ્ધાનંદ પંડિત પ્યારા...૦૮
બેઉ વિજ્ઞાનાનંદ સુનામ, તેમાં એક તો જ્ઞાની અકામ;
બીજા મંડલાધીશ[૧] પુરાણી, વળી ગાન વિદ્યા શુભ વાણી...૦૯
વિરક્તાનંદ ગુણ ભંડાર, વિચારાનંદ પરમ ઉદાર;
વિશુદ્ધાત્માનંદ વિવેકી, ભણ્યા પુરાણ વિદ્યા વિશેકી[૨]...૧૦
વિદેહાનંદ પ્રભુને પ્યારા, વિવેકાનંદ એક છે સારા;
વિશ્વેશાનંદ શાંત સ્વરૂપ, વિશ્વાસાનંદ બેઉ અનુપ...૧૧
વિશાલાનંદ બેઉ કહાવે, નિત્ય પ્રેમે હરિગુણ ગાવે;
મોટા વૈષ્ણવાનંદ ઉદાર, સેવ્યા સહજાનંદ કરી પ્યાર...૧૨
બીજા વૈષ્ણવાનંદ છે બેઉ, રૂડાં સંત ત્યાગી ઘણા તેઉ;
વ્યાપકાનંદ નામ છે ચાર, કહી સંભળાવું ગુણ અનુસાર...૧૩

૧.મંડળધારી ૨.વિશેષ પ્રમાણમાં; વધારે

એક મોટા સમાધિવાન, રાખે અંતરમાં હરિ ધ્યાન;
જેણે વિપ્રનો સુત જીવાડ્યો, એક વણિકનો કષ્ટ મટાડ્યો...૧૪
બીજા મંડળી લઈને ફરે, બહુ જીવને ઉપદેશ કરે;
ત્રીજા ધ્યાન ભજનના ભંડાર, ચોથા ગાય હરિગુણ સાર...૧૫
નૃહદ્રુપાનંદ સુવિવેક, વિશ્રામાનંદની દૃઢ ટેક;
વિશ્વકસેનાનંદ વિદ્યાનંદ, રૂડાં વિરિયાનંદ સ્વછંદ...૧૬
શપ્તાનંદ જે સમાધિવાળા, શંકરાનંદ પરમ દયાળા;
શાંતઆત્માનંદ સ્વછંદ, શાંતગુણાનંદ સુખકંદ...૧૭
એક શાંતાનંદ મોટા જ્ઞાની, બીજા શાંતાનંદ ત્યાગી ધ્યાની;
ત્રીજા શાંતાનંદ તપધામ, ચોથા શાંતાનંદ તે અકામ...૧૮
પાંચમાને પ્રભુજીમાં પ્યાર, છઠ્ઠા કીર્તન ગાય ઉદાર;
શિવાનંદ શાસ્ત્રી પે'લા કહ્યા, બીજા ચાર કે'વાના તે રહ્યા...૧૯
તેમાં એક ઉત્સવિયા પુરાણી, બીજા જુનાગઢી શુભ વાણી;
ત્રીજા સાંકળીવાળા તે ધ્યાની, ચોથા રમતા રહે નિરમાની...૨૦
શ્રી ગુરૂચરણરતાનંદ, મોટા સંત ત્યાગી સુખકંદ;
શ્રીનિવાસાનંદ સુટેક, શ્રીધરાનંદ જાણે વિવેક...૨૧
શ્વેતવૈકુંઠાનંદ સુજાણ, શ્વેતપ્રકાશાનંદ પ્રમાણ;
શ્વેતદ્વિપાનંદ તે રૂડાં સંત, સાંખ્યધરાનંદ બુદ્ધિવંત...૨૨
શુકાનંદ મુનિવર સાર, શુદ્ધાત્માનંદ ઉદાર;
શુદ્ધાત્માનંદ બીજા ભારી, શુદ્ધજ્ઞાનાનંદ અઘહારી[૧]...૨૩
શેષાનંદ એક સુખરૂપ, સત્યાનંદ મુનિ બે અનુપ;
એક પુરાણી મહામતિ, બીજા ભજની તે વળી અતિ...૨૪
સત્યસ્વરૂપાનંદ તે એક, સત્યઆનંદે દ્રઢ ટેક;

૧.પાપ હરનાર

સત્યેશ્વરાનંદ સંત સારા, સદાનંદ તે પ્રભુને પ્યારા...૨૫
સદાનંદ બીજા જીત્યા અનંગ, રાચ્યા હરિ ભક્તિતણે રંગ;
સર્વેશ્વરાનંદ સદા નિર્દોષી, સર્વેશ્વરાનંદ બીજા સંતોષી...૨૬
સંતોષાનંદ રૂડાં તે સંત, સંતોષાનંદ બીજા બુદ્ધિવંત;
સનાતનાનંદ મોટા સંત એક, સનાતનાનંદ બીજા દૃઢ ટેક...૨૭
સચ્ચિદાનંદ સમાધિવાન, સદા ભજન કર્યાનું તાન;
સગુણાનંદ પુરાણી સાર, સદ્‌ગુણાનંદ સંત ઉદાર...૨૮
સજ્જનાનંદ દોય કહાવે, નિત્ય શ્રીહરિના ગુણ ગાવે;
સવિત્રાનંદ સર્વેના મિત્ર, સન્યાસાનંદ પરમ પવિત્ર...૨૯
સર્વજ્ઞાનંદ તપના ધામ, ભજે સ્વામિનારાયણ નામ;
સર્વનિવાસાનંદ સુજાણ, સર્વપ્રકાશાનંદ પ્રમાણ...૩૦
સ્વરૂપાનંદ તે મોટા સંત, સમાધિનિષ્ઠ સદા બુદ્ધિવંત;
સ્વરૂપાનંદ બીજા તે પંડિત, ત્રીજા તે ત્યાગ વૈરાગે મંડિત...૩૧
સર્વદેવાનંદ સુખદાન, સાંખ્યાનંદ ભજે ભગવાન;
બે સોમપ્રકાશાનંદ પ્રમાણ, એક મહંત બીજા સુજાણ...૩૨
સ્વયંપ્રભવાનંદ શાંતસ્વરૂપ, શુન્યાતીતાનંદ શાસ્ત્રી અનુપ;
સુખાનંદ ચારે નોખાં નામ, પ્રેમે ભજે પ્રભુ તપધામ...૩૩
સુખપ્રકાશાનંદ શાસ્ત્રી સારા, સુખદાતાનંદને પ્રભુ પ્યારા;
સુખરૂપાનંદ સારા સંત, સુપર્ણાનંદ મોટા મહંત...૩૪
સુકૃતાત્માનંદ સુબુદ્ધિ, સુધર્માનંદની વાત સુદ્ધિ[૧];
સુપ્રકાશાનંદ શૂરવીર, સુભદ્રાનંદ ગુણ ગંભીર...૩૫
સુરેશ્વરાનંદ તે શાસ્ત્ર ભણ્યા, સુબોધાનંદમાં નહીં મણા;
સુયજાનંદ તે સંત પૂરા, સુદર્શનાનંદ બહુ શૂરા...૩૬

૧.ચોખ્ખી; નિખાલસ

સૂર્યાનંદ તે સંત મોટા, જેણે વિષય ભોગ કર્યા ખોટા;
સુકર્માનંદને પ્રભુજી પ્યારા, સુદેવાનંદ ત્યાગી તે સારા...૩૭

સત્યપ્રકાશાનંદ ગંભીર, સુવૃતાનંદ સંત છે ધીર;
સહિષ્ણુવાનંદ સંત સારા, અર્થાનંદ એક ઉદારા...૩૮

હરિહર્યાનંદ મોટા નિર્માની, હંસાનંદ સદાનંદ સુખદાની;
હરિપ્રસાદાનંદ બે નામ, એક ભક્તિવાળા બીજા ધર્મધામ...૩૯

હરિનારાયણાનંદ ઉદાર, હરિયાનંદ બે ભજે કીરતાર;
હરિવલ્લભાનંદ સંત સારા, હરિકૃષ્ણાનંદ તે ઉદારા...૪૦

હરિભજનાનંદ નામ બેઉ, હરિભક્તિ કરે દૃઢ તેઉ;
હરિનામાનંદ બે સંત સારા, શ્રીહરિમાં તેને પૂર્ણ પ્યારા...૪૧

હરિદર્શનાનંદ નિરમાન, હયગ્રિવાનંદ સમાધિવાન;
હરિપ્રતાપાનંદને હરિ વા'લા, હરિગોવિંદાનંદ દયાલા...૪૨

ત્યાગી સંત હિરણ્યગર્ભાનંદ, હરિભજન કરે સુખકંદ;
ક્ષેમાનંદ ભજનમાં ક્ષેમ, ક્ષેત્રજ્ઞાનંદ બેઉ પાળે નેમ...૪૩

ત્રિગુણાતીતાનંદ બુદ્ધિવાન, ત્રિકમાનંદ ભજે સુખદાન;
ત્રિવિક્રમાનંદ ત્યાગી સારા, બીજા ત્રિવિક્રમાનંદ ઉદારા...૪૪

જ્ઞાનવલ્લભાનંદ ત્રણ કહાવે, સાધુ શીલ હરિગુણ ગાવે;
જ્ઞાનપ્રકાશાનંદ પુરાણી, જ્ઞાનસ્વરુપાનંદ શાસ્ત્રી પ્રમાણી...૪૫

જ્ઞાનાનંદ ધ્યાની બહુ મોટા, જ્ઞાનાનંદ ભક્તિવાળા છોટા;
જ્ઞાનાનંદ ત્રીજા ગવૈયા સાર, કીધાં કીર્તન છંદ ઉદાર...૪૬

અક્ષરાત્માનંદ આત્મરૂપ, અક્ષરનિવાસાનંદ અનુપ;
અક્ષરસ્વરૂપાનંદ સ્વછંદ, અક્ષરપુરુષાનંદ આનંદ...૪૭

અક્ષરાતીતાનંદ ઉદાર, અક્ષરાત્માનંદ સંત સારા;
અદ્ભુતાનંદ બેઉ નામ, રૂડાં ગુણ તણા છે ધામ...૪૮

મોટા મંડળીના તે મહંત, બીજા ત્યાગી ને ભજની સંત;
અવધુતાનંદ અવધૂત[1], અચલાનંદ સારા સપૂત[2]...૪૯
અચિંત્યાનંદ ત્રણ ઉદાર, ત્યાગ તપ ધ્યાનના ભંડાર;
અનંતાનંદ બેઉ અલોભ, પંચ વિષયમાં ન પામે ક્ષોભ...૫૦

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે ‘ગુણે સહિત નંદસંતોના નામ કહ્યાં’ એ નામે ત્રાણુંમો કિરણ ॥૯૩॥

કિરણ : ૯૪

નંદસંતો, દાસસંતો, સંન્યાસી તથા બ્રહ્મચારીની નામાવલિ

પૂર્વછાયો :

અમૃતાનંદ આનંદી અતિ, અમરેશ્વરાનંદ ગુણવંત;
અશોકાનંદ શોક નહિ, અજન્માનંદ સુખી સંત...૦૧
અનુપમાનંદ બેઉ બડા, એક ભંડારી બીજા ભણેલ;
અનિરુદ્ધાનંદ દો આનંદી, વાતુ કરે રંગરેલ...૦૨

ચોપાઈ :

અનુભાવાનંદ તે વિજ્ઞાની, અનુભવાનંદ જે નિર્માની;
અચ્યુતાનંદ બે સંત સારા, અભેદાનંદ બે છે ઉદારા...૦૩
અખંડાનંદ મોટા તપવાન, અખંડાનંદ છોટા સુખદાન;
અભેદાત્માનંદ બે પવિત્ર, અરૂપાનંદ બે જન મિત્ર...૦૪
અધ્યાત્માનંદ તે બેઉ નામ, અમુર્તાનંદ બેય અકામ;
અમોઘાનંદ ચાર અનુપ, તેમાં એક શાસ્ત્રી સુખરૂપ...૦૫
બીજા મહંત રૂડાં ગુણધામ, ત્રીજા ધ્યાની ચોથા અભિરામ;
અતિપ્રકાશાનંદ ગંભીર, અવિનાશાનંદ શૂરવીર...૦૬

૧.વૈરાગી ૨.સુપાત્ર

અખિલબ્રહ્માંડેશ્વરાનંદ, અખિલાત્માનંદ સ્વછંદ;
અજીતાનંદ જગથી ઉદાસ, અષ્ટાવક્રાનંદ હરિદાસ...૦૭
અખિલ આધારાનંદ એક, અવ્યયાનંદની શુભ ટેક;
અદ્વૈતાનંદ નામે ત્રણ કૈયે, નોખા નોખા ગુણ સર્વ લૈયે...૦૮
અજંપાનંદ તે ગુણધામ, અપારાનંદ અતિ અકામ;
અરિહંત્રાનંદ કામાદિના અરિ[૧], અવદાતાનંદ ભજે હરિ...૦૯
આજ્ઞાનંદ ભક્તિના ભંડાર, આનંદાનંદ બીજા એક સાર;
આત્માનંદ શાસ્ત્રી ગુણનિધિ, આદિત્યાનંદે ભક્તિ કીધી...૧૦
આધારાનંદ બેઉના નામ, તેમાં એક કવિ ગુણધામ;
બીજા ત્યાગી ભજે ભગવાન, આકાશાનંદ સદા નિર્માન...૧૧
અછેદ્યાનંદ તે આત્મસ્વરૂપ, અનઘાનંદ અતિ અનુપ;
અતિન્દ્રિયાનંદ એવું નામ, અનિર્દેશાનંદ સુખધામ...૧૨
અનિલાત્માનંદ બુદ્ધિવંત, અગ્રાહ્યાનંદ ભજે ભગવંત;
અપ્રેયાનંદ તે પરમાણ, ઈશાનંદ શાસ્ત્રી સુજાણ...૧૩
ઈશ્વરાનંદ તે તો અનુપ, ઋષભાનંદ સારા સુખરૂપ;
ઋષિકેશાનંદ રૂડાં સંત, ઉજાસાનંદ ભજે ભગવંત...૧૪
ઉત્તમાનંદ શાસ્ત્રી કવિ કૈયે, ઉપેન્દ્રાનંદ રૂડાં ધ્યાની લૈયે;
ઉરુક્રમાનંદ સંત તે સારા, રાઘવાનંદને પ્રભુજી પ્યારા...૧૫
હરિના કરેલ જે દાસ સંત, કહું સંક્ષેપે જૂના બુદ્ધિવંત;
પ્રથમ તે થયા રામદાસ, નારાયણદાસ પ્રભુની પાસ...૧૬
માધવદાસ સારા સુજાણ, મનોરદાસની તે મીઠી વાણ;
સેવાદાસ સંભારે શ્રીહરિ, ઘનશ્યામદાસે પૂજા તે કરી...૧૭
કૃષ્ણચરણદાસ કરે ધ્યાન, મોહનદાસ ભજે ભગવાન;

૧.દુશ્મન

વાસુદેવચરણદાસે વા ઢોળ્યા, બલરામદાસે ચરણ ચોળ્યા...૧૮
પુરુષોત્તમદાસે પ્રભુ પૂજ્યા, ગોપાલદાસે તે હરિને બુજ્યા[1];
હરિચરણદાસે હરિ ભાળ્યા, નિરંજનદાસે તે હરિ નિહાળ્યા...૧૯
નરોત્તમદાસે હરિ નીરખ્યા, વિજ્ઞાનદાસ હરિ જોઈ હરખ્યા;
બાલમુકુંદદાસ સંત સારા, ધર્મવલ્લભદાસને પ્રભુ પ્યારા...૨૦
ગોવિંદદાસના તે ગુણ અતિ, જગન્નાથદાસ શુભ મતિ;
એહ આદિ બહુ દાસ સંત, નીરખ્યા નેણાં ભરી ભગવંત...૨૧

પૂર્વછાયો :

શ્રી હરિ પ્રસન્ન થઈ, દાસનો ચલવ્યો રાહ;
નંદ નામ પૂરાં થયાં, દાસનો નાવે થાહ[2]...૨૨
સંન્યાસી મહારાજના, આશ્રિત છે વળી જેહ;
સંક્ષેપે કરી વરણવું, સર્વે ન ગણાય તેહ...૨૩

ચોપાઈ :

દેવાનંદ રૂડાં શુભમતિ, તે તો વા'લા છે હરિને અતિ;
શંકરાનંદ શાંત સ્વરૂપ, કેશવાનંદ પરમ અનુપ...૨૪
જ્ઞાનાનંદ તે ગુણના ધામ, બ્રહ્માનંદ અતિ નિષ્કામ;
પૂર્ણાનંદને પ્રભુજી પ્યારા, નિત્યાનંદ જગથી ન્યારા...૨૫
પદ્મનાભાનંદ તે સુજાણ, જેને વા'લા હરિ જેમ પ્રાણ;
શ્રીધરાનંદ ભક્તિમાં શૂર, શિવાનંદ ભજન ભરપૂર...૨૬
વામનાનંદ વખાણ્યા જેવા, કૃષ્ણાનંદ કરે હરિ સેવા;
વાસુદેવાનંદ તપ ધામ, અનંતાનંદ ત્યાગી અકામ...૨૭
સિદ્ધાનંદ તે રૂડાં સંન્યાસી, સદાનંદ જગથી ઉદાસી;
કહ્યા સંન્યાસી શ્રીજીના એહ, કહું બ્રહ્મચારી પરમ સનેહ...૨૮

૧.ઓળખ્યા ૨.અંત; પાર

મુકુંદાનંદ મોટેરા કહ્યા, અખંડાનંદ શુભમતિ થયા;
જયરામાનંદની શુભ વાણી, વૈકુંઠાનંદે સેવા કરી જાણી...૨૯

વાસુદેવાનંદ તે સુજાણ, ભારે ભણેલા શાસ્ત્ર પુરાણ;
આનંદાનંદ પૂરા પુરાણી, ગોવિંદાનંદ વર્ણી પ્રમાણી...૩૦

બ્રહ્મચારી આત્માનંદ બેઉ, એક પુરુષોત્તમાનંદ તેઉ;
વૈષ્ણવાનંદ વર્ણી તે સાર, નારાયણાનંદ મહંત ઉદાર...૩૧

ગિરધરાનંદ કરે ગાન, માધવાનંદ મોટા નહિ માન;
રૂડાં રણછોડ વર્ણી અનુપ, રામચંદ્ર તે નંદ સુખરૂપ...૩૨

ત્રિકમાનંદ વર્ણી સુટેક, ઋષભાનંદ ભજન કરે નેક;
રામકૃષ્ણાનંદ હરિ ભજે, વામનાનંદ વિષયને તજે...૩૩

હરિકૃષ્ણાનંદ બ્રહ્મચારી, કેશવાનંદ દૃઢ વ્રતધારી;
પરમાત્માનંદ તે તો સુધીર, ગોપાળાનંદ ગુણ ગંભીર...૩૪

રાઘવાનંદ વર્ણી તે મોટા, જેણે પંચ વિષય કીધા ખોટા;
કાલિદાસ તે વર્ણી છે એક, ઈશ્વરાનંદની સારી ટેક...૩૫

મુને સાંભર્યા તે સર્વે કહ્યા, બીજા રાજી રહેજો જેહ રહ્યા;
આ તો હરિના કરેલા પ્રમાણ, બીજા આચાર્યના કરેલ સુજાણ...૩૬

વળી કહું દાસ જૂનાં નામ, માધવદાસ રૂડાં ગુણ ધામ;
શિતલદાસ ધરે નિત્ય ધ્યાન, જાનકીદાસ ભજે ભગવાન...૩૭

વિષ્ણુદાસનો હરિમાં પ્યાર, કૃષ્ણદાસ ભજે કીરતાર;
કપિલદાસ ને દયાલદાસ, ગંગાદાસ ભજે અવિનાશ...૩૮

રામદાસ તે શાંત સ્વરૂપ, જુગલદાસ તે પરમ અનુપ;
પ્રેમદાસ તે પ્રેમી પૂરા, રૂડાં હનુમંતદાસ તે શૂરા...૩૯

ગોવિંદદાસ ભજે ગોવિંદ, નારાયણદાસ તે સ્વછંદ;
એ તો દાસ સંક્ષેપે કહ્યા, બીજા પણ લખ્યા છે જે રહ્યા...૪૦

પૂર્વછાયો :

પાંચસો ઉપર વીસ શુભ, નંદ સંતનાં તે નામ;
ગાઈ સુણાવ્યા પ્રેમ જુત, એકાંતિક અભિરામ...૪૧
એવી રીતે પરમહંસનાં, નામ કહ્યાં સંક્ષેપ;
બીજા વાંસે બહુ રહ્યા, નંદ નામ નિર્લેપ...૪૨
તેમ કહ્યા શ્રીપાત શુભ, વર્ણી કહ્યા અનુપ;
દાસ નામ સાધુ કહ્યા, સંક્ષેપે સુખરૂપ...૪૩
સંક્ષેપે સહુ સંતના, ગુણ વર્ણવ્યા મુદ પાય;
દાસ વાસુદેવ કહે, સર્વે ગુણ કહ્યા ન જાય...૪૪
નિત્ય નિત્ય પ્રેમે કરી, નામ માળાનો જેહ;
પાઠ કરે ને સાંભળે, મોક્ષને પામે તેહ...૪૫
તેમ સુણાવે નામ શુભ, શ્રોતાજન સાંભળે જોય;
શ્રોતા વક્તા બેઉ જણ, મુક્તિને પામે સોય...૪૬
ભણે ભણાવે નામ જેહ, તેનાં તે પાપ બળી જાય;
દેહ તજી હરિધામને, પામી તે સુખિયા થાય...૪૭

॥ આ નંદસંતોનાં નામ નજરે જોઈને લખ્યાં છે ॥

॥ ઈતિ નંદસંત નામાવલિ પૂર્ણ ॥

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'નંદસંતો, દાસસંતો, સંન્યાસી, બ્રહ્મચારીના નામ કહ્યાં' એ નામે ચોરાણુંમો કિરણ ॥૯૪॥

કિરણ : ૯૫

ગુણો તથા વિશેષતાએ સહિત દાસસંતોની નામાવલિ

॥ શ્રીસહજાનંદસ્વામીને નમો નમઃ ॥

॥ અથ દાસસંત નામમાળા લિખ્યતે॥

પૂર્વછાયો :

શ્રીસહજાનંદસ્વામીને, વંદું તે વારમવાર;
નારાયણમુનિ આદિ કહું, સત્ય નામ તે નિરધાર...૦૧

હરિ હરિકૃષ્ણ કૃષ્ણ પુનિ, સ્વામિનારાયણ નામ;
સહજાનંદ નીલકંઠને, પુની પુની કરું પ્રણામ...૦૨

એ જ પ્રભુને તે આશર્યા, અતિ ત્યાગ વૈરાગે જુક્ત;
સ્વામિનારાયણ નામ ભજી, સંત બહુ થયા તે મુક્ત...૦૩

શ્રીઘનશ્યામના દાસ સાધુ, તેની નામ માળા કહું સાર;
જેને ગાતાં જન ભવ તરે, પામે તે સુખ અપાર...૦૪

પ્રેમ સહિત દાસ વૃંદને, ચરણે તે નામી શીશ;
ભિન્ન ભિન્ન નામે વળી, વર્ણન કરું જગદીશ...૦૫

ચોપાઈ :

સદ્‌ગુરુ રામાનંદસ્વામી, કરે કૃષ્ણભક્તિ મુદ પામી;
તે તો ઉદ્ધવનો અવતાર, જેથી દીક્ષા પામ્યા હરિ સાર...૦૬

મોટાભાઈ તે રામપ્રતાપ, છોટાભાઈ ઇચ્છારામ આપ;
તેના પુત્ર તે બેઉ સુધીર, અવધપ્રસાદ ને રઘુવીર...૦૭

તેને દત્તપુત્ર હરિ કરી, બેસાર્યા ગાદીએ ભાવ ભરી;
મુક્તાનંદસ્વામી બુદ્ધિવાન, કવિ તપસ્વી હૃદે હરિ ધ્યાન...૦૮

ત્યાગ્યું તનસુખ પ્રેમી પૂરા, સદા ભક્તિ કર્યામાં તે શૂરા;
નારદમુનિ ધરી અવતાર, મુક્ત નામે થયા નિરધાર...૦૯

ગોપાળાનંદમુનિ ગંભીર, પૂર્વના યોગી અતિ સુધીર;
ત્યાગી તપસ્વી ધરે હરિ ધ્યાન, હરિ ભક્તિ કરે બુદ્ધિવાન...૧૦
જાણે વેદ પુરાણના અર્થ, કરી ભાગવત ટીકા સમર્થ;
કર્યું ભગવદ્ ગીતાનું ભાષ્ય, ગૂઢાર્થ કીધા તે તો પ્રકાશ્ય...૧૧
બ્રહ્માનંદ મોટા ગુણનિધિ, જેણે છંદાદિ કવિતા કીધી;
નિત્યાનંદ મોટા જ્ઞાનવાન, જેને ભક્તિ કર્યાનું તાન...૧૨
હરિ આજ્ઞામાં દૃઢ રહ્યા, વા'લે વ્યાસ મુનિ સમ કહ્યા;
શુકમુનિ મોટા બહુ સંત, કર્યા અતિ રાજી ભગવંત...૧૩
સતસંગિજીવનની ભારી, કરી ટીકા પોતે વિચારી
રઘુવીરજી આચાર્ય ભારી, સુધાસિંધુ ટીકા વિસ્તારી...૧૪
ભગવદપ્રસાદજી શોભાધામ, ભજે શ્રીસ્વામિનારાયણ નામ;
હરિલીલાકલ્પતરુ ભારી, તેની ટીકા કરી તે વિચારી...૧૫
અક્ષરાનંદજી મોટા સંત, શોભે વડતાલમાં મહંત;
ગુણાતીતાનંદજી જગવંદ, જુનાગઢના મહંત સ્વછંદ...૧૬
મુકુંદાનંદ મોટા બ્રહ્મચારી, પોતે મારુતિ આવ્યા તનુ ધારી;
કરી સેવા સ્વામીની પ્રીતે, હરિ આગે હાજર ઊભા નિત્યે...૧૭
એ આદિ બહુ સંત સંન્યાસી, પ્રગટ પુરુષોત્તમના ઉપાસી;
નામ સર્વ નિષ્કુળાનંદે ત્યાંય, લખ્યાં ભક્તચિંતામણિ માંય...૧૮
મંજુકેશાનંદે સુખરૂપ, લખ્યાં સર્વનાં નામ અનુપ;
હરિચરિત્રચિંતામણિ માંઈ, લખ્યાં સર્વ નામ વળી ત્યાંઈ...૧૯

પૂર્વછાયો :

ત્યાર પછી દત્તપુત્રને, આપી આજ્ઞા તે મહારાજ;
હવે તમે દીક્ષા દિયો, જીવોને ઉધારવા કાજ...૨૦

બેઉ જાણે નામ દાસનાં, ધરી કર્યા બહુને સંત,
તેને કહું હવે પ્રેમશું, ગુણ સ્વભાવે બુદ્ધિવંત...૨૧

ચોપાઈ :

સંતદાસ જે સમાધિનિષ્ટ, જાણે શ્રીહરિને નિજ ઈષ્ટ;
ચિરંજીવી[૧] કર્યા પ્રભુ આપ, ટાળે જીવ તણા સંતાપ...૨૨
રામદાસ સંત અતિ મોટા, જાણે પંચવિષયને તે ખોટા;
જેને વચને કરે તે મળે, એમ સ્વામીની આજ્ઞા તે ફળે...૨૩
મનોરદાસ મહા ધ્યાનવાળા, ફેરવે પ્રભુની નિત્ય માળા;
વિજ્ઞાનદાસ ઘનશ્યામદાસ, રહે પ્રભુમાં સદા હુલ્લાસ...૨૪
માધવદાસ મહા ગુણવંત, જાણે શાસ્ત્ર પુરાણ અતંત;
સર્વને ભણાવવાનો સ્વભાવ, નહિ છળકપટ દગો દાવ...૨૫
બલરામદાસની બુદ્ધિ ઘણી, કરી ટીકા એકાદશ તણી;
ટીકા સહિત કૌમુદી ભણ્યા, સર્વ શાસ્ત્રી તણા મદ હણ્યા...૨૬
જીષ્ણુદાસ ઝીણા શૌચ જાણે, સુંદર બોલે તે શાસ્ત્ર પરમાણે;
ધર્મકુળ સેવા પર પ્યાર, એવા સરળ સ્વભાવે ઉદાર...૨૭
ત્રિવિક્રમદાસ તતખેવ, જાણે શાસ્ત્ર કૌમુદીના ભેવ;
એવા બુદ્ધિવાળા ગુણવંત, નિરમળ સુંદર એવા સંત...૨૮
નીલકંઠદાસ તે નિરાંતે, ભણ્યા શાસ્ત્ર કૌમુદી તે ખાંતે;
રૂડાં ગુણ ગરવાઈ[૨] ઘણી, શું કૈયે મુખે તેહ તણી...૨૯
બાલમુકુંદદાસ બહુ સારા, ભારે ભણેલા સંતને પ્યારા;
મંડળીના વળી તે મહંત, ત્રીસ લક્ષણે શોભે રૂડાં સંત...૩૦
શ્વેતવૈકુંઠદાસ પુરાણી, કરે કથા કંઠ શુભવાણી;
પંચકાવ્ય ભણેલા તે ભારી, બોલે સુંદર શાસ્ત્ર વિચારી...૩૧

૧.અમર ૨.મોટાઈ

ઉત્તમચરણદાસ અવલ[1], કરે કાવ્ય તે રૂડી નવલ[2];
બાંધી મંડળી ફરવા જાય, કરે કથા હરિગુણ ગાય...૩૨
ઈશ્વરદાસ તે અતિ ઉદાર, ભણ્યા શાસ્ત્ર પુરાણ કરી પ્યાર;
બાંધી મંડળી જાય હંમેશ, ફરી આવે તે દેશ પ્રદેશ...૩૩
સંત દેવકીનંદનદાસ, રહે નિત્યાનંદસ્વામીની પાસ;
કરે કથા ફરી બહુ ગામ, જેને વા'લા છે શ્રીઘનશ્યામ...૩૪
ગુણી પુરાણી ગોવિંદદાસ, ભણ્યા ભાગવત ગીતા ભાષ;
કરે કથા ભલી રીતે સારી, સર્વ જીવ ઉપર દયા ભારી...૩૫
હરિસેવાદાસ પુરાણી સારા, કરે કથા રાખી હરિ પ્યારા;
વાંચે કરીને અતિ ઉછાવ, જાણે મુને મળે તર્ત માવ...૩૬
શ્રીહરિદાસ જે શુભ મતિ, ભણ્યા કાવ્ય પુરાણને અતિ;
સર્વ હસ્તક્રિયામાં[3] નિપુણ, જાણે બહુ રૂડાં રૂડાં ગુણ...૩૭
અક્ષરાનંદસ્વામીને પાસ, રહે ધરમચરણદાસ;
ભણ્યા ભાગવત આદિ ગ્રંથ, ચાલ્યા જન્મથી જ્ઞાનને પંથ...૩૮
રઘુનાથચરણદાસની અતિ, પહોંચે શાસ્ત્રપુરાણમાં મતિ;
ભક્તિવાન સરળ છે એહ, તજ્યું તીખે વૈરાગે તે ગેહ...૩૯
કપિલચરણદાસ સુજાણ, ભણ્યા ભાગવત શાસ્ત્ર પુરાણ;
ધર્મતનયદાસ ધર્મધીર, શાસ્ત્રવેત્તા ને વાણી ગંભીર...૪૦
બાલમુકુંદદાસ બહુ ત્યાગી, ભણ્યા ભાષ્ય ભાગવત બડભાગી;
રઘુવીરચરણદાસ સહી, ભણ્યા ભારે જીરણગઢ રહી...૪૧
કૃષ્ણદાસ કરે કથા નિત, ભણે શાસ્ત્ર બીજે નહિ ચિત્ત;
હરિસ્વરૂપદાસ હરિદાસ, ભણ્યા શાસ્ત્ર શુકમુનિ પાસ...૪૨

૧.શ્રેષ્ઠ ૨.નૂતન; નવી ૩.હાથની કારીગરીમાં

ધર્મનંદનદાસ ધર્મવાળા, ભણ્યા શાસ્ત્ર પુરાણ થયા સુખાળા;
ગોવિંદચરણદાસ ગુણ ઘણા, ભણ્યા સંસ્કૃત પ્રાકૃત નહિ મણા...૪૩

પ્રભુચરણદાસ બહુ પ્રીતે, કરે સેવા સંતની રૂડી રીતે;
ગોવિંદચરણદાસ ગુણ એવા, કરે અક્ષરાનંદસ્વામીની સેવા...૪૪

કૃષ્ણચરણદાસે કંઈ વાર, પે'રાવ્યા પ્રભુજીને ફૂલહાર;
હરિચરણદાસે હરખ કરી, નીરખ્યા નાથને નેણાં ભરી...૪૫

નારાયણસ્વરૂપદાસ સારા, ભજે સહજાનંદ પ્રાણ પ્યારા;
નીલકંઠદાસ ગીત ગાય, ભજે શ્રીઘનશ્યામ સદાય...૪૬

વૃંદાવનદાસ કરે વિનતિ, નિશ ભોર શ્રીહરિની અતિ;
ઘનશ્યામદાસ ગુણ એવા, કરી ગોપાળસ્વામીની સેવા...૪૭

નારાયણચરણદાસે નિરાંતે, કરી થાળ પૂજ્યા પ્રભુ ખાંતે;
કૃષ્ણચરણદાસને કૈયે, સર્વ વચનામૃત એને હૈયે...૪૮

રઘુવીરચરણદાસે ત્યાંઈ, કર્યાં દર્શન વૃતાલયમાંઈ;
જેરામદાસે તે ઝાઝીવાર, પૂજ્યા સહજાનંદ કરી પ્યાર...૪૯

જીષ્ણુદાસે તે જગનાથ, પૂજ્યા સહજાનંદ સુખપાથ;
વિષ્ણુપ્રસાદદાસજી સારા, હરિસ્વરૂપદાસ ઉદારા...૫૦

ગિરિધરદાસે તે પણ જેહ, કેરી જમાડી હરિને તેહ;
ધર્મવલ્લભદાસ ધન્ય ધન્ય, ભગવતદાસ ભજે ભગવન...૫૧

નારાયણદાસ શ્રદ્ધાવાન સારા, કરે ભંડાર પ્રભુજીને પ્યારા;
પુરુષોત્તમદાસે તે પ્રીતે, પૂજ્યા શ્રીહરિને રૂડી રીતે...૫૨

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'દાસ સંતોના નામ કહ્યાં' એ નામે પચાણુંમો કિરણ ॥૯૫॥

કિરણ : ૯૬

ગુણો તથા વિશેષતાએ સહિત દાસ સંતોની નામાવલિ

પૂર્વછાયો :

શાસ્ત્રી પુરાણી કહ્યા સંક્ષેપે, બીજા છે વળી બહુ;
ગણ્યે ન આવે પાર તેનો, એક જીભાયે શું કહું...૦૧
આચાર્યની આજ્ઞા થકી, ફરે દેશ પ્રદેશ મુનિરાજ;
અનેક જીવ ઉદ્ધારવા, કરવા તે માંગલિક[1] કાજ...૦૨
અનંત અપાર નામ છે, તેનો કોઈ ન પામે પાર;
એવો નહિ આ જક્તમાં જે, કરે નામનો નિરધાર[2]...૦૩

ચોપાઈ :

નારાયણસ્વરૂપદાસ સ્વછંદ, ગોવિંદજીવનદાસનાં વૃંદ;
ધર્મપ્રિયદાસ તે ધર્મવાળા, ઘનશ્યામદાસ ભક્તિવાળા...૦૪
નીલકંઠજીવનદાસ જેહ, કરે સાધુ સેવા રૂડી તેહ;
સંતદાસ ને ઉત્તમદાસ, કરે ભક્તિ જક્તથી ઉદાસ...૦૫
બદ્રિપતિચરણદાસ એક, કૃષ્ણસેવકદાસ વિવેક;
સાધુચરણદાસ દયાળ, રણછોડદાસ ભજે ગોપાળ...૦૬
બલરામદાસ વળી કહું, કરી સેવા શ્રીહરિની બહુ;
કૃષ્ણપ્રસાદદાસજી જેહ, ભજે પ્રગટ હરિને તેહ...૦૭
કૃષ્ણચરણદાસ અનેક, ચતુરભુજદાસ વિવેક;
મુક્તિસેવકદાસ કૃષ્ણદાસ, બ્રહ્મપુર જાવાની સદા આશ...૦૮
ઉત્તમચરણદાસ તે એવા, કરી શ્રીસ્વામીની એણે સેવા;
ભગવાનદાસે તે તો ભારી, પૂજ્યા હરિને હેત વધારી...૦૯

૧.કલ્યાણકારી ૨.નિર્ણય; નિશ્ચિત આંકડો

દેવકૃષ્ણદાસે દેખ્યા શ્રીહરિ, કૃષ્ણચરણદાસે પૂજા કરી;
કૃષ્ણસેવાદાસે સુખકંદ, અર્ચ્યા સુખે શ્રીસહજાનંદ...૧૦
ધર્મવલ્લભદાસ ધ્યાન ધરે, મુખે સ્વામિનારાયણ કરે;
રામજીવનદાસ જેહ, નારાયણચરણદાસ તેહ...૧૧
રામચરણદાસ તે એવા, જીરણગઢ કરે સ્વામી સેવા;
વળી જીષ્ણુજીવનદાસ જેહ, નીલકંઠચરણદાસ તેહ...૧૨
અક્ષરપુરુષદાસ તે એવા, જોગેશ્વરદાસે સ્વામી સેવ્યા;
કેશવપ્રસાદદાસ રાજી થાઈ, જમાડે ગોપાળસ્વામીને જાઈ...૧૩
પરમપુરુષદાસ તે પૂરા, સાધુ સેવામાં અતિ શૂરા;
પરમસુખદાસમાં નહિ મણા, લહિયા[૧] તે શ્રીઆચાર્ય તણા...૧૪
મુક્તિજીવનદાસ બહુ મોટા, કર્યા પંચવિષય જેણે ખોટા;
સિદ્ધેશ્વરદાસ સુખ ત્યાગી, ભારે લગની હરિ સાથે લાગી...૧૫
શ્યામચરણદાસ કરે સેવા, ભજે હરિ મોટું સુખ લેવા;
મોહનદાસ માળા ફેરે ગાય, બીજા મોહનચરણદાસ સાય...૧૬
મુકુંદદાસ શ્રીકૃષ્ણદાસ, ભજે ગોવિંદ મન હુલ્લાસ;
વૈકુંઠપ્રસાદદાસ જેહ, નિરદોષદાસ વળી તેહ...૧૭
ભક્તવલ્લભદાસ ભજે હરિ, દેવકૃષ્ણદાસની ભક્તિ ખરી;
મોરલીમનોહરદાસ જેહ, પ્રગટ પ્રભુને સંભારે તેહ...૧૮
લક્ષ્મીપ્રસાદદાસ પુરાણી, કૃષ્ણદાસ ભણ્યા સુખ જાણી;
નારાયણચરણદાસ કહ્યા, એ ત્રણેને જાણો ગવૈયા...૧૯
વળી ઋષભચરણદાસ, કૃષ્ણસેવાદાસ થઈ હુલ્લાસ;
તે દુકડ સરોદા લઈ ગાય, સુંદર સ્વરે કરી સભામાંય...૨૦
ઘણે દાસે પ્રગટ મૂરતિ, પૂજી પ્રીતે ને નીરખ્યા અતિ;

૧.લેખક; કોપી કરનાર

રામસુખદાસ રાજી ઘણા, કરે સંત સેવા નહિ મણા...૨૧
રામચરણદાસ રૂડાં સંત, કરે સેવા ભજે ભગવંત;
કૃષ્ણજીવનદાસ વળી કેવા, લખે શાસ્ત્ર કરે સંત સેવા...૨૨
ધર્મનંદનદાસ નિષ્પાપ, કરે સેવા ઉતાવળા આપ;
ઉત્તમચરણદાસે તે અતિ, નીરખ્યા નાથને શુભમતિ...૨૩
ભક્તિપ્રસાદદાસ તે ભલા, ટાળી પંચવિષયની બલા;
મુક્તિતનયદાસ સુધીર, કરે સેવા પૂજા શૂરવીર...૨૪
સાધુજીવનદાસ તે સરસ, ભજે હરિ નહિ અમરશ[૧];
કપિલપ્રસાદદાસ તે કૈયે, વામનદાસ સારા સંત લૈયે...૨૫
નારાયણદાસ બહુ મોટા, ભક્તિવલ્લભદાસ છે છોટા;
ભક્તિચરણદાસ ચતુર, ત્યાગ વૈરાગ્યે તે ભરપૂર...૨૬
ધર્મપ્રસાદદાસ કરે સેવ, જાણે વચનામૃતના તે ભેવ;
નયણે નીરખ્યા શ્રીમહારાજ, કરી લીધું પોતાનું તે કાજ...૨૭
હરિજીવનદાસ હરખે, સ્વામિનારાયણને નીરખે;
ઉદ્ધવજીવનદાસ તે એવા, ગૂંથે ફૂલ કરે સંત સેવા...૨૮
પ્રભુજીવનદાસે કરી પ્યાર, પૂજી હરિ પે'રાવ્યા હાર;
કેશવચરણદાસે કૈકવાર, પૂજ્યા પ્રીતે તે ધર્મકુમાર...૨૯
સોમપ્રકાશદાસને હરિ, મળ્યા દયાળુ તે દયા કરી;
હરિવલ્લભદાસ કરી હેત, ભાવે ભજે કરુણાનિકેત...૩૦
માધવવલ્લભદાસ એક, કરે રસોઈ ન મેલે ટેક;
નિરગુણદાસ ગુણવાન, નિરંતર ભજે ભગવાન...૩૧
વૈકુંઠજીવનદાસ જેહ, હરિ ભજવા ત્યાગ્યું છે ગેહ;
ભૂધરચરણદાસ એ નામ, પૂજ્યા પ્રીતે શ્રીઘનશ્યામ...૩૨

૧.ઈર્ષ્યા; અદેખાઈ કે ક્રોધ

કોશલ્યાનંદદાસ કૈયે, સારા સાધુ વૈરાગ્યવાન લૈયે;
દશરથનંદનદાસ જેહ, હસ્તક્રિયામાં પૂરણ તેહ...૩૩

ઈશ્વરદાસ રામાનુજદાસ, પ્રભુ પૂજીને થયા હુલ્લાસ;
જગન્નાથદાસ ગવૈયા, નિત્યાનંદસ્વામી પાસે રહ્યા...૩૪

પ્રભુ પૂજી થયા પ્રસન્ન, એવા સંતને તે ધન્ય ધન્ય;
પદ્મનાભદાસ ભજે હરિ, દામોદરદાસની ભક્તિ ખરી...૩૫

વિષ્ણુજીવનદાસ તે વળી, થાય રાજી શાસ્ત્ર સાંભળી;
ગૌલોકજીવનદાસે ગેહ[1], તજ્યું હરિ ભજવાને તેહ...૩૬

નિરન્નદાસ ને કેશવદાસ, ભજે હરિ તે અતિ હુલ્લાસ;
વસુદેવનંદનદાસ વળી, હરિ પૂજી પાયે લાગ્યા લળી...૩૭

સુમિત્રાનંદનદાસ જેહ, કરે કથા હરિ ભજે તેહ;
ગિરિધારીદાસ ગુણવાન, દર્શન કરી પૂજ્યા ભગવાન...૩૮

ભક્તિસેવકદાસ ભક્તિ કરે, લઈ માળા હરિને સમરે;
રુક્મિણીરમણદાસ જેહ, સ્વામિનારાયણ ભજે તેહ...૩૯

સાધુચરણદાસ સુજશ, ભજે હરિ નહિ અમરશ;
ઈશ્વરદાસ તે તો અકામ, ભજે સ્વામિનારાયણ નામ...૪૦

હરિજીવનદાસ હંમેશ, ભણે શાસ્ત્ર તે સ્વર ઉજેશ;
ધર્મજીવનદાસ તે ધન્ય, ભજે રાત દિવસ ભગવન...૪૧

વૃંદાવનદાસ વારંવાર, સંભારે સ્વામી ન તૂટે તાર;
ભક્તિજીવનદાસ તે ભલા, ટાળી વિષય વાસનાની બલા...૪૨

શુભનંદનદાસ તે શૂરા, સંત સેવા ભજનમાં પૂરા;
ગોપેશ્વરદાસ ગુણવાન, કરે રાત દિવસ હરિ ધ્યાન...૪૩

૧.ઘર; સંસાર

નારાયણદાસ તે ન્યારા, એને સંત હરિ બહુ પ્યારા;
ભગવદ્ચરણદાસ ભાવી, ભજે હરિ દેહ દશા નાવી...૪૪
દેવકૃષ્ણદાસ તે દયાળ, કામ ક્રોધની ન લાગે ઝાળ;
દેવનંદનદાસ ન દુઃખી, કરે સેવા સદા રહે સુખી...૪૫
પુરાણપુરુષદાસ જેહ, તેને તે નહિ બીજે સનેહ;
કેશવચરણદાસ કહેવાય, પૂજ્યા પ્રભુને સમાધિ થાય...૪૬
પ્રેમવતીનંદનદાસ, કરે સેવા લખે રે હુલ્લાસ;
ધર્મનંદનદાસ સુધીર, ભજે હરિને ગુણ ગંભીર...૪૭
જશોદાનંદનદાસ જાણી, વાંચે વચનામૃત મીઠી વાણી;
સુકૃતનંદનદાસ તે સારા, વાંચે ભાષા પ્રભુજીને પ્યારા...૪૮
સનાતનદાસ સુખી ઘણા, વાંચે સંસ્કૃત પ્રાકૃત[1] નહિ મણા;
કૃષ્ણજીવનદાસ કહેવાય, કરે કથા હરિગુણ ગાય...૪૯
ઘનશ્યામજીવનદાસ પણ, સારા સાધુ તે નહિ અભણ;
અનંતદાસ ભગવાનદાસ, કામ ક્રોધ લોભ કર્યો નાશ...૫૦
અનંતજીવનદાસ એવા, ભજે હરિ મોટું સુખ લેવા;
નારાયણજીવનદાસ નક્કી, કરે સેવા ઉપાસના પક્કી...૫૧

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'દાસ સંતોના નામ કહ્યાં' એ નામે છન્નુંમો કિરણ ॥૯૬॥

૧.ગુજરાતી, હિન્દી વગેરે લોકભાષા

કિરણ : ૯૭

ગુણો તથા વિશેષતાએ સહિત દાસ સંતોની નામાવલિ

પૂર્વછાયો :

સુંદર નામ છે દાસનાં, લખ્યાં કરી બહુ હિત;
સંભારતાં થાય સુખ અતિ, વળી પ્રભુમાં વાધે પ્રીત...૦૧
નિષ્કામી નિરલોભી સદા, નિરમાની વળી અતિ તેહ;
ભજે શ્રીસહજાનંદને, અક્ષરનિવાસી એહ...૦૨

ચોપાઈ :

ધર્મચરણદાસ ધરે ધ્યાન, ભજે રાત દિવસ ભગવાન;
ભક્તિચરણદાસ તે ભારી, પૂજ્યા સહજાનંદ સુખકારી...૦૩
ધર્મવલ્લભદાસ ધર્મનિષ્ટ, જાણે શ્રીસહજાનંદને ઈષ્ટ;
મોહનપ્રસાદદાસ મરમાળા, કરે સંત સેવા ભજે માળા...૦૪
હરિકૃષ્ણચરણદાસે જેહ, પૂજ્યા હરિને કરી સનેહ;
મુકુંદપ્રસાદદાસ દળે, કરે ભજન તે ભાવ ભળે...૦૫
ગોવિંદચરણદાસ ગણીએ, નારાયણજીવનદાસ ભણીએ;
સુખપ્રકાશદાસ તે સારા, ધર્મપ્રિયદાસને પ્રભુ પ્યારા...૦૬
રાધાકૃષ્ણદાસે રાજી થાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ;
બંશીધરદાસને હરિ વા'લા, કુસંગી સર્વ લાગે નમાલા...૦૭
લક્ષ્મણદાસ વૈકુંઠદાસ, કરે સેવા રહે વડતાલ વાસ;
મોરારીચરણદાસ સંતમણી, કરે ભજન સેવ સંત તણી...૦૮
નારાયણચરણદાસ જેહ, વાતે ચિત્તે કરે સત્સંગી તેહ;
કૃષ્ણસેવાદાસ કરે સેવ, રાત દિવસ ભજનની ટેવ...૦૯
કૃષ્ણદાસ જ્ઞાનવલ્લભદાસ, ભક્તિ કરવાની ઘણી પ્યાસ;
વૈકુંઠદાસ હરિકૃષ્ણદાસ, ચિદ્રુપદાસ જગથી ઉદાસ...૧૦

લક્ષ્મીપ્રસાદદાસ જેહ, કેશવપ્રસાદદાસ તેહ;
ગાય કીર્તન રહે પ્રસન્ન, ભક્તિ કરતાં નિગમાવે[1] દન...૧૧
કેશવદાસ કેશવ ભજે, જ્ઞાનદાસ શ્રીહરિને યજે[2];
ભક્તિજીવનદાસ ભક્તિવાન, પૂજે હરિકૃષ્ણ ભગવાન...૧૨
ભક્તિચરણદાસ બહુવાર, સ્વામીને તે મળ્યા કરી પ્યાર;
એવા સંતને વારમવાર, નમસ્કાર હું કરું હજાર...૧૩
માધવચરણદાસ જેહ, ગોવિંદપ્રસાદદાસ તેહ;
ફરે દેશ પ્રદેશ તે માંઈ, જીવ ઉદ્ધારવા મનમાંઈ...૧૪
પુરાતનદાસ શ્રીરંગદાસ, રહે નિત્યાનંદસ્વામી પાસ;
સારી રસોઈ કરી જમાવે, તે તો સર્વે સાધુ મન ભાવે...૧૫
કૃષ્ણસેવકદાસ બહુ સારા, ગોપાળદાસ પ્રભુને પ્યારા;
રામપ્રસાદદાસ જેહ, પ્રગટ પ્રભુને મળ્યા તેહ...૧૬
રાધારમણદાસ આનંદ, ત્યાગવલ્લભદાસ સ્વછંદ;
શ્રીકૃષ્ણદાસ કૃષ્ણને ભજે, સર્વે સંતના મનમાં રજે[1]...૧૭
કૃષ્ણચરણદાસ અનેક, હરિચરણદાસ વિવેક;
ભક્તિચરણદાસ ભણિયે, વંશીધરદાસને ગણિયે...૧૮
ધર્મપ્રકાશદાસ ધર્મવાળા, રામદાસ ફેરવે છે માળા;
બળદેવચરણદાસ જેહ, કેશવજીવનદાસ છે તેહ...૧૯
નારાયણદાસ છે ઘણા, હરિકૃષ્ણદાસમાં નથી મણા;
લક્ષ્મણચરણદાસ જેહ, કીર્તન ભક્તિ કરે છે તેહ...૨૦
વામનચરણદાસ તે બહુ, રામપ્રસાદદાસ તે કહું;
જગદીશચરણદાસ નામ, હરિકૃષ્ણદાસ કરભામ...૨૧

૧.વિતાવે; ગુજારે ૨.પૂજે-સેવે ૩.ગમે

બાલમુકુંદદાસ ગંભીર, જ્ઞાનદાસ કવિ છે અચિર[૧];
શ્વેતમુક્તદાસ છે એક, ગાય કીર્તન ન મૂકે ટેક...૨૨

હરિપ્રકાશદાસ પ્રમાણ, હરિપ્રસાદદાસ સુજાણ;
ઘનશ્યામચરણદાસ જેહ, માધવચરણદાસ તેહ...૨૩

સિદ્ધવલ્લભદાસ ભંડારી, શ્વેતમુક્તદાસ સુખકારી;
ગોવિંદજીવનદાસ તે કેવા, એને ભક્તિ કર્યાના છે હેવા[૨]...૨૪

મોરલીધરદાસ સ્વછંદ, કથા કરી તે પામે આનંદ;
પ્રભુદાસ નરોત્તમદાસ, રામચંદ્રદાસ રામદાસ...૨૫

પ્રેમકેવલદાસે પ્રેમ ભરી, હરિ નીરખ્યા તે ભાવ કરી;
શ્રીકૃષ્ણદાસ કથા કરે, હરિકૃષ્ણદાસ હૈયે ધરે...૨૬

હરિચરણદાસ અવલ, જિષ્ણુચરણદાસ નવલ;
નારાયણચરણદાસ કહ્યા, દામોદરદાસ સમઝી રહ્યા...૨૭

રામચરણદાસ ઉદાર, ભક્તિવાન ને ખબરદાર;
દેવજીવનદાસ તે ફરે, પ્રગટ પ્રભુની વાતુ કરે...૨૮

રામચરણદાસ કોઠારી, હરિવલ્લભદાસ ભંડારી;
વિષ્ણુદાસ કૃષ્ણદાસ બહુ, ભક્તિનંદનદાસ તે કહુ...૨૯

વાસુદેવચરણદાસ ધીર, ધર્મપ્રસાદદાસ ગંભીર;
કૃષ્ણદાસ ઉપાસના કરે, કપિલદાસ તે ધ્યાન ધરે...૩૦

કવિ સુંદર માધવદાસ, રહે વ્રતપુરીમાં તે વાસ;
કરે કવિતા શ્રીહરિ તણી, લીલા વર્ણવે ભક્તિથી ઘણી...૩૧

જન જાનકીદાસ તે સારા, જેને મહાપ્રભુ પ્રાણથી પ્યારા;
ધરે ધ્યાન ને ફેરવે માળ, એવો જન્મથી ચિત્તનો ઢાળ...૩૨

૧.શીઘ્ર; ઝડપી કાવ્ય બનાવનાર ૨.આદત; સ્વભાવ; ટેવ

ગંગાદાસ ગંગાજળ તુલ્ય, કે'દિ ધ્યાનમાં નાવે મૂલ્ય;
માળા માનસીમાં દિન રાત, રહે રચ્યા-પચ્યા ભલી ભાત...૩૩
પ્રેમદાસ ભલા મોટા સંત, સેવ્યા શ્રીહરિ જેણે અતંત;
ફરી જગમેં કરે બહુ વાત, જન સાંભળે છે દિન-રાત...૩૪
વિષ્ણુદાસ વા'લા છે પ્રભુને, કરે વાત લીલાની સહુને;
ધ્યાન ધારણાવાન સદાય, રહે સ્વામીની મૂરતિમાંય...૩૫
શિતલદાસ સુશીલ સ્વભાવ, જેને ધ્યાનમાં દેખાય માવ;
કરે વાત સમાધિ તણી, રહે વરતી પ્રભુમાંઈ ઘણી...૩૬
મધુસુદનદાસ તે લૈયા, બાળ જોગી બુદ્ધિવંત થૈયા;
વિષ્ણુદાસ પ્રેમદાસ પૂરા, ભજનભક્તિ કર્યામાં શૂરા...૩૭
ચતુરભુજદાસ જે સાર, અનિરુદ્ધદાસ તે ઉદાર;
મહાપુરુષદાસ જે સંત, ગઢપુરના મોટા મહંત...૩૮
શ્રીજીમહારાજને વારંવાર, પૂજી પ્રીતે પે'રાવ્યા ફૂલહાર;
વાસુદેવચરણદાસ સંત, ધોલેરાપુરના એ મોટા મહંત...૩૯
મહારાજને મળેલા અમળ, ગુણ સ્વભાવે જાણે ગંગાજળ;
નંદકિશોરદાસ પુનિત, કરે સંત સેવા રૂડી રીત...૪૦
મુકુંદદાસ ને કેશવદાસ, ભજે હરિ અક્ષરની આશ;
ઘનશ્યામદાસ જે ગુણવંત, કરે કથા ભજે ભગવંત...૪૧
શ્યામસુંદરદાસ તે સારા, સંત સ્વભાવે પ્રભુને પ્યારા;
અક્ષરદાસ હરિરામદાસ, ભજે હરિ નહીં બીજી આશ...૪૨
હરિદાસ શ્વેતમુક્તદાસ, ટાળી સર્વ જગતની કાશ;
ગોપાળદાસે તે ઘણીવાર, પૂજ્યા શ્રીહરિને કરી પ્યાર...૪૩
ભક્તિવલ્લભદાસ ભક્તિવાળા, ભજે ભગવાન ફેરવે માળા;
કૃષ્ણનંદદાસે તે તો ધારી, પૂજ્યા સહજાનંદ સુખકારી...૪૪

મધુસુદનદાસ ભંડારી, કરે ગઢડામાં સેવા સારી;
મહા ત્યાગી ને શાંત સ્વભાવ, નહિ છળકપટ દગો દાવ...૪૫

ઘનશ્યામદાસ તે તો ગુણવાન, કરે વાત ધરે હરિ ધ્યાન;
સંતદાસ ને શ્રીહરિદાસ, નીરખ્યા નેણે એણે અવિનાશ...૪૬

હરિદાસે તે હરખ કરી, નીરખ્યા નાથને દ્રગ ભરી;
અક્ષરદાસ હરિસેવાદાસ, પૂજ્યા પ્રભુ તજી સર્વ આશ...૪૭

હરિદાસ ધર્મદાસ ધીર, કરે સેવા ગુણ ગંભીર;
વિષ્ણુવલ્લભદાસની વળી, ભજી હરિ દેહ દશા ટળી...૪૮

કેશવદાસે તે કંઈક વાર, નીરખ્યા નાથ કરી બહુ પ્યાર;
રઘુવીરચરણદાસ રાજી, ભજે હરિ કરે હાજી હાજી...૪૯

રામચરણદાસ રૂડાં સંત, ભજે રાત દિવસ ભગવંત;
ગોવિંદચરણદાસ જેહ, ભજે શ્રીસહજાનંદ તેહ...૫૦

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'દાસ સંતોના નામ કહ્યાં' એ નામે સત્તાણુંમો કિરણ ॥૯૭॥

કિરણ : ૯૮

ગુણો તથા વિશેષતાએ સહિત દાસ સંતોની નામાવલિ

પૂર્વછાયો :

સ્ત્રી ધનના ત્યાગી સાધુ, લખ્યા મેં નજરે જોઈ;
શાસ્ત્રમાં સાંભળ્યા ઘણા પણ, આવું ન વરત્યા કોઈ...૦૧

શ્રીસહજાનંદસ્વામીના, પ્રગટ ઉપાસક એહ;
જ્ઞાનાદિક ગુણે જુક્ત છે, ભજની નિરંતર તેહ...૦૨

ચોપાઈ :

હરિપ્રકાશદાસ પ્રમાણ, જોગેશ્વરદાસ શાસ્ત્રી સુજાણ;
ચતુરભુજદાસ વળી એવા, કરે રાત દિવસ સંત સેવા...૦૩
વાસુદેવચરણદાસ વળી, થાય રાજી શાસ્ત્ર સાંભળી;
ભક્તિનંદદાસ ભલા સંત, ભજે રાત દિવસ ભગવંત...૦૪
કૃષ્ણસેવાદાસ ધર્મદાસ, માધવચરણદાસ ઉદાસ;
વામનપ્રસાદદાસ બહુ, હરિસેવાદાસ વળી કહુ...૦૫
ઘનશ્યામચરણદાસ નામ, સહજાનંદ રટે આઠું જામ;
ધર્મનંદનદાસ જે સંત, ધર્મપ્રસાદદાસ અનંત...૦૬
હરિસ્વરૂપદાસ દેશમાંઈ, ધર્મનંદનદાસ વળી ત્યાંઈ;
ફરે કરે કથા દયા આણી, ધર્મસ્વરૂપદાસ પુરાણી...૦૭
માધવચરણદાસ તે સારા, કૃષ્ણસ્વરૂપદાસ છે પ્યારા;
નારાયણજીવનદાસ જેહ, નીલકંઠજીવનદાસ તેહ...૦૮
જુનાગઢમાં કરે છે વાસ, જૂઠી મેલી જગતની આશ;
ધર્મપ્રસાદદાસ હરિદાસ, પ્રગટ પૂજી થયા નિર્વાસ[૧]...૦૯
ઋષિકેશદાસ બહુ મોટા, જગન્નાથદાસ વળી છોટા;
ધર્મદાસ અતિ ધર્મવાન, ભક્તિ કરે ભજે ભગવાન...૧૦
મુક્તજીવનદાસ મુક્તિ કરે, ધર્મનંદનદાસ દયા ભરે;
ઘનશ્યામજીવનદાસ શૂરા, માધવચરણદાસ તે પૂરા...૧૧
હયગ્રીવદાસને તે જાણો, મોહનદાસ તે વૃદ્ધ પ્રમાણો;
પુરુષોત્તમચરણદાસ, સેવા કરે ભણવાની આશ...૧૨
સીતારામચરણદાસ એક, મંદિર કરવાની ન મૂકે ટેક;
ધર્મચરણદાસ છે બહુ, જ્ઞાનજીવનદાસ જે કહું...૧૩

૧.નિર્વાસનિક

ઘનશ્યામચરણદાસ જેહ, પ્રભુ ભજી થયા નિ:સપ્રેહ;
નૃસિંહચરણદાસ વળી, પ્રભુ પૂજી પગે લાગ્યા લળી...૧૪
ધર્મવલ્લભદાસ કૃષ્ણદાસ, રહે સદા જગથી નિરાશ;
ગોપાલદાસ માધવદાસ, અક્ષરધામ જાવાની છે આશ...૧૫
કૃષ્ણજીવનદાસ છે ત્યાગી, ધર્મચરણદાસ બડભાગી;
અક્ષરજીવનદાસ તે જેહ, મુકુંદચરણદાસ સનેહ...૧૬
ભક્તિજીવનદાસ નિષ્કામી, એને દેહ દશા મન વામી;
હરિવલ્લભદાસ એ સારા, બાલમુકુંદદાસ છે ન્યારા...૧૭
વૈકુંઠપ્રસાદદાસ જે આપ, જૂનાગઢમાં રહે નિષ્પાપ;
વિષ્ણુચરણદાસ વિષ્ણુદાસ, સિદ્ધેશ્વરદાસ છે પ્રકાશ...૧૮
પુરુષોત્તમચરણદાસ, પુરુષોત્તમવલ્લભદાસ;
કરે કથા ફરે દેશોદેશ, જીવોને તે કરે ઉપદેશ...૧૯
નારાયણસ્વરૂપદાસ કૈયે, ધર્મપ્રસાદદાસજી લૈયે;
ભક્તિજીવનદાસ ભણેલ, શ્વેતવૈકુંઠદાસ ગુણિયલ...૨૦
હરિચરણદાસ રૂડાં સંત, શોભે શ્રીનગરમાં તે મહંત;
નીરખ્યા શ્રીઘનશ્યામ ઉદાર, પૂજા કરીને પે'રાવ્યા હાર...૨૧
નિરગુણદાસ નિરમાન, ભજે અહોનિશ ભગવાન;
શાસ્ત્ર પુરાણનો જાણે સાર, અતિ બુદ્ધિવંત તે ઉદાર...૨૨
વૃંદાવનદાસની વાત ખરી, પ્રગટ ઉપાસી ન ભૂલે હરિ;
ભણ્યા ગણ્યા એ પંડિત પૂરા, વાંચે શાસ્ત્ર સંત અતિ શૂરા...૨૩
નારાયણમુનિ ન બોલે વૃથા, કરે સંતમંડળમાં તે કથા;
એ આદિ સંત તે અનંત, ભજે રાત દિવસ ભગવંત...૨૪
હરિજીવનદાસ હરિ ભજે, બલરામદાસને ભક્તિ રજે;
કેશવપ્રસાદદાસ તે કૈયે, અક્ષરપુરુષદાસ તે લૈયે...૨૫

પુરુષોત્તમદાસ તે પૂરા, નીરખ્યા નેણે હરિ સંત શૂરા;
ભક્તિવલ્લભદાસ ભલી ભાત, રાધારમણદાસ રળિયાત...૨૬
વૈકુંઠચરણદાસ વાત કરે, મહાપુરુષદાસ ધ્યાન ધરે;
ભગવત્ચરણદાસ છે રૂડાં, ટાળે ભજને કરી ઘાટ કૂડા[1]...૨૭
ગોવિંદપ્રસાદદાસ ઉદાર, કરે બહુ જીવનો ઉદ્ધાર;
માધવજીવનદાસજી જેહ, કેશવજીવનદાસ છે તેહ...૨૮
જગન્નાથદાસ જશવાળા, વૈકુંઠદાસ ફેરવે છે માળા;
નારાયણજીવનદાસ વળી, લાગે પાયે પ્રભુજીને લળી...૨૯
ગિરધરદાસ ગુણ ગરવા, નીલકંઠદાસ જાય ફરવા;
મનોહરદાસ મનજીત, પ્રભુદાસને પ્રભુમાં પ્રીત...૩૦
બલદેવચરણદાસ બહુ, નારાયણદાસના ગુણ શું કહું;
ત્રિવિક્રમચરણદાસ ત્યાગી, હરિકૃષ્ણદાસ બડભાગી...૩૧
નારાયણચરણદાસ નિરાંતે, હરિદાસ ભજે હરિ ખાંતે;
જ્ઞાનવલ્લભદાસ ગુણ સારા, હરિચરણદાસ હરિને પ્યારા...૩૨
કૃષ્ણચરણદાસ કરે ધ્યાન, હરિકૃષ્ણદાસ નિરમાન;
મહાપુરુષદાસ મતિ ઘણી, સિદ્ધેશ્વરદાસ રહ્યા ભણી...૩૩
કેશવપ્રસાદદાસ કહિયે, ગિરધરપ્રસાદદાસ લઈયે;
સંતચરણદાસ સુખી સારા, પ્રભુચરણદાસ રહે ન્યારા...૩૪
પ્રભુજીવનદાસ ગંગાજળ, ધર્મવલ્લભદાસ અમળ;
ભક્તિવલ્લભદાસ તે ભારી, કરે સંત સેવા મૂર્તિ ધારી...૩૫
અક્ષરચરણદાસે તે અતિ, નીરખ્યા નેણાં ભરી સંતપતિ;
બાલકૃષ્ણદાસ બહુ ભણ્યા, નાની વયમાં જોગી મોટા બણ્યા...૩૬

૧.નકામા; ખોટા

પ્રેમપ્રકાશદાસ પ્રસિદ્ધ, ભગવાન ભજ્યા રૂડી વિધ;
ઘનશ્યામજીવનદાસ ઘણા, ભગવતદાસમાં નહીં મણા...૩૭
ભગવત્ચરણદાસ રૂડાં, ટાળે ભજન કરી ઘાટ કૂડા;
નારાયણચરણદાસને નક્કી, પ્રગટ ઉપાસના એને પક્કી...૩૮
નારાયણદાસ ન મેલે ટેક, ભજે સ્વામિનારાયણ એક;
નારાયણપ્રસાદદાસ નમે, એને સંત સેવા બહુ ગમે...૩૯
માધવચરણદાસ પ્રસન્ન, માધવદાસ ભજે શુદ્ધ મન;
વામનપ્રસાદદાસ વૈરાગી, કેશવજીવનદાસ તે ત્યાગી...૪૦
ધર્મચરણદાસ તે ધ્યાની, ધર્મજીવનદાસ નિરમાની;
ધર્મસંભવદાસ છે ધીર, ગોપાલપ્રસાદદાસ ગંભીર...૪૧
રામચરણદાસ તે રાગી, ગિરધરચરણદાસ વૈરાગી;
ઈશ્વરચરણદાસ અનંત, વૈકુંઠદાસ ભજે ભગવંત...૪૨
રામચરણદાસ રટે હરિ, મુક્તિજીવનદાસે પૂજા કરી;
રઘુવીરચરણદાસ રૂડાં, ગોપીનાથદાસ અર્થઘુડા[૧]...૪૩
મુક્તિજીવનદાસ મરમાળા, મુકુંદપ્રસાદદાસ ભજે માળા;
ગોવિંદપ્રસાદદાસ તે ગાય, નીલકંઠદાસ ભણ્યા ન્યાય...૪૪
હરિગોવિંદદાસ ગુણ ઘણા, સનાતનદાસમાં નહિ મણા;
ભક્તિપ્રસાદદાસ તે ભણે, કૃષ્ણપ્રસાદદાસ માળા ગણે...૪૫
ભક્તિચરણદાસ ભજે હરિ, કૃષ્ણચરણદાસે ભક્તિ કરી;
ઉદ્ધવવલ્લવદાસે આશ તજી, હરિપ્રિયદાસે લીધા ભજી...૪૬
હરિવલ્લવદાસ હરિ ભજે, કૃષ્ણસ્વરૂપદાસ તૃષ્ણા તજે;
કૃષ્ણસેવાદાસ કરે સેવ, માધવજીવનદાસ અભેવ...૪૭
અનિરુદ્ધચરણદાસ અતિ, બાલમુકુંદદાસ શુભ મતિ;

૧.સહેલાઈથી સમજી ન શકાય એવા ગૂઢ; ગંભીર

કપિલચરણદાસ તે કૈયે, નીલકંઠજીવનદાસ લૈયે...૪૮
ગોવિંદજીવનદાસ તે સારા, પિતાંબરદાસને પ્રભુ પ્યારા;
સુદર્શનદાસ તે તો સુખી, દેવજીવનદાસ નહીં દુઃખી...૪૯
નંદકિશોરદાસ તે કૈયે, લક્ષ્મીનારાયણદાસ લૈયે;
કૃષ્ણજીવનદાસ ભક્તિ કરે, વિષ્ણુચરણદાસ ધ્યાન ધરે...૫૦
વિષ્ણુદાસે નીલકંઠ નીરખ્યા, મુકુંદદાસ હરિ જોઈ હરખ્યા;
ધર્મપ્રિયદાસ ધન્ય ધન્ય, ભક્તિપ્રિયદાસ શુદ્ધ મન...૫૧

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'દાસ સંતોના નામ કહ્યાં' એ નામે અઠ્ઠાણુંમો કિરણ ॥૯૮॥

કિરણ : ૯૯

ગુણો તથા વિશેષતાએ સહિત દાસસંતોની નામાવલિ

પૂર્વછાયો :

હરિપ્રિયદાસ હરખે કરી, હરિકૃષ્ણ ભજે હુલ્લાસ;
માધવપ્રિયદાસ માન મેલી, થઈ રહ્યા તે હરિના દાસ...૦૧
વ્રજવલ્લવદાસે વળી, નયણે નીરખ્યા નાથ;
રામચંદ્રદાસનો દયાળે, હેતે કરીને ઝાલ્યો હાથ...૦૨

ચોપાઈ :

ભગવાનદાસે હરિ ભાળ્યા, નીલકંઠદાસે નાથ નિહાળ્યા;
કૃષ્ણવલ્લભદાસે કથા કઈ, રામકૃષ્ણદાસની ભૂલ્ય ગઈ...૦૩
હરિચરણદાસ હરિ ભજે, ધર્મપ્રસાદદાસને ધર્મ રજે;
ગોપાલદાસે જોયા ઘનશ્યામ, ત્રિવિક્રમદાસે તજ્યા કામ...૦૪

કેશવચરણદાસે કૈ વાર, નીરખ્યા નેણે તે ધર્મકુમાર;
ભક્તવલ્લભદાસે હરિ ભાળ્યા, ઘનશ્યામદાસે વિષય ટાળ્યા...૦૫
ગોપાળદાસ થયા ગુલતાન[૧], નયણે નીરખ્યા શ્રીભગવાન;
વાસુદેવચરણદાસે વળી, સુંદર કથા શ્રવણે સાંભળી...૦૬
મોરલીધરદાસ મતિ સારી, વૃતપુરીના વૃદ્ધ ભંડારી;
આનંદજીવનદાસ એવા, સારા સાધુ ભણે કરે સેવા...૦૭
મદનમોહનદાસજી સારા, જેણે કામાદિ શત્રુને માર્યા;
ઘનશ્યામદાસ ઘન જેવા, સૌનું હિત કર્યાના હેવા...૦૮
નીલકંઠચરણદાસજી, રૂડા બહુ બે ચૈતન્યદાસજી;
પ્રભુજીવનદાસ પ્રભુને, વા'લા ઘણું છે સંત સહુને...૦૯
વામનચરણદાસ છે ભારી, જીવે નિત્યે હરિને સંભારી;
હરિવલ્લભદાસ હંમેશ, કરે ભક્તિ ફરે દેશોદેશ...૧૦
હરિકૃષ્ણદાસ કહું ભારી, કરે સંત તણી સેવા સારી;
શ્યામસુંદરદાસજી એક, જેને પ્રભુ પૂજ્યાનો વિવેક...૧૧
કેશવજીવનદાસજી નિત્ય, રાખે શ્રીહરિ સાથે પ્રીત;
હરિસેવાદાસ રૂડા સંત, કર્યો લોભાદિ શત્રુનો અંત...૧૨
કૃષ્ણસેવાદાસ કૃષ્ણ પ્રભુને, ભજે કરે છે વાત બહુને;
સંતદાસ સંતોષી ઘણા, ભક્તિ કર્યામાં રાખે ન મણા...૧૩
મુક્તિચરણદાસ મુનેશ, ભજે હરિકૃષ્ણને હંમેશ;
હરિજીવનદાસ તે ભારી, જીવે સહજાનંદ ઉર ધારી...૧૪
દેવનંદનદાસ દયાળ, સદા સંભારે ધર્મના બાળ;
મુક્તિજીવનદાસ તે મણિ, કરે સેવા સંત જન તણી...૧૫
નારાયણચરણદાસ નિત્યે, કરે સંત સેવા બહુ પ્રીતે;

૧.આનંદિત; મશગૂલ

ભક્તિપ્રિયદાસ ભક્તિ કરે, હરિપ્રિયદાસ ધ્યાન ધરે...૧૬

ઘનશ્યામજીવનદાસ ગાય, હરિજીવનદાસ હરખાય;
ગોવિંદજીવનદાસ તે સારા, વૃંદાવનદાસને પ્રભુ પ્યારા...૧૭

કેશવદાસ તે સમાધિવાળા, ધર્મકિશોરદાસ સુખાળા;
લક્ષ્મણજીવનદાસ એવા, હરિસેવાદાસ કરે સેવા...૧૮

નિરન્નદાસે નીરખ્યા હરિ, જોગેશ્વરદાસે પૂજા કરી;
કપિલજીવનદાસ કહેવાય, વાંચે કથા હરિગુણ ગાય...૧૯

શ્રીધરચરણદાસે તે સ્વામી, નીરખી સર્વ વેદના વામી;
કપિલજીવનદાસ તે કેવા, હરિલીલા સાંભળ્યાના હેવા...૨૦

ગોવિંદજીવનદાસ ગવૈયા, ગોલોકજીવનદાસ લહિયા;
પુરુષોત્તમજીવનદાસ પૂરા, કપિલપ્રિયદાસ સંત શૂરા...૨૧

મોરારીચરણદાસ આપ, કૃષ્ણપ્રિયદાસે ટાળ્યું પાપ;
ગૌલોકજીવનદાસ તો ઘણા, વૃંદાવનદાસમાં નહિ મણા...૨૨

નિરગુણદાસ થયા નિહાલ, ધર્મદાસ ભજે ધર્મલાલ;
ધર્મજીવનદાસ ધરે ધ્યાન, નંદનંદનદાસ અમાન...૨૩

રઘુવીરપ્રસાદદાસ જેહ, નંદજીવનદાસને સનેહ;
ધર્મકિશોરદાસ ધર્મધીર, મોરલીધરદાસે ટાળી પીર[૧]...૨૪

દેવનંદનદાસ દેહ ભૂલ્યા, નીરખી નાથને ફરે છે ફૂલ્યા;
હરિપ્રસાદદાસ હરિ ભજે, વિષય વાસના સરવે તજે...૨૫

કૃષ્ણપ્રસાદદાસ કે'વાય, કરે ભક્તિ હરિ ગુણ ગાય;
નિર્મળદાસ તે થયા નિહાલ, લખે ભણે ભજે ધર્મલાલ...૨૬

ધર્મસ્વરૂપદાસ ધર્મધીર, ત્યાગ વૈરાગે સારા શૂરવીર;
કરે શુકમુનિની તે સેવા, ભજે હરિ મોટું સુખ લેવા...૨૭

૧.પીડા; વેદના

ધર્મનંદનદાસ ધર્મવાળા, કરે કથા કીર્તન ફેરે માળા;
દામોદરપ્રસાદદાસ દળે, કરે સેવા સંતની ભાવ ભળે...૨૮

હરિપ્રકાશદાસ હરિ ભજે, ધર્મ સહિત ભક્તિ એને રજે;
અતિપાવનદાસ અકામ, ભજે સ્વામિનારાયણ નામ...૨૯

પ્રભુચરણદાસે પૂજા કરી, નેણાં ભરીને નીરખ્યા હરિ;
હરિચરણદાસ હેત ભારી, પૂજ્યા સહજાનંદ સુખકારી...૩૦

સત્સંગજીવનદાસ સત્ય, કદી બોલે નહીં એ અસત્ય;
ગુરૂચરણદાસ ગુણ સારા, પ્રગટ ઉપાસી પ્રભુને પ્યારા...૩૧

કૃષ્ણજીવનદાસ તે ભારી, શાસ્ત્રવેત્તા કથા કરે સારી;
ભક્તિનંદનદાસ ભણે છે, હરિ ભજી ભવરોગ હણે છે...૩૨

હરિસેવાદાસ સંત સારા, ભણે સારસ્વત[૧] પ્રભુને પ્યારા;
હરિસ્વરૂપદાસ હંમેશ, ભજે હરિ ફરી આવે દેશ...૩૩

કુંજવિહારીદાસ ઉદારા, ધોળકાના મહંત સાધુ સારા;
અનિરુદ્ધદાસ સંત એવા, કરે ઠાકોરની નિત્યે સેવા...૩૪

સત્સંગજીવનદાસ સત્ય, માધવદાસ ન બોલે અસત્ય;
કૃષ્ણપ્રસાદદાસ તે જ્ઞાની, નારાયણદાસ રૂડા નિરમાની...૩૫

સિતારામચરણદાસ સારા, રામકૃષ્ણદાસને પ્રભુ પ્યારા;
સિદ્ધવલ્લભદાસ સુજાણ, બાંધ્યા પ્રભુ સાથે નિત્યે પ્રાણ...૩૬

ગોપાળદાસ સારા શુદ્ધ મન, કરે કાવ્ય રૂડાં કીરતન;
જીષ્ણુદાસાદિ ગવૈયા ઘણા, ગાય વાજાં લઈ નહીં મણા...૩૭

લક્ષ્મીનારાયણદાસ લલિત[૨], કરે સેવા પ્રભુમાં બહુ પ્રીત;
જેતલપુરના દાસ તે સારા, ભજે હરિ જગતથી ન્યારા...૩૮

મૂળીના સંતદાસ મહંત, ભજે ભાવ રૂડે ભગવંત;

૧.આ નામનો વ્યાકરણ ગ્રંથ ૨.સારા; સુંદર

ભુજનગરના સંત ભારી, ભજે સહજાનંદ સુખકારી...૩૯
હરિચરણદાસ સારા સંત, ભૃગુક્ષેત્રના મોટા મહંત;
ગુણ પ્રવિણ સંત છે સર્વ, ભજે હરિ તજીને તે ગર્વ...૪૦
વામનદાસ વખાણવા જેવા, શુકસ્વામીની તે કરે સેવા;
સુકૃતજીવનદાસ સારા, બાલજોગી તે પ્રભુને પ્યારા...૪૧
સંતદાસ સાધુ પુરાણી એવા, કરે આત્માનંદસ્વામીની સેવા;
ગામ છપૈયાના દાસ સંત, ભજે રાત દિવસ ભગવંત...૪૨
હરિવલ્લભદાસ હુલ્લાસે, ભણ્યા ગઢપુરમાં રહી વાસે;
પ્રેમદાસે પૂજ્યા હરિ પ્રીતે, ફેરે મંડળ તે રૂડી રીતે...૪૩
નરોત્તમદાસે નીરખ્યા નાથ, પૂજ્યા પ્રભુ પોતાને તે હાથ;
પ્રભુદાસ તે પૂરા જ સંત, નયણે નીરખ્યા તે શ્રીભગવંત...૪૪
રાધાજીવનદાસ રહાવે, કરે સેવા હરિ ગુણ ગાવે;
હરિકેશવદાસ તે ભારી, ફરે નામમેં સેવા કરે સારી...૪૫
ગિરધરચરણદાસ સંભારી, નીરખ્યા સહજાનંદ સુખકારી;
ચિદ્રુપદાસે ચિંતા તજી, નીરખી શ્રીહરિને લીધા ભજી...૪૬
શ્રીવલ્લભદાસ સંત સારા, ભજે શ્રીઘનશ્યામ ઉદારા;
નારાયણવલ્લભદાસ નામ, ભજે સહજાનંદ સુખધામ...૪૭
હરિગોવિંદજીવનદાસ, ભજે શ્રીહરિ રહે હુલ્લાસ;
ઘનશ્યામજીવનદાસ સઘન[૧], ભજે સહજાનંદ શુદ્ધ મન...૪૮
નરનારાયણદાસને નેહ, જગજીવનદાસ ઉજેહ;
બુધદાસને તે બુદ્ધિ ઘણી, ધર્મકિશોરદાસ સંતમણિ...૪૯
વ્રજવલ્લભદાસે હરિ ભાળ્યા, શુદ્ધદાસ તે થયા સુખાળા;
ધર્મતનયદાસ ધર્મધીર, રામલક્ષ્મણદાસ શૂરવીર...૫૦

૧.સતત; અખંડ

ભક્તિસંભવદાસ સંત સારા, ધર્મસંભવદાસને પ્રભુ પ્યારા;
લક્ષ્મણચરણદાસ ગાય, રામજીવનદાસ રાજી થાય...૫૧
મારે અર્થે મેલે જે સંસાર, તેને પાળું હું કરી બહુ પ્યાર;
એવા સાધુનાં દર્શન જે કરે, તેના કુળ ઈકોતેર તરે...૫૨
મારે અર્થે પંચવ્રત પાળે, કામ ક્રોધાદિ લોભને બાળે;
બોલ્યા ભગવાન ભલા સંત તમે, તમને જોઈ રાજી થયા અમે...૫૩
તમારા દરશનને તે કાજ, અમે ઈચ્છતા હતા મુનિરાજ;
મળવું તમારું દુર્લભ મુને, થાય દર્શન નહીં થોડે પુન્યે...૫૪
ગોલોકાદિ ધામ કૈયે જેહ, યોગ સિદ્ધિયું કા'વે છે તેહ;
તેથી વા'લા મુનિ તમે બહુ, સત્ય માનજો વાત એ સહુ...૫૫
વળી શિવ બ્રહ્માદિક જેવા, આપે બલિદાન કરે સેવા;
તેહ મુજને છે ઘણા પ્યારા, પણ તમે છો આત્મા મારા...૫૬
તમે અહોનિશ ચિંતવો મુને, જ્ઞાન બોધે તારો છો જીવુને;
જપ તપ ને જોગ જગન, વ્રતાદિક બીજા બહુ પુન્ય...૫૭
તેહ સર્વે મળી જેહ કાવે, જેના સોળમા ભાગમાં નાવે;
માટે એનું નામ અભેદાન[1], બીજા નાવે તે એને સમાન...૫૮
માટે પરમાર્થી જાણું અમે, મારા શુદ્ધ ભક્ત વળી તમે;
માટે તમ જેવા કોઈ નથી, ઘણું કૈયે શું વળી મુખથી...૫૯
કહે વળી શ્યામળો સુજાણ, એમ બોલ્યા નારાયણ વાણ;
અતિ ભાવે હેતે ભર્યાં વેણ, બોલ્યા કૃપાએ કમલનેણ...૬૦
મૃત્યુ સ્વર્ગ મોક્ષ છે જેહ, સંત સંગત સમ નહિ તેહ;
બ્રહ્મચર્ય તે બ્રહ્મરૂપ, તેને પાળે તે ભક્ત અનુપ...૬૧
મારે અર્થે તજ્યું જેણે સહુ, તેનાં દર્શન દુર્લભ બહુ;
એવા સંત સેવે કરી પ્યાર, તરે ભવજળ થાય ઓધાર...૬૨

૧.અભયદાન; મોક્ષ

પૂર્વછાયો :

સંક્ષેપે સહુ સંતના, ગુણ કહ્યા મુદ પાય;
દાસ વાસુદેવ કહે, સર્વે ગુણ કહ્યા ન જાય...૬૩
નિત્ય નિત્ય અતિ પ્રેમસે, દાસ નામ માળાનો જેહ;
પાઠ કરે વળી સાંભળે, સદ્ય મોક્ષને પામે તેહ...૬૪
તેમ સંભળાવે નામ શુભ, શ્રોતાજન સાંભળે જોય;
શ્રોતા વક્તા હરિભક્ત સર્વે, પામે પ્રભુપદ સોય...૬૫
ભણે ભણાવે નામ જેહ, તેનાં તે પાતક[1] જાય;
દેહાંતે હરિધામ પામી, પરમ સુખિયા થાય...૬૬

॥ આ નામ નજરે જોઈને લખ્યાં છે ॥

ઈતિ દાસ નામાવલિ સંપૂર્ણ ॥

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'દાસસંતોનાં નામ કહ્યાં' એ નામે નવ્વાણુંમો કિરણ ॥૯૯॥

કિરણ : ૧૦૦

ગુણો તથા વિશેષતાએ સહિત બ્રહ્મચારીની નામાવલિ

પૂર્વછાયો :

દેશ સુંદર સરવારમાં, ગામ છપૈયા શોભા સાર;
શ્રીનીલકંઠ નામે કરી, પ્રગટ્યા ધર્મકુમાર...૦૧
મંગલમૂર્તિ મહાપ્રભુ, શ્રીહરિ મહા સુખધામ;
પુરુષોત્તમ પરબ્રહ્મને, વારે વારે કરું પરણામ...૦૨
એવા હરિ હરિદાસને, કરવાને અતિ પરસન;
લખવાને બ્રહ્મચારીનાં, નામ તણું કરું જતન...૦૩

૧.પાપ

ચોપાઈ :

મહાનૈષ્ઠિક મુકુંદાનંદ, હરિસેવામાં સદા આનંદ;
બ્રહ્મચારીના ધર્મ છે જેહ, પાળે પૂરણ પરમ સ્નેહ...૦૪
જેરામાનંદે જગઆધાર, સેવ્યા પ્રભુ કરી બહુ પ્યાર;
અખંડાનંદે આનંદ પામી, પૂજ્યા શ્રીસહજાનંદસ્વામી...૦૫
વાસુદેવાનંદ સુજાણ, ભારે ભણેલાં શાસ્ત્ર પુરાણ;
નારાયણાનંદ મોટા મહંત, સાધુ સ્વભાવ ગુણ અનંત...૦૬
વૈકુંઠાનંદની મીઠી વાણી, પૂજ્યા પ્રીતે તે સારંગપાણી;
માધવાનંદ મોટા ગુણધામ, કરે હરિ સેવા આઠું જામ...૦૭
આનંદાનંદ પૂરા પુરાણી, જેણે વિદ્યા સુફલ કરી જાણી;
ગોવિંદાનંદ તે ગુણવાન, જેને જક્તતણું નહીં ભાન...૦૮
આત્માનંદ બેઉ અકામ, ભજે સ્વામિનારાયણ નામ;
પુરુષોત્તમાનંદ તે પૂરા, સદા ભક્તિ ભજનમાં શૂરા...૦૯
વૈષ્ણવાનંદવર્ણી વારંવાર, કરે ભજન ન તૂટે તાર;
ગિરિધરાનંદ કરે ગાન, સુંદર સ્વરે કરી એક તાન...૧૦
રૂડા રણછોડવર્ણી અનુપ, રામચંદ્રાનંદ સુખરૂપ;
ત્રિકમાનંદવર્ણી સુટેક, ભજે સ્વામિનારાયણ એક...૧૧
ઋષભાનંદની રૂડી વાત, ભજે શ્રીહરિને દિન રાત;
રામકૃષ્ણાનંદ રૂડા રાગી, ભણ્યા ભાગવત ગીતા બડભાગી...૧૨
વામનાનંદ તે વૈષ્ણવરાજ, ભજે હરિ કરે કામકાજ;
કૃષ્ણાનંદ તે કરે કથા, બોલે જથા જોગ નહિ વૃથા...૧૩
કેશવાનંદ દૃઢ વ્રતધારી, કરે ભક્તિ સ્વામીને સંભારી;
પરમાત્માનંદ બહુ પૂર, ભારે ભજની દુઃખ થકી દૂર...૧૪

ગોપાળાનંદના ગુણ ભારી, કરી સેવા સ્વામીની તે સારી;
રાઘવાનંદવર્ણી તે મોટા, જેણે પંચવિષય કર્યા ખોટા...૧૫
કૃષ્ણાનંદ તે વર્ણી એક, ઈશ્વરાનંદની સારી ટેક;
ત્યાગાનંદ તે તો તતખેવ, જાણે ભક્તિભજનનો ભેવ...૧૬
લક્ષ્મીનારાયણાનંદ ભારી, કરે ભજન ભક્તિ સારી;
નિષ્કામાનંદ સારા સુજાણ, ભણ્યા ભાગવત ગીતા પુરાણ...૧૭
જગન્નાથાનંદ જગજીત, પ્રભુ વિના તે ન કરે પ્રીત;
પૂરણાનંદ પરમ સુજાણ, વાંચે વચનામૃત મીઠી વાણ...૧૮
ત્રિકમાનંદ તે વળી ત્યાગી, રામચંદ્રાનંદ બડભાગી;
ગિરધરાનંદ ગુણ ઘણા, વિષ્ણવાનંદમાં નહીં મણા...૧૯
જ્ઞાનાનંદને તે બુદ્ધિ ઘણી, વાંચે ભાવે ભક્તચિંતામણિ;
દયાનંદને દયા ભરપૂર, કરે ઠાકોર સેવા નહીં ક્રૂર...૨૦
સુવ્રતાનંદ તે શૂરવીર, ટાળી તૃષ્ણા ને ધ્યાની ધીર;
સ્વરૂપાનંદ તે સુખી ઘણા, વાંચે કથા તેમાં નહીં મણા...૨૧
યોગસિદ્ધાનંદ તે જોગી, કરે ભક્તિ ભજનના ભોગી;
લક્ષ્મીનારાયણાનંદ એવા, કરે ત્યાગાનંદની તે સેવા...૨૨
સુધર્માનંદ તે સુખી ઘણા, અતિ ત્યાગી તેમાં નહિ મણા;
વિજયાનંદનો વેગ ભારી, જીવે સહજાનંદ સંભારી...૨૩
સિદ્ધાનંદનું સીધું કામ, ભજે સ્વામિનારાયણ નામ;
સુખાનંદ સંભાર્યા જેવા, કરે ઠાકોરની નિત્ય સેવા...૨૪
દામોદરાનંદ તે દયાળ, કામ ક્રોધની ન લાગે જાળ;
કપિલેશ્વરાનંદ કહાવે, સદા શ્રીહરિના ગુણ ગાવે...૨૫
ઉત્તમાનંદ અતિ અમળ, ગાય કીર્તન પ્રભુ ન ભૂલે પળ;
સનાતનાનંદ શૂરવીર, કરે ધ્યાન ભક્તિ સુધીર...૨૬

દેવાનંદ તે તો દુઃખહારી, સમરે સહજાનંદ સુખકારી;
મહાપુરુષાનંદ પ્રવીણ, મન મહારાજમાં થયું મીણ[૧]...૨૭
ગોવિંદપ્રિયાનંદ ગાય ગીત, ભારે ભજની નહીં બીજે ચિત્ત;
સુધર્માનંદવર્ણી તે સારા, રાઘવાનંદને પ્રભુ પ્યારા...૨૮
ભોમાનંદ તે તો ભક્તિવાળા, કરે ધ્યાન ને ફેરવે માળા;
ભક્તિપ્રિયાનંદ ભક્તિ કરે, ત્રિવિધ તાપને તે તો હરે...૨૯
પ્રભુતાનંદને પ્રભુ પ્યારા, રહે સદા જગતથી ન્યારા;
હરિસેવાનંદે હરિ ભાળ્યા, પૂજી પ્રભુને સંતાપ ટાળ્યા...૩૦
તદ્રુપાનંદ તે તતખેવ, જાણે ભક્તિ ભજનના ભેવ;
હરિકૃષ્ણાનંદ તે હંમેશ, ભજે હરિ ફરે દેશો દેશ...૩૧
હરિવલ્લભાનંદને હરિ વા'લા, લાગે કુસંગી સર્વે નમાલા;
સુધાત્માનંદનું શુદ્ધ મન, ભજે ભાવે કરી ભગવન...૩૨
આત્માનંદ તે અતિ ઉદાર, લાગ્યો પ્રભુ સાથે એને પ્યાર;
ધર્મસિદ્ધાનંદ ધર્મધીર, કૃષ્ણપ્રિયાનંદ શૂરવીર...૩૩
સુખપ્રકાશાનંદ તે સરસ, નહિ કામ ક્રોધ અમરશ;
ધર્મવલ્લભાનંદ તે ધ્યાની, ભજે હરિ અતિ નિરમાની...૩૪
ઘનશ્યામાનંદ તે તો પ્રમાણ, ગવૈયા ગુણ શાસ્ત્રી સુજાણ;
પુરુષોત્તમાનંદ પુરાણી, કરે કથા સુધા સમ[૨] વાણી...૩૫
જ્ઞાનપ્રકાશાનંદ ગવૈયા, કરે સેવા ગઢપુર રૈયા;
શાંતાનંદે તે સુખ જ લેવા, કરી મુકુંદાનંદની સેવા...૩૬
અનંતાનંદ બુદ્ધિપ્રકાશ, ભણ્યા ભાગવત ગીતા ભાષ્ય;
ધર્મસ્વરૂપાનંદ ધરે ધ્યાન, ત્યાગી ગવૈયા નહિ લેશ માન...૩૭
અનોપમાનંદ વર્ણી એવા, કરે ઠાકોરની નિત્યે સેવા;

૧.મહારાજ વિના જીવી ન શકે એવું મીન; મીણની જેમ ચોંટી ગયેલું ૨.અમૃત જેવી

કરુણાનંદ કરુણાના ધામ, ભજે ભાવે તે શ્રીઘનશ્યામ...૩૮
અનિરુદ્ધાનંદને આનંદ, ભજે પ્રગટ સ્વામી સહજાનંદ;
બાલમુકુંદાનંદ બહુ રૂડા, કરે કથા ટાળે ઘાટ કૂડા...૩૯
નિરદોષાનંદ તે નક્કી, પ્રગટ ઉપાસના એને પક્કી;
જ્ઞાનસ્વરૂપાનંદ ગંભીર, કરે સેવા સારા શૂરવીર...૪૦
નિર્માનાનંદ નિમધારી, કરે ભજન ભક્તિ તે ભારી;
નિર્ગુણાનંદ થયા નિહાલ, સેવે સુખનિધિ ધર્મલાલ...૪૧
નિરન્નમુક્તાનંદ નિષ્પાપ, જપે આઠો પોર હરિ જાપ;
ઉદારાનંદ અતિ ઉદાર, સેવે ભક્તિ ધર્મ કરી પ્યાર...૪૨
જગન્નાથાનંદ જગજીત, પ્રભુ વિના નહી બીજે પ્રીત;
શ્રીકૃષ્ણાનંદ તે તો સુજાણ, તેને વા'લા શ્રીજી જેમ પ્રાણ...૪૩
નૃસિંહાનંદે તે હરિ હાથ, સેવે ગોપીનાથ સુખપાથ;
નીલકંઠાનંદ તે નિરાંતે, નીરખે મૂર્તિ મહારાજની ખાંતે...૪૪
પ્રેમાનંદ તે પ્રભુને પાસ, રહે દુરગનગરમાં વાસ;
અચિંત્યાનંદ અતિ અવલ, કરે કાવ્ય ને શ્લોક નવલ...૪૫
વાસુદેવાનંદે નીરખ્યા નાથ, જીરણગઢે શ્રીજી સેવે હાથ;
પુરુષાનંદ પૂરા પુરાણી, કરે કથા અમૃતસમ વાણી...૪૬
અક્ષરપુરુષાનંદ આનંદ, ભજે સહજાનંદ સુખકંદ;
હરિદર્શનાનંદ હેત વધારી, પૂજે રાધાકૃષ્ણ સુખકારી...૪૭
કૃષ્ણાનંદ કીર્તન ભક્તિ કરે, ભારે ભજની ભવરોગ હરે;
ધર્માનંદ ધરે હરિ ધ્યાન, ભજે અહોનિશ શ્રીભગવાન...૪૮
વિશુદ્ધાનંદ વર્ણી પાવન, પૂજી પ્રભુ કર્યા પરસન;
ગોવિંદાનંદ ને ઈશાનંદ, સેવે સ્વામી સદા જગવંદ...૪૯
ધર્મપ્રિયાનંદ ધર્મધીર, ભણ્યા ભાગવત ગીતા અચિર;

હરિયાનંદ હરિને ભજે, વિષય વાસના સર્વે તજે...૫૦
સુવ્રતાનંદ તે સુવિચારી, મહાનૈષ્ઠિક દૃઢ વ્રતધારી;
આત્માનંદ અતિ અકામ, ભજે સ્વામિનારાયણ નામ...૫૧
હરિસ્વરુપાનંદ હંમેશ, નીરખે નાથ નટવર વેશ;
ત્યાગાનંદ તનસુખ ત્યાગી, ભજે ભગવાનને બડભાગી...૫૨
ગોપાળાનંદમાં ગુણ ઘણા, ભણ્યા ભાગવત ગીતા નહીં મણા;
પવિત્રાનંદ અતિ પવિત્ર, ભજે હરિ સદા જનમિત્ર...૫૩
પતિતપાવનાનંદ પુરાણી, ભણ્યા ભાગવત ગીતા મીઠી વાણી;
ધર્મપ્રકાશાનંદ ધર્મવાળા, ધરે ધ્યાન ને ફેરવે માળા...૫૪
નીલકંઠાનંદ તે તો નક્કી, પ્રગટ ઉપાસના એને પક્કી;
યોગાનંદ તે અતિ અમળ, પ્રભુને ન વિસારે તે પળ...૫૫
જગદીશાનંદ જગજીત, હરિ સંત વિના નહીં પ્રીત;
માધવાનંદ તે તો મુનેશ, ફરે સદા તે દેશ વિદેશ...૫૬
શ્રીકૃષ્ણાનંદ તે સુખી અતિ, ભજે હરિ ધ્યાની જોગી જતી;
હરિપ્રસાદાનંદ દુ:ખહારી, સુંદર સ્વર કથા કરે ભારી...૫૭
મુકુંદપ્રિયાનંદ મન જાણી, બોલે સ્વામિનારાયણ વાણી;
હરિવલ્લભાનંદ હરિ ભજે, એને સંત હરિજન રજે...૫૮
ગોવિંદપ્રિયાનંદ ગુણ ઘણા, કરે ભક્તિ ભજન નહીં મણા;
હરિસ્વરુપાનંદ સારા ત્યાગી, ભણ્યા ભાગવત ગીતા બડભાગી...૫૯
વલ્લભાનંદની રૂડી વાત, કરે ભજન ભક્તિ દિન રાત;
એવા અનેક તે બ્રહ્મચાર, તેને વંદું હું વારમવાર...૬૦

પૂર્વછાયો :

ભાવે સહુ બ્રહ્મચારીના, ગુણ કહ્યા મુદ પાય;
દાસ વાસુદેવ કહે, સર્વે ગુણ કહ્યા ન જાય...૬૧

નિત્ય પ્રત્યે અતિ પ્રેમસે, બ્રહ્મચારીનાં નામ જેહ;
પાઠ કરે ને સાંભળે, સદ્ય મોક્ષને પામે તેહ...૬૨
તેમ સંભળાવે નામ શુભ, શ્રોતાજન સાંભળે જોય;
શ્રોતા વક્તા ભક્ત સર્વે, પામે પ્રભુ પદ સોય...૬૩
ભણે ભણાવે નામ જેહ, તેના તે પાતક જાય;
દેહ તજ્યે હરિધામ પામી, પરમ સુખિયા થાય...૬૪

॥ આ નામ નજરે જોઈને લખ્યાં છે ॥

॥ ઈતિ બ્રહ્મચારીની નામમાળા સંપૂર્ણ ॥

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'બ્રહ્મચારીનાં નામ કહ્યાં' એ નામે એકસોમો કિરણ ॥૧૦૦॥

કિરણ : ૧૦૧

ગુણો તથા વિશેષતાએ સહિત પાર્ષદોની નામાવલિ

॥ અથ પ્રભુના પારસદ જે પાળા તેમની નામમાળા લિખ્યતે ॥

પૂર્વછાયો :

મંગલ મૂર્તિ મહાપ્રભુ, ભક્તિ ધર્મના બાળ;
જીવન જનમ્યા ગામ છપૈયે, ભક્ત તણા પ્રતિપાળ...૦૧
શ્રીસહજાનંદસ્વામીના, પાર્ષદ પરમ સુજાણ;
ભક્તિ ભજનમાં શૂરા પૂરા, કામ ક્રોધાદિ ન લાગે બાણ...૦૨

ચોપાઈ :

મૂળુભાઈ તે પાર્ષદ મોટા, જેણે પંચવિષય કર્યા ખોટા;
ભગુજીની ઉપાસના ભારી, ભજે સહજાનંદ સુખકારી...૦૩

રતનજી ત્યાગ વૈરાગ્યે તેવા, કરી અહોનિશ હરિની સેવા;
ગુમાનજી ગુણે ઘણા સારા, લાવે દાતણ પ્રભુ રાખી પ્યારા...૦૪
વેરોભાઈ તે વખાણ્યા જેવા, મહાત્યાગી ધર્મનિષ્ઠ તેવા;
રવોજી હરિ આજ્ઞામાં રાતા, સદા શ્રીજી તણા ગુણ ગાતા...૦૫
ભીમભાઈ દઢ વ્રત ભારી, લખે લીલા વાત કરે સારી;
મીયાંજી તે મહા શૂરવીર, ભજન ભક્તિ વૈરાગ્યે સધીર...૦૬
હમીરભાઈ તે અતિ અમળ, પાયું પ્રભુજીને ઝારી જળ;
કમાભક્તે પૂજ્યા સુખદાઈ, લાવ્યા મૂર્તિ ડુંગરપુર જાઈ...૦૭
વીરાભક્તે તજી સર્વ આશ, રહે સદા શ્રીહરિને પાસ;
દેવાભક્તની તે રૂડી રીત, ચાલે પ્રભુ સાથે કરી પ્રીત...૦૮
હરજી કરે હરિનું ધ્યાન, ભજે રાત દિવસ ભગવાન;
કાળે કરી ચાકરી તે સારી, પૂજ્યા સહજાનંદ સુખકારી...૦૯
લાખાભક્તે લઈને રૂમાલ, ઢોળ્યો વાય નીરખ્યા ધર્મલાલ;
અરજણભક્તે અતિ હેત આણી, પાયું દૂધ પ્રભુને તે જાણી...૧૦
કસળો જાદવ તે જશવાળા, પ્રભુ પાસે બેસી ફેરવે માળા;
ગુમાને તે નવરાવ્યા છે નાથ, પંખો પલાળી વા ઢોળ્યો હાથ...૧૧
જાલમ ભક્ત તે જગથી ઉદાસ, રહ્યા રાજી થઈ પ્રભુ પાસ;
કાનોજીએ તે તો કંઈકવાર, નીરખ્યા નાથ કરી બહુ પ્યાર...૧૨
કાજેભક્તે કરી બહુ હેત, પૂજ્યા પ્રીતે કરુણાનિકેત;
જેઠી ડોડીયે તે જગનાથ, પૂજ્યા સહજાનંદ સુખપાથ...૧૩
નથુ ભટીએ નીરખ્યા દુ:ખહરણ, ચાંપ્યા ચોળ્યા પ્રભુના ચરણ;
નાથુજીએ તે નીરખ્યા હરિ, સારી સુંદર છતરી ધરી...૧૪
જોરાજી ચાલે શ્રીહરિ સાથે, ધરે છત્ર પ્રભુને તે માથે;
જોરાજી બીજા તે તો બહુ સારા, એને પ્રભુ હરિજન પ્યારા...૧૫

જેઠાભક્ત જૂના હરિજન, ભજે રાત દિવસ ભગવન;
સબળાજી તે તો સુખી ઘણા, પૂજ્યા પ્રભુજી ન રાખી મણા...૧૬
ભગે ભાવે ભજ્યા ભગવાન, કરી ચાકરી મેલીને માન;
રાયજીએ સેવ્યા સુખના સિંધુ, રાજાભાઈને રાજી દીનબંધુ...૧૭
હરજીભાઈ હાર તોરા લઈ, પે'રાવે પ્રભુને રાજી થઈ;
ઉકોભાઈ અતિ હેત આણી, પૂજે પ્રીતે તે સારંગપાણી...૧૮
કરસન ભક્તે તે કઈવાર, પે'રાવ્યા પ્રભુજીને ફૂલહાર;
માનજીને રાજી થયા માવ, ભેટ્યા ભગવાન કરીને ભાવ...૧૯
મલારભક્તે તે મનમાં વિચારી, સેવ્યા સહજાનંદ સુખકારી;
હઠીભાઈ હરિ જોઈ હરખ્યા, નાથને નેણાં ભરીને નીરખ્યા...૨૦
નારસિંહજી તે જીત્યા બાજી, થયા સ્વામિનારાયણ રાજી;
કેસરીસિંઘ કમાન્ય તે તાણે, તેને વહાલોજી બહુ વખાણે...૨૧
માનસિંહને તે મળ્યા હરિ, ખરા ક્ષત્રીય ભવમાં નાવે ફરી;
બેચર ચાવડો તે બહુ ભારી, સેવ્યા સહજાનંદ સુખકારી...૨૨
મૂળો ભક્ત તે મેલીને લાજ, કરે વાડીમાં તે કામકાજ;
આંબો ભક્ત તે અતિ અમળ, ભૂલે નહિ પ્રભુને એ પળ...૨૩
ઊકો ભક્ત તે રૂડી રીતે, પાય પાણી સાધુને એ પ્રીતે;
કરીમ ભક્ત કહાવે એહ, કરે દ્વારપાળપણું તેહ...૨૪
ભૂલો ભક્ત દેખાડું ભણી, કરે ચાકરી તે ઘોડા તણી;
હસન ભક્ત ભારે હોંશિયાર, કરે ભક્તિ તે તો એકતાર...૨૫
રૈયો ભક્ત થઈ રળિયાત, કરે ટેલ તે દિન ને રાત;
બીજલ ભક્ત તે બહુ સારા, કરે ભક્તિ જગ થકી ન્યારા...૨૬

જોધો ભક્ત પ્રભુજીને જજે[૧], નિત્ય સ્વામિનારાયણ ભજે;
નાજો ભક્ત તે આનંદ પામી, સમરે શ્રીસહજાનંદસ્વામી...૨૭
લાધાજીએ લીધો મોટો લાવ, હરિ ચરિત્રમાં નાવે અભાવ;
નાન ભક્ત અશ્વ કરી ત્યાર, બેસારે પ્રભુને કરી પ્યાર...૨૮
રામજીભાઈ થઈ રળિયાત, કરે સેવા સ્વામીની દિન રાત;
અલૈયો ભક્ત તે વળી એવા, કરે સંત શ્રીહરિની સેવા...૨૯
તળજે ભક્તે તે વારંવાર, પે'રાવ્યા હરિને ઘણા હાર;
અજેભક્તે મોટું સુખ લેવા, જમાડ્યા પ્રભુને બહુ મેવા...૩૦
કુંવરજીએ તે કરી પ્યાર, પે'રાવ્યા પ્રભુને ફૂલહાર;
જુસજી ભક્ત તે વળી ભલા, ટાળી પંચવિષયની બલા...૩૧
હરિભાઈને હરિમાં હેત, ભજે ભાવેશું કરુણાનિકેત;
નથુભક્ત રૂડા જાણે સંત, વડતાલમાં મોટા મહંત...૩૨
ઉકોભક્ત અતિ અમળ, સંભારે શ્રીહરિને પળ પળ;
રાયજીભક્ત થઈ રળિયાત, કરે ભક્તિ તે દિન ને રાત...૩૩
નથુ નાનો તે મનમાં ધારી, કરે ભક્ત ભજન તે ભારી;
અજાભક્તને આનંદ અતિ, નીરખ્યા નેણાં ભરી સંતપતિ...૩૪
ભગોભક્ત તે તો વળી ભારી, કરે સેવા હરિને સંભારી;
મૂળુજી તે ભજની ભરપૂર, સારો સ્વભાવ ને શૂરવીર...૩૫
મૂંગો મર્મ કરે વળી બહુ, હસે હરિ ને સભા સહુ;
આવરદાની તે રૂડી રીત, સંભારે પ્રભુને કરી પ્રીત...૩૬
માંડણભક્ત તે મુનિરાજ, ભજે હરિ કરે કામકાજ;
ભગુજીએ ભક્તિ કરી ઝાઝી, આચાર્ય શ્રીહરિ થયા રાજી...૩૭
પ્રભુદાસે પૂજ્યા વનમાળી, આચાર્યશ્રીની આજ્ઞા તે પાળી;
રઘુનાથે રાજી કર્યા નાથ, સેવે લક્ષ્મીનારાયણ હાથ...૩૮

૧.પૂજે

અગરાજીએ તે આનંદ પામી, નીરખ્યા શ્રીસહજાનંદસ્વામી;
દલોભક્ત તે દિલના ઉદાર, સેવ્યા લક્ષ્મીપતિ કરી પ્યાર...૩૯
રણછોડે તે રળિયાત થાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ;
ખોડાભક્તે ભારે સુખ લેવા, કરી સોમવર્મની તે સેવા...૪૦
ખુશાલભક્તે નીરખ્યા હરિ નિત્યે, જમ્યા પાક ચિભડાં પ્રભુ પ્રીતે;
કલાભક્તે કરી બહુ પ્રીત, નીરખ્યા શ્રીહરિને રૂડી રીત...૪૧
માવોભક્ત તે તો મુનિરાજ, સેવી સહજાનંદ કર્યું કાજ;
બા'દરભક્તે તો બહુ જ વાર, નીરખ્યા પ્રભુજીને કરી પ્યાર...૪૨
ગોકળદાસે તે તો ઘણા ઘણા, નીરખ્યા નાથ ન રાખી મણા;
હકાભાઈએ તે હરિ નિહાળ્યા, કરી ભક્તિ પંચવિષય ટાળ્યા...૪૩
સવાજીએ તો ભક્તિ કરી ઝાઝી, કર્યા રઘુવીરજીને તે રાજી;
રાયભાણ મહા બુદ્ધિવંત, કર્યા રાજી આચાર્ય ને સંત...૪૪
રાયમલ રૂડા શૂરવીર, કરે ભક્તિ ધરમમાં ધીર;
રતનજીની તે રૂડી રીત, સેવે મદનમોહન કરી પ્રીત...૪૫
અંબૈદાસ તે ભજે હરિ નામ, કરે ભક્તિ રહે બુધેજ ગામ;
લાખોજી તે મોટું સુખ લેવા, કરે રાધાકૃષ્ણની એ સેવા...૪૬
કેશવ કરે ભક્તિ ભાવે ઘણી, પૂજા સાચવે આચાર્ય તણી;
અવિચલ તે સદા આનંદી, કરે ભક્તિ સંતજન વંદી...૪૭
બેચરભક્ત મોટું સુખ લેવા, કરે રતનજીની નિત્ય સેવા;
ભગવાનજી તે ભક્ત ભારી, કરે સેવા ભક્તિ સુવિચારી...૪૮
માનસિંહને તે મોટી લાજ, કરે મંદિરનું કામકાજ;
ગણેશભક્તને બુદ્ધિ ઘણી, સેવા કરી અખંડાનંદ તણી...૪૯
ભાવસિંહને ભારે વિવેક, કરે ભક્તિ નવ મૂકે ટેક;
જીવણભક્તે સેવા કરી ઝાઝી, રઘુવીરજી મહારાજ થયા રાજી...૫૦

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'પાર્ષદોનાં નામ કહ્યાં' એ નામે એકસો એકમો કિરણ ॥૧૦૧॥

કિરણ : ૧૦૨

ગુણો તથા વિશેષતાએ સહિત પાર્ષદોની નામાવલિ

પૂર્વછાયો :

માને જોયા મહારાજને, જગજીવને જોયા વારંવાર;
હરિલાલે હરિ નીરખ્યા, કરે કોઠારૂં કરી પ્યાર...૦૧
જીવે જોયા જગનાથને, સવચંદે નીરખ્યા શ્યામ;
અરજણે આનંદ આણી, પૂજ્યા પ્રભુ સુખધામ...૦૨

ચોપાઈ :

ગોરધનને ઘણો વૈરાગ, કર્યો ત્રિકમે તે વળી ત્યાગ;
દેસાઈયે દાળીદર કર્યું દૂર, કરે ભક્તિ ભજન ભરપૂર...૦૩
મુનદાસ અતિ નિરમાની, વાંચે વચનામૃત સુખદાની;
વસ્તોભાઈ ભક્તિ કરે ભારી, ભજે સહજાનંદ સુખકારી...૦૪
બાપુજી તે ભારે ભક્તિવાળા, ફરે કાનમમાં ફેરે માળા;
જગુ જૂનો કોઠારી કે'વાય, કરે સેવા હરિ ગુણ ગાય...૦૫
લખો દેસાઈ મોટું સુખ લેવા, કરે ભગવતપ્રસાદજીની સેવા;
હરિભાઈએ તે હરિ ભજી, સર્વ વિષય વાસના તજી...૦૬
મીઠોભક્ત તે આનંદ પામી, ભજે શ્રીસહજાનંદસ્વામી;
જીજીભાઈ તે જગને જીતી, કરી શ્રીહરિમાં દૃઢ પ્રીતિ...૦૭
પ્રાગદાસ તે પૂર્વના જોગી, કરે ભક્તિ ભજન ભોગી;
ઉત્તમભક્તએ તો આ વાર, પૂજ્યા પ્રીતે શ્રીધર્મકુમાર...૦૮

જસેભક્તે જોયા જીવન, કરી પૂજા ને થયા પાવન;
ધોરીભાઈ ધરમમાં રઈ, કરે વાડીની તે માનતાઈ...૦૯
મોરારભક્તની મીઠી વાણી, કરે ભક્તિ ભજન ભાવ આણી;
હરજી તે રૂડો હરિભક્ત, જાણી જંજાળને તજ્યું જક્ત...૧૦
કરસનભક્ત તે નહિ ક્રૂર, મહિમા ભક્તિ ભજન ભરપૂર;
ગલુજીની તે ઘણી ટેક, ભજે સ્વામિનારાયણ એક...૧૧
પૂજોભક્ત પૂરા હરિજન, ભક્તિ ભજન કરે તન મન;
અભેસિંહ અતિ અવલ, ભક્તિ ભજન વિના નહિ પલ...૧૨
કાનો કરે ભક્તિ કીરતન, પ્રભુ વિના નહિ બીજે મન;
જીવો મોરાર તે જસવાળા, કરે ભક્તિ ફેરવે માળા...૧૩
રૂડે રાજી થઈ વારંવાર, ખોદ્યા ગોમતીજી કરી પ્યાર;
ગોકળ ગુણ હરિના ગાય, કથા સાંભળીને રાજી થાય...૧૪
શ્યામળભાઈ તે તો શૂરવીર, ત્યાગ ભક્તિ ભજન ભરપૂર;
શ્યામજી તે રૂડા સુજાણ, કેદી લાગે નહિ કામબાણ...૧૫
નારણદાસ ભક્તિવાળા એવા, કરે અયોધ્યાવાસીની સેવા;
શંકર સેવાભક્તિમાં મણિ, કરી સેવા માંદાની તે ઘણી...૧૬
નૃસિંહ તે થયા બહુ ન્યાલ, ભજે રાત દિવસ ધર્મલાલ;
કાળો ખુશાલ તે બે મણિ, કરે ભક્તિ સેવા ઘોડા તણી...૧૭
પુરુષોત્તમ તે ભક્ત પૂરા, સદા ભક્તિ ભજનમાં શૂરા;
ઈશ્વરે આશા સર્વે તજી, લીધા સ્વામિનારાયણ ભજી...૧૮
વ્રજભાઈને વા'લા બહુ હરિ, પૂજ્યા પ્રભુને તે હેત કરી;
સીભાઈ સંભારે શ્રીહરિ, ગાય કીર્તન તે ભાવ ભરી...૧૯
દલપો દેવના મુગટ કરે, પે'રે કંઠી હાર ઉર ધરે;
જીજીભાઈએ પૂજ્યા જગનાથ, નીરખ્યા હરિ હાર દીધા હાથ...૨૦

બાપુજી બેઉ આનંદ પામી, પૂજ્યા શ્રીસહજાનંદસ્વામી;
ઝવેર હિરો તે જસવાળા, કરે ભક્તિ ફેરવે માળા...૨૧

નરોત્તમને તે નહિ માન, ગાય કીર્તન ભજે ભગવાન;
ગગજી તે ભજે ભગવન, આજ્ઞા ભક્તિમાં ન ચળે મન...૨૨

વાઘજી તે વખાણ્યા જેવા, કરે ભક્તિ ભજન ગુરુ સેવા;
કેવળદાસજી દલમાં વિચારી, કરે ભક્તિ ભજન તે ભારી...૨૩

જેસિંગ તે ઝંઝાળને તજી, લીધા સ્વામિનારાયણ ભજી;
રઘોશ્વર રૂડે કરી ગાય, ભજે શ્રીહરિ નામ સદાય...૨૪

દુલો દ્વારકો તે કરી પ્યાર, ભજે શ્રીઘનશ્યામ ઉદાર;
જોરેભાઈએ નીરખ્યા નાથ, હરિભાઈએ પૂજ્યા હરિ હાથ...૨૫

અજુભાઈ તે આનંદ પામી, ભજે શ્રીસહજાનંદસ્વામી;
કાશીદાસ ભજે ભગવાન, તીખો ત્યાગ વૈરાગ્ય નહિ માન...૨૬

દોલોભક્ત તે દલમાં વિચારી, ગાય કીર્તન ભક્તિ કરે સારી;
બાવેજીયે બનાવી તે વાત, ભજે શ્રીહરિને દિન રાત...૨૭

ભગો ભાઈજી તે બેઉ સારા, કરે ભક્તિ પ્રભુ એને પ્યારા;
ભીખોભક્ત તે ભક્તિવાળા, ભજે હરિ ફેરવે તે માળા...૨૮

ગંગાદા પ્રતાપે ટાળ્યું પાપ, ભજે સ્વામિનારાયણ જાપ;
લાલદાસે લીધા હરિ ભજી, ત્રિવિધી તાપને દીધા તજી...૨૯

મકનદાસે તે માન મેલી, ભજ્યા હરિ ટાળી જગ જેલી;
વસનભક્ત તે વારમવાર, સમરે શ્રીહરિ ન ટૂટે તાર[૧]...૩૦

મુનોભક્ત તે જ્ઞાની ઘણા, કરે વાત તેમાં નહિ મણા;
ગિરધરની તે રૂડી ગતિ, ગોમતીજીને ગળાવે અતિ...૩૧

મોડ દાજી ને ખુશાલ જેહ, કરે દ્વારપાળપણું તેહ;

૧.વૃત્તિ; તલ્લીનતા

રણછોડ રૂડો રઘુનાથ, ભજે સહજાનંદ સુખપાથ...૩૨
રાઘેજીએ બીક સર્વે રાળી[1], કરી ભક્તિ ને વેદના ટાળી;
જગન્નનાથ કુબેર કહાવે, હેતે શ્રીહરિના ગુણ ગાવે...૩૩
જુણોજી થઈ જગથી ઉદાસ, કરી સેવા બેઠા પ્રભુ પાસ;
ખેતો માધો ભક્ત તે ખરા, માન મોટાઈ ન રાખે જરા...૩૪
હેમંતસિંગ હરિને ભજે, વિઠ્ઠલ વાસના સર્વે તજે;
વસ્તો ભવાન અને મૂળજી, પામ્યા પ્રભુને સંસાર તજી...૩૫
ગોવિંદ બેઉ રૂડા ગુણવાન, એને ભક્તિ કર્યાનું તે તાન;
નથુ ભુલજીએ ભાળ્યા હરિ, પૂજી પ્રભુ પ્રદક્ષિણા કરી...૩૬
મૂળજી ભવાને કલ્યાણ કીધું, ભજી ભગવાન મોટું સુખ લીધું;
લખમણ રેવનદાસ તે રૂડા, કરે ભજન ટાળે ઘાટ કૂડા...૩૭
અમરો અનોપ અને મનોર, જસો ભજે હરિ નિશ ભોર;
નારાયણદાસે તે નીરખ્યા નાથ, જસે ભક્તે પૂજ્યા પ્રભુ હાથ...૩૮
ધીરો વીરો બેચર જેસિંગ, લાગ્યો શ્રીહરિનો એને રંગ;
દલો ભક્ત તે દલના ઉદાર, પૂજ્યા પ્રભુ નીરખ્યા વારંવાર...૩૯
નાનો જેસિંગ ને પ્રભુદાસ, ભજ્યા હરિ તજી સર્વે આશ;
કેશવજીએ કરી બહુ પ્રીત, નીરખ્યા પૂજ્યા પ્રભુ રૂડી રીતે...૪૦
ઉમેદસિંહે તે આનંદ પામી, પૂજ્યા શ્રીસહજાનંદસ્વામી;
પૂજોજી તે તો પૂરા હરિજન, સેવ્યા શ્રીહરિને એક મન...૪૧
રામાજીએ રાજી કર્યા નાથ, કરી પૂજા પ્રભુની તે હાથ;
હિરાજી તે અતિ હિતવાળા, કરે ચિત્ર ને ફેરવે માળા...૪૨
રામસિંહજી તે રૂડા ભક્ત, પૂજ્યા પ્રભુને તજ્યું જક્ત;
દેવસી ભક્ત દલમાં વિચારી, પૂજ્યા સહજાનંદ સુખકારી...૪૩

૧.ટાળી નાખી

ભવાનીસંગ દીનાસંગ ભારી, નીરખ્યા નાથ પક્ષ રાખી સારી;
કસળો ગિરધર ગુણવાળા, કરે ભક્તિ ને ફેરવે માળા...૪૪
જીવો દાજી તે તો જસવાળા, રહે વાડીમાં ફેરવે માળા;
કાસી મીઠે ટેલ્ય કરી ઝાઝી, વાંચે વચનામૃત થાય રાજી...૪૫
ઉમોભાઈ તે આનંદ પામી, ગાય કીર્તન ભજે ભાવે સ્વામી;
દ્વારકાદાસે તે તો કઈ વાર, પૂજી પ્રભુને પે'રાવ્યા હાર...૪૬
રણછોડ મંગળ જેઠો જેહ, ભજે હરિ રાજી થઈ તેહ;
રઘુનાથ રઘો ભીમો રાણો, રૂડો વશરામ જાદવ જાણો...૪૭
બેઉ નરોત્તમે નીરખ્યા નાથ, પૂજ્યા સહજાનંદ સુખપાથ;
વ્રધો દયાલજી કાશીદાસ, ભજ્યા હરિ તજી સર્વ આસ...૪૮
કેશવ કરસન મકનભાઈ, પૂજ્યા સહજાનંદ સુખદાઈ;
અમરસી ને નારાયણદાસ, પુરુષોત્તમે પૂજ્યા અવિનાશ...૪૯
વાલો હીરો ને બેચર જેહ, કરે ભજન ભક્તિ રૂડી તેહ;
નારાયણ વિઠ્ઠલ સારે વેશ, ભજન ભક્તિ ન ભૂલે લેશ...૫૦
બાપુ કરે ભક્તિ તે બહુ, જાણે સંગમાં વળી સહુ;
ગિરધર હેમંત ને મનોર, ભજે સહજાનંદ નિશ ભોર...૫૧
વખતો ભલો ગોવિંદ ગણેશ, ભજે શ્રીઘનશ્યામ હંમેશ;
કાંધોજી કરસન ને ગોપાળ, પ્રીતે પૂજ્યા ભક્તિધર્મબાળ...૫૨
વશરામ વાઘો અને કલ્યાણ, ભજે સહજાનંદ સુખભાણ[1];
મેઘ જગતો વરહોભાઈ, ભજે સહજાનંદ સુખદાઈ...૫૩
ભાયો રાઘવ રઘુનાથ જેહ, નીરખ્યા નાથને કરી સનેહ;
દલો છબો બાપુ બેઉ સારા, ગાય કીર્તન પ્રભુ રાખી પ્યારા...૫૪
એહ આદિ છે પાળા અપાર, તેને વંદું હું વારમવાર;
મુને સાંભર્યા તે સર્વ કહ્યા, બીજા દયા રાખજ્યો જે રહ્યા...૫૫

૧.સુખનો સૂર્ય; સુખને પ્રકાશનાર

પૂર્વછાયો :

પ્રીતે કરી પારસદના, ગુણ ગાયા હરખાય;
દાસ વાસુદેવ કહે, સર્વે ગુણ કહ્યા ન જાય...૫૬
નિત્ય નિત્ય પ્રત્યે અતિ પ્રેમસે, પારસદનાં નામ જેહ,
પાઠ કરે ને સાંભળે, સદ્ય મોક્ષને પામે તેહ...૫૭
તેમ સંભાળાવે નામ શુભ, શ્રોતાજન સાંભળે કોય,
શ્રોતા વક્તા ભક્ત સર્વે, પામે પ્રભુપદ સોય...૫૮
ભણે ભણાવે નામ જેહ, તેના ત્રણે તાપ જાય;
દેહ તજ્યે હરિધામ પામે, પરમ સુખિયા થાય...૫૯

॥ આ નામ નજરે જોઈને લખ્યાં છે ॥

॥ ઈતિ પારસદ તેમની નામમાળા સંપૂર્ણ ॥

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'પાર્ષદોનાં નામ કહ્યાં' એ નામે એકસોબેમો કિરણ ॥૧૦૨॥

કિરણ : ૧૦૩

સંતોનાં લક્ષણ તથા મહારાજને ઘોડા, બળદ, ભેંશ, વાહન વસ્તુ આદિક અર્પણ કર્યા તેનું વર્ણન

પદ રાગ : ધોળ (ઢાળ : આનંદ આપ્યો અતિ ઘણો રે)

સતસંગી સર્વે સાંભળો રે, લોભની ન લાગે લેર્ય;
સાધુ સોય જાણિયે રે, પંચવિષયને પરહરે રે; જાણે જરૂર તે ઝેર-સાધુ૦૧
નિષ્કામી વા'લા નાથને રે, સર્વે વાસના ત્યાગી-સાધુ૦
સ્વાદ તજી સુખ પામિયા રે, ભજે ભગવન સુભાગી...સાધુ૦ ૨

સનેહ તજી દીધો સામટો રે, પિંડ બ્રહ્માંડમાં નહિ પ્રીત-સાધુ૦
માન મમતાને મેલીને રે, ચોટ્યું શ્રીહરિમાં ચિત્ત...સાધુ૦ ૩
પરમ કૃપાળુ જાણીવા રે, દ્રોહ રહિત સદાય-સાધુ૦
ક્ષમારૂપી ખડગ ધારિયું રે, સત્યવાણી કે'વાય...સાધુ૦ ૪
દ્વન્દ્વ દુ:ખમાં ના વહે રે, પરઉપકારી આપ-સાધુ૦
કુત્સિત કર્મને ટાળીને રે, ઇંદ્રિયજીત અમાપ...સાધુ૦ ૫
કોમળતા કૈયે કેટલી રે, અતિ આચારવંત-સાધુ૦
સંગ્રહ રહિત સુજાણ છે રે, આહાર લઘુ અત્યંત...સાધુ૦ ૬
શિતળ હૃદય સંતનું રે, સદાય વિચારવાન-સાધુ૦
નિજ ધર્મ પાળવા શૂર છે રે, સાચા તે તો સાવધાન...સાધુ૦ ૭
કોઈ વિકાર ન ક્રૂરતા રે, ધીરજ ઢાલ સદાય-સાધુ૦
દયા અધિક છે દિલમાં રે, ષડ્ઉર્મીજીત જગ ગાય...સાધુ૦ ૮
મનજીત મીઠું બોલવું રે, દાસપણું દરશાય-સાધુ૦
શરણાગત સુખી ઘણા રે, જ્ઞાનદાતા ગુણ ગાય...સાધુ૦ ૯
મિત્ર સહુના માનવા રે, વિવેક અધિક વિચાર-સાધુ૦
વિશ્વાસી હરિસંતમાં રે, ભ્રાંતિ રહિત નિરધાર...સાધુ૦ ૧૦
હરિપરાયણ વરતવું રે, નિરાશી[૧] તે નિશદન-સાધુ૦
હેત ઘણું હરિજનમાં રે, ભક્તિ સદાય ભજન...સાધુ૦૧૧
એ આદિક અનેક છે રે, ગુણ ઘણા સુખદાય-સાધુ૦
સંભારિયે એવા સંતને રે, દાસ વાસુદેવ ગાય...સાધુ૦૧૨

પૂર્વછાયો :

પ્રગટ પ્રભુ પરમાતમા, તેના અતિ એકાંતિક દાસ,
સેવા કરે હરિકૃષ્ણની, ભજે આનંદ મન અવિનાશ...૦૧

૧.આશા-તૃષ્ણા રહિત

આપ્યાં પ્રભુને વસ્ત્ર વાહન, અનુપ તે અલંકાર,
બાજુ પોંચી હેમનાં, કોયે હૈયે પે'રાવ્યા હાર...૦૨

ચોપાઈ :

સુરો ખાચર ભક્ત સુજાણ, જેના મહાપ્રભુ જીવનપ્રાણ;
મહાપ્રભુ વિના ન રહેવાય, નિશદિન હરિગુણ ગાય...૦૩
જે જે વા'લું પદારથ જોય, આપે શ્રીહરિકૃષ્ણને સોય;
એક ભૂતડી ઘોડી તે સાર, બીજી તાજણ રૂપ ઉદાર...૦૪
આપ્યો કેશરિયો ઘોડો એક, કરી વિનય અતિશે વિવેક;
એક સુંદર ઘોડી સિંગાળી, આપી રસિયાજીને રૂપાળી...૦૫
સાઠ્ય વીઘા તે આપેલ ધરણી, ધન્ય ધન્ય એ ભક્તની કરણી[1];
તેહ આદિક જે અન્ન ધન, કરી અર્પણ ભક્તિ સઘન...૦૬
ઉત્તમ નૃપ ભારે નિષ્કામ, જેને વ્હાલા ઘણા ઘનશ્યામ;
ધન ધામ ધરાદિક જેહ, સોંપ્યું શ્યામને કરી સનેહ...૦૭
મહારાજને અર્થે જે નાવે, તેવું પદારથ નહિ કા'વે;
એક આપેલ માણકી ઘોડી, રૂડી બાવળી માણકી જોડી...૦૮
ગાંડિયો મુંઝિયો બેઉ બેલ, મહાપ્રભુજીને તે આપેલ;
એક આપી ગોરહર ગાય, મહાપ્રભુજીને પય પાય...૦૯
કડાં સાંકળાં હાર કંદોરો, માથે કલંગી મોતીનો તોરો;
સુરવાળ જામો અને પાઘ, અંગ શોભે છે ઘણો સોહાગ...૧૦
એની આદિક જે અલંકાર, હરિને ધરાવે વારમવાર;
ભારે ભક્ત જે સોમલો જેહ, તેને શ્યામમાં ઘણો સનેહ...૧૧
ગામ બોટાદના હરિજન, જેનાં મહાપ્રભુને વિષે મન;
પ્રભુ અર્થે ધારી રહ્યા દેહ, એમાં લેશ તે નહિ સંદેહ...૧૨

૧.ક્રિયા; સત્કાર્ય

સોમવર્માને પ્રેમ અપાર, હરિમૂર્તિ માંહિ તદાકાર[૧];
એક બેરી ઘોડી સારી હતી, આપી શ્રીહરિને શુભમતિ...૧૩
ઝિંઝાવદરનો હરિદાસ, રે'તો મહાપ્રભુજી તણી પાસ;
નામે અલૈયો ખાચર જાણો, પ્રીતિ પ્રભુજીમાં પરમાણો...૧૪
એક કેશર ઘોડી રૂપાળી, આપી મહાપ્રભુને હદ વાળી;
ઉર ઉઠાડી પ્રેમના મોજા, આપ્યા બે હરિને ઘોડા રોજા...૧૫
ગામ રોજકાના હરિજન, કાકોભાઈ તે અતિ પાવન;
રોઝી ઘોડી ચડવા હરિને, આપી પૂરણ પ્રેમ કરીને...૧૬
વસ્ત્ર ભૂષણ ભારે વાહન, હરિને આપી રાજી થયો મન;
ગજો ગઢવી રોજકા તણો, જેને પ્રભુ વિષે પ્રેમ ઘણો...૧૭
જાતે ચ્યમલી ઘોડી રૂપાળી, આપી મહાપ્રભુને દ્રઢ ભાળી;
ગામ જસકાના હરિભક્ત, પંચવિષય થકી વિરક્ત...૧૮
નામે જીવોભાઈ હરિજન, હરિભક્તિમાં જેને લગન;
મહારાજને આપી રૂપાળી, હતી ઘોડી જાતે ફૂલમાળી...૧૯
ગામ ઉનાનો નાગર સાર, નામે જીવણભક્ત ઉદાર;
તેણે આપેલ ઘોડી રૂપાળી, છબીદાર તે જાતે છોગાળી...૨૦
કારિયાણીનો વસ્તો ખાચર, તેને વ્હાલા અતિ મુનિવર;
માણકી વાંગળી ઘોડી સાર, આપી મહાપ્રભુને કરી પ્યાર...૨૧
ઘેલો રૂપણિયો બે બેલ, મહાપ્રભુજીને તે આપેલ;
ગામ ગઢડાના હરિજન, હરજી ઠક્કરને જાણો ધન...૨૨
મહારાજને ઘોડી હીરાળી, એક આપી તે ભેંશ રૂપાળી;
એક દેગડું આપિયું નાવા, મહારાજને મન રિઝાવા...૨૩
લાવ્યા પાટ્ય તે પ્રભુને કાજ, થઈ પ્રસન્ન બેઠા મુનિરાજ;

૧.તદ્રૂપ; મૂર્તિ આકાર

શોભે મંડપમાં સુખકારી, તેનું દર્શન કરે નરનારી...૨૪
પંચાળાના ભગત જીણોભાઈ, જેને વહાલા હરિ સુખદાઈ;
બીજા ભક્ત ગગોભાઈ સાર, ઘોડી બોદલી આપી ઉદાર...૨૫
બીજી ઘોડી તે તાજણ સારી, આપી શ્રીહરિને હિત ધારી;
કરિયાણાના દેહા ખાચર, તેને વ્હાલા અતિ નટવર...૨૬
મહારાજને ઘોડી સિંહાળી, આપી મહાપ્રભુજીને રૂપાળી;
ગામ ગુડેલના હરિભક્ત, શૂરવીર ભારે જી[1] જાણે જક્ત...૨૭
મહારાજ વિષે ચિત્ત જોડી, નામે બોદલી આપી તે ઘોડી;
બોચાસણતણા કાશીદાસ, તેનું મન મહાપ્રભુ પાસ...૨૮
આપ્યા બળદ બે માફા સહિત, જેને પ્રભુમાં પૂરણ પ્રીત;
વૈદ વડોદરાનો તે સાર, રામચંદ્ર છે નામે ઉદાર...૨૯
બળદ આપ્યા બે માફા સજુત[2], તેની શોભા બની અદભુત;
વાલોભાઈ વસોતણા જન, વેલ્ય બળદ બે આપિયા ધન...૩૦
ગામ વેરા તણો કાળીદાસ, વૃદ્ધ ભાઈ હતો તેની પાસ;
એક બળદ આપ્યો તેણે સારો, થયા પ્રસન્ન ધર્મ દુલારો...૩૧
ગામ દેગામનો ભક્ત ભલો, જાતે બ્રાહ્મણ ને નામે કલો;
તેણે બળદ સારો એક આપ્યો, ઘણો સનેહ અંતરમાં વ્યાપ્યો...૩૨
ભગા મૂળાની વારતા બડી, તેનું ગામ જાણો પીઠવડી;
ભારે આપી તે ભેંસ હરિને, દૂધ પીવાને પ્રેમ કરીને...૩૩
મનજીભાઈ ઝીલોડનો જન, તેણે બળદ આપ્યો એક દન;
વેણીભાઈનું અસલાલી ગામ, જેને વા'લા ઘણા ઘનશ્યામ...૩૪
ભેંશ આપી પ્રભુજીને સારી, મહારાજને ઉરમાં ધારી;
દલોભાઈ બેચરભાઈ સાર, બામણગામના પાટીદાર...૩૫

૧.જીભાઈ ૨.સહિત

તેણે બળદ આપ્યો એક સારો, થયા પરસન ધર્મ દુલારો;
એક ભારે ઉમરેઠ ગામ, ત્યાંના ભક્ત નંદુ રુપરામ...૩૬
પીતાંબર ને દેગડું સાર, આપ્યું પ્રભુજીને કરી પ્યાર;
ઈચ્છા ભક્તિની અંતરે ઊંડી, એક આપી ત્રાંબા તણી કુંડી ...૩૭
ગોવિંદ ગિરધરભાઈ સુજાણ, ગામ તેનું તે જાણો ડભાણ;
તેણે બળદ આપ્યો એક ભારી, લોકવાસના ઉરે વિસારી...૩૮
ગામ ગઢડાનો જીવો ખાચર, તેને વા'લા બહુ નટવર;
ગયો ગામ નસીતપુર સાથ, ત્યાં ચિભડું છોલતા હતા નાથ...૩૯
પાળી[૧] બેઠી[૨] તે હાથ લગાર, હતી તીખી સજેલી તે ધાર;
જીવો ખાચર દિલગીર થયા, ઘણો ખરખરો કરવા રહ્યા...૪૦
સો રૂપિયાનો ચોફાળ સાર, બાંધ્યો પાટો પ્રભુને તે વાર;
ગામ કુંડળના હરિજન, બાઈ રાઈબાઈ અતિ પાવન...૪૧
તેને પ્રભુ સાથે પ્રીત ખરી, જમ્યા દહીં સાકર તેનું હરિ;
ગામ ગઢડામાં રહ્યા સુખદાઈ, દાદાખાચરના દરબારમાંઈ...૪૨
લાડુબાઈ જીવુબાઈ જેહ, જમાડે સદા સ્વામીને તેહ;
દહીં દૂધ ને સાકર સારી, જમે ઘણે હેતે ગિરધારી...૪૩
ગામ ગઢાળીના શેઠ આંબા, દેતા હરિને હાથ કરી લાંબા;
જમાડ્યા સ્વામીને સંત ઘણા, આપી મહિષી ન રાખી મણા...૪૪
સુંદર શાક કરતા હતા સ્વામી, માગ્યું વસ્ત્ર તે બહુનામી;
આપ્યો ફેંટો ફાડીને તે વાર, પાળે માનજીએ કરી પ્યાર...૪૫
ગામ મુમાઈના નરભેરામ, તેને વા'લા અતિ ઘનશ્યામ;
દીધો રૂપાનો થાળ કરાવી, લોટા અબખોરા ઝારી લાવી...૪૬

૧.છરી ૨.વાગી

ગામ સુરતના અંબારામ, પ્રભુ પધાર્યા તે તેને ધામ;
રૂડો માફો ને બળદ રૂપાળા, દીધા હરિને થયા સુખાળા...૪૭

સુરતના જાદવજી જેહ, દીધો હિંડોળો કરી સનેહ;
પિપલગના તે પાટીદાર, વસનદાસ ઝવેરજી સાર...૪૮

એક બળદ આપ્યો બહુ સારો, કર્યા રાજી તે ધર્મદુલારો;
એ ગામના નરોત્તમ સાર, આપ્યા આંબા અઢાર કરી પ્યાર...૪૯

સૂરજ પ્રભાબાઈ તે સારાં, ભુજનગરનાં તે રહેનારાં;
સુંદરજી હીરજી બે ભાઈ, રે'તા શ્રીહરિ ત્યાં રાજી થાઈ...૫૦

રથે બેસારીને રૂડી પેર, મેલ્યા ગંગારામને તે ઘેર;
રહ્યા રાજી થાઈ મહારાજ, ગંગારામને ઘેર મુનિરાજ...૫૧

સુરતના પટેલ દયારામ, તેણે પૂજ્યા સહજાનંદ શ્યામ;
દીધો મેનો બેસવાને કાજ, અતિ રાજી કર્યા મહારાજ...૫૨

વડતાલથી મહારાજ ગયા, ગામ વટામણ જઈ રહ્યા;
ઝીંઝરનો ખોડોભાઈ જેહ, લાવ્યા રૂપૈયાનું વૃંતાક તેહ...૫૩

તેનું કર્યું શ્રીહરિએ શાક, બીજા બહુ બનાવ્યા પાક;
જમ્યા જીવન તે રૂડી રીત, દીધો પ્રસાદ તે કરી પ્રીત...૫૪

ગામ ભેંસજાળના કાયોભાઈ, તેને હરિશું સાચી સગાઈ;
સરક ઘોડીની માંગીને સાર, દીધી પ્રભુને તે કરી પ્યાર...૫૫

ગામ બોચાસણમાં તે કાછિયા, કાળીદાસ ભૂધર ત્યાં રહ્યા;
પાંચ વૃંતાક પ્રભુને તે આપ્યાં, દુઃખ અનંત જનમનાં કાપ્યાં...૫૬

કતારગામના મોરાર જગા, તેના શ્રીહરિ જાણજો સગા;
બે બળદ ને માફો ઉદાર, દીધો પ્રભુજીને કરી પ્યાર...૫૭

ગામ ગઢડાનાં અમરબાઈ, જીવો ખાચર અમૂલા જાઈ;
પૂજ્યા પ્રભુજીને બહુ પ્રીતે, દીધી રસોઈયો તે રૂડી રીતે...૫૮

એ આદિ ઘણા હરિજન, પ્રભુ પૂજીને થયા પાવન;
તેનો ગણતા ન આવે પાર, લખે શેષજી મુખ હજાર...૫૯

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'સંતોનાં લક્ષણ તથા મહારાજને ઘોડા, બળદ, ભેંશ, વાહન વસ્તુ આદિક અર્પણ કર્યાં તેનું વર્ણન કર્યું' એ નામે એકસોત્રણમો કિરણ ॥૧૦૩॥

કિરણ : ૧૦૪

શ્રીહરિ જે જે ગામમાં હિંડોળે બેઠા તેનું વર્ણન

પૂર્વછાયો :

વડતાલ વા'લમ આવિયા, ઘોડે ચડીને ઘનશ્યામ;
સુખ દેવા સંતજનને, પ્રીતમ પૂરણકામ...૦૧
હિંડોળે બેઠા શ્રીહરિ, તેની તે કહું વળી વાત;
વસ્ત્ર ભૂષણ પે'રી અંગે, લીલા કરે દિન રાત...૦૨

ચોપાઈ :

વ્રતપુરીમાં વારમવાર રે, આવી આવીને ધર્મકુમાર રે;
આપે આનંદ અક્ષરવાસી રે, પ્રાણજીવન પ્રીત પ્રકાશી રે...૦૩
મોટે આંબલે આનંદરૂપ રે, બેઠા હિંડોળે મહામુનિ ભૂપ રે;
આંબલાની ઉગમણી ડાળ રે, બાંધ્યો નિષ્કુળાનંદ દયાળ રે...૦૪
બની બિરાજિયા બહુનામી રે, છબી ધામ સહજાનંદસ્વામી રે;
અગોઅંગ ધરી શણગાર રે, શોભે રસિયો ધર્મકુમાર રે...૦૫
પંચ વર્ષનો આંબલો હતો રે, થયો ચૌદ ભુવનમાં તે છતો રે;
આંબે બાજરિયે બીજીવાર રે, બેઠા હિંડોળે પ્રાણઆધાર રે...૦૬

પગી જોબન ભક્ત ઉદાર રે, બંધાવ્યો હિંડોળો તે સાર રે;
તિયાં બિરાજિયા અલબેલ રે, છબી ધામ છોગાવાળો છેલ રે...૦૭

ઓટાથી ઉગમણી આંબલી રે, બાંધ્યો હિંડોળો શોભા ભળી રે;
રણછોડબાપુ ભૈયે રસ રીતે રે, બંધાવ્યો હિંડોળો પ્રીતે રે...૦૮

બેઠા બની ઠની બહુનામી રે, પોતે અક્ષરધામના ધામી રે;
બેઉ આંબે હિંડોળો ઉદાર રે, બાંધ્યો નિષ્કુળાનંદજીએ સાર રે...૦૯

તેની શોભા કહી નવ જાય રે, બેઠા હિંડોળે મહા મુનિરાય રે;
ધર્યો મુગટમણિ મહારાજ રે, કીધાં કોટીક જનનાં કાજ રે...૧૦

હતા પંચના આંબા એહ રે, બેઠા હિંડોળે શ્રીહરિ તેહ રે;
નારણગિરિની આંબલિયે આપ રે, બેઠા હિંડોળે પ્રબળ પ્રતાપ રે...૧૧

બેસી હિંડોળે દર્શન દીધાં રે, કંઈક જનનાં કારજ કીધાં રે;
શોભે શિર પર સુંદર પાઘ રે, છોગાં સહિત ઝૂકી વામ ભાગ રે...૧૨

ગામ ઉધના સુરત પાસ રે, ભાઈરામ બ્રાહ્મણ હતો દાસ રે;
બાંધ્યો હિંડોળો બાવળે સાર રે, તે પર બેઠા તે ધર્મકુમાર રે...૧૩

આવ્યા સુરતના હરિજન રે, કરી પૂજા પ્રગળ[1] કરી મન રે;(૧.સ્વચ્છ)
તેની શોભા તે શી કહી દાખું રે, વારી સર્વે છબી પર નાખું રે...૧૪

ગામ જોળે ગયા કરી પ્યાર રે, બાંધ્યો હિંડોળો લીંબડે સાર રે;
વા'લો તે પર બેઠા કરી પ્રીત રે, છબી નીરખી થઈ તેની જીત રે...૧૫

રામદા ગોપાલ આદિ જન રે, તેણે પૂજા કરી થઈ મગન રે;
વા'લો ગયા વલાસણ ગામ રે, બેઠા હિંડોળે સુંદર શ્યામ રે...૧૬

સારો હિંડોળો આંબલિયે શોભે રે, જોઈ જન તણાં મન લોભે રે;
દાજી રઘો વજોભાઈ સાર રે, તેણે પૂજ્યા પ્રભુ કરી પ્યાર રે...૧૭

ત્રિકમરાયજી ગુલાબબાઈ રે, એ આદિ પૂજ્યા રાજી થાઈ રે;
દેદરડે વડે હિંડોળો સાર રે, તે પર બેઠા તે ધર્મકુમાર રે...૧૮

થોભણ વેણી ગલા આદિ જન રે, પૂજ્યા પ્રભુ થઈ મગન રે;
ગામ કણઝરીએ ગયા કીરતાર રે, બાંધ્યો વડે હિંડોળો સાર રે...૧૯

બિરાજ્યા તે પર બહુનામી રે, સુખસિંધુ સહજાનંદસ્વામી રે;
મૂળજી રણછોડ ખોજાઈ રે, એહ આદિ પૂજ્યા બાઈ ભાઈ રે...૨૦

ગામ નરસંડાના પાટીદાર રે, બાંધ્યો વડે હિંડોળો સાર રે;
તે પર બેઠા તે બહુનામી રે, સુખસાગર સહજાનંદસ્વામી રે...૨૧

ગામ નરસંડા ન્યાલ થયા રે, બેઠા હિંડોળે પીંપરે કરી દયા રે;
વાલોભાઈ કાશીદા રઘગર રે, પૂજ્યા પ્રીતે પ્રભુ નટવર રે...૨૨

જીંડવેપરે લીંબે હિંડોળો રે, બાંધ્યો ઢોલિયો સુંદર પો'ળો રે;
ઈશ્વર કુબેરદા આદિ જન રે, પૂજ્યા સહજાનંદ ભગવન રે...૨૩

બામણોલી રાયણે બહુ નામી રે,બેઠા હિંડોળે સહજાનંદસ્વામી રે;
પૂજ્યા તખા આદિ જન બહુ રે, તેની વાત ઝાઝી શી કહું રે...૨૪

પુરે મવડીએ કરી પ્યાર રે, બાંધ્યો લીંબડે હિંડોળો સાર રે;
જાલમ જોરા હિમાદિ ભક્ત રે, પૂજ્યા પ્રભુ જાણે સર્વે જક્ત રે...૨૫

સંજાયે લીંબડે સુખરાશી રે, બેઠા હિંડોળે ત્યાં અવિનાશી રે;
વજેરામ ગરીબદા આદિ ભારી રે, પૂજ્યા સહજાનંદ સુખકારી રે...૨૬

વલેટવે તે વડે હિંડોળે રે, બેઠા બની ઠની વળી ડોળે રે;
રૂગનાથ રણછોડ આદિ દાસ રે, પૂજ્યા પ્રભુ તજી સર્વે આશ રે...૨૭

બોચાસણે તે તો બહુનામી રે, બેઠા વડે હિંડોળે સ્વામી રે;
કાશીદા કાનદા આદિ જન રે, પૂજ્યા શ્રીહરિ જાણી જીવન રે...૨૮

ડભાણ દયા કરીને ગયા રે, બેઠા વડે હિંડોળે આણી દયા રે;
વિષ્ણુદા પૂજા આદિ પ્રમાણ રે, પૂજ્યા શ્રીઘનશ્યામ સુજાણ રે...૨૯

બેઠા વડથલે હિંડોળે વા'લો રે, રૂડે વડે તે ધર્મનો લાલો રે;
ભાણાદિ બીજા જન ઘણા રે, પૂજ્યા પ્રભુને ન રાખી મણા રે...૩૦

મેમદાવાદમાં તે મહારાજ રે, બેઠા વડે હિંડોળે મુનિરાજ રે;
દુર્લભરામ બેચર આદિ બહુ રે, પૂજ્યા સહજાનંદ જાણે સહુ રે...૩૧
બીજે વડે હિંડોળો વારી રે, બેઠા સહજાનંદ દુઃખહારી રે;
અંબારામ દયારામ આદિ રે, પૂજ્યા હરિ જાણી અનાદિ રે...૩૨
ગામ જેતલપુરમાં જાઈ રે, બેઠા હિંડોળે હરિ સુખદાઈ રે;
રૂડી રાયણ તે વાડીમાંય રે, બેઠા હરિ હિંડોળે ત્યાંય રે...૩૩
ધર્યો મુગટ ત્યાં મુનિરાજ રે, જોયા જીવન અંતરજામી આજ રે;
બીજો વડ હતો વેદી પાસ રે, બેઠા હિંડોળે ત્યાં અવિનાશ રે...૩૪
અસલાલીને મારગે મહારાજ રે, બેઠા વડે હિંડોળે મુનિરાજ રે;
આશજી ગંગાદા ગંગાબાઈ રે, પૂજ્યા સહજાનંદ સુખદાઈ રે...૩૫
ધન્ય ધન્ય જેતલપુર ગામ રે, વા'લે કર્યું તે નિજધામ રે;
ગયા કરજીસણ કીરતાર રે, બેઠા આંબલી હિંડોળે પે'રી હાર રે...૩૬
કર્યો અષ્ટમી ઉત્સવ વા'લે રે, ધર્મધુરંધર ધર્મલાલે રે;
નાનાભાઈ આદિ ભક્ત અપાર રે, પૂજ્યા પ્રાણપતિ વારંવાર રે...૩૭
આદરજમાં ગયા અવિનાશી રે, કર્યો અન્નકોટ પ્રીત પ્રકાશી રે;
બાંધ્યો વડે હિંડોળે તે વાર રે, બેઠા પ્રીતમજી કરી પ્યાર રે...૩૮
ભગુ હવનબાઈ આદિ ભક્ત રે, પૂજ્યા હરિ જાણે સર્વે જક્ત રે;
ગયા મછિયાવે મહારાજ રે, બેઠા વડે હિંડોળે મુનિરાજ રે...૩૯
બાપુભાઈની હિંડોળા ખાટે રે, બેઠા હરિ દર્શન દેવા માટે રે;
બાપુ ફઈબા આદિ બાઈ ભાઈ રે, પૂજ્યા સહજાનંદ સુખદાઈ રે...૪૦
દેવાણમાં દયા કરી વા'લો રે, બેઠા હિંડોળા ખાટે ધર્મલાલો રે;
ઠાકોર બાદરસિંઘ હરિભાઈ રે, પૂજ્યા સહજાનંદ સુખદાઈ રે...૪૧
સુરત શહેરે સહજાનંદસ્વામી રે, બેઠા હિંડોળા ખાટે બહુનામી રે;
ભિખારીદા ભાઈચંદને ઘેર રે, જમ્યા જુગતે કરીને મે'ર રે...૪૨

વળી જાદવજીને ઘેર હરિ રે, બેઠા હિંડોળે દયા કરી રે;
પૂજ્યા પ્રભુને કરી બહુ પ્રીત રે, થઈ જગમાં અલૌકિક જીત રે...૪૩
કારિયાણીની કહું હવે વાત રે, બેઠા હિંડોળે હરિ દિન રાત રે;
દરબાર મધ્યે લીંબ સારો રે, તે પર બેઠા તે ધર્મદુલારો રે...૪૪
વસ્ત્ર ભૂષણ મનોહર પે'રી રે, કરે વાતુ સુંદર રંગલે'રી રે;
ભક્ત માંચા વસ્તા આદિ જન રે, પૂજ્યા શ્રીહરિ થઈ પ્રસન્ન રે...૪૫
ગયા સારંગપુર સુખસિંધુ રે, દયા કરી હરિ દીનબંધુ રે;
બેઠા લીંબડે હિંડોળે વા'લો રે, દેવાં દર્શન તે ધર્મલાલો રે...૪૬
શોભા મુખ વર્ણવી ન જાય રે, મોટા મોટા મુનિવર ગાય રે;
જીવા ખાચર આદિ ભક્ત ઘણા રે, પૂજ્યા પ્રભુ ન રાખી મણા રે...૪૭
ધન્ય ધન્ય ગઢપુર ધામ રે, લેતાં પાવન થઈયે નામ રે;
દાદોખાચર ભક્ત ઉદાર રે, પૂજ્યા હરિ તે વારમવાર રે...૪૮
બેઠા લીંબડે હિંડોળે હરિ રે, દરબાર મધ્યે સભા કરી રે;
દાદાખાચરની હિંડોળા ખાટે રે, વા'લો બેઠાં દર્શન દેવાં માટે રે...૪૯
લક્ષ્મીવાડિયે હિંડોળો સાર રે, બાંધ્યો નિત્યાનંદજી કરી પ્યાર રે;
બેઠા હિંડોળે ત્યાં બહુનામી રે, સુખસિંધુ સહજાનંદસ્વામી રે...૫૦
રઘુવીરજીને વંડે દયા કરી રે, બેઠા હિંડોળે ત્યાં શ્રીહરિ રે;
અવધપ્રસાદજીને વંડે વા'લો રે, બેઠા હિંડોળાખાટે ધર્મલાલો રે...૫૧
સચ્ચિદાનંદ સ્વામીએ સાર રે, બાંધ્યો લીંબે હિંડોળો કરી પ્યાર રે;
બેઠા વંડે હિંડોળે હરિ રે, સંત હરિજનની સભા કરી રે...૫૨
એવી રીતે ગઢડે ઘનશ્યામ રે, બેઠા હિંડોળે પૂરણકામ રે;
કરી લીલા અનંત આ વાર રે, ગાઈ શેષજી નવ પામે પાર રે...૫૩
ગામ ધોરાજીમાં ધર્મલાલ રે, બેઠા હિંડોળે વા'લો કરી વા'લ રે;
અજુભાઈ આદિ હરિજન રે, શોભે સભા સ્વામીની પાવન રે...૫૪

ગામ ગુડમાં તે ગુણવંત રે, બેઠા હિંડોળે શ્રીભગવંત રે;
બેઠા હિંડોળા ખાટે શ્રીહરિ રે, સંતજનની ત્યાં સભા કરી રે...૫૫

હઠીભાઈ આદિ ભક્ત અપાર રે, પૂજ્યા પ્રભુ તે વારમવાર રે;
ગામ જમુનાવડે જગનાથ રે, બેઠા હિંડોળા ખાટે સુખપાથ રે...૫૬

દાદાભાઈના દરબારમાંઈ રે, જમ્યા જુગતે ત્યાં સુખદાઈ રે;
કરી લીલા અનંત અપાર રે, તેનો કોયે ન થાય નિરધાર રે...૫૭

સર્વે હિંડોળે બેઠા સુખદાય રે, સહસ્ર મુખે શેષજી ગાય રે;
કે'તાં કોય ન પામે જેનો પાર રે, એવા હરિ અક્ષરના રહેનાર રે...૫૮

કરી શોભા તે સુંદર શ્યામ રે, પુરુષોત્તમ પૂરણકામ રે;
ભણે ભણાવે શીખે ગાય રે, તે તો સુખે બ્રહ્મમોલ જાય રે...૫૯

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ જે જે ગામમાં હિંડોળે બેઠા તેનું વર્ણન કહ્યું' એ નામે એકસો ચારમો કિરણ ॥૧૦૪॥

કિરણ : ૧૦૫

ડભાણ યજ્ઞમાં શ્રીહરિ માટે ઘરેણાં લાવ્યાં તે ભક્તોનાં નામ

પૂર્વછાયો :

ડભાણમાં દયા કરી, જગન કર્યો જગનાથ;
અનેક જીવ ઓધારવા, કરી લીલા તે સુખપાથ...૦૧

વસ્ત્રભૂષણ પે'રી વા'લો, ઘોડે ચડ્યા ઘનશ્યામ;
કોટિક વિપ્ર જમાડીને, દક્ષિણા દીધી ગુણધામ...૦૨

ચોપાઈ :

કહું કાઠિયાવાડના ભક્ત, તેને જાણે તે સર્વે જક્ત;
લાવ્યા ઘરેણાં ડભાણ ગામ, કહું સંભારી સુંદર નામ...૦૩

નાથ નિઃસ્પૃહી તે ભગવાન, નહીં મોટ્યપ ને લેશ માન;
એનું હેત જોઈને આ વાર, પે'ર્યાં ઘરેણાં જગ આધાર...૦૪

ભારે ભક્ત મોટાં જીવુબાઈ, ભક્ત રાજબાઈની તે વડાઈ;
એને હેત હરિમાં તે બહુ, જાણે સત્સંગમાં વળી સહુ...૦૫

તેનાં કડાં કનકનાં ભારી, શોભે સુંદર તે સુખકારી;
હતાં ચોવીસોનાં[1] ચિત્તચોર, પે'ર્યા પ્રીતેશું ધર્મકિશોર...૦૬

અલૈયા ખાચરનાં હેત આણી, પે'ર્યાં સાંકળાં સારંગપાણી;
હતાં અઢારસોનાં તે એહ, પે'ર્યાં પ્રભુ રાજી થઈ તેહ...૦૭

ખાચર માંચા વસ્તાની ઊતરી[2], પ્રસન્ન થયા પે'રી શ્રીહરિ;
બારસોની હતી બહુ સારી, પે'રી ઘણે હેતે ગિરધારી...૦૮

દાદાખાચર અતિ ઉદાર, પે'ર્યા તોડા પ્રભુ કરી પ્યાર;
આઠસોનાં સોનું રૂડું ઝગે, શોભે સુંદર તે બેઉ પગે...૦૯

ભારે ભક્ત તે તો લાડુબાઈ, પેર્યો કંદોરો વા'લે રાજી થાઈ;
સાતસોનો સોનું સરસ શોભે, જોઈ જોઈ ભક્ત મન લોભે...૧૦

સોમલો ખાચર તે સુજાણ, વેઢ પે'રાવ્યો વા'લાને મીઠી વાણ;
એકસોનો હતો તે નંગ, શોભે રસિયોજી અંગોઅંગ...૧૧

સુરાભક્તે દર્ભાવતી[3] જઈ, વેઢ પે'રાવ્યો વા'લાને રાજી થઈ;
હતા સો સોના વેઢ એ સારા, પે'રી પ્રીતમજી લાગે પ્યારા...૧૨

મૂળુભાઈનો વેઢ વા'લે પે'રી, શોભે લટકાં કરતાં લે'રી;
નાજા ભક્તનો વેઢ વા'લે લઈ, પેર્યો પ્રીતે તે રાજી થઈ...૧૩

કાળા ભક્તનો વેઢ તે સારો, પે'રી શોભતા ધર્મદુલારો;
અમૂલાબાઈનો વેઢ પે'રી અતિ, શોભે સુંદર તે સંતપતિ...૧૪

૧.૨૪૦૦ રૂપિયાના ૨.ડોકમાં પહેરવાનું ઘરેણું ૩.ડભાણ

અમરબાઈએ અતિ હેત લાવી, વેઢ પે'રાવ્યો ભક્તિ કરી ભાવી;
જીવા ખાચર અતિ ઉદાર, વેઢ પે'રાવ્યો વા'લાને કરી પ્યાર...૧૫
હમીર ખાચરનો વેઢ વા'લે, પહેર્યો ધીરે રહી ધર્મલાલે;
માતરા ધાંધલ તે મરમાળો, વેઢ પે'રાવ્યો વા'લાને રૂપાળો...૧૬
સુરવાળ જામો તે સાર, પે'રાવ્યો ભગે મૂળે કરી પ્યાર;
બસોનાં બે વસ્ત્ર તે સારાં, પે'ર્યા હરિએ લાગે અતિ પ્યારાં...૧૭
માથે સોનેરી રેંટો તે શોભે, જોઈ જીવનને મન લોભે;
સત અઢારનો[1] તે તો હતો, વા'લાને વળી અતિ શોભતો...૧૮
નવાનગરે તે તો વણાવ્યો, હરિજને હરિને બંધાવ્યો;
બાંધ્યો કેડે તે તો એક રેંટો, નાંખ્યો ખભે તે સુંદર ફેંટો...૧૯
સો સોનાં બે વસ્ત્ર તે તો હતાં, વા'લાને વળી અતિ શોભતાં;
બાજુબંધ બેઉ ચિત્તચોર, તેનાં લટકે તે સુંદર બોર...૨૦
લાવ્યા પૂંજો વનો બેઉ ભાઈ, પે'રી પ્રસન્ન થયા સુખદાઈ;
કાશીદાસનાં ચોકડાં[2] કૈયે, તેને સંભારીને સુખ લૈયે...૨૧
હતું સો સોનું એક નંગ, પે'રી પ્રભુ શોભે અંગોઅંગ;
એવાં વસ્ત્ર ઘરેણાંને પે'રી, શોભે સુંદર તે રંગલે'રી...૨૨
સુરતના સત્સંગીનાં નામ, કહું સાંભળો પુરુષ ને વામ;
લાવ્યા શણગાર શ્રીહરિ કાજ, જોઈ રાજી થયા મહારાજ...૨૩
ગામ ડભાણમાં દયા કરી, શોભે સુંદર તે શ્રીહરિ;
ભાઈચંદભાઈનું તે જાણો, પલાણ[3] પંદરસોનું પ્રમાણો...૨૪
હતું સાવ સોનેરી સારું, શોભે રોઝે ઘોડે લાગે પ્યારું;
ગોવિંદભાઈ ઘોડાનું તાવિત[4], લાવ્યા બારસોનું કરી પ્રીત...૨૫

૧.૧૮૦૦ રૂપિયાનો ૨.કાને પહેરવાનું એક જાતનું ઘરેણું ૩.ઘોડાને સજાવવાનો સામાન
૪.માંદળિયા જેવું આભૂષણ

જીભાઈ લાવ્યા જોઈ મન લોભે, ઘોડે ડૂમચી[1] સોનાની શોભે;
હતી ચારસોની ચિત્તચોર, શોભે ઘોડે ફૂદડિયો નોર...૨૬

વળી ડૂમચી રૂપાની હતી, કૃષ્ણદા લાવ્યા અતિ શોભતી;
હતી એક સોની વળી એહ, રૂડી શોભતી સુંદર તેહ...૨૭

પુરુષોત્તમ ઘોડાનાં ઝાંઝર, લાવ્યા સુંદર તે મનહર;
ત્રણસોના ચાંદી રૂડી ચળકે, કરે ઘોર ઘૂંઘરી તેમાં લળકે...૨૮

વળી પેગડાં લાવ્યા પુનિત, ચાંદીનાં ચળકે રૂડી રીત;
એકસોનાં સરસ હતાં તેહ, બેઉ પેગડે મોર શોભે તેહ...૨૯

અંબારામ લાવ્યા તે ચોકડું, ચળકે તે તો ચાંદીનું રૂડું;
દોઢસોનું હતું વળી તેહ, લાવ્યા સુંદર કરી સનેહ...૩૦

દાદોભાઈ લાવ્યા તે કલંગી, ઘોડાને માથે શોભે ત્રિભંગી;
એકસોની તે હતી સુંદર, મણિ જડીત તે મનોહર...૩૧

નારણ લાવ્યા મોવડો[2] રૂપાળો, ઘોડાને સુંદર શોભે શોભાળો;
અઢીસોનો હતો વળી એહ, શોભે ઘોડાને મોવડો તેહ...૩૨

મોતીશાહ સરવે પોશાગ, લાવ્યા કિનખાબનો બડભાગ;
હતો પાંચસોનો મનોહર, પે'રી શોભતા તે નટવર...૩૩

લાવ્યાં ઘરેણું ગોવિંદભાઈ, ગળે પે'રી દુગદુગી[3] સુખદાઈ;
સોળવલું સુવર્ણ હતું એહ, રૂડી ત્રણસોની વળી તેહ...૩૪

રૂપચંદે ઊતરી તે લાવી, વા'લાને અતિ પ્રીતે પે'રાવી;
હતી બારસોની બહુ મોટી, લાજે કામ શોભા જોઈ કોટી...૩૫

જાદવજીનું માંદળિયું પહેરી, સુંદર શોભે લેરખડો લહેરી;
હતું ત્રણસોનું તે તો ભલું, ગાંઠ્યું[4] હીરે સુવર્ણ સોળવલું...૩૬

૧.સાજ ખસી ન જાય તે માટે પૂંછ સાથે બાંધવાની દોરી ૨.ઘોડાને મોઢા ઉપર પહેરાવવાનું સાધન ૩.ગળે પહેરવાનું ઘરેણું ૪.જડ્યું

નરોત્તમે ડભાણમાં આવી, ચાંદીની ચાખડી પ્રભુને પે'રાવી;
સોનાનાં મોગરે હતાં ફૂલ, એકસોની હતી તે અમૂલ...૩૭
લલ્લુભાઈની પોંચી કરી પ્યાર, બાંધી જમણે હાથે તેહ વાર;
હતી બસોની તે સારી સરસ, જોઈ વાધે અતિશે હરષ...૩૮
પોંચી લક્ષ્મીચંદની તે સાર, ડાબે હાથે બાંધી ધર્મકુમાર;
હતી બસોની વિરાજમાન, વા'લો શોભે સુંદર ભીનેવાન...૩૯
ગંગાદાસની મોતીની માળા, પ્રભુ પે'રીને લાગે રૂપાળા;
બસોની બહુ મોટાં તે મોતી, ઝળકે લાજે કોટિ રવિ જ્યોતિ...૪૦
સૂરજરામનો તોરો સોનાનો, ઝળકે પાઘ છોગું લાગે નાનો;
સત એકનો એ વળી હતો, લટકે ખભા ઉપર શોભતો...૪૧
પીતાંબરે તે જવમાળા જેહ, આણી સુંદર કરી સનેહ;
હતી સવાસોની તે તો સારી, હેતે હરિએ તે હૈયે ધારી...૪૨
ઘેલાભાઈએ કંદોરો કરાવી, કસી બાંધ્યો કેડે પોતે આવી;
એકસોનો ઘૂઘરી તે ઘોર, શોભે શ્રીહરિને ચિત્તચોર...૪૩
તાપીદાસે સોનાનો ગુચ્છ સાર, ધર્યો જમણે કાને કરી પ્યાર;
સોનાનો ગુચ્છ ભવાનીદાસે, ધરાવ્યો ડાબે કાને હુલ્લાસે...૪૪
શોભે કરણે કુંડળ જેવો ઝળકે, જાણે વીજળી વાદળે ચળકે;
સો સો ના હતા એહ તો સારાં, સૂરજ સહજાનંદ શોભે પ્યારા...૪૫
લક્ષ્મીબાઈ સૂરજમુખી સાર, લાવ્યાં પ્રભુ સારુ કરી પ્યાર;
પાંચસોની હીરા સોનું ઝગે, ધરી હરિને અતિ ઉમંગે...૪૬
નૃસિંહભાઈએ અબદાગરી એહ, ધરી સ્વામીને સુંદર તેહ;
પાંચસોની હતી તે તો રૂડી, ધરી શ્રીહરિને કરી મૂડી...૪૭
નાગરદાસ થયા બહુ ન્યાલ, ધર્યું છત્ર વા'લાને કરી વહાલ;
સો રૂપૈયાનું સુંદર શોભે, હરિમૂર્તિ જોઈ મન લોભે...૪૮

ઉદ્ધવજીનો ચમર ચિત્તચોર, શોભે સોના ડાંડો હીરકોર;
હતો અમૂલ એવી તે રીતે, ઢળે પ્રભુ ઉપર તે પ્રીતે...૪૯
અરદેશરે અતિ ઉમંગ, પીરુ સાહેબને રૂડો રંગ;
નવાબ આદિ ઘણા હરિભક્ત, તેને જાણે સર્વે તે જક્ત...૫૦
પૂજ્યા શ્રીસહજાનંદસ્વામી, દુ:ખ દારિદ્રને નાખ્યું વામી;
વસ્ત્ર વાહન અલંકાર અતિ, પૂજ્યા પ્રીત કરી સંતપતિ...૫૧
પુષ્પ ચંદન અત્તર ને હાર, પૂજ્યા સુરતી જને કરી પ્યાર;
થાળ કરાવ્યા એમણે અતિ, જમાડ્યા સંત ને પ્રાણપતિ...૫૨
દીધી રસોઈયો અપરંપાર, તેનો કોયે ન થાય નિરધાર;
એવા ભક્ત એકાંતિક એહ, શ્રીહરિ વિના નહીં સનેહ...૫૩
એવાં વસ્ત્ર ઘરેણાંને પે'રી, ચડે રોઝે ઘોડે રંગલે'રી;
ફરે જગનમાં તે જગનાથ, શ્રીસહજાનંદ સુખપાથ...૫૪
ધન્ય ધન્ય ડભાણ ગામ, લેતાં પાવન થઈએ નામ;
ધન્ય ધન્ય ડભાણનાં જન, જીયાં પ્રભુ રહ્યા રાત દન...૫૫
અતિ ભાવે ભર્યાં નરનાર, જેના પ્રેમ તણો નહીં પાર;
રૂડા વિષ્ણુદાસ હરિશરણ, રૂગનાથ બે રાયજી ત્રણ...૫૬
પ્રાગદાસ સૌદાસ શંભુરામ, કાનદાસ નારણદાસ નામ;
ગોવિંદ કાશી આદિ બાઈ ભાઈ, અવલબાના ત્રણ દત્તબાઈ...૫૭
જગન્નાથ અને મયારામ, કુબેરજી પ્રભુરામ નામ;
નિરભેરામ ગોવિંદ પ્રેમદત્ત, હરિકૃષ્ણ કુશલજી ભક્ત...૫૮
દયારામ શિવો વખતો અમૂલ, બાઈ ગુલાલ સાકર ફૂલ;
કાળા આદિ બાઈ ભાઈ ભક્ત, કરી સેવા સ્વામીની જાણે જક્ત...૫૯
જમ્યા ઘેર ઘેર ઘનશ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
કર્યો જગન હોમ્યું ઘી અપાર, જમ્યા દ્વિજ હજારું હજાર...૬૦

બેઠા વેદી ઉપર વનમાળી, કહી લીલા તે નજરે ભાળી;
બેસી હિંડોળે ઝૂલે બહુનામી, સુખસાગર સહજાનંદસ્વામી...૬૧
બેઠા સુખપાલે સુખકંદ, શ્રીસહજાનંદ જગવંદ;
ફર્યા ઘોડલાની ઘુમર માંઈ, હરિકૃષ્ણ સદા સુખદાઈ...૬૨
નાંખ્યા લાડુ તાલ[1]માં અતંત, કરી પ્રસાદી સુંદર સંત;
ખાશે જળજંતુ અપરમપાર, જાશે દેવલોક દિલ ઉદાર...૬૩
કર્યાં દર્શન જેણે દગ ભરી, પાછા ન પામે ભવમાં ફરી;
ઊડી ડમરી ગઈ આકાશ, પામી દેવ થયા હુલ્લાસ...૬૪
વૃક્ષ વેલી વાહન આવ્યાં કામ, તે તો પામ્યાં પ્રભુજીનું ધામ;
જે જે જમ્યા જગનનું અન્ન, કરી દર્શન થયાં પાવન...૬૫
એવો જગન કર્યો આ વાર, કહી શેષજી ન પામે પાર;
જમ્યા દ્વિજ અનંત તો આજ, દીધી દક્ષિણા તે મહારાજ...૬૬
કહી કહી કહિએ કેટલું, નવ કહેવાય થયું તેટલું;
આ લીલા સંભારી જે ગાય, તેને સર્વે દુઃખ મટી જાય...૬૭

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'ડભાણ યજ્ઞમાં શ્રીહરિ માટે ઘરેણાં લાવ્યાં તે ભક્તોનાં નામ કહ્યાં' એ નામે એકસો પાંચમો કિરણ ॥૧૦૫॥

૧.તળાવ

કિરણ : ૧૦૬

અથ ધ્યાનમાળા લિખ્યતે

પૂર્વછાયો :

રહો સદા મમ ઉર વિષે, શ્રીસહજાનંદ મહારાજ;
સર્વ સુખકારી શ્રીહરિ, સકલ સુધારણ કાજ...૦૧
સદાય તુમારી મૂરતિ, રહે અખંડ એક તાર;
માગું એ વર શ્રીહરિ, દીજે ધર્મકુમાર...૦૨

રૂપ મનોહર સ્વભાવ સુંદર, પ્રાણ સનેહી પ્રીતશું;
ધારી મનમાં પ્રભુજી, વરણવું રસ રીતશું...૦૩
પદપંકજ તે બેઉની, અરુણતા કાંતિ અતિ;
શોભે કમળના તન જેવી, સુંદરતા મન લોભતી...૦૪
રસિક રેણું સમાન સુંદર, રેખા ચિહ્ન ચરણમેં;
તેમાં મધુકર[૧] ભક્ત મન, ભાવેશું નિશ દિન ભમે...૦૫
પાનીની બેય કોરા થઈને, અંગૂઠા પાસે જે આંગળી;
ઊર્ધ્વરેખા અનુપ સુંદર, તેની તે બેય કોરે નીકળી...૦૬
જવ જાંબુ કમલ કેતુ, વજ્ર ધ્વજ અંકુશ છે;
સ્વસ્તિ અષ્ટકોણ જમણે પદ, ચિહ્ન મહા સુખરૂપ છે...૦૭
કળશ વ્યોમ ધનુષ્ય શશી, ગોપદ ત્રિકોણ મીન એહી;
પરમ સુખદાઈ ડાબે પદ, ચિહ્ન છે વળી સાત તેહી...૦૮
અંગૂઠા આંગળી કંજકળી, નખ મનોહર લાલ મણિ;
અનુપ કાંતિ કરણ શાંતી, શોભા સુંદર તેહ તણી...૦૯
જમણા પગના અંગૂઠાના, નખમાં કારણ સુખનું;
ચિહ્ન અનંત નિધિ સ્થાન, હરણ ભવભય દુઃખનું...૧૦

૧.ભમરારૂપી પ્રેમી

ગોળ ઘૂંટી પિંડી પાતળી, નમણી નાજુક બેઉ નળી;
તે પર મોટાં બિંદુ જેવા, ચિહ્ન મનોહર છે વળી...૧૧
જાનું રૂપાળા જોયા જેવા, શોભા તે નવ જાય કહી;
સુંવાળી સુંદર છબી અલૌકિક, સાથળમાં વળી છાઈ રહી...૧૨
જમણી સાથળ બાર રૂપાળું, ચિહ્ન એક છે સોયામણું;
ડાબી સાથળ બાર બે ચિહ્ન, રૂપ અનુપમ તેહ તણું...૧૩
કટિ કારણ સુંદરતાનું, છબી સુંદર સુખભરી;
શ્વેત ખેસ તે પર સુંદર, ચતુરાયે પહેરે શ્રીહરિ...૧૪
ખેસ ઘસારાનાં કેડ્યે રૂડાં, બેય કોરે ચિહ્ન શામ છે;
ઊંડી નાભી ગોળ મનોહર, સુંદરતાનું ધામ છે...૧૫
ત્રિવળી રૂડી પડે પેટે, અનુપ કોમળતા અતિ;
વર્ણન કરતાં શેષ શારદ હારે, પોંચે નહીં કોઈની મતિ...૧૬
હૃદયકમળ શુભ લંક[૧] રૂપાળો, તેમાં ચિહ્ન શ્રીવત્સનું;
લલિત લાલ શોભે સુંદર, રૂડું એનું રૂપ રસનું...૧૭
ઉર વિશાળ છાતી ઊપડતી, અર્ધચંદ્ર જેવું એહમાં;
અતિ મનોહર ચિહ્ન છે એક, તિલ શોભાનિધિ તેહમાં...૧૮
રૂપરાશી શુભ સ્તન બેઉ, થોડાંક ઊંચાં તેહથી;
છાતીમાં છાપનાં ચિહ્ન, ચિત્ત ચોરે તે સનેહથી...૧૯
હસ્તકમળ બે હરિવરના, વાંછિત સુખદાઈ જનને;
અરૂણતા સુંદર એહની, મોહ પમાડે મનને...૨૦
તેમાં અનુપમ અંગૂઠે રેખા, રૂડી અંગૂઠા આંગળી;
રાતા નખ છે મણિ જેવા, જોતાં જાય ચિતડું ચળી[૨]...૨૧

૧.છાતીમાં રહેલો નીચાણવાળો ભાગ ૨.ચલિત; આકર્ષિત થાય

કાંડાં બેને બાજુ ઉપર, ચિહ્ન મનોહર છાપનાં;
શામ બિંદુનાં ચિહ્ન કર પર, હરન સર્વે સંતાપનાં...૨૨
ડાબા ખભાની પાસે વાંસે, રોમે સહિત એક તિલ છે;
અનંત સુખ રે'છે એ ભેળાં, એવાં એનાં સારાં શીલ[૧] છે...૨૩
કંઠ કંબુ સમાન સુંદર, છબી મનોહર તેહની;
વદનકમળને દેખતાં, જન દશા ભૂલે દેહની...૨૪
અતિ રૂપાળી ચિબુક છે, કોમળતા કપોળની;
ભાળી મહાસુખ ઊપજે, પીડા ટળે ભવ રોગની...૨૫
અધર રાતા રૂડા રસિલા, શોભિત ભીના સુધારસે;
જોતાં જન મન તૃપ્ત ન થાય, પાછું ત્યાંથી નવ ખસે...૨૬
દાડમ ડોલરિયાની કળી, એવી છે દંતની પંગતી;
ઝાંખા કરે શશી સૂરજને, તે તેજની કાંતિ અતિ...૨૭
જમણી કોરે હેઠલી દાઢે, પ્રથમમાં શામ ચિહ્ન છે;
ચિહ્ન અનુપમ જીભા આગે, ચિત્તચોર તે પ્રસિદ્ધ છે...૨૮
સુંદરતા સર્વ રૂપરાશી, નવરંગ છબી નાકની;
અધર પર ઝૂકી જેમ, બિંબફળ શુક તાકની[૨]...૨૯
નાક નજીક કપોળ જમણે, શ્યામ ચિહ્ન શોભાનિધિ;
મુખ પર જીણા ચિહ્ન બિંદુ, શોભે છે વળી વિવિધિ...૩૦
ચપળતા મીનમદ ગંજન[૩], નૌતમ કમળ નેણની;
પાંપણ પતાકા[૪] પરમ હેતુ, શોભે મહાસુખદેણની...૩૧
નેણુંમાં શુભ રેખું રાતી, કીકી કામણગારિયું;
જોતાં જન આનંદ પામી, વિષયનું સુખ વિસારિયું...૩૨

૧.દેખાવ; સદ્ગુણ ૨.બિંબફળ ઉપર લલચાયેલી પોપટની દૃષ્ટિ ૩.માછલીના ગર્વને તોડનારી ૪.પાંપણરૂપી નાની ધજા

ભ્રકુટી કુટિલ જાણીએ, કરડી[૧] કમાન્ય કામની;
અતિ સ્નેહે ચોંટે તેમાં, વરતી પુરુષ વામની...૩૩
કરુણા કટાક્ષે[૨] નલવટ[૩] રેખા, અર્ધચંદ્ર સમ થાય છે;
સુંદર ભાલ વિશાળ જોતાં, કોટી કામ લજાય છે...૩૪
છબી અનુપ શ્રવણ કેરી, જોતાં જગ રીતે વીસરે;
મહાસુખ પામી જન મન, તેમાંથી નવ નીસરે...૩૫
શ્યામ બિંદુ વામ કરણમાં, જનહિત જારણ[૪] ભવફંદનું;
કેશને પાસે ભાલ જમણે, ચિહ્ન એક આનંદનું...૩૬
શિખા સુંદર રૂડી રસીલી, શીશે શોભા છે કેશની;
વર્ણન કરતાં ન પહોંચે મતિ, શારદ શેષ ગણેશની...૩૭
ઝીણાં ઝીણાં તિલ જોયાં જેવાં, અંગો અંગ વળી છે ઘણાં;
રૂડા રૂપાળા રસિકવરને, સદન સુખ શોભાતણાં...૩૮
સામુદ્રિકમા[૫] ચિહ્ન સર્વે, કહ્યાં તે છે ઘનશ્યામને;
એક એક ઉપર વારું, કોટી કોટીક કામને...૩૯
કહ્યાં ચિહ્ન બુદ્ધિ પ્રમાણે, જોયેલ મારા નેણનાં;
હવે કહું છું જોયાં છે તે, ચરિત્ર મહાસુખદેણનાં...૪૦
પાછલી રાત બે મુહૂર્ત હોય, ત્યારે તે ઊઠે શ્રીહરિ;
દાતણ કોમળ આપે જન, ઝારી સુંદર જળે ભરી...૪૧
દાતણ પર આંગળિયું બે, વળી હેઠે અંગૂઠો ધરે;
ચતુરાઈયે દાતણ ચાવી, પછી મુખમંજન કરે...૪૨
દાતણ કરીને પાઘ બાંધે, છોગું મેલી શિર પરે;
આંટો અનુપમ પેચ આણી, હરિજનનાં મન ચિત્ત હરે...૪૩

૧.મરોડાયેલી ૨.પ્રેમભરી ત્રાંસી નજરે જુએ ત્યારે ૩.કપાળ ૪.નષ્ટ કરનાર ૫.શરીરના ચિહ્ન ઉપરથી ભવિષ્ય જાણવાના આ નામના શાસ્ત્રમાં

ડાબે ખભે આડસોડે નાંખી, ઓઢે અંબર શ્વેત શાલને;
પધારે પ્રીતમ પ્રીતે લઈ, જમણે હાથ રૂમાલને...૪૪
ડાબો હાથ તે કેડે દઈને, જમણે હાથ લોટાવતા[૧];
વા'લા લાગે વા'લમજી બહુ, સામા ચાલ્યા આવતા...૪૫
સહજ સ્વભાવે ઉતાવળી છે, ચાલ્ય રૂડી ધર્મલાલની;
ઊભા રહે ત્યાં સાથળે મારે, મૂઠી જમણા કરની...૪૬
ઈચ્છા હોય અલબેલની તિયાં, સેજ બિછાવે જન લઈ;
જમણો ઢીંચણ પ્રથમ મેલી, બેસે તે સેજ ઉપર જઈ...૪૭
જમણી કુંણી પડખું જમણું, બેય તકિયા પર ધરી;
બેસે અતિ રસરીતેશું, જન સુખકારી શ્રીહરિ...૪૮
હાર તોરા ગુચ્છ ગજરા બાજુ, પે'રાવે હરિજન લાવીને;
ફૂલ સુગંધી પર ભમરા, ગુંજાર કરે ઝૂકે આવીને...૪૯
હસી બોલે જોઈ સંત સામું, હાથે લટકાં લાલ કરતાં;
નીસરે શબ્દ વદનમાંથી, અમૃત રસને ઝરતાં...૫૦
સાંખ્ય યોગ ને ભક્તિ ધર્મ, વાતુ જ્ઞાન વૈરાગની;
કરે અનંત પ્રકારની અતિ, કામ લોભ વિષય ત્યાગની...૫૧
તાળી પાડી કાં ચપટી વજાડી, સંત ભેળા કરે કીર્તનને;
ગાય અતિ આનંદ આણી, હરતાં હરિજન મનને...૫૨
ક્યારેક માળા ફૂલ ફળ લઈ, ઘસે ચોળે રમાડે ફેરવે;
આંગળિયુંના અંક ગણે, વળી અંગૂઠાને ટેરવે...૫૩
શીતળ જાણી આંખે દબાવે, લીંબુ પુષ્પની સુંગધી લિયે;
ક્યારેક રૂમાલને છેડે વળ, ચપટીએ કરીને દિયે...૫૪
ઓચિંતાના ઝબકી જાગે, કરતાં ધ્યાન વિચારને;

૧.હલાવતા; લટકાં કરતા

વળી દાંતે જીભ દબાવે, એવી ટેવ ધર્મકુમારને...૫૫
હરે હરે કરી બગાસુ ખાતાં, મુખ આડો રૂમાલ મૂઠી દિયે;
છીંકે ત્યારે મુખ આડો દેવા, રૂમાલને ખોળી લિયે...૫૬
ક્યારેક પગ બે હેઠા મેલી, ઢીંચણે બેય કુણિયું ધરી;
હાથ બે કપોળે દઈને, બેસે સંત સામા હરિ...૫૭
ક્યારેક બે હાથના નખાગ્ર, અંગૂઠા આંગળી તણા;
સામસામા અડાડે હરિ, ક્યારેક તે મર્મ કરે ઘણા...૫૮
રાજીપો કાંય રમૂજ હોય તો, વદન નેત્રને પ્રકાશીને;
હસે હરિ મંદહાસ સોતા, અધર સુધારસ વાસીને...૫૯
લોટી જાય[૧] વળી સેજમાં, વા'લમજી બહુ હસતા;
હાથે કરી પેટ ઝાલી રાખે, રાજીપે રસ બસતા...૬૦
ક્યારે દબાવે શરીર હરિ, જાણવા જન જોરને;
ક્યારેક સર્વે શરીરે લઈ, કરાવે ચંદન ખોરને...૬૧
ચિબુકે હાથ દઈ ડોક મરોડે, રૂડા કડાકા વાગે તિયે;
વળી કડાકા વગાડે હરિ, આંગળિયુંની આંટીએ...૬૨
કામ હોય જનનું ત્યારે, અંગૂઠા પાસની જે આંગળી;
તે હલાવી લિયે બોલાવી, કરીને નેણ સાને વળી...૬૩
ક્યારેક શેરડી કેરી જમે, ભાવ તે જનનો જાણીને;
ક્યારેક કંદ ફળ ઓળાદિ[૨], જમે જીવન વખાણીને...૬૪
પ્રસાદી હાર દેવા વળી, સંત ઉપર દયા કરે;
કોઈને હાથોહાથ આપે, કોઈના કંઠમાં ધરે...૬૫
એવાં ચરિત્ર અનંત ભાતિ, કરે જનને ગમવા;
થાય પછી જમવાનું ટાણું, પધારે ભોજન કરવા...૬૬

૧.સૂઈ જાય ૨.શેકેલી મગફળી; સીંગ વગેરે

ચાલે આડી મીટે જોતા, મો'તા તે જનના મનને;
નાવા બેસે મહાપ્રભુજી, બાજોઠીએ ચંદનને...૬૭
ઉમંગે અત્તર ચોળીને જન, નવરાવે નાથ ઊને જળે;
લોટા ભરીને આપે જન, શિર ઢોળે હરિ તે પળે...૬૮
નાહી ઊભા થઈ નિચોવે, સાથળ ઉપર પોતિયું;
અંગ લૂંછી અલૌકિક રીતે, પે'રે સુંદર શ્વેત ધોતિયું...૬૯
શ્વેત ઉપરણી ઓઢે માથે, રાખી ઉઘાડા કાનને;
બેસે કંચન બાજોઠે જઈ, હરતા મદન[1] માનને...૭૦
ડાબા પગની પલાંઠી વાળી, જમણો પગ ઊભો ધરી;
જમણી કુંણી ઢીંચણે મેલી, જમે જીવન જુક્તે હરિ...૭૧
વારે વારે વળી વા'લોજી, જમતાં જમતાં જળ પિયે;
પાક શાક સ્વાદુ હોય તે, મનગમતા જનને દિયે...૭૨
જમી જીવન ચળું કરી ફેરે, પેટે હાથ ઓડકાર ખાતા;
રૂપાસળીએ દાંત ખોતરે, એલચી દાણા મુખ ધારતા...૭૩
પૂજે જન પ્રીતે ચરણને, છાતી મુખ માથે દઈ;
જાય જમાડવા સંતજનને, હરિ અતિ પ્રસન્ન થઈ...૭૪
ડાબા ખભાને ઉપર નાખી, કેડ્ય બાંધે લઈ ખેસને;
સંતજન મહાસુખ પામે, નીરખી નટવર વેશને...૭૫
પીરસવાને સંત પંક્તિમાં, વારંવાર વા'લમ ફરે;
લિયો મહારાજો લાડવા, એમ ઘેરે સાદે હરિ કરે...૭૬
લાડુ જલેબી આદિ ભોજન, સંતજનને જમાડતા;
મહાપ્રસાદ કરી મુખમાં, આપે આનંદ પમાડતા...૭૭
માથે મેલું હાથ લાડુ લ્યો તો, એમ કહે પ્રસન્ન થઈ;

૧.કામદેવના

દૂધ દહીં ફેરવતા વળી, ઢોળે કોઈ સંત શિર લઈ...૭૮
હસતા હસતા હાથ ધોવે, રસિયોજી રાજી અતિ;
પછી જાય પોઢવા સારુ, સુખ સજ્યા પર શ્રીપતિ...૭૯
પોઢી પ્રીતમ જાગે ત્યારે, બહાર બહુનામી આવીને;
મગાવે ઘોડી માણકી, ચડે ઘોડીએ સંત બોલાવીને...૮૦
હરે નારાયણ એમ કહી, અસવારી કરે શ્રીહરિ;
નાવા જાય જનમન મો'તા, છોગલાં સુંદર શિર ધરી...૮૧
ઉન્મત્તગંગા ખળખળિયે જૈ, ઘોડી ઉપરથી ઊતરે;
હાથ ગ્રહી નિજ સખા કેરા, જળ મધ્યે પ્રવેશ કરે...૮૨
બળવંત જળ ઘેલા તણું, ચડે માથે જેમ શેષ ફણી[1];
બેય ખભા પર ચાલે છોળો, શોભા ન કે'વાય તેહ તણી...૮૩
જળ બિંદુ પડે મુખ પર, તેની તે સુંદરતા અતિ;
છાતી મુખ છબી જોતાં પામે, મોહ કોટી રતિપતિ...૮૪
કીરતન ગાય જન સંગે, હાથે ઉછાળે તોયને[2];
જળમાં તણાય સંતજન, હરિ હસે તે જોઈને...૮૫
બહુ રીતે એમ ક્રીડા કરી, જળથી બારા નીસરે;
કોરાં વસ્ત્ર પે'રીને અંગે, પછી ચડે ઘોડી ઉપરે...૮૬
લક્ષ્મીવાડીએ જાય વળી, રસિયો રમૂજ કરવા;
ઓટા ઉપર આવી બેસે, સંતજનનાં મન હરવા...૮૭
કેરી કેળાં નારંગી આદિ, ફળ રૂડાં જન આગે ધરે;
પુષ્પ ભૂષણ પે'રાવીને, પ્રેમે પૂજા સંતજન કરે...૮૮
કીર્તન હાસ વિલાસ એમ, રમૂજ કરી ઝાઝી ઘડી;
પછી પધારે ગામમાં હરિ, છેલ ચતુર ઘોડીએ ચડી...૮૯

૧.શેષનાગની ફેણ ૨.પાણી

ખગ સમ[૧] મદહર માણકી, દોડાવે અતિ વેગે કરી;
પેચ શિથિલ થાય પાઘનાં તે, ઝાલી રાખે હાથે હરિ...૯૦

ફરફરે તોરા પાઘમાંઈ, લટકે સુંદર છોગલું;
શશી શોભાહર કાંતિ રૂડી, રૂપ ભૂદરનું ભાળું ભલું...૯૧

એમ રમૂજ કરતા પછી, મહાપ્રભુ ઘેર આવીને;
બેસે સુંદર સજ્યા ઉપર, સંત સભા તે કરાવીને...૯૨

સંત સરોદા સતાર દૂકડ, વજાડી કરે ગાનને;
તે ભેળા કરે ગાન પોતે, મેળાવી સુંદર તાનને...૯૩

કથા કીર્તન વાત કરતાં, સંત સમીપે આવે ખસી;
સંતને હાર પ્રસાદી આપે, અતિ હૈયામાં હુલસી...૯૪

ત્યાં નારાયણ નામ ધૂની, કરે ઘેરે સાદે બોલતા;
તાળી પાડે ઉતાવળી બહુ, અતિ અલૌકિક ડોલતા...૯૫

વળી ઉત્સવ આવે ત્યારે, દેશોદેશના જન જેહ;
લાવે અમૂલખ[૨] વસ્ત્ર ભૂષણ, પ્રાણજીવન પે'રે તેહ...૯૬

પાઘ બાંધે સાવ સોનેરી, પંક્તિ બનાવે પેચની;
મેલે છોગું છેલછબીલું, દાબે કાંતિ દિનેશની[૩]...૯૭

જામો જરીનો સુરવાળ સુંદર, ફૂમતાં નાડી લટકતી;
કેડે બાંધે રેંટો રૂડો, ખભે તે શેલું શોભે અતિ...૯૮

બાજુ કાજુ મણિ જડીત, તોરા કલંગી શિર ધરે;
કાને કુંડળ કુંદન મોતી, રવિચંદ્રની કાંતિ હરે...૯૯

હેમ કડાં બેઉ હાથમાં, વેઢ વીંટી ઝળમળે;
કોટે સોનેરી સાંકળી, હાર મણિના હિંડળે...૧૦૦

સાવ સોનેરી હિંડોળાને, કળશ ઉપર સોનાતણા;

૧.પક્ષી સમાન ૨.અમૂલ્ય; કિંમતી ૩.સૂર્યની

ચહુકોર જરી રેશમ રૂડાં, મોતી હીરા શોભે ઘણાં...૧૦૧
મણિ તણો શિર મુગટ ધારી, ઝૂલે હિંડોળે શ્રીહરિ;
કોટી મદન મોહ પામે, ગર્વ પોતાનો વિસરી...૧૦૨
હુતાશની ને વસંતપંચમી, ત્યારે તે સંતને સંગે;
અતિ રાજી થઈ રસિયો, રંગભીનો રમે રંગે...૧૦૩
કેસર કેસુડા આદિ રંગ, ઊડે ગુલાલની ડમરી[૧];
હરિ હરિજનની છબી શોભે, લાલ પીળી રંગભરી...૧૦૪
કર પિચકારી કંચન કેરી, ભરી રસિયે રૂડે રંગે;
તાકી તાકી મારે જનને, અલબેલો અતિ ઉમંગે...૧૦૫
સંત સર્વે ચહુકોરથી, પિચકારી ચલાવે ઘણી;
રસબસ બહુ રંગે શોભે, મૂર્તિ તે મહારાજ તણી...૧૦૬
ગુલાલ ગોટા સંતજનને, મારે રસિયો રાજી થઈ;
સંતને મુખે ગુલાલ ભૂસે, હરિવર હાથે લઈ...૧૦૭
ક્યારેક બાથમાં લઈને, સલુણો સંતને મળે;
આપે સુખ સંતજનને, પ્રાણજીવન પળે પળે...૧૦૮
ચિહ્ન ચરિત્ર મહારાજનાં, સાંભળે શ્રદ્ધા કરી;
ગાય શીખે ભણે ભણાવે, નાવે તે ભવમાં ફરી...૧૦૯
શ્રીસહજાનંદસ્વામીને, નીરખી વારમવાર;
દાસ વાસુદેવે કહી, ધ્યાન માળા કરી પ્યાર...૧૧૦

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિના અંગ ઉપરનાં ચિહ્નો તથા સ્વાભાવિક ચેષ્ટા કહી' એ નામે એકસો છમો કિરણ ॥૧૦૬॥

૧.હવામાં ઉડતા ગુલાલના ગોટા

કિરણ : ૧૦૭

ગઢડા, નરસંડા તથા વડતાલની લીલા

પૂર્વછાયો :

એકસઠ્ચે અલબેલડો, આવ્યા **ગઢપુરે** ઘનશ્યામ;
દર્શન દેવાં દાસને, પ્રીતમ પૂરણકામ...૦૧
શ્રીસહજાનંદ સુખનિધિ, વર્ણવું તે વારમવાર;
અનેક જીવ ઉધારવા, કરી લીલા તે અપરમપાર...૦૨

ચોપાઈ :

ગઢડે પૂર્યા ચંદને ચોક, તેને જોવા મળ્યા સહુ લોક;
લાલ પીળી લીલી ને ધોળી, ચોક પાડીને પૂરી રંગોળી...૦૩
ચોકમાંઈ તે બેસાડ્યા સંત, પૂજા કરાવે શ્રીભગવંત;
પીળે ચંદને પ્રભુની પૂજા કરી, તેને નીરખી મેં નેણાં ભરી...૦૪
પીળું પીતાંબર પે'ર્યું છે વા'લે, શોભે ચંદન ચાંદલો ભાલે;
ગૌર મૂર્તિ ભુજા તે વિશાલ, શોભે સુંદર જન પ્રતિપાલ...૦૫
ચંદન ભરેલી હરિની છાતી, જોતાં આંખ્યું ત્રપત નથી થાતી;
ચરણે ચંદન પૂજાને જોઈ, બીજી વાત ગમે નહીં કોઈ...૦૬
હરિએ પે'ર્યા મનોહર હાર, પાઘે તોરા તે ઝૂક્યા ઉદાર;
વળી પૂજે સંતોને પોતે નાથ, હાર હજારી પે'રાવે હાથ...૦૭
મુનિ મંડળી જમવા બેસાડી, લાડુ પીરસે પ્રભુ સુખકારી;
ભરી થાળ સંત ઊભા અમટ[1], પ્રભુ પીરસે છે ઝટપટ...૦૮
મારો વા'લોજી હસતા હાલે, કરતાં લટકાં લાડુ તે આલે;
સદા સુખદાઈ તે દાતાર, આપે આનંદ સંતને અપાર...૦૯

૧.અપાર

રૂડા રંગે તે રમવા કાજ, કરે આદર શ્રીમહારાજ;
ભર્યા કેસુડા કેરાં રંગે ઠામ, હરિ રમવાની કરી છે હામ...૧૦
ગુલાલની તે રમત થાય, ઊડી ડમરી આકાશે જાય;
ઊભા અલબેલો સંતોની સામા, રસબસ રંગે પાઘ ને જામા...૧૧
હાથે ત્રાંબડી ત્રિકમ લઈ, આવ્યા સંતના મંડળમાંઈ;
આકળા થઈ અતિ અલબેલ, સંતો સંગાથે કરે છે ખેલ...૧૨
લાલ કેસર કાજુ છે રંગે, રમે સંત ને શ્યામ ઉમંગે;
હરિ હસતે મુખડે વનમાળી, મૂર્તિ શોભે છે રૂડી રૂપાળી...૧૩
એવા સમાની છબી ઘનશ્યામ, જોતા પૂરી છે હૈયાની હામ;
થયું ફળિયું રેલમછેલ, એમ ખાંતિલો ખેલે તે ખેલ...૧૪
રંગે રમતા નાથને નિરખી, જોયા સંતને સખે હરખી;
હરિજન હરિગુણ ગાય, શોભા જોઈને સુખિયા થાય...૧૫
શોભા શ્રીજી છે એવી તમારી, જોતે પાવન થાય નરનારી;
જે કીરતી તમારી ગાય, તેને તરત ચોરાશી ટળી જાય...૧૬
હરિ લીલાનું ધરે જે ધ્યાન, તેને તેડવા આવે વિમાન;
સર્વે ગ્રંથનું હાર્દ છે એહ, કથા કીરતન તમારું તેહ...૧૭
કરી લીલા તે ગઢડે લાલ, સુખ દેવા તે શ્રીધર્મલાલ;
માણકીએ ચડીને મહારાજ, દાદાખાચર આદિ સખા સાજ...૧૮
સર્વે રૂપના હરિ છે રૂપ, ભવ બ્રહ્માદિક ભૂપોના ભૂપ;
પ્રીત કરવા જેવા પ્રભુ તમે, માટે મૂર્તિ અંતર ધારી અમે...૧૯
મારા જીવન પ્રાણ છો માવા, રે'જો અંતરમાં આવા ને આવા;
નેણાં તણું ફળ છે વળી એહ, રૂપ તમારી મૂર્તિ દીસે તેહ...૨૦
તમે બાંધ્યાના છોડણહાર, સુખના સાગર છો કીરતાર;
તમે ભક્તતણા પ્રતિપાળ, દીનબંધુ દીનના દયાળ...૨૧

વા'લી લાગે છે મૂરતિ તમારી, તમે જીવનદોરી છો મારી;
સરવે વસ્તુ કરી છે ત્યાગ, તમને ભજી થાવું બડભાગ...૨૨

આગે મોટે મોટે સર્વે તજી, લીધા સુંદરવર તમને ભજી;
જેણે છોડી અસત જગ આશ, ભજ્યા તમને અખંડ અવિનાશ...૨૩

માટે ચરિત્ર ગાવું હું તમારાં, મુને પ્રીતમજી લાગો છો પ્યારા;
તમે વા'લમજી વા'લા છો નાથ, હેતે કરી હરિ ઝાલજ્યો હાથ...૨૪

દીનદયાળુ હરતા તે દુ:ખ, સંતજનને કરો છો સુખ;
વેદ જેના તો કરે છે વખાણ, ભક્તવત્સલ શ્યામ સુજાણ...૨૫

પુરુષ પ્રકૃત્તિ પાર જે કૈયે, અનેક બ્રહ્માંડના આધાર લૈયે;
લોકપાળ[૧] લળી લાગે છે પાય, ગુણ જેના ઉપનિષદ ગાય...૨૬

જુગે જુગે છે જેના અવતાર, અક્ષર કેરા એજ આધાર;
સર્વે દેવ તણા છે એ દેવ, અનંત મુક્ત કરે છે સેવ...૨૭

એવા દયાળુ દુર્ગપુર રમે, ભાવે ભક્તના મનમાં ગમે;
હોળી રમવાનું હરિને પ્રયાણ, હરિજન કરે હેતેશું તાણ...૨૮

એમ બોલે છે લટકાળો લાલ, હોળી સમૈયા કરશું વડતાલ;
એમ બોલ્યા છે અલબેલો હરિ, વેલા આવશું સમૈયો કરી...૨૯

એમ કહીને આવવા કાજ, ચડ્યા માણકીએ મહારાજ;
ગામોગામ તે દર્શન દેતા, ક્યાંક બપોર ને રાત રહેતા...૩૦

કરતાં લટકાં આવે છે લાલ, શોભા આદરી વા'લે **વડતાલ**;
આવ્યા દર્શન દેવાં દયાળ, હોળી ખેલ્યાનો બન્યો છે તાલ...૩૧

વ્રતપુરીની પૂરવ કોર, આંબા આંબલિયું તણા નોર;
ઉગમણી કોર પાસે છે તાળ, હરિને રમ્યાની ભૂમિ વિશાળ...૩૨

૧.આઠ દિશાના રક્ષક આઠ દેવ

પિચકારી કરવા વાંસ મંગાવ્યા, રમવાને સારુ રંગ કરાવ્યા;
હોજ હડેડી[૧] ભર્યા તેહ વાર, ગાડે ગુલાલ આવે અપાર...૩૩
સંત સંગે હરિ રમે હોળી, નાંખે રંગ ગુલાલ કેસર ઘોળી;
આંબલા હેઠે સભા તે થાય, સંત વસંત કીરતન ગાય...૩૪
અતિ આંબલે શોભા હરિ કરે, ઘેર ઘેર ગોવિંદજી ફરે;
વળી અલબેલો આંબલે આવે, સંત સાથે તે કીરતન ગાવે...૩૫
પ્રસાદી કેરો તે ગણતા ન પાર, હરિજન લાવે તે વારમવાર;
પ્રશ્ન ઉત્તરની વાતો કહે છે, એમ અહોનિશ દર્શન દે છે...૩૬
મોટા મોટા તો મહિપતિ આવે, ધ્યાન ધારણા હરિ કરાવે;
તેને જોઈને સર્વે તે નમે, બહુ શોભા તો બની એ સમે...૩૭
વળી વાતુ તો બની છે એમ, ઘણાને હરિ ધરાવે નેમ;
જીવને તારવાનું છે તાન, એમ આપે છે દર્શન દાન...૩૮
શ્વેત શોભીતો સુરવાળ પે'રી, લાલ તોરંગી આવ્યા છે લે'રી;
જરકશી જામો પેર્યો છે અંગે, કમરે કસુંબી રેંટો નવરંગે...૩૯
લાલ રેંટો તે બાંધ્યો છે માથે, લાલ છડી છે લાલને હાથે;
માથે મનોહર તોરા વિશાલ, નેણે નીરખ્યા છે ધર્મનો લાલ...૪૦
રૂડી મોજડી પે'રી છે પાય, આવી ઊભા પુરુષોત્તમરાય;
બેઠા ઢોલિડે મહા સુખધામ, વાતો કરે છે સુંદર શ્યામ...૪૧
દેશદેશના સંઘ ભરાય, ઘણી શોભા તે આંબલે થાય;
આંબલાની એવી છે છાંય, અનંત મનુષ્ય રહે ત્યાં સમાય...૪૨
દૂકડ સરોદા વાજે સિતાર, કરે ગાવણું તે કીરતાર;
ગવૈયા ભેળા ગાય છે નાથ, ચપટી વજાડે પોતાને હાથ...૪૩

૧.પૂર્ણ; છલોછલ

કોઈ સમે વળી મૃદંગ તાલ, ગાવણું તે કરાવે દયાલ;
મુખે હરિવર બહુ હસતા, સંત સનમુખ આવે છે ખસતા...૪૪
વળી પોતાની ઈચ્છામાં આવે, ઢોલ ત્રાંસાં નગારાં મંગાવે;
નોબત ડંકા ને વાજે શરણાઈ, એવી શોભા થાય સુખદાઈ...૪૫
પ્રશ્ન ઉત્તર તે તો પૂછાવે, બ્રહ્મ નિરૂપણ વાતુ કરાવે;
બેઠા ઢોલિયે વાતુ કરે છે, હેત દેખાડી મનડું હરે છે...૪૬
એક સમે એમ પ્રયાણ કર્યું, નરસંડે ગામ જાવાનું ઠર્યું;
શ્વેત સુરવાળ પેર્યો છે વા'લે, શ્વેત જામો ને પાઘ છે લાલે...૪૭
ગૂઢો રેંટો ગોવિંદને શોભે, કેડે કસુંબી શેલે મન લોભે;
શણગારી તોરંગ[૧] કીધો ત્યાર, તે પર તરત થયા અસવાર...૪૮
સર્વે સંતનું મંડળ સાથ, દર્શન દેતાં આવે છે નાથ;
ઘણા અસવાર સંઘ ને પાળા, તીર તરકસ[૨] બંદૂકવાળા...૪૯
ઢોલ ત્રાંસાં ત્રંબાળું ગાજે, બંદૂકો કેરા થાય અવાજે;
માંય બિરાજે મોહનલાલ, શોભે વસ્ત્ર ને ચાંદલો ભાલ...૫૦
શુદ્ધ ભૂમિ ને તળાવ પાળ, બેઠા ઢોલીડે દીનદયાળ;
એ સમે ફૂલ આવ્યા છે બો'ળાં, લાલ લીલાં પીળાં અને ધોળાં...૫૧
કોટે પે'રાવ્યા હરિને હાર, બાજુ હાથે ને તોરા ઉદાર;
એમ જમવા ચાલ્યા જીવન, ઊભી બજારે આવે ભગવન...૫૨
હરિજનને ઘેર જમ્યા હરિ, પછી પ્રભુજી અસવારી કરી;
દર્શન દઈને ચાલ્યા છે લાલ, આવ્યા વા'લમજી વડતાલ...૫૩
સંધ્યા આરતી ધૂન ને તાળી, મંડપમાં સામા શોભે વનમાળી;
મોટો આંબલો ઉગમણી ડાળ, તિયાં હિંડોળે બેઠા દયાળ...૫૪

૧.ઘોડો ૨.ભાથો

આગે હરિજન ગરબિયું ગાય, ગાગર ઘડા લઈ ફરતા જાય;
એક કોરે તો સંત જન ગાતા, બેઠા હરિ ફૂલમાં ફૂલાતા...૫૫
ઢોલ ત્રાંસાં ને નગારાં વાજે, કરી કરુણા જુવે મહારાજે;
મુખ બોલ્યા છે મોહનરાય, આ શોભા પ્રભુજી પાસે થાય...૫૬
ગોલોકમાંય આવી છે શોભા, માટે જુવો તમે થઈને ઊભા;
અમારી આજ્ઞા છે દોષ ન લાગે, તમારો રહેશે વૈરાગ ત્યાગે...૫૭
એવી શોભા તો આંબલે થાય, પોઢવા પ્રભુ ગામમાં જાય;
ફાગણ માસ ફૂલ્યાં બહુ ફૂલ, આવે શણગાર તેના અમૂલ...૫૮
સુંદર શ્યામળો રંગ ઉડાવે, ઘણા સંઘ દર્શને આવે;
પૂજા સહિત પ્રભુનું મુખ, ભક્ત જોઈને પામે છે સુખ...૫૯
એમ કરતાં તે આવ્યો ફૂલડોલ, બાંધ્યો હિંડોળો આંબે રંગચોળ;
પીળાં પીતાંબર લીલાં ને લાલ, ધોળાં શામ ને સોનેરી શાલ...૬૦
ઝળકે જાળિયાં પાડ્યા છે ચોક, લટકે લીંબુ ત્યાં આમ્ર અશોક;
ફૂલ તોરણ બાંધ્યાં છે ફરતાં, લટકે લાલ ઝૂમણાં લટકતાં...૬૧
પચરંગી છે પીતાંબર ઘેર, ઘૂઘરમાળ ઘમકે ચહુ ફેર;
ઉત્તર બાર હિંડોળા તણું, અત્તર કેવડા બહેકે છે ઘણું...૬૨
જન સુરતના લાવ્યા શણગાર, કરી પ્રાર્થના વારમવાર;
પછી પ્રભુજી થયા પ્રસન્ન, પે'ર્યાં વસ્ત્ર દીધાં દર્શન...૬૩
તે તો અતિશે કિરણો કરે, હરિજનના મનને હરે;
કમરે જરકસી શેલું કાજુ, હાથમાં વેઢ કડાં ને બાજુ...૬૪
પાય ઝાંઝર નેપુર શોભે, મૂર્તિ જોતા મુનિ મન લોભે;
સોનાનાં રૂડાં સાંકળા કૈયે, ઝૂમણાં ઝળકે તેને જોઈ રૈયે...૬૫
કોટમાં કંઠી ને ઊતરી માળા, હાર પે'ર્યા તે હૈયે રૂપાળા;
મકરાકૃત કુંડળ રાજે કાન, વા'લો સુંદર ભીનલે વાન...૬૬

ટોપી હેમની હીરે જડિત, તે પર મુગટ મણિયે શોભિત;
સૌને સંકલ્પ મનમાં છાનો, હિંડોળો બેક[1] થયો છે નાનો...૬૭

જનનું જીવને[2] જાણી તપાસ્યું, હરિ કહે છે હિંડોળે માસું[3];
પછી તો બેઠા હિંડોળે સ્વામી, ઊભા થયા માંહી અંતરજામી...૬૮

લટકાળોજી લટકાં કરતા, ઊભા હિંડોળે હરિ મન હરતા;
રૂડા દીસે છે મુગટ ધરી, કોડીલે[4] બહુ કરુણા કરી...૬૯

ચારેકોર તો મુક્તોના સાથ, વચ્ચે હિંડોળે બિરાજે નાથ;
શોભે બહુ સહજાનંદ શ્યામ, હરિજનના તે પૂરણકામ...૭૦

શોભા સુંદર બની છે સારી, મૂર્તિ મનોહર મનમાં ધારી;
હેતે હિંડોળે ફરે કીરતાર, સુખ આપે છે વારંવાર...૭૧

જેહ સારુ તે મુનિ દેહ દમે, તે તો આંબલે આવીને રમે;
ઝળકે સુંદર રૂડો સુરવાળ, નાડી નવરંગી તેનો બહુ તાલ...૭૨

ઝળકે છે તે જામો જરકશી, મૂર્તિ મનોહર મનમાં વસી;
ઝગે છે સુંદર શેલું કમર, બન્યા નાથ તે સમે નટવર...૭૩

ઝળકે પાઘ તે સારી સોનેરી, એમ ઊભા છે લટકાળો લે'રી;
ઝળકે નેપુર નાથને પાય, તોડો ઝાંઝર જોતાં સુખ થાય...૭૪

ઝળકે કંદોરે ઘૂઘરી ઘેર, શ્યામ ચંચળ[5] જોવે ચોફેર;
ઝળકે છે બાંયે તે બાજુ, વેઢ આંગળીએ અંગૂઠી કાજુ...૭૫

ઝળકે સોનાની સુંદર ઊતરી, ઝળકે છે કંઠી કંચન કેરી;
ઝળકે હૈડે તે મોતીના હાર, ઝળકે કાનમાં કુંડળ ઉદાર...૭૬

ઝળકે છે મુગટ મનહર, હીરા નંગ તેમાં છે સુંદર;
ઝળકે તે પર કલંગી રૂડી, સંતજનને અખંડ મૂડી...૭૭

૧.થોડોક ૨.પ્રભુએ ૩.સમાઈ જઈશું ૪.કોડ-ભાવ પૂરા કરનાર પ્રભુએ ૫.ચપળ દૃષ્ટિએ

સહજાનંદની શોભા શી કૈયે, નેણે નીરખી અને સુખી થૈયે;
લાલ છડી છે ફૂમતાવાળી, ઝૂલે રસિયો પલવટ વાળી...૭૮
લાલ લટકામાં હાર તો લેતા, સુખ સારાં તે જનને દેતા;
આવ્યા ગામમાં અંતરયામી, પોઢ્યા જોબનને મેડે સ્વામી...૭૯
એક સમે દર્શન દેવાં કાજ, ચઢ્યા માણેકીએ મહારાજ;
શોભે વસ્ત્ર ભૂષણ અપાર, બાજુ તોરા ને ગજરા હાર...૮૦
ઘોડી દોડતે ગયા ઘનશ્યામ, ગોમતીજીએ સુખના ધામ;
વળ્યા પાછા તર્ત દોડતા ત્યાંઈ, આવ્યા જોળના મારગમાંઈ...૮૧
તળાવની તીરેથી ગોમતી વા'લો, જાય દોડાવતા ધર્મનો લાલો;
એવી રીતે સ્વામીએ સાત વાર, ઘોડી ફેરવી કરીને પ્યાર...૮૨
જુએ સંત ને સઘળો સંગ, ઘોડી ખેલાવે પોતે ઉમંગ;
ઘોડી પરસેવે પલળી ગઈ, મેલી મસ્તાઈ ઊભી તે રઈ...૮૩
પછી વા'લોજી વેદી પર જાઈ, બેઠા ઢોલીડે શ્યામ સુખદાઈ;
ગોમતીજીને તીરે ગુણધામ, શોભે સભામાં સુંદર શ્યામ...૮૪
વાતુ કરતા દીઠા વનમાળી, કહી લીલા તે નજરે ભાળી;
બેઠા સભામાં હરિ સુખકંદ, શોભે તારા મધ્યે જેમ ચંદ...૮૫
શ્રીસહજાનંદ સુખકારી, એવી મૂર્તિ અંતરમાં ધારી;
બેઠા ઉત્તર મુખે કીરતાર, સંત નીરખે તે વારમવાર...૮૬
ગાય બ્રહ્માનંદ કરી બહુ હેત, તાળી પાડે તે કરુણાનિકેત;
લટકે તોરા ને હાર બહુ હાલે, ગજરા ગુચ્છ ને ચાંદલો ભાલે...૮૭
બાંધ્યા બાજુ તે હરિને હાથે, શોભે છોગલાં ફૂલના માથે;
એવા ભક્તિનંદન ભગવાન, જેનું ધરે મુનિવર ધ્યાન...૮૮
ત્યાંથી ગયા ગઢડે ગોવિંદ, સુખકારી તે સહજાનંદ;
જમી પોઢ્યા ઓરડીમાં નાથ, કરી પગચંપી વા ઢોળ્યો હાથ...૮૯

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'ગઢડા, નરસંડા તથા વડતાલની લીલા કહી' એ નામે એકસો સાતમો કિરણ ॥૧૦૭॥

કિરણ : ૧૦૮

કચ્છ, સોરઠ, જુનાગઢની લીલા તથા સદાવ્રતની વાત

પૂર્વછાયો :

પ્રભુ પ્રીતે પધારિયા, કચ્છ દેશમાં કૃપાળ;
દેવા દર્શન દાસને, દીનબંધુ દીનદયાળ...૦૧

બાલ વૃદ્ધ રોગી અંગ, અબળા અંધ અંગે જન;
ગામો ગામ ને ભવને ભવને, દીધાં હરિ તેને દર્શન...૦૨

આધોઈ સાપર કંથકોટ, ભચાઉ ભુજનગર ગિયા;
જિયાં સ્વામી રામાનંદજી, રહેતા ત્યાં બહુ કરી દયા...૦૩

માનકૂવા ને શહેર માંડવી, ગજોડ પુનડી ગામ;
ડોણ્ય તેરા તળાવકાળે, ફરિયા સુંદર શ્યામ...૦૪

અંજાર જોડિયે ભાદરે, શેખપાટ અલૈયેમોડે આવિયા,
આખા પિપલાણા પધારિયા, ભુધર મનમાં ભાવિયા...૦૫

ચોપાઈ :

માણાવદર લોજ માંગરોળે, તીરથવાસી તિયાં થાય ટોળે;
અગત્રાઈ ભાડેર ધોરાજી, તિયાં જમે સાધુ થાય રાજી...૦૬

જામવાળી ને ભુજનગર, ફણેણી સાંકળી જેતપુર;
કોટડું ગઢડું કારિયાણી, આવે તીર્થવાસી તિયાં તાણી...૦૭

જેતલપુર અને શ્રીનગર, એહ આદિ બીજાં બહુ પુર;

દિયે સદાવ્રત તે તો સાર, સર્વે જન કરે જેજેકાર...૦૮

એમ આનંદ ઉત્સવ થાય, ગુણ શ્રીહરિના સહુ ગાય;
એવા શ્રીસહજાનંદસ્વામી, પ્રગટ્યા કળિજુગે અંતરજામી...૦૯

કર્યાં અનંત જીવોનાં કલ્યાણ, તેને જાણે તે સંત સુજાણ;
ફર્યાં તીર્થ ને ઘણાં તે ગામ, કરી પૃથવી પાવન તે શ્યામ...૧૦

સુંદર શોભા પ્રભુજીની ભાળી, નવલ વેશે દીઠા વનમાળી;
ગોંડલ દેશે **ધોરાજી** છે ગામ, તિયાં પધાર્યા સહજાનંદ શ્યામ...૧૧

સુંદર ઓરડો શોભતું ફળી, સંતજનની તિયાં સભા મળી;
પલંગ ઉપર ગાદલું છાજે, ધોળો ઓછાડ તકિયો રાજે...૧૨

લાલવડની છાંયા શોભે સારી, બેઠા સંત અનંત નરનારી;
કરી વેદી ત્યાં ગુણાતીતાનંદ, સભા મધ્યે શોભે સહજાનંદ...૧૩

બેઠા પલંગે પુરુષોત્તમ નાથ, અનંત ભુવનની દોરી છે હાથ;
એ છે સર્વે ઈશના તે ઈશ, ધરી જન્મ આવ્યા જગદીશ...૧૪

શોભા સુંદર સારી ત્યાં થાઈ, આરતી વેળાયે ઊભા સુખદાઈ;
રૂડી મશાલો ત્યાં પ્રગટાય, શોભીતા શણગાર તે તો થાય...૧૫

પાર્ષદ તે તો પોશાગ લાવ્યો, હરિને સોનેરી જામો પે'રાવ્યો;
સુરવાળ સોનેરી જરકસી પાઘ, લાલ જોયાનો આવ્યો છે લાગ...૧૬

કસ્યું શેલું કમરે સુખદાઈ, નીરખે નાથને પરવતભાઈ;
સુરા સોમાદિ ભક્ત અકામ, પે'ર્યા શણગાર સુંદર શ્યામ...૧૭

લાલવડે તે બેઠા છે વા'લો, હિંડોળે હરિજી ધર્મનો લાલો;
જીવનને જોઈ રહ્યા છે દાસ, મુનિ મંડળી બેઠી છે પાસ...૧૮

રૂડે રંગે અમર ભરેલ, આકળા થઈ પ્રેર્યાં અલબેલ;
એક નજરે જોઈ રહ્યા જાણી, વૃત્તિ મૂર્તિમાં પ્રીતે પ્રોવાણી...૧૯

કોઈ ચરણ હરિનાં તે જોઈ, દુઃખ દારિદ્ર નાખે છે ખોઈ;
ચંચલ મૂર્તિ ચંચલ નેણ, હરિનાં વા'લાં લાગે છે વેણ...૨૦
મુખકમળ દંત શોભે શ્વેત, પ્રીતે જોતાં ઉપજે છે હેત;
આગે જ્યોતિઓ ઝળહળ થાય, બહુ શોભે પુરુષોત્તમરાય...૨૧
લાવો વેલા મહારાજ કહે છે, સેવક સર્વે શણગાર ધરે છે;
મોરે મહારાજ બોલ્યા'તા એવું, આ પોશાક પે'રી દર્શન દેવું...૨૨
એવી દયાળુ કરી છે દયા, પે'રી પ્રભુજી ઊભા તે થયા;
ઘેર ઘેર અમે પણ ફરશું, દઈ દર્શન રાજી તે કરશું...૨૩
એમ કરે છે માણીગર માવ, ભક્તજનનો કરે પૂરો ભાવ;
ખૂબ ખ્યાલ તો કરે છે પ્યારો, ધર્મધુરંધર ધર્મદુલારો...૨૪
જે સારુ ધરે મુનિવર ધ્યાન, દેહ દમે ને કરે બહુ જ્ઞાન;
તીરથ ફરે ને ફરે વન વન, તેને આ તો દુર્લભ દર્શન...૨૫
તે તો ઊભા છે અલબેલો આગે, ભક્ત પાસે તે જમવાનું માગે;
ભક્ત ભેળું તો રમવાનું તાન, એમ આપે છે દર્શન દાન...૨૬
કેડે સોનેરી શેલું ઝળહળે, મોટા મુનિવર જોવાને મળે;
પાઘ જરિયાની કિરણો કરતો, ભાવે ભક્તના મનને હરતો...૨૭
દશે આંગળીએ વેઢ બિરાજે, તેને જોતાં કોટિ કામ લાજે;
હાથમાં કડાં સાંકળાં ભારી, થાય મગન નીરખી નરનારી...૨૮
બાંયે બાજુબંધ બોર તે શોભે, મોટા મુનિનાં મનને લોભે;
કોટમાં ઊતરી મોતીની માળા, પગે ઝાંઝર તોડા રૂપાળા...૨૯
કાજુ કંચનના બિરાજે હાર, કેડે કંદોરો શોભે છે સાર;
કુંદન કંઠી કંચન તણી, શોભે કંઠમાં કૌસ્તુભમણિ...૩૦
મકરાકૃત કુંડળ છે કાને, વા'લો શોભે તે ભીનલે વાને;
રૂડી કલંગી પાઘમાં લટકે, માણીગર મોળિયું રંગ ચટકે...૩૧

બહુ લાગે છે લાલ રૂપાળા, ચિત્ત ચોરે છે નેણના ચાળા;
ભાલ ભ્રકુટિ શોભે છે રૂડી, ભક્તજનને અખંડ મૂડી...૩૨
શણગાર જેવો શ્રીજીનો વાન, નિત્યે સંતજન ધરે છે ધ્યાન;
પશ્ચિમ મુખે પુરુષોત્તમરાય, ઊભા આગે મુનિજન ગાય...૩૩
બહુ પ્રસન્ન થઈને તે વા'લે, દીધાં દર્શન ધર્મને લાલે;
આરતી સમે તો અંતરજામી, દેતાં દર્શન સહજાનંદ સ્વામી...૩૪
વાતુ કરે તે વા'લમજી બહુ, સંતજન સાંભળે છે સહુ;
હાથને લટકે લેતા બહુ હાર, એ રીતે આપે દર્શન કીરતાર...૩૫
મહામુનિના ધ્યાનમાં નાવે, પ્રગટ પ્રભુજી લાડ લડાવે;
ઘણીવાર તે વાતુ ત્યાં કરી, પછી પોઢવા પધાર્યા હરિ...૩૬
ઊઠી સવારે નાવાને ગયા, નાહી આવ્યા ત્યાં થાળ જ થયા;
ભાત ભાતનાં રૂડાં ભોજન, જમે જુગતે કરી જીવન...૩૭
ચળું કરીને મુખવાસ લીધો, પછી ચાલ્યાનો પરિયાણ કીધો;
શ્રીમુખે બોલ્યા છે સુંદર શ્યામ, અમારે ઘણાં ફરવાં તે ગામ...૩૮
હવે અમે તો રહેવાય નહીં, એમ કહીને નીસર્યા વહી;
ફરતો ઘોડાનો ઘેર જ થાય, વચમાં વા'લોજી રમતા જાય...૩૯
ગામ **જમનાવડ** જીવન આવ્યા, દાદાભાઈ આદિ સામૈયું લાવ્યા;
દાદાભાઈના દરબારમાંઈ, હરિ હિંડોળા ખાટે બેઠા જાઈ...૪૦
ભટ્ટ મયારામ પૂછે છે પ્રશ્ન, વાતુ કરતા દેતા દરશન;
લીલા ચણા તે નાથજી જમ્યા, શાક સુંદર ગોવિંદને ગમ્યા...૪૧
રૂડો થયો ત્યાં ભોજનનો થાળ, જમ્યા જુગતે દીન દયાળ;
પછી જમ્યો છે ભક્તનો સાથ, પીરસે પ્રભુજી પ્રીતેથી હાથ...૪૨
બેઠા હિંડોળા ખાટે બહુનામી, કરી મશાલું આનંદ પામી;
બેઠા ઘરેણાં વસ્ત્ર તે પે'રી, દીધાં દર્શન લટકાળે લે'રી...૪૩

ઘણી વિનંતિ હરિજને કરી, તોય ચાલી નીસર્યા શ્રીહરિ;
ગોવિંદ આવ્યા ગામ **ફણેણી**, કહેવા ન રહી ભક્તને કે'ણી...૪૪

જાણી જીવન સામા સૌ દોડે, કરી દંડવત કર તે જોડે;
અતિ પ્રેમેશું પધરાવ્યા પ્યારો, સુંદર ઉતારો દીધો છે સારો...૪૫

રૂડી ઓરડી તેની પરસાળ, બેઠા ઢોલીડે દીનદયાળ;
ત્યાં તો હરિજન એક બોલે, રસોઈ કરવાને પ્રભુને ઓલે...૪૬

પછી હસીને બોલ્યા મહારાજ, જાવું **જેતપુર** આજ ને આજ;
ઘરોઘર જઈ દર્શન દીધું, પ્રભુએ જમીને કારજ કીધું...૪૭

છબી ફળિયાની શોભે છે સારી, બેઠા ઢોલીડે ગોવિંદ ગિરધારી;
મૂર્તિ મહારાજની મન ભાવી, ભક્તે ભેટ્ય ધરી છે આવી...૪૮

પૂજ્યા પ્રભુને પ્રસન્ન થઈ, રાજી કર્યા વચનમાં રઈ;
જમ્યા જુગતેથી જગતનાથ, પછી જમાડ્યો સખાનો સાથ...૪૯

ગયા **સાંકળી** સુંદર શ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
ગામ **વડાલે** ગયા વનમાળી, મૂર્તિ મનોહર શોભે રૂપાળી...૫૦

ત્યાંથી ગયા **જીરણગઢ** સ્વામી, સહજાનંદ હરિ બહુનામી;
રહ્યા જીણાભાઈને તે ઘેર, પ્રભુ કરીને અતિશે મે'ર...૫૧

નાહ્યા કાળવા નદીમાં નાથ, સખા સહિત સરવે સાથ;
નાહ્યા દામોદરકુંડે દયાળ, જગજીવન પ્રભુ પ્રતિપાળ...૫૨

રમ્યા જમ્યા જીવન ઝાઝીવાર, નાથ ગયા તિહાં નવવાર;
ત્યાંથી ગયા **પંચાળે** તે હરિ, રમ્યા હુતાસણી રંગ ભરી...૫૩

ત્યાંથી ગયા **અગત્રાઈ** ગામ, શ્રીસહજાનંદ સુખધામ;
કર્યો અષ્ટમીનો ઉત્સવ ભારી, બેઠા હિંડોળે આંબે સુખકારી...૫૪

નાહ્યા નદીમાં સુંદર શ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
રમ્યા જમ્યા વા'લો કરી મે'ર, પ્રભુ પરવતભાઈને ઘેર...૫૫

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'કચ્છ, સોરઠ, જુનાગઢની લીલા તથા સદાવ્રતની વાત કહી' એ નામે એકસો આઠમો કિરણ ॥૧૦૮॥

કિરણ : ૧૦૯

મહારાજનું જન્માદિ વૃત્તાંત તથા સત્સંગ વિચરણ

પૂર્વછાયો :

શ્રીગોલોકને મધ્ય છે, એવું અક્ષરધામ ઉજાસ;
અનંત કોટિ અર્ક[1] અગ્નિ, ચંદ્ર જેવો અતિશે પ્રકાશ...૦૧
સચ્ચિદાનંદ દિવ્ય શ્વેત, બ્રહ્મપુર અમૃતધામ;
પરમપદ ચિદાકાશ તેમાં, રહે મુક્ત ને ઘનશ્યામ...૦૨

ચોપાઈ :

પ્રણમુ શ્રીકૃષ્ણ પુરુષોત્તમરાય, જેનો મહિમા તે કહ્યો ન જાય;
અક્ષરધામથી આનંદકારી, મહેર કરીને મૂરતિ ધારી...૦૩
ધર્મકુળમાં ધર્યો અવતાર, છપૈયા મધ્યે તે જગ આધાર;
ભક્તિ ધર્મના થઈને બાળ, કાલિદત્તનો આણિયો કાળ...૦૪
સરવરિયા બ્રાહ્મણ વેદ છે સામ, કૌથમી શાખા પ્રવર ત્રિનામ;
પંચ વરસે તે પ્રાણઆધાર, સર્વ વેદનો લીધો છે સાર...૦૫
બાળલીલા તે કરી બહુનામી, આઠ વરસે ઉપવિત પામી;
બ્રહ્મચારી તણો લઈને વેશ, કર્યો જીવને અતિ ઉપદેશ...૦૬
મૂંજી મેખળા મૃગ તે છાળા[2], દંડ કમંડળ ગુટકો ને માળા;
કૌપીન ગરણું બહિરવાસ[3], શાલીગ્રામજી રાખિયા પાસ...૦૭

૧.સૂર્ય ૨.મૃગની ચામડી ૩.કોપીન ઉપર પહેરવાનું વસ્ત્ર

અગિયાર વરસે ઉદાસી થઈ, તજી **અયોધ્યા** નીસર્યા વઈ;
બાર ગાઉ સુધી સરજુને તરી, સાડા ત્રણ પોરે ઊતર્યા હરિ...૦૮
બેઠા હરિ તે કરવાને સેવ, ત્યાં દર્શને આવ્યા હનુમંત દેવ;
મારુતિ લાવ્યા ફૂલ ને ફળ, તેને જમ્યા પ્રભુજી અકળ...૦૯
પછી ત્યાંથી ચાલ્યા ઘનશ્યામ, વીરને કહે આવજ્યો પડ્યે કામ;
સરજુ તીરથી સામી તે પાર, વર્ણી ચાલ્યા તે વન મોઝાર...૧૦
ઉત્તર દિશામાં અડવાણે પાય[૧], મૂર્તિની શોભા કહી નવ જાય;
શિર જટા અને તિલક ભાલ, ઉપવિત ધાર્યું ઉર વિશાલ...૧૧
શ્રીમહારાજની મૂરતિ શોભે, મોટા મુનિનાં મનને લોભે;
બહુ વિધિનાં ઓળંગી વન, જમતા નથી જીવન અન્ન...૧૨
ફળ દળનો[૨] કરે છે આહાર, વાયુ ભક્ષણ કરે કીરતાર;
ભૈરવ ભૂતનો પરાજય કરી, દર્શન હિમાચલને દીધું હરિ...૧૩
ઊતર્યા નદી તે વિકટ વાલો, મહાધિરાજ ધર્મનો લાલો;
પુલહાશ્રમમાં પૂરણકામ, તપ આદર્યું સુંદર શ્યામ...૧૪
રવિ પૂરણ થયા પ્રસન્ન, કર્યાં હરિનાં પોતે દર્શન;
ત્યાંથી ગયા **બુટોલપુર** ગામ, મૈયારાણીના ભૈયાને ધામ...૧૫
ગોપાળ જોગીને દીધાં દર્શન, પ્રભુ થયા તે અતિ પ્રસન્ન;
અષ્ટાંગ જોગ તે સાધિયો આપ, પોતે દાસને કીધો નિષ્પાપ...૧૬
વનમાં ફરતાં વર્ષ બે ગયા, પછી **આદિવારાહ** જઈ રહ્યા;
ત્યાંથી ગયા **સિરપુર** શહેર, સિદ્ધવલ્લભ ઉપર કરી મહેર...૧૭
પિબેક પાછો પાડી ભગવન, ચડ્યા નવલખે જોતા તે વન;
સર્વે જોગીને મળ્યા સુખપાથ, રામકોટ તો ન ગયા નાથ...૧૮

૧.ખુલ્લા પગે ૨.પાંદડાનો

બાલવા કુંડે આવ્યા બહુનામી, ત્રણ દી રહ્યા અંતરજામી;
ઊતર્યા ગંગાસાગર શ્યામ, ફર્યા પૃથવી પૂરણકામ...૧૯

પ્રભુ થયા તે અતિ પ્રસન્ન, દીધાં કપિલજીને દર્શન;
જગન્નાથમાં જીવન આવી, હરિ ચાલિયા અરિ હણાવી...૨૦

આદિકુરમ આવ્યા અવિનાશી, **માનસપુર** ગયા સુખરાશી;
વેંકટાદ્રિમાં વા'લમ ગયા, **શિવકાંચી વિષ્ણુકાંચી**માં રહ્યા...૨૧

ત્યાંથી **શ્રીરંગ** ગયા સુખપાથ, નાહ્યા કાવેરી ગંગામાં નાથ;
બે માસ રહ્યા પોતે તે ઠામ, ત્યાંથી ગયા **સેતુબંધ** શ્યામ...૨૨

બે માસ ત્યાં રહ્યા ધર્મલાલો, **સુંદરરાજ** વિષ્ણુ ગયા વા'લો;
ઘોર વન વિકટી તે ટળ્યું, પંચ દી અન્ન જળ નવ મળ્યું...૨૩

થયો શિવજી તણો ત્યાં મેળાપ, જમી સાથવો ચાલિયા આપ;
પૃથવી ઉપર તીરથ કા'વે, અધર્મ અવિદ્યા હરિ હઠાવે...૨૪

ભૂતપુરી તે રામાનુજ સ્થાન, **કુમારિકા ક્ષેત્ર** ગયા ભગવાન;
પદ્મનાભમાં પધાર્યા હરિ, ગયા **જનાર્દન** દયા કરી...૨૫

આદિકેશવ વિષ્ણુવે થઈ, મલિયાચલે હરિ રહ્યા જઈ;
કુલગિરિ **સાક્ષીગોપાળ**, ત્યાં જઈ રહ્યા તે દીનદયાળ...૨૬

કિષ્કિંધા નગરી પંપાતાલ, તિયાં નાહ્યા તે ધર્મનો લાલ;
ચંદ્રભાગા નદી પ્રભુજી નાઈ, **પંઢરપુર** ત્રણ માસ રહ્યા જાઈ...૨૭

દંડકારણ્ય ને **નાસિકપુર**, નાહ્યા હરિ ગોદાવરી સુંદર;
ત્રંબકેશ્વર તે થઈને શ્યામ, ગયા **સુરત**માં સુખના ધામ...૨૮

એક રજની રહ્યા દયા કરી, જમી ચાલિયા પ્રભાતે હરિ;
નાહ્યા તાપી તારવા જન સાથ, રહ્યા **ચોકી**માં રજની નાથ...૨૯

નાહ્યા કીમી નદીમાં કીરતાર, સંત સખા સોતા કરી પ્યાર;
માથે ઓઢી મોકે કરી માનસી, સૂરા ખાચર કરી તિયાં હાંસી...૩૦

નાહ્યા નાથ **નર્મદા** ને મહી, પછી ઊતર્યા સાભ્રર સહી;
ભીમનાથથી ભક્ત વત્સલ, આવ્યા **પોલારપુરે** અકળ...૩૧

વળા થઈને **ભાવનગર** નાથ, ગયા **ગોપનાથ** સુખના પાથ;
શહેર **સિહોર** પધાર્યા શ્યામ, ત્યાંથી ગયા **ઉને** પૂરણકામ...૩૨

ગુપ્તપ્રયાગમાં ગયા ગોવિંદ, માસ એક રહ્યા સુખકંદ;
ત્યાંથી **લોઢવે** ગયા તે લાલ, માસ ત્રણ ત્યાં રહ્યા ધર્મલાલ...૩૩

ત્યાંથી પ્રભુજી **પ્રભાસ** ગયા, નાહી સરસ્વતી રજની રહ્યા;
માંગરોળ ગામમાં મહારાજ, કર્યાં અનંત જીવના કાજ...૩૪

લોજપુરમાં તે આવિયા લાલો, વાવ્ય ઉપર ઊતર્યા વા'લો;
નાહી આવીને બેઠા ત્યાં નાથ, ઉતરાદે પાસે સુખપાથ...૩૫

સુખાનંદને આપિયું સુખ, પ્રથમ પ્રભુનું જોયું તે મુખ;
પછી મુક્તનો થયો મેળાપ, પ્રશ્ન પૂછીને રહ્યા તે આપ...૩૬

રામાનંદજીસ્વામી તણું દર્શન, કરવા ઈચ્છે તે આતુર મન;
રામાનંદસ્વામી ભુજનગર, પત્રી તે પ્રત્યે લખી તે કર...૩૭

રામાનંદજીએ ખબર જાણી, આવ્યા પુરુષ પૂરા પુરાણી;
પ્રથમ **પિપલાણે** થયો મેળાપ, સામાસામી તે મળિયા આપ...૩૮

સંત સહિત **લોજ**માં આવ્યા, સર્વે મુનિને મનડે ભાવ્યા;
પછી રામાનંદસ્વામી સુજાણ, સર્વે મળીને કર્યું પ્રમાણ...૩૯

નિજ ગાદીએ બેસાડ્યા નાથ, રામાનંદસ્વામીએ ગ્રહી હાથ;
નામ ધાર્યું તે સહજાનંદસ્વામી, ધર્મધુરા તે સોંપી સુખધામી...૪૦

રામાનંદસ્વામી અંતરધાન, થઈ ગયા તે બેસી વિમાન;
સંતમંડળ સહિત શ્યામ, ફરે પ્રભુજી ગામો તે ગામ...૪૧

ઉત્સવ સમૈયા કરે કૃપાળ, સોરઠ દેશમાં દીનદયાળ;
મહાપ્રભુજી **માંગરોળે** આવી, સમૈયો કરી વાવ્ય ગળાવી...૪૨

પ્રગટ સર્વેને દર્શન દીધાં, કૃષ્ણ સ્વરૂપે કારજ કીધાં;
જેવા તેવા તે જીવને થાય, સમાધિઓમાં ધામમાં જાય...૪૩
અક્ષર આદિ તે ધામ જે કા'વે, સમાધિયોમાં આવે ને જાવે;
સદાવ્રત પણ ગામો ગામ, બહુ બંધાવ્યા સુંદર શ્યામ...૪૪
પિપલાણામાં છ માસ સુધી, જમાડ્યા દ્વિજવર સુબુદ્ધિ;
પછી આખા અગત્રાઈ ગામ, કર્યા સમૈયા સુંદર શ્યામ...૪૫
કાલવાણી ને પંચાળે પ્યાર, કર્યા સમૈયા વારમવાર;
જૂનાગઢમાં જઈને નાથ, પધરાવી મૂર્તિ પોતાને હાથ...૪૬
જમાડ્યા સંતને સુંદર શ્યામ, બાંધ્યું ભારે મોટું ત્યાં તો ધામ;
જમનાવડ ને ગયા ધોરાજી, લાલવડે સભા બેઠા થઈ રાજી...૪૭
વણથળી ભાડેરે ભગવાન, સંત જમાડ્યા સુખના દાન;
જેતપુર જાળિયે હરિ ગયા, માળિયે માણાવદર બહુ રહ્યા...૪૮
ગણોદ ઉપલેટા મેઘપુર, અલૈયે મોડે ગયા જરૂર;
શેખપાટ લાલજીને ઘેર, મહારાજ રહ્યા કરી મહેર...૪૯
ગામ ભાદરે ગયા ભગવાન, કર્યો સમૈયો ત્યાં સુખદાન;
રતના મૂળજીને સુખ આપી, ઊતર્યા ખાડી દુઃખને કાપી...૫૦
ભુજનગર ભગવાન જાઈ, કર્યા સમૈયા રાજી તે થાઈ;
પધરાવી મૂરતિ મહારાજ, કરવા અનેક જીવનાં કાજ...૫૧
ગયા શહેર માંડવીએ શ્યામ, કાળાતળાવ ને તેરા ગામ;
અંજાર પીપળીએ લખતર, ગયા સહજાનંદ સુખકર...૫૨
આવ્યા ધમડકે આધોઈ ગામ, રાજકોટે ને સરધારે શ્યામ;
કરી કંડોરડાની ચોરાશી, અનંત દ્વિજ જમાડ્યા અવિનાશી...૫૩
દીધી દક્ષિણા તે સુંદર શ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
કોટડે વાંકિયે વા'લોજી ગયા, મોકા ખાચર પર રાજી થયા...૫૪

ફર્યા સોરઠ હાલાર દેશ, કર્યો અનંત જીવને ઉપદેશ;
ફરતા ફરતા તે ગઢડે ગામ, સંત સહિત આવ્યા સુખધામ...૫૫

દાદાખાચરની ઉપર દયા, કરીને જેને દરબારે રહ્યા;
લીલા અનંત પ્રકાર તણી, ઘનશ્યામજી કરે તે ઘણી...૫૬

ઉન્મત્ત ગંગા તણો મહિમાય, નિત્યે પ્રભુજી નાવાને જાય;
શુક નારદ જેવા ગુણવંત, કર્યા હજારો હજાર સંત...૫૭

અંબરીષ જેવા અનંત ભક્ત, થયા સત્સંગી જગથી વિરક્ત;
સીતા જેવી તે અનંત નારી, પતિવ્રતાઓ મહાવ્રતધારી...૫૮

મોટા મહારુદ્ર કર્યા મહારાજ, વિપ્ર જમાડ્યા કોટિક આજ;
મંદિરો કરી દેશો તે દેશ, દેવ પધરાવ્યા તેમાં મુનેશ...૫૯

ધર્મતણું તે સ્થાપન કીધું, અધર્મ મૂળ ઉચ્છેદી દીધું;
નિજ ગાદીના કીધા અધિકારી, બેઉ ભાઈની જોડી છે સારી...૬૦

અવધપ્રસાદ ને રઘુવીર, ધર્મ ધુરંધર ધર્મ મતિ ધીર;
દેશ વિભાગ કરીને આપ્યા, આચાર્ય પદવી આપીને સ્થાપ્યા...૬૧

શિક્ષાપત્રી આદિક જે ગ્રંથ, લખાવિયા તે પ્રભુ સમર્થ;
રાજાધિરાજ વિરાજમાન, દેશોદેશમાં ફરે ભગવાન...૬૨

રહે ગઢપુર નગરે સદાય, પૂરણ પુરુષોત્તમરાય;
ફરે દેશ નગર ને ગામ, રહે ગઢડે આવી ઘનશ્યામ...૬૩

સર્વથી સરસ મંદિર કરી, ગઢડે ગોપીનાથ પધરાવ્યા હરિ;
કર્યા સમૈયા વારમવાર, તેનો ગણતા ન આવે પાર...૬૪

અનંત દ્વિજો જમાડ્યા શ્યામ, દીધી દક્ષિણા તે પૂરણકામ;
સંતજનને સન્માન કરી, પીરસી પોતે જમાડતા હરિ...૬૫

ગામ સખપર બોટાદ બહુ, ગયા વા'લોજી વાત તે કહું;
ભગા હમીર સોમને ઘેર, કર્યો સમૈયો કરીને મે'ર...૬૬

રંગ ગુલાલ કેસર ઘોળી, રમ્યા હરિ સંત સાથે હોળી;
લઈ મોતૈયા લાડુ તે હાથ, સંત જનનો જમાડ્યો સાથ...૬૭
કરી લોયે તે લીલા આ વાર, તેનો કહેતાં કોણ પામે પાર;
સંગજી સૂરા ભક્તને ઘેર, કર્યો વસંત રૂડી તે પેર...૬૮
રામપ્રતાપ ઈચ્છારામભાઈ, આવ્યા છપૈયેથી રાજી થાઈ;
શાક ઉત્સવ કર્યો સુજાણ, તેના કિંચિત્ કરું વખાણ...૬૯
સાઠ મણ સુંદર વૃંતાક સાર, દ્વાદશ મણ ઘીનો તે વઘાર;
લવીંગ તજ મરચાં તે લાલ, જીરું મીઠું હલદી અતિ તાલ...૭૦
કેશર સરખો શાકનો રંગ, ધોતિયું રૂમાલ શરીર પીળે અંગ;
પ્રભુ પીરસે હાથમાં ડંકો લઈ, પાત્ર ભરી દે પ્રસન્ન થઈ...૭૧
એમ લીલા તે કરે અપાર, કહી શેષજી ન પામે પાર;
નાગડકે નાથા ખાચરને ઘેર, પ્રભુ પધાર્યા કરીને મે'ર...૭૨
કર્યા સમૈયા સુંદર શ્યામ, કંક જાતિનું કર્યું કલ્યાણ;
સાયલા સુંદર મૂળી મેથાણ, કર્યાં અનેક જીવનાં કલ્યાણ...૭૩
દેહા ખાચર ઉપર દયા, કરીને ગામ બગડે ગયા;
ગયા વાગડ જુણાજીને ગામ, કર્યો વસંત સુંદરિયાણે શ્યામ...૭૪
કર્યો કરમડ ગામે અન્નકોટ, જલેબી મોતૈયા ન રાખી ખોટ;
પીરસી પોતે જમાડ્યા છે સંત, લીલા લાલજી કરી અત્યંત...૭૫
કર્યો સમૈયો સારંગપુર, જન્માષ્ટમી તણો હરિ જરૂર;
જીવો ખાચર ને અમરો એક, વાઘા રાઠોડ આદિ અનેક...૭૬
પધાર્યા પ્રભુજી અનંત સંત, મુક્તાનંદ આદિ મોટા મહંત;
જમે અનંત દ્વિજ ચોકા કરી, ફરે ગોવિંદ ઘોડલે ચડી હરિ...૭૭
સંતજનને પીરસે હાથ, કરે લીલા તે અનેક નાથ;
પે'રે ફૂલ ને ઘણા શણગાર, તેનો ગણતાં ન આવે પાર...૭૮

રહ્યા ઝિંઝાવદર જગવંદ, આપ્યું સુખ અલૈયાને આનંદ;
કારિયાણી ગયા કઈ વાર, કર્યા સમૈયા અનંત અપાર...૭૯

માંચા ખાચર વસ્તાને ઘેર, કરી લીલા મોટી તે મહેર;
કુંડળ કાઠિયાવાડની શી વાત, હરિ ફર્યા દિવસ ને રાત...૮૦

ભાલદેશમાં ગયા ભગવાન, હતું દુઃખ તે કર્યું સુખદાન;
ધોલેરાપુરમાં બાંધ્યું તે ધામ, ઉધાર્યાં અનંત પુરુષ વામ...૮૧

શ્રીસહજાનંદ સુખના પાથ, નવ વાર ગયા પોતે ત્યાં નાથ;
પૂજાજી આદિને દર્શન દીધાં, મૂર્તિ પધરાવી મંગળ કીધા...૮૨

ખરડ રોજકા ગાંફમાં ઘણા, પચ્છમ કમિયાળે ન રાખી મણા;
બોરું જાખડા ગલિયાણા કહું, ગયા ગોરાડ બુધેજ બોચાસણ બહુ...૮૩

દર્ભાવતીમાં કર્યા દયાળ, ભારે જગન મોટા વિશાળ;
જમાડ્યા દ્વિજ અનંત અપાર, દીધી દક્ષિણા તે વારમવાર...૮૪

જેતલપુરમાં કર્યા જગન, દીધી દક્ષિણા વૂઠો જેમ ઘન[1];
અસલાલી ગામડીએ ઘણા ઘણા, જમાડ્યા સંત ન રાખી મણા...૮૫

વેલાલ વડથલ વાંઠવાળી, પધાર્યા પ્રીતે હરિ વનમાળી;
ડડુસરમાં ગયા દયા કરી, મેમદાવાદમાં રહ્યાં તે હરિ...૮૬

અમદાવાદમાં આનંદ ભર, ડેરા તાણિયા કાંકરીયા સર;
કર્યું મંદિર પોતાનું પણ, પધરાવ્યા ત્યાં નરનારાયણ...૮૭

જમાડ્યા દ્વિજ અનંત આ વાર, તેનો કહ્યે કોણ પામે પાર;
નાહ્યા સાભરમાં સંત ને શ્યામ, કરી લીલા તે પૂરણકામ...૮૮

કર્યો આદરજમાં અન્નકોટ, કરજીસણ અષ્ટમી ન રાખી ખોટ;
ગયા સિદ્ધપુર સુખના ધામ, નાહ્યા સરસ્વતી બિંદુસર શ્યામ...૮૯

દીધી દક્ષિણા દ્વિજને ઘણી, જીવ જાણજો અક્ષરના ધણી;

૧.ધોધમાર વરસાદની જેમ

પ્રભુ વેરાટમાં[1] વારમવાર, પધાર્યા પોતે કરીને પ્યાર...૯૦
ઝાલાવાડ દંઢાવ્યમાં ઘણા, ફર્યા દેશો દેશ ન રાખી મણા;
વડનગર વિસનગર દયા કરી, પંચોત્રા દ્વિજ જમાડ્યા હરિ...૯૧
ઊંટડીએ મહાદેવ આવી નાથ, પૂજારીને રૂપૈયા દીધા હાથ;
વઉઠામાં તો વા'લમજી ગયા, પ્રસન્ન પૂજારી ઉપર થયા...૯૨
દીધો જરકસી જામો ને પાઘ, નાહ્યા નદી સંત હરિ અનુરાગ;
ઘોડાસર ગામમાં ગયા હરિ, બેઠા તે સુખપાલે દયા કરી...૯૩
ઉમરેઠ ગામમાં ગોવિંદ અતિ, પધારિયા પ્રભુજી પ્રાણપતિ;
દયા કરીને દર્શન દીધાં, હરિજનને કૃતાર્થ કીધાં...૯૪
વા'લો પધાર્યા વટપતન, હાથીએ બેસી દીધાં દર્શન;
ફર્યા શેરીઓ બજારે શ્રીહરિ, કૃષ્ણજી અતિશે કૃપા કરી...૯૫
શિરપેચ બાજુ ને મોતીની માળા, હરિ હાથીએ લાગે રૂપાળા;
પુર પાદરે પ્રભુજી પધાર્યા, હરિજનને હરખ વધાર્યા...૯૬
ગયા ધર્મપુર ધામોના ધણી, લીલા કરી ત્યાં લાલજી ઘણી;
બેઠા હાથીએ હોંસીલો વા'લો, ધર્મ ધુરંધર ધર્મનો લાલો...૯૭
ધર્યો મુગટ મોટો મહારાજ, કર્યાં અનેક જીવનાં કાજ;
ગામ વાંસદે ગયા કરી વ્હાલ, બેઠા સુખપાલ દંતી[2] દયાલ...૯૮
ગયા સુરત સુખના ધામ, દઈ દર્શન તાર્યાં પુરુષ વામ;
દસ દિવસ લીલા ત્યાં કરી, પછી ત્યાંથી પધાર્યા શ્રીહરિ...૯૯
તાપી નર્મદા ઊતર્યા નાથ, ગયા ભરૂચ સુખના પાથ;
કર્યા કૃતાર્થ કાનમના જન, દઈ દર્શન પોતે ભગવન...૧૦૦
ગયા બુવે ને આમોદ આજ, કર્યાં અનેક જીવનાં કાજ;
ઊતરી મહી ને મહારાજ ગયા, દેવાણ બદલપુરે તે રહ્યા...૧૦૧

૧.ધોળકામાં ૨.હાથી

ગયા નડિયાદ ખંભાત નાથ, સ્વામી સહજાનંદ સુખપાથ;
વ્રતપુરીના થયા નિવાસી, છાપો કરાવી આપે અવિનાશી...૧૦૨
ઉપર રહીને ગોમતી ગાળી, નાતા નાથની મૂર્તિ ભાળી;
હિંડોળે બેસી મુગટ ધારી, ફૂલદોલનો સમૈયો ભારી...૧૦૩
રંગ રમતાં મુનિ ને નાથ, પિચકારીઓ ગ્રહીને હાથ;
ધર્મતણાં તે ચડ્યાં નિશાન, અસુર સર્વેનું ઉતાર્યું માન...૧૦૪
કળિયુગમાં જે અતિ અનીતિ, ચાલે સહુ કોઈ અવળી રીતિ;
ઘણા ગુરુ થયા તે ગમાર, તેણે બોળ્યા પુરુષ ને નાર...૧૦૫
ખળજનને શિક્ષા તે કીધી, સતયુગની રીતિ ચલાવી દીધી;
હરિભક્તના પૂરવા કોડ, કરે લીલાઓ જુગતે જોડ...૧૦૬
ચરોતરના ચોકમાં મહારાજ, પધરાવ્યા લક્ષ્મીનારાયણ આજ;
ચરોતર ઉપર કરીને મે'ર, પ્રભુ પધાર્યા ઘેરો તે ઘેર...૧૦૭
જેના મહિમાનો નાવે પાર, શેષજી ગાવે મુખ હજાર;
ગાય શીખે ને સાંભળે કાન, તેની પર રાજી થાય ભગવાન...૧૦૮
એક મને જે જે જન સાંભળે, તેને શ્રીસહજાનંદજી મળે;
રહ્યા બહુ દિવસ બહુનામી, ગયા બુધેજ સહજાનંદસ્વામી...૧૦૯
નાહ્યા હરિ તળાવી બે વાર, જમ્યા ખોડાભાઈને ત્યાં કરી પ્યાર;
ત્યાંથી ગોરાડ ગુડેલે ગયા, રાત નાની બોરુ જઈને રહ્યા...૧૧૦
ગયા ધોલેરે ધર્મનો લાલો, જમ્યા મંદિરમાં જઈને વા'લો;
ત્યાંથી ગયા તે કારિયાણી ગામ, રહી રાત જમ્યા સુખધામ...૧૧૧
આવ્યા ગઢપુર શ્રીસજાહનંદ, દાદાખાચરને ઘેર જગવંદ;
જમી પોઢ્યા ઓરડીમાં જીવન, પ્રભુ થયા તે અતિ પ્રસન્ન...૧૧૨
ચાંપ્યા ચરણ ઢોળ્યો બહુ વાય, નીરખી નાથને આનંદ થાય;
એવી રીતે આપ્યાં સુખ અતિ, શ્રીસહજાનંદ પ્રાણપતિ...૧૧૩

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'મહારાજનું જન્માદિ વૃત્તાંત તથા સત્સંગ વિચરણ કહ્યું' એ નામે એકસો નવમો કિરણ ॥૧૦૯॥

કિરણ : ૧૧૦

શ્રીહરિની વિવિધ લીલાનું વર્ણન

રાગ : ધોળ (આનંદ આપ્યો અતિ ઘણો રે)

ઓરડીમાંથી આવિયા રે, ઓસરીએ અલબેલ...સ્વામી સહજાનંદજી રે
બેઠા સેજ પર શ્રીહરિ રે, રૂપાળો રંગરેલ...સ્વામી૦ ૧
ઉગમણે બાર ઓરડા રે, શોભે ઉગમણું મુખ-સ્વામી૦
વદન કમળ રળિયામણું રે, જોઈને જાય જો દુઃખ...સ્વામી૦ ૨
સંત મધ્યે શોભે શ્યામળો રે, પ્રીતમ પૂરણચંદ-સ્વામી૦
ભીડ ઘણી હરિભક્તની રે, નીરખીને પામે આનંદ...સ્વામી૦ ૩
હેતે હરિજન આવિયા રે, પૂજવા પ્રાણ આધાર-સ્વામી૦
સુખના સિંધુ શ્રીહરિ રે, આપ્યું તે સુખ અપાર...સ્વામી૦ ૪
સુરવાળ સોનેરી પેરિયો રે, જામો જરકસી જોવા લાગ-સ્વામી૦
કેડ્યે રેંટો રૂડો બાંધિયો રે, શિર પર સોનેરી પાઘ...સ્વામી૦ ૫
આસમાની રેંટો ઓઢિયો રે, રેશમી રૂમાલ હાથ-સ્વામી૦
કેસર તિલક કોડામણું રે, કંકુ ચાંદલે કરૂણાનાથ...સ્વામી૦ ૬
ભાલે ચોખા ભલા શોભતા રે, સુંદર ગોળ કપોળ-સ્વામી૦
નાસિકા નમણી નાથની રે, નજીક તિલ ત્રાજુ ગોળ...સ્વામી૦ ૭
હેમ કડાં બાજુ સાંકળાં રે, ગળે મોતીની માળ-સ્વામી૦
પોંચી પે'રી બેઉ હાથમાં રે, કુંડળ કાને રસાળ...સ્વામી૦ ૮
કનક કંદોરો બાંધિયો રે, વેઢ વીંટી નંગ જડાવ-સ્વામી૦

હૈડે હુલર[1] પે'રી સાંકળી રે, શોભે મનોહર માવ...સ્વામી૦ ૯
ચરણે ઝાંઝર તોડા જોઈને રે, હૈડામાં વાધે હેત-સ્વામી૦
શિરપેચ કલંગી વાંકડી રે, કેવળ કરુણાનિકેત...સ્વામી૦ ૧૦
હાર તોરા બાજુ બાંધિયા રે, ફૂલતણા શણગાર-સ્વામી૦
ગજરા ગુલાબી ગે'કતા[2] રે, ગુચ્છ ગુલાબી સાર...સ્વામી૦ ૧૧
આરતિ ઉતારી આનંદમાં રે, પૂજિયા પ્રાણજીવન-સ્વામી૦
હરખે હરિવર જોઈને રે, રાજી થયા સંત જન...સ્વામી૦ ૧૨
ઊભા થઈ અલબેલડો રે, ધૂન કરે ધીરા રઈ-સ્વામી૦
રામકૃષ્ણ મુખે બોલતા રે, ઘેરે રાગે ગુણ ગાઈ...સ્વામી૦ ૧૩
તાળી પાડે રૂડી તાનમાં રે, આણી અતિ ઉછરંગ-સ્વામી૦
લટકાં કરતા લાલજી રે, શોભે તે અંગોઅંગ...સ્વામી૦ ૧૪
હરિ ફરે બહુ હેતશું રે, ચારેકોરે ચિત્તચોરે-સ્વામી૦
દર્શન દેતા દાસને રે, જીવન જોરે જોરે...સ્વામી૦૧૫
હાર તોરા બહુ હિંડળે રે, લટકે બાજુનાં બોર-સ્વામી૦
ફૂલ ફેંદાઈ જાય ફૂટરા[3] રે, વરસે પાંખડીઓનો નોર[4]...સ્વામી૦ ૧૬
બે હાથ બરોબર રાખીને રે, તાળી પાડે એક તાન-સ્વામી૦
ઊભા અંગૂઠા ઓપતા[5] રે, ભીડભંજન ભગવાન...સ્વામી૦ ૧૭
ત્રાંસાંની પેઠ્યે તડતડે[6] રે, તાલિકા તેમની તેમ-સ્વામી૦
સંતને શીખવે નામ ધૂની રે, નટવરને એવું નેમ....સ્વામી૦ ૧૮
એક પગે ઊભા રહીને રે, કરે સ્તુતિ આનંદે-સ્વામી૦
હાથ હરિ બેઉ જોડીને રે, રાધિકા કૃષ્ણને વંદે...સ્વામી૦ ૧૯
સર્વથી પે'લા શ્રીહરિ રે, કરે નમસ્કાર નાથ-સ્વામી૦
દાસ વાસુદેવ દેખીને રે, ગાય હરિગુણ ગાથ....સ્વામી૦ ૨૦

૧.કંઠમાં પહેરવાનું ચાંદીનું ઘરેણું ૨.સુગંધી આપતા ૩.સુંદર; મનોહર ૪.વરસાદ
૫.શોભતા ૬.અવાજ કરે

ઇતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિની વિવિધ લીલાનું વર્ણન કર્યું' એ નામે એકસો દસમો કિરણ ॥૧૧૦॥

કિરણ : ૧૧૧

શ્રીહરિ જ્યાં જ્યાં નાહ્યા-જમ્યા તેનું વર્ણન

પૂર્વછાયો :

છપૈયામાં નાહ્યા નાથજી, પ્રીતમજી કરી પ્યાર;
કૂપ તળાવ નદી નાળે, વા'લમ વારમવાર...૦૧
નાહ્યા શ્રીસહજાનંદજી, સરવારમાં તે શ્રીહરિ;
અનેક જીવ ઓધારવા, એવી દયાળે દયા કરી...૦૨

ચોપાઈ :

નારાયણ સરમાં નાહ્યા નાથ, વૃદ્ધ બાળ લઈને સાથ;
નાહ્યા મોટા તાલમાં મહારાજ, કરવા અનેક જીવનાં કાજ...૦૩
નાહ્યા અમૃતિ કૂપે આ વાર, તેનો ગણતાં ન આવે પાર;
નાહ્યા વિશવી નદીમાં વા'લો, ધર્મધુરંધર ધર્મનો લાલો...૦૪
નાહ્યા ગાયઘાટે વા'લો ઘણું, થયું અમૃત જળ તેહતણું;
નાહ્યા તરગામે તે નાથ, લઈ બાળકને વળી સાથ...૦૫
નાહ્યા મનોરમામાં વારંવાર, પ્રભુ પ્રીતે કરીને તે પ્યાર;
નાહ્યા ભૂતિયે કૂવે વાર એક, ઉધાર્યાં ત્યાં તો ભૂત અનેક...૦૬
નાહ્યા તિનવાની તે તળાવી, ભૂધરજી તે ભાવ લાવી;
વાગ્યો ઝાડનો ખાંપો જાઈ, નાહ્યા તળાવીમાં વળી ત્યાંઈ...૦૭
નાહ્યા મખોડા તીર્થ મહારાજ, કર્યું અનેક જીવનું કાજ;
ત્યાં કર્યો રામચંદ્રે જગન, નીરખી નાથને થયા મગન...૦૮

નાહ્યા ટેઢી નદીમાં ત્યાંય, એહ આદિ બીજાં તીર્થમાંય;
નાહ્યા સરજુમાં વારમવાર, ઉધાર્યા જીવ અનંત અપાર...૦૯

નાહ્યા વડતાલમાં વા'લો એહ, સ્વામી સહજાનંદ વળી તેહ;
સુંદર પગીને કૂવે શ્યામ, નાહ્યા રંગે રમી સુખધામ...૧૦

આંબલે હોળી રમીને એહ, નાહ્યા મૂળજીને કૂવે તેહ;
વળી આંબલે હોળી રમ્યા નાથ, નાહ્યા પિપળાતાને કૂવે સાથ...૧૧

નાહી આંબલે જમ્યા અલબેલ, જમાડ્યા ત્યાં સાધુ રંગરેલ;
વેલ્યે બેસી ગયા સુખધામ, નાહ્યા ધના તળાવીમાં શ્યામ...૧૨

અલબેલો અતિ રાજી થાય, નાતાં સંત સખા ત્યાં તો ગાય;
જોળે રામદાસને કૂવે જાઈ, નાહ્યા સહજાનંદ સુખદાઈ...૧૩

ત્યાં જઈ જમ્યા તે ઝાઝીવાર, શ્રીસહજાનંદજી કરી પ્યાર;
ગાંડો મુજિયો બળદ કે'વાય, વા'લો વેલ્યે બેસે રાજી થાય...૧૪

નાહ્યા તાડણ તળાવીમાં હરિ, સ્વામિનારાયણ તે દયા કરી;
ગયા સંજાયે મહાસુખધામ, નાહી જમ્યા તે પૂરણકામ...૧૫

નાહ્યા ગોમતીજીમાં તે સ્વામી, સંત સખા સોતા બહુનામી;
વેલે બેસીને નટવર નાવ, ગયા મહુડિયેપરે માવ...૧૬

ગયા બામણોલી બહુનામી, તખા પગીને ત્યાં અંતરજામી;
બેઠા રાયણે થઈ રળિયાત, જમ્યા સાધુ સર્વે અને નાથ...૧૭

તખાપગીને કૂપે નાહી હરિ, જમ્યા થાળ તે દયા કરી;
આવ્યા વડતાલે વળી નાથ, જમ્યા બ્રહ્મચારીને હરિ હાથ...૧૮

વળી વેલ્યે બેસીને મોહન, આવ્યા જેંડવેપરે જીવન;
તિયાં બેઠા હિંડોળે દયાળ, પછી નાહીને જમ્યા થાળ...૧૯

વેલે બેસીને નીસર્યા વઈ, આવ્યા નરસંડે મંડળ લઈ;
તિયાં નાહ્યા જમ્યા રાત રહ્યા, આવ્યા વડતાલે કરી દયા...૨૦

નારણગિરિની જાગ્ય ત્યાંઈ, નાહ્યા મંદિરના ચોકમાંઈ;
અન્નકોટ જમાડે બ્રહ્મચારી, મુક્તાનંદજી આરતી ઉતારી...૨૧
નાહ્યા સંતની ઓરડીમાંઈ, જમ્યા એ ચોક ફળિયું ત્યાંઈ;
વળી ઓરડીની તે ઓસરી, નાહી થાળ જમ્યા ત્યાં હરિ...૨૨
સંતની જાયગાનો ચોક ત્યાંઈ, બેસી નાહ્યા હરિ તે માંઈ;
નાહ્યા મોટા તળાવમાં નાથ, શ્રીસહજાનંદ સુખપાથ...૨૩
સિંજીવાડા વા'લાનો થાળ, જમ્યા બાપુનો દીનદયાળ;
સિંજીવાડાના બારોટ એહ, જેનું નામ છે જગરૂપ તેહ...૨૪
તેણે કહ્યું જે હે મહારાજ, મારી રસોઈ જમોને આજ;
સભામાં જવાની બારી સારી, ત્યાં આવીને બેઠા સુખકારી...૨૫
આવ્યા પ્રથમનાં વૃંતાક, તેનું મહારાજે બનાવ્યું શાક;
શેરો બનાવ્યો સુંદર સ્વામી, ભારે ભાત કર્યો બહુનામી...૨૬
મુક્તાનંદજી જગરૂપ એહ, કે'છે પે'લા જમો પ્રભુ તમે તેહ;
પછી પે'લા જમ્યા હરિ જ્યારે, રાજી થયા હરિજન ત્યારે...૨૭
એમ રાજી નિજ જન કરી, પુરુષોત્તમ પોતે શ્રીહરિ;
પછી સંતને શ્યામ જમાડે, એવી રીતે આનંદ પમાડે...૨૮
આવ્યા વલાસણ લઈ સાથ, તિયાં નાહી જમ્યા પોતે નાથ;
નારણગિરિને મેડે જમ્યા, પ્રેમી ભક્તને મનડે ગમ્યા...૨૯
આંબલાથી ઉગમણી રાયણ, ત્યાં નાહી જમ્યા નારાયણ;
નાની ઉગમણી આંબલી ત્યાંઈ, નાહી જમ્યા તિયાં સુખદાઈ...૩૦
મોટા આંબલાની આથમણી પાસ, નાહી થડમાં જમ્યા અવિનાશ;
બ્રહ્મચારી મુકુંદ નવરાવે, નિત્ય થાળ હરિને જમાવે...૩૧
જૂની સાધુની ધર્મશાળામાંઈ, હરિ નાહ્યા ને જમ્યા ત્યાંઈ;
જૂની હવેલીમાં ઘણીવાર, તેમાં નાહ્યા જમ્યા કીરતાર...૩૨

ઉગમણા તે બંગલામાંઈ, ઓસરિયે નાહ્યા જમ્યા ત્યાંઈ;
વળી ઉપલે માળે બહુવાર, નાહ્યા ને જમ્યા કીરતાર...૩૩
લક્ષ્મીનારાયણની તે એહ, કોળીમાં આવ્યા નાહી તેહ;
ત્યાં દયા કરીને દયાળ, થાળ જમ્યા જન પ્રતિપાળ...૩૪
બ્રહ્મચારીની ચોકડી છે તિયાં, આવી નાહ્યા વહાલોજી ઈયાં;
મંદિર વાંસે ઓટો છે ઈયાં, જમ્યા ઠાકોરનું રસોડું તિયાં...૩૫
ઉગમણે તે બંગલે નાઈ, લઈ રૂમાલ આવે સુખદાઈ;
જમણે હાથે તે રૂમાલ ઝાલે, ડાબો હાથ કેડે દીધો વા'લે...૩૬
એવી રીતે તે જમવા આવે, મુખે રૂમાલ દઈ હરિ હસાવે;
એમ અહોનિશ આવે જમવા, પ્રેમી ભક્તનાં મનમાં ગમવા...૩૭
વળી ઉપરલે બંગલે નાઈ, આવે સુખશૈયાએ સુખદાઈ;
સામા સંતનાં મંડળ બેસાડી, જમે સન્મુખ તે સુખકારી...૩૮
વળી બ્રહ્મચારીની જે ઓસરી, તિયાં નાહી જમ્યા મારો હરિ;
ત્યાં તો બહુ જમ્યા કીરતાર, તેનો ગણતાં ન આવે પાર...૩૯
સંતની ધર્મશાળામાં વા'લો, તિયાં નાહી જમ્યા ધર્મલાલો;
બુદેલ ખંડિયે તે પૂજા કરી, તિયાં થાળ જમ્યા મારો હરિ...૪૦
હવેલી હેઠા ચોકની માંઈ, મુને મળી નાહ્યા હરિ ત્યાંઈ;
પછી જમ્યા છે સુંદરશ્યામ, જમી પોઢ્યા કર્યો વિશરામ...૪૧
બહાર જૂની વાડી છે તિયાં, નાથ નાહ્યા છે કૂપે ઈયાં;
સંતની ઓરડીની ઓસરી, તિયાં થાળ જમ્યા મારો હરિ...૪૨
વડતાલથી તે મહેળાવ આવ્યા, ત્યાંને કૂપે હરિને નવરાવ્યા;
પિપળાવે રહ્યા સ્વામી રાત, નાહી જમી ચાલ્યા પરભાત...૪૩
આવ્યા સિંજીવાડે વા'લો તિયાં, નાહ્યા જગરૂપ બારોટને ઈયાં;
તિયાં પ્રેમે કરી કર્યો થાળ, હરિ જમ્યા ત્યાં દીનદયાળ...૪૪

બાપુજીને ઘેર નાથ નાઈ, જમ્યા થાળ તિયાં સુખદાઈ;
સિંજીવાડાના ભક્તોએ સાર, સુખ લીધાં સ્વામીનાં અપાર...૪૫
આવ્યા વા'લમ વડસરુ ત્યાંઈ, ઊતર્યા ખેતર વાડાબંધ માંઈ[1];
આનંદસ્વામીએ કરિયો થાળ, નાહીને જમ્યા દીનદયાળ...૪૬
ગલિયાણે તે ગોવિંદ આવ્યા, આનંદસ્વામીએ થાળ બનાવ્યા;
સાબરમતિમાં નાહ્યા છે વા'લો, પછી જમ્યા ભોજન ધર્મલાલો...૪૭
આવ્યા વારણે તે મારો નાથ, ભેળો લઈને મુનિનો સાથ;
ત્યાંને તળાવે નાહ્યા છે હરિ, જમ્યા ગાવણાની શોભા કરી...૪૮
નાની બોરુ આવ્યા સુખદેણ, ત્યાં પણ નાહ્યા છે કમળનેણ;
તિયાં સંતે કર્યો હતો થાળ, તિયાં જમ્યા જન પ્રતિપાળ...૪૯
કોડીલો આવ્યા છે કમિયાળે, દીધાં દર્શન તે મરમાળે;
ત્યાં નાહીને જમ્યા તે નાથ, કીધાં હરિજન સર્વે સનાથ...૫૦
પ્રાણઆધાર પીપળી તિયાં, નાહી જમ્યા દાદાભાઈને ઈયાં;
આવ્યા ધોલેરે ધર્મનંદન, પૂજાભાઈને તે તો સદન...૫૧
તિયાં નાહીને દીનદયાળ, જમ્યા ફરજાની ઓસરીએ થાળ;
પછી ગાવણું કર્યું ત્યાં બહુ, સાંભળી સુખ પામ્યા સહુ...૫૨
પચ્છમે નાહ્યા તે પ્રાણપતિ, જમ્યા જીવન સુખ દીધાં અતિ;
વળી ગાંફે નાહ્યા તે ગોવિંદ, ભોજન ભાવે જમ્યા સુખકંદ...૫૩
આવ્યા નાવડે કરીને મે'ર, ભક્ત હીરા શેઠને ઘેર;
ત્યાં નાહીને જમ્યા હરિ થાળ, સંતને શીરો પીરસ્યો દયાળ...૫૪
ગામ ખરડે આવ્યા સુખદેણ, નાહી જમ્યા અંબુજનેણ[2];
સંતને જમાડ્યા તતકાળ, ખીચડીમાં ઘી જમે મરાળ...૫૫

૧.ફરતે વાડ હોય તેવી જગ્યામાં ૨.કમળ જેવા નેત્રવાળા શ્રીહરિ

લઈ વાટકો લટકાળે લાલે, અતિ ખીચડીમાં તે ઘી આલે;
એમ પરાણે પીરસે છે હરિ, જન પોતાના પર નજર કરી...૫૬

એ પણ શોભા કરી છે સાર, ફરે પંગતમાં વારમવાર;
થયા રાજી તે સંઘ ને સંત, એમ પીરસ્યું શ્રીભગવંત...૫૭

નાહ્યા રોજકા ગામ છે તિયાં, જમ્યા હરિ કાકાભાઈને ઈયાં;
ગામ જીંજરે નાહ્યા તળાવે, જમ્યા ખોડાભાઈને ઘેર ભાવે...૫૮

કુંડળની નદીમાં તે નાઈ, જમ્યા મામૈયા પટગરને ત્યાંઈ;
નાહ્યા ઉતાવળી નદીમાં ફેર, જમ્યા અમરા પટગરને ઘેર...૫૯

જમરાળે તે નાહ્યા ભગવંત, હરિ જમ્યા ને જમાડ્યા સંત;
કારિયાણી તળાવે નિત્ય નાતા, ઉત્સવ સહિત જમવા જાતા...૬૦

જમતા માંચા ખાચરને ઘેર, ગામમાં જમતા ઘેરોઘેર;
વસ્તા ખાચરના આંગણામાંઈ, નાહી થાળ જમ્યા સુખદાઈ...૬૧

સંતની ધર્મશાળામાં કૂપ તિયાં, નાહ્યા થાળા[1]ની કુંડી ઈયાં;
માંચા ખાચરને કૂવે જાઈ, નાહ્યા ભક્તનું માહાત્મ્ય ગાઈ...૬૨

ઝિંઝાવદરની નદી માંઈ, નાહીને હરિ જમિયા ત્યાંઈ;
જમ્યા અલૈયા ખાચરને ઘેર, તેને સુખ દીધા ભલી પેર...૬૩

ગામ પીપળિયે નાથ નાઈ, જમ્યા સુતાર ભક્તને ત્યાંઈ;
નાહ્યા નિંગાળે કેરીમાં એહ, નાહ્યા ગોરડકે નદીમાં તેહ...૬૪

લાખણકે નદીમાં ભગવાન, ઘેલામાંહી કર્યું ભાવે સ્નાન;
રોહીશાળા તોતણિયાળા તિયાં, નાહ્યા નંદ પાડલિયો ઈયાં....૬૫

આવ્યા ગામ ગઢાળીમાંય, ભક્ત આંબા શેઠને ત્યાંય;
જમી જીવને તે સુખ દીધાં, આંબે ભક્તે મહાસુખ લીધાં...૬૬

૧.કૂવામાંથી બહાર લવાયેલ પાણીને ઠાલવવાની ચણેલી જગ્યા

કરી ગામ ગુંદાળે મહેર, આવ્યા મૂળુ ખાચરને ઘેર;
નાહ્યા જમ્યા કરી બહુ લીલા, રસોયા મુકુંદ બ્રહ્મચારી ભેળા...૬૭
ગામ ઈતરિયે ઘેલામાંઈ, વળી નાહ્યા સ્વામીજી ત્યાંઈ;
ગામ રામપુરે ઘેલો તિયાં, આવી નાહ્યા જમ્યા હરિ ઈયાં...૬૮
ગામ માંડવધારમાં માવ, નાહ્યા ઘેલામાં કરીને ભાવ;
વળી નારાયણ હ્રદે નાથ, નાહ્યા સંઘ ને સંત લઈ સાથ...૬૯
આવી ખિજડા આરે ખાંતીલો, તિયાં નાહ્યા છેલછબીલો;
ઘેલા મધ્યે પથ્થર ઓટો ત્યાં પણ, બેઠક કરી નાહ્યા પ્રભુ ત્યાં પણ...૭૦
પાસે સંત નાહ્યાનો જે આરો, તિયાં નાહ્યા શ્રીધર્મદુલારો;
ખળખળિયે નાહ્યા કીરતાર, તેનો ગણતાં ન આવે પાર...૭૧
દક્ષિણાદે ઊંડે ધરે આવી, નાહ્યા સંતમંડળ સહુ લાવી;
નાહ્યા ગઢાળીને મારગે દયાળ, દયા કરીને જન પ્રતિપાળ...૭૨
ત્યાંથી ઉગમણો વેળ આરો, તિયાં નાહ્યા તે ધર્મદુલારો;
તેથી ડેરી ઉગમણી પાસ, નાહ્યા શ્રીહરિ ત્યાં અવિનાશ...૭૩
સંત નાહ્યા ને આરે નાથ, તેથી ઉગમણા નાહ્યા સખા સાથ;
ઓરિયે નાહ્યા અંતરજામી, સુખસાગર સહજાનંદસ્વામી...૭૪
વળી વાવ્યમાં નાહ્યા વા'લમ, ઘણા મુનિને છે તે માલમ;
લક્ષ્મીવાડીએ આવી અલબેલ, નાહી ઘોડે ચડી કર્યો ખેલ...૭૫
નાહ્યા દાદાખાચરને દરબાર, વા'લમજી વળી વારંવાર;
રહ્યા અહોનિશ આનંદ પામી, સુખસાગર સહજાનંદસ્વામી...૭૬
જીવા ખાચરના દરબારમાંઈ, નાહી જમ્યા વળી વા'લો ત્યાંઈ;
ગંગાજળિયે કૂવે નીશ ભોર, નાહ્યા ઉગમણી આથમણી કોર...૭૭
જાંબુડાવાળી ઓરડીમાંઈ, રહ્યા અહોનિશ વા'લોજી ત્યાંઈ;
વળી મેડીના તે ચોકમાંય, ઘણા દિવસ નાહ્યા હરિ ત્યાંય...૭૮

દાદાખાચર ઉપર દયા કરી, નાહ્યા વા'લાને ઓરડે હરિ;
નાહ્યા દરબારને કૂવે નાથ, નાહ્યા સાધુને કૂવે ભલી ભાથ...૭૯
હરજી ઠક્કરને ઘેર દયાળ, જમ્યા હરિ ને વળી મરાળ;
પછી દીધા પાળાને જમાડી, શાલ દોશાલ[1] હરિને ઓઢાડી...૮૦
ગઢપુરમાં તો નાહ્યા દયાળ, જમ્યા નોતરે[2] બહુ ઘરે થાળ;
નાહ્યા જમ્યા ને શ્રીમુખ વાત, પુરુષોત્તમે કરી સાક્ષાત...૮૧
બ્રહ્મચારીએ નવરાવીને તેહ, જમાડ્યા પ્રભુને હેતે એહ;
આ તો સંક્ષેપ માત્ર જ કહ્યા, કહ્યા વિના પણ ઘણા રહ્યા...૮૨
ફરી વન નાહ્યા હિમાળે, નાહ્યા નવલખે પર્વત કાળે;
ફર્યા બંગાળા દેશમાં એ તો, સર્વ તીર્થ પાવન કર્યાં તે તો...૮૩
ફર્યા ઉત્તર દક્ષિણમાંઈ, કાનમ વાંકળ ગુજરાત ત્યાંઈ;
ભાલ વાળાંક ને ગોહિલવાડ, સોરઠ હાલાર ને ઝાલાવાડ...૮૪
કચ્છ વાગડ દંઢાવ્ય દેશ, જ્યાં જ્યાં ફર્યા કર્યો પ્રવેશ;
મેં તો દીઠા એવી વાત કીધી, બીજી શ્રીમુખ સાંભળી લીધી...૮૫
નાહ્યાં જમ્યાનાં પ્રકરણની કઈ, ઘણી ઘણી વાતુ રહી ગઈ;
નાહ્યાં જમ્યાનાં પ્રકરણ કેરી, એ તો વાત છે ઘણી ઘણેરી...૮૬
મેં તો દેખી છે નજરે એહ, વળી શ્રીમુખે કહી હરિએ તેહ;
લખશે શોભા સ્વામીની તેને, વળી વાંચે ને સાંભળે એને...૮૭
મહારાજની મૂરતિમાંઈ, થાશે અચલ પ્રીતિ સદાઈ;
ભગવાનનો અવતાર એહ, આવ્યા વામન રૂપે તેહ...૮૮
તેને ચરણે ગંગાજી થયાં, તેનાં મહાતમ તે ઘણાં કહ્યાં;
રામનાથ જગન્નાથ તણા, બદ્રિનાથ દ્વારકાના ઘણા...૮૯
અવતાર ઋષિ જ્યાં જ્યાં રહ્યા, ત્યાં ત્યાં ધામ ને તીરથ થયા;

૧.શાલનો જોટો; ઓઢવાનું કિંમતી વસ્ત્ર ૨.જ્યાંથી જમવાનું આમંત્રણ આવ્યું હોય ત્યાં

આ તો અવતારના અવતારી, માટે વાત છે ચમતકારી...૯૦
જેમ છે તેમ કહેવાતું નથી, તે શું વાત કહિયે ઘણું કથી;
જેમ કહ્યું તેમ ચિંતવન થાશે, નેમમાં રહી હરિ ગુણ ગાશે...૯૧
પાળશે આજ્ઞા પુરુષોત્તમ જાણી, બોલશે સ્વામિનારાયણ વાણી;
રહેશે અચલ હરિને પાસ, સત્ય કહે છે વાસુદેવદાસ...૯૨

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'શ્રીહરિ જ્યાં જ્યાં નાહ્યાં-જમ્યાં તેનું વર્ણન કર્યું' એ નામે એકસો અગિયારમો કિરણ ॥૧૧૧॥

કિરણ : ૧૧૨

ગઢપુર તથા વડતાલની લીલા તથા કાશીદાસની વાત

પૂર્વછાયો :

ગુણવંત ગઢપુરમાં, સમૈયો કર્યો સુખદાઈ;
આવે હરિજન દર્શને, બાળ વૃદ્ધ ને બાઈ ભાઈ...૦૧
દાદાખાચરના દરબારમાં, સભા કરીને બેઠા શ્રીહરિ;
ઓરડો તે ઉત્તર મુખે, નાથ નીરખ્યા નેણાં ભરી...૦૨

ચોપાઈ :

ઢાળ્યો ઢોલીડો નાથને કાજે, લાલ ગાદલું ઓછાડ ઝાજે;
શ્વેત તકિયો સુંદર સારો, મેલ્યો મનગમતો લાગે પ્યારો...૦૩
શ્વેત પેર્યો છે સુંદર ખેસ, શોભે રૂડો અતિશે ઉજેસ;
પાઘે સોનેરી છેડો ઝળકે, છોગું સોનેરી સુંદર લળકે...૦૪
મધ્યે મોહનવર બહુ શોભે, સંતની સભા જોઈ મન લોભે;
નીરખી નીરખી નેણાં ઠરે છે, દુઃખ દારિદ્ર સર્વે હરે છે...૦૫

હેમકડાં સાંકળા સુખકંદ, બેઉ હાથે બાંધ્યા બાજુબંધ;
ફૂલના હાર તોરા તે પે'રી, કરે લટકાં લટકાળો લે'રી...૦૬
પાતળિયો વરતે છે પ્રીતે, આપે દર્શન વા'લો રૂડી રીતે;
શોભા શ્યામની તે સુખધામ, જોઈ લાજે વળી કોટિ કામ...૦૭
નાવા ગંગાનાં નીર તે સાર, પ્રીતે પૂજવા પ્રાણઆધાર;
રાત દિવસ થઈ રળિયાત, સાંભળવી શ્રીહરિની વાત...૦૮
હેતે શોભા હરિની સંભારે, કુળ ઈકોતેર તે તો તારે;
લટકાળોજી લટકાં કરતા, મુનિજનના મનને હરતા...૦૯
એવા સમામાં ભક્ત કાશીદાસ, આવી બેઠા પ્રભુજીને પાસ;
ગામ બોચાસણના ગુણવંત, પ્રહલાદજી સરખા એ સંત...૧૦
કાશીદાસ કહે મહારાજ, મારે પૂછવાનું છે તે આજ;
તેની વાત તમે સમજાવો, એવો સંશે મારો તે મિટાવો...૧૧
સ્વામી કે ભક્ત પૂછો તે તમે, તેનો ઉત્તર કરશું અમે;
પૂછો તમે તેમાં રાજી છૈયે, કેશો તેનો ઉત્તર કરી દૈયે...૧૨
ભક્ત કે' સાધુની વાત એહ, એના કલ્યાણમાં નહિ સંદેહ;
એમાં તો કોઈ ઉપાધી નાહિ, વૃત્તિ સ્વામીના સ્વરૂપમાંહી...૧૩
અમારે તે સંસારમાં સ્વામી, વૃત્તિ રે'છે સદા મોહ પામી;
તેનું કલ્યાણ કહો કેમ થાય, અમને બતાવો એનો ઉપાય...૧૪
હરિ કહે એ વાત અમે કૈયે, ધારી અંતરે ઉતારી લૈયે;
વાડ શેરડીનો કરે જ્યારે, ભૂમિમાં વાવવા જાય ત્યારે...૧૫
ત્યારે સંકલ્પ સારો તે ધારું, આ ગોળ મારા પ્રભુને સારુ;
સંત ને સ્વામી શેરડી જમશે, તે તો મારા મનમાં ગમશે...૧૬
બાજરો વાવવો હોય જેહ, ઘાટ એવા કરવા તે તેહ;
મારા સ્વામી અને સાધુ તેને, જમાડવો છે આ બાજરો એને...૧૭

વાવે કપાસ તે વળી જ્યારે, સારો સંકલ્પ કરી રાખે ત્યારે;
આ કપાસનાં વસ્ત્ર હું વણાવું, મારા સંત ને સ્વામીને ઓઢાવું...૧૮
એવો સંકલ્પ શુદ્ધ હું ધારું, ત્યારે સુધરે કારજ મારું;
કમોદ ને ઘઉં વાવીએ જ્યારે, એવું ચિંતવિયે ચિત્તે ત્યારે...૧૯
એ ઘઉં ચોખા ચણા ને મગ, સારાં સારાં પકવાન ઉમંગ;
મારા સાધુ સ્વામી વળી એને, હેતે જમાડે સહુ તો તેને...૨૦
વળી મેડા હવેલી કરીએ, રૂડા પાતાળમાં પાયા ધરીએ;
મારા સ્વામી સાધુને તેડી લાવું, હવેલીમાં તેને હેતે પધરાવું...૨૧
તેને પૂજું ને પ્રીતે જમાડું, ત્યારે અંતરમાં થાય ટાઢું;
એવી ચિંતવણી કરિએ ચિત્ત, વાધે પ્રભુમાંઈ બહુ પ્રીત...૨૨
માફા ગાડું મેલાવિયે જ્યારે, સારો શુદ્ધ ઘાટ થાય ત્યારે;
મારા સ્વામી ને સાધુ જેહ, વેલ્ય માફામાં બેસશે તેહ...૨૩
ઘરમાં ઘરુણી[1] લાવિયે જ્યારે, ચિત્તમાં ચિંતવવું તેહ વારે;
મારા સ્વામી અને સાધુ તેને, દાળ ચોખા ખાંડી દેશે એને...૨૪
મારે દીકરા જો અવતરશે, સંત ને સ્વામીની સેવા તે કરશે;
તેનું રૂડું થાવાને તે કાજ, મનોરથ કરું છું મહારાજ...૨૫
પોતે પોતાને ભોગવવા એહ, કોઈ દી ઘાટ કરે નહિ તેહ;
ભોગ ભોગવ્યામાં એવી રીતે, પ્રભુ સંભારવા કરી પ્રીતે...૨૬
એનો સુફળ મનોરથ થાય, એવો કહ્યો હરિએ ઉપાય;
તેનું સાધુના જેવું કલ્યાણ, મારી વાત સમજો સુજાણ...૨૭
એમ વાત કરી ભગવત, કાશીદાસે માની વાત સત;
બીજા સંત ને સત્સંગી તેણે, બહુ વાત વખાણી એણે...૨૮

૧.પત્ની

વળી એક સમાની તે વાત, કાશીદાસની કહું વિખ્યાત;
કાશીદાસ તો ગયાતા ગામ, આવ્યા ઘેર તે સુંદર શ્યામ...૨૯
કાશીદાસના જે પિતા એહ, એનું નામ કાનદાસ તેહ;
તે તો ખેતર ગયાતા કામ, તેને ઘેર આવ્યા ઘનશ્યામ...૩૦
કાશીદાસની જે માતા એહ, રસોઈ કરતાં હતાં તેહ;
એને આંખે પણ સૂઝે નઈ, થોડું સૂઝે કરતાં'તાં રસોઈ...૩૧
સ્વામી ઊભા રહ્યા ઘરમાં એહ, બહુ અંધારું હતું વળી તેહ;
થોડું થોડું બોલ્યા સુખદાતા, ત્યાં તો બોલ્યાં કાશીદાસની માતા...૩૨
બાઈ બોલ્યાં કે કોણ છો તમે, મહારાજ કહે એ તો અમે;
સ્વામિનારાયણ અમે એહ, તમને દર્શન દેવા આવ્યા તેહ...૩૩
નાનીબા કહે હરિ તમે આવ્યા, ભલે આવ્યા મારે મન ભાવ્યા;
કરો ઉતારા કરીને મહેર, હમણાં આવશે સરવે ઘેર...૩૪
કાશીદાસ કાનદાસ આવ્યા, કર્યાં દર્શન હરિયે બોલાવ્યા;
દર્શન દઈ અને સુખસિંધુ, મહારાજે પછી જમવાનું કીધું...૩૫
સ્વામિનારાયણ પોતે જમ્યા, નાથ મુખવાસ લઈ મન ગમ્યા;
એટલી વાત બોચાસણ થઈ, એ વાત વા'લે વડતાલ કઈ...૩૬
વડતાલે તે આંબલાની છાંઈ, બેઠા મહારાજ મંડળમાંઈ;
હિંડોળો તે આંબલાની ડાળ, તે પર બેઠા તે દીનદયાળ...૩૭
રૂડાં શ્વેત વસ્ત્રને ધારી, ફૂલહાર તોરા શોભા સારી;
મુક્તાનંદ આદ્યે સંત ઘણા, સંઘ મળ્યા દેશ દેશ તણા...૩૮
સર્વ સાંભળતા મારા હરિ, શ્રીમુખ વાત ઉચ્ચારણ કરી;
સર્વે સાંભળો સંતો તમે, એક વાત કૈયે છૈયે અમે...૩૯
આ કાશીદાસ પટેલ એહ, છે સાંખ્યયોગી મોટા તેહ;
એના તાત કાનદાસ એહ, પોતે ગરઢા થયા છે તેહ...૪૦

પિતરાયુના કારસા ભારી, તે સારુ તે અમે વિચારી;
એમના બાપના દુઃખને જોઈ, અમને દયા આવી છે સોઈ...૪૧
અમે એવો કર્યો નિરધાર, તમે સહુ કરો તે વિચાર;
કાશીદાસ તો પરણે જ્યારે, અમે રાજી થાયે વળી ત્યારે...૪૨
બોલો મુક્તાનંદસ્વામી તમે, આ વાત ઠેરાવી છે અમે;
પછી બીજા સર્વે બોલ્યા સંત, ભલી વાત કહી ભગવંત...૪૩
મુક્તાનંદસ્વામીએ જોડ્યા હાથ, તમે સત્ય કર્યું મારા નાથ;
મહારાજનું ગમતું તે જાણી, સરવે સંતે સત્ય પ્રમાણી...૪૪
કાશીદાસને ત્યાગનું મન, પણ માન્યું હરિનું વચન;
વળી એક બીજી વાત એહ, કાશીદાસ તણી જાણો તેહ...૪૫
દઢતાના વચનામૃતમાંઈ[1], કાશીદાસને લખ્યા છે ત્યાંઈ;
સ્વામીને એનો અતિ વિશ્વાસ, સાધુ આગે તો દાસના દાસ...૪૬
એવા ભક્ત કાશીદાસ તેણે, પૂછ્યું ગઢપુરમાં પ્રશ્ન એણે;
પોતાને પાળવાનું છે તાન, તેનો ઉત્તર કર્યો ભગવાન...૪૭
મહારાજની તે મરજી જોઈ, રાજી થયા ભક્ત સહુ કોઈ;
રૂડો પ્રશ્ન તો હતો તે ભારી, ભલો ઉત્તર કર્યો સુખકારી...૪૮
એવા ભક્ત તણા દીનબંધુ, બહુ દયાળુ સુખના સિંધુ;
ભક્તને દુઃખ દેખે છે જ્યારે, અતિ આકળા થૈ જાય ત્યારે...૪૯
કાશીદાસનાં મા અને બાપ, તે પર રાજી થયા હરિ આપ;
કાશીદાસની દઢતાને જોઈ, બહુ રાજી થયા સ્વામી સોઈ...૫૦
આ વાતુ સાંભળશે ને કહેશે, સ્વામીનાં વચનમાં શુદ્ધ રહેશે;
તે પામશે હરિજીનું ધામ, એવા સુખદાઈ શ્રીઘનશ્યામ...૫૧

૧.વચનામૃત : ગ.મ.૫૯માં

ગયા કાશીદાસ ખેડામાંઈ, રોકી રાખ્યા સરકારે ત્યાંઈ;
નાવા ગયા વાત્રક નદી દૂર, હતું ચાતુરમાસું ભરપૂર...૫૨
મેલ્યું તણાતું તે નદીનીમાંય, આવી હરિયે ઝાલી તેમાં બાય;
કહે દેશે રજા તે સરકાર, ઝાલી હાથ ને કાઢ્યા તે બાર...૫૩
નાહી આવ્યા વળી કાશીદાસ, ત્યાં તો સરકારે કરી આસબાસ[૧];
પાછા જાવો તે ઘેર તમારે, હમણાં કામ નથી તે અમારે...૫૪
કાશીદાસ ગયાં દર્શન કાજ, અતિ રાજી થયા મહારાજ;
હતો જન્માષ્ટમીનો સમૈયો, ભલી ભાતે સુંદર તે થયો...૫૫

ઈતિ શ્રીમદ્એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'ગઢપુર તથા વડતાલની લીલા તથા કાશીદાસની વાત કહી' એ નામે એકસો બારમો કિરણ ॥૧૧૨॥

કિરણ : ૧૧૩

ગઢપુર તથા વડતાલની લીલા

પૂર્વછાયો :

ગઢપુરમાં ગોવિંદ રહે, સદાય તે સુખધામ;
મહા મનોહર મૂર્તિ, પ્રીતમ પૂરણકામ...૦૧
કરી ક્રિયા દાતણ કર્યું, મહારાજે કરી મે'ર;
નાહી જીવન જમ્યા જુક્તે, અયોધ્યાવાસીને ઘેર...૦૨

ચોપાઈ :

પછી સંતને પીરસી પ્રીતે, જમાડ્યા રસિયે રૂડી રીતે;
ભોજન વ્યંજન પીરસી નાથે, મુનિ જમાડ્યા હરિએ હાથે...૦૩
એમ ઉત્સવ કર્યા અનેક, ફરી ફરી ગઢડે વિશેક;

૧.તપાસ; પૂછપરછ

અતિ સુખ આપવાને કાજ, વસ્યા ગઢડે શ્રીમહારાજ...૦૪
મહા મનોહર હરિ મૂરતિ, રહ્યા રાજી થઈ સંતપતિ;
સર્વજનને સામટું સોઈ, આપે સુખ નહિ દુઃખી કોઈ...૦૫
લે'રી આવ્યા બહુ આજ લેરમાં, કરી મહેર અતિશે શહેરમાં;
વળી પાપી કર્યા પુન્યવાન, શ્રીસહજાનંદ ભગવાન...૦૬
ભાગ્ય મોટાં તે એહ ભૂમિનાં, ગુણવંત ગઢપુર ગામનાં;
પુન્યવાન પૃથવી થઈ આપ, હરિચરણને તે પરતાપ...૦૭
ધન્ય ધન્ય ઉત્તમ દરબાર, જિયાં પોતે રહ્યા કરી પ્યાર;
રમ્યા જમ્યા ભમ્યા જિયાં નાથ, મુક્ત મુનિ જમ્યા સર્વે સાથ...૦૮
ધન્ય ઓરડા ધન્ય ઓસરી, જિયાં હરિ બેઠા સભા કરી;
દિયે દર્શન પોતે પરબ્રહ્મ, જેને નેતિ નેતિ કહે નિગમ...૦૯
એહ ભોમિકાનાં મોટાં ભાગ્ય, જાણજ્યો એ નથી કહ્યા લાગ્ય;
ફળી ચોક વળી શું વખાણું, અક્ષરધામ જેવું હું તો જાણું...૧૦
ચરણરજથી ભર્યાં ભરપૂર, સ્પર્શે રજ કરે દુઃખ દૂર;
તિયાં પાપી તજે કોઈ પ્રાણ, તે પણ પામે પદ નિરવાણ...૧૧
સોય અગ્રસમ એ અવની, નથી વણ સ્પરશે પાવની;
ધન્ય શેરી બજાર ને હાટ[1], ધન્ય ઉન્મત્ત ગંગાનો ઘાટ...૧૨
ધન્ય ગઢપુરનાં ઘર ફળી, ચરણ અંકિત[2] ભૂમિ સઘળી;
ધન્ય વાડી વૃક્ષની છાંયે, હરિ સ્પર્શ વિના નથી કાંયે...૧૩
ધન્ય ધન્ય નારાયણ હ્રદ, સરવે પ્રાણધારીને સુખદ;
ધન્ય સીમ ખેતર વાવ્ય ખળાં, કર્યાં પવિત્ર પ્રભુ સઘળાં...૧૪
ધન્ય ઘેલા નદીના તે ઘાટ, કર્યા પવિત્ર તે ધરી નાટ્ય;
તિયાં જે જે જન આવી ના'શે, તે તો અંતર બા'ર શુદ્ધ થાશે...૧૫

૧.દુકાન ૨.છાપવાળી; ચરણપગલાં પડેલી

ના'શે નિર્મળ જળથી જેહ, પરમ ધામને પામશે તેહ;
જિયાં નાહ્યા છે જગજીવન, નથી નીર કોઈ એથી પાવન...૧૬
પુરુષોત્તમ સ્પર્શની વસ્તુ, મળે નહિ ઊગે ને અસ્તુ[1];
બહુ દેશ બહુ ગામ ને ઘર, કર્યાં પવિત્ર સ્પરશી સુંદર...૧૭
જિયાં જિયાં વિચર્યા વા'લમ, કર્યાં ઘર તે અક્ષરસમ;
સ્પર્શી જાયગે ત્યાગે કોઈ તન, જાય બ્રહ્મમહોલ તેહ જન...૧૮
એમ ધારી આવ્યા છે અવિનાશી, કરવા બહુ જન ધામના વાસી;
નિજ બળને પ્રતાપે કરી, બહુ જીવને તારે છે હરિ...૧૯
તેહ સારુ વિચરે વસુધાએ, બીજો અર્થ નથી એને કાંએ;
અર્થ એજ ઉધારવા પ્રાણી, આવ્યા શ્યામ કામ એહ જાણી...૨૦
માટે જિયાં જિયાં હરિ રહ્યા, જે જે સ્થાનકે પોતે ગયા;
તે તો સ્થાનક કલ્યાણકારી, જે જોયા તે રાખો સંભારી...૨૧
એ તો દોયલા દિ'ની દોલત્ય[2], સહુ માની લેજો વાત સત્ય;
હરિને આગ્રહ છે આ જ અતિ, કરાવવા પોતાની પ્રાપતી...૨૨
એ જ અર્થ કરવો છે સિદ્ધ, જીવ તારવા છે બહુ વિદ્ધ;
એહ સારુ આવ્યા છે આ વાર, તે તો નિશ્ચે જાણો નિરધાર...૨૩
કરી વાત વા'લે બહુ વાર, તેને સંભારવી કરી પ્યાર;
પે'રી વસ્ત્ર ભૂષણ વનમાળી, હરિ હાથે વજાડે છે તાળી...૨૪
એવી લીલા કરી ધર્મલાલ, ગયા દેશ પરદેશ મરાલ;
પછી સતસંગી તે સહુ મળી, જોઈ લીલા ગયાં ઘેર વળી...૨૫
ફરે સંત કરે બહુ વાત, સંભારી લીલા રહે રળિયાત;
કરે સંત મળી વાત જ્યારે, ત્યારે હરિનાં ચરિત્ર સંભારે...૨૬
કહે આપણાં ભાગ્ય અપાર, પ્રગટ મળ્યા પ્રાણઆધાર;

૧.સૂર્ય જ્યાંથી ઊગીને જ્યાં આથમે છે એટલી મોટી આખી પૃથ્વી ઉપર ૨.સંપત્તિ

જેને ઈચ્છે મોટા મુનિજન, તેનાં આપણે થયાં દર્શન...૨૭
જેને ઈચ્છે અતિ ઘણું અજ, પ્રભુ ચરણની પામવા રજ;
જેને ઈચ્છે અતિ ઘણું ઈશ, તેહ મળ્યા જૂના[1] જગદીશ...૨૮
જેને ઈચ્છે છે શેષ સુરેશ, શશી શારદા અને ગણેશ;
જેને ઈચ્છે ક્રોડ તેતરીશ, જેને ઈચ્છે છે મોટા મુનીશ...૨૯
જેને ઈચ્છે રૂડા ઋષિરાય, તેનાં દર્શન આપણે થાય;
માટે આપણાં પુન્ય અપાર, ભલે આવ્યો આ સમે અવતાર...૩૦
અતિ આપણાં ભાગ્ય અતોલ, નહિ ત્રિલોકમાં આપણી તોલ;
ધન્ય ધન્ય ભાગ્ય ભરપૂર, મળ્યા શ્રીહરિ સંત હજૂર...૩૧
આ તો મે'ર કરી છે મહારાજ, કરી કૃપા સંતજન કાજ;
એમ પરસ્પર કરે વાત, સંત સાંભળી થાય રળિયાત...૩૨
પછી પોતે પધારિયા હરિ, દાસને દર્શનની દયા કરી;
પશ્ચિમ દેશથી પધાર્યા નાથ, સાંખ્યયોગી સખા લઈ સાથ...૩૩
માણકી ઘોડીએ ચડી માવ, આવ્યા **સારંગપુર** કરી ભાવ;
ત્યાંથી ગયા **બગડ** ઘનશ્યામ, દેહા ખાચરને ત્યાં સુખધામ...૩૪
ત્યાંથી **સુંદરિયાણે** ગયા હરિ, ગામ **વાગડ** તે દયા કરી;
મૂળુભાઈ ને જુણોજી જેહ, કરી ચાકરી સુંદર તેહ...૩૫
ત્યાંથી **ધંધુકે** ગયા છે નાથ, શ્રીસહજાનંદ સુખપાથ;
ગયા **કમિયાળે** કરી મે'ર, દાદાભાઈ દેસાભાઈને ઘેર...૩૬
ત્યાંથી ગયા **બોરુ** બહુનામી, સુખસાગર સહજાનંદસ્વામી;
ત્યાંથી ગયા **સિંજીવાડે** શ્યામ, પુરુષોત્તમ પૂરણકામ...૩૭
ત્યાંથી ગયા **વડતાલે** વા'લો, લટકાળો શ્રીધર્મનો લાલો;
કર્યો ઉત્સવ કરી ઉત્સાહ, તેનો કોઈ ન પામે થાહ...૩૮

૧.અનાદિ

સારા ઉત્સવ કર્યા તે સાર, વડતાલે તે વારમવાર;
જગે તારવા જીવને ઘણા, કર્યા સમૈયા ન રાખી મણા...૩૯
રામનવમી એકાદશી જેહ, કરી પ્રબોધિની વળી તેહ;
સંત સતસંગી થાય પરસન, કરે હરિનાં નિત્યે દર્શન...૪૦
મળે સતસંગી ત્યાં અપાર, પહેરાવે પ્રભુને ફૂલહાર;
કરી દર્શન દિવસ જાય, તેથી દુર્લભ શું કહેવાય...૪૧
વળી મનોહર જે મૂરતિયું, નીરખીને સુખ અતિ થિયું;
જે નીરખે તે નેણાં ભરીને, તે ન આવે ભવમાં ફરીને...૪૨
ધન્ય ધન્ય ધામ વડતાલ, સારો આવ્યો છે સર્વે તાલ[૧];
જેમ મંદિર સારું સુંદર, તેમ મૂરતિયું મનહર...૪૩
નિરખી જન મગન થાય, હર્ખી હર્ખી હરિ ગુણ ગાય;
જળ અમળ નાય ગોમતી, જિયાં નાહ્યા પોતે સંતપતિ...૪૪
કરે ઓટા ડેરીનાં દર્શન, લિયે છાપ તે થાય પાવન;
અતિ અમૂલ આંબલા છાય, બેઠા શ્રીહરિ કરી સભાય...૪૫
સુંદર સારું શોભે છે તળાવ, તિયાં નાહ્યા મનોહર માવ;
રૂડી આંબલી એક રૂપાળી, બેઠા સંતપતિ પાટ ઢાળી...૪૬
આંબા ઉભય[૨] શોભે અતોલે, જિયાં હરિ બેઠા તે હિંડોળે;
પ્રેમે પે'ર્યાતાં સોનેરી પટ, વળી માથે ધર્યો'તો મુગટ...૪૭
એવી જુએ જે સર્વે જાગ્ય, તેનાં કહ્યાં ન જાય તે ભાગ્ય;
ધન્ય કૂપ અનુપ એ બેઉ, નાહ્યા નાથ સાથે સંત સહુ...૪૮
ધન્ય ભૂમિનાં ભાગ્ય અમિત[૩], થઈ હરિ ચરણે તે અંકિત;
ધન્ય ધન્ય એ શેરી બજાર, જિયાં હરિ ફર્યા વારંવાર...૪૯
ધન્ય ધન્ય ઓસરી આંગણાં, જહાં પગલાં થયાં પ્રભુ તણાં;

૧.અવસર; મોકો ૨.બે ૩.અપાર; અમાપ

ધન્ય રાયણવાડી ધર્મશાળા, તિયાં જમ્યા છે સંગ સઘળા...૫૦
લાડુ જલેબી ને સૂતરફેણી, સેવ સુવાળી રોટલી ઝીણી;
દૂધપાક ને પૂરી કંસાર, હરિ હાથે ફર્યા વારંવાર...૫૧
સાટા ઘેબર ને માલપૂડા, રસ દહીં દૂધ મોતૈયા રૂડા;
ફર્યા પંગતમાં પંચવાર, જમ્યા સંત થયો જેજેકાર...૫૨
એહ આદિ બીજાં બહુ સ્થાન, જિયાં રમ્યા જમ્યા ભગવાન;
જુવે સર્વે સ્થળ સંભારી, એક એકથી કલ્યાણકારી...૫૩
ભારે ભાગ્ય છે એ ભૂમિ તણાં, રહ્યા પ્રભુ માટે તેહ તણાં;
જે જે જન જાયગાએ જોશે, તે તો મોટી ખોટ્યને ખોશે...૫૪
લેશે લાભ તે તો અપાર, એમ નિશ્ચે જાણો નિરધાર;
બ્રહ્મમહોલ જાવા તેહ તણી, કરી લીલા ઘનશ્યામે ઘણી...૫૫
બહુ પેર્યે ઉઘાડ્યાં છે બાર, અક્ષરધામે જાવા આ વાર;
બહુ રીતે કરી બહુનામી, આપ્યાં સુખ નર્યાં ન રાખી ખામી...૫૬
જે અરથે અક્ષરથી આવ્યા, સંગે મુક્ત સર્વેને તે લાવ્યા;
તત્પર પોતે તેહ કરવા, કર્યું એ ધામ બહુ જન તરવા...૫૭
કોઈક કરશે દર્શન આવી, કોઈક પૂજશે પૂજા લાવી;
જે જે જોડશે આવીને હાથ, તે તો થઈ ચૂક્યા છે સનાથ...૫૮
બેઠા માથેથી મટાડી બીક, ઠરી બેઠા તે ધામમાં ઠીક;
અવશ્ય કરવાનું હતું તે થયું, પામ્યા ધામ કામ સરી ગયું...૫૯
તે તો શ્રીહરિને પરતાપે, બહુ ઓધારિયા જન આપે;
હરિ ધારે તે શું શું ન થાય, એમાં આશ્ચર્ય નવ કે'વાય...૬૦
જેણે જોયા નખશિખા સંભાળી, તેણે ભવભ્રમણા તે તો ટાળી;
જે શીખે સાંભળશે ને ગાશે, તે તો સુખે બ્રહ્મમોલ જાશે...૬૧

ગયા **મહુડિયેપરે** માવ, સંત સખા સોતા કરી ભાવ;
આંબાવાડિયામાં અલબેલ, બેઠા ઢોલીડે તે રંગરેલ...૬૨

સંતજનની સભા ત્યાં સારી, મધ્યે બેઠા મહા સુખકારી;
ભર્યા ટોપલા કેરી તે ઘણી, એની શોભા અલૌકિક બની...૬૩

લાવ્યા હરિજન તે હેત કાજ, જમ્યા રૂડી રીતે મહારાજ;
પછી કેરિયું સુંદર લીધી, સર્વે સંતને એક એક દીધી...૬૪

પછી હરિ કહે એક હાથે, કેરી સર્વે લેજો તે સાથે;
કેરી લઈ કરો ઊંચા હાથ, એમ સર્વેને કહે છે નાથ...૬૫

શોભી સભા તે સમે બહુ, તેની વાત ઝાઝી શી કહું;
પછી આવી કેરિયું બીજી, તેને જોઈ રાજી થયા શ્રીજી...૬૬

દીધી સર્વે સંતને તે નાથે, બબ્બે કેરિયું શોભે બેઉ હાથે;
બેઉ હાથે કેરી શોભે અતિ, જોઈ રાજી થયા સંતપતિ...૬૭

બેઠા બેઠા કહે તમે જમો, આવો નહિ આવે સુંદર સમો;
એવી લીલા કરી અવિનાશ, જોઈ રાજી થયા બહુ દાસ...૬૮

પછી આવ્યા વા'લો **વડતાલ**, થયા હરિજન બહુ ન્યાલ;
વળી બીજે દિવસ બહુનામી, બેઠા તળાવ તીરે શ્રીસ્વામી...૬૯

આવી કેરિયું તે તો ઘણી, રાજી થયા અક્ષરના ધણી;
લાલ કણેરી ને વળી નિલી, પાકેલી સુંદર તે તો પીળી...૭૦

જમ્યા હરિ કરી બહુ હેત, સુખસાગર કરુણાનિકેત;
જમી પરસાદી દીધી તે પ્રીતે, બ્રહ્માનંદસ્વામીને રૂડી રીતે...૭૧

દીધી દાદાખાચરને સારી, ઘણે હેતે કરી ગિરધારી;
જમી કેરિયું દીધી કીરતાર, સૂરા ખાચરને વારમવાર...૭૨

પછી સર્વે સાધુને તે શ્યામ, દીધી બબ્બે કેરી ગુણધામ;
સર્વે સંતને કહે કેરી લઈ, કરો હાથ ઊંચા રાજી થઈ...૭૩

શોભે સંતના હાથમાં કેરી, હરિ હસતા જાય જુવે હેરી[1];
એવી લીલા કરી આ વાર, ગાઈ શેષ ન પામે પાર...૭૪
પછી જમ્યા જીવન જગવંદ, સુખકારી સ્વામી સહજાનંદ;
લક્ષ્મીનારાયણનાં દર્શન કરી, પછી સંતને મળ્યા શ્રીહરિ...૭૫
ચઢી માણકીએ મહારાજ, જાય ગઢડે તે મુનિરાજ;
આગળ આવ્યું **સિંજીવાડા** ગામ, રાત રહ્યા જગરૂપને ધામ...૭૬
જમી ચાલ્યા સવારે શ્રીહરિ, ગયા **બોરુ** તે તો દયા કરી;
દેવચંદ ભગાને ઘેર રહ્યા, પછી પ્રભુજી **ધોલેરે** ગયા...૭૭
કરી મદનમોહનનાં દર્શન, થયા શ્રીહરિ અતિ પ્રસન્ન;
રહી રાત ચાલ્યા સુખધામ, **સાંગાસર** ને **નાવડે** ગામ...૭૮
રહ્યા હીરાભાઈને ત્યાં રાત, પ્રભુ ચાલ્યા ત્યાંથી પરભાત;
ગયા **કારિયાણી** કરી મહેર, રહ્યાં વસ્તા ખાચરને ઘેર...૭૯
ત્યાંથી ચાલ્યા સવારે તે શ્યામ, ગયા **ગઢડે** પૂરણકામ;
જમી પોઢ્યા ઓરડીમાં નાથ, શ્રીસહજાનંદજી સુખપાથ...૮૦

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'ગઢપુર તથા વડતાલની લીલા કહી' એ નામે એકસો તેરમો કિરણ ॥૧૧૩॥

કિરણ : ૧૧૪

ગઢપુરની લીલા

પૂર્વછાયો :

સતસંગી સર્વે સાંભળો, કહું ગઢપુરની તે વાત,
શ્રીસહજાનંદસ્વામી તે ત્યાં, રહ્યા દિવસ ને રાત...૦૧

૧.નિહાળીને દેખે

મૂર્તિ મનોહર સુખસિંધુ, દુઃખ દારિદ્ર હરે તતકાળ;
સર્વકારણ ને સર્વનિધિ, ભક્તિ ધર્મના બાળ...૦૨

ચોપાઈ :

વર્ણવું ગઢપુરમાં ઘનશ્યામ, શ્રીપુરુષોત્તમ સુખધામ;
સ્વામિનારાયણ સર્વાધાર, અક્ષરધામના એ રહેનાર...૦૩
સહજાનંદસ્વામી જાણો સત્ય, વિષયવાસના તે તો અસત્ય;
ઘનશ્યામ નામ ધન્ય ધન્ય, એ વિના ન સંભારવું અન્ય...૦૪
હરિનાં નામ એ તે દુઃખહારી, વારે વારે જાઉ તેને વારી;
કહે શ્રીહરિકૃષ્ણ કૃપાળ, ત્રણ તાપની ન લાગે ઝાળ...૦૫
નારાયણમુનિ જપે જે જાપ, તેનાં ટળી જાય સર્વે પાપ;
નીલકંઠવર્ણી એવું નામ, જાણો સદાય તે સુખધામ...૦૬
રહ્યા દાદાખાચરને ઘેર, બહુ કરી ત્યાં લીલા લહેર;
કર્યું મંદિર મોટું વળી ત્યાંય, વા'લો રે'તા તે ઓરડીમાંય...૦૭
ગંગાજળિયો કૂપ છે પાસ, નિત્યે નાતા ત્યાં તે અવિનાશ;
તેલ અત્તર ચોળ્યું ત્યાં ઝાઝું, તે તો ફૂલેલ તે બહુ કાજુ...૦૮
સુંદર જાંબુડો હતો તિયાંય, વા'લો બેસતા ત્યાંની તે છાંય;
હતી આંબલી એક તે વળી, તેની છાંયા સુંદર સારી ઢળી...૦૯
બેસતા લીંબડે જગઆધાર, નાતા સૂતા જીવન ઝાઝી વાર;
ચરચ્યું કેસર ચંદન પ્રીતે, મળ્યા સર્વે મુનિને રૂડી રીતે...૧૦
પાડી ચરણારવિંદ તે પ્રીતે, દીધાં રઘુવીરજીને રૂડી રીતે;
રામપ્રતાપભાઈને રાજી થાઈ, ચરણારવિંદ પાડી દીધાં જાઈ...૧૧
વળી ચંદન ચરચીને ત્યાંય, દીધાં સંત પાળાને છાતીમાંય;
મળ્યા સાધુને તે બહુવાર, ચરચી ચંદન જગઆધાર...૧૨

નાહ્યા પાણી તાતું[૧] બહુ બો'ળું[૨], મુકુંદાનંદે શરીર ચોળ્યું;
જમ્યા ઓરડીમાં વાર ઝાઝી, દીધી પ્રસાદી તે થઈ રાજી...૧૩
લાડુ જલેબી ને સૂતરફેણી, સેવ સુવાળી રોટલી ઝીણી;
દૂધપાક ને પૂરી કંસાર, જમ્યા હરિ તે વારમવાર...૧૪
સાટા ઘેબર ને માલપૂડા, રસ દહીં દૂધ મોતૈયા રૂડા;
વડાં ભજિયાં ને ફૂલવડી, વાલોળ વૃંતાક ને કાજુ કઢી...૧૫
બરફી બિરંજ ને ભાત દાળ, કેરી લીંબુ ને રાયતાં રસાળ;
આદુ ગરમર સેલરાં સાર, શાક પૂરી પાપડ કરી પ્યાર...૧૬
એક મોટુ વડું આવ્યું ફરી, તેને જમ્યા રાજી થઈ હરિ;
દહીંપનો[૩] લઈ સુંદરશ્યામ, જમ્યા પુરુષોત્તમ પૂરણકામ...૧૭
એલચી દાણા તજ તે તાજી, મુખવાસ લીધો થઈ રાજી;
જમ્યા પાન બીડી કઈ વાર, શ્રીસહજાનંદજી ઉદાર...૧૮
રહેતા રાત દિવસ રળિયાત, કરતા લીલા તિયાં બહુ ભાત;
પે'ર્યા હાર તોરા બે બાજુ, ગજરા ગુચ્છ ગુલાબી કાજુ...૧૯
ધર્યો મુગટ શ્રીહરિ માથે, પે'ર્યાં હેમ કડાં બેઉ હાથે;
તોડા નેપુર સાંકળાં સોનેરી, વેઢ વીંટી પોંચી સુંદર પે'રી...૨૦
મોતીમાળ ઊતરી હુલર હાર, પે'ર્યાં પ્રીતેશું પ્રાણઆધાર;
આનંદસ્વામીએ આરતી ઉતારી, મૂર્તિ મહારાજની મન ધારી...૨૧
બેઠા ઢોલિયે સુંદરશ્યામ, પે'રી વસ્ત્ર રૂડાં સુખધામ;
નાંખ્યો વિંઝણે હરિને વાય, નીરખી નાથને આનંદ થાય...૨૨
પાળા રતનજી તે બહુ પ્રીતે, કરી પૂજા અતિ રૂડી રીતે;
ચરચી ચંદન પે'રાવ્યા હાર, લાગ્યા પગે કરી બહુ પ્યાર...૨૩

૧.ગરમ ૨.ઘણું ૩.સાકર નાખેલું દહીં

કરી પૂજા સીતારામે સારી, મૂર્તિ મહારાજની મન ધારી;
બદરીનાથે પૂજા કરી બહુ, ચરચ્યું ચંદન કેસર સહુ...૨૪
ગોપાળજીએ પૂજા કરી ઘણી, અતિ શોભે અક્ષરના ધણી;
અયોધ્યાપ્રસાદજીએ અતિ, પૂજ્યા પ્રીતે તે સંતના પતિ...૨૫
રઘુવીરજીએ રાજી તે થાઈ, પૂજ્યા પ્રભુ પોતે સુખદાઈ;
બેઠા દરબારમાં બહુનામી, લીંબ છાંયે આવી સુખે સ્વામી...૨૬
રંગત ઢોલીડો રૂડો રાજે, તે ઉપર શ્રીહરિ બિરાજે;
થઈ સભા ત્યાં સંતની સારી, મધ્યે બેઠા મોહન સુખકારી...૨૭
કરી પૂજા ત્યાં વસનભાઈએ, તેને સંભારીને સુખ લઈએ;
ચરચી ચંદન પે'રાવ્યા હાર, મોંઘા મોતીના તોરા ઉદાર...૨૮
બાજુ ગજરા તે ફૂલ તણા, ચોડ્યો ચાંદલો હસ્યા હરિ ઘણા;
દીધી માથેથી પાઘ ઉતારી, શ્રીસહજાનંદ સુખકારી...૨૯
ધર્યું છત્ર સોનેરી તે માથે, પાર્ષદે લઈ સુંદર હાથે;
લઈ વીંઝણો ઢોળતા વાય, નીરખી નાથને આનંદ થાય...૩૦
ઊભા પૂર્વ મુખે બહુનામી, આરતી ઉતારી મુક્તાનંદ સ્વામી;
બેઠા ઓસરીએ હરિ અલબેલ, રમ્યા જમ્યા કર્યા બહુ ખેલ...૩૧
રહેતા ઓરડામાં વળી વા'લો, પોઢ્યા પ્રીતે ત્યાં ધર્મનો લાલો;
પીરસ્યા લાડુ સાધુને તે બહુ, ઓસરિયોમાં તે જાણે સહુ...૩૨
લાડુ પીરસ્યા સંતને બહુ વાર, તેનો ગણતાં ન આવે તે પાર;
શીરો પૂરી અને દૂધપાક, ભજિયાં વડાં ને સુંદર શાક...૩૩
કેરી રસ પીરસ્યો તાંસળીએ, ડંકે ઘી પીરસ્યું પાતળીએ;
વળી ધર્મશાળામાં તે નાથ, સંત જમાડ્યા પીરસી હાથ...૩૪
ફરે પંક્તિમાં હરિ બહુવાર, સંતજન બોલે જયજયકાર;
પ્રદક્ષિણાની હેઠે જે કૂપ, ત્યાં તો નાહ્યા સુરમુનિભૂપ...૩૫

જાતા ઠાકોર દર્શન કાજ, બેસતા મંડપમાં મહારાજ;
ફર્યા કોળીમાં તે કીરતાર, ગજરા તોરા પે'રી ફૂલહાર...૩૬
બેઠા પ્રદક્ષિણામાં પ્રભુ પ્રીતે, ધર્યું છત્ર માથે રૂડી રીતે;
પૂછ્યું પ્રશ્ન ભણનારે સાર, કરી વાત વા'લે બહુવાર...૩૭
મુનિ ગાય કીર્તન પાડે તાળી, તેને ઝીલે મોહન વનમાળી;
દૂકડ સરોદા લઈ સતાર, ગાય પ્રેમાનંદ વારવાર...૩૮
ભેળા ગાય બ્રહ્માનંદસ્વામી, હરખે મુક્તાનંદ મુદ પામી;
એવી લીલા કરતા તે લાલ, વાધે વા'લમ જોઈ બહુ વહાલ...૩૯
એક સમે શ્રાદ્ધમાં તે સ્વામી, બેઠા ઓસરીએ બહુનામી;
કરી પૂજા તે તો મુનિવૃંદે, ઉતારી આરતી નિત્યાનંદે...૪૦
ઉગમણા ઓરડાની જે ઓસરી, મળ્યા સાધુ પાળાને દયા કરી;
મળ્યા બ્રહ્મચારીને ભગવાન, તેનું ધરે મુનિવર ધ્યાન...૪૧
મળ્યા અયોધ્યાવાસીને વા'લો, ધર્મ ધુરંધર ધર્મનો લાલો;
જોયા જમતા મળતા બહુ વાર, પે'રાવ્યા પ્રીતે ફૂલના હાર...૪૨
એ ઓરડાથી ઉગમણો કૂપ, તિયાં નાહ્યા વા'લો સુખરૂપ;
આવી રામનવમી પાવન, બેસી ઓટે દિયે દર્શન...૪૩
તેની ઉપર ઢોલિડો રાજે, શ્રીહરિ તિયાં આવી બિરાજે;
ઘેરી શીતલ લીંબની છાંય, થાય સભા રૂડી વળી ત્યાંય...૪૪
શોભે સંત હરિજન હરિ, નીરખ્યા નેણાં ભરી ફરી ફરી;
કરી લીલા અનંત આ વાર, કહી કહી કોઈ ન પામે પાર...૪૫
પોઢે પ્રભુજી ઓરડીમાંય, સુખ સજ્યા પર હરિ ત્યાંય;
હતું ઉદાસી પોતાનું મન, જમે થોડું થોડું પોતે અન્ન...૪૬
ધન્ય ધન્ય દેશ ને તે શહેર, જિયાં હરિ ગયા કરી મહેર; (૧.આકાશ ને પવન)
ધન્ય ધન્ય <u>શૂન્ય સમીર</u>[1], સ્પર્શી પ્રભુને થયા સુધીર...૪૭

ધન્ય ધન્ય વારિ ને વહની, નાહી તાપ્યા પોતે જે અગની;
ધન્ય ધન્ય તે બ્રહ્મા ભવને, નેણે જોયા તેણે જીવનને...૪૮

ધન્ય ધન્ય મઘવા[1] ને મેઘ, ભાળ્યા ભીંજેલા કરી વેઘ[2];
ધન્ય ધન્ય શશી સુર વૃંદ, ઉડુ પામ્યા અતિ આનંદ...૪૯

દેવ દાનવ મુનિ માનવી, સુખી થયાં જે નદી જાનવી;
સ્થાવર જંગમની આ વાર, સર્વેની તે લીધી છે સાર...૫૦

સ્થૂળ સૂક્ષ્મ જીવ આ વાર, પ્રભુ ઉતારિયા ભવપાર;
તેને આપ્યું તે અક્ષરધામ, પામ્યા બ્રહ્મમોલ તે નિષ્કામ...૫૧

આપ પ્રતાપે ઉધાર્યા જન, કરી દર્શન થયાં પાવન;
ઘનની પેઠે તે ઘનશ્યામ, કર્યા પૂરણ દેશ ને ગામ...૫૨

શુદ્ધ કર્યા તે સર્વ જીવને, આપ્યું ધામ જીવ બહુને;
કોટિ કલ્યાણ કર્યાં આ વાર, ભાગ્યશાળીના ખોલ્યા ભંડાર...૫૩

ભૂખ ભાંગી ભૂખ્યા જન તણી, કરી વાતુ તે તો ઘણી ઘણી;
ડંકા દીધા તે જગે જીતના, સર્વે પર તે રૂડી રીતના...૫૪

પ્રબળ પ્રતાપ હરિ જણાવ્યો, ગામોગામમાં ભક્તને ભાવ્યો;
પ્રભુપણાની બહુ પ્રસિદ્ધ, ચાલી વાત ઘણી વિધ વિધ...૫૫

પૂર્વછાયો :

સ્વામિનારાયણ સહુને, નક્કી લેવરાવ્યું નામ;
ભજન કરાવી ભવમાં, આપિયું અક્ષરધામ...૫૬

સંભળાવ્યું વળી શ્રવણે, સહજાનંદ નામ સોય;
કેશે સુણશે એ નામને, તેને દુઃખ દારિદ્ર ન હોય...૫૭

એમ અનેકને અભય કર્યાં, પોતા તણે પ્રસંગ;
અખંડધામ તેને આપિયું, સહુ કરી શુદ્ધ અંગ...૫૮

૧.ઈન્દ્ર ૨.વાઘા

અણતોળ્યાં સુખ આપિયાં, વળી આશ્રિતને આ વાર;
અનેક પ્રકારે અંતરે, સુખિયાં કર્યાં નરનાર...૫૯
રૂડી મૂડી પામ્યા રોકડી, નહીં ઉધારાની વાત;
અમલ ભર્યાં સહુ ઓચરે, પ્રભુ મળ્યા તે સાક્ષાત...૬૦
ઓશિયાળું શીદ ઓચરે, બોલે મગન થઈને મુખ;
જન્મમરણનું જીવમાં, રહ્યું ન જરા કેને દુ:ખ...૬૧
આનંદ પામી અતિ અંગમેં, વળી તજી તે સર્વે આશ;
સહાય રાખજો શ્રીહરિ, પ્રભુ પ્રીતે કરીને તે પાસ...૬૨

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'ગઢપુરની લીલા કહી' એ નામે એકસો ચૌદમો કિરણ ॥૧૧૪॥

કિરણ : ૧૧૫

મૂર્તિવર્ણન

પદ રાગ : ગરબો (તમારે શરણે શીશ નમાવું...)

તમારી મૂર્તિ મંગળકારી, સહજાનંદજી રે;
નિશદિન ધ્યાન ધરે ત્રિપુરારિ, સહજાનંદજી રે...૦૧
તમારા ચરણ કમળ સુખધામ, સહજાનંદજી રે ;
સુંદર સર્વ તીરથનું ઠામ, સહજાનંદજી રે...૦૨
સોળે ચિહ્ન સહિત સંભારુ, સહજાનંદજી રે;
ઊર્ધ્વરેખા અંતર ધારુ, સહજાનંદજી રે...૦૩
અંગુઠા આંગળિયું રૂપાળી, સહજાનંદજી રે;
દેખતા દુ:ખને નાખે ટાળી, સહજાનંદજી રે...૦૪

નખમણિ સુંદર લાલ રૂપાળા, સહજાનંદજી રે;
ઊંચા ઉપડતા તેજાળા, સહજાનંદજી રે...૦૫
ફણા ઘૂંટી બે છે ગોળ, સહજાનંદજી રે;
રૂડી પાનિયું રંગચોળ, સહજાનંદજી રે...૦૬
તમારી પિંડી પલ્લવ[૧] જેવી, સહજાનંદજી રે;
નીરખી ઉરમાં ધારી લેવી, સહજાનંદજી રે...૦૭
નળિયો બે રૂપાળી રુડી, સહજાનંદજી રે;
જીવને જીવન છે એ મૂડી, સહજાનંદજી રે...૦૮
તમારા ગોંઠણ તે ગુણવંતા, સહજાનંદજી રે;
નીરખી મનની ટાળે મમતા, સહજાનંદજી રે...૦૯
તમારી સાથળ બે સુંવાળી, સહજાનંદજી રે;
જોઈને ભવની વેદના ટાળી, સહજાનંદજી રે...૧૦
શ્યામ કટી રૂપાળી શોભે, સહજાનંદજી રે;
મુનિજનનું મનડું જોઈ લોભે, સહજાનંદજી રે...૧૧
નાભી ગોળ રૂપાળી ગોરી, સહજાનંદજી રે;
જનની છે એ જીવનદોરી, સહજાનંદજી રે...૧૨
પેટ રૂપાળું પોયણ પાનુ, સહજાનંદજી રે;
રૂડી ત્રિવળી ધામ શોભાનું, સહજાનંદજી રે...૧૩
તમારી કૂખ જુગલને જોઈ, સહજાનંદજી રે;
દુઃખ દારિદ્ર નાખ્યું ખોઈ, સહજાનંદજી રે...૧૪
તમારુ હૃદે હૈયામાં ધારું, સહજાનંદજી રે;
એ છે પરમ સુખ દેનારું, સહજાનંદજી રે...૧૫
તમારી છાતી ઉપડતી શ્યામ, સહજાનંદજી રે;
એ છે લક્ષ્મી કેરું ધામ, સહજાનંદજી રે...૧૬

૧.કૂંપળ

તમારા સ્તન છે બે એવાં, સહજાનંદજી રે;
શોભે ફૂલ ગુલાબના જેવા, સહજાનંદજી રે...૧૭
તેની ઉપર છે બે છાપ, સહજાનંદજી રે;
નીરખી ન રહે કોઈ પાપ, સહજાનંદજી રે...૧૮
તમારા ઉરમાં વિનગુણ હાર, સહજાનંદજી રે;
તેને નીરખે છે નરનાર, સહજાનંદજી રે...૧૯
તમારા કંઠ વચ્ચે તિલ એક, સહજાનંદજી રે;
તેને નીરખું કરી વિવેક, સહજાનંદજી રે...૨૦
તમારી ચિબુક ચિત્તને ચોરે, સહજાનંદજી રે;
તે પર તિલ ગમિયો મન મોરે, સહજાનંદજી રે...૨૧
તમારા હસ્તકમળ આંગળિયું, સહજાનંદજી રે;
શોભે ચોળાની જેમ ફળિયું, સહજાનંદજી રે...૨૨
નખમણિ ઝળકે સુંદર સારા, સહજાનંદજી રે;
ઉગ્યા ચંદ્રે સહિત જેમ તારા, સહજાનંદજી રે...૨૩
તમારી હથેળિયું બે લાલ, સહજાનંદજી રે;
રેખા નિરખી થઈયે ન્યાલ, સહજાનંદજી રે...૨૪
પોંચાથી આઠ તસુ બે છાપ, સહજાનંદજી રે;
નિરખે તેનાં ટાળે પાપ, સહજાનંદજી રે...૨૫
કુણી સુંદર શ્યામ સુંવાળી, સહજાનંદજી રે;
નિરખી નેણે મેં નિહાળી, સહજાનંદજી રે...૨૬
તેથી ઉપર છે બે બાજુ, સહજાનંદજી રે;
તેથી ઊંચી છાપું કાજુ, સહજાનંદજી રે...૨૭
ખભા ખૂબ જોયા મેં ખાંતે, સહજાનંદજી રે;
નિરખ્યા બેસીને એકાંતે, સહજાનંદજી રે...૨૮

તમારું મુખકમળ મંદહાસી, સહજાનંદજી રે;
જુવે જે જક્ત થકી ઉદાસી, સહજાનંદજી રે...૨૯
તમારા અધર પ્રવાળા એવા, સહજાનંદજી રે;
સુંદર દાંત દાડમ કળી જેવા, સહજાનંદજી રે...૩૦
તમારા ગોળ કપોળ તિલ ત્રાજુ, સહજાનંદજી રે;
નાસીકા નમણી શોભે કાજુ, સહજાનંદજી રે...૩૧
તમારા નેત્રકમળ રૂપાળા, સહજાનંદજી રે;
કૈયે કંકોળેલ[1] અણિયાળા, સહજાનંદજી રે...૩૨
તમારી ભ્રકુટિ ભાલને ભાળી, સહજાનંદજી રે;
તેમાં રેખા બે રૂપાળી, સહજાનંદજી રે...૩૩
કેસર તિલક ચંદન ખોર, સહજાનંદજી રે;
વચ્ચમાં ચાંદલિયો ચિત્તચોર, સહજાનંદજી રે...૩૪
તમારા કરણ કાજુ બે કૈયે, સહજાનંદજી રે;
બિંદુ નીરખીને સુખ લૈયે, સહજાનંદજી રે...૩૫
તમારું મસ્તક શિખા જોઈ, સહજાનંદજી રે;
રહે મુનિવરનું મન મોઈ, સહજાનંદજી રે...૩૬
માથે મોળિયું તોરા હાર, સહજાનંદજી રે;
ગજરા ગુચ્છ બાજું બે સાર, સહજાનંદજી રે...૩૭
દાસ વાસુદેવ સંભારે, સહજાનંદજી રે;
નિરખી નિત્ય ધ્યાનમાં ધારે, સહજાનંદજી રે...૩૮

ઈતિ શ્રીમદ્‌એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી-ચરણકમળસેવક વાસુદેવચરણદાસવિરચિત હરિચરિત્રચિંતામણિ મધ્યે 'મૂર્તિનું વર્ણન કર્યું' એ નામે એકસો પંદરમો કિરણ ॥૧૧૫॥

૧.કંકુ જેવા લાલ; સુંદર

ઉપસંહાર

એવી રીતે હરિચરિત્રચિંતામણિ નામે ગ્રંથ જે તે સંપૂર્ણ થયો અને આ ગ્રંથને કરવે કરીને શ્રીજીમહારાજ તથા ધર્મદેવનો સમગ્ર પરિવાર તથા મુક્તાનંદાદિક સમગ્ર સાધુ તથા મુકુંદાનંદાદિક સમગ્ર બ્રહ્મચારી તથા ભગુજી રતનજી આદિક સમગ્ર પાળા તથા મયારામ ભટ્ટ આદિક સમગ્ર ગૃહસ્થ હરિભક્ત એ સર્વે જે તે મારી ઉપર અત્યંત પ્રસન્ન થાજો.

આ ગ્રંથ શ્રીવડતાલમાં રહીને કર્યો છે

લેખક : વાસુદેવચરણદાસ તથા
(લહિયા) શ્યામચરણદાસના જયસ્વામિનારાયણ વાંચજો.

॥ શ્રીસહજાનંદસ્વામીને નમો નમઃ ॥

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

ગુજરાતી પ્રકાશન

VCD

૧. મોક્ષનાં સાધનો ૨. ધીરજાખ્યાન
૩. યમદંડ (સુરત) ૪. સહજાનંદ
૫. સાધુ ભજનપ્રકાશદાસજી
૬. ઉત્તર ભારતની યાત્રા
૭. સાંસ્કૃતિક કાર્યક્રમ શિ.-૧૭,૧૮
૮. નાટક : સહજાનંદી સિંહ રૂપાભાઈ
૯. નાટક : શૂન્ય
૧૦. ટેલીફિલ્મ : ઓવર અપેક્ષા
૧૧. ટેલીફિલ્મ : ખોરાસાના રાજાભાઈ

MP3

૧. કીર્તન કુંભ ભાગ : ૧ થી ૬
૨. બુદ્ધિપ્રદીપ
૩. પંચરત્ન ૪. હરિસ્મરણ
૫. દાદા ખાચરના વિવાહ
૬. શ્રીમદ્ ભાગવત

DVD

૧. સ્નેહગીતા ૨. ભાલદેશની લીલા
૩. પંચરત્ન ૪. અક્ષરબાવની
૫. ભક્તિસિદ્ધિ ૬. બુદ્ધિપ્રદીપ
૭. વિવેકસાર ૮. સર્ગનિસરણી
૯. મુક્તવંદના
૧૦. કરુણા તેરી *(કીર્તન દર્શન-૧)*
૧૧. અક્ષરધામની ગાડી *(કીર્તન દર્શન-૨)*
૧૨. સુખની ખાણી *(કીર્તન દર્શન-૪)*
૧૩. દિવ્ય દિવ્ય મહારાજ *(કીર્તન દર્શન-૫)*
૧૪. માધુરી મૂર્તિ *(કીર્તન દર્શન-૬)*
૧૫. ગઢપુર મહિમા *(કીર્તન દર્શન-૭)*
૧૬. હે નાથ ! *(કીર્તન દર્શન-૮)*
૧૭. કુંડળધામ દર્શન
૧૮. ઘેર બેઠા તીરથ ભાગ-૨
૧૯. શ્રીહ.ચ.સાગર પુરશ્ચરણ મહોત્સવ
૨૦. હિંડોળા ઉત્સવ
૨૧. યુવાશિબિર
૨૨. વિવેકશતક કથા
૨૩. મૂર્ખશતક કથા
૨૪. યમદંડ

MP5

૧. ભક્તચિંતામણિ
૨. શ્રીહરિલીલામૃત
૩. શ્રીઘનશ્યામલીલામૃતસાગર
૪. સત્સંગિજીવન
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. શ્રીહરિધ્યાનમંજરી
૭. શ્રીહરિચરિત્રામૃતસાગર કથા
૮. ગોપાળાનંદસ્વામીની વાતો
૯. મૂર્ખશતક કથા
૧૦. વિવેકશતક કથા
૧૧. વાસુદેવ માહાત્મ્ય
૧૨. વિવેક ચિંતામણિ


૧૩. ઉત્તર હિન્દુસ્તાનના પરચા
૧૪. કીર્તન સહ ધ્યાન
૧૫. કથામૃતમ્
- છપ્પનાવલી - શૌચાશૌચ
- શિક્ષાપત્રી ભાષ્ય - ધ્યાનયોગ (સુરત)
- જ્ઞાન સાથે ગમ્મત
૧૬. વડતાલધામનો મહિમા
૧૭. ઐશ્વર્યપ્રકાશ
૧૮. નારાયણ અંગ ચિંતામણિ
૧૯. સંત આખ્યાન
- સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી
- સદ્.શ્રીશુકાનંદસ્વામી
- સદ્.શ્રીઆધારાનંદસ્વામી
- સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામી
- સદ્.શ્રીઈશ્વરચરણસ્વામી
- સદ્.શ્રીસ્વરૂપાનંદસ્વામી
- સદ્.શ્રીનૃસિંહાનંદસ્વામી
- સદ્.શ્રીભાયાત્માનંદસ્વામી
- સદ્.શ્રીઅક્ષરજીવનસ્વામી (ભુજ)નું જીવન એવં પત્ર
- મૂળજી બ્રહ્મચારી - જેરામ બ્રહ્મચારી
૨૦. ભક્તાખ્યાન
(૨૪ ભક્તોના આખ્યાન)
- મીર સાહેબ - નાથભક્ત
- ડોસા તાઈ - ચંદ્રહાસ
- પૂજા ડોડિયા - માવા ભક્ત
- શિવલાલ શેઠ અને ભગા દોશી
- ડડુસરના ગલુજી
- સોખડાના ગોપાલભાઈ
- લોધિકાના અભેસિંહ
- મેંગણીના માનસિંહ
- જોબન પગી - રૂડિયો રખડું
- કાળુ મકવાણા - ઝીણાભાઈ
- હેમરાજ શાહ
- વૃંદાવનના લાલાબાબુ
- લાલજીભાઈ ધાનાણી (સુરત)
- દિનેશમામા (USA)
- મીણબાઈ - રાઈબા મા
- જાનબાઈ - સખુબાઈ
૨૧. કીર્તન વિવેચન
- મારે ઘેર આવ્યા રે. . .
- ભજ્યો નહિ ભગવાન. . .
- અક્ષરના વાસી વાલો . . .
- કર પ્રભુ સંગાથે . . .
- શ્રીજી બાવની . . .
- સત્સંગી તો તેને રે કહીએ . . .
- જુઓ વિચારી . . .
- ચલે ગજ બૈઠકે. . .
- આજ મારે ઓરડે. . .
- આવા ભગવાન નહિ મળે . . .
- સહજાનંદ સુખકારી . . .
- કોઉ કામ ન આવે. . .
- આજ મેં તો ભેટ્યા રે. . .
- મારા વાલાજી શું વાલપ. . .
- મન મોહ ટળે...
- ફગવા...
- તમારે શરણે શીશ નમાવું. . .
- ધર્મકુંવર ઘનશ્યામજી. . .
- પ્રભુ મને થાજે. . .
- સહજાનંદ સિંધુ સખી જો. . .
- શીલવંતા સાધુને. . .

- આનંદ આપ્યો અતિ ઘણો. . .
- સદ્ગુરુ સાચા રે. . .
- વાત મેં તો વિચારી મને રે. . .
- ઓરા આવોને ધર્મકુમાર. . .
- પ્રભુ સાથે કરને રે. . .
- હરિ ભજતાં સહુ મોટપ. . .
- સહજાનંદ સહજાનંદ. . .
- સંત સમાગમ કીજે. . .
- દીન દયાળુ ગુરુદેવ. . .
- પ્રતાપ પૂરણ શ્રીપુરુષોત્તમ. . .
- આજ ભાગ્ય ઉદય થયાં. . .
- વાલા ભક્તિ-ધર્મસુત. . .
- પુરુષોત્તમ બોલ્યા પ્રીતે. . .
- ભૂમાનંદસ્વામી કૃત કક્કો. . .
- ભૂતળ ભક્તિ પદારથ મોટું. . .

૨૨. સવારનું ચિંતન
- વંદુ સહજાનંદ રસરૂપ - શિબિર-૭
- સવારનું ચિંતન - શિબિર-૯,૧૦
- શોભા શી કહું રે - શિબિર-૧૧
- સ્વામી સહજાનંદજી - શિબિર-૧૨
- બદ્ધમાંથી મુક્ત - શિબિર-૧૩
- ભગવદ્ગુણો - શિબિર-૧૫
- એમ અગણિત વિશ્વ - શિબિર-૧૬
- સહજાનંદ સનેહી - શિબિર-૧૭

USB AUDIO





કથા તથા કિર્તનો
ભાગ ૧ થી ૧૨

પુસ્તક

૧. વચનામૃત : *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર ભાગ:૧થી૧૨
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદસ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદસ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. શ્રીજીની લીલા
૧૧. શ્રીવિધાત્રાનંદસ્વામીના ગ્રંથો
૧૨. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૩. કીર્તનમાળા ભાગ : ૧,૨
૧૪. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૫. અદ્ભુતાનંદસ્વામીની મૂળ વાતો
૧૬. પ્રેમાનંદસ્વામીના ગ્રંથો
૧૭. નિત્યાનંદસ્વામીના ગ્રંથો
૧૮. શિક્ષાપત્રી
૧૯. હરિસ્મૃતિ
૨૦. હરિરસામૃત
૨૧. નિત્યનિયમ
૨૨. સંત આખ્યાન
૨૩. નિર્ગુણદાસસ્વામીની વાતો
૨૪. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૨૫. કીર્તન દીપાવલી ભાગ-૧

૨૬. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૨૭. શ્રીપુરુષોત્તમલીલા
૨૮. હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)
૨૯. શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત
૩૦. સાગર સાર ભાગ ૧ થી ૪
૩૧. ભક્ત આખ્યાન ભાગ-૧

संस्कृत प्रकाशन

सद्.श्रीगोपालानंदस्वामीविरचितम्
श्रीमद्भगवद्गीताभाष्यम्

हिन्दी प्रकाशन

टेलीफिल्म : VCD १. केसर मियाँ २. शेख मियाँ
टेलीफिल्म : DVD ३. डोसा ताई ४. घेर बेठा तीरथ-भाग ३
५. लाडला युवान (कीर्तन दर्शन-३)

किताबें

१. श्रीहरिचरित्रामृतसागर मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत एवं स्वरूपभक्तिनिर्णय *(गुजराती अनुवाद के साथ)*

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી
વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને કથા-કીર્તન અને ધ્યાન-ભજન દ્વારા શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે તેઓ ઉપરોક્ત બંને મંદિરો દ્વારા નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં

લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લાં ૨૧ વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે. ત્રિવિધ તાપથી તપેલા જીવને માટે શાંતિની ગંગોત્રી છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્‌ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જલઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોનાં આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદકાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત જેવા સંપ્રદાયના તમામ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્‌ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું www.swaminarayanbhagwan.com દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવે છે. તેનાથી અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે સમર્પિત થયા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી શ્રીહરિ સમકાલીન નંદસંતોની પરંપરા મુજબ આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે. સત્સંગ-પિપાસુ ભક્તજનો આ સંતોના મુખથી કથા-કીર્તન સાંભળી પુરુષોત્તમને પામવાનું બળ મેળવી ધન્ય ધન્ય બની રહ્યા છે.

વિવિધ પ્રકાશનો : આ ધમાલિયા યુગમાં સુખ, શાંતિ અને મોક્ષ માટે સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનની કથા-વાર્તા અને કીર્તનાદિક સંજીવની ઔષધ સમાન છે. આ જ હેતુને અનુલક્ષીને પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની VCD, DVD, MP3, MP5

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઇચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્‌ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી મોક્ષપર્થદર્શક એવા અન્ય સદ્‌ગ્રંથો તથા 'સત્સંગસેવક' નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક વાલુડા-બાલુડા શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ પણ મંદિર તરફથી બનાવવામાં આવે છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે.

પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય શ્રીસ્વામિનારાયણ મંદિર કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૨૫ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યાં છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરનું પણ આયોજન થાય છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૨ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળ સંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.

● ● ● ● ●



પ્રેરક :: પ.પૂ.સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

ISBN 978-93-83456-57-4